BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## B.A. અર્થશાસ્ત્ર

**ECOM 308**

**ECONMJ 402**

# આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ

એડમ સ્મિથ

રિકાર્ડો

SUSTAINABLE DEVELOPMENT GOALS

હેરોડ-ડોમર

હિક્સ



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઇ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**નિદર્શન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ.<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન**

| | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ગૌરાંગ રામી | પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ડૉ. ગીતા પંડ્યા | આચાર્ય, સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ, મણિનગર, અમદાવાદ |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| ડૉ. જી. ડી. ત્રિપાઠી | આચાર્ય, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી. |
| ડૉ. મંજુલા લક્ષ્મણ | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. કલ્પના સતીજા | એસોસિએટ પ્રોફેસર, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દેવેન્દ્રસિંહ જાડેજા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, આર. ડી. એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મુન્દ્રા, કચ્છ |
| ડૉ. પ્રિયંકા સોલંકી | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટસ એન્ડ પી. એમ. પટેલ કોમર્સ કોલેજ, ઈડર |
| ડૉ. સુનીતા કોટક | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. અજય રાવલ | એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોલા, અમદાવાદ |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. હેમંત પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |



**આવૃત્તિ**

વર્ષ : 2023

**ISBN NO : 978-93-559-896-11**

9 789355 989611



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

## બી. એ. પેપર 8 (ECOM 308)    ECONMJ-402

## આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ અભ્યાસક્રમ

## (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)

| એકમનો ક્રમ | એકમનું શીર્ષક અને સમાવિષ્ટ મુદ્દાઓ |
|---|---|
| 1. | આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલો- અર્થ, વ્યાખ્યાઓ અને તફાવત |
| 2. | આર્થિક વિકાસની વિવિધ સંસ્થાઓ |
| 3. | આર્થિક વિકાસને અસર કરતાં પરિબળોઃ |
| 4. | આર્થિક વિકાસના માપદંડો |
| 5. | ટકાઉ વિકાસ- અર્થ, માપદંડો, જૈવિક વૈવિધ્ય |
| 6. | આર્થિક વિકાસના સિદ્ધાંતો 1 - એડમ સ્મિથનો સિદ્ધાંત, ડેવિડ રિકાડોનો સિદ્ધાંત |
| 7. | આર્થિક વિકાસના સિદ્ધાંતો 2 - જે,એસ મીલનો સિદ્ધાંત ,શુમ્પીટરનો સિદ્ધાંત |
| 8. | આર્થિક વૃદ્ધિના તબક્કા રોસ્ટવના આર્થિક વૃદ્ધિ તબક્કા |
| 9. | આર્થિક વિકાસના અભિગમો 1 – સમતોલ વિકાસનો અભિગમ (અર્થ, લક્ષણો, સમતોલ વિકાસની વ્યૂહરચના બાબતે નર્ક્સે અને રોઝેસ્ટાઈન રોડાનની રજૂઆત) |
| 10. | આર્થિક વિકાસના અભિગમો 2 – અસમતોલ વિકાસનો અભિગમ (મોટા ધક્કાનો સિદ્ધાંત, લઘુત્તમ આવશ્યક પ્રયાસનો સિદ્ધાંત) |
| 11. | આર્થિક વૃદ્ધિના સિદ્ધાંતો હેરોડ ડોમરનો સિદ્ધાંત |
| 12. | કાર્લ માર્કસનો સિદ્ધાંત |
| 13. | આર્થિક વિકાસ અને વસ્તી-1 (આર્થિક વિકાસ અને વસ્તી વચ્ચેનો સંબંધ, માલ્થસનો સિદ્ધાંત) |
| 14. | આર્થિક વિકાસ અને વસ્તી-2 (વસ્તી સંક્રમણનો સિદ્ધાંત, ભારતના સંદર્ભમાં વસ્તી સંક્રમણ સિદ્ધાંતની રજૂઆત) |
| 15. | આર્થિક વિકાસ અને ગરીબી |
| 16. | આર્થિક વિકાસ અને બેરોજગારી |
| 17. | ટેનિકલ પ્રગતિ અને આર્થિક વિકાસ અંગે હિક્સના વિચારો (તટસ્થ અને બિનતટસ્થ ટેકનીકલ પ્રગતિ) |

**ECONMJ-402**

# Bachelor of Arts Paper 8 (ECOM 308)

# Economic Growth and Economic Development

## Syllabus

## (Dr. Babasaheb Ambedkar Open University)

| Serial no. of Unit | Unit title and included points |
|---|---|
| 1. | Concepts of Economic Growth and Economic Development - Meaning, Definitions and Difference |
| 2. | Various Institutions in Economic Development |
| 3. | Factors affecting Economic Development : |
| 4. | Measures of Economic Development |
| 5. | Sustainable Development - Meaning, measures, Biodiversity |
| 6. | Theories of Economic Development -1. - Adam Smith and David Ricardo |
| 7. | Theories of Economic Development -2.- J. S. Mill, Schumpeter |
| 8. | Stages of Economic Growth by W. W. Rostow |
| 9. | Approaches to Economic Development - 1- Balanced Growth Approach (Meaning, Features, views of Ragnar Nurkse and Rosenstein Rodan) |
| 10. | Approaches to Economic Growth - 2- Unbalanced Growth Approach (Big Push theory and minimum critical effort theory) |
| 11. | Harrod- Domar Growth Model |
| 12. | Theory of Karl Marx |
| 13. | Economic Development and Population -1 (Relation between Economic Development and population, Malthus theory of Population) |
| 14. | Economic Development and Population - 2 - (Theory of Population Transition, population transition in the context of India) |
| 15. | Economic Development and Poverty |
| 16. | Economic Development and Unemployment |
| 17. | Hicksian views on Technological Progress (neutral and non-neutral) |

BAOU Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**બેચલર ઓફ આર્ટસ (BA)**

**પેપર 8 (ECOM 308)**

**આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ**

**ECONMJ-402**

## વિભાગ

# 1


**એકમ : 1** **1-9**

**આર્થિક વૃદ્ધિ અને વિકાસના ખ્યાલો**

**એકમ : 2** **10-23**

**આર્થિક વિકાસમાં સંસ્થાઓનું મહત્ત્વ**

**એકમ : 3** **24-38**

**આર્થિક વિકાસને અસર કરતાં પરિબળો**

**એકમ : 4** **39-55**

**આર્થિક વિકાસના માપદંડો**

**એકમ : 5** **56-74**

**ટકાઉ વિકાસ**

**એકમ : 6** **75-86**

**આર્થિક વિકાસના પ્રશિષ્ટ સિધ્ધાંતો**

**એકમ : 7** **87-103**

**આર્થિક વિકાસના સિધ્ધાંતો - 2**

**એકમ : 8** **104-119**

**રોસ્ટોવના આર્થિક વૃદ્ધિના તબક્કા**

એકમ 1

# આર્થિક વૃદ્ધિ અને વિકાસના ખ્યાલો

-: રૂપરેખા :-


1.0 ઉદ્દેશ

1.1 પ્રસ્તાવના

1.2 આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસની વ્યાખ્યાઓ

1.2.1 સતત આર્થિક વિકાસનો ખ્યાલ

1.3 આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત

1.4 સારાંશ

1.5 ચાવીરૂપ શબ્દો

1.6 તમારી પ્રગતિ ચકાસો

◆ સંદર્ભ વાચન

◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 1.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

1. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલ સમજાવી શકશો.
2. આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલો વચ્ચેનો તફાવત ઓળખી શકશો.
3. સમય અને આર્થિકતંત્રમાં આવતા પરિવર્તનોથી આર્થિક વિકાસના ખ્યાલમાં આવતા પરિવર્તનનો વિશે ચર્ચા કરી શકશો.

## 1.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ એકબીજાના સમાનાર્થી તરીકે જોવામાં આવતા શબ્દો છે. પરંતુ અર્થશાસ્ત્રનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ બાબત સારી રીતે જાણે છે કે અર્થશાસ્ત્રમાં ઘણા શબ્દો તેમનો વિશિષ્ટ અર્થ ધરાવે છે. અહીં પણ આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જુદીજુદી વિભાવના છે. આ એકમમાં આપણે આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો ખ્યાલ, બંને વચ્ચેનો તફાવત વગેરે જેવા મુદ્દાઓનો અભ્યાસ કરવાના છીએ.

## 1.2 આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ (અર્થ અને વ્યાખ્યાઓ)

સામાન્ય રીતે આર્થિક વૃદ્ધિ, આર્થિક વિકાસ, આર્થિક પ્રગતિ જેવા શબ્દો એકબીજાની અવેજીમાં ઉપયોગમાં લેવાતા હોય છે જો કે તેના વચ્ચે તફાવત રહેલો હોય છે. જુદાજુદા અર્થશાસ્ત્રીઓ જેવાં કે શુમ્પીટર, શ્રીમતી ઉર્સુલા હિક્સ વગેરે...એ આ બંનેનો અર્થ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. વળી, જેમ જેમ વૈશ્વિક સ્તરે આર્થિક પરિવર્તનો આવતાં જાય છે તેમ તેમ આર્થિક વિકાસના સંદર્ભો પણ બદલાતા જાય છે. આ બદલાતા સંદર્ભોને આધારે આધુનિક

અર્થશાસ્ત્રીઓએ વ્યક્તિ અને સામૂહિક આર્થિક વિકાસ, સરકારની ભૂમિકા, કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર, માનવ વિકાસ, સતત અને ટકાઉ વિકાસ વગેરેને કેન્દ્રમાં રાખીને આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ સ્પષ્ટ કર્યો છે.

બધા અર્થશાસ્ત્રીઓ દ્વારા આર્થિકવૃદ્ધિને એકમતે સમજાવવામાં આવી છે. આર્થિક વૃદ્ધિ એટલે રાષ્ટ્રની આવકમાં નિશ્ચિત સમયગાળા દરમ્યાન થયેલો વધારો કુલ ઉત્પાદન (GDP), રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક વગેરેમાં થતો વધારો એટલે આર્થિક વૃદ્ધિ, આમ, આર્થિક વૃદ્ધિ સ્પષ્ટ રીતે માપી શકાય છે. એટલે કે અર્થતંત્રમાં ઉત્પાદનમાં કેટલો વધારો થયો ? માથાદીઠ આવકમાં કેટલો વધારો થયો ? વગેરે બાબતોનું માપન થઈ શકે છે.

જ્યારે બીજી બાજુ આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે, જેનું પરિણામ આર્થિક વૃદ્ધિ છે. બીજા શબ્દોમાં આર્થિક વિકાસની પ્રક્રિયાથી આર્થિક વૃદ્ધિનું પરિણામ મળે છે. જો કે શુમ્પીટર આર્થિક વિકાસને અસતત અને તાત્કાલિક અચાનક થતા ફેરફારો તરીકે ઓળખાવે છે. આ ફેરફારો અર્થતંત્રને સ્થગિતતામાંથી ગતિશીલ કરીને નવી સમતુલા સ્થાપે છે. આમ, શુમ્પીટરના મતે વિકાસ એ અસતત પ્રક્રિયા છે જ્યારે વૃદ્ધિ એ ક્રમશ : થતી સતત પ્રક્રિયા છે.

શ્રીમતી હિક્સના મતે વિકાસ એ વણવપરાયેલાં સાધનોના ઉપયોગની બાબત છે. વિકસિત અર્થતંત્રોમાં આ સાધનો ઉપયોગમાં લેવાઈ ચુકયા હોય છે, ચુકયા હોય છે, જ્યારે અલ્પવિકસિત કે વિકાસશીલ અર્થતંત્રોમાં આ સાધનોના ઉપયોગ બાબતે જાણકારી હોવા છતાં તે ઉપયોગમાં લેવાયા ન હોય તેવું બની શકે.

અર્થશાસ્ત્રીઓ આર્થિક વિકાસની પ્રક્રિયાને ''આર્થિક વૃદ્ધિ માટેના જવાબદાર ઘટકોમાં થતાં ગુણાત્મક પરિવર્તન'' તરીકે પણ ઓળખાવે છે. એટલે કે માત્ર ઉત્પાદનમાં વધારો જ નહિ પણ ટેકનોલોજીમાં પ્રગતિ, માનવતાની કાર્યક્ષમતામાં સુધારો વગેરે જે પરિબળો આર્થિક વૃદ્ધિ લાવે છે તેમાં ગુણાત્મક (qualitative) ફેરફારોને આર્થિક વિકાસની પ્રક્રિયા તરીકે ઓળખાવે છે. આર્થિક વિકાસ એ આર્થિક વિકાસની પ્રક્રિયાનાં વિવિધ ઘટકો કે પરિબળો વચ્ચેના કાર્યાત્મક સંબંધને પણ બતાવે છે. જેમ કે, ઓછા સાધનોથી પહેલા જેટલું જ ઉત્પાદન થતું હોય તો તે જુદાજુદા સાધનો વચ્ચેનો કાર્યાત્મક સંબંધ બદલાયો તેમ કહી શકાય.

આર્થિક વિકાસના આધુનિક ખ્યાલમાં મુખ્યત્ત્વે આપવામાં આવે છે, જેમાં (1) જીવન ટકાવતી સુવિધાઓની પ્રાપ્યતા જેવી કે ખોરાક, રહેઠાણ, રક્ષણ (માનવનિર્મિત તેમજ કુદરતી આપત્તિઓ સામે) (2) જીવનધોરણમાં સુધારો કરીને વધારે સારું શિક્ષણ, વધારે સુવિધાઓ તથા સાંસ્કૃતિક અને માનવીય મૂલ્યોની જાળવણી તથા (3) આર્થિક અને સામાજિક પસંદગીઓનો વિસ્તાર જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આગળ જતાં પ્રદૂષણ, પર્યાવરણીય સમતુલા, ભવિષ્યના વિકાસની સંભાવનાઓના મુદ્દાઓ મહત્ત્વના બનતા માત્ર વિકાસ નહિ પણ સતત વિકાસના ખ્યાલને કેન્દ્રમાં રાખવામાં આવે છે. તેમાં ભાવિ વિકાસની સંભાવનાઓને હાનિ પહોંચાડ્યા વિના આર્થિક વિકાસ થાય તે રીતે ઉત્પાદન સાધનોના ઉપયોગની બાબત મુખ્ય છે.

વિકાસના અન્ય આધુનિક ખ્યાલમાં માનવ વિકાસ મહત્ત્વનો ગણાવ્યો છે. તે અનુસાર સાક્ષરતા દર, જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય અને આવકનું સ્તર ગણતરીમાં લેવામાં આવે છે.

આમ, આર્થિક વિકાસ એટલે માત્ર ઉત્પાદનમાં પ્રમાણમાં વધારો જનહિ પણ માનવ વિકાસએ અર્થથંત્રનો સાચો વિકાસ છે. એવા ખ્યાલને UNDP, દ્વારા સમર્થન કરવામાં આવેલું છે તે ખ્યાલને વિકસાવવામાં અમર્ત્ય સેન, મહેબૂબ-અલ-હક જેવા અર્થશાસ્ત્રીનો ફાળો રહ્યો છે.

હેરોડ-ડોમર, કાલ્ડોર, શ્રીમતી જોન રોબિત્સન વગેરેએ તેમનાં ગ્રોથ મોડેલ આપેલા છે. તેમાં તેઓએ ટેક્નિકલ પ્રગતિ, વિકાસની પ્રક્રિયામાં નાણાની માંગ અને પુરવઠા જેવા નાણાકીય પરિબળો, બચત અને મૂડીરોકાણ જેવા વાસ્તવિક પરિબળો વગેરેને અનુલક્ષીને વિકાસ પ્રક્રિયાનો માર્ગ સમજાવ્યો છે. આવકમાં કેટલો વધારો થયો ? વગેરે બાબતોનું માપન થઈ શકે છે.

1.2.1 સતત આર્થિક વિકાસનો ખ્યાલ

આપણે જોયું કે આર્થિક વિકાસનો ખ્યાલ સતત બદલાવ રહ્યો છે. તે માત્ર રાષ્ટ્રની આવક પૂરતો મર્યાદિત નથી રહ્યો તેમાં જીવનની ભૌતિક ગુણવત્તા, માનવ વિકાસ, સામાજિક વિકાસ વગેરે પાસાઓ ઉમેરાતા ગયા છે. આમ, આર્થિક વિકાસ એ એક સર્વાગ્રાહી વિકાસ પ્રક્રિયા છે. આ જ સ્તરે વિચારીએ તો આર્થિક વિકાસ ઉત્પાદન સાધનોની પ્રાપ્યતા અને એ સાધનોની ગુણવત્તા, ઉપયોગ અંગેની જાણકારી વગેરે ઉપર પણ આધારિત છે. ઉત્પાદનનું મુળભૂત સાધન કુદરતી સંપત્તિ છે. કુદરતી સંપત્તિનો મર્યાદિત પુરવઠો, ઝડપી ઉત્પાદન અને પુનઃસ્થાપનમાં વિલંબને આધારે કુદરતી સંપત્તિની માંગ અને પુરવઠા વચ્ચે અસમતુલા ઊભી થઈ તથા પ્રદૂષણ જેવા પ્રશ્નો સામે આવ્યા. પ્રદૂષણ કે પ્રાકૃતિક અસમતુલાથી માત્ર બિમારી જેવી અસરો થઈ એટલું જ નહિ, પણ ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભે, સતત ઔદ્યોગિક ઉત્પાદન ચાલુ રાખવા માટે કાચો માલ નિયમિત મળવામાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ. આ ઔદ્યોગિક ઉત્પાદનની અનિયમિતતાને કારણે મંદી, બેરોજગારી જેવા પ્રશ્નો પણ ઊભા થયા. આમ, પ્રાકૃતિક અસમતુલા આર્થિક વિકાસ સાથે સંબંધિત છે અને પરસ્પર અસર કરે છે તેવી માન્યતા, વિચારધારા વીસમી સદીના ઉતરાર્ધથી પ્રચલિત થઈ. ઝડપી અને મોટા પાયા પરનું ઔદ્યોગિક ઉત્પાદન પ્રાકૃતિક સંપદાઓ ઝડપથી વપરાશ કરે છે તેથી અસમતુલા ઊભી થાય છે તેવો પ્રતિધ્વનિ પણ પેદા થયો. આ ચર્ચામાંથી આર્થિક વિકાસ ભવિષ્યમાં પણ થઈ શકે તે માટેની સંભાવનાઓ તપાસતા આર્થિક વિકાસમાં કુદરતી સંસાધનોનું પ્રમાણ અને ગુણવત્તાનું મહત્ત્વનું સ્થાન જણાયું આ માટેની ચર્ચા કરવા માટે 1983માં સંયુક્ત રાષ્ટ્રો અંતર્ગત પર્યાવરણ અને વિકાસ સંબંધિત સંગઠન A Commission on Environment and Devlopment ની સ્થાપના કરવામાં આવી. ગ્રો હરલેમ બ્રન્ટલેન્ડ તેના પ્રથમ અધ્યક્ષા હતા. તેઓ નોર્વેના પ્રધાનમંત્રી હતા. વિજ્ઞાન અને જાહેર આરોગ્ય વિશે તેમના અનુભવ અને જ્ઞાનને આધારે તેઓની પસંદગી કરવામાં આવી હતી. 1987માં કમિશને તેનો રિપોર્ટ જાહેર કર્યો ત્યાં સુધી આ કમિશનનું અસ્તિત્વ રહ્યું. બ્રન્ડેટલેન્ડ રિપોર્ટમાં સૌ પ્રથમ 'Sustainable Derelpment' એટલે કે સતત, ટકી શકે તેવો વિકાસ એવી વિભાવના રજૂ કરવામાં આવી. આગળ જતાં કમિશનનાં સ્થાને "Our Common Future" કાર્યરત છે.

બ્રન્ડટલેન્ડ કમિશન દ્વારા રિપોર્ટમાં આપવામાં આવેલી સતત વિકાસની વ્યાખ્યા પ્રમાણે, "Sustaimable Development is Development that meets the needs of future generations to meet their own needs."

અર્થાત્ ટકી શકે તેવો (ટકાઉ) વિકાસ એવો વિકાસ છે કે જે ભવિષ્યની જરૂરિયાતો સાથે સમાધાન કર્યા વિના વર્તમાનની જરૂરિયાતો સંતોષી શકે.

આમ, વિકાસની બહુ વિસ્તૃત વ્યાખ્યામાં ભવિષ્યના વિકાસ સાથેનો સંબંધ પણ જોડવામાં આવ્યો. સતત વિકાસના ખ્યાલના મુખ્ય ત્રણ સ્તંભ છે (i) આર્થિક વૃદ્ધિ (ii) પર્યાવરણનું જતન અને (iii) સામાજિક સમાનતા આ ત્રણ બાબતો ઉપર સતત વિકાસનો આધાર રહેલો છે.

આર્થિક વૃદ્ધિ અને વિકાસની જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ આપણે જોઈ. તેના આધારે આર્થિક વૃદ્ધિ અને વિકાસના નીચે પ્રમાણેનાં લક્ષણો આપણે તારવી શકીએ.

(i) આર્થિક વૃદ્ધિ એ ઘટના છે, તેને વિકાસ પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ કહી શકાય. આ ખ્યાલ સમયના ચોક્કસગાળા સાથે સંબંધિત છે, જેમ કે કોઈ દેશની GDPમાં એક વર્ષે દરમ્યાન કેટલો વધારો થયો ?

(ii) આર્થિક વૃદ્ધિમાં પરિમાણાત્મક એટલે કે ચોક્કસ જથ્થાત્મક પાસાંઓનો વિચાર કરવામાં આવે છે. GDP માં થયેલો વધારો, માથાદીઠ આવકમાં થયેલો ફેરફાર, ઉત્પાદનમાં સ્પષ્ટ વધારો કે ઘટાડો કેટલો વધારો કે ઘટાડો વગેરે.

(iii) આર્થિક વૃદ્ધિનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે. આ મુદ્દો બે રીતે વિચારી શકાય, એક, આર્થિક વૃદ્ધિ એ વિકસિત દેશો સાતે સંબંધિત ખ્યાલ છે, કારણ કે ત્યાં વિકાસની પ્રક્રિયા થઈ ચૂકી હોય છે, માનવ વિકાસ, સામાજિક વિકાસ વગેરેના પરિણામરૂપ વૃદ્ધિ થયેલી હોય છે. અને બીજું, જે ગુણાત્મક પાસાઓ આર્થિક વિકાસમાં આવે છે તેનો સમાવેશ આર્થિક વૃદ્ધિ વિશે વિચારતી વખતે કરવાનો રહેતો નથી. આ રીતે તેનું કાર્યક્ષેત્ર પરિમાણાત્મક પાસાઓ અને વિકસિત દેશો પૂરતું મર્યાદિત રહે છે.

(iv) આર્થિક વૃદ્ધિ એ ટૂંકાગાળાની પ્રક્રિયા છે.

વિદ્યાર્થી મિત્રો, તમે જાણો છો કે અર્થશાસ્ત્રીય સંદર્ભોમાં સમયના ટૂંકા કે લાંબા ગાળા માટે કોઈ સ્પષ્ટ માપદંડ નથી. જે ગાળામાં ઉત્પાદન સાધનો, પ્રજાકીય અભિગમ, શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ વગેરેમાં ફેરફાર કરવો શક્ય હોય તે સમયનો ગાળો લાંબો કહેવાય છે, પછી ભલે તે એક માસનો હોય, જયારે ઉપરોક્ત ફેરફારો શક્ય ન હોય તે સમયગાળો ટૂંકો કહેવાય છે, પછી ભલે તે એક વર્ષનો હોય.

અહીં આર્થિક વિકાસ સંબંધિત જે પ્રક્રિયાઓ છે તે બધી જેવી કે સામાજિક અભિગમમાં બદલાવ, શ્રામની ગુણવત્તામાં ફેરફાર, માળખાકીય સુધારા વગેરે સમયનો તુલનાત્મક લાંબો ગાળો કે સાપેક્ષ લાંબો ગાળો માંગે છે, જયારે આર્થિક વૃદ્ધિ એ પરિણામ સ્વરૂપની ઘટના હોવાથી તેના માટેનો ગાળો સાપેક્ષ રીતે વિકાસની સરખામણીએ ટૂંકો લાગે છે.

વાસ્તવમાં વિકાસની લાંબાગાળાની પ્રક્રિયા સ્વરૂપેજ વૃદ્ધિ પરિણમી હોય છે. આમ, વિકાસ એ લાંબાગાળા સાથે અને આર્થિક વૃદ્ધિ ટૂંકાગાળા સાથે સંબંધિત હોય તે રીતે સમજૂતી આપવામાં આવે છે.

(v) આર્થિક વૃદ્ધિ ઉત્પાદનમાં સાધનોની પુનઃ ફાળવણી સાથે સંલગ્ન છે.

આર્થિક વૃદ્ધિ એ આર્થિક વિકાસમાં પરિણામસ્વરૂપ બનતી ઘટના છે. એટલે કે તે સમયે ઉત્પાદનના બધા સાધનો પૂર્ણ ઉપયોગમાં લેવાતા હોય કોઈ સાધન બેરોજગાર રહ્યું હોતું નથી. હવે જો આર્થિક વિકાસ પછી આર્થિક વૃદ્ધિનો દર ઊંચા સ્તરે લઈ જવા કે ઊંચા સ્તરે જાળવવા ઉત્પાદનનાં કોઈ વણવપરાયેલાં સાધનો બાકી રહ્યાં નથી તેથી સાધનોની પુનઃ વહેંચણી જ એક સંભાવના હોય છે, જે આર્થિક વૃદ્ધિનું સ્તર ઊંચું લઈ જાય કે ઊંચું જાળવી શકે.

આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વિશેની આ સમગ્ર ચર્ચાને આપણે માઈકલ પી. ટોડેરોના શબ્દોમાં કહી શકીએ. ટોડેરોનાં 1980 પછી પ્રકાશિત થયેલા લખાણોમાં ટોડેરો કહે છે કે "વિકાસ એ બહુમુખી પ્રક્રિયા છે, જેમાં સામાજિક માળખા, લોકોના મનોવલણો અને સંસ્થાકીય માળખામાં ફેરફાર થાય છે. તેની સાથે ઝડપી આર્થિક વૃદ્ધિ, અસમાનતામાં ઘટાડો અને નિરપેક્ષ ગરીબીની નાબૂદી પણ સંકળાયેલી હોય છે."

1.3 આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો

| આર્થિક વૃદ્ધિ | આર્થિક વિકાસ |
|---|---|
| (1) આર્થિક વૃદ્ધિ એટલે દેશના કુલ ઉત્પાદન અને રાષ્ટ્રીય આવકમાં વધતાં દરે વધારો | (1) આથિક વિકાસ એટલે આવકમાં ઊતરોત્તર વધારા સાથે લોકોના જીવનધોરણમાં થતો સુધારો |
| (2) આર્થિક વૃદ્ધિ એ ઘટના છે | (2) આર્થિક વિકાસ એ પ્રક્રિયા છે |
| (3) આર્થિક વૃદ્ધિ ફક્ત પરિમાણાત્મક પાસાઓનો અભ્યાસ કરે છે | (3) આર્થિક વિકાસ પરિમાણાત્મક અને ગુણાત્મક બંને પાસાઓનો અભ્યાસ કરે છે |
| (4) આર્થિક વૃદ્ધિનું કાર્યક્ષેત્ર મર્યાદિત છે | (4) આર્થિક વિકાસનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે |
| (5) આર્થિક વૃદ્ધિમાં ઉત્પાદનના સાધનોની પુનઃફાળવણી પર ભાર મૂકવામાં આવે છે | (5) આર્થિક વિકાસમાં ઉત્પાદનના વર્ણ વપરાયેલ સાધનોના ઉપયોગ પર ભાર મૂકવામાં આવે છે |
| (6) આર્થિક વૃદ્ધિનું માપન સરળ છે | (6) આર્થિક વિકાસનું માપન મુશ્કેલ છે |
| (7) આર્થિક વૃદ્ધિનો ખ્યાલ વિકસિત દેશોના સંદર્ભમાં હોય છે | (7) આર્થિક વિકાસનો ખ્યાલ વિકાસશીલ દેશોના સંદર્ભમાં હોય છે |
| (8) આર્થિક વૃદ્ધિમાં ફક્ત રાષ્ટ્રીય અને માથાદીઠ આવકના વધારાનો અભ્યાસ કરવામાં આવેછે | (8) આર્થિક વિકાસમાં રાષ્ટ્રીય અને માથાદીઠ આવકના વધારા ઉપરાંત તેની વહેંચણીનો પણ અભ્યાસ કરવામાં આવે છે |

| | |
|---|---|
| (9) આર્થિક વૃદ્ધિ ટૂંકાગાળાનો ખ્યાલ છે | (9) આર્થિક વિકાસ લાંબાગાળાની પ્રક્રિયા છે |
| (10) આર્થિક વૃદ્ધિની પ્રક્રિયામાં દેશની જે તે સમતુલામાં ફેરફાર થતો નથી | (10) આર્થિક વિકાસની પ્રક્રિયામાં દેશમાં જૂની સમતુલાને સ્થાને નવી સમતુલા સ્થાપવામાં આવે છે |
| (11) આથિક વૃદ્ધિ સ્વયંસંચાલિત હોય છે | (11) આર્થિક વિકાસ એ સભાન પ્રયત્નો અને પ્રોત્સાહનોનું પરિણામ છે |

- તમારી જાતે ચકાશો

1. આર્થિક વૃદ્ધિ અને વિકાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 1.4 સારાંશ

- આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ માટે અર્થશાસ્ત્રમાં જુદોજુદો અર્થ છે.
- આર્થિક વિકાસમાં માત્ર આવકમાં વધારો થવા જેવા પરિમાણાત્માક ફેરફારો જ નહિ પરંતુ સામાજિક વલણો તથા લોકોના માનસિક અભિગમમાં પણ ફેરફાર થાય છે. આમ, આર્થિક વિકાસમાં ગુણાત્મક ફેરફારો પણ મહત્ત્વના છે.
- આર્થિક વૃદ્ધિ પરિમાણાત્મક ફેરફારો સાથે સંબંધિત છે, તે વિકાસની લાંબાગાળાની પ્રક્રિયારૂપે પરિણમે છે.
- આર્થિક વૃદ્ધિ વિકસિત દેશો સાથે સંબંધિત ખ્યાલ છે જ્યારે આર્થિક વિકાસ લાંબાગાળાની પ્રક્રિયારૂપે પરિણમે છે.
- સમયની સાથે આર્થિક પરિસ્થિતિમાં ફેરફાર થવાની સાથે આર્થિક વિકાસની વ્યાખ્યા અને તેનાં ઘટકોમાં પણ ફેરફાર થયો છે. જેમાં માનવ વિકાસ આંક, જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક, ગૌરવપૂર્ણ માનવ જીવન જેવા ખ્યાલો ઉમેરાયા છે.

## 1.5 ચાવીરૂપ શબ્દો

<u>પરિમાણાત્મક ફેરફાર</u>

પરિમાણ એટલે પ્રમાણ, જથ્થો જેનાથી પ્રમાણ સંબંધી એટલે કે વધારો ઘટાડો જેવા ફેરફારો નોંધી શકાય તે પરિમાણાત્મક ફેરફાર જેમ કે, આવકમાં કેટલા પ્રમાણમાં વધારો કે ઘટાડો થયો ? ઉત્પાદન કેટલું વધ્યું કે ઘટ્યું ? - વગેરે પરિમાણાત્મક ફેરફારો છે. પરિમાણાત્મક ફેરફારો સ્પષ્ટ પણે નોંધી શકાય છે.

<u>ગુણાત્મક ફેરફાર</u>

આ એવા ફેરફાર છે કે જે અનુભવી શકાય છે, પણ તેને સ્પષ્ટ નોંધી શકાતા નથી, તેનું ભૌતિક સ્વરૂપ હોતું નથી. જેમ કે પ્રજાના અભિગમમાં થતો ફેરફાર લોકોની ખુશી કે આનંદ, લોકોની વિચારધારા વગેરે.

<u>વિકસિત દેશ</u>

વિકસિત એટલે એવો દેશ કે જેના ઉત્પાદનના બધાજ સાધનોને પૂર્ણ રોજગારી મળી ચૂકી છે અને તેનો મહત્તમ ઉપયોગ થાય છે. બધાં જ લોકો શિક્ષિત છે અને સ્વસ્થ છે. ઉત્પાદનના બધા જ સાધનોનો પૂર્ણ ઉપયોગ થયો હોવાથી હવે તે અર્થતંત્રના વધુ વિકાસની અને વિસ્તારની મર્યાદા આવી ગઈ છે તે વિકસિત અર્થતંત્ર છે.

વિશ્વમાં જે દેશની આવકનું સ્તર ઊંચું હોય, લોકોનું જીવનધોરણ અને જીવનની ગુણવત્તા પણ ઉંચા સ્તરની હોય, આધુનિક ટેકનોલોજીનો જીવનમાં મહત્તમ ઉપયોગ થતો હોય તે દેશને વિકસિત દેશ તરીકે ઓળખવામાં આવે છે.

<u>વિકાસશીલ દેશ</u>

આ એવા પ્રકારના દેશો કે અર્થતંત્રો છે, કે જેના ઉત્પાદનના બધા જ સાધનો હજી વપરાયા નથી, તેથી વધુ ઉત્પાદન કરીને વધુ ઊંચુ જીવનધોરણ લઈ જવાની સંભાવનાઓ છે તથા તે પ્રકારે જીવનધોરણ સુધારવા તરફ તે દેશ પ્રયત્નપૂર્વક જઈ રહ્યો છે તે વિકાસશીલ દેશ છે. આમ, જ્યા વિકાસની પ્રક્રિયા પૂર્ણ નથી થઈ પરંતુ ચાલુ છે તેને વિકાસશીલ દેશ કહેવાય છે.

<u>માનવ વિકાસ આંક (Human Development Lntex)</u>

આર્થિક વિકાસનો આધુનિક અભિગમ માત્ર આવકમાં વધારાને નહીં પરંતુ માનવ વિકાસને મહત્ત્વ આપે છે. કારણ કે અંતે વિકાસ કરનાર માનવ છે. માનવ વિકાસ થાય તે માટે સારું શિક્ષણ વગેરે જરૂરી છે. આ સુવિધાઓ ઉપરાંત પૂરતો અને આરોગ્યપ્રદ ખોરાક, સાફ રહેઠાણ, ઋતુ પ્રમાણેના કપડા વગેરેથી માનવીની કાર્યક્ષમતામાં વધારો થાય છે. કાર્યક્ષમતામાં વધારો અંતે આર્થિક વિકાસ લાવનારું મુખ્ય પરિબળ છે. આમ, આધુનિક સમયમાં લક્ષ્યાંક આવકનો વધારો નહીં પણ માનવ વિકાસ છે. માનવ વિકાસ કેટલો થયો તે માટે સાક્ષરતા દર, જન્મ સમયે અપેક્ષિત આ મુખ્ય અને કુલ રાષ્ટ્રીય આવક જેવા માપદંડોનો અભ્યાસ કરવામાં આવે છે.

<u>જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (Physical Qualiyy of Ltelife Index)</u>

આર્થિક વિકાસના માપદંડ તરીકે જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક માપવામાં આવે છે. આ આંક પ્રમાણે સાક્ષરતાનો દર, બાળમૃત્યુદર તથા જન્મ સમયે અપેક્ષિત આયુષ્યના આધારે માનવજીવનની ગુણવત્તાનું માપન કરવામાં આવે છે. આ આંકની ગણતરીના આધારે 1 થી 100 આંક આપવામાં આવે છે. જેમ આંક ઊંચો તેમ ગુણવત્તાયુક્ત જીવન છે તેમ કહેવાય છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.

(1) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ એટલે શું ? તેની વ્યાખ્યા અને લક્ષણો સમજાવો.

(2) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના ખ્યાલો સમજાવો.

(3) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ તથા બંને વચ્ચેનો તફાવત સમજાવો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.

(1) આર્થિક વૃદ્ધિ

(2) આર્થિક વિકાસ

(3) આર્થિક વૃદ્ધિ અને વિકાસનાં લક્ષણો

(4) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત

(ગ) સાચો વિકલ્પ પસંદ કરો.

(1) આર્થિક વિકાસ એટલે

(A) આર્થિક વૃદ્ધિ

(B) આર્થિક વૃદ્ધિ વત્તા ઉત્પાદનની વહેંચણી તથા આર્થિક માળખામાં ફેરફાર

(C) શહેરી વસ્તીના જીવનધોરણમાં સુધારો

(D) કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં સતત વધારો.

(2) પાયાની જરૂરિયાતોમાં કઈ બાબતનો સમાવેશ થાય છે ?

(A) ખોરાક, કપડા અને રહેઠાણ

(B) સ્વાસ્થ્ય, શિક્ષણ અને ગુણવત્તાયુક્ત રહેઠાણ

(C) પૂરતું પોષણ, પ્રાથમિક શિક્ષણ, સ્વાસ્થ્ય, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને રહેઠાણ

(D) અપેક્ષિત આયુષ્ય અને જીવનધોરણ

(3) પ્રો. શુમ્પીટર આર્થિક વિકાસને શું કહે છે ?

(A) સતત પ્રક્રિયા (B) આપેલા બંને

(C) અસતત પ્રક્રિયા (D) આપેલામાંથી એકપણ નહીં

(4) ''આર્થિક વિકાસ ઉત્પાદનના વણવપરાયેલાં સાધનોના ઉપયોગની બાબત છે.'' આ વિધાન કોણે આપ્યું છે ?

(A) શુમ્પીટર (B) કાર્લ માર્ક્સ

(C) શ્રીમતી હિક્સ (D) હેરોડ

(5) આર્થિક વૃદ્ધિ શાના આધારે માપી શકાય છે ?

(A) CPI (B) CBI

(C) GDP (D) આપેલાંમાંથી એક પણ નહીં.

(6) નીચેનામાંથી ક્યું આર્થિક વિકાસનું લક્ષણ છે ?

(A) અર્થતંત્રમાં માળખાંકીય સુધારાઓ

(B) વ્યવસાયનાં માળખાંમાં ફેરફારો

(C) (A) અને (B) બંને

(D) ઉપરનામાંથી એકપણ નહીં.

(7) નીચેનામાંથી ક્યું વિધાન આર્થિક વિકાસની સમજૂતી આપે છે ?

(A) ટેકનોલોજીમાં સુધારો (B) ઉત્પાદનમાં વધારો

(C) વહેંચણીની સ્થિતિમાં સુધારો (D) ઉપરના બધાં જ

(8) સતત વિકાસનો ખ્યાલ સૌ પ્રથમ ક્યારે રજૂ થયો ?

(A) 1951 (B) 1981

(C) 1987 (D) 2001

(9) આર્થિક વૃદ્ધિનો માપદંડ શું છે ?

(A) GDP (B) ટેકનોલોજીકલ વિકાસ

(C) માળખાકીય ફેરફારો (D) આપેલા બધા જ

◆ સંદર્ભ

1. Hess, Peter N., "Economic Gromth and Sustainalble Development" (2016) Second edition, Routledge London.

2. Stewart Frances, Ranis Gustar, Sammun Emma, "Advancing Human Development Theory and Practice", (2018), oxford University Press.

3. Petrakis, Panagiotis E., "Theoretical Approaches to Economic Growth and Development An Interdisciplinary Perspective." (2020), Springer Natyre, Switzerland.

4. Arestis Philip, Mc Cobie John, Vic kerman Roger, "Grovth and Economic Development Essays in Honour of A.P. Thirlwall, (2006), Edward El gar Publishing Limited, UK."

◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ગ) સાચો વિકલ્પ પસંદ કરો.**

(1) કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં સતત વધારો

(2) સ્વાસ્થ્ય, શિક્ષણ અને ગુણવત્તાયુક્ત રહેઠાણ

(3) અસતત પ્રક્રિયા

(4) શ્રીમતી હિક્સ

(5) GDP

(6) (A) અને (B) બંને

(7) ઉપરના બધાં જ

(8) 1987

(9) GDP

⊙ ⊙ ⊙

એકમ 2

# આર્થિક વિકાસમાં સંસ્થાઓનું મહત્ત્વ

-: રૂપરેખા :-


2.0 ઉદ્દેશ

2.1 પ્રસ્તાવના

2.2 સંસ્થાનો પરિચય (અર્થ, પ્રકારો)

2.3 સંસ્થાનું આર્થિક વિકાસમાં મહત્વ

2.4 સંસ્થાની મર્યાદાઓ

2.5 સારાંશ

2.6 ચાવીરૂપ શબ્દો

2.7 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ વાચન
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## 2.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- જુદા જુદા પ્રકારની સંસ્થાઓને ઓળખી શકશો.
- સંસ્થાઓ અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ સમજાવી શકશો.
- સંસ્થાનું આર્થિક વિકાસમાં શું મહત્ત્વ છે તેની ચર્ચા કરી શકશો.

## 2.1 પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, જેમ જેમ તમે અર્થસાસ્ત્રનો વધુને વધુ પરિચય કેળવતાં થયાં હશો તેમ તેમ તમને આપણી આસપાસની દુનિયામાં, જુદાં જુદાં અર્થતંત્રોમાં કેટલીક ભિન્નતાઓ જોવા મળી હશે. જેમ કે, વિશ્વના દેશોના આર્થિક વિકાસનું સ્તર, તેની ઝડપ અને વિકાસનો દર જુદો જુદો હોય છે. કેટલાંક અર્થતંત્રો ઉદ્યોગ પ્રધાન હોય છે તે કેટલાંક કૃષિ પ્રધાન વળી કૃષિ પ્રધાન અર્થતંત્રોમાં પણ ભિન્નતા જોવા મળે છે. જેમ કે, ભારત, ચીન, કેનેડા વગેરે દેશો કૃષિ પ્રધાન અર્થતંત્રો હોવા છતાં જે તે રાષ્ટ્રની કુલ આવકમાં કૃષિક્ષેત્રમાંથી મળતી આવકનો ફાળો જુદો જુદો હોય છે ! આવી જ ભિન્નતા વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પણ જોવા મળે છે. એક સરખું શિક્ષણ મેળવેલ વ્યક્તિની આવક કે તેમનાં જીવનની ગુણવત્તા જુદીજુદી હોય છે !

આવી ભિન્નતા આપણી જેમ જ ઘણા અન્ય અર્થશાસ્ત્રીઓનાં મનમાં પણ પ્રશ્નો ઊભા કરતી આવી છે. અર્થશાસ્ત્રીઓ દ્વારા જુદાં જુદાં પાસાંઓના કરવામાં આવેલ અભ્યાસને આધારે એવાં તારણો નીકળે છે કે વિકાસનો તબાક્કો, વિકાસનો દર, રાષ્ટ્રની આવક, આવકની વહેંચણી વગેરેને કેટલાંયે જુદાંજુદાં પરિબળો અસર કરે છે, તેથી જ લગભગ સમાન પ્રકારની આર્થિક

પદ્ધતિ ધરાવતા દેશોમાં પણ વિકાસનું સ્તર અને વિકાસનો દર અલગ હોઈ શકે છે. કારણ કે આ દેશોમાં અન્ય સંસ્થાકીય પરિબળોની ભિન્નતા છે તેથી વિકાસની સ્થિતિ પણ જુદીજુદી હોય છે. જો આર્થિક વિકાસનો દર વધારવો હોય અને સમાજનાં આર્થિક જીવનની ગુણવતા સુધારવી હોય તો આ અસરકર્તા સંસ્થાઓ ઓળખીને તેમાં ફેરફાર કરવાથી વિકાસનો ઊંચો દર સાધી શકાય છે, અથવા તો વિકાસના રસ્તામાં આવતા અવરોધોને દૂર કરી શકાય છે.

સંસ્થાઓ વિકાસને પોષક પણ હોય છે અને અવરોધક પણ હોય છે. સરકાર કે આયોજકોએ પણ આ પ્રકારે સંસ્થાઓનો અભ્યાસ કરવાનો થતો હોય છે.

આ એકમમાં આપણે સંસ્થાઓ એટલે શું ? તે કેવી રીતે અર્થતંત્ર ઉપર અસર કરે છે ? સંસ્થાઓનું મહત્ત્વ શું છે ? વગેરે પ્રશ્નોનો અભ્યાસ કરીશું.

## 2.2 સંસ્થાનો પરિચય

### 2.2.1 સંસ્થાનો અર્થ :

સંસ્થાઓ અંગેનો અભ્યાસ વિશ્વમાં વીસમી સદીના ઉતરાર્ધથી થયો હોય તેવું જણાય છે. આ પહેલાં સંસ્થાઓનો અભ્યાસ નથી થયો તેમ નહિ પણ અર્થશાસ્ત્રીઓએ આ રીતે અલગથી તેની અસરો નોંધી અને અભ્યાસ શરૂ કર્યો તે ગાળો વીસમી સદીનો ઉત્તરાર્ધ કહી શકાય. W. A. Lewis, A. K. Cairn Cross, Douglass North, Simon Johnson, Jumes A. Robinson, Acemogly જેવા અભ્યાસુઓનાં નામ સંસ્થાઓ અને અર્થતંત્ર વચ્ચેના સંબંધો, અસરો વગેરેના અભ્યાસ સાથે જોડાયેલાં જોવા મળે છે.

Daron Acemoglu(1990) દ્વારા અપાયેલી વ્યાખ્યા અનુસાર "Institutions are the rules of games in a society, or, more formally are the humanly devised Constraints that shape human interaction."

અન્ય એક વ્યાખ્યા પ્રમાણે "Institution is a way of thought or action of some prevalence and permanence, which is embedded in the gabits of a group or the customs of the people."

E. S. Borgardus : "A social Institution is a structure of society that is organised to meet the Needs of people mainly through well established procedures."

C. H. Cooley : "An Institution is a Complex Integrated organisation of collectire behaniour established in the social heritage and meeting some persistent need of want."

Fitcher : "A relatively Permanent strncthre of social Patterns role and relations that people enact in certain sanctioned and unifiet ways for the pyrpose of Satistyiny basic social neats."

Prof Elwood : "An Institution means the way of rituals of living mutually which are established, aclepted and arranged by the Fore of Community."

Acemoglu Daren અને James Robinson ના જણાવ્યા અનુસાર

જુદાજુદા અર્થતંત્રોના વિકાસ અને સમૃદ્ધિમાં ભિન્નતાનું કારણ આર્થિક સંસ્થાઓમાં રહેલી ભિન્નતા છે. તેમના મત અનુસાર "Economic Institution are collective choices that the outcomes of a political process. The economic Institution of a society depend on the Nature of political power in the society."

સંસ્થા અંગે જુદાજુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓને આધારે આપણે એક સર્વગ્રાહી વ્યાખ્યા આ રીતે આપી શકીએ ; ''સંસ્થા એ માનવસર્જિત નિયમોનું એવું બંધારણ છે કે જે નિશ્ચિત લક્ષ્યાંકો અને જરૂરિયાતો પૂરી કરવા માટે તે સંસ્થાના સભ્યો માટે પરસ્પરનું સામૂહિક વર્તન નક્કી કરે છે. સંસ્થાનું બંધારણ અને માળખું મોટાભાગે પરંપરાગત અને પરિવર્તનશીલ હોય છે.''

ઉપર આપેલી જુદીજુદી વ્યાખ્યાઓ આપણે જોઈએ તો તેમાંથી સંસ્થાનાં લક્ષણો નીચે પ્રમાણે તારવી શકીએ.

i) સંસ્થા સહેતુક હોય છે એટલે કે દરેક સંસ્થાને તેના સ્પષ્ટ હેતુઓ અને લક્ષ્યો હોય છે. જે તેની સામાજિક જરૂરિયાતોના સંદર્ભમાં નક્કી કરાયેલા હોય છે.

ii) આ સંસ્થાઓ સામાન્ય રીતે સ્થાયી માળખું/બંધારણ ધરાવે છે.

iii) આ સંસ્થાઓ પરંપરાગત રહેવાનું અને પરંપરાઓ ટકાવવાનું વલણ ધરાવે છે.

iv) દરેક સંસ્થાનાં કેટલાંક મૂલ્યો હોય છે, જે આચારસંહિતા બની જાય છે.

v) સંસ્થા એ સંકલિત કરેલું માળખું છે અને તે એક એકમ તરીકે કાર્ય કરે છે.

vi) દરેક સંસ્થા કોઈને કોઈ સમાજ સાથે જોડાયેલી હોય છે અને તે સમાજના કેટલાક અધિકારો મેળવે છે.

આમ, આપણે જોઈ શકીએ છીએ કે સંસ્થાનું અસ્તિત્વ સમાજ સાથે જોડાયેલું હોય છે. વિશ્વ બેંકનાં વર્કિંગ પેપરમાં જણાવ્યા અનુસાર આર્થિક સંસ્થાઓ રાજકીય સંસ્થાનાં સ્વરૂપ ઉપર આધારિત છે. જો કે રાજયતંત્ર હોય કે અર્થતંત્ર એ પોતે જ મૂળભૂત રીતે સામાજિક વ્યવસ્થાતંત્રનો એક ભાગ છે. આમ તે બધી સંસ્થાઓ પરસ્પરને અસર કરતી હોય તે સ્વાભાવિક પણે જ સમજી શકાય છે.

અહીં એક બાબત જો કે વિચારવી રહી કે સમાજ પરિવર્તનશીલ છે. કેટલાંક પરિવર્તનો સરળતાથી અને સતત થયા કરતાં હોય છે જ્યારે કેટલાંક લાંબા ગાળે અને ક્રાંતિકારી ઘટનાઓ પછી થાય છે. આથી સંસ્થા અને આર્થિક સંસ્થાઓ તેને અનુલક્ષીને પરિવર્તનક્ષમ અને પરિવતર્નશીલ હોય તે સમજી શકાય.

### 2.2.2 સંસ્થાના પ્રકારો :

સંસ્થા એટલે શું ? તે સમજતી વખતે આપણે જોયું કે સંસ્થા એ સમાજે

નક્કી કરેલા નિયમોનો સમૂહ છે જે કોઈ નિશ્ચિત હેતુ થી અસ્તિત્વમાં આવેલું સંગઠન છે. આમ સમાજના જુદાજુદા હેતુઓને આધારે સંસ્થાઓ પણ જુદીજુદી હોય છે. સમાજની દરેક વ્યક્તિ તેની વિચારધારા, અનુભવો, લક્ષ્યો વગેરેના સંદર્ભે કોઈને કોઈ સંસ્થા સાથે સક્રિય કે નિષ્ક્રિય રીતે ચોક્કસપણે જોડાયેલી હોય છે. સંસ્થાના નિયમો વ્યક્તિનાં વર્તન અને નિર્ણયપ્રક્રિયા ઉપર અસર કરે છે. તેવી જ રીતે વ્યક્તિ અને વ્યક્તિના સમૂહના અનુભવો તથા લક્ષ્યોમાં આવતાં પરિવર્તન સંસ્થાના નિયમોમાં બદલાવ માટે કારણ બને છે. વ્યક્તિ માટે બંધનકર્તા રહે છે. જુદાજુદા સમાજ અને સંસ્થાઓનાં અંતિમ લક્ષ્યો એક જ હોવા છતાં તે લક્ષ્ય પ્રાપ્તિના માર્ગો અને સાધનો જુદાંજુદાં હોઈ શકે છે. જેમ કે હિંદુ ધર્મસંસ્થામાં મૃતદેહને અગ્નિદાહ આપવામાં આવે છે તો મુસ્લિમ ધર્મ સંસ્થામાં પંચમહાભૂતમાં વિલીન કરવા માટે દફન કરવામાં આવે છે.

આપણો વિષય અર્થશાસ્ત્ર છે, આપણે તેનું ઉદાહરણ લઈએ તો આર્થિક વિકાસ માટેની જુદી જુદી પદ્ધતિઓ મૂડીવાદ, સમાજવાદ, મિશ્ર અર્થતંત્ર, ખેતીપ્રધાનતા, ઉદ્યોગપ્રધાનતા વગેરે જુદીજુદી સંસ્થાઓ જ છે, જે ભિન્ન વિચારસરણીને અંતે એક જ અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરે છે.

જુદા જુદા અભ્યાસોમાં સંસ્થાના મુખ્ય બે પ્રકારો બતાવવામાં આવેલા છે. (1) બિનઔપચારિક સંસ્થાઓ જેમાં સાંસ્કૃતિક મૂલ્યો, ધાર્મિક રૂઢિઓ વગેરેને ગણાવી શકાય (2) ઔપચારિક સંસ્થાઓ એટલે ન્યાયતંત્ર, બેંકિંગ વ્યવસ્થા અને સંગઠિત નાણાંબજાર કે મૂડીબજાર, વેપાર કરારો, રાજકીય નાગરિક બંધારણ વગેરે સંસ્થાઓનું કાર્યક્ષેત્ર સ્થાનિક, જે તે સમાજ સ્તરનું, પ્રાદેશિક, રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય પણ હોઈ શકે છે. જેમ કે કોઈ સંયુક્ત રાષ્ટ્રોના સંસ્થા વિશ્વસ્તરે કાર્ય કરે છે તો કોઈ દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી તે ગ્રામ કે શહેર પૂરતી મર્યાદિત હોઈ શકે છે. રાજ્યસ્તરે હાઈકોર્ટનું અધિકાર ક્ષેત્રે જે તે રાજ્ય પૂરતું હોય છે પણ સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રીય સ્તરનો વ્યાપ ધરાવે છે. ઔપચારિક સંસ્થાઓને નિશ્ચિત બંધારણ હોય છે તેના નિયમો સ્પષ્ટ જાહેર કરેલા હોય છે. તેની સ્થાપના નો સમય પણ સ્પષ્ટ હોય છે. દા.ત. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ કે ભારતીય રિઝર્વ બેંક અથવા કોઈ NGO ની સ્થાપના ક્યારે થઈ તે જાણી શકાય છે. પરંતુ કોઈ સમાજમાં લગ્ન સમયે જાળવવાના થતા રિવાજોનું કોઈ લેખિત આધારમાળખું હોતું નથી. તે બિનઔપચારિક સંસ્થા છે. આપણે કેટલીક સંસ્થાઓનો ટૂંકો પરિચય મેળવીએ.

1) ધર્મ :

વિશ્વમાં જુદાજુદા ધર્મો પાળવામાં આવે છે. આ બધા ધર્મોનો મૂળ કે અંતિમ હેતુ તેના અનુયાયીઓનું શારીરિક, નૈતિક, સામૂહિક, માનસિક તથા આર્થિક જીવન ગુણવત્તા ભર્યું રહે તે જ હોય છે. તેમ છતાં તે બધાંની બાહ્ય પદ્ધતિઓ કે તે ધ્યેયો સુધી પહોંચવાનો માર્ગ જુદોજુદો હોય છે. સામાન્ય રીતે આપણો જન્મ થાય તે પહેલાં જ આપણો ધર્મ પરંપરાગત રીતે નક્કી

થયેલો જ હોય છે. તેમ છતાં કોઈ વ્યક્તિ ઈચ્છે તો તેને પસંદ પડેલી બાબતોને આધારે અન્ય ધર્મને અપનાવી શકે છે. તેમ કરવા માટે જુદાંજુદાં ધાર્મિક સંગઠનો પરસ્પર આદર અને સહકારની ભાવના રાખતાં હોય છે.

આ ઉપરાંત ધર્મ સંદર્ભે નિયમો, ધાર્મિક સંગઠનોનું બંધારણ વગેરે તેની આસપાસનાં પર્યાવરણનાં ઘટકો પ્રત્યેનો લોકોનો અભિગમ પણ કેળવે છે. જેમકે વૃક્ષની પૂજા અન્ય જીવો પ્રત્યેનો આદર વગેરે ટકાઉ જીવનની વાતો શીખવે છે. તેવી જ રીતે દાનનો મહિમા કોઈપણ વ્યક્તિ ઉપર ફરજિયાતપણું લાદયા વગર આવકની પુનઃ વહેંચણી કરે છે, જે અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવામાં પણ કેટલેક અંશે મદદરૂપ થવાની સંભાવના છે.

2) જ્ઞાતિ પ્રથા :

ધર્મની જેમ જ કેટલાક સમાજોમાં જ્ઞાતિપ્રથા આપણે જોઈ શકીએ છીએ. વિદ્યાર્થી મિત્રો, તમે વિચારો ! - આ જ્ઞાતિઓ શું હોય છે અને શા માટે હોય છે ? જ્ઞાતિ પ્રથા સમાજના અમુક સમાન મૂલ્યો અને વિચાર ધારા ધરાવતાં લોકોનો સમૂહ હોય છે ? લગ્ન શિક્ષણ અંગેનું મહત્વ વેપાર માટે જોખમ ખેડવાનો સ્વભાવ વગેરે કેટલીક જ્ઞાતિઓ અને પ્રાદેશિક પ્રજાની ઓળખ સમાન બનતાં હોય છે. આધુનિક સમયમાં વિવિધ સમાજોનો સંપર્ક શિક્ષણ અને ટેકનોલોજીની સરળ પ્રાપ્તિ વગેરેને કારણે આ વિભાગો ચુસ્ત નથી રહ્યા. હિંદુ ધર્મની ચાર આશ્રમની સંસ્થા બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાન પ્રસ્થાશ્રમ અને સંન્યાસઆશ્રમ તેમજ પ્રાચીન વર્ણાવ્યવસ્થા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર વગેરે આ પ્રકારની સંસ્થાઓનાં ઉદાહરણ છે, જે કેટલાક નિયમો, માનવીનું વર્તન વગેરે નક્કી કરે છે. આ પ્રાચીન વ્યવસ્થા યથાતથ આજે નથી જોવા મળતી તો પણ બહોળા અર્થમાં આપણે એકસમાન વિચારધારા ધરાવનાર લોકોનાં સંગઠનને આપણી આસપાસ જોઈએ જ છીએ.

3) આર્થિક પદ્ધતિ :

આર્થિક પદ્ધતિ એ આર્થિક હેતુ સિદ્ધ કરવા માટેની ક્રિયા અને પ્રક્રિયાઓનો સમૂહ છે. તમે જાણો છો તેમ વિશ્વમાં મૂડીવાદી, સમાજવાદી તથા મિશ્ર અર્થતંત્ર એ મુખ્ય આર્થિક પદ્ધતિઓ છે જેમાં આર્થિક વિકાસનું ધ્યેય તો બધાં માટે એક જ છે, પણ રસ્તાઓ જુદાજુદા છે. મૂડીવાદી પદ્ધતિમાં બચત, રોકાણ, યંત્રો, શિક્ષણ, તાલીમ વગેરેનું મહત્વ છે અને તેના વિશે તેના માલિક સ્વતંત્ર રીતે નફાને ધ્યાનમાં રાખીને નિર્ણય લે છે. તો તેનાથી વિરૂદ્ધ સમાજવાદી પદ્ધતિમાં ઉત્પાદનમાં આ બધાં જ સાધનોની માલિકી કોઈ એક વ્યક્તિની નથી હોતી પણ સમગ્ર સમાજની હોય છે અને તેના ઉપયોગમાં સમગ્ર સમાજનું હિત સર્વોપરી હોય છે. ઉત્પાદનમાં શ્રમસાધનોને મહત્વ અપાય છે. મિશ્ર અર્થતંત્ર એ સમાજવાદી અને મૂડીવાદી પદ્ધતિઓનું

મિશ્રણ છે. તેમાં સરકારનો હસ્તક્ષેપ, પ્રજાની સ્વતંત્રતા વગેરેનું વધતું ઓછું મહત્વ દરેક આર્થિક સામાજિક ધ્યેયો બાબતે હોય છે તેવી જ રીતે ઉત્પાદન પધ્ધતિ કઈ અપનાવવી તેમાં પણ મત ભિન્નતા હોઈ શકે છે. ઉત્પાદન પ્રક્રિયામાં મૂડીને, યંત્રોને વધારે ઉપયોગમાં લેવાય તો તે મૂડી પ્રધાન ઉત્પાદન પધ્ધતિ કહેવાય છે જે વ્યક્તિ સમૂહ જે પ્રકારની વિચારધારાને મહત્વ આપે તેની સાથે તે જોડાય છે.

4) રાજકીય સંગઠનો :

રાજકીય સંગઠનોનું નિર્માણ તેઓની મૂળભૂત વિચારધારાને આધારે થાય છે. આધુનિક સમયમાં લોકશાહી પધ્ધતિ પ્રભુત્વ ધરાવતી હોવાથી પ્રજાના જ પ્રતિનિધિઓ પ્રજાનાં જીવનની ગુણવત્તા સુધારવા માટે ભિન્ન વિચારધારા ધરાવતા હોઈ શકે છે અને તેના આધારે જુદાંજુદાં રાજકીય સંગઠનો રચાય છે. એકસમાન વિચારધારા ધરાવતાં લોકો તેના સભ્યો બને છે.

5) સામાજિક સંસ્થાઓ :

આ પ્રકારની સંસ્થાઓ કોઈ વિશેષ હેતુ સાથે અસ્તિત્વમાં આવેલી હોય છ. જેમ કે રોટરી કલબ, લાયન્સ કલબ, જ્ઞાતિમંડળો વગેરે આ સંસ્થાઓનું અસ્તિત્વ રાજકીય હેતુ સાથે જોડાયેલું નથી હોતું, જો કે સમય જતાં તે રાજકીય સંગઠનો ઉપર પ્રભાવ પાડી શકે છે. આધુનિક સમાજમાં NGO બિન સરકારી સંસ્થાઓ પણ એક સારું ઉદાહરણ છે.

6) મજૂર સંગઠનો :

ઔદ્યોગિક ક્રાંતિના સમયમાં મૂડી સાધનોને આર્થિક વિકાસની પ્રક્રિયામાં વધારે પડતું મહત્વ અપાયું અને શ્રામિકોની ઉપેક્ષા થઈ. તેની સામે જુદાંજુદાં શ્રમ સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં જે મજૂરોનાં હિતનું રક્ષણ કરવા અતિ સક્રિય હોય છે. પોતાના હિતો ના રક્ષણ માટે ઉદ્યોગપતિઓ, સમાન વ્યવસાય કરનારાં લોકો પણ તેમની સંસ્થાઓની રચના કરે છે, જે તેમના પોતાના સભ્યોનું વર્તન પણ નક્કી કરે છે. દા.ત. તબીબી વ્યવસાય કરતા ડોક્ટર્સનું સંગઠન સમાજને અને તેમનાં પોતાનાં જૂથને માટે પણ વ્યવહાર નક્કી કરે છે.

7) સહકારી મંડળીઓ :

સહકારી મંડળીઓ સ્થાપવાના તથા તેણે કાર્યકરવાના ખાસ નિયમો હોય છે. એકસમાન હેતુ ધરાવતાં લોકોનું સંગઠન સહકારી પ્રવૃત્તિ કરી શકે છે. જેમ કે દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી, ખેડૂતોની સહકારી મંડળી, હાઉસિંગ કોઓપરેટીવ સોસાયટી, સહકારી બેંકો વગેરે કેટલીક જાણીતી સંસ્થાઓ છે.

8) વહીવટીતંત્ર :

સામાજિક અને પ્રજાકીય કાર્યો સુચારુ રીતે પાર પાડવા માટે કામો અને

જવાબદારીઓને જુદાજુદા વિભાગમાં વહેંચી દેવામાં આવે છે. જેમ કે ઊર્જા ઉત્પાદન અને વિતરણનો વિભાગ, પરિવહન અને સંચારનો વિભાગ, જાહેર બાંધકામનો વિભાગ, કાયદો અને વ્યવસ્થાનો વિભાગ વગેરે આ માટે પોલીસતંત્ર, ન્યાયતંત્ર, નગરપાલિકાઓ વગેરે સંસ્થાઓ તેમનું કાર્ય કરે છે.

9) બેંકિંગ / નાણાંસંસ્થાઓ :

સંગઠિત નાણાંસંસ્થાઓ લોકોની વ્યક્તિગત કે સામૂહિક નાણાંકીય જરૂરિયાતો પૂરી પાડે છે. ટૂંકાગાળાની સહાય, લાંબાગાળાની સહાય વગેરે માટેના નિયમો જુદાજુદા હોય છે. વળી ખાસ હેતુઓ માટે પણ નાણાં સંસ્થાઓનું અસ્તિત્વ હોય છે. જેમ કે કિસાનોને સહાય આપતી સંસ્થા, લઘુ ઉદ્યોગોને સહાય આપતી સંસ્થા શિક્ષણ માટે સહાય આપતી સંસ્થા વગેરે.

10) શિક્ષણતંત્ર :

શિક્ષણ માટેનું વ્યવસ્થાતંત્ર અતિ વિશાળ છે. અગાઉ જે જ્ઞાન પરંપરાગત બિન ઔપચારિક માળખામાં આપવામાં આવે છે. જેમ કે કૃષિ યુનિવર્સિટી, ડિઝાઈન ઈન્સ્ટીટ્યુટ, વ્યવસાય / ધંધાકીય સંચાલન વગેરે.

શિક્ષણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવતું જ્ઞાન, પદ્ધતિ, ટેકનોલોજી, મૂલ્યાંકન પધ્ધતિ, વિદ્યાર્થીનું સ્થાન અને મહત્વ વગેરે બાબતો જે તે સમાજનાં લક્ષ્યો, ઈચ્છાઓ અને ઉપલબ્ધ સાધનો દ્વારા અસર પામે છે તથા તેના ઉપર અસર કરે છે.

## 2.3 સંસ્થાનું આર્થિક વિકાસમાં મહત્વ / અસરો

જો આપણે આર્થિક વિકાસમાં સંસ્થાઓનાં મહત્વની વાત કરીએ અથવા તો સંસ્થાઓની આર્થિક વિકાસ ઉપર શું અસર થાય છે તે બાબતનો અભ્યાસ કરીએ તો જણાય છે કે ઔપચારિક અને બિનઔપચારિક એ બંને પ્રકારની સંસ્થાઓ આર્થિક વિકાસ માટે વાતાવરણ ઊભું કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. જેમ કે અમુક ધર્મોમાં અમુક વ્યવસાયો કે આર્થિક પ્રવૃત્તિનો અસ્વીકાર કરવામાં આવે છે. લગ્નપ્રથા, પરિવારમાં બાળકોની સંસ્થા, સ્ત્રી-શિક્ષણ પ્રત્યેનો અભિગમ વગેરે સામાજિક મૂલ્યસંસ્થા ઉપર આધારિત છે અને આર્થિક નિર્ણયપ્રક્રિયા ઉપર અસર કરે છે તે તમે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ સારી રીતે સમજી જ શકશો અહીં આપણકે આ અભ્યાસ કરવા માટે સંશોધકોએ કરેલા અન્ય અભ્યાસોની પણ મદદ લઈશું.

કોઈપણ દેશનું અર્થતંત્ર વિકાસ પામે તે માટે તેની પ્રજામાં વિકાસ માટેની ઈચ્છાશક્તિ હોવી જરૂરી છે. પ્રજાનાં વલણો નક્કી કરવામાં વિકાસ માટે સખત મહેનત કરવા માટે અને ઊંચું જીવનધોરણ પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં સંસ્થાઓનો ઘણો જ મહત્વનો ફાળો હોય છે. જો સંસ્થાઓ સ્થિતિસ્થાપક હોય તો વિકાસને પોષક બને છે પણ તેનાથી ઊંધું જો સંસ્થાઓ જડ હોય અને વિકાસની પ્રક્રિયાને અવરોધતી હોય તો આર્થિક વિકાસ થઈ શકે નહિ. UN પણ આ બાબતને સમર્થન આપે છે કે અનુકૂળ વાતાવરણના અભાવે આર્થિક વિકાસ સંભવી શકતો નથી. A. K. કેર્ન ક્રોમ કહે છે. ''આર્થિક વિકાસ માત્ર આર્થિક પરિબળોની

હાજરીથી સંભવી શકતો નથી, વિકાસની ચાવી માનવીનું મન છે. અને તે સંસ્થાઓ છે જ્યાં માનવી તેના વિચારોની અભિવ્યક્તિ કરે છે. એટલે જ માત્ર બચતો હોવી જરૂરી નથી, તેનાં રોકાણ માટેની વૃત્તિ, રોકાણની તકો અને જોખમ લેવાની વૃત્તિ પણ જરૂરિ છે. એટલે જ માત્ર માનવીનું શિક્ષિત હોવું જરૂરી નથી, માનવીમાં નવા વિચારો અમલમાં મૂકવાની સ્વતંત્રતા પણ જરૂરી છે. એટલે જ માત્ર કુદરતી સંપતિનું હોવું પૂરતું નથી, તેના ઉપયોગ પ્રત્યેનું વલણ પણ જરૂરી છે" ઉપરની ચર્ચા ઉપરથી આપણે સંસ્થાની આર્થિક વિકાસ ઉપરની અસરો / મહત્વ માટે નીચે પ્રમાણેના મુદ્દાઓ તારવી શકાય.

i) સંસ્થાઓ લોકોના અભિગમનું ઘડતર કરે છે :

સમાજની માન્યતાઓ અને સાંસ્કૃતિક મૂલ્યો વિકાસ માટે પ્રોત્સાહક કે અવરોધક બને છે. જેમ કે, જો બચત, મૂડી સંગ્રહ વગેરેને અસામાજિક માનવામાં આવતાં હોય તો સમાજમાં લોકો બચત કરવાનું, વધુ આવક મેળવવાનું પસંદ કરશે નહિ. તેવી જ રીતે શારીરિક શ્રમ કરનાર લોકો નિમ્ન વર્ગના માનવામાં આવે તો મોટા ભાગે લોકો White Collar જોબ જ પસંદ કરશે !

પ્રજાનો શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યેનો અભિગમ પણ તે જે સંસ્થા સાથે જોડાયેલો છે તેની વિચારધારા ઉપર આધારિત છે.

ii) સંસ્થા શ્રમની ઉત્પાદકતામાં વધારો કરે છે :

શ્રમની ઉત્પાદકતા માટે શ્રમની ગુણવત્તા જરૂરી છે. શિક્ષણ સંસ્થાઓ, તબીબી સુવિધાઓ તથા જે તે વ્યક્તિનો કામ કરવા માટેનો અભિગમ શ્રમની ગુણવતા અને તે રીતે ઉત્પાદકતા નક્કી કરે છે. વળી ઉપલબ્ધ વાતાવરણ જેમ કે પરિવહન અને સંચાર સુવિધાઓ, મજબૂત આધારમાળખું વગેરે શ્રમિકની કાર્યક્ષમતામાં વધારો કરે છે.

iii) ઉત્પાદન સાધનોને ગતિશીલ કરવાં :

સાધનોને ગતિશીલ કરવાં એટલે સ્થુળ અર્થમાં તેને એકથી બીજી જગ્યાએ લઈ જવાં સૂક્ષ્મ અર્થમાં અને આર્થિક વિકાસના સંદર્ભમાં જોઈએ તો સુષુપ્ત સાધનોને યોગ્ય વાતાવરણ પૂરું પાડીને આર્થિક વિકાસની પ્રક્રિયામાં લગાવી શકાય છે પરિવહન અને સંચાર વ્યવસ્થા પૂરાં પાડીને, બેંકો દ્વારા નાણાંકીય મૂડીસાધનો પૂરાં પાડીને, ન્યાયતંત્ર દ્વારા અધિકારોનું રક્ષણ કરીને, કાયદો અને વ્યવસ્થા જાળવીને, સરહદો ઉપર શાંતિ સ્થાપીને ઉત્પાદનનાં સાધનોને પ્રોત્સાહક એવું વાતાવરણ નિર્માણ કરી શકાય છે.

iv) સંસ્થાઓ માહિતી મેળવવામાં અને માહિતીનો ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થાય છે. આર્થિક પ્રવૃત્તિઓ માટે માહિતીનું હોવું અત્યંત જરૂરી છે જેમ કે રોકાણ માટે કોની બચત મેળવી શકાય છે ? રોજગાર ક્યાંથી મળે તેમ છે ? કાચો માલ કે તૈયાર માલનું બજાર ક્યાં છે ? વગેરે માહિતીઓ માટે બેંક, રોજગાર વિનિમય કચેરીઓ, સમૂહ માધ્યમો તેમ જ અન્ય સરકારી અને બિનસહકારી સંસ્થાઓ દ્વારા અતિ નજીવા ખર્ચે માહિતી પૂરી પાડવામાં આવે છે, જે આર્થિક પ્રક્રિયામાં કુલ ખર્ચમાં ઘટાડો લાવે છે.

v) કાયદો અને વ્યવસ્થાની જાળવણી અધિકારોનું રક્ષણ :

સંપત્તિના માલિકો, રોકાણકારો, ગ્રાહકો, ઉત્પાદકો અને વિક્રેતાઓ વગેરેના હક્કોનું

રક્ષણ ન્યાયતંત્ર દ્વારા કરવામાં આવે છે. સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસતંત્ર, સરહદોનાં રક્ષણ માટેની વ્યવસ્થા વગેરે માટે કાર્યરત સંસ્થા આર્થિક પ્રવૃત્તિ સરળ અને સુરક્ષિત બનાવે છે.

vi) આવકની પુનઃ વહેંચણી કરે છે :

વિકાસને પ્રોત્સાહક બને તે રીતે આવકની વહેંચણી અર્થતંત્રના જુદાજુદા વિભાગો વચ્ચે થયેલી હોવી જોઈએ. લાંબાગાળાના ટકાઉ વિકાસ માટે નિમ્ન વર્ગ અને મધ્યમ વર્ગની તરફેણમાં આવકની વહેંચણી થવી જોઈએ, તો ટૂંકાગાળામાં લાભ મળી શકે તે માટે મોટા પાયા પર રોકાણ અને તે માટે બચતો મેળવવા માટે ઊંચી આવક ધરાવતા વર્ગની તરફેણમાં આવકની વહેંચણી હોવી જોઈએ લાંબા કે ટૂંકાગાળાના વિકાસના આ અભિગમો અર્થતંત્રમાં જુદાજુદા સમયે જુદાજુદા હોઈ શકે છે જે તે સમયની જરૂરિયાત અનુસાર કરવેરાના દરો, વ્યાજના દરો સબસિડી વગેરે અંગે નિર્ણયો કરીને આવકની પુનઃ વહેંચણી કરી શકાય છે. આ માટે સહકારનો નાણાં વિભાગ રિઝર્વ બેંક, કરવેરા વિભાગ વગેરે સંસ્થાઓ તેમનું કાર્ય કરે છે.

vii) વિકાસની તકો (સમાન તકો) ઉપલબ્ધ કરાવે છે :

વિદ્યાર્થી મિત્રો ધારો કે સરકારનું અસ્તિત્વ ન હોયા આર્થિક પ્રવૃતિઓમાં સરકારનો હસ્તક્ષેપ ન હોય તો મફત શિક્ષણ મફત તબીબી સારવાર, કરવેરામાં છૂટછાટ વગેરે મળી શકે નહિ અને અમુક જ વિસ્તાર કે વ્યક્તિનો વિકાસ થાય બાકીના અવિકસિત જ રહી જાય ! આમ અર્થતંત્રનાં બધાં ક્ષેત્રોનો અને સમાજનાં બધાં લોકોનો વિકાસ થઈ શકે તે માટે વિકાસની સમાન તકો સરકાર દ્યારા પૂરી પાડવામાં આવે છે. મુક્ત બજારતંત્ર આ પ્રકારનું વાતાવરણ સર્જી શકતું નથી.

vii) ભ્રષ્ટાચાર પર અંકુશ :

ન્યાયતંત્ર પોલીસતંત્ર વગેરે જાહેર હિતોનું રક્ષણ કરે છે અને અસામાજિક પ્રવૃતિઓ પર અંકુશ મૂકે છે ઉત્પાદન સાધનો તેમજ અન્ય જરૂરી વસ્તુઓ / સેવાઓની સરળ અને સમાન પ્રાપ્તિ થવાથી કાળાબજાર, સંગ્રહખોરી, લાંચરુશવત વગેરે જેવી અનૈતિક પ્રવૃતિઓ અટકે છે.

viii) વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ :

વિકાસ માટે નવાં સંશોધનો થવાં જરૂરી છે વૈજ્ઞાનિક સંશોધન એ કોઈ એક વ્યક્તિની ક્ષમતા બહારની વાત છે તેના માટે જરૂરી મોટા પાયા પરનું મૂડીરોકાણ, કુશળ માનવબળ, નુકસાન સહન કરવાની ક્ષમતા વગેરેના આધારે સંશોધન સંસ્થાઓ જુદાંજુદાં ક્ષેત્રોમાં જેમ કે સામાજિક ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન તેમજ અન્ય ક્ષેત્રોમાં સંશોધનનું કાર્ય કરે છે અને વિકાસને આગળ ધપાવે છે.

વિદ્યાર્થી મિત્રો આ સમગ્ર બાબતને આપણે આધુનિક પરિભાષામાં "Ease of Doing Business" માટેના વિશ્વબેંકના માપદંડોને આધારે પણ સમજી શકીએ. તમે વિચારી શકશો કે એક નવો વ્યવસાય, આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા માટે સારી રીતે અને સરળતાથી શરૂ કરવા માટે કઈ અને કોઈ સ્થિતિનું હોવું જરૂરી છે ?

ix) આંતરરાષ્ટ્રીય સ્તરે હિતોનું રક્ષણ :

વિશ્વ વેપાર સંગઠન જેવી સંસ્થાઓ વિશ્વના દેશો વચ્ચે થતા વેપારમાં કોઈ દેશનું કે સમસ્ત વિશ્વનું અહિત ન થાય તેનું ધ્યાન રાખે છે. આ પ્રકારની સંસ્થા માત્ર ભૌતિક જ નહીં પરંતુ બૌધ્ધિક સંપત્તિમાં અધિકારોનું પણ રક્ષણ કરે છે. વિશ્વ બેંક જેવી સંસ્થાઓ વિકાસશીલ દેશોના વિકાસ માટે કાર્યરત રહે છે.

- લઘુતમ બીજમૂડી
- આધુનિક ટેકનોલોજીથી સજ્જ ઉત્પાદન સાધનો
- જમીન/મકાન સંસાધન
- કુશળ, તાલીમ પામેલા, સ્વસ્થ શ્રમિકો
- કરવ્યવસ્થા
- પરિવહન અને સંચાર વ્યવસ્થા
- ઊર્જા, પાણી પુરવઠો જેવું આધાર માળખું
- રાજકીય શાંતિ અને સ્થિરતા
- નૈતિકતા અને પ્રમાણિકતા
- સુરક્ષિત સરહદો

તમે જોઈ શકશો કે ઉપરોક્ત નિર્દેશકો વાસ્તવમાં એ બધી જુદીજુદી સંસ્થાઓની ગુણવત્તા, સક્રિયતા અને અસરકારકતા જ સૂચવે છે જે આર્થિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરે છે.

સંસ્થાનું અસ્તિત્વ, બંધારણ, સક્રિયતા, ગુણવત્તા વગેરે જેવાં અનેક પાસાંઓ આર્થિક વિકાસની દિશા અને ઝડપ નક્કી કરે છે. એટલે માત્ર સંસ્થાનું હોવું નહીં પણ સંસ્થા કઈ રીતે કાર્ય કરે છે તે પણ એટલું જ જરૂરી છે. કેટલાક નિર્દેશકોને આધારે આપણે સંસ્થાની આર્થિક વિકાસ ઉપર કેવી અસર થશે તે નક્કી કરી શકીએ. આ નિર્દેશકોની યાદી નીચે પ્રમાણે બનાવી શકાયાં.

- અભિવ્યક્તિ સ્વતંત્રતા અને જવાબદારી
- રાજકીય સ્થિરતા અને અહિંસા
- સરકારની અસરકારકતા
- નિયંત્રક વ્યવસ્થાતંત્રની ગુણવત્તા
- ન્યાયતંત્ર
- ભ્રષ્ટાચારનું નિયંત્રણ

## 2.4 સંસ્થાની મર્યાદાઓ

વિદ્યાર્થી મિત્રો ઉપર જોયા એ મુદ્દાઓ / નિર્દેશકો સંસ્થાની અસરકારકતા બતાવે છે. સંસ્થા એ સમાજ જીવનની સફળતા માટેનું એક બંધારણ છે ? જે માનવસર્જિત હોવાથી માનવપ્રકૃતિ માન્યતાઓ, જરૂરિયાતો વગેરે તેનાં બંધારણમાં મહત્વનો ભાગ ભજવે છે. આ કારણોથી જ સંસ્થાઓ પૂર્ણરૂપે સફળ થતી હોય તેવું આપણે નથી જોતાં સંસ્થાની પણ કેટલીક મર્યાદાઓ છે. આ મર્યાદાઓ નીચે મુજબ ગણાવી શકાય.

i) સંસ્થાઓ જડ/અપરિવર્તનીય હોય છે.

સંસ્થાઓનું જે સમયે ઘડતર થયું હોય તે સમયની સ્થિતિ અને જરૂરિયાતો પ્રમાણે તેનું બંધારણ અને નિયમો હોય છે. અર્થશાસ્ત્ર એક ગતિશીલ સમાજવિજ્ઞાન છે. તેથી સંસ્થાઓ પણ સમય અનુસાર પરિવર્તનશીલ હોવી જોઈએ તેમ છતાં સંસ્થાઓનું માળખું તેના નિયમો વગેરે જો જડ હોય તો તે વિકાસને માટે બાધા જ બને છે. જેમ કે ન્યાયતંત્ર સંપતિના અધિકારોના સંદર્ભમાં સ્પષ્ટ અને આધુનિક ન હોય તો તે વિકાસને અવરોધે છે. સ્ત્રીઓને પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર કુદરતી સંપત્તિના માલિકી હક્કોની અસ્પષ્ટતા વગેરે પરિવર્તનશીલતાને લીધે સહાયક કે અવરોધક બની શકે છે.

જો કે બધી જ સંસ્થાઓ અપરિવર્તનીય નથી હોતી પણ તેમાં પરિવર્તન લાવવું મુશ્કેલ હોય છે કે ધીમુ હોય છે. બેંકો દ્વારા અપાતાં ધિરાણ અંગેના નિયમો હોય કે ધાર્મિક નિયમો તે બધાંની અસરો તમે પણ વિચારી શકો છો જેમ કે કોઈ ઓફિસ હજુ પણ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ ન અપનાવી હોય તો વિકાસ થઈ શકે નહિ.

ii) અપનાવવામાં આવતા સુધારાઓમાં ખામી :

સંસ્થાઓમાં અપનાવવામાં આવતા સુધારા પણ હંમેશાં અનુકૂળ હોય તેમ ન પણ બને સુધારાઓ માત્ર સમયસર હોવા જરૂરી નથી પરંતુ તે વિકાસાભિમુખ પણ હોય તે મહત્વનું છે. કરવ્યવસ્થા, ન્યાયતંત્ર પરિવહન તેમજ અન્ય જાહેર સામૂહિક સેવાઓમાં ઘણી વખત નાના મોટા ફેરફારો આપણે જોઈએ છીએ. તે સમાજના કેટલાક વર્ગોનાં હિતમાં હોય તો કેટલાંક લોકોનાં હિતમાં નથી હોતા પ્રજા / સમાજની જુદીજુદી જરૂરિયાતો તથા જાતભિન્નતાને કારણે આમ થતું હોય છે. આ મુદ્દા સંદર્ભે તમારા વિસ્તારમાં થયેલા જાહેર સંસ્થાકીય ફેરફારોની સમાજના જુદાજુદા વર્ગો ઉપર થતી અસરો વિશે ઉદાહરણ જરૂરથી લખશો ગ્રામ પંચાયત, નગરપાલિકા, પાણીપુરવઠા અને વિતરણ વગેરે સંદર્ભે છેલ્લાં પાંચ કે દસ વર્ષ દરમ્યાન થયેલા ફેરફારો નોંધીને વિશ્લેષણ કરી શકાય તે માટે આપણાથી મોટી વયના અને અનુભવી લોકોનો તથા જુદાજુદા વર્ગોનાં લોકોનો મત પણ નોંધી શકાય.

iii) વિવિધ સંસ્થાઓ પરસ્પર પ્રતિસ્પર્ધા :

જુદીજુદી સંસ્થાઓનાં નૈતિક મુલ્યો તેમજ બંધારણમાં જો તફાવત હોય તો તેઓ પરસ્પર સ્પર્ધા કરે છે જે સામાજિક વર્તણુંક બાબતે અનિશ્ચિતતા ઊભી કરે છે. જેમ કે વૈશ્વિક સ્તરે મુક્ત બજારનું વાતાવરણ હોય પરંતુ સ્થાનિક સ્તરે નાણાંકીય સ્થિતિ કરવેરાના દર અને આંતરરાષ્ટ્રીય રાજનૈતિક સંબંધો એવા હોઈ શકે જે બે દેશોની પેઢીઓ વચ્ચે વેપાર વિકસે તેમાં અવરોધ ઊભો થાય.

iv) એક સંસ્થાની સફળતાનો આધાર અન્ય સંસ્થા ઉપર :

કુટુંબ, પેઢી, ગ્રામપંચાયત / નગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરેનાં બંધારણ અલગ હોય છે, વળી જે તે સંસ્થામાં સંચાલક બદલાતાં પણ પારસ્પરિક ધ્યેયો વચ્ચે સંઘર્ષ ઊભો થાય છે. એક સંસ્થાની સફળતાનો આધાર બીજી સંસ્થા ઉપર રહેલો છે ઉદાહરણ તરીકે લોકશાહીની સફળતાનો આધાર પ્રજાની કેળવણી ઉપર રહેલો છે. શિક્ષિત તેની ફરજો અને અધિકારો પ્રત્યે જાગૃત હોય તો લોકશાહી સફળ થાય છે.

## 2.5 સારાંશ

- સમાજ જુદીજુદી સંસ્થાઓનો બનેલો છે. આ સંસ્થાઓ સામાજિક ધાર્મિક, રાજકીય, વહીવટી તેમજ આર્થિક સંસ્થાઓ હોય છે સંસ્થાનો વ્યાપ કૌટુંબિક, સ્થાનિક કે નાનાં ગામ સુધી પણ સીમિત હોઈ શકે અથવા તો તે સમસ્ત વિશ્વ પર તેનું પ્રભુત્વ ધરાવતી હોય જેમ કે IMF, UN વગેરે.
- સંસ્થાઓ પરસ્પરને અસર કરતી હોય છે તથા પરસ્પરના નિર્ણયોથી પ્રભાવિત થતી હોય છે.
- આર્થિક વિકાસ માટે જરૂરી વાતાવરણ ઊભું કરવામાં સંસ્થાની ભૂમિકા અંગે જુદાજુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યા છે. આર્થિક વિકાસ માટે જરૂરી વાતાવરણ ઊભું કરવામાં સંસ્થાની ભૂમિકા મહત્વની સાબિત થઈ છે.
- સંસ્થાઓ સમયની સાથે પરિવર્તનશીલ રહેવામાં ધીમી સાબિત થઈ છે. વળી કોઈ એક સંસ્થાની સફળતાનો આધાર અન્ય સંસ્થા ઉપર છે. આ બધી મર્યાદાઓ હોવા છતાં સંસ્થાઓ સામાજિક વર્તણૂંક નક્કી કરતી હોય છે તથા તે સંબંધે સુરક્ષા પ્રદાન કરે છે. તેથી સંસ્થાની મર્યાદાઓ હોવા છતાં આર્થિક વિકાસ માટે સંસ્થાઓનું અસ્તિત્વ મહત્વનું બને છે.

## 2.6 ચાવીરૂપ શબ્દો

વિદ્યાર્થી મિત્રો,

આ એકમમાં એક નવી જ રીતે આપણે ચાવીરૂપ શબ્દોનો અભ્યાસ કરીએ...!

સામાન્ય રીતે તમારી અભ્યાસસામગ્રીમાં એકમ પૂરું થતાં છેલ્લે નવા શબ્દોનો અર્થ "ચાવીરૂપ શબ્દો"ના વિભાગમાં આપવામાં આવે છે. પરંતુ આ એકમમાં તેમ કરવાને બદલે તમારી પાસેથી એટલે કે વિદ્યાર્થીઓ પાસેથી તેવા શબ્દો મંગાવવામાં આવે છે ! - એક નવો પ્રયોગ !

આ એકમના લેખકના અભિપ્રાય અનુસાર તમે તૃતીય વર્ષ બી.એ. ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થિનીઓ છો એટલે આ એકમમાં ઉપયોગમાં લેવાયેલા લગભગ બધા જ શબ્દો અને તેના અર્થથી તમે પરિચિત હો તેમ છતાં જો કોઈ શબ્દ એવો હોય કે જે તમારા માટે નવો હોય અથવા તો તમે તેનાથી પરિચિત હો છતાં વધારે વિસ્તારથી તેને સમજવાની જરૂર જણાતી હોય તો તે શબ્દ સાથેના ઈ મેઈલ કે ટપાલથી યુનિવર્સિટીના અધ્યાપકોનો સંપર્ક કરી શકો છો અથવા તમે જ્યાં એડમિશન લીધું છે ત્યાં કાઉન્સેલર્સ પણ તમને તેનો અર્થ સમજાવી શકે.

જો તમે ટપાલથી/કુરિયરથી તે શબ્દ વિશે જાણવા માગતા હો તો તમારું નામ, સરનામું,

ફોન નંબર અને એનરોલમેન્ટ/રજિસ્ટ્રેશન નંબર સ્પષ્ટ લખીને યુનિવર્સિટીની અમદાવાદ મુખ્ય ઓફિસનાં સરનામાં પર પહોંચાડશો.

જો તમે ઈ મેઈલથી શબ્દનો અર્થ જાણવા ઈચ્છતા હો તો અહીં આપેલ ઈ મેઈલ આઈ.ડી ઉપર ઈ-મેઈલ કરશો :

Email ID : economics@baou.edu.in

## 2.7 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો.

(1) સંસ્થા એટલે શું ? આર્થિક વિકાસ અને વૃદ્ધિ માટે સંસ્થાનાં મહત્વની ચર્ચા કરો.

(2) સંસ્થાની વ્યાખ્યા સમજાવો તથા તેનાં લક્ષણોનું વર્ણન કરો.

(3) સંસ્થા એટલે શું ? સંસ્થાની વ્યાખ્યા આપો અને તેના જુદાજુદા પ્રકારોનો પરિચય આપો.

(4) સંસ્થા એટલે શું ? સંસ્થાનાં મહત્વ અને મર્યાદાની ચર્ચા કરો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.

(1) આર્થિક વિકાસ અને વૃદ્ધિમાં સંસ્થાનું મહત્વ

(2) સંસ્થાનાં લક્ષણો

(3) સંસ્થાના પ્રકારો

(4) સંસ્થાની મર્યાદાઓ

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

આ વિભાગમાંથી પરીક્ષામાં તમને બહુ વિકલ્પીય પ્રશ્નો/ખાલીજગ્યા પૂરો/વિધાનો સાચાં છે કે ખોટાં જેવા પ્રશ્નો પૂછાઈ શકે છે.

1. આર્થિક વિકાસ ઉપર સંસ્થાઓની અસરોનો અભ્યાસ ક્યારથી શરૂ થયો ?

A. અઢારમી સદીના ઉત્તરાર્ધથી B. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી

C. વીસમી સદીના ઉત્તરાર્ધથી D. આપેલામાંથી એકપણ નહિ

2. નીચેનામાંથી ક્યા અર્થશાસ્ત્રીનું નામ સંસ્થાઓના અભ્યાસ સાથે જોડાયેલું છે ?

A. ડગ્લાસ નોર્થ B. એ. કે. કે ર્ન ક્રોમ

C. એલવૂડ D. આપેલા બધા જ

3. નીચેનામાંથી ક્યા પ્રકારની સંસ્થા હોય છે ?

A. ઔપચારિક B. બિનઔપચારિક

C. a અને b બંને D. એક પણ નહિ

4. સમાજવાદી પધ્ધતિમાં ઉત્પાદન સાધનોની માલિકી કોની હોય છે ?

A. સમગ્ર સમાજની B. વ્યક્તિની

C. આયોજકોની D. અનિશ્ચિત

5. IMF, UN વગેરે ક્યાં સ્તરે કામ કરતી સંસ્થાઓ છે ?

A. રાષ્ટ્રીય B. આંતરરાષ્ટ્રીય

C. સ્થાનિક D. ઔદ્યોગિક

6. સંપતિના માલિકી હક્કો, ગ્રાહકો, ઉત્પાદકો અને વિક્રેતાઓના હક્કોનું રક્ષણ વગેરે કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

A. શૈક્ષણિક સંસ્થા B. મજૂર સંઘો

C. ન્યાયતંત્ર D. ઉપરની બધી જ

◆ તમારી પ્રગતિ ચકાસો (ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :

1. વીસમી સદીના ઉત્તરાર્ધથી
2. આપેલા બધા જ
3. a અને b બંને
4. સમગ્ર સમાજની
5. આંતર રાષ્ટ્રીય
6. ન્યાયતંત્ર

◆ ઉપયોગી સંદર્ભ વાચન :


i) Bardhan P. (2006), “Institutions and Development, In : D clark (ed) The Elgar Compunion to Derelopment Studies, Eduard Elgor Publishing P.P. 2-56.

ii) Ben Ali M.S. Krummer, Sorin M.S. (2016), “The role of Instiutions in Economic Development.” www.researchgate.net

iii) Nonh Douglass Co, (1999), Instiutions and Economic Gromth A Historical Introduction, Routledge.

iv) Sanath Kumar V., (2011), “Economic Anulysis of Institutions A practical Guife.” SAGG Publications India Ltd.


⊙ ⊙ ⊙

એકમ 3

# આર્થિક વિકાસને અસર કરતાં પરિબળો

-: રૂપરેખા :-


3.0 ઉદ્દેશ

3.1 પ્રસ્તાવના

3.2 આર્થિક વિકાસના ઉદ્દેશો

3.3 આર્થિક વિકાસને અસર કરતા પરિબળો

- 3.3.1 કુદરતી સંસાધન
- 3.3.2 મૂડી - સંચય
- 3.3.3 માનવ મુડી અને કૌશલ્ય વિકાસ
- 3.3.4 વસ્તીનું વયજૂથ પ્રમાણ
- 3.3.5 ટેકનોલોજી

3.4 સારાંશ

3.5 ચાવીરૂપ શબ્દો

3.6 તમારી પ્રગતિ ચકાસો

- ◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- ◆ સંદર્ભ


## 3.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે.

(1) આર્થિક વિકાસને અસર કરતાં પરિબળો ઓળખી શકશો.

(2) જુદા જુદા દેશોમાં આર્થિક વિકાસનાં સ્તર બાબતે ચર્ચા કરી શકશો.

## 3.1 પ્રસ્તાવના

એકમ-1માં આપણે આર્થિક વૃધ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ સમજ્યાં તેમાં આપણે જાણ્યું કે અર્થશાસ્ત્રીય દ્દષ્ટિએ બંને ખ્યાલ અલગ છે. આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે, તેમાં સામાજિક, માળખાંકીય, મનોવૈજ્ઞાનિક જેવા ફેરફારો થાય છે, જે માનવીનાં જીવનમાં ગુણવત્તાયુક્ત સુધારો કરે છે. આધુનિક સમયમાં આ વિકાસ પ્રક્રિયા લાંબા ગાળા સુધી અને સતત ચાલે તે માટે તેમાં કુદરતી સંપત્તિને પણ મહત્વનું સ્થાન અપાયું છે. બીજી બાજુ આર્થિક વૃધ્ધિ એ પ્રક્રિયા નહિ પણ ઘટના છે. આર્થિક વિકાસની પ્રક્રિયાનાં પરિણામ સ્વરૂપ અર્થતંત્રમાં જે આવક વિકાસની પ્રક્રિયાનાં પરિણામ સ્વરૂપ અર્થતંત્રમાં જે માથાદીઠ આવકમાં વધારો થાય છે, તે આર્થિક વૃધ્ધિ છે આમ, આર્થિક વૃધ્ધિથી પહેલાં આર્થિક વિકાસ થવો જરૂરી છે. જો કે

વિશ્વનાં કેટલાંક અર્થતંત્રોનાં એવાં ઉદાહરણો પણ મળે છે કે જ્યાં "વિકાસ વિનાની વૃધ્ધિ" હોય! એટલે કે રાષ્ટ્રની આવકમાં વધારો થતો હોય, પરંતુ લોકોનાં જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થતો ન હોય, પરંતુ લોકોનાં જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થતો ન હોય. શિક્ષણ અને સ્વાસ્થ્યની જાહેર સ્થિતિ વણસી ગયેલી હોય વિશ્વમાં એવાં ઉદાહરણો પણ છે કે જ્યાં આર્થિક વિકાસ ઉપર ધ્યાન આપવામાં આવ્યું. સાક્ષરતા, શિક્ષણ, ગરીબી ઉન્મૂલન, સ્વાસ્થ્ય, કૃષિ ઉત્પાદન, પર્યાવરણ જાળવણી, પ્રદૂષણ નિયંત્રણ જેવા ઉપાયોથી આર્થિક વિકાસ થયો એટલે કે પ્રજાનાં જીવનની ગુણવત્તા તો સુધરી જ સાથે તેનાં પરિણામ સ્વરૂપ રાષ્ટ્રની આવકમાં પણ વધારો થયો.

ક્યા દેશમાં આર્થિક વિકાસ થઈ રહ્યો છે તે જાણવા માટેના માપદંડો હોય છે જે તમે આગળ એકમ ચારમાં અભ્યાસ કરવાનાં છો. તેમાં માનવજીવનની ગુણવત્તા, ભૌતિક સુવિધાઓ વગેરે જેવા માપદંડો છે. આ માપદંડોને આધારે ક્યો દેશ આર્થિક વિકાસ કરી રહ્યો છે તે જાણી શકાય છે.

આર્થિક વિકાસ સંબંધે રાષ્ટ્રીય આવકમાં એટલે કે GDP માં થતા વધારાના દરને આધારે તે દેશની આર્થિક વૃધ્ધિ જાણી શકાય છે. વર્તમાન સમયમાં ટેકનોલોજીની પ્રાપ્યતાને કારણે ઈન્ટરનેટ કનેક્ટીવીટીથી વિશ્વબેંક, આંતરરાષ્ટ્રીય નામાં ભંડોળ વગેરેના અભ્યાસોને આધારે વિશ્વના દેશોની આર્થિક વિકાસની સ્થિતિ તુરંત જ જાણી શકાય છે.

જેમ આપણે આગળ જોયું કે કેટલાક દેશો ઊંચો GDP વૃધ્ધિ દર ધરાવે છે પરંતુ તેમાં બાળમૃત્યુનો ઊંચો દર, શિક્ષણનું ઓછું પ્રમાણ વગેરેને લીધે તે આર્થિક વૃધ્ધિ પામેલો દેશ કહેવાય છે પણ તે વિકસિત નથી કહેવાતો દાખલા તરીકે બ્રાઝિલ. બ્રાઝિલ દક્ષિણ અમેરિકાનો મોટું અર્થતંત્ર ધરાવતો દેશ છે પણ ઊંચો વસ્તીવૃધ્ધિ દર માથાદીઠ આવકનું પ્રમાણ નીચું જ રાખે છે. આમ, દેશ આર્થિક વૃધ્ધિ પામેલો હોય પરંતુ વિકાસ પામેલો ન હોય તે અલ્પવિકસિત કહેવાય છે. જે દેશનાં અર્થતંત્રમાં વિકાસની સંભાવનાઓ હોય તે વિકાસ કરી રહ્યો હોય તે દેશ વિકાસશીલ દેશ કહેવાય છે.

વિદ્યાર્થી મિત્રો, આ રીતે આર્થિક વૃધ્ધિ, વિકસિત દેશ, અલ્પવિકસિત દેશ, વિકાસશીલ દેશ જેવા શબ્દો વાંચીને તમને થયું હશે કે કોઈપણ દેશ શા માટે વિકાસની પ્રક્રિયામાં પાછળ રહી જાય છે ? કેમ બધા દેશોનો વિકાસ એકસરખો નથી થતો ? તો આ સ્થિતિ માટે ક્યાં પરિબળો જવાબદાર હોઈ શકે ?

આ પ્રશ્નોનો જવાબ મેળવવા માટે આપણે આ એકમમાં આર્થિક વિકાસને અસર કરતાં પરિબળોનો પરિચય મેળવવાનાં છીએ. તો પછી આર્થિક વૃધ્ધિને અસર કરતાં પરિબળો ? વિદ્યાર્થી મિત્રો આપણે અગાઉ જ એ સમજ કેળવી ચૂક્યાં છીએ કે આર્થિક વૃધ્ધિ એ આર્થિક વિકાસની પ્રક્રિયાનાં પરિણામ સ્વરૂપ છે. દાખલા તરીકે જે રાષ્ટ્રની આવક એટલે કે National Income માં વધારો થાય તે રાષ્ટ્રની માથાંદીઠ આવક પણ વધશે જ તેમ કહી શકાય નહિ. પરંતુ જે દેશ તેની પ્રજાની માથાદીઠ આવક વધારાના પ્રયત્નો કરે અને માથાદીઠ આવક વધે તો તેમાં પરિણામે રાષ્ટ્રીય આવકમાં તો વધારો થવાનો જ છે ! આથી, અહીં આપણે એ પરિબળોનો અભ્યાસ કરીએ કે જેનાથી માનવજીવનની ગુણવત્તામાં સુધારો થાય છે, વિકાસની પ્રક્રિયા સત ચાલે છે અને વિકાસની ભાવિ સંભાવનાઓ જેના ઉપર આધારિત છે.

અહીં તમને બીજો એ પ્રશ્ન પણ થતો હશે કે શા માટે આર્થિક વિકાસ કરવો જોઈએ એટલે

કે જો આર્થિક વૃધ્ધિ જ માત્ર થાય અને વિકાસ ન થાય તો ? આથી આપણે અહીં આર્થિક વિકાસનાં પરિબળો સમજીએ તે પહેલાં આર્થિક વિકાસના હેતુઓ પણ સમજીએ.

## 3.2 આર્થિક વિકાસના ઉદ્દેશો (હેતુઓ)

આર્થિક વિકાસ શા માટે કરવો જોઈએ ? આર્થિક વિકાસના હેતુ જુદાંજુદાં અર્થતંત્રો માટે જુદાજુદા હોય છે. જે ખાસ તે દેશના સંજોગો અને પરિબળોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવતા હોય છે. તો વળી કેટલીક વખત આર્થિક વિકાસ સાધ્ય ઉપરાંત સાધન પણ બને છે. જેમાં આર્થિક વિકાસ કરવાથી અન્ય લક્ષ્યાંકો પણ સિદ્ધ કરી શકાય છે. આર્થિક વિકાસનાં આર્થિક અને બિનઆર્થિક હેતુઓ પણ હોય છે રાજકીય પક્ષ લોકપ્રિય બનવા માટે આર્થિક વિકાસને સાધન તરીકે અપનાવે તો તે બિન આર્થિક હેતુ કહી શકાય. તેમ છતાં કેટલાક હેતુઓ એવા હોય છે, જે બધાં અર્થતંત્રો માટે એકસમાન રીતે મહત્ત્વના હોય છે. અહીં આપણે આર્થિક વિકાસના કેટલાક સર્વસામાન્ય હેતુ (ઉદ્દેશો)નો અભ્યાસ કરીએ.

i) પૂર્વ રોજગારીનું સ્તર પ્રાપ્ત કરવા.

અહીં પૂર્ણ રોજગારી એટલે ઉત્પાદનનાં બધાં જ સાધનો ઉત્પાદન પ્રક્રિયામાં રોકાણ પામે તે સ્થિતિ આ ધ્યેય કે ઉદ્દેશ માત્ર વિકાસશીલ કે અલ્પ વિકસિત અર્થતંત્રમાં જ હોય તે જરૂરી નથી. વિકસિત રાષ્ટ્રોમાં માંગના અભાવે જ્યારે ઉત્પાદન કરવાની ઈચ્છા મૂડીરોકાણકારોને નથી થતી ત્યારે ઉત્પાદનનાં સાધનો વણ વપરાયેલાં, બેરોજગાર રહે છે. આર્થિક વિકાસ થાય તે માટેનાં પગલાં લેવાથી અર્થતંત્ર ગતિમાં આવે છે તથા નવી માંગ ઊભી થતાં ઉત્પાદનનાં સાધનોને રોજગારી મળે છે. આમ, આર્થિક વૃધ્ધિનો દર ટકાવી રાખવા માટે પણ વિકાસ સતત થતો રહે તે જરૂરી છે.

ii) આવક અને તકોની અસમાનતા ઘટાડવા

આવકની અસમાનતાથી ઉત્પાદનનું માળખું વિકાસને અવરોધક બને છે. ઊંચી આવક ધરાવતાં લોકોની તરફેણમાં જ જો વધુ આવક જાય તો મોજશોખ અને વિલાક્ષિતાની વસ્તુઓની માંગ વધે છે. આવી માંગના પ્રતિભાવરૂપે ઉત્પાદકો પણ તેઓનાં સાધનો મોજશોખની વસ્તુઓનાં ઉત્પાદનમાં જરૂરિયાતોની સરખામણીએ ઉત્પાદનનાં સાદનો મર્યાદિત પ્રમાણમાં છે. જો વિલાક્ષિતાની વસ્તુઓનાં ઉત્પાદન માટે આ સાધનો રોકાય તો જીવનજરૂરિયાતની વસ્તુઓ માટે ઓછાં પડે. આમ, આવકની અસમાનતા ઘટાડવાથી નિજન અને મધ્યમ વર્ગનાં લોકો તરફથી પણ માંગ આવતી હોવાથી ઉત્પાદન નફાકારક લાગશે. આમ, આવકની અસમાનતા ઘટાડવાથી નિજન અને મધ્યમ વર્ગનાં લોકો તરફથી પણ માંગ આવતી હોવાથી ઉત્પાદકોને તેવી વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન નફાકારક લાગશે. આમ, આવકની અસમાનતા ઘટાડવી એ પણ આર્થિક વિકાસનો એક મુખ્ય ઉદ્દેશ છે.

iii) લોકોનું જીવનસ્તર ઊંચું લાવવા

જીવનસ્તર એટલે ઉપલબ્ધ વસ્તુઓ અને સેવાઓનાં પ્રમાણ અને ગુણવત્તામાં સુધારો લોકોની ખોરાક, કપડાં અને રહેઠાણની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય તે પછી પોષણયુક્ત ખોરાક, ઋતુ પ્રમાણેનાં કપડાં તથા આરોગ્યપ્રદ આવાસ, પ્રાથમિક અને વ્યાવસાયિક શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ, પરિવહન અને સંપર્કનાં બીજાં સાધનોની પ્રાપ્તિ વગેરેથી

પ્રજાની કાર્યક્ષમતામાં વધારો થાય છે તેનાં પરિણામે આર્થિક વિકાસને જ ગતિ મળે છે. આમ, પ્રજાનું ગુણવત્તાયુક્ત જીવન અને આર્થિક વિકાસ પરસ્પર પ્રોત્સાહક પરિણામ લઈ આવે છે.

iv) ઉત્પાદનમાં વધારો કરવા

આર્થિક વિકાસની પ્રક્રિયામાં ટેકનોલોજીકલ પ્રગતિ અને વૈજ્ઞાનિક અભિગમ પણ અભિન્ન ઘટકો છે. સુધારેલી આધુનિક ટેકનોલોજીથી ઉત્પાદનનું પ્રમાણ વધે છે. વધતું ઉત્પાદન સામાન્ય ભાવસપાટી નીચી લાવે છે. બજારમાં ભાવો ઘટવાથી તથા પુરવઠો સરળતાથી પ્રાપ્ત હોવાથી સામાન્ય લોકો પણ તેઓની જીવનજરૂરિયાત સંતોષીને ગુણવત્તાયુક્ત જીવન જીવી શકે છે આપણે એક ઉદાહરણ લઈએ, હાથશાળથી કાપડ ઉત્પાદન કરીએ તો કાપડનાં ઉત્પાદનમાં ઘણો સમય અને શ્રમ લાગે પરિણામે તે કાપડની કિંમત પણ વધારે થાય ! બીજી બાજુ પાવરલૂમથી કાપડનું ઉત્પાદન મોટા પાયે અને ઝડપથી થાય તેનાં ઉત્પાદનની ગુણવત્તા અને વિવિધતા પણ મળે આમ થવાથી ઓછી કિંમતે કાપડ લોકોને મળી શકે. અગાઉના સમયમાં માત્ર રાજાઓના મહેલમાંજ ગીત સંગીત માણવાનો લાભ મળતો એવું આપણે સિનેમા તથા ટેલિવિઝન સીધ્ધિલોમાંથી જાણી શક્યાં છીએ, પુસ્તકોમાં પણ તેવું વર્ણન છે. સામાન્ય લોકો માટે ગીત સંગીતનો આનંદ મેળવવો દુર્લાભ રહેતો ! પરંતુ જેમ જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થયો તેમ તેમ ટ્રાન્ઝિસ્ટર રેડિયો, ગ્રામોફોન રેકોર્ડ, કોમ્પેક્ટ ડીસ્ક (C.D) પેન ડ્રાઈવ, મોબાઈલ ફોન અને હવે ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી યુટ્યુબ ઉપર આપણે બધાં ઈચ્છા થાય ત્યારે ગીતોનો આનંદ માણી શકીએ છીએ. તેવી જ રીતે પરિવહન સુવિધાઓ અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી માનવ જીવન સરળ બન્યું છે અને માનવજીવનની ગુણવત્તા સુધરી છે.

અગાઉ ખેતીનો વ્યવસાય વરસાદ અને આકાશીકૃપા ઉપર આધારિત હતાં, પરંતુ આધુનિક સમયમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિંચાઈની જુદીજુદી પધ્ધતિઓ જમીનની ગુણવત્તાની ચકાસણી વગેરેને કારણે આપણે ખેત ઉત્પાદનનું પ્રમાણ અને ગુણવત્તા બંને સુધારી શક્યાં છીએ.

v) ઉત્પાદકતામાં વધારો કરવા

પહેલાં જેટલાં જ સાધનોથી વધારે ઉત્પાદન થાય કે ઓછાં સાધનો થી પહેલાં જેટલું જ ઉત્પાદન થાય તો તે સ્થિતિને ઉત્પાદકતામાં વધારો થયો કહેવાય. સમયની બચત, ઊર્જા કે કાચા માલની બચત, મૂડી કે શ્રમની બચતથી ઉત્પાદનમાં વધારો કે સારી ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવી શકાય છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં થતા માળખાંકીય સુધારાથી શ્રમ, યંત્રો વગેરેની ઉત્પાદકતામાં વધારો થાય છે. ઉત્પાદકતામાં વધારાને બીજા શબ્દોમાં ઉત્પાદનક્ષમતામાં થયેલો વધારો પણ કહેવાય છે.

vi) લેણદેણની તુલા સુધારવા

લેણદેણની તુલામાં અસમતુલાથી અર્થતંત્ર ઉપર વિપરીત અસરો થાય છે. નિકાસઆવક ઓછી હોય અને આયાત ખર્ચ વધુ હોય તો લેણદેણની તુલામાં અસમતુલા કહી શકાય.

ટૂંકા ગાળા માટે લેણદેણની તુલામાં અસમતુલા હોય તે અર્થતંત્ર માટે એટલું નુકસાનકારક નથી રહેતું પરંતુ જો આ અસમતુલા લાંબા ગાળા સુધી રહે તો તે અર્થતંત્ર માટે ઘાતક

નીવડે છે. આયાતોનું પ્રમાણ વધારે હોવાથી વિદેશી ચલણની માંગ વધે છે અને દેશનાં ચલણનું મૂલ્ય ઘટે છે. તે રોકાણકારોનો વિશ્વાસ ટકાવવા માટે પણ નુકસાનકારક છે વિદેશી રોકાણકારોને પણ રોકાણ કરવાનું આકર્ષણ રહેતું નથી. આમ મૂડીનો ઉપલબ્ધ જથ્થો ઓછો થાય છે. વસ્તુ કે સેવાની માંગ હોવા છતાં રોકાણ માટે મૂડી ન હોવાથી અર્થતંત્રમાં ઉત્પાદન, રોજગારી અને આવકમાં ઘટાડો થાય છે.

જો કે વિદેશી આયાતો વિકાસને પોષક હોય એટલે કે વિકાસલક્ષી યોજનાઓમાં, ઉત્પાદનોમાં રોકાણ થતું હોય તો લેણદેણની તુલાની ટૂંકા ગાળાની અસમતુલા નુકસાન નથી કરતી આમ, આર્થિક વિકાસ લેણદેણની તુલા સમતોલ બનાવવા માટે પણ મહત્વનો બને છે.

vii) જાહેર દેવાંનો બોજ ઘટાડવા

સરકાર દ્વારા તેના ખર્ચને પહોંચી વળવા અથવા ગરીબોની તરફેણમાં સાધનોની પુનઃફાળવણી કરવા માટે જાહેર દેવું કરી શકે છે. જાહેર દેવું પોતાના દેશની પ્રજા પાસેથી કે વિદેશી સંસ્થા પાસેથી મેળવેલાં નાણાંકીય સાધનો તેમજ આર્થિક સહાય છે પોતાના દેશની પ્રજા પાસેથી મેળવેલું જાહેર દેવું મૂળ તે દેશનાં જ સાધનો હોવાથી દેવું પરત કરતી વખતે દેશનાં સાધનોમાં કુલ ઘટાડો થતો નથી, માત્ર હસ્તાંતરણ થાય છે તેમ કહી શકાય પરંતુ જો આ દેવું વિદેશી સંસ્થાઓ કે સરકાર પાસેથી લીધેલું હોય તો તેને પરત કરવાના સમયે દેશનાં કુલ સાધનોમાં ઘટાડો થાય છે.

આધુનિક સમયમાં જાહેર ક્ષેત્ર અતિ વિસ્તૃત બન્યું હોવાથી જાહેર દેવું ન થાય તે સંભવ નથી પણ જો દેવાં દ્વારા ઊભાં કરેલાં સાધનોનો આર્થિક વિકાસ માટે ઉપયોગ કરવામાં આવે તો દેવાંની પરત ચૂકવણી બોજ બનતી નથી. આમ, આર્થિક વિકાસથી જાહેર દેવાંની પરત ચૂકવણી સરળ બને છે.

## 3.3 આર્થિક વિકાસને અસર કરતા પરિબળો

આર્થિક વિકાસ માત્ર ભૌતિક પરિમાણ માથાદીઠ આવક નહી પરંતુ ગુણાત્મક બાબતો જેવી કે, લોકોના જીવનની ગુણવત્તામાં સુધારણા, ગરીબી, બેરોજગારી અને આર્થિક અસમાનતામાં ઘટાડો, લોકોની સ્વતંત્રતા, પસંદગીઓ અને ક્ષમતામાં વધારો, સામાજિક, આર્થિક અને રાજકિય ક્ષેત્રે સહભાગિતામાં વધારો, માનવગૌરવ માં વદારો, સંસ્થાકિય વ્યવસ્થાની ગુણવત્તામાં, અભિગમમાં સુધારો, જાહેર સંસ્થાની જવાબહિતામાં વધારો, લોકશાહી પ્રક્રિયાના વિસ્તારને આર્થિક વિકાસ તરીકે ઓળખવામાં આવે છે. હજુ પણ આર્થિક વિકાસની વિભાગનામાં વિવિધ પરિમાણો દ્વારા ઓળખવા ના પ્રયાસો ચાલુ છે એટલે કે હજુ આર્થિક વિકાસની વિભાવનામાં સતત સુધારાનો અવકાશ છે.

### 3.3.1 પ્રાકૃતિક સંસાધન :

માનવ સંસ્કૃતિનો વિકાસ કુદરતી સંસાધન દ્વારા જ થયેલ છે જ્યારે કુદરતએ વિવિધ સાધનોને સૌથી મોટો સ્ત્રોત છે. કોઈ પણ સંસાધનનો ઉપયોગ કોઈને કોઈ રીતે કરતો જોવા મળે છે. જયારે લાંબા ગાળા સુધી મનુષ્ય તેના પર આધાર પણ રાખે છે કુદરતી સંસાધનો અર્થ આપણે આ રીતે કરી શકાય.

"સંસાધન એક એવી વસ્તુ છે જે માનવીની જરૂરિયાત અને ઈચ્છાઓની પૂર્ણ કરે"

- જેમ્સ ફિશન

સંસાધન પર્યાવરણની એક એવી વિશેષતા છે જે મનુષ્યની જરૂરિયાત પૂર્તી માટે સક્ષમ માનવામાં આવે છે. જે મનુષ્ય પોતાની ક્ષમતા અનુસાર ઉપયોગ કરી શકે છે.

- જિમ્મરમૈન

"કુદરતી સંસાધન પર્યાવરણનો એક ભાગ છે જેનાથી મનુષ્યની જરૂરિયાત પૂર્તિ માટે સુવિધા મળે અને સામાજિક ઉદેશોની પૂર્તિ થાય"

- સામાજિક વિજ્ઞાનકોષ

ઉપરોક્ત વ્યાખ્યાના આધારે એમ કહી શકાય કે કુદરતી સંસાધન એવી વસ્તુ કે પદાર્થ છે જેના ઉપયોગથી માનવીય સંપતિમાં વધારો થાય.

સંસાધન દ્વારા માનવી પોતાની જરૂરિયાત સંતોષી શકે છે. કુદરતમાં હજારો તત્વો પડેલા છે. પણ તે બધા જ સંસાધન નથી. આ તત્વો ત્યારે જ સંસાધન બને છે કે જયારે માનવી તેના વિશિષ્ટ જ્ઞાન-કૌશલ્ય દ્વારા ઉપયોગમાં લેવાય. આ રીતે કોઈ પણ વસ્તુ ઉપયોગમાં લેવાય તે બધા જ ને સંસાધન તરીકે ઓળખવામાં આવે છે પ્રાચીન સમયમાં જમીનમાં દટાયેલાં ખનીજોની માનવીને જાણકારી ન હતી ત્યારે તે સંસાધન ન હતા પરંતુ આજે તેની ઉપયોગિતા અને કાર્ય કરવાની પધ્ધતિ વિકસવાથી માનવ જીવન માટે તે અત્યંત જરૂરી બન્યાં છે. તેથી કુદરતી સંસાધનમાં ઉપયોગિતા અને કાર્ય કરવાની યોગ્યતા બન્ને ગુણધર્મો હોવા જરૂરી છે કુદરત માનવ અને સંસ્કૃતિ ગણેયની પરસ્પર પ્રક્રિયા દ્વારા જ સંસાધન બને છે.

- સંસાધનોના ઉપયોગો :

  સંસાધન આપણને વિવિધ રીતે ઉપયોગી છે માનવ જીવનાં દરેક તબક્કા તેની કોઈને કોઈ ભૂમિકા આપણને ધ્યાનમાં આવે છે ખેત પ્રવૃતિથી ઉધોગ પ્રવૃતિ સુધીની તમામ પ્રવૃતિમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કુદરતી સંસાધનો ઉપયોગ કરવામાં આવે છે.

- સંસાધન - ખોરાક તરીકે :

  માનવીની ખોરાકની જરૂરિયાત વિવિધ સંસાધનોમાંથી જ પુરી થાય છે કુદરતી રીતે થતા ફળો ખેતી દ્વારા તૈયાર થતા વિવિધ ખાદ્યપાકો પ્રાણીઓ ધ્વારા પ્રાપ્ત થતુ દૂધ અને તેની વિવિધ બનાવટો, જલાશયોમાંથી મળતી માછલીઓ અને અન્ય જળચરો, મધમાખી દ્વારા બનાવેલ મધ જેવી અનેક વસ્તુઓ ખાદ્ય સામગ્રી તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

- સંસાધન - કાચામાલનો સ્રોત :

  જંગલો માંથી પ્રાપ્ત થતી વિવિધ ચીજો, ખેતી દ્વારા ઉપલબ્ધ થતી સામગ્રી, પશુઓની પ્રાપ્ત ઊન, ચામડા અને માંસ, ખનીજ અયસ્ક વગેરે વસ્તુઓ ઉપયોગ ઉધોગના કાચામાલ તરીકે કરવામાં આવે છે.

- સંસાધન - ઊર્જા સ્રોત :

  આપણે કોલસો, પેટ્રોલિયમ, કુદરતી વાયુ વગેરેનો ઈંધણ તરીકે ઉદ્યોગ અને ઘરવપરાશમાં બળતણ તરીકે વાપરીએ છીએ. વળી સૂર્યપ્રકાશ, પવન, સમુદ્રમોજા, ભરતી - ઓટ અન જળધોધ વગેરેથી પણ ઊર્જા પેદા કરવામાં આવે છે.

- કુદરતી સંસાધન અને આર્થિક વિકાસ

  પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ વિવિધક્ષેત્રનો વિકાસ અને અલ્પવિકાસનો આધાર તે ક્ષેત્રના ઉપલબ્ધ કુદરતી સંસાધન પર રહેલો છે. પરંતુ તે સંસાધનો અંગેની જાણકારી ખૂબજ મર્યાદિત હતી. જે ટૅકનોલોજીના વિકાસ ધ્વારા સંસાધનનો ઉપયોગ કરી શકાય તેમ હતો. આ ઉપરાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી ઓએ ઘટતા મળતરનો નિયમ આપવામાં આવ્યા છે. જે એ ધારણા પર આધારિત છે કે કુદરતી સંસાધનમાં ઘટાડો કેવુ ભયંકર રૂપ લઈ શકે છે અને આર્થિક વિકાસને સ્થગિત કરી દે છે. આજકાલ આધુનિક અર્થશાસ્ત્રીઓએ કે જેઓ ટૅકનોલોજી પર વિશ્વાસ ધરાવે છે તેઓ કુદરતી સંસાધન એટલું બધુ મહત્વ આપતા નથી છતાં ઘણા અર્થશાસ્ત્રીઓ જમીન અને અન્ય કુદરતી સંસાધનો અંગે ભવિષ્યમાં થઈ શકે તેઆ ઘટાડાથી ચિંતીત છે. વિલિયમ જે બોમલનોએ વિશ્વાસ છે કે કુદરતી સંસાધન આર્થિક વિકાસનું એક મહત્વનું નિર્ધારક પરિબળ છે બીજી બાજુ આર એફ હેરોડ જેવા અર્થશાસ્ત્રીઓએ પ્રાકૃતિક સંસાધન કોઈ મહત્વ આપવામાં આવેલ નથી હેરોડ પોતાના વિકાસ મોડેલમાં કુદરતી સંસાધન સામેલ પણ કરેલ નથી તેના મત અનુસાર ઘટતા મળતરનો નિયમ કોઈ પણ વિકાસ કરતી અર્થવ્યવસ્થા પર કોઈ મહત્વની ભુમિકા ભજવતો નથી કારણ કે તેને ટૅકનોલોજીનાં વિકાસથી રોકી શકાય છે.

  પરંતુ કુદરતી સંસાધન અને આર્થિક વિકાસ અંગેની આ બન્ને વિચારધારા અર્પૂણ છે. તે બન્ને કોઈ એક પ્રદેશ માટે સાચી હોય શકે પણ સમગ્ર વિશ્વ માટે નહિ એ પણ મહત્વનું છે કે કુદરતી સંસાધનનું મહત્વ વિકાસના તબક્કા સાથે મહત્વ પણ બદલાતુ હોય છે તેથી આર્થિક વિકાસમાં કુદરતી સંસાધન મહત્વ કેટલુ છે તે એ અર્થવ્યવસ્થની વિકાસ - સ્તર પર નિર્ણય કરે છે.

  આર્થિક વિકાસની સાથે સાથે કુદરતી સંસાધન મહત્વ ઘટે છે તેના મુખ્ય બે કારણો હોય શકે. એક, વિકાસના પ્રથમ તબક્કા અર્થતંત્રનો મુખ્ય આધાર કૃષિ પર રહેલો છે. પરંતુ તેની માંગની મૂલ્યસાપેક્ષતા ઓછી હોય છે. તેથી કુલ આવકના સંદર્ભમાં કુલ ખર્ચ કરવામાં આવે તે ઓછો હોય છે. તેથી વિકાસની સાથે કુદરતી સંસાધનું મહત્વ ઘટે છે. બીજુ કારણ એ છે કે જેમ જેમ વિકાસ થાય છે તેમ ટૅકનોલોજીનો વિકાસ થાય છે તેથી ઘણી બધી જગ્યાએ કુદરતી સંસાધનની જગ્યાએ ટૅકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત. સુધારેલ બિયારણ અને વિવિધ રાસાયણિક ખાતરોથી કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે તેની સાથે સાથે પ્રતિ એકમ ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયેલો જોવા મળે છે. આમ છતા કોઈપણ દેશનો આર્થિક

વિકાસ તે દેશના સિમિત કુદરતી સંસાધન પર રહેલો છે. તેથી દેશનો વિકાસ કુદરતી સંસાધન અને તેનો યોગ્ય અને મહત્તમ ઉપયોગ પર નિર્ભર કરે છે.

3.3.2 મૂડી સંચય :

વિકસિત અને અલ્પવિકસિત દેશો વચ્ચેનો મુખ્ય તફાવત મૂડીનો જથ્થો છે. વિકસિત દેશોમાં મજૂરદીઠ મૂડીનો જથ્થો વધારે હોય છે. જ્યારે અલ્પ વિકસિત દેશોમાં મજૂરદીઠ અલ્પ મૂડી વપરાય છે. તેથી તેની ઉત્પાદન શક્તિ ઓછી હોય છે આ મુદાને એક ઉદાહરણ દ્વારા સમજીએ.

મજૂરો જો ટોપલી દ્વારા વસ્તુઓની હેરફેર કરતો હોય તો વસ્તુઓ પરિવહન કરવાની એની શક્તિ ઘણી જ મર્યાદિત હોય છે આ મજૂરને જો બળદગાડાના રૂપમાં મૂડીનું વધારે મોટુ સાધન આપવામાં આવે તો એની પરિવહન શક્તિમાં વધારો થાય છે. આથી પણ આગળ વધીને આ મજૂરને જો મોટો ટ્રક આપવામાં તો પરિવહન શક્તિમાં સવિશેષ વધારો થાય છે આ ઉદાહરણમાં જોઈ શકાય છે કે ટોપલી, બળદગાડું અને ટ્રકએ ત્રણેય મૂડી સાધનો છે. પરંતુ ટોપલી ની સરખામણીમાં બળદગાડું વધારે મોટું અને સુધારેલ મૂડી-સાધન છે. એને પશુ-શક્તિનો ઉપયોગ કરીને ચલાવી શકાય જેનાથી મજૂરની ઉત્પાદન શક્તિમાં વધારો થાય છે હવે બળદગાડાની સરખામણીએ ટ્રક વધારે અસરકારક સાધન છે કારણ કે એમાં માણસને યંગશક્તિનો સંયોગ મળે છે આમ મૂડીનો જથ્થો વધે એનો અર્થ એવો થાય છે કે મૂડીનાં વધુ કાર્યક્ષમ સાધનોનો જથ્થો વધે છે. મૂડીના આ સાધનો યંત્ર શક્તિથી ચાલતાં હોય છે. આમાં વિકસિત દેશોમાં વધુ મૂડી અને તેનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવે છે.

દેશમાં મૂડીનાં સાધનોનો આધાર મૂડીરોકાણ ઉપર છે. મૂડીરોકાણ એટલે ઉત્પાદનનાં સાધનો બનાવવા માટે કરવામાં આવતું ખર્ચ દા.ત. એક હાથશાળ બનાવવા માટે જે ખર્ચ કરવામાં તેને મૂડી રોકાણ કહેવામાં આવે છે. તેવી જ રીતે જમીની ફળદ્રુપતા વધારવા માટે ખાતરો ના રૂપમાં જે ખર્ચ કરવામાં આવે તે મૂડી રોકાણ છે મૂડીરોકાણનો આધાર એ બચતો ઉપર છે. આવકનો જે ભાગ વપરાશ પાછળ ખર્ચાતો નથી તેને બચત તરીકે ઓળખમાં આવે છે. તેથી મૂડી સાધનોમાં વધારો કરવા મૂડીરોકાણ કરવુ જોઈએ. દેશના મૂડીનાં સાધનોના જથ્થામાં મૂડીરોકાણો દ્વારા જે વધારો થાય છે તેને મૂડી સંચય તરીકે ઓળખવામાં આવે છે.

આર્થર લ્યૂઈસ અને બીજા કેટલાક અર્થશાસ્ત્રીઓએ 1950 થી 60 ના દાયકામાં એવો મત રજૂ કર્યો હતો કે આર્થિક વિકાસ માટે મૂડી રોકાણનો દર ઊંચી સપાટીએ લઈ જવો જરૂરી છે. ઈંગ્લેન્ડના અનુભવોના આધારે એવો અભિપ્રાય છે કે જો દેસની રાષ્ટ્રીય આવકનાં 10 ટકાનું મૂડીરોકાણ કરતો થાય અને એ સપાટી ટકાવી રાખી શકે તો આર્થિક વિકાસ સાધી શકે છે પરંતુ વિકસિત દેશોમાં રાષ્ટ્રીય આવકનાં ક પાંચથી સાત ટકા જેટલું જ બચત અને મૂડીરોકાણ થાય છે.

મૂડીરોકાણ દ્વારા આર્થિક વિકાસ પ્રાપ્ત કરી શકાય તેનુ એક ઉદાહરણ એ છે કે બીજા વિશ્વયુધ્ધ દરમિયાન યુરોપના જે દેશો પાયમાલ થયા હતા તેને માર્શલ યોજના નીચે અમેરિકાએ મૂડીની ભરપુર સહાય આપી હતી. તેનાથી એ તારાજીમાંથી ઝડપી બહાર આવી ગયા હતા આ અનુભવ વિકાસિત દેશો માટે પણ ઉપયોગી નીવડશે એમ ધારવામાં આવ્યુ હતું.

બીજુ સમર્થન સૈધ્ધાન્તિક રીતે પુરુ પાડવામાં આવ્યું છે જે હેરોડ-ડોમર મોડલ તરીકે પ્રખ્યાત થયેલ છે. જેમાં મૂડીરોકાણ અને ઉત્પાદનવૃધ્ધિ વચ્ચેના સરળ સંબંધ રજૂ કરવામાં આવેલ છે જો ત્રણ રૂપિયાનું મૂડીરોકાણ કરવાથી એક રૂપિયાના મૂલ્યનું ઉત્પાદન મેળવી શકાય તો રાષ્ટ્રીય આવકના છ ટકાના મૂડીરોકાણ દ્વારા રાષ્ટ્રીય ઉત્પાદનમાં બે ટકાનો વધારો કરી શકાય અને જો રાષ્ટ્રીય ઉત્પાદનમાં 5 ટકાનો વધારો કરવો હોય તો આ ધારણ પ્રમાણે રાષ્ટ્રીય આવકનાં 15 ટકા જેટલુ મૂડી રોકાણ કરવું જોઈએ આમ આ સિધ્ધાંત પરથી એવું કહી શકાય કે મૂડી - રોકાણનો દર વધારવાથી આર્થિક વિકાસનો દરને વધારી શકાય.

3.3.3 માનવ મૂડી અને કૌશલ્ય વિકાસ :

માનવ મૂડીનો સામાન્ય અર્થ લોકોના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરવો. માનવ મૂડીમાં ત્યારે જ નિર્માણ થાય છે જ્યારે શિક્ષણ આરોગ્ય ટ્રેનિંગ વગેરે સુવિધાઓ વિકસાવવામાં આવે અને તેની પાછળ મૂડી રોકાણ કરવામાં આવે આવા મૂડી રોકાણને ભૌતિક મૂડી રોકાણ કરતા પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે માનવ મૂડી-રોકાણમાં મુખ્યત્વ આ બાબતોમાં સમાવેશ થાય છે.

A) શિક્ષણનો વિકાસ :

સામાન્ય રીતે એવુ કહી શકાય કે માત્ર શિક્ષણ કે સાક્ષરતા દરમાં વધારો થવાથી આર્થિક વિકાસમાં કોઈ ફેર પડતો નથી. પરંતુ શિક્ષણની ગુણવતામાં ફેરફાર થવાથી આર્થિક વિકાસમાં વધારો થાય છે શિક્ષણના કારણે માનવ મૂડીમાં વધારો થાય છે જે બજારલક્ષી અર્થતંત્રમાં ઉત્પાદન વધારે છે આથી રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. સાથે સાથે ભૌતિક મૂડીને પણ સકારાત્મક અસર થતી જોવા મળે છે. આમ શિક્ષણએ વ્યક્તિગત સ્વતંત્રતામાં વધારો રોજગારીની તકોમાં વધારો, પ્રાપ્ય સંસાધનો યોગ્ય ઉપયોગ બાળ મજૂરીમાં ઘટાડો વગેરેના લીધે સમગ્ર સમાજને લાભ થાય છે. જે આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

- આરોગ્યમાં મૂડીરોકાણ :

શિક્ષણ અને આરોગ્યને મૂડીરોકાણ સ્વરૂપે જોવામાં આવે છે. એટલે કે જો આ ક્ષેત્રમાં મૂડી રોકાણ કરવામાં આવે તો આર્થિક વિકાસમાં વધારો થાય છે કારણ કે આરોગ્યએ શ્રમની ઉત્પાદકતા સાથે સંકળાયેલું છે. જો આરોગ્યમાં વધુ મૂડી રોકાણ કરવામાં આવે તો લોકોનું આરોગ્ય સુધરે છે અને પરિણામે શ્રમની ઉત્પાદકતા વધે છે. જે આર્થિક વિકાસમાં વધારો કરે છે.

આમ શુલ્ઝના વિચાર અનુસાર માનવ મૂડી-રોકાણએ આર્થિક પ્રાણાલી મહત્વનું અંગ ગણવામાં આવેલ છે. તેના વિના ગરીબી-નિવારણ શક્ય નથી.

3.3.4 વસ્તીનું વયજૂથ પ્રમાણ :

આર્થિક વિકાસને અસર કરતું મહત્વનું પરિબળએ વસ્તીનું વયજૂથ પ્રમાણ છે વયજૂથ પ્રમાણને આપણે બે રીતે જોઈએ છીએ. એક ઉત્પાદક જૂથ્ ને બીજી બિન-ઉત્પાદક જૂથ જેને આપણે આશ્રિત તરીકે પણ ઓળખવામાં આવે છે. જો દેશમાં વસ્તીમાં ઉત્પાદક જૂથમાં વધારો થતા શ્રમ પુરવઠામાં વધારો થાય છે જે કુલ ઉત્પાદને વધારે છે જેમા વિકાસને વેગ મળે છે. આ બાબતને આપણે વસ્તીલક્ષી લાભાંશ તરીકે પણ ઓળખવામાં આવે છે. વસ્તી લાંભાંશ ત્યારે ઉદ્દભવે છે કે જ્યારે 14 વર્ષથી ઓછી અને 65 થી વધુ વયનાં આધાર રાખનારી વસ્તી કરતાં 15-64ના વયજૂથમાં લોકોની વસ્તી વધારે હોય. આમ કામ કારનાર લોકોની સંખ્યા તેમના પર આધાર રાખનાર લોકો કરતાં વધારે હોય તો આર્થિક ઉત્પાદકતામાં વધારો થાય છે.

ભારતમાં જુદા જુદા વયજૂથમાં વસ્તીનું પ્રમાણ - કેટલું છે તે કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

| વર્ષ | વયજૂથ (વસ્તીનાં ટકાવારી પ્રમાણ) | | |
|---|---|---|---|
| | 0-14 | 15-59 | 60 થી વધુ |
| 1951 | 38.4 | 56.0 | 5.5 |
| 1961 | 41.0 | 53.3 | 5.6 |
| 1971 | 42.0 | 52.0 | 6.0 |
| 1981 | 39.5 | 54.0 | 6.5 |
| 1991 | 37.5 | 55.7 | 6.8 |
| 2001 | 35.4 | 57.0 | 7.5 |
| 2011 | 29.7 | 64.9 | 5.5 |

**નોંધ :** 2011નાં આંકડા 0-14, 15-64 અને 65 થી વધુ નાં વર્ગીકરણ અનુસાર

સ્રોત : ભારતની વિવિધ વસ્તી ગણતરી

- 0-14 વયજૂથનું કુલ વસ્તીનાં ટકાવારી પ્રમાણમાં સૌથી વધારે 42 ટકા જેટલુ 1971માં હતું. ત્યાર બાદ તેમાં સતત ઘટાડો જોવા મળે છે.
- 15-59ના વયજૂથને ધ્યાનમાં લઈએ તો 1971 સુધી સતત ઘટતુ જોવા મળે છે. ત્યાર બાદ વધતુ જોવા મળે છે.
- 60 થી વધુ વયજૂથમાં વસ્તીનું ટકાવારી પ્રમાણ માં શરૂઆતથી વધારો થતો જોવા મળે છે

- ભારતમાં બાળકોની સંખ્યામાં વધારો થયો છે પરંતુ ટકાવારી પ્રમાણ ઘટ્યું છે 1951માં 14 વર્ષથી ઓછી વયનાં બાળકોનું સંસ્યાં 14 કરોડ હતી જે 2011માં 36 કરોડ થઈ.

આમ ઉત્પાદક શ્રમ પુરવઠામાં વધારો થવાથી ઉત્પાદન અને આવકમાં વધારો થાય છે. પરંતુ માત્ર વયજૂથમાં ટકાવારી પ્રમાણમાં ફેરફાર થવાથી જ વિકાસ થતો નથી પણ તેની સાથે સાથે નીચેની સ્થિતિ પણ ઊભી થવી જોઈએ.

1) શ્રમનાં પુરવઠામાં વધારો :

ઉત્પાદકીય વયજૂથમાં વસ્તીનું પ્રમાણ વધતાં શ્રમ-પુરવઠામાં વધારો થાય છે પરંતુ તેની સાથે સાથે રોજગારીની તકોમાં પણ વધારો થવો જોઈએ. ત્યારે જ આપણે ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરી શકીએ.

2) લોકોની બચતમાં વધારો :

જેઓ રોજગારી મેળવે છે તેમના ઉપરનાં આશ્રિતોની સંખ્યામાં ઘટાડો થાય તો રોજગારી મેળવનાર લોકોની બચતમાં વધારો થાય છે. અને તેનું પુનઃ મૂડી રોકાણ થવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.

3) માનવ મૂડી :

પ્રજોત્પતિ દરમાં ઘટાડો થાય તો મહિલામાં આરોગ્ય સુધરે અને તેની આર્થિક ઉત્પાદકતામાં વધારો થાય એમ થવાથી માતા પિતા બાળકદીઠ ખર્ચ પણ વધુ કરી શકે છે.

4) માંગમાં વધારો :

વસ્તુ અને સેવા ઉત્પન કરનારી વસ્તીમાં વધારો થવાથી ઉત્પાદનમાં પણ વધારો થાય છે. સાથે સાથે ઘરેલું માંગમાં પણ વધારો થાય છે.

વયજૂથ સાથે સાથે આર્થિક વિકાસને અસર કરતું મહત્વનું બીજુ એક પરિબળ શ્રમ ભાગીદારીનો દર છે. સામાન્ય વસ્તીના ત્રણ ભાગ પડે છે; રોજગારી ધરાવતી વ્યક્તિ, બેરોજગાર વ્યક્તિ અને શ્રમદળમાં ન હોય તેવી વ્યક્તિ એટલે કે શ્રમદળમાં એવી વ્યક્તિનો સમાવેશ થાય છે કે જેની ઉપર 15-64 વયજૂથમાં સમાવેશ થતો હતો.

શ્રમનો ભાગીદારીનો દરએ કુલ વસ્તીમાં શ્રમદળમાં ટકાવારી પ્રમાણ દર્શાવે છે. જેમ શ્રમની ભાગીદારી વધારે તેમ કુલ વસ્તીમાં શ્રમ દળનું પ્રમાણ વધારે સ્ત્રીઓમાં શ્રમનો ભાગીદારીનો દર પુરુષોની સાપેક્ષમાં ઘણો ઓછો જોવા મળે છે એમાં પણ શહેરી ક્ષેત્રમાં આ પ્રમાણ વિશેષ જોવા મળે છે આમ આ સંપુર્ણશ્રમ દળનો ઉપયોગ ઉત્પાદકીય હેતુ માટે કરવામાં આવે તો ઉત્પાદનમાં વધારો થાય છે જે દેશના આર્થિક વિકાસને ગતિ પ્રદાન કરે છે.

3.3.5 આર્થિક વિકાસ અને ટેકનોલોજી

આર્થિક વિકાસને અસર કરતું મહત્વનું પરિબળ ટેકનોલોજી છે. માત્ર કુદરતી સાધન-સંપતિ પ્રાપ્ત થવાથી આર્થિક વિકાસ શક્ય બનતો નથી. પરંતુ તેની માટે કુદરતી સાધન - સંપતિનો ઉપયોગ કરી શકે તેવી ટેકનોલોજીની આવશ્યકતા છે.

આર્થિક વિકાસમાં ટેકનોલોજીની ભૂમિકા :

- કુદરતી સાધન - સંપતિનો ઉપયોગ શક્ય છે.

  ટેકનોલોજીના વિકાસ દ્વારા કુદરતી સાધન - સંપતિનો ઉપયોગ કરી રોજગારી ઉત્પાદન અને આવકમાં વધારો કરી આર્થિક વિકાસ કરી શકાય છે.

- ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતાં વધે છે.

  ટેકનોલોજીના ઉપયોગથી ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતામાં વધારો થાય છે. જેનાથી સ્થિર સાધનોએ ઉત્પાદનમાં વધારો થાય છે. જેમ કે ભારતમાં આઝાદી સમયે કેટલીક કૃષિ પેદાશો આયાત કરવી પડતી પરંતુ હરિયાળી ક્રાંતિના પરિણામે આજે ઘણી બધી વસ્તુની નિકાસ કરવામાં આવે છે માલ્યસના સિધ્ધાંતમાં કરેલ ભૂખમરાની આગાહી પણ ખોટી પડી છે આ સાધનોની ઉત્પાદકતા વધારી વિકાસને ઝડપી બનાવી શકાય છે.

- વસ્તુ અને સેવાની ગુણવત્તામાં વધારો :

  ટેકનોલોજી ધ્વારા વસ્તુ અને સેવાની ગુણવતામાં વધારો થાય છે તેમ જ ચોક ડસ્ટરથી અપાતા શિક્ષણ કરતાં પ્રોજેક્ટર ધ્વારા અપાતુ શિક્ષણ વધારે અસરકારક હોય છે.

- ઉત્પાદન ખર્ચમાં ઘટાડો

  ટેકનોલોજીના ઉપયોગથી ઓછા સમયમાં ઝડપથી અને વધારે ઉત્પાદન શક્ય બનતાં અને શ્રમ ખર્ચમાં ઘટતાં તથા અન્ય કરકસરનાં લાભો પ્રાપ્ત થતા ઉત્પાદન ખર્ચ ઘટે છે. જેનાથી ગ્રાહકોને નીચી કિંમતે વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત થાય છે જેનાથી જીવન - ધોરણમાં સુધારો થાય છે.

  આમ ટેકનોલોજી આ ઉપરાંત કૃષિ વિકાસ, આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર શિક્ષણ, આરોગ્ય જેવી અનેક બાબતોને પ્રભાવિત કરે છે. આમ આપણી પાસે રહેલાં માનવ સાધનોનો ઉપયોગ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ કરી રાષ્ટ્રનાના આર્થિક વિકાસને ઝડપી બનાવી શકાય છે.

## 3.4 સાંરાશ

આપણે આ એકમમાં આર્થિક વિકાસને પ્રભાવિત કરતાં કેટલાંક મુખ્ય પરિબળોનો અભ્યાસ કર્યો કે જેનાથી આર્થિક વિકાસને ગતિ મળે છે. પરંતુ આ બધા જ પરિબળોમાં સૌથી વધારે વિકાસને કયું પરિબળ પ્રભાવિત કરશે તે કહેવું મુશ્કેલ છે કારણ કે ઘણા બધા દેશોમાં

કુદરતી સંસાધન મર્યાદિત હોય તો પણ તે વિકસિત છે. દા.ત. જાપાન અને સિંગાપોર. જ્યારે ઘણા બધા દેશમાં કુદરતી સંસાધન વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતા તે અલ્પ વિકસિત છે તેથી વિકાસ માત્ર સંસાધનની ઉપલબ્ધા પર નહીં પરંતુ તેના મહત્તમ અને ઈષ્ટ ઉપયોગ પર આધાર રાખે છે. એ ત્યાર જ સંભવિત છે કે વિકાસના બીજા અન્ય પરિબળોનું સહઅસ્તિવ ધરાવતાં હોય તેથી આર્થિક વિકાસ માત્ર કોઈ એક પરિબળથી નહી પરંતુ ઘણાં બધાં જ પરિબળોથી પ્રભાવિત થતો જોવા મળે છે.

## 3.5 ચાવીરૂપ શબ્દો

(1) Rain Water Harvesting (રેઈન વોટર હાર્વેસ્ટીંગ):

વરસાદનાં પાણીનો સંગ્રહ કરવાની ક્રિયાને રેઈન વોટર હાર્વેસ્ટીંગ કહેવાયમાં આવે છે. મકાનોની છત, છાપરાં, ખૂલ્લાં મેદાનો, રસ્તાઓ ઉપરથી વહી જતાં પાણીને એકઠું કરીને તેનો ભૂમિગત સંગ્રહ કરી શકાય છે. કૂવા અને તળાવો પણ આ રીતે રિચાર્જ કરી શકાય છે.

(2) સાધનોની પુનઃ ફાળવણી :

ઉત્પાદનનાં સાધનો જેવાં કે જમીન, મૂડી, નાણાં વગેરે બધાં લોકો પાસે એક સરખા પ્રમાણમાં નથી હોતાં કોઈ પાસે ઘણી જમીન હોય છે તો કેટલાક ખેતી કરતા મજૂરો પાસે જમીન નથી હોતી તેવી જ રીતે મૂડી નાણાં જેવાં સાધનો ની માલિકી બાબતે આર્થિક અસમાનતા પ્રવર્તતી હોય છે. સાધનોના અભાવે આર્થિક વિકાસ કરી શકાતો નથી. સાધન નથી તેવાં લોકોને સાધન આપવા માટે સરકાર કરવેરા જાહેર ખર્ચ જેવાં સાધનો અપનાવે છે. જેમાં, જેની આવક વધારે હોય તેવાં લોકો પાસેથી કરવેરા ઉઘરાવીને તે લોકોની તરફેણમાં ખર્ચ કરવામાં આવે છે કે જેઓને સિક્ષણ સ્વાસ્થ્ય, પરિવહન જેવી સુવિધાઓ ઉપલબ્ધ નથી કોઈવાર ઓછાં વ્યાજે લોન પણ આપવામાં આવે છે. આમ, જેની પાસે વધુ સાધનો હોય તેની પાસેથી લઈને ઓછાં સાધનોવાળાં લોકોને ફાળવવામાં આવે છે.તેને સાધનોની પુનઃ ફાળવણી કહેવાય છે.

(3) કુદરતી સંસાધન

જમીન પરની સપાટી, જંગલો, ખનીજ પદાર્થ, દરિયામાંથી સાંપડતી ઉપયોગી ચીજો વગેરે.

(4) માનવ મૂડી : માનવીની પાછળ કરવામાં આવતા કેટલાક ખર્ચથી માનવીની ઉત્પાદન શક્તિમાં વધારો થાય તે આ પ્રકારનું ખર્ચ ભાવિ લાભોની અપેક્ષાથી કરવામાં આવતું મૂડીરોકાણ.

(5) મૂડી સંચય : મૂડી રોકાણ દ્વારા અર્થતંત્રમાં રહેલા મૂડીના જથ્થામાં વધારો કરવાની પ્રક્રિયા.

(6) ટેકનિકલ પ્રગતિ : શ્રમ અને મૂડીના નિક્ષેપો જથ્થાની રીતે યથાવત રહેવા છતા કુલ ઉત્પાદનમાં વધારો થાય તેને ટેકનિકલ પ્રગતિ કહે છે.

(7) વયજૂથ : કોઈ પણ દેશના લોકોનું અલગ અલગ ઉંમર પ્રમાણે કરેલ વર્ગીકરણ

(8) શ્રમનો પુરવઠો : વેતનના ચાલુ દરે જેઓ કામ કરવા તૈયાર હોય તેવી વ્યક્તિઓની સંખ્યા તેમાં બેકારોનો સમાવેશ થઈ જાય છે.

(9) શ્રમના પુરવઠામાં સામેલગીરીનો દર :

દેશની કુલ જન સંખ્યામાં શ્રમના પુરવઠામાં હોય તેવી વ્યક્તિઓનું પ્રમાણ.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોનો સવિસ્તાર જવાબ આપો.

1. આર્થિક વિકાસને અસર કરતાં વિવિધ પરિબળો જણાવો.
2. આર્થિક વિકાસ માટે મૂડીસંચયનું મહત્વ સમજાવો.
3. આર્થિક વિકાસમાં કુદરતી સંસાધ મહત્વ જણાવો.

(ખ) નીચેની ટૂંકનોંધ લખો.

1. કુદરતી સંસાધન
2. ટેકનીકલ પ્રગતિ
3. મૂડી-સંચય પ્રક્રિયા
4. માનવ-મૂડી રોકાણ
5. વયજૂથ પ્રમાણ

(ગ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા જણાવો

1. કોઈ પણ વસ્તુ ત્યાર જ સંસાધન બને છે કે તેના વપરાશથી તુષ્ટિગુણ મળે.
2. દેશની કુલ વસ્તીએ જે તે દેશનો કુલ શ્રમપુરવઠો છે.
3. ઉત્પાદન સાધનો સ્થિર રાખીને પણ ટેકનિકલ પ્રગતિથી ઉત્પાદન વધારી શકાય છે.
4. ભારતમાં 15-59 વર્ષના વયજૂથમાં સતત ઘટાડો થતો જોવા મળે છે.
5. શ્રમદળમાં 15 વર્ષ ઓછી અને 65 વર્ષ વધારે ઉંમર ધરાવતી વ્યક્તિનો સંચાવેશ કરવામાં આવતો નથી.
6. કુલશ્રમદળમાં કામ કરતી વ્યક્તિ અને બે રોજગાર વ્યક્તિ બન્નો સમાવેશ કરવામાં આવે છે.
7. આર્થિક વિકાસએ કુદરતી સંસાધની ઉપલબ્ધતા સાથે નહિ પણ ઈષ્ટ ઉપયોગ સાથે સંબંધ ધરાવે છે.
8. ભારતમાં મહિલા શ્રમ ભાગીદારીનો દર શહેરીક્ષેત્ર કરતાં ગ્રામીણક્ષેત્રમાં વધુ જોવા મળે છે.

◆ સંદર્ભ વાચન

(1) 1996 ‘‘ભારતના આર્થિક વિકાસની સમસ્યાઓ,’’ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ગુજરાત.

(2) રાધાક્રિષ્ના આર. (2008), ‘‘ઈન્ડિયા ડેવલોપમેન્ટ ટિપોર્ટ,’’ ઓકસફર્ડ યુનિવર્સિટી પ્રેસ.

(3) મિશ્રા એસ. કે., પુરી વી. કે., (2006), ''ઈકોનોમિક્સ ઓફ ડેવલોપમેન્ટ એન્ડ પ્લાનીંગ, થિયરી એન્ડ પ્રેક્ટીસ,'' હિમાલયા પબ્લિશીંગ હાઉસ, ભારત.

(4) શ્રીવાસ્તવા, ડૉ. સોમેશ, (1985), ''ઈકોનોમિક ડેવલોપમેન્ટ એન્ડ ધ થર્ડ વર્ડ કન્ટ્રીઝ,'' દીપ એન્ડ દીપ પબ્લિકેશન્સ ન્યુ દિલ્હી.


◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. ખરુ 2. ખોટુ 3. ખરુ 4. ખોટુ 5. ખરુ 6. ખરુ 7. ખરુ 8. ખરુ

⊙ ⊙ ⊙

એકમ 4

# આર્થિક વિકાસના માપદંડો

-: રૂપરેખા :-

4.0 ઉદ્દેશ

4.1 પ્રસ્તાવના

4.2 જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI)

4.3 માનવ વિકાસ આંક (HDI)

4.3.1 માનવ વિકાસની વ્યાખ્યાઓ

4.3.2 માનવ વિકાસ આંક તૈયાર કરવાની પદ્ધતિ

4.3.3 વિશ્વના દેશોની માનવ વિકાસ આંકની સ્થિતિ

4.3.4 માનવ વિકાસ આંકનું મહત્ત્વ

4.3.5 માનવ વિકાસ આંકની મર્યાદાઓ

4.4 ગ્રીન ઇન્ડેક્ષ

4.4.1 ગ્રીન ઇન્ડેક્ષ

4.4.2 ગ્રીન ગ્રોથ ઇન્ડેક્ષ

4.5 સારાંશ

4.6 ચાવીરૂપ શબ્દો

4.7 તમારી પ્રગતિ ચકાસો

◆ ઉપયોગી સંદર્ભ વાચન

## 4.0 ઉદ્દેશ

– સામાજિક પરીબળોનું આર્થિક વિકાસમાં ફાળો શું છે તે જાણવું.

– આર્થિક વિકાસને માપવા માટેનો માપદંડ PQLIની સમજૂતી મેળવવી.

– માનવ વિકાસ એટલે શું માનવ વિકાસને માપવાનો માપદંડ માનવ વિકાસ આંક વિશે સમજૂતી મેળવવી.

– આર્થિક વિકાસમાં પર્યાવરણીય બાબતોનો ફાળો શું છે તે જાણવા માટે ગ્રીન ઇન્ડેક્ષની સમજૂતી મેળવવી.

## 4.1 પ્રસ્તાવના

દરેક દેશ કે પ્રદેશના આર્થિક વિકાસને અસર કરતા પરીબળો અલગ અલગ હોય છે. તેથી દરેક દેશ કે પ્રદેશના આર્થિક વિકાસ માટેની અનુકૂળતાઓ પણ અલગ અલગ જોવા મળે

છે. તેથી કોઈપણ દેશ કે પ્રદેશના આર્થિક વિકાસની કક્ષાને જાણવા માટે જુદા જુદા આર્થિક વિકાસના નિર્દેશકો કે માપદંડનો વિચાર કે અભ્યાસ કરવામાં આવે છે.

આર્થિક વિકાસને માપવા માટેના જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા સમયાંતરે જુદા જુદા માપદંડો રજુ કર્યા છે. જેમ કે રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, જીવનની ભૌતિક ગુણવતાનો આંક, માનવ વિકાસ આંક, ગ્રીન ઈન્ડેક્ષ, ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ જીવન નિર્વાહ સૂચક આંક, માનવ ગરીબી સૂચક આંક, ગ્રીન ઈન્ડેક્ષ, ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ વગેરે જુદા જુદા માપદંડ દ્વારા આપણે કોઈપણ રાષ્ટ્રની આર્થિક વિકાસની પ્રક્રિયાને જાણી શકીએ છીએ.

એકંદર ઘરગથ્થું ઉત્પાદન અને માથાદીઠ આવકના માપદંડ દ્વારા આપણને જે તે દેશની આર્થિક વૃદ્ધિનો ખ્યાલ આવે છે. આર્થિક વિકાસ માટે આર્થિક વૃદ્ધિ જરૂરી છે. પણ આ બંને માપદંડો આર્થિક વિકાસને માપવા માટે પૂરતા નથી તેના દ્વારા માત્ર વૃદ્ધિનો ખ્યાલ મળે છે.

આર્થિક વિકાસને માપવા માટે અર્થશાસ્ત્રીઓ દ્વારા રજુ થયેલા વિવિધ માપદંડો પૈકી અહીં આપણે PQLI, HDI, તથા Green Index વગેરે માપદંડની ચર્ચા કરીશું.

## 4.2 જીવનની ભૌતિક ગુણવતાનો આંક {Physical Quality of life Index (PQLI)}

આ ખ્યાલ અમેરિકાની "ઓવરસીઝ ડેવલોપમેન્ટ કાઉન્સિલ" ના ઉપક્રમે વર્ષ 1979માં વોશિંગ્ટન યુનિવર્સીટીના પ્રો. મોરીસ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. આર્થિક વિકાસના એક માપદંડ કે નિર્દેશક તરીકે આધુનિક અર્થશાસ્ત્રીઓ જીવનની ભૌતિક ગુણવતાને મહત્ત્વ આપે છે. તેમાં ત્રણ બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે, (1) અપેક્ષિત આયુષ્ય (2) બાળમૃત્યુ તથા (3) શિક્ષણ.

બાળમૃત્યુના પ્રમાણ માટે મહત્તમ મૂલ્ય દર હજારે 229 છે જયારે લઘુત્તમ મૂલ્ય દર હજારે 9 છે. અપેક્ષિત આયુષ્ય માટે મહત્તમ મૂલ્ય 77 વર્ષ છે. તથા લઘુત્તમ મૂલ્ય 28 વર્ષ છે.

શિક્ષણ માટે જેટલા ટકા જનસંખ્યા શિક્ષિત હોય તે પ્રમાણે મૂલ્ય આપવામાં આવે છે. જો જન સંખ્યા 100 ટકા શિક્ષિત હોય તો મૂલ્ય 100 આપવામાં આવે છે અને જો 1 ટકા જન સંખ્યા શિક્ષિત હોય તો 1 મૂલ્ય આપવામાં આવે છે. એટલે કે શિક્ષણ અને મૂલ્ય વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે. આ ત્રણે પરીબળોને એકસરખું મહત્ત્વ આપીને તેમના મૂલ્યની સરેરાશ કાઢવામાં આવે છે. આ સરેરાશ મૂલ્યને જીવનની ભૌતિક ગુણવતાનો આંક કહે છે.

આમાં જે તે રાષ્ટ્રમાં આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને આંક તૈયાર કરવામાં આવે છે. તેમાં અપેક્ષિત આયુષ્ય, બાળમૃત્યુ તથા શિક્ષણ એ ત્રણ પરીબળનો સરેરાશ આંક 100 કે તેની નજીક આવે તે સારા જીવનની ગુણવતાનો નિર્દેશ કરે છે. જે રાષ્ટ્રનો આ ભૌતિક જીવનની ગુણવતાનો આંક વધતો જતો હોય તે રાષ્ટ્ર આર્થિક વિકાસને સિદ્ધ કરવામાં સફળ થયો છે, તેમ કહી શકાય.

આમ અપેક્ષિત આયુષ્યમાં વધારો બાળમૃત્યુદરમાં ઘટાડો, તથા શિક્ષણમાં વધારો એ લોકોની સુખાકારીનો નિર્દેશ કરે છે. લોકોને આરોગ્ય વિષયક સુવિધાઓ, અન્ન, વસ્ત્રો, રહેઠાણ, પીવાનું શુદ્ધ પાણી વગેરે પ્રાપ્ત થાય તો સરેરાશ આયુષ્ય વધે છે, અને બળમરણનું પ્રમાણ ઘટે છે. તથા શિક્ષણના પ્રમાણમાં વધારો થવાથી જીવન જીવવાની તકોમાં વધારો થાય છે.

આમ, આ ત્રણે પરિબળો જીવનની ભૌતિક ગુણવતાના સુધારાનો નિર્દેશ કરે છે. અને જીવનની ભૌતિક ગુણવતામાં વધારો થવો એ આર્થિક વિકાસનો નિર્દેશ કરે છે. આથી આર્થિક વિકાસના એક માપદંડ તરીકે જીવનની ભૌતિક ગુણવતાના આંકનો વિચાર કરવામાં આવે છે.

આર્થિક વિકાસના માપદંડ તરીકે આ ખ્યાલ પણ પુરતો નથી પ્રો. ટોડેરોના માટે આર્થિક વિકાસ એક બહુમુખી પ્રક્રિયા ત્યારે આ માપદંડમાં તો આર્થિક વિકાસને માપવા માટે માત્ર ત્રણ બાબતોને જ લક્ષમાં લેવામાં આવી છે માટે તેનાથી આર્થિક વિકાસની સાચી કક્ષા જાણી શકાતી નથી. હા, રાષ્ટીય આવક અને માથાદીઠ આવકમાં માપદંડ કરતા આ માપદંડ ચઢિયાતો છે પણ પૂર્ણ નથી. આમાપદંડની અનેક મર્યાદાઓ છે. જેને નીચે પ્રમાણે દર્શાવી શકાય,

(1) આ માપદંડમાં ત્રણે નિદર્શકો સામાજિક છે અને આ ત્રણે નિર્દેશકો પણ જીવનની ભૌતિક ગુણવતાની સંપૂર્ણ માહિતી આપી શકતું નથી.

(2) આ ત્રણેય પરિબળને એક સરખું મહત્ત્વ આપી શકાય નહી.

(3) જીવનની ભૌતિક ગુણવતા સુધારામાં આર્થિક પરીબળ પણ મહત્ત્વ ધરાવે છે આ આંક ત્રણેય પરીબળ સામાજિક છે અહી આર્થિક પરીબળની ઉપેક્ષા જોવા મળે છે.

કોષ્ટક-1 ભૌતિક જીવન ગુણવત્તા આંક (વર્ષ-20221)

| ક્રમ | દેશ | આંક |
|---|---|---|
| 1 | ફિનલેન્ડ | 99.06 |
| 2 | ડેન્માર્ક | 98.13 |
| 3 | નોર્વે | 96.75 |
| 10 | જાપાન | 91.23 |
| 11 | યુ.કે | 90.68 |
| 14 | યુ.એસ | 89.11 |
| 35 | ભારત | 82.95 |
| 37 | ચીન | 82.8 |
| 50 | ભૂટાન | 80.78 |
| 70 | બાંગ્લાદેશ | 77.22 |
| 79 | નેપાળ | 75.66 |
| 92 | શ્રીલંકા | 73.16 |
| 129 | પાકિસ્તાન | 57.18 |
| 165 | સીરિયા | 31.55 |

*Source :* CEOWORLD MAGAZINE 2021

ઉપરોક્ત કોષ્ટક 4.3.2માં વિશ્વના દેશોનો ભૌતિક જીવનની ગુણવત્તાના આંકની વર્ષ 2021 ની સ્થિતિ. દર્શાવાવામાં આવી છે.જેમાં ફિનલેન્ડ ભૌતિક જીવનની ગુણવત્તાના આંકમાં પ્રથમ ક્રમ ધરાવે છે. જેનું PQLI મૂલ્ય 99.06 છે. જ્યારે દ્વિતીય ક્રમ ડેન્માર્કનું છે જેનું PQLI મૂલ્ય 98.13 છે. 82.8 PQLI મૂલ્ય સાથે ચીન 37 મો ક્રમ ધરાવે છે. પાકિસ્તાનનું PQLI મૂલ્ય 57.18 છે અને જે 129 મો ક્રમ ધરાવે છે. કુલ 165 દેશો પૈકી સૌથી છેલ્લો ક્રમ 165 મો ક્રમ સીરિયાનો છે, જેનું PQLI મૂલ્ય 31.55 છે. આ સંદર્ભે ભારતની વાત કરવામાં આવે તો

ભારતનું PQLI મૂલ્ય 82.95 છે અને 35 મો ધરાવે છે. ચીન, નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાન વગેરે દેશો કરતા ભારતની સ્થિતિ સારી જોવા મળે છે.

## 4.3 માનવ વિકાસ આંક [Human Development Index (HDI)]

આર્થિક વિકાસના આધુનિક નિર્દેશક કે માપદંડ તરીકે માનવ વિકાસ આંકનો સમાવેશ થાય છે. વર્ષ 1990 થી સંયુક્ત રાષ્ટ્ર સંઘના ઉપક્રમે યુ.એન. ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા માનવ વિકાસના સંદર્ભમાં માહિતી તૈયાર કરીને પ્રગટ કરવામાં આવે છે. માનવ વિકાસ રીપોર્ટ દર વર્ષે પ્રકાશિત કરવામાં આવે છે. વર્ષ 1996 થી યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ દ્વારા આર્થિક વિકાસના નિર્દેશક કે માપદંડ તરીકે માનવ વિકાસ આંક (Human Development Index) H.D.I તૈયાર કરે છે.

તેમાં (1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય (2) શૈક્ષણિક સિદ્ધિ તથા (3) જીવનધોરણ એમ ત્રણ પરીબળોને ધ્યાનમાં લઈને આંક તૈયાર કરવામાં આવે છે. જેમાં પ્રથમ બે માપદંડ સામાજિક છે, જયારે ત્રીજો માપદંડ આર્થિક છે.

આ આંક તૈયાર કરવા માટે આ ત્રણે પરિબળના દરેકના લઘુત્તમ તરફથી મહત્તમ તરફની પ્રગતિને નોંધવામાં આવે છે. આ ત્રણે પરિબળોના સરેરાશ મૂલ્યને પ્રાપ્ત કરીને માનવ વિકાસ આંક તૈયાર કરવામાં આવે છે. આમ વિશ્વના રાષ્ટ્રોના માનવ વિકાસ આંક તૈયાર કરી રાષ્ટ્રોની આર્થિક વિકાસની કક્ષાને જાણી શકાય છે.

### 4.3.1 માનવ વિકાસની વ્યાખ્યાઓ

- મહેબૂબ ઉલ-હક ના મત પ્રમાણે "આર્થિક વિકાસમાં માત્ર એક જ બાબત પર ભાર મુકાય છે તે છે આવક. જયારે માનવ વિકાસ માનવીની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક એમ તમામ પ્રકારની પસંદગીઓનો સમાવેશ થાય છે."

- મેરી રોબિન્સનના મત પ્રમાણે "માનવવિકાસમાં બધા જ માનવ હક્કોનો સમાવેશ થાય છે અને તેનું મહત્ત્વ પાયાના શિક્ષણ, આરોગ્ય અને રહેઠાણ જેટલું જ મહત્ત્વનું છે."

- હ્યુમન ડેવલોપમેન્ટના મત પ્રમાણે "જયારે લોકોને પ્રતીતિ થાય કે આર્થિક વિકાસમાં તેમનો ભાગ અને અવાજ છે તો જ તેમાં તે સંપૂર્ણ રીત્તે જોડાશે. હક્કો માનવીને સારા આર્થિક એક્ટર બનાવે છે. - હ્યુમન ડેવલોપમેન્ટ રીપોર્ટ (4.0.1 2000)

"માનવીઓની પસંદગીઓને વિસ્તૃત કરતી પ્રક્રિયા એટલે માનવ વિકાસ"

"માનવીઓની પસંદગીઓને વિસ્તૃત કરતી અને તેની સાથે પ્રાપ્ત થયેલી કલ્યાણની સપાટીને ઊંચે લઈ જતી પ્રક્રિયા એટલે માનવ વિકાસ."

આમ, આર્થિક વિકાસને માપવાના માપદંડ માટેના આવકના માપદંડ કરતા માનવ વિકાસ આંકનો માપદંડ ચઢિયાતો છે. માનવ વિકાસ આંકના માપદંડમાં માનવીની આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક એમ તમામ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

આર્થિક વિકાસનો ઉદ્દેશ્ય માનવજીવનને વધુ સમૃદ્ધ બનાવવાનો છે એવું સ્વીકારવામાં આવ્યું છે ત્યારે માનવ વિકાસનું મહત્ત્વ વધ્યું છે ત્યારે આર્થિક

વિકાસ એ સાધન છે જયારે માનવ વિકાસ એ સાધ્ય કે ઉદ્દેશ્ય છે એ સ્વીકારીને વિશ્વના દેશોનો માનવ વિકાસ થાય તેવા પ્રયત્નો થઈ રહયા છે. માટે વિકાસના માપદંડ તરીકે માનવ વિકાસ આંક તૈયાર કરવામાં આવે છે. માનવ વિકાસ સાથે ભારતીય અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન અને પાકિસ્તાની અર્થશાસ્ત્રી મહેબૂબ-ઉલ-હક્કના નામો જોડાયેલા છે. અમર્ત્ય સેનની માનવ વિકાસની વિભાવનાઓની મદદથી મહેબૂબ-ઉલ-હક્કે માનવ વિકાસ આંક તૈયાર કર્યો. આમ, માનવ વિકાસ આંક તૈયાર કરવાનો યશ મહેબૂબ-ઉલ-હક્કને ફાળે જાય છે.

માનવ વિકાસ આંક દ્વારા માનવ વિકાસનો સંપૂર્ણ ખ્યાલ આવતો નથી. કારણ કે માનવ વિકાસનો ખ્યાલ વિસ્તૃત અને ગુણાત્મક છે તેને જેમાં અનેક પરિબળોનો સમાવેશ થાય છે તેથી તે તમામને પરિમાણાત્મક રીતે રજૂ કરી શકાતા નથી. જો તમામ પરિબળનો સમાવેશ કરવામાં આવે તો માનવ વિકાસનું માપ રજૂ કરી શકે તેવો HDI તૈયાર કરવો શક્ય નથી. તેથી HDI તૈયાર કરવા માટે ત્રણ પરીબળોને ધ્યાનમાં લેવામાં આવે છે.

4.3.2 માનવ વિકાસ આંક તૈયાર કરવાની પદ્ધતિ

માનવ વિકાસ આંક તૈયાર કરવા માટે ત્રણ પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે,

(1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય

(2) શિક્ષણ કે જેના માપન માટે પુખ્ત વયની વ્યક્તિઓમાં સાક્ષરતાનું પ્રમાણ તથા પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં 2/3 જેટલું મહત્ત્વ પુખ્ત વયના સાક્ષરતાને આપવામાં આવે છે.

(3) જીવનધોરણને માપવા માટે માથાદીઠ આવક કે ખરીદ શક્તિની સમાનતાના ડોલરમાં માપવામાં આવે છે.

- વર્ષ 2010 ના સુધારા પ્રમાણે,
  - √ અપેક્ષિત આયુષ્યના માપન માટે મહત્તમ મૂલ્ય 83.5 વર્ષ તથા લઘુતમ મૂલ્ય 20 વર્ષ નક્કી કરવામાં આવ્યું છે.
  - √ શિક્ષણ પ્રાપ્તિનું અપેક્ષિત પ્રમાણ મહત્તમ મૂલ્ય 13.2 વર્ષ અને લઘુત્તમ મૂલ્ય 0 વર્ષ નક્કી કરવામાં આવ્યું છે તથા 25 કે તેથી વધુ વયમાં શિક્ષણ પ્રાપ્તિનું અપેક્ષિત પ્રમાણ મહત્તમ મૂલ્ય 20.6 વર્ષ અને લઘુત્તમ મૂલ્ય 0 વર્ષ નક્કી કરવામાં આવ્યું છે તથા કુલ શિક્ષણ પ્રાપ્તિનું અપેક્ષિત પ્રમાણ મહત્તમ મૂલ્ય 0.951 અને લઘુત્તમ મૂલ્ય 0 નક્કી કરવામાં આવ્યું છે
  - √ જીવન ધોરણ કે વાસ્તવિક માથાદીઠ આવકના માપન માટે મહત્તમ મૂલ્ય 108211 ડોલર અને લઘુત્તમ મૂલ્ય 163 ડોલર નક્કી કરવામાં આવ્યું છે.

આ તમામ પરીબળોનો આંક નીચે આપેલા સૂત્રના આધારે મેળવી શકાય છે.

- $$\text{આંક} = \frac{\text{વાસ્તવિક મૂલ્ય - લઘુત્તમ મૂલ્ય}}{\text{મહત્તમ મૂલ્ય - લઘુત્તમ મૂલ્ય}}$$

દા.ત. કોઈ દેશનું અપેક્ષિત આયુષ્ય 70 વર્ષ હોય તો = $\frac{70-20}{83.5-20} = \frac{50}{63.5}$

= 40/63.5 = 0.63

આમ, ઉપરોક્ત સૂત્ર મુજબ ત્રણે પરિબળોનું માપન કરવામાં આવે છે અને તે ત્રણેય આંક સરવાળો કરી અને તેને ત્રણ વડે ભાગીને માનવ વિકાસ આંક મેળવવામાં આવે છે. જેમાં આંકનું મૂલ્ય 1 હોય તો તે સર્વોત્તમ માનવ વિકાસની સ્થિતિ દર્શાવે છે. આ મૂલ્ય 1 થઈ જેમ નજીક હોય તેમ માનવ વિકાસની દૃષ્ટિએ દેશનો ક્રમ ઓછો હોય છે અને જેમ દૂર હોય તેમ ક્રમ વધુ હોય છે. ઓછો ક્રમ વધુ માનવ વિકાસનો નિર્દેશક છે અને વધુ ક્રમ ઓછા માનવ વિકાસ આંકનો નિર્દેશક છે.

કોષ્ટક-2 વિશ્વના દેશોની માનવ વિકાસ આંકની સ્થિતિ

| દેશ | માનવ વિકાસ આંક મૂલ્ય | | | | | માનવ વિકાસ આંક ક્રમ (વર્ષ 2019) |
|---|---|---|---|---|---|---|
| | 2014 | 2015 | 2017 | 2018 | 2019 | |
| નોર્વે | 0.944 | 0.947 | 0.954 | 0.956 | 0.957 | 1 |
| આઈલેન્ડ | 0.928 | 0.935 | 0.947 | 0.951 | 0.955 | 2 |
| સ્વીત્ઝરલેન્ડ | 0.942 | 0.947 | 0.949 | 0.955 | 0.955 | 2 |
| શ્રીલંકા | 0.773 | 0.776 | 0.775 | 0.779 | 782 | 72 |
| ચીન | 0.731 | 0.739 | 0.75 | 0.755 | 0.761 | 85 |
| યુ.એસ.એ | 0.92 | 0.921 | 0.924 | 0.925 | 0.926 | 17 |
| જાપાન | 0.906 | 0.908 | 0.915 | 0.917 | 0.919 | 19 |
| યુ.કે | 0.925 | 0.923 | 0.926 | 0.928 | 0.932 | 13 |
| સિંગાપુર | 0.926 | 0.931 | 0.933 | 0.936 | 0.938 | 11 |
| શ્રીલંકા | 0.773 | 0.776 | 0.775 | 0.779 | 0.782 | 72 |
| ભારત | 0.616 | 0.624 | 0.64 | 0.642 | 0.645 | 131 |
| બાંગ્લાદેશ | 0.579 | 0.595 | 0.616 | 0.625 | 0.632 | 133 |
| પાકિસ્તાન | 0.53 | 0.536 | 0.55 | 0.552 | 0.557 | 154 |
| બાંગ્લાદેશ | 0.579 | 0.595 | 0.616 | 0.625 | 0.632 | 133 |
| પાકિસ્તાન | 0.53 | 0.536 | 0.55 | 0.552 | 0.557 | 154 |

*Source :* Human Development Report 2020, UNDP

ઉપરોક્ત કોષ્ટકમાં જોઈ શકાય છે તેમ સૌથી ઊંચુ માનવ વિકાસ અંકનું મૂલ્ય ધરાવતો દેશ નોર્વે છે. જેનું માનવ વિકાસ આંકનું મૂલ્ય વર્ષ ૨020 ના માનવ વિકાસ અહેવાલ પ્રમાણે માનવ વિકાસ આંકનું મૂલ્ય 0957 સાથે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરે છે તથા આઈલેન્ડ અને સ્વીત્ઝર્લેન્ડ દ્વિતીય ક્રમ ધરાવે છે. તેઓનું માનવ વિકાસ આંક મૂલ્ય વર્ષ 2019 પ્રમાણે 0.955 છે. જ્યારે શ્રીલંકા વર્ષ 2019 પ્રમાણે 72માં ક્રમ સાથે 0.761 મૂલ્ય ધરાવે છે તથા બાંગ્લાદેશનું માનવ વિકાસ આંકનું મૂલ્ય વર્ષ ૨019 પ્રમાણે 0.632 મૂલ્ય સાથે 133 મો ક્રમ ધરાવે છે. વર્ષ ૨016 પ્રમાણે 0557 ના માનવ વિકાસ આંકના મૂલ્ય સાથે પાકિસ્તાન 154માં ક્રમ પર છે. આ સંદર્ભમાં ભારતની વાત કરીએ તો વર્ષ 2019 પ્રમાણે ભારતનું માનવ વિકાસ આંકનું મૂલ્ય 0645 છે અને ક્રમ 131 છે. આમ, કહી શકાય કે નોર્વે, સ્વિત્ઝરલેન્ડ, યુ.એસ.એ, જાપાન, યુ.કે અને સિંગાપોર ખૂબ ઊંચું માનવ વિકાસ આંક ધરાવતા દેશો છે. આમ, ઊંચુ માનવ વિકાસ આંકનું મૂલ્ય એ સારો માનવ વિકાસનો નિર્દેશ કરે છે. તેથી આ દેશોમાં સરેરાશ આયુષ્ય, શિક્ષણનું પ્રમાણ તથા જીવનધોરણનું સ્તર ઊંચું છે તેમ કહી સકાય. જ્યારે શ્રીલંકા, ચીન ઊંચું માનવ વિકાસ આંક ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે તથા ભારત, બાંગ્લાદેશ, પાકિસ્તાન એ માધ્યમ માનવ વિકાસ આંક ધરાવતા દેશોની શ્રેણીમાં સમાવેશ થાય છે.

કોષ્ટક-3 ભારતમાં માનવ વિકાસનું મૂલ્ય

| વર્ષ | 1990 | 2000 | 2005 | 2010 | 2015 | 2017 | 2018 | 2019 |
|---|---|---|---|---|---|---|---|---|
| જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય (વર્ષ) | 57.9 | 62.5 | 64.5 | 66.71 | 68.8 | 69.2 | 69.4 | 69.7 |
| શિક્ષણ પ્રાપ્તિનું અપેક્ષિત પ્રમાણ (વર્ષ) | 7.6 | 8.3 | 9.7 | 10.8 | 12. | 12.3 | 12.2 | 12.2 |
| 25 કે તેથી વધુ વયમાં શિક્ષણ પ્રાપ્તિનું અપેક્ષિત પ્રમાણ (વર્ષ) | 3 | 4.4 | 4.8 | 5.4 | 6.2 | 6.5 | 6.5 | 6.5 |
| માથાદીઠ કાચી રાષ્ટ્રીય આવક (યુ.એસ.ડોલર) | 1787 | 2548 | 3217 | 4182 | 5391 | 6119 | 6427 | 6681 |
| એચ.ડી.આઈ મૂલ્ય | 0.429 | 0.495 | 0.536 | 0.579 | 0.624 | 0.64 | 0.642 | 0.645 |

*Source* : Human Development Report 2020, UNDP

ઉપરોક્ત કોષ્ટકમાં ભારતનું માનવ વિકાસ આંકનું મૂલ્ય દર્શાવવામાં આવ્યું છે. તે જોતા જણાય છે કે ભારતમાં 1990 થી 2019 સુધીના વર્ષોમાં માનવ વિકાસ આંકના મૂલ્યમાં ક્રમિક વધારો જોવા મળે છે. ભારત માનવ વિકાસ આંકના મૂલ્યમાં 189 દેશો પૈકી 131 મો ક્રમ ધરાવે છે. આમ, ભારતનો માનવ વિકાસ આંકમાં મધ્યમ માનવ વિકાસ આંક ધરાવતા દેશોની શ્રેણીમાં સમાવેશ થાય છે.

### 4.3.4 માનવ વિકાસ આંકનું મહત્ત્વ

(1) માનવ વિકાસ પર ધ્યાન કેન્દ્રતિ

પ્રણાલીગત આર્થિક વિકાસના માપદંડમાં માત્ર આવકને જ મહત્ત્વ આપવામાં આવે છે. તથા PQLIના માપદંડમાં માત્ર સામાજિક પરિબળોને મહત્ત્વ આપવામાં આવ્યું છે. જ્યારે માનવ વિકાસ આકમાં સામાજિક અને આર્થિક બંને પરિબળોનો વિચાર કરવામાં આવે છે. જેમાં જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય અને સાક્ષરતા એ બંને સામાજિક પરિબળો છે. જ્યારે જીવનધોરણ કે માથાદીઠ આવક એ આર્થિક પરિબળ છે. આમ, માનવ વિકાસ આંકમાં માત્ર આવક વૃદ્ધિને ધ્યાનમાં ના લેતા માનવ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. તેથી અન્ય સૂચકાંકની તુલનાએ માનવ વિકાસ આંક ચડિયાતો છે.

(2) રાષ્ટ્રના આર્થિક કલ્યાણના એકંદર માપન માટે ઉપયોગી છે.

કોઈપણ દેશના આર્થિક વિકાસનો સાચો માપદંડ માનવ સુખાકારીમાં થયેલી વૃદ્ધિ છે, માનવ વિકાસ આંક દ્વારા માનવીની સુખાકારી માટે માત્ર આવકમાં થયેલી વૃદ્ધિ પુરતી નથી. માનવ સુખાકારીને સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક બાબતો પણ અસર કરે છે. પરંપરાગત આર્થિક વિકાસના માપદંડ કરતા માનવ વિકાસ આંક એ માનવ સુખાકારીને માપવા માટેનો ચડિયાતો માપદંડ છે. માનવ વિકાસ આંકમાં આર્થિક તથા સામાજિક બંને ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ ચકાસવામાં આવે છે. માનવ વિકાસ આંક દ્વારા જે ત્રણ નિર્દેશકો લેવામાં આવે છે તેમાં જીવન ધોરણનું માપન એ આવક વૃદ્ધિને માપે છે, જ્યારે સાક્ષરતા અને અપેક્ષિત આયુષ્યનું માપ એ વ્યક્તિની સામાજિક સમૃદ્ધિનું પ્રતિક છે. આમ, માનવ વિકાસ આંક દ્વારા કોઈપણ રાષ્ટ્રના લોકોની આર્થિક સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પસંદગીઓને જાણી શકાય છે. માનવ વિકાસ આંક આર્થિક વિકાસ અને માનવ કલ્યાણમાં થયેલી વૃદ્ધિને માપવામાં ઉપયોગી સાબિત થાય છે.

(3) આવકના ઉપયોગ અંગે માર્ગદર્શન મળે છે.

આર્થિક વિકાસ માટે આવક વૃદ્ધિ અગત્યની છે જ પણ આ આવકનો વધારો કઈ રીતે થાય છે ? કોના માટે થાય છે ? તે જાણવું જરૂરી છે. તથા આવકનો ઉપયોગ યોગ્ય હેતુ માટે થાય તે અંગેનું માર્ગદર્શન મળે તે જરૂરી છે. માનવ વિકાસમાં આર્થિક પરિબળોની સાથે સામાજિક પરિબળોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. કોઈ દેશનો માનવ વિકાસ આંકના ત્રણેય પરિબળોનું મૂલ્ય નીચું હોય તો તે દેશ માનવ વિકાસના નિમ્ન પર છે તેમ કહી શકાય. આમ કોઈપણ દેશના માનવ વિકાસ આંકના ત્રણેય નિર્દેશકોના મૂલ્યનો અભ્યાસ કરીએ અને જાણવા મળે કે ત્રણેય પરિબળો પૈકી જીવન ધોરણનું પરિબળ ઊંચું છે, શિક્ષણ અને આયુષ્યનું પરિબળ નીચું છે તો એનો અર્થ એ થયો કે તે રાષ્ટ્રમાં આવક વૃદ્ધિ થઈ છે પરંતુ આ આવક શિક્ષણ અને આરોગ્ય પાછળ ઓછી ફાળવવામાં આવી છે તો આ રાષ્ટ્રને

શિક્ષણ અને આરોગ્ય પાછળ ઓછી ફાળવવામાં આવી છે તો આ રાષ્ટ્રને શિક્ષણ અને આરોગ્ય પાછળ વધારે ખર્ચ કરવું જોઈએ એવું માર્ગદર્શન મળે છે. આમ માનવ વિકાસ આંકનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો આવકમાં થયેલા વધારાનો ઉપયોગ કઈ રીતે કરવો અને કોના માટે કરવો તે અંગેનું માર્ગદર્શન મળે છે.

(4) માનવ વિકાસ આંકનું ઉત્પાદકતાના સંદર્ભમાં મહત્ત્વ

માનવ વિકાસ આંકના મૂલ્યમાં વધારો થવો એ માનવ વિકાસમા વધારો થવાનું સૂચક છે. માનવ વિકાસ આંકનું ઊંચું મૂલ્ય પ્રાપ્ત થાય છે એનો અર્થ એ થાય છે કે જે તે દેશમાં લોકોની આવકમાં વધારો થયો છે સાથે શિક્ષણ અને આરોગ્યની સ્થિતિમાં સુધારો થયો છે. શિક્ષણ અને આરોગ્ય એ વ્યક્તિની કાર્ય કરવાની ક્ષમતામાં વધારો કરે છે. શિક્ષણ અને આરોગ્યની સ્થિતિમાં સુધારો ગુણવત્તાયુક્ત માનવ સંસાધન માટે જરૂરી છે. આમ, જે દેશમાં આ પરીબળોના મૂલ્યોમાં સુધારો થાય છે તે દેશમાં ઊંચી ઉત્પાદકતાવાળા શ્રમિકોના પુરવઠામાં વધારો થાય છે. જે તે દેશના આર્થિક વિકાસને ગતિ આપવા માટે મહત્ત્વપૂર્ણ છે. આમ, કહી શકીએ કે માનવ વિકાસ આંકમાં થયેલો વધારો લાંબા ગાળે જે તે દેશમાં ઉત્પાદન ક્ષેત્રે ઉંચી ઉત્પાદકતામાં પરિણમશે. આમ, માનવ વિકાસ આંકના અભ્યાસ દ્વારા કોઈ દેશની ઉત્પાદન ક્ષેત્રે ઉત્પાદકતા જાણવા મદદરૂપ થાય છે.

(5) રાષ્ટ્રની વસ્તીના કદના સંદર્ભમાં મહત્ત્વ

માનવ વિકાસ આંકના અભ્યાસથી આપણે જાણી શકીએ છીએ કે લાંબા ગાળે રાષ્ટ્રની જન સંખ્યાનું કદ કેટલું અને કેવું રહેશે ? આપણે જાણીએ છીએ કે કોઈપણ રાષ્ટ્રમાં આર્થિક વિકાસની પ્રક્રિયા શરુ થવાથી જન્મદરમાં ઝડપથી ઘટાડો થાય છે અને મૃત્યુદરમાં પણ ઘટાડો થાય છે, જેથી વસ્તીના કુલ કદમાં ઘટાડો થાય છે. આર્થિક વિકાસ થવાથી શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાઓ વધવાથી જનસંખ્યાની ગુણવત્તામાં સુધારો થાય છે. આમ, માનવ વિકાસ આંકનું ઊંચું મૂલ્ય એ લાંબાગાળે જનસંખ્યાના કદમાં ઘટાડો અને ગુણવત્તામાં વધારો થવાનો નિર્દેશ કરે છે. આપણે અગાઉ ચર્ચા કરી ગયા તેમ માનવ વિકાસ આંકમાં આવકના માપદંડની સાથે શિક્ષણ અને અપેક્ષિત આયુષ્યનો વિચાર કરવામાં આવે છે. શિક્ષણ અને આરોગ્ય એ જનસંખ્યાના કદ અને ગુણવત્તાને સ્પર્શતા મહત્ત્વના પરિબળો છે. આમ કહી શકીએ કે માનવ વિકાસ આંકનો અભ્યાસ લાંબાગાળે જે તે રાષ્ટ્રની જનસંખ્યાના કદ અને ગુણવત્તાને જાણવા માટે મહત્ત્વ ધરાવે છે.

4.3.5 માનવ વિકાસ આંકની મર્યાદાઓ

(1) આર્થિક વિકાસ બહુમુખી પ્રક્રિયા છે.

માનવ વિકાસ આંકમાં આર્થિક વિકાસના માપન માટે જીવન ધોરણ, અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતા આ ત્રણ નિર્દેશકોનો ઉપયોગ કરવામાં આવે

છે. વાસ્તમાં આર્થિક વિકાસ અને પરિબળોથી પ્રભાવિત થાય છે. આર્થિક વિકાસનો ખ્યાલ ગુણાત્મક છે. તે એક બહુમુખી પ્રક્રિયા છે. આમ આર્થિક વિકાસના માનપ માટે માનવ વિકાસ આંકનો માપદંડ આર્થિક વિકાસને અસર કરતા તમામ પરિબળોનો સમાવેશ ન કરતો હોવાથી અપૂર્ણ છે.

(2) જુદા જુદા દેશ કે પ્રદેશના આર્થિક વિકાસને અસર કરતા પરિબળો જુદા જુદા હોય છે.

આર્થિક વિકાસના નિર્દેશક માનવ વિકાસ આંકમાં માથાદીઠ આવક, સાક્ષરતા, અપેક્ષિત આયુષ્યને એક સરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. વાસ્તવમાં જુદા જુદા દેશમાં કે પ્રદેશમા કે પરિસ્થિતિમાં આર્થિક વિકાસને અસર કરતા પરિબળો જુદા જુદા હોય છે. માનવ વિકાસ આંકમાં માત્ર ત્રણ પરિબળોના આધારે જ આર્થિક વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે છે. તેથી આર્થિક વિકાસના માપન માટે આ ખ્યાલ સંપૂર્ણ નથી.

(3) માનવ વિકાસ આકમાં ખર્ચને ધ્યાન માં લેવામાં આવતું નથી.

માનવ વિકાસ આંકના મૂલ્યમાં થયેલો વધારો જે તે દેશની માનવ વિકાસની સ્થિતિમાં થયેલો સુધારો દર્શાવે છે. માનવ વિકાસ આંકનું મૂલ્યમાં વધારો કરવા માટે જે તે દેશની સરકારે કેટલું ખર્ચ કરે છે. તેની સમજૂતી આ ખ્યાલ માંથી મળતી નથી.

(4) માનવ વિકાસ આંક એક સરેરાશ માપ છે.

માનવ વિકાસ આંકના ત્રણે પરિબળો સરેરાશ માપ આપે છે. આ સરેરાશ મૂલ્યથી પણ કેટલાક લોકોનું માનવ વિકાસનું સ્તર નીચું હોય છે. તો કેટલાક લોકોનું ઊંચું હોય છે. આ ખ્યાલથી લોકોની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવતો નથી.

આર્થિક વિકાસનો ખ્યાલ ગુણાત્મક છે. આર્થિક વિકાસ એક બહુમુખી પ્રક્રિયા છે. આર્થિક વિકાસ અનેક પરિબળોથી પ્રભાવિત થાય છે. માનવ વિકાસ આંક તૈયાર કરવા માટે આર્થિક વિકાસને અસર કરતા તમામ પરિબળોને સમાવવાનું કાર્ય ખૂબ જ કઠીન છે. જુદા જુદા દેશોના આર્થિક વિકાસને અસર કરતા પરિબળો પણ જુદા જુદા હોય છે, અને માનવ વિકાસ આંક તૈયાર કરવા માટે માત્ર ત્રણ પરિબળોને જ ધ્યાનમાં લેવામાં આવે છે. આ ત્રણ પરિબળોને આધારે આર્થિક વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે છે. તેથી આર્થિક વિકાસને માપન માટે આ ખ્યાલ સંપૂર્ણ નથી. પ40 માં લેવાયેલા ત્રણેય પરિબળોને સરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. પરંતુ વાસ્તવમાં જુદા જુદા દેશની પરિસ્થિતિ પ્રમાણે તેનું મહત્ત્વ વધુ-ઓછું હોય છે.

## 4.4 ગ્રીન ઈન્ડેક્ષ (હરિત વૃદ્ધિ સૂચક આંક)

આર્થિક વિકાસનો આધાર કુદરતી પરિબળો ઉપર હોય છે. કોઈપણ દેશ પોતાની પાસે રહેલા કુદરતી સાધન સંપતિના ઉપયોગ દ્વારા આર્થિક વિકાસ સિદ્ધ કરી શકે છે. આથી કુદરતી સાધન સંપદાનો ઉપયોગ વિવેકપૂર્વક થાય તે જરૂરી છે. જો કુદરતી સંપદાનો બેફામ ઉપયોગ

કરવાથી પર્યાવરણીય અસમતુલાનું સર્જન થાય છે જેના કારણે આર્થિક વિકાસની પ્રક્રિયા અવરોધાય છે. જો વર્તમાન પેઢીના આર્થિક વિકાસ કરવા માટે કુદરતી સંપદાનો બેફામ ઉપયોગ કરવામાં આવશે તો ભાવી પેઢીના આર્થિક વિકાસ માટેની ક્ષમતામાં ઘટાડો થશે. માટે આજે વિશ્વના દેશો એ પર્યાવરણ અને કુદરતી સંપદાના જતન સાથે આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાનું સ્વીકાર્યું છે. એટલે કે જે સમગ્ર વિશ્વના દેશો ટકાઉ કે જાળવી શકાય તેવો વિકાસના ખ્યાલને અપનાવી રહયા છે. ટકાઉ વિકાસ એટલે કે ભાવી પેઢીની જરૂરિયાતોને નુકસાન પહોંચાડીયા વિના વર્તમાન પેઢીનો વિકાસ કરવો.

આથી આર્થિક વિકાસને માપવા માટે પર્યાવરણીય ખ્યાલનું મહત્ત્વ વધ્યું છે માટે આર્થિક વિકાસના માપન માટે પર્યાવરણીય પરીબળોને ધ્યાનમાં લેવામાં આવે છે. પર્યાવરણીય પરિબળોને ધ્યાનમાં રાખીને અર્થશાસ્ત્રીઓ દ્વારા આર્થિક વિકાસને માપવા માટેના જુદા જુદા માપદંડો કે નિર્દેશકો તૈયાર કરવામાં આવ્યા છે. જેમ કે Sustainable Development Index, Green Index, Green Growth Index, વગેરે માપદંડો દ્વારા આર્થિક વિકાસમાં પર્યાવરણીય અસરને જાણી શકાય છે.

4.4.1 ગ્રીન ઇન્ડેક્ષ

વર્લ્ડ બેંક દ્વારા ગ્રીન ઇન્ડેક્ષ વિકસાવવા આવ્યો છે. આ આંક દ્વારા રાષ્ટ્રની સંપતિને માપવામાં આવે છે. આ આંકમાં ત્રણ પરિબળોનો ઉપયોગ કરવામાં આવે છે. (1) ઉત્પાદિત સંપતિ (2) કુદરતી સંસાધનો અને (3) માનવ સંસાધનો.

ઉત્પાદિત સંપતિમાં તમામ મશીનરી, ફેકટરીઓ, રસ્તાઓ અને અન્ય માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે.

કુદરતી સંસાધનોમાં જમીન, પાણી, લાકડા, ખનીજો અને તમામ કુદરતી સંસાધનોને આર્થિક મૂલ્ય આપીને સમાવેશ કરવામાં આવે છે.

માનવ સંસાધનોમાં શિક્ષણનું સ્તર તથા કુશળતાની કક્ષાને ધ્યાનમાં લેવામાં આવે છે. આ પરથી દેશની સંપત્તિના સાચા અંદાજની ગણતરી કરવામાં આવે છે. આમાં તમામ સંસાધનો ધ્યાનમાં લેવામાં આવે છે જે આર્થિક વિકાસને માપવા માટેના પરંપરાગત આર્થિક સૂચકાંકોમાં જોવા મળતા નથી.

ગ્રીન ઇન્ડેક્ષમાં માથાદીઠ 4300 ડોલરની સંપતિ ધરાવતું ભારત 192 દેશોના સમૂહ પૈકી નીચેથી 20મો ક્રમ ધરાવે છે. જયારે ઓસ્ટ્રેલિયા માથાદીઠ 83500 ડોલરની સંપતિ સાથે ટોપ પર છે. વિશ્વની સરેરાશ માથાદીઠ સંપત્તિ 86000 ડોલર છે.

4.4.2 ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ

આ આંક એક સંયુક્ત આંક છે જેના દ્વારા કોઈપણ રાષ્ટ્રએ ટકાઉ વિકાસના લક્ષ્યો સિદ્ધ કરવામાં કેટલી સફળતા પ્રાપ્ત થઈ છે તે જાણી શકાય છે. જે અંતર્ગત પેરિસ આબોહવા કરાર, જૈવ વિવિધતા માટેના લક્ષ્યો, સંસાધનનો કાર્યક્ષમ અને ટકાઉ ઉપયોગ, કુદરતી મૂડી સંરક્ષણ, હરિત આર્થિક તકો, તથા સામાજિક સમવેશ વગેરેનો સમાવેશ થાય છે.

√ *<u>વિશ્વના પ્રદેશવાર ગ્રીન ગ્રોથ ઇન્ડેક્ષના પ્રદર્શનમાં ટોચનું સ્થાન ધરાવતા દેશો</u>*

આફ્રિકાના દેશો પૈકી સૌથી વધુ ગ્રીન ગ્રોથ ઇન્ડેક્ષનો સ્કોર ધરાવતો દેશ તાન્ઝાનિયા

છે જે 55.56 નો સ્કોર ગેળવે છે. કયારે અમેરિકાના દેશો પૈકી સૌથી વધારે 61.64 જેટલો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષનો સ્કોર ધરાવતો દેશ મેક્ષિકો છે તથા એશિયન પ્રદેશના દેશો પૈકી સૌથી ઉચો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ સ્કોર 61.83 જાપાન ધરાવે છે. યુરોપ તમામ દેશો પૈકી સ્વીડન સૌથી ઉચો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ સ્કોર 78.72 છે. હવે ઓશનીયા પ્રદેશના દેશોની વાત કરવામાં આવેતો ન્યુઝીલેન્ડ સૌથી ઊંચો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ સ્કોર 56.33 પ્રાપ્ત કરે છે.

ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ કાર્યક્ષમ અને ટકાઉ સંશાધનોનો ઉપયોગ, હરિત આર્થિક તકો, કુદરતી સંસાધન સંરક્ષણ તથા સામાજિક સમાવેશને ધ્યાનમાં રાખીને આંક તૈયાર કરવામાં આવે છે. જેમાં,

(1) *કાર્યક્ષમ અને ટકાઉ સંશાધનોનો ઉપયોગમાં* કાર્યક્ષમ અને ટકાઉ ઉર્જા, કાર્યક્ષમ રીતે પાણીની જાળવણી, કાર્યક્ષમ રીતે કાચામાલનો વપરાશ, જમીન વપરાશની જાળવણીનો સમાવેશ થાય છે.

(2) *હરિત આર્થિક તકોમાં* હરિત રોજગાર, હરિત નવીનીકરણ, હરિત વેપાર, હરિત રોકાણ ને ધ્યાનમાં લેવામાં આવે છે.

(3) *કુદરતી સંસાધન સંરક્ષણમાં* ઉત્સર્જન ઘટાડો, પર્યાવરણીય ગુણવત્તા, સંસ્કૃતિ અને સામાજિક મૂલ્યો, જૈવવિવિધતા અને ઈકોસીસ્ટમ સંરક્ષણને ધ્યાનમાં રાખવામાં આવે છે.

(4) *સામાજિક સમાવેશમાં* સામાજિક સંરક્ષણ, સામાજિક સમાનતા, લિંગ સંતુલન, મુળભૂત સેવાઓ અને સંસાધનોની વૃદ્ધિ ધ્યાનમાં લેવામાં આવે છે.

કોષ્ટક - 4 આફ્રિકન દેશોનો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ અને ક્રમ

| દેશ | આંક | ક્રમ | સ્થાન |
|---|---|---|---|
| તાન્ઝાનિયા | 55.56 | 1 | મધ્યમ |
| બોટ્સવાના | 40.07 | 12 | મધ્યમ |
| નિઝર | 24.49 | 24 | નિમ્ન |

*Source:* Green Growth Index Report 2020, Global Green Growth lnst1tute.

(કોષ્ટક-4) આફ્રીકન દેશોમાં હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 55.56 તાન્ઝાનિયાનું છે. જે મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે. જ્યારે 24.49 મૂલ્ય સાથે નિઝર 24 મો ક્રમ ધરાવે છે અને નિમ્ન સ્તર હરિત વૃદ્ધિ સૂચક ધરાવતા દેશોની શ્રેણીમાં સ્થાન મેળવે છે.

કોષ્ટક-5 અમેરિકન દેશોનો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ અને ક્રમ

| દેશ | આંક | ક્રમ | સ્થાન |
|---|---|---|---|
| મેક્ષિકો | 61.64 | 1 | ઉચ્ચ |
| યુ.એસ | 60.31 | 2 | ઉચ્ચ |
| કેનેડા | 59.11 | 3 | મધ્યમ |
| પનામા | 42.01 | 17 | મધ્યમ |
| ગુઅતેમાલા | 37.14 | 18 | નિમ્ન |
| ત્રિનિદાદ એન્ડ ટોબાગો | 30.29 | 20 | નિમ્ન |

*Source:* Green Growth Index Report 2020, Global Green Growth Institute.

(કોષ્ટક-5 અમેરિકાના દેશોમાં સૌથી વધુ હરિત વૃદ્ધિ સૂચક આંકમાં પ્રથમ ક્રમ મેક્ષિકો પ્રાપ્ત કરે છે. જેનો હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 61.64 છે. જે ઊંચી હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં સમાવેશ થાય છે. જયારે યુ.એસ.એ બીજા ક્રમ સાથે 60.31 હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય ધરાવે છે અને ઊંચી હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં સમાવેશ થાય છે. જયારે કેનેડા 59.11 હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય ધરાવે છે અને ત્રીજો ક્રમ પ્રાપ્ત કરે છે. જે મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોમાં સ્થાન ધરાવે છે.

કોષ્ટક-6 એશિયન દેશોનો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ અને ક્રમ

| દેશ | આંક | ક્રમ | સ્થાન |
|---|---|---|---|
| જાપાન | 61.83 | 1 | ઉચ્ચ |
| ઝોર્જિયા | 58.65 | 2 | મધ્યમ |
| ચીન | 58.33 | 3 | મધ્યમ |
| નેપાળ | 47.1 | 11 | મધ્યમ |
| ભારત | 43.54 | 14 | મધ્યમ |
| ઈન્ડોનેશિયા | 41.65 | 17 | મધ્યમ |
| બાંગ્લાદેશ | 39.58 | 18 | નિમ્ન |
| શ્રીલંકા | 38.2 | 22 | નિમ્ન |
| પાકિસ્તાન | 29.54 | 30 | નિમ્ન |
| ઉઝબેકિસ્તાન | 25.83 | 33 | નિમ્ન |

*Source:* Green Growth Index Report 2020, Global Green Growth Institute.

(કોષ્ટક-6) એશિયન દેશો પૈકી સૌથી ઊંચો હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 61.83 સાથે પ્રથમ ક્રમે જાપાન છે જે ઊંચ હરિત વૃદ્ધિ સૂચક આંક મૂલ્ય ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે. જયારે ઝોર્જિયા બીજો ક્રમ ધરાવે છે. જેનું મૂલ્ય 58.65 છે, જે મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં સ્થાન પ્રાપ્ત કરે છે. ત્યારબાદ ચીન 58.33 મૂલ્ય સાથે ત્રીજો ક્રમ પ્રાપ્ત કરે છે, જે મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોમાં શામેલ છે. બાંગ્લાદેશ 39.58 મૂલ્ય સાથે 18માં ક્રમ પર છે. જે નિમ્ન હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય ધરાવે છે. જયારે પાકિસ્તાન 30માં ક્રમ સાથે 29.54 મૂલ્ય સાથે નિમ્ન હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોમાં સ્થાન પ્રાપ્ત કરે છે. આ સંદર્ભમાં ભારતની સ્થિતિની વાત કરીએ તો ભારતનો હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 43.54 છે, જયારે ક્રમ 14 મું ધરાવે છે. ભારત મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે.

કોષ્ટક-7 યુરોપ દેશોનો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ અને ક્રમ

| દેશ | આંક | ક્રમ | સ્થાન |
|---|---|---|---|
| સ્વીડન | 78.72 | 1 | ઉચ્ચ |
| ડેન્માર્ક | 76,77 | 2 | ઉચ્ચ |
| બુલ્ગેરીયા | 61,29 | 27 | ઉચ્ચ |
| સર્બિયા | 59.46 | 28 | મધ્યમ |
| મોન્ટીનેગ્રો | 43.78 | 36 | મધ્યમ |
| માલ્તા | 31.76 | 38 | નિમ્ન |

*Source:* Green Growth Index Report 2020, Gl.obal Green Growth Institute.

(કોષ્ટક-7) યુરોપના દેશો પૈકી સૌથી ઊંચો હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 78.72 સાથે સ્વીડન પ્રથમ ક્રમ ધરાવે છે. જે ઊંચ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે. જ્યારે બીજા ક્રમ પર ડેન્માર્ક છે, જેનું મૂલ્ય 76.77 સાથે ઉચ્ચ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોમાં સમાવેશ થાય છે. ત્યારબાદ સર્બિયા 59.46 મૂલ્ય સાથે 28 મો ક્રમ ધરાવે છે, જે મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવે છે. જ્યારે માલ્ટા દેશ નિમ્ન હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવે છે, જેનું હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 31.76 સાથે 38 મો ક્રમ પ્રાપ્ત કરે છે.

| કોષ્ટક - 8 ઓશનીયા દેશોનો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ અને ક્રમ | | | |
|---|---|---|---|
| દેશ | આંક | ક્રમ | સ્થાન |
| ન્યુઝીલેન્ડ | 56.33 | 1 | મધ્યમ |
| ઓસ્ટ્રેલીયા | 53.67 | 2 | મધ્યમ |

(કોષ્ટક-8) ઓશનીયા દેશોમાં સૌથી વધુ 56.33 હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતો દેશ ન્યુઝીલેન્ડ છે, જે પ્રથમ કરમ પર છે તથા મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવે છે. જ્યારે બીજા ક્રમ પર ઓસ્ટ્રેલીયાનો સમાવેશ થાય છે, જેનું હરિત વૃદ્ધિ સૂચક આંકનું 53.67 સાથે મધ્યમ હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતા દેશોની શ્રેણીમાં આવે છે.

આમ, સમગ્ર વિશ્વમાં સૌથી ઊંચો હરિત વૃદ્ધિ સૂચક આંક ધરાવતો દેશ યુરોપ પ્રદેશનો દેશ સ્વીડન છે, જેનું હરિત વૃદ્ધિ સૂચક આંકનું મૂલ્ય 78.72 છે.

આમ, જે દેશનો હરિત વૃદ્ધિ સૂચક આંક ઊંચો છે, તે દેશોમાં કુદરતી સંશાધનોની જાળવણી દ્વારા આર્થિક વિકાસ સિદ્ધ કરવાનાં પ્રયત્નો સારા થઈ રહ્યા છે તેમ કહી શકાય.

## 4.6 સારાંશ

વિશ્વના દરેક દેશ પોતાનો આર્થિક વિકાસ સિદ્ધ કરવા માટે પ્રયત્નો કરે છે. આ દરેક દેશોના આર્થિક વિકાસને અસર કરતા પરિબળો જુદા જુદા જોવા મળે છે. તેના કારણે જુદા જુદા દેશોની આર્થીક વિકાસની અનુકુળતાઓ પણ જુદી જુદી જોવા મળે છે. આથી, વિશ્વના જુદા જુદા દેશો આર્થિક વિકાસને સિદ્ધ કરવા કેટલા સફળ થયા છે તે જાણવું જરૂરી છે. આ માટે આર્થિક વિકાસને માપવા માટે જુદા જુદા અર્થશાસ્ત્રીઓ દ્વારા જુદા જુદા માપદંડો વિકસાવ્યા છે.જેની મદદથી આપણે વિશ્વના દેશોની આર્થિક વિકાસની કક્ષાનું મૂલ્યાંકન કરી શકીએ છીએ. આ જુદા જુદા માપદંડો પૈકી આપને આ પ્રકરણમાં જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક, માનવ વિકાસ આંક, ગ્રીન ઈન્ડેક્ષ તથા ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષનો અભ્યાસ કર્યો છે. તે જોતા જણાય છે કે કોઈ એક દેશની આર્થિક વિકાસની કક્ષા જુદા જુદા આર્થિક વિકાસના માપદંડમાં જુદી જુદી જોવા મળે છે. આ સંદર્ભે ભારતની વાત કરીએ તો વર્ષ 2021માં ભારતનું PQLIનું મૂલ્ય ૮૨.95 સાથે 35 મો ક્રમ ધરાવે છે અને HDI માં ભારતની સ્થિતિ 131 માં ક્રમ સાથે 0.945 HDI મૂલ્ય સાથે મધ્યમ HDI મૂલ્ય ધરાવતા દેશોની શ્રેણીમાં સમાવેશ થાય છે. ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષમાં ભારતની સ્થિતિ મધ્યમ છે. સમગ્ર એશિયાઈ દેશોમાં ભારત ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષનું મૂલ્ય 43.54 સાથે 14 મો ક્રમ ધરાવે છે.

આમ, જુદા જુદા આર્થિક વિકાસના માપદંડોમાં ભારતની આર્થિક વિકાસની સ્થિતિ જુદી જુદી જોવા મળે છે, કારણ કે જુદા જુદા આર્થિક વિકાસના માપદંડો તૈયાર કરતી વખતે જુદા જુદા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે. જેમ કે HDI માં જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય,

સાક્ષરતા અને જીવન ધોરણની સ્થિતિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. તો PQLI માં જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય,બાળ મૃત્યુ અને સાક્ષરતાને ધ્યાનમાં લેવામાં આવે છે અને તેમાં આવકના પરિબળને ધ્યાનમાં લેવામાં આવેલ નથી. તો ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષમાં ટકાઉક્ષમ વિકાસને સ્પર્શતા પરિબળો જેવાં કે ટકાઉ અને કાર્યક્ષમ રીતે સંશાધનોનો ઉપયોગ, હરિત આર્થિક તકો, કુદરતી સંસાધન સંરક્ષણ તથા સામાજિક સમાવેશતા વગેરે પરિબળોને ધ્યાનમાં રાખીને આંક તૈયાર કરવામાં આવે છે. આમ, આર્થિક વિકાસ એ બહુમુખી પ્રક્રિયા છે. તે ગુણાત્મક ખ્યાલ છે. આર્થિક વિકાસના માપનનું કાર્ય ખુબ જ કઠીન છે, ત્યારે અર્થશાસ્ત્રીઓ દ્વારા આર્થિક વિકાસને માપવા માટે વિકસાવેલા વિવિધ માપદંડો મદદરૂપ થાય છે. તેની મદદથઈ જે તે દેશની આર્થિક વિકાસની કક્ષાને જાણી સકાય છે અને વિવિધ દેશો વચ્ચેનો આર્થિક વિકાસની પ્રક્રિયાનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય છે.

## 4.7 ચાવીરૂપ શબ્દો

- <u>આર્થિક વિકાસ</u>

√ ‘ઉત્પાદન, આવક, રોજગારી વગેરેમાં વધારો થવાની સાથે ટેકનોલોજીમાં આવતા પરિવર્તનો એટલે આર્થિક વિકાસ.’ આર્થિક વિકાસ ગુણાત્મક પાસાનું સુચન કરે છે અને આર્થિક વિકાસની પ્રક્રિયા અલ્પ વિકસિત દેશો સાથે સંબંધ ધરાવે છે.

- <u>આર્થિક વૃદ્ધિ</u>

√ ‘ઉત્પાદનમાં થતાં વધારાને આર્થિક વૃદ્ધિ કહે છે.’ આર્થિક વૃદ્ધિ પરિમાણાત્મક પાસાનું સૂચન કરે છે. આર્થિક વૃદ્ધિની પ્રક્રિયા વિકસિત દેશો સાથે સંબંધ ધરાવે છે અને વિકસિત દેશોમાં ટેક્નોલોજીનો વિકાસ થયેલો હોય છે.

- <u>જન્મદર</u>

√ ‘એક વર્ષ દરમિયાન એક હજારની જનસંખ્યા ધરાવતા વિસ્તારમાં જન્મતાં બાળકોનું સરેરાશ પ્રમાણ એટલે જન્મદર.

- <u>અપેક્ષિત આયુષ્ય</u>

√ ‘જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય એટલે રાષ્ટ્રની વસ્તીનું અપેક્ષિત આયુષ્ય કેટલું છે એટલે કે રાષ્ટ્રના લોકો સરેરાશ કેટલા વર્ષ સુધી જીવિત રહે છે તેનું પ્રમાણ.’

- <u>માથાદીઠ આવક</u>

√ ‘દેશની કુલ રાષ્ટ્રીય આવકને દેશની કુલ જનસંખ્યા વડે ભાગતા જે સરેરાશ આવક પ્રાપ્ત થાય છે તેને માથાદીઠ આવક કહે છે.’ રાષ્ટ્રીય આવક એક સરેરાશ માપ છે.

- <u>માનવ વિકાસ આંક</u>

√ ‘માનવ વિકાસ આંક એટલે આર્થિક વિકાસ કે માનવ વિકાસને માપવાનો એક આધુનિક માપદંડ છે, જેમાં માનવ વિકાસને માપવા માટે જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, શિક્ષણ અને જીવન ધોરણ આ ત્રણ પારિબળોને ધ્યાનમાં રાખીને વિશ્વના દેશોની માનવ વિકાસની પ્રગતિને માપવા માટેનો એક માપદંડ છે.’

## 4.8 કેટલાક ઉપયોગી પુસ્તકો

(1) Measuring the Condition of the World's Poor: The Physical Quality of Life Index 1979.

(2) Norman L. Hicks and Paul P. Streeten," Indicators of Development: The Search for a Basic Needs Yardstick" World Development. Vol.7 (1979).

(3) Morries D. Morries measuring the condition of the world's porr. The Physical quality of Lite Index.

(4) F.H.Harbimsan and others- Quantitative Analysis of Modernization and Development.

(5) आर्थिक विकास, उत्तराखंड मुक्त विश्वविद्यालय, संस्करण 2017.

(6) Economics of Growth and Development, Dr. Pavitar Parkash Singh, Lovely Professional University, Phagwara, New Delhi.

## 4.9 સંદર્ભ સૂચિ


- आर्थिक विकास, उत्तराखंड मुक्त विश्वविद्यालय, संस्करण 2017.
- सिन्हा वी.सी (2010) विकास और पर्यावरणीय अर्थशास्त्र, साहित्य भवन पब्लिकेशन, आगरा.
- Measuring the Condition of the World's Poor : The Physical Quality of Life Index 1979.
- ડો. કે.કે. ખખ્ખર, વિકાસનું અર્થશાસ્ત્ર : અમર્ત્ય સેનનો પરિપેક્ષ્ય - શાંતિ સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- પ્રો. આર.કે. વારોતરીયા (ભારતમાં માનવ વિકાસ), અર્થસંકલન (2021).
- Green growth index, 2020, Global green growth institute.
- Human development report, 2020, United nations development programme.
- CEOWORLD Magazine, 2021.
- Green Index V Skill.


## 4.10 તમારી પ્રગતિ ચકાસો

(1) માનવ વિકાસ એટલે શું ?

√ ‘‘માનવીઓની પસંદગીઓને વિસ્તૃત કરતી અને તેની સાથે પ્રાપ્ત થયેલી કલ્યાણની સપાટીને ઊંચે લઇ જતી પ્રક્રિયા એટલે માનવ વિકાસ.’’

(2) માનવ વિકાસ આંકના નિર્દેશકો જણાવો.

√ જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતા અને જીવન ધોરણ.

(3) જીવનની ભૌતિક ગુણવતાનો આંક સૌ પ્રથમ કોણે તૈયાર કર્યો.

√ પ્રો, મોરિસ

(4) માનવ વિકાસ આંક તૈયાર કરવાનો યશ કયા અર્થશાસ્ત્રીના ફાળે જાય છે ?

√ મહેબૂબ-ઉલ-હક્ક

(5) જીવનની ભૌતિક ગુણવતાનો આંકના નિર્દેશકો જણાવો.

√ જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, બાળ મૃત્યુ અને સાક્ષરતા.

(6) માનવ વિકાસ વિકાસ અહેવાલ કોના દ્વારા રજુ કરવામાં આવે છે.

√ UNDP (યુનાઈટેડ નેશન ડેવલોપમેન્ટ પ્રોગ્રામ)

(7) ટકાઉ વિકાસ એટલે શું ?

√ ટકાઉ વિકાસ એટલે કે ભાવી પેઢીની જરૂરિયાતોને નુકસાન પહોંચાડીયા વિના વર્તમાન પેઢીનો વિકાસ કરવો.

(8) ગ્રીન ઈન્ડેક્ષના નિર્દેશકો જણાવો.

√ ઉત્પાદિત સંપતિ, કુદરતી સંસાધનો અને માનવ સંસાધનો.

(9) ગ્રીન ઈન્ડેક્ષ કોના દ્વારા રજુ કરવામાં આવે છે.

√ વર્લ્ડ બેંક

(10) ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષના નિર્દેશકો જણાવો.

√ ટકાઉ અને કાર્યક્ષમ રીતે સંશાધનોનો ઉપયોગ, હરિત આર્થિક તકો, કુદરતી સંસાધન સંરક્ષણ તથા સામાજિક સમાવેશતા.

◆ <u>ટૂંકનોંધ લખો</u>

(1) માનવ વિકાસ આંકનું મહત્ત્વ.

(2) ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષ.

(3) ભૌતિક જીવન ગુણવત્તા આંક.

◆ <u>નિબંધ પ્રકારના પ્રશ્નો લખો</u>

(1) માનવ વિકાસ એટલે શું? માનવ વિકાસ આંકની સમજૂતી આપો.

(2) ટકાઉ વિકાસનો અર્થ જણાવી ગ્રીન ગ્રોથ ઈન્ડેક્ષની વિગતે ચર્ચા કરો.

(3) આર્થિક વિકાસના નિર્દેશક તરીકે 201ની વિગતે ચર્ચા કરો.

⊙ ⊙ ⊙

એકમ 5

# ટકાઉ વિકાસ

-: રૂપરેખા :-

5.0 ઉદ્દેશ

5.1 પ્રસ્તાવના

5.2 ટાકઉ વિકાસનો અર્થ

5.3 ટકાઉ વિકાસનું મહત્ત્વ

5.4 ટકાઉ વિકાસના માપદંડો / નિર્દેશકો

5.5 જૈવ વિવિધતા

5.6 જૈવ વૈવિધ્યનો અર્થ

5.7 જૈવ વૈવિધ્યના કેન્દ્રો અને જૈવ વૈવિધ્ય નાં ઉષ્મિત સ્થાનો

5.8 ભારત અને ગુજરાતમાં જૈવ વૈવિધ્યની સ્થિતિ

5.9 જૈવ વૈવિધ્યના પ્રકાર

- 5.9.1 આનુવંશિક જૈવ વિવિધતા
- 5.9.2 પ્રજાતીય જૈવ વિવિધતા
- 5.9.3 પરિસ્થિતિય જૈવ વિવિધતા

5.10 જૈવ વિવિધતાનું મહત્ત્વ

- 5.10.1 ખોરાક
- 5.10.2 દવાઓ
- 5.10.3 બળતણ / ઈમારતી લાકડું / રેસાઓ અને અન્ય
- 5.10.4 સાંસ્કૃતિક મહત્ત્વ
- 5.10.5 પરાગનયન
- 5.10.6 હવા અને પાણીનું શુદ્ધિકરણ
- 5.10.7 ધાર્મિકતા માટે

5.11 સારાંશ

5.12 ચાવીરૂપ શબ્દો

5.13 સંદર્ભ પુસ્તકો

5.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 5.0 ઉદ્દેશો (Objectives)

- આ એકમના અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી માહિતગાર બની શકશો.
- વિકાસ અને ટકાઉ વિકાસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કહી શકશો.
- નિરંતર વિકાસ કેવી રીતે કરી શકાય તે સમજી શકશો.
- કુદરતી સંસાધનોનો બગાડ થતો કેવી રીતે અટકાવી શકાય તે જાણી શકશો.
- સજીવોની વિવિધતા વિશે જાણી શકશો.
- ભૌતિક સુખ - સગવડો વધારવાની હોડમાં થતો વિકાસ કેવી રીતે વિનાશ નોતરે છે તે સમજી શકાશે.
- પર્યાવરણની જાળવણી અંગે જાગૃતતા કેળવાશે.
- ટકાઉ વિકાસની વિભાવનાને સમજી સજીવ - સૃષ્ટિને તંદુરસ્ત - નિરોગી કેવી રીતે રાખી શકાય તે સમજી શકાશે.
- આ એકમનો અભ્યાસ કર્યા પછી ભાવિ પેઢીને કેવી રીતે સુરક્ષીત કર શકાય તે સહેલાઈથી સમજી શકાશે.

## 5.1 પ્રસ્તાવના

કોઈપણ વ્યક્તિ કે દેશ માટે સૌથી અગત્યની વાત એટલે ટકાઉ વિકાસ એક વ્યક્તિ તરીકે આપણે જ્યારે કોઈપણ વસ્તુ ખરીદીએ છીએ ત્યારે આપણે હંમેશાં વિચારીએ છીએ કે તે કેટલું ચાલશે ? દા.ત., બજારમાંથી ટી.વી., ફ્રીજ, મોબાઈલ ખરીદીએ ત્યારે તેની કિંમતની સરખામણી એ કેટલા સમય કે વર્ષ ટકી રહેશે - સલામત રહેશે તેની સાથે કરીએ છીએ ટૂંકમાં લાંબો સમય ચાલે અને ટકાઉ હોય.

એ જ રીતે દેશના સંદર્ભે જોઈએ તો આઝાદીથી માંડી આ જ દીન સુધી દેશનો ઘણો બધો વિકાસ થયો છે પણ આ વિકાસ લાંબો સમય સુધી ચાલે તે ખૂબ જ અગત્યનું છે.

'વિકાસ' એ પરિવર્તનશીલ શબ્દ છે પ્રદેશ પ્રમાણે, સમય પ્રમાણે તેનો અર્થ બદલાતો રહે છે. સામાન્ય રીતે વિકાસનો અર્થ એવો થાય છે કે ''માનવીને મળતી ભૌતિક સુખ-સુવિધામાં વધારો કરવો''

પરંતુ આ વધારો કોના ભોગે થશે તેનો કોઈ જ વિચાર કરવામાં આવતો નથી આપણે પર્યાવરણની ઉપેક્ષા કરીને આર્થિક અને ભૌતિક વિકાસ સાધ્યો પરંતુ આ પ્રકારના વિકાસની પ્રક્રિયા જો લાંબો સમય ચાલી શકે તેમ ન હોય તો તેને ખરા અર્થમાં વિકાસ કહી શકાય નહીં પ્રકૃતિના વિનાશના ભોગે થતો વિકાસ વધુ સમય ટકી શકશે નહી આપણો વિકાસ કુદરતની માથે નહી કુદરત ની સાથે હોવો જોઈએ.

ટાકઉ વિકાસ શબ્દનો ઉલ્લેખ 1987 માં યુ.એન. દ્વારા પ્રકાશિત બ્રુટલેન્ડ રીપોર્ટમાં જોવા મળ્યો. 1992 માં બ્રાઝિલના પાટનગર રીયો ડી. જાનેરોમાં યુનો રૂારા પૃથ્વી પરિષદનું આયોજન કરાયું હતું ત્યારબાદ 2002માં યુનો રૂારા દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં World Summit on Sustainable Development વિષય પરના સંમેલનનું આયોજન કરવામાં આવેલ જેમાં ટકાઉ વિકાસ પર ભાર મૂકાયો હતો.

## 5.2 ટકાઉ વિકાસનો અર્થ : Meaning of Sustainable Development :

5.2.1 "ટકાઉ વિકાસ એટલે નિરંતર થતો વિકાસ"

1987 માં પર્યાવરણ અને વિકાસ અંગેના વિશ્વપંચે પર્યાવરણના સંદર્ભમાં ટકાઉ પોષણક્ષમ વિકાસની વ્યાખ્યા આપતાં કહ્યું.

5.2.2 "ભાવિ પેઢીની જરૂરિયાતોને નુકશાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાત સંતોષી શકે તેને ટકાઉ પોષણક્ષમ વિકાસ કહેવામાં આવે છે."

ઉત્પાદનમાં અતિ ઉત્પાદન અને વપરાશમાં અતિ વપરાશના પ્રશ્નો છે. અતિ ઉત્પાદનથી કુદરતી સાધનોનો જથ્થો (ખનીજો, ફળદ્રુપ જમીનો, જંગલો, ધાતુઓ, પાણી વગેરે.) ઝડપથી ખલાસ થવા માંડ્યો છે. એ જ રીતે અતિ વપરાશ થી પણ ગંભીર પ્રશ્નો સર્જાયા છે.

આજની પેઢીએ જે વિકાસ સાધ્યો છે અને જે ઝડપથી વિકાસ સાધી રહી છે તેને ભવિષ્યમાં ટકાવી શકાય તેમ નથી એવો એક મત છે આપણે સહુ કોઈ આજે જે સુખ - સગવડો ભોગવી રહ્યો છીએ તે કદાચ ભાવિ પેઢીને ન પણ મળે આથી ટકાઉ વિકાસનો ખ્યાલ મહત્વનો બને છે.

## 5.3 ટકાઉ વિકાસનું મહત્ત્વ : Importance of Sustainable Development :

- માનવસૃષ્ટિની આસ-પાસનું કુદરતી અને માનવસર્જિત આવરણ એટલે પર્યાવરણ.

આર્થિક વિકાસની પર્યાવરણ પર પડેલી ગંભીર અસરોના કારણે સંપોષિત વિકાસ નો ખ્યાલ વિકસ્યો, જેમાં વિકાસની સાથે વર્તમાન તથા ભવિષ્યના જીવનની ગુણવતાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે આર્થિક વિકાસના શરૂઆતનાં તબક્કામાં પર્યાવરણીય સંસાધનો (જળ, જમીન, હવા) વિના મૂલ્યે મોટા પ્રમાણમાં પ્રાપ્ય હતાં પરંતુ વિકાસની સાથે આ સંસાધનોની માંગ વધી.

ઉદાહરણ તરીકે કાગળની માંગમાં વધારો થતાં જંગલો કપાયાં અને કાગળના ઉત્પાદનને કારણે જળ અને જમીનનું પ્રદૂષણ વધ્યું એનો ગેરલાભ (ખર્ચ) સમાજને ભોગવવાનો આવ્યો સાથે - સાથે જીવનની ગુણવત્તામાં ઘટાડો થયો આર્થિક વિકાસમાં સમાજને ભોગવવા પડતા ખર્ચનો સમાવેશ થયો ન હતો પરંતુ આ ખર્ચનો સમાવેશ થયો ન હતો પરંતુ આ ખર્ચનો સમાવેશ સંપોષિત વિકાસ અથવા ટકી શકે તેવા વિકાસના ખ્યાલમાં થયો.

ટકાઉ વિકાસ એ એવો વિકાસ છે જેમાં નવી પેઢીઓની જરૂરિયાતોને સંતોષવાની ચિંતા કરી વ્યક્તિ વર્તમાનમાં પોતાની જરૂરિયાતોને સંતોષે છે. જેથી આવનારી પેઢી માટે તે બચી શકે ટકાઉ વિકાસ એટલે નિરંતર થતો વિકાસ અથવા નિરંતર ચાલતી પ્રક્રિયા ટકાઉ વિકાસ માટે તંદુરસ્ત વિકાસ, નિરંતર વિકાસ, ચિરંજીવી વિકાસ, સ્થાયી વિકાસ, સંપોષક વિકાસ, સાતત્યપૂર્ણ વિકાસ અને લોક કેન્દ્રિત વિકાસ વગેરે જેવા શબ્દ પ્રયોગ કરાય છે.

5.3.1 ટકાઉ વિકાસમાં નીચેની બાબતો સમાવિષ્ટ કરાય છે.

- માત્ર વ્યક્તિગત સ્વાર્થ કે ટૂંકાગાળાના લાભના બદલે લાંબાગાળાના ફાયદા વિશે વિચારવામાં આવે છે.

- જમીન, હવા, પાણી, જંગલો અને ઊર્જા જેવા કુદરતી સંશોધનો ઉપયોગ કરીએ તો તેમનું સતત પુનઃ નિર્માણ થતું રહે તેની કાળજી રાખવી.
- ટકાઉ વિકાસ લોક ભાગીદારી વગર શક્ય નથી ટકાઉ વિકાસના આયોજન, અમલીકરણ અને મૂલ્યાંકનમાં લોકોની ભાગીદારી હોવી જોઈએ.
- ટકાઉ વિકાસમાં વિકાસનો દર કાયમી ચડતા ક્રમે ચાલુ રહેતો જોઈએ.
- ટકાઉ વિકાસનાં આર્થિક, સામાજિક, રાજકિય, ધાર્મિક, સાંસ્કૃતિક તથા ભૌગોલિક વગેરે તમામ પાસાંઓનો સમાવેશ કરવામાં આવે છે.

## 5.4 ટકાઉ વિકાસના માપદંડો / નિર્દેશકો : Criteria / Indicators of Sustainable development.

વિકાસના માપદંડ તરીકે રાષ્ટ્રીય આવક કે માથાદીઠ આવકને રજૂ કરવામાં આવતા હતાં. પરંતુ તે આર્થિક વિકાસમાં પર્યાવરણને અને કુદરતી સંચાવકોની મૂડીની જાળવણીને મહત્ત્વ આપીને યોગ્ય રીતે વ્યક્ત કરતું નથી આથી, રાષ્ટ્રીય આવક કે માથાદીઠ આવકને ટકાઉ વિકાસના આધારભૂત માપદંડ તરીકે રજૂ કરી અન્ય માપદંડ ચકાસવા જરૂરી બને છે.

ટકાઉ પોષણક્ષમ વિકાસના નિર્દેશકો બિનનાણાંકીય સ્વરૂપના અને ભૌતિક લક્ષી છે. તેના દ્વારા ટકાઉ પોષણક્ષમ વિકાસને સરળ રીતે જાણી શકાય છે. આ નિર્દેશકો માપદંડો સરખા સહજ રીતે સમજી શકીએ તેવા છે જે નીચે મુજબ છે.

### 5.4.1 કુલ ઘરગથ્થુ ઉત્પાદન વૃદ્ધિદર : Gross Domestic product growth rate :-

સમગ્ર અર્થકારણની સફળતા કે નિષ્ફળતાનો આધાર ઉત્પાદન વૃદ્ધિના દર પર રહેલો છે વર્તમાન તેમજ ભાવિ પેઢીની સાર્વત્રિક સુખા કારી માટે તેમજ આવક, રોજગારી, જીવનધોરણમાં સારા પ્રમાણમાં વધારો થાય તે માટે દેશમાં કુલ ઉત્પાદન અને તેનો વૃદ્ધિદર વધવો જોઈએ કે જેથી બે કારી, ગરીબી અને પ્રદૂષણમાં ઘટાડો થાય.

### 5.4.2 પોષણક્ષમ વસ્તી પ્રમાણ : Affordable population :-

દેશના આર્થિક વિકાસ માટે માનવ વસ્તી પણ એટલી જ અનિવાર્ય છે કારણ કે ઉત્પાદન અને વપરાશ માનવ વસ્તી માટે અને માનવ વસ્તી દ્વારા જ થાય છે. પરંતુ આ વસ્તી ઈષ્ટતમ હોવી જરૂરી છે એટલે પ્રમાણસર વસ્તી હશે તો તેનું પોષણ વ્યવસ્થિત પણે થઈ શકશે પરંતુ જો વસ્તી વધુ હશે તો તેના પોષણ અને તેનાથી પ્રદૂષણના પ્રશ્નો વધે છે આથી વસ્તીવૃદ્ધિના દર ને ઘટાડવો જરૂરી છે.

### 5.4.3 માનવ સંસાધન વિકાસ આંક : Human Resource Development Figure :-

વિકાસને માથાદીઠ આવકથી નહીં પણ માનવ સંસાધન વિકાસ આંક દ્વારા જ માપી શકાય અતિવસ્તી વિકાસમાં અવરોધક છે. પણ શિક્ષણ, તાલીમ, નિપુણતા, દક્ષતા, ઉચ્ચ ઉત્પાદકતા, જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી ધરાવનાર વસ્તી દ્વારા જ વિકાસ શક્ય બને છે. આ બાબત માનવ સંસાધન વિકાસ આંક દ્વારા જાણી શકાય છે કે જેમાં આર્થિક સ્થિતિ, શિક્ષણ, તાલીમ, આરોગ્ય, પોષણ વગેરે... નો સમાવેશ થાય છે.

5.4.4 સ્વચ્છ હવા આંક : Clean air Score :-

સ્વચ્છ હવાનું મૂલ્ય તો વર્તમાનમાં ચાલી રહેલ 'કોરોના' (Covid-19) ની મહામારીમાં આપણને બરોબર સમજાઈ ગયું છે. સ્વચ્છ શુદ્ધ અને પ્રદૂષણ મુક્ત (શુદ્ધ ઓક્સિજન - $O_2$) હવા માનવજીવન અને અન્ય સજીવ - પ્રાણીઓના જીવન માટે અનિવાર્ય છે. ઔદ્યોગિક વિકાસની સાથે આ પ્રકારની શુદ્ધ હવાની અછત વધતી રહી છે અને તેના કારણે માનવીના આરોગ્યનાં ગંભીર પ્રશ્નો વધ્યા છે.

કાર્બન મોનોક્સાઈડ, કાર્બન ડાયોક્સાઈ, સલ્ફર ડાયોક્સાઈડ, સલ્ફર ઓક્સાઈડ વગેરે... જેવા વાયુઓ હવાને પ્રદૂષિત બનાવે છે. માનવ આરોગ્યને ગંભીર નુકશાન પહોંચાડનાર એસીડ રેઈન માટે આમાનાં કેટલાંક વાયુઓ જવાબદાર છે. પર્યાવરણની એક મહત્વની શાખા Envionmental Engineering દ્વારા સ્વચ્છ હવા આંકના ધોરણો નક્કી કરવામાં આવે છે. જેના દ્વારા ટકાઉ પોષણક્ષમ વિકાસ અંગે જાણી શકાય છે.

5.4.5 ઊર્જા સઘનતા : Energy Concentration :-

વિકાસ માટે ઊર્જા અનિવાર્ય છે. ઊર્જા ક્યા સ્ત્રોતો દ્વારા કેટલાં પ્રમાણમાં મેળવવામાં આવે છે અને તેનો કેટલા પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ તપાસવા માટે ઊર્જા સઘનતા મહત્વ ધરાવે છે.

આ તપાસવા માટે ઊર્જા સઘનતા અગત્યનું બને છે કુલ ઉત્પાદનના સંદર્ભમાં ઊર્જા સઘનતા માટે ઊર્જા / GNP દર તપાસવામાં આવે છે. જો આ દર નીચો હોય તો ટકાઉ પોષણક્ષમતા વધારે પોષણક્ષમતા નીચી કારણ કે ઊંચા દરથી ઊર્જાના જેનું પુનઃ સર્જન શક્ય નથી તેવા સ્ત્રોતો ઝડપભેર ખલાસ થતાં ભાવિ પેઢી માટે ઊર્જા સર્જન અને વપરાશના ગંભીર પ્રશ્નો સર્જાય છે.

5.4.6 પુનઃ સર્જીત ઊર્જાના સ્ત્રોતો : Sources of regenerated energ :-

- ઊર્જાના બે પ્રકારના સ્ત્રોતો છે.

1. નાશવંત સ્ત્રોતો અને
2. પુનઃ સર્જીત સ્ત્રોતો

"જે સ્ત્રોતનો એક વખત ઉપયોગ થયા પછી તેનો નાશ થાય છે તે નાશવંત સ્ત્રોતો કહેવાય" જ્યારે

"જે સ્ત્રોતનો એક વખત ઉપયોગ થયા પછી તેનો નાશ થાય છે તે નાશવંત સ્ત્રોતો કહેવાય" જ્યારે

"જેમાંથી અવિરત પણે સતત કાયમી ધોરણે ઊર્જા પ્રાપ્ત થાય તો તેને પુનઃ સર્જીત સ્ત્રોતો કહેવાય છે. જેમ કે, હવા, સૂર્ય પ્રકાશ, દરિયાના મોજા વગેરે..."

જો પુન : સર્જીત સ્ત્રોતોનો વધારે ઊપયોગ થાય તો ટકાઉ પોષણક્ષમ વિકાસ શક્ય બનશે પરંતુ જો નાશવંત સ્ત્રોતોનો જ વધારે પડતો ઉપયોગ થતો હોય તો ભવિષ્યમાં તેનો પૂરવઠો ખલાસ થઈ જશે અને ભાવિ પેઢીને ઊર્જાની કટોકટીનો સામનો

કરવો પડશે આથી, ટકાઉ વિકાસ માટે પુનઃ સર્જીત સ્રોતોનો ઈષ્ટતમ રીતે ઉપયોગ થવો જરૂરી છે.

5.4.7 સામગ્રી સઘનતા આંક : Content Density Index :-

કોઈપણ વસ્તુના ઉત્પાદન માટે જુદા - જુદા પ્રકારની સામગ્રી, યંત્રો, કાચોમાલ વગેરે... ની જરૂર પડે છે. અલ્પ વિકિસત દેશોમાં આ સામગ્રીની અછત જોવા મળે છે. અછત ધરાવતી અને વૈકલ્પિક ઉપયોગો ધરાવતી સામગ્રીની (કાચો માલ) જુદાં - જુદાં ક્ષેત્રોમાં ફાળવણી કરવાની હોય છે. જો આ સામગ્રીનો ઈષ્ટતમ ઉપયોગ થતો હોય તો સામગ્રી સઘનતા આંક ઊંચો રહે છે અને ટકાઉ પોષણક્ષમ વિકાસ સિદ્ધ કરી શકાય છે. પરંતુ જો અયોગ્ય અને અસમતુલીત ફાળવણી થતી હોય અને વર્તમાન તથા ભાવિ સામગ્રી પ્રમાણમાં પણ વિષમતાની સંભાવના હોય તો ટકાઉ પોષણક્ષમ વિકાસ થતો નથી.

5.4.8 પુનઃ સર્જીત સામગ્રી પ્રમાણ : Proportion of recreated Content :-

ઉપરોક્ત મુદ્દા (5.4.7) ના આધારે સમજી શકીએ કે જયારે ઉત્પાદન સામગ્રીની અછત છે તેનો વૈકલ્પિક ઉપયોગોને કારણે પ્રશ્ન વધારે ગંભીર બને છે આથી રીસાઈકલીંગ દ્વારા સામગ્રીનું પુનઃ સર્જન કરીને તેનો ઉપયોગ કરી શકાય.

દા.ત., કાગળ, પ્લાસ્ટીક, ધાતુઓ વગેરે.. નું રીસાઈકલીંગ કરીને તેનું પુન : સર્જન કરીને તેનો ઉપયોગ કરી શકાય છે. વેસ્ટમાંથી બેસ્ટની ટેક્નોલોજીનો વિકાસ અછતના પ્રશ્નો હળવા બનાવે છે. અને ટકાઉ વિકાસ શક્ય બને છે.

5.4.9 વાહન - વ્યવહાર સઘનતા : Vehicle transaction density :-

દેશના આર્થિક વિકાસની પ્રક્રિયામાં વાહન વ્યવહારક્ષેત્રનું અનિવાર્ય મહત્ત્વ છે. ઉત્પાદન સંબંધીત સામગ્રી, કાચો માલ કે તૈયાર વસ્તુઓ લઈ જવા - લાવવા માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી પ્રદૂષણના પ્રશ્નો પણ સર્જાય છે. જેમાં રસ્તા વાહન વ્યવહાર દ્વારા સૌથી વધારે પ્રદૂષણ ફેલાય છે. હવાઈ વ્યવહાર અને દરિયા વ્યવહાર દ્વારા ખાસ પ્રશ્નો સર્જાતા નથી આથી ટકાઉ પોષણકામ વિકાસ ના સંદર્ભે વાહન - વ્યવહાર સઘનતા કેટલી છે ક્યા પ્રકારના વાહનોનો ઉપયોગ થાય છે વાહન વ્યવહાર ખર્ચ / જીડીપી પ્રમાણ ને આધારે વાહન - વ્યવહારની સઘનતાનો આંક જાણી શકાય છે. આ સાથે પ્રદૂષણનું નિયંત્રણ કરે તેવી ટેક્નોલોજી કે વાહનોનો ઉપયોગ કરવો તે અનિવાર્ય છે. કે જેથી ટકાઉ વિકાસ સાધી શકાય.

5.4.10 જળ એ જ જીવન છે : Water is life :-

આ સૂત્ર એ જીવ સૃષ્ટિ માટે યથા યોગ્ય સાચું છે કારણ કે ખેતી, ઉદ્યોગો વગેરે... ક્ષેત્રોની કામગીરી અને વિકાસ પાણી વિના અશક્ય છે. દેશનાં લોકોને તથા આર્થિકક્ષેત્રોને વર્તમાન તથા ભવિષ્યના સંદર્ભમાં પુરતાં પ્રમાણમાં પાણી મળી રહે તે ટકાઉ પોષણક્ષમ વિકાસ માટે આવશ્ય છે.

5.4.11 જમીન ફળદ્રુપતાનો નાશ / ઘટાડો : Destruction or reduction of Soil fertility :-

જમીનના ઘોવાણ તથા ખવાણને કારણે જમીનને મોટા પ્રમાણમાં નુકશાન થાય છે જમીનનું ઉપલું પડ બનતાં સેંકડો વર્ષ લાગે છે. અતિશય પૂરના પાણીમાં આ જમીનની ઊપરની ફળદ્રુપતા ધોવાઈ જાય છે અને જમીન ખડકાળ થઈ જાય છે અને જમીનની ખારાશને કારણે ખેતી લાયક પાકો આપણે લઈ શકતા નથી આમ, તે ટકાઉપોષણક્ષમ વિકાસ ને નુકશાન કરે છે. આમ, જમીનની ફળદ્રુપતા પણ ટકાઉ વિકાસનો ભાગ છે.

5.4.12 જંગલ આવરણ પ્રમાણ : Proportion of forest Cover :-

જંગલોનો નાશ એટલે વાતાવરણ, વરસાદ, પાણી, જમીન તથા ઘણા પશુ - પક્ષીઓના જીવનને મોટા પ્રમાણમાં નુકશાન.

આથી, આપણા દેશમાં જંગલોનું પ્રમાણ કેટલું છે ? કુલ વિસ્તારમાં જંગલ નીચેનો વિસ્તાર કેટલો છે ? એ બાબત સૌથી અગત્યની છે. ટકાઉ પોષણક્ષમ વિકાસ માટે જંગલોનું પર્યાપ્ત આવરણ અનિવાર્ય છે.

5.4.13 આવાસ પરિસ્થિતિ : Housing Situation :-

આવાસ પ્રમાણ અને પરિસ્થિતિ ટકાઉ પોષણક્ષમ વિકાસના સંદર્ભમાં અતિ અગત્યનું નિર્દેશક છે. દેશના લોકોને સુગમ અને આરોગ્યપ્રદ આવાસની ધરતીનાં જીવતાં હજારો લોકો પ્રતિવર્ષ અસહ્ય ઠંડી - ગરમીને કારણે મરણ પામે છે. કામ કરવાની ઈચ્છા અને ક્ષમતા માટે પણ યોગ્ય આવાસ - વ્યવસ્થાની જરૂર છે.

5.4.14 પોષણક્ષમ પર્યાપ્ત ખોરાક : Affordable enough food :-

લોકોને પુરતાં પ્રમાણમાં પોષણક્ષમ ખોરાક પ્રાપ્ત ન થાય તો દેશમાં ઉત્પાદન કે સંપતિમાં ગમે તેટલો વધારો થયો હોય તો પણ તેને વિકાસ કહી શકાય નહી. દેશના તમામ લોકોને પુરતા પ્રમાણમાં પર્યાપ્ત કેલરી, વીટામીન, પ્રોટીન તથા અન્ય પોષક તત્વો મળે તેવી ખોરાક મળવો અત્યંત જરૂરી છે.

5.4.15 ગુનાખોરી : Crime :-

જો સમાજ કે દેશમાં ગુનાખોરીનું પ્રમાણ વધારે હોય, આતંકવાદ ફેલાયેલો હોય તો વિકાસ શક્ય બને નહી. આથી, ટકાઉ વિકાસ માટે ગુનાહિત તત્વોને નિયંત્રણમાં રાખવા જરૂરી છે.

5.4.16 સાંસ્કૃતિક સ્થિરતા : Cultural Stability :-

ટકાઉ વિકાસ માટે આ પણ એક મહત્ત્વનો માપદંડ છે. વિકાસની સાથે સંસ્કૃતિ વણાયેલી છે. કારણ કે તેની વ્યાપક અસરો લોકોના જીવન પર થાય છે. આથી સાંસ્કૃતિક અસ્થિરતા વિકાસને પણ અસ્થિર બનાવીદે છે.

5.4.17 સામાજિક શાંતિ : Social Peace :-

આર્થિક વિકાસ સાથે સામાજિક વિકાસ, શાંતિ અને સ્થિરતાં વણાયેલાં છે. આથી,

સામાજિક પ્રશ્નો, અશાંતિ, અસ્થિરતા, અસંતોષ, વિષમતા, શોષણ વધારે પ્રમાણમાં થાય તો વિકાસમાં અવરોધ ઉભો થાય છે.

5.4.18 સાધન ભાવો : Equipment Prices :-

ઉત્પાદનની પ્રક્રિયામાં જે સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે તેના ભાવો સતત વધતાં હોય અને તેમાં ભારે અસ્થિરતા અને અનિશ્ચિતતા હોય તો વિકાસની પ્રક્રિયામાં ગંભીર રૂકાવટ ઊભી થાય છે.

⇨ ઉપરોક્ત તમામ માપદંડો દ્વારા ટકાઉ વિકાસને મૂલવી શકાય છે.

તમારી પ્રગતિ ચકાસો (ક)

1. વિકાસ અને ટકાઉ વિકાસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. ટકાઉ વિકાસનો અર્થ આપી તેનું મહત્ત્વ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. ટકાઉ વિકાસના માપદંડો ચર્ચો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 5.5 જૈવ વિવિધતા (Bio - Diversity)

જૈવ વિવિધતાને અંગ્રેજીમાં "Bio - Diversity" કહે છે. તેમાં Bio એટલે Life અને Diversity એટલે Variety ટૂંકમાં Bio - Diversity એટલે Life Variety જેને સજીવ વિવિધતા કે જૈવ - વિવિધતા કહે છે.

પૃથ્વી પર હજારો વર્ષોથી પણ વધુ લાંબા સમયથી માનવીય આવશ્યકતાઓ પૂરી કરવા માટે મોટા પ્રમાણમાં જૈવ વિવિધતા પોતાનું અસ્તિત્વ ધરાવે છે. પ્રાણીઓનું આ વૈવિધ્ય એમના જીવનનો એક એવો આધાર છે કે જેનો ઉપયોગ પોતાની બુદ્ધિ અને વિકાસ માટે દરેક સંસ્કૃતિએ કર્યો છે. જે સભ્યતાઓ પ્રકૃતિની આ વિશિષ્ટ ભેટનો કાળજી પૂર્વક અને ટકાઉ રીતે ઉપયોગ કરશે તે સભ્યતાઓ ટકી શકશે અને જે તેમનો અતિ ઉપયોગ કે દૂર ઉપયોગ કરશે તો સભ્યતાઓનો નાશ થઈ જશે.

વિજ્ઞાન એક સદીથી પણ અધિક સમયથી પ્રકૃતિની વિવિધતા વર્ગીકરણ કરવાના પ્રયાસ કરી રહ્યું છે. આને કારણે આપણે વિવિધ વનસ્પતિઓ અને પ્રાણીઓના સમુદાયોના તંત્રોની સમજણ પ્રાપ્ત થઈ છે. પૃથ્વી પર સજીવોનું વૈવિધ્ય એટલું બધુ અધિક પ્રમાણમાં છે કે જો આપણે તેને અનેક પેઢીઓ સુધી ચાલે એટલા જૈવ વૈવિધ્યની - નવી પેદાશો વિકસાવી શકશે પરંતુ એને માટે આપણે એ વૈવિધ્યને આપણા એક અમુલ્ય સંશોધન તરીકે જાળવીએ અને પ્રજાતીઓનો વિનાશ થતો અટકાવીએ તો જ આ શક્ય બની શકે.

વર્તમાનમાં વૈશ્વિક ગરમીમાં વધારો થવા માટેના જવાબદાર પરિબળોમાં જૈવ વૈવિધ્ય એક અગત્યનું પરિબળ છે. માનવીએ ટૂંકાગાળાના વધુ આર્થિક લાભ મેળવવા અપનાવેલી ટેકનીકસ થી જૈવ વૈવિધ્યમાં ઘટાડો થયો છે. આને કારણે ગ્રીન હાઉસ ગેસનું પ્રમાણ વધ્યું છે. પર્યાવરણની જાળવણી માટે જૈવ વૈવિધ્ય અનિવાર્ય છે. જૈવ વૈવિધ્ય નાશ થવાથી આબોહવામાં વૈશ્વિક સ્તરે ફેરફારો થાય છે.

## 5.6 જૈવ વૈવિધ્યનો અર્થ : Meaning of Bio - Diversity :

"જૈવ વિવિધતા એ પ્રકૃતિનું એવું એક અંગ છે જેમાં કોઈ પ્રજાતિના અલગ - અલગ સભ્યોમાં જમીનોની વિવિધતાનો સમાવેશ થાય છે. સ્થાનિક, ક્ષેત્રીય, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે વનસ્પતિઓ, પ્રાણીઓની તમામ પ્રજાતિઓની વિવિધતા અને સમૃદ્ધિનો સમાવેશ થાય છે. તથા કોઈ એક સુનિશ્ચિત ક્ષેત્રમાં નિવસનતંત્રોના સ્થલીય અને જલીય પ્રકારનો સમાવેશ થાય છે."

## 5.7 જૈવ વૈવિધ્યનાં કદાવર કેન્દ્રો અને જૈવ વૈવિધ્યનાં ઉષ્મિત સ્થાનો : (Mega biodiversity Centres and Bio Diversity hot Spots) :

⇨ વિશ્વના અનેક પ્રદેશોમાં અનેક સંખ્યામાં જાતિઓ આશ્રય લેતી હોય છે. આવા પ્રદેશોને જૈવ વૈવિધ્યના કદાવર કેન્દ્રો કહેવાય છે.

વિશ્વના 12 દેશો જૈવ વૈવિધ્યનાં કદાવર કેન્દ્રો ધરાવે છે. જે વિશ્વની આશરે 60-70% જૈવ વૈવિધ્ય ધરાવતાં હોય છે. ભારત પણ તેમાનો એક છે.

ભારતમાં 81,000 થી વધુ પ્રાણી, 45,000 છોડ, 15,000 ફુલ, 20,000 ફુગ, 60,000 જંતુઓ, 1228 પક્ષીઓ, 446 સરિસૃપો, 372 મોટાં સસ્તન પશુઓ 2,546 મા છલીઓ અને અસંખ્ય દરિયાઈ વનસ્પતિઓ છે. આ પૈકીની 168 વનસ્પતિ ઓતો જગતમાં દુર્લભ છે.

સ્વયં સ્થાને જૈવ વૈવિધ્યના સંરક્ષણ માટે અગ્રતા ધરાવતાં સ્થાનોની ઓળખ માટે નોર્મન માયર્સે 1988 માં ઉષ્મિત સ્થાનોનો ખ્યાલ વિકસાવેલો. આ ઉષ્મિત સ્થાનો એટલે જમીન પરના છોડવાઓ કે પ્રાણી જીવન માટે ખતરો ઊભો કરનારાં સંગ્રહ સ્થાનો.

## 5.8 ભારત અને ગુજરાતમાં જૈવ વૈવિધ્યની સ્થિતિ : (Status of Biodiversity in India and Gujarat) :

⇨ ભારતમાં બે ઉષ્મિત સ્થાનો આવેલાં છે :

5.8.1 પશ્ચિમ ઘાટ :

આ વિસ્તાર ભારતીય દ્રીપકલ્પના પશ્ચિમના દરિયાઈ કિનારાના 1600 કિ.મી.

ની લંબાઈમાં છવાયેલો છે. અને તે મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ અને કેરળ જેવા રાજ્યોમાં પથરાયેલો જોવા મળે છે. અહીં 500 થી 1500 મીટરની ઊંચાઈએ આવેલાં હરિયાળા વનો પણ જોવા મળે છે.

5.8.2 પૂર્વ હિમાલય :

આ વિસ્તાર ઈશાની (NW) ભારત અને ભૂતાન સુધી વિસ્તરેલો છે. અહીં બહુ જ ઊંડી ખીણો પણ છે તેમજ અર્ધપૃથક ખીણો પણ છે. આ ખીણોમાં વનસ્પતિ ની જુદી - જુદી જાતો ખૂબ મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. અહીં કેટલાંક ફૂલો આપતાં છોડ પણ છે.

ભારતમાં આ વન્ય વનસ્પતિઓ તેમજ અન્ય જીવો એટલી મોટી અને વૈવિધ્ય રીતે મળે છે કે જેને લઈ ભારત કુદરતી સંપતિવાન દેશ ગણાય છે. પરંતુ અહીં તેનો અભ્યાસ અને વિકાસ તેમજ સંશોધનો થઈ શક્યા નથી, જેને લઈને ભારત દેશ વિશે એવું કહેવાય છે કે - ''અતિ સમૃધ્ધ કુદરતી સંપતિવાળો જો કોઈ ગરીબ દેશ હોય તે ભારત છે''

5.8.3 ભારતમાં વનસ્પતિની નવી વિકસાવેલ 167 જાતો અને ખેત - પેદાશના સંબંધી 320 પ્રકારના વન્ય સંબંધિત છોડવાઓ ઉછેરાયેલા છે. વળી, પ્રાણી જાતિમાં પણ ખૂબ જ વૈવિધ્ય છે. બીજી કુદરતી સંપતિ જેવી કે,

(i) પ્રાણી જાતિના વૈવિધ્ય :

એક ખૂંધવાળો બળદ, મરઘીનાં બચ્ચાં, જલભેંસ, ઊંટ વગેરે...

(ii) ખેતપેદાશ વૈવિધ્ય :

ડાંગર, શેરડી, કેળાં, ચાર, જુવાર, બાજરો અને રૂ વગેરે.

(iii) વાડી - બગીચા પેદાશ વૈવિધ્ય :

કેરી, ફણસ, કાકડી, ચીભડાં વગેરે...

(iv) વનસ્પતિ જન્ય મસાલા :

ઈલાયચી, કાળાં મરી, આદુ, હળદર, વાંસ અને વાંસનો સાંઠો વગેરે...

(v) અન્ય પ્રાણી સૃષ્ટિ :

ઘેટાં, બકરા, ઢોર - ઢાંખર, છોડા, ગધેડાં, તિબેટી બળદ, ઘેડાં, વગેરે...

(vi) અન્ય છોડ :

તમાકુ, બટાકા, મકાઈ વગેરે...

તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. જૈવ વિવિધતા એટલે શું ?

..................................................................

..................................................................

..............................................................

..............................................................

2. ભારતમાં આવેલાં બે ઉષ્મિત સ્થાનો અંગે સમજૂતી આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

3. ભારતમાં જૈવ-વૈવિધ્યની સ્થિતી વર્ણવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 5.9 જૈવ વિવિધતાના પ્રકાર : (Types of Biodiversity) :

5.9.1 આનુવંશીક જૈવ વિવિધતા / જનીનોની વૈવિધ્ય : Genetic diversity :

⇨ દરેક વનસ્પતિ અને પ્રાણી જાતીના પ્રત્યેક સભ્ય પોતાના જનીનોની સંરચનામાં તેના બીજા સભ્યોથી એક દમ જુદો હોય છે તેનું કારણ એ છે કે પ્રત્યેક સભ્યોને પોતાની આગવી વિશેષતા પૂરી પાડનાર જનીનોની સંભવીત સંયોજનોની સંખ્યા બહુ મોટી છે.

પ્રત્યેક માણસ દરેક બીજા માણસથી જુદો દેખાય છે. કેટલીક વાર તો આપણે જોઈએ છીએ કે જુડવા બાળકોમાં પણ જનીનોની સયોજનો જુદા-જુદા હોવાથી જુડવા બાળકો પણ એકબીજાથી જુદ - દેખાતા હોય છે. જેને અનુવંશીક જૈવ વિવિધતા કહેવાય છે. આવી જ રીતે કેટલીક વાર પ્રાણીઓમાં પણ જનીનોની અસમાનતા હોવાને કારણે પ્રાણીઓમાં પણ વિશેષતા જોવા મળે છે.

5.9.2 પ્રજાતીય જૈવ વિવિધતા : Species Diversity :

કોઈપણ ક્ષેત્રમાં અસ્તિત્વ ધરાવતી વનસ્પતિઓ અને પ્રાણીઓની સંખ્યા જ તેની પ્રજાતિની વિવિધતાની રચના કરે છે. આ પ્રજાતિઓની વિવિધતા પ્રાકૃતિક અને ખેતીવાડીના એમ બંને પ્રકારના નિવસન તંત્રોમાં જોવા મળે છે. પ્રજાપતિઓની દૃષ્ટિએ કેટલાંક ક્ષેત્રો બીજા ક્ષેત્રોની સરખામણીમાં વધુ સમૃદ્ધ હોય છે.

ઉ.દા., ઉષ્ણકટીબંધના જંગલોમાં કોઈ પણ પ્રકારના વિક્ષેપન થયા ન હોવાથી ત્યાં પ્રજાતિઓની સંખ્યા ખુબ જ વધારે પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે ઈમારતી લાકડું મેળવવા માટે વન વિભાગ દ્વારા એક જ પ્રકારના વૃક્ષો જ્યારે ઉઘાડવામાં આવે છે ત્યારે એવા વિસ્તારની પ્રજાતીઓનું વૈવિધ્ય ઓછા પ્રમાણમાં જોવા મળે છે. અને આવા જંગલોમાં ઈમારતી લાકડાં મેળવવા ઈમારતી વૃક્ષો વાવવામાં આવે છે. તેમાંથી ફળો, ઈંધણનું લાકડું, ઘાસ ચારો, ગુંદર કે ઔષધિય જડી બુટ્ટીઓ પણ મળી રહે છે. તેમજ

પડિયા પતરાળાં બનાવવા ખાખરાના પાંદડાં, બીડી બનાવવા ટીમરુંના પાંદડાં વગેરે... પેદાશો પણ મળી રહે છે.

ટૂંકમાં, અહીં ઈમારતી લાકડા સિવાય અમુક પ્રમાણમાં આ જંગલોની ઉપયોગીતા વધે છે પરંતુ, એક જ પ્રકારના વૃક્ષોને કારણે ત્યાં જૈવ વિવિધતા ઓછી થઈ જાય છે.

સામાન્ય રીતે જે વિસ્તારમાં કુતરું, બિલાડી કે અન્ય પ્રજાતિઓ વધારે હોય તો તેને પ્રજાતીય જૈવ વિવિધતા કહેવાય છે. પરંતુ, તેવા વિસ્તારમાં બીજા સજીવોનું સંરક્ષણ થવું એટલું જ જરૂરી બને છે.

સંરક્ષણ વૈજ્ઞાનિકોએ અત્યાર સુધીમાં પૃથ્વી પર 1.8 મિલિયન પ્રજાતિઓને ઓળખીને તેનું વર્ગીકરણ કર્યું છે.

5.9.3 પરિસ્થિતિય જૈવ - વૈવિધ્યતા / નિવસનતંત્રોનું વૈવિધ્ય : Ecosystem Diversity :

⇨ પૃથ્વી પરના નિવસન તંત્રોની વિવિધતા બહુ વિશાળ પ્રમાણમાં છે અને દરેક નિવસનતંત્રમાં તેના પોત-પોતાના નિવાસ ભિન્નતાઓના આધારે દરેક એકબીજાને પુરક, સમૃધ્ધ અને એકબીજાથી વિશેષ રીતે જુદી પડતી પ્રજાતીઓની આગવી એટલે કે જુદી - જુદી દુનિયા સમાવેયી છે.

નિવસનતંત્રોની વિવિધતાનું વર્ણન કોઈ એક વિશેષ ભૌગોલિક ક્ષેત્ર પ્રમાણે પણ કરી શકાય અને દેશ, રાજ્ય અથવા તાલુકા જેવા રાજ નૈતિક એકમો પ્રમાણે પણ કરી શકાય. વિશેષ લાક્ષણિકતા ધરાવતા નિવસન તંત્રોમાં જંગલ ઘાસના પ્રદેશો, રણ પ્રદેશ, અને પર્વતો જેવા ભૂખંડો પણ આવે છે. અને નદી, સરોવર, અથવા સમુદ્ર સંબંધીત હોય તેવા તંત્રો પણ આવે છે. આવા નિવસન તંત્રોમાં ખેતરો અથવા ગૌચરો જેવા માનવ પ્રવૃત્તિ દ્વારા સંશોધન પામેલા ક્ષેત્રો પણ આવી જાય છે.

એક નિવસનતંત્રને 'પ્રાકૃતિક' ત્યારે જ કહી શકાય કે જ્યારે તે માનવીય પ્રવૃત્તિઓથી અપ્રભાવીત અથવા અખંડીત રહેલું હોય અને જ્યારે આવા નિવસન તંત્રોમાં કોઈપણ સુધારણા કરવામાં આવે છે ત્યારે તેને પ્રાકૃતિક કે કુદરતી કહી શકાય નહીં. પ્રાકૃતિક નિવસનતંત્રો એ વિશિષ્ટ મહત્વ ધરાવે છે. પરંતુ તેમાં ફેરફાર થવાને કારણે તેનું મહત્ત્વ ધીમે ધીમે ઘટતું જાય છે.

## 5.10 જૈવ વિવિધતાનું મહત્ત્વ : Importance / Need of Biodiversity :

⇨ જૈવ વિવિધતા મનુષ્યને અનેક રીતે ઉપયોગી છે અને આપણી તમામ પ્રાથમિક જરૂરિયાતોને તે સીધી કે પરોક્ષ રીતે પુરી પાડતી આવી છે. આવી કેટલીક મહત્ત્વની જરૂરિયાતો અને જૈવ વૈવિધ્યતાનો ફાળો નીચે મુજબ દર્શાવી શકાય.

5.10.1 ખોરાક : Food :

સામાન્ય રીતે આપણો ખોરાક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વનસ્પતી કે પ્રાણીઓ માંથી જ મળે છે. લોકો દ્વારા વપરાતી 90% કેલરી મુખ્ય 80 જાતની વનસ્પતિઓ માંથી મળે છે. ફાળો, બીજ, મશરૂમ, મધ, મસાલા, ખાદ્ય પ્રાણીઓ આ જૈવ - વિવિધતાના મહત્ત્વના ઉત્પાદનો છે કે જેનો આપણે ખોરાક માં ઉપયોગ કરીએ છીએ.

5.10.2 દવાઓ : Drugs :

એક સર્વેક્ષણ પ્રમાણે પૃથ્વીની માનવ વસ્તીમાંથી 80% લોકો હાલમાં વનસ્પતિ અને પ્રાણીજ પેદાશોનો પ્રાયમિક દવા તરીકે ઉપયોગ કરે છે. આ ઉપરાંત હાલમાં લેવાતી એન્ટી બાયોટીક દવાઓ પણ સુક્ષ્મ જીવો માંથી કે તેની મદદથી બનાવવામાં આવે છે.

દા.ત., પેનેસીલીકા નામનું એન્ટીબાયોટીક પેનેસિલીયમ ફુગમાંથી બનાવાય છે. અને મોટા ભાગની વનસ્પતીમાં રહેલી જૈવિક રસાયણો આધુનિક દવાઓ બનાવવા ઉપયોગ થઈ છે.

5.10.3 બળતણ / ઈમારતી લાકડું / રેસાઓ અને અન્ય : Fuel / Timber / Fibers and Others :

આપણે જાણીએ છીએ કે ઘરમાં ફર્નીચર માટે વપરાતુ લાકડું, ઈંધણ માટે વપરાતુ લાકડું ગુંદર અને રેસાઓ આપણી વિવિધ જરૂરિયાતો માટે ઉપયોગ કરતા આવ્યા છીએ અને એ પણ સૃષ્ટિની જૈવ વિવિધતાની દેન છે.

5.10.4 સાંસ્કૃતિક મહત્ત્વ : Cultural Significance :

આપણા પુરાણોમાં પણ વનસ્પતિઓ અને પ્રાણીઓનું મહત્ત્વ દર્શાવવામાં આવેલું છે દા.ત., રામાયણમાં જટાયુ અને ગીધની વાતો વાનરસેનાની વાતો સંજીવની ઝડીબુટ્ટીની વાતો વગેરે... એ દર્શાવે છે કે પૌરાણિક સમયથી આપણે જૈવવિવિધતાને અને તેના ઉપયોગોને જાણતા આવ્યા છીએ.

5.10.5 પરાગનયન : Pollination :

વનસ્પતિમાં થતું પરાગનયન અને તેથી થતું ફળ એ ઘણીવાર પતંગિયા, માખી જેવા કીટકોને આભારી છે ચોક્કસ પ્રકારની વનસ્પતીમાં કેટલીક વાર ચોક્કસ પ્રાણી - પક્ષી દ્વારા પરાગનયન થતું હોય છે હવે જો આવા પક્ષીઓ - પ્રાણીઓ ન હોય તો પરાગનયન કરાવી શકાતું નથી.

5.10.6 હવા અને પાણીનું શુદ્ધીકરણ : Purification of Air and water :

આપણા શ્વાસમાં લેવાતી હવા (ઓકિસજન) અને આપણા વપરાશમાં લેવાતું પાણી નું શુદ્ધિકરણ ઘગણા અંશે જૈવ વિવિધતાને આભારી છે.

દા.ત., હવામાં રહેલો કાર્બન ડાયોક્સાઈડ શોષીને જંગલો / વૃક્ષો હવાનું શુદ્ધિકરણ કરે છે. એ જ રીતે પાણીમાં જોવા મળતાં મોટાભાગના સુક્ષ્મ જીવો અને અન્ય કિટકો કે પ્રાણીઓ કુદરતી રીતે પાણીનું શુદ્ધિ કરણ નું કામ કરે છે.

5.10.7 ધાર્મિકતા માટે : For Religiosity :

ગાય, તુલસી, પીપડો, વડ એ ધાર્મિક રીતે પૂજ્યા યોગ્ય છે. આથી, અહીં જૈવ વિવિધતા વિશેષ રીતે ઉપયોગી બને છે.

## 5.11 સારાંશ : (Abstract) :

⇨ વર્તમાન સમયમાં ભૌતિક સુખ - સગવડોનો ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયો છે. તે ઉપરથી કહી શકાય કે ખૂબ વિકાસ થઈ રહ્યો છે પરંતુ વિકાસનું સ્વરૂપ ટકાઉ, નિરંતર

અને કાયમી હોવું અત્યંત જરૂરી છે વર્તમાન પેઢીને તેની આગળની પેઢી પાસેથી વારસામાં જે સાંપડ્યું છે તેમાં ઘટાડો કર્યા વગર વિકાસ કરવો જોઈએ. જેને માટે નીચેનાં કેટલાંક ઉપાયો સૂચવી શકાય.

⇨ બાળપણથી જ વિદ્યાર્થીઓને ટકાઉ વિકાસના પ્રશ્નો બાબતે સભાન અને ચિંતિત બનાવવા જોઈએ અને અભ્યાસક્રમમાં પર્યાવરણ અને ટકાઉ વિકાસના વિસયને ફરજીયાત કરવા જોઈએ.

⇨ ટકાઉ વિકાસ બાબતે જન સમુદાયમાં જાગૃતિ કેળવવાના સઘન કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

⇨ જમીન પર જૈવ સૃષ્ટિમાં ટકાઉક્ષમ જંગલોનું રક્ષણ કરી અને જૈવ વિવિધતાને થતું નુકશાન અટકાવવું જોઈએ. બળતણ ના લાકડાની જગ્યાએ ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતો નો ઉપયોગ કરવો. વૃક્ષો રોપવાની, ઉગાડવાની અને જાળવવાની જાગૃતતા ઊભી કરવી તેમજ વનીકરણની પ્રક્રિયા સતત ચાલુ રાખવી પ્રાકૃતિક જંગલો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોનું વધુ સર્જન, સંરક્ષણ અને સંવર્ધન કરવું જોઈએ.

⇨ નિરીક્ષકોના મતે 2025 સુધીમાં અડધું વિશ્વ પાણી આધારિત રોગોનો સામનો કરી રહ્યું હશે પ્રદૂષિત પાણી પીવાના કારણે દર વર્ષે 50 લાખ લોકોના મૃત્યુ થાય છે. વિશ્વમાં કુલ વસ્તીની 20% વસ્તી (1.5 અબજ લોકો) ને પીવાનું શુદ્ધ પાણી મળતું નથી. આજની વધતી જતી જનસંખ્યા, ઔદ્યોગિકરણ અને શહેરીકરણને લીધે પીવાના શુદ્ધ તથા સુરક્ષિત પાણીની ઉપલબ્ધતામાં ઘટાડો થઈ રહ્યો છે. આ સમસ્યાનો અભ્યાસ 60 વર્ષ પહેલાં વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનને થયો હતો તેથી જ તેમણે ભવિષ્યવાણી કરી હતી કે ''ત્રીજા વિશ્વયુદ્ધની ખબર નથી પરંતુ ચોથુ વિશ્વ યુદ્ધ ચોક્કસ પણે પાણી માટે જ લડાશે''

ભારતમાં માત્ર 2.7% પાણી જ પીવાલાયક છે. આથી જ ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવા વિશ્વની તમામ પ્રજાને સ્વચ્છ પીવા લાયક પાણીની ઉપલબ્ધતા થવી અનિવાર્ય છે. આ ઉપરાંત, વિશ્વના 10 વ્યક્તિમાંથી 4 વ્યક્તિ માટે સેનિટેશનની વ્યવસ્થા નથી આથી દરેક વ્યક્તિને શૌચાલય અને બાથરૂમ ની સગવડ અને સ્વચ્છતા જળવાય તો જ ટકાઉ વિકાસ શક્ય બનશે.

⇨ રોજીંદા જીવનમાં ઈકો ફ્રેન્ડલી ચીજવસ્તુઓ નો ઉપયોગ કરવો અને કુદરતી સંપત્તિઓ નો બગાડ ન થાય તે રીતે તેનો ઉપયોગ કરવો. ટુંકમાં Four 'R' નું પાલન કરવું જેમાં, Reduce, Reuse, Recycle અને Refuse ને મહત્ત્વ આપવું.

⇨ પર્યાવરણ ફ્રેન્ડલી ટ્રેકનોલોજી વાપરનારને કરમાં રાહત આપવી જોઈએ. એવી ટ્રેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ કે જેથી ઊર્જામાં ઘટાડો થાય અને કાર્બન ડાયોક્સાઈડ વાયુનું પ્રમાણ ઘટે.

**તમારી પ્રગતિ ચકાસો (01)**

1. જૈવ વૈવિધ્યના પ્રકાર જણાવો.

.................................................................

.................................................................

..............................................................

..............................................................

2. જૈવ વિવિધતાનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

3. ટકાઉ વિકાસ કરવા માટે ક્યા પગલાં લઈ શકાય ?

..............................................................

..............................................................

..............................................................

..............................................................

- વિશ્વ પર્યાવરણ દિન : (World Environmentday) :

  સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નક્કી થયા અનુસાર વૈસ્વિક પર્યાવરણ સુરક્ષા અને લોકજાગૃતિના ભાગરૂપે પ્રતિવર્ષ વિશ્વભરના દેશમાં 5 મી જુનના દિવસે "વિશ્વ પર્યાવરણ દિવસે તરીકે ઊજવવામાં આવે છે."

- વિશ્વ ધરતી દિન : (World earth day) :

  'વિશ્વ ધરતી દિન' ની ઊજવણીની શરૂઆત 22 મી એપ્રિલ 1970 ના રોજ થઈ હતી.

- જનીન : (Gene) :

  "જનીન એટલે કોષમાના ડી.એન.એ. (DNA Deoxyribonucleic acid)" નો એક એવો ભાગ કે જે વિવિધ લક્ષણો પ્રદર્શીત કરવામાં અને તેને દર પેઢી જાળવી રાખવામાં ભાગ ભજવે છે.

- જાતિ : (Species)

  "જાતિ એટલે સરખા લક્ષણો ધરાવતાં પ્રજોત્પત્તિ કરી શકતા અને સમાન જનિનીક બંધારણ ધરાવતા સજીવોનો સમૂહ"

- જૈવ વિવિધતા હોટ સ્પોટ : (Biodiversity hot spot) :

  "પૃથ્વી પરના ભૌગોલિક વિસ્તારો કે જ્યાં સૌથી વધુ જાતિઓની વિવિધતા મળતી હોય તેવા વિસ્તારોને બોયોડાયવર્સીટી હોટ સ્પોટ (Bio Diversity Hot spot) કહેવાય છે"

- ક્યોટો પ્રોટોકોલ :

  "વૈશ્વિક ગરમી વધવા માટે જવાબદાર ગ્રીન હાઉસ ગેસના પ્રમાણમાં ઘટાડો કરવા માટે ડિસેમ્બર, 1997 માં ઘાડાયેલો પ્રથમ કાયદેસર નો આંતરરાષ્ટ્રીય ખરડો છે."

- કાર્બન ક્રેડિટ :

  કાર્બન ક્રેડિટ એ ગ્રીન હાઉસ ગેસમાં ઘટાડો કરે તેવા પ્રોજેક્ટ અથવા પેદાશનો ઉપયોગ કરનાર દેશને આંતરરાષ્ટ્રીય રીતે આપવામાં આવેલું આર્થિક મૂલ્ય છે. વર્તમાનમાં આ ઘટાડાનું મૂલ્ય કાર્બન ડાયોક્સાઈડના સંદર્ભમાં નિયત થયેલ છે. 1 ટન કાર્બન ડાયોક્સાઈડ માં ઘટાડો થાય ત્યારે તે દેશને 1 કાર્બન ક્રેડિટ આપવામાં આવે છે. (નોંધ - કાર્બન ક્રેડિટનો ધંધાકીય વિનિમય થઈ શકે છે. અથવા બજાર કિંમતે તેનું આંતરરાષ્ટ્રીય ખરીદ - વેચાણ થઈ શકે છે.)

- ઉષ્મિત સ્થાનો : (Warm places) :

  'ફૂલઝાડ અને કીટકોની પ્રજાતિઓની ખૂબ સમૃદ્ધ ક્ષેત્રોને જૈવ વિવિધતાના અતિ સમૃદ્ધ ઉષ્મિત સ્થાનો કહેવાય છે' (નોંધ : આપણું ભારત એ અનેક પ્રજાતિઓની વિવિધતામાં અસાધારણ સમૃદ્ધિ ધરાવતાં 15 રાષ્ટ્રોમાનું એક રાષ્ટ્ર છે)

## 5.13 સંદર્ભ પુસ્તકો : (References) :


1. પર્યાવરણનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-6, પ્રથમ આવૃત્તિ-2000, પાના નં. 110.
2. પર્યાવરણ અને આપત્તિ વ્યવસ્થાપન, સ્વામી પ્રકાશન પ્રથમ આવૃત્તિ, એપ્રિલ - 2006, પાના નં. 31.
4. અર્થશાસ્ત્ર, ધોરણ : 12, ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, પાના નં. 7.
5. પર્યાવરણ અધ્યયન, વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગને માટે નિર્મિત, પ્રયમ આવૃત્તિ - 2008, પાના નં. 91.


## 5.14 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

◆ તમારી પ્રગતિ ચકાસો (ક)

1. 5.1 અને 5.2 વાંચો.
2. 5.3 અને તેનો પેટા વિભાગ વાંચો.
3. 5.4 અને તેના પેટા વિભાગો વાંચો.

◆ તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. 5.6 વાંચો
2. 5.8 અને તેના પેટા વિભાગ વાંચો (5.81, 5.82)
3. 5.8.3 વાંચો.

◆ તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. 5.9 અને તેના પેટા વિભાગ વાંચો
2. 5.10 અને તેના પેટા વિભાગ વાંચો
3. 5.11 (સારાંશ) વાંચો.

- યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

(1) વાતાવરણ માં સૌથી વધુ પ્રદૂષણ ફેલાવનારા ક્ષેત્ર કયું છે ?

(A) ઉદ્યોગો (B) ખેતી

(C) શહેરીકરણ (D) ખાણકામ

(2) ટકાઉ વિકાસ એટલે..............થતો વિકાસ.

(A) સ્થિર (B) અસ્થિર

(C) નિરંતર (D) મજબુત

(3) ટકાઉ વિકાસનું આધારભુત માપદંડ ક્યું છે ?

(A) રાષ્ટ્રીય આવક (B) માથાદીઠ આવક

(C) (A) અને (B) બંને (D) એકપણ નહી

(4) જેમાંથી અવિરત પણે કાયમી ઊર્જા પ્રાપ્ત કરી શકાય તેને ક્યા સ્ત્રોતો કહેવાય ?

(A) નાશવંત (B) પુન : સર્જીત

(C) સ્થિર (D) અસ્થિર

(5) ..............વર્ષમાં બ્રાઝિલના પાટનગર રીયો ડી જાનેરોમાં યુનો દ્વારા પૃથ્વી પરિષદનું આયોજન થયું હતું.

(A) 2000 (B) 1991

(C) 1992 (D) 1990

(6) ટકાઉ વિકાસના માપદંડોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) માનવ સંસાધન વિકાસ આંક (B) પુન : સર્જીત ઊર્જાના સ્ત્રોતો

(C) જંગલ આવરણ પ્રમાણ (D) ઉપરોક્ત બધા જ

(7) "ભાવિ પેઢીની જરૂરિયાતોને નુકશાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીની જરૂરિયાત સંતોષી શકે તેને ટકાઉ પોષણક્ષમ વિકાસ કહેવામાં આવે છે" - આ વ્યાખ્યા કોના દ્વારા અપાઈ હતી ?

(A) યુ.એન. (B) વિશ્વપંચ

(C) W.H.O. (D) W.T.O.

(8) વિશ્વ ધરતી દિનની ઊજવણી ની શરૂઆત 22 મી એપ્રિલ..............ના રોજ થઈ હતી.

(A) 1951 (B) 1961

(C) 1970 (D) 1990

(9) ટકાઉ પોષણક્ષમ વિકાસના નિર્દેશકો..............સ્વરૂપના છે.

(A) નાણાંકીય (B) બિન નાણાકીય

(C) સ્થિર (D) અસ્થિર

(10) G..D.P. નું પુરુ નામ..............

(A) Gross Damestic Percapita Income

(B) Gross Development Programme

(C) Gross Domestic Producttion

(D) Get Development Production

(11) નીચેનામાંથી ક્યા વાયુઓ હવાને પ્રદૂષિત બનાવે છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ (B) કાર્બન મોનોક્સાઈડ

(C) સલ્ફર ઓક્સાઈડ (D) બધા જ

(12) જૈવ વિવિધતા એટલે.........

(A) સજીવોમાં વિવિધતા (B) નિર્જીવોમાં વિવિધતા

(C) પર્યાવરણ (D) એક પણ નહીં.

(13) જૈવ વિવિધતાના પ્રકારોમાં કોનો સમાવેશ થાય છે ?

(A) આનુવંશિક (B) પ્રજાતિય

(C) પરિસ્થિતિય (D) બધા જ

(14) જીવાવષેશ નિષ્ણાંતોના મતાનુસાર પ્રતિવર્ષ કેટલી જાતિઓ કુદરતી રીતે નાશ પામે છે ?

(A) 1 થી 10 (B) 1 થી 20

(C) 1 થી 30 (D) 1 થી 40

(15) જૈવ વિવિધતાને તેના કુદરતી પર્યાવરણયી બહાર અપાતું સંરક્ષણમાં કોનો સમાવેશ થાય છે ?

(A) પર્યાવરણ શિક્ષણ (B) પર્યાવરણ જાગૃતિ (અભ્યારણ)

(C) કાયદાકીય માપંદડો (D) બધા જ

(16) વર્તમાન સમયમાં ક્યા પ્રદૂષણ તરફ વિશ્વનું ધ્યાન સૌથી વધુ ખેંચાયું છે ?

(A) હવા (B) પાણી

(C) ભૂમિ (D) પ્લાસ્ટિક

(17) વિશ્વના............દેશો જૈવ વિવિધતાનાં કદાવર કેન્દ્રો છે.

(A) 10 (B) 11

(C) 12 (D) 13

જવાબ :

1. A 2. C 3. C 4. B 5. C 6. D 7. B 8. C 9. B 10. C

11. D 12. A 13. D 14. A 15. D 16. D 17. C

◆ ખાલી જગ્યા પૂરો

1. જે સ્રોતો એક વખત ઉપયોગ થયા પછી તેનો નાશ થાય તે............સ્રોત કહેવાય.
2. ટકાઉ વિકાસ શબ્દનો ઉલ્લેખ 1887 માં............દ્વારા પ્રકાશિત બ્રુટલેન્ડ રીપોર્ટમાં જોવા મળ્યો હતો.
3. વન્ય જીવ (આરક્ષણ) કાયદો............વર્ષે અસ્તિત્વમાં આવ્યો ?
4. પર્યાવરણ સંરક્ષણ કાયદો............વર્ષે અસ્તિત્વમાં આવ્યો ?
5. માનવ સૃષ્ટિની આસપાસનું કુદરતી અને માન સર્જિત આવરણ એટલે............
6. જૈવ વિવિધતાને અંગ્રેજીમાં............કહે છે.
7. Bio - Diversity માં Bio એટલે............Diversity એટલે............
8. Four 'R' ના ખ્યાલમાં Reduce, Reuse, Recycle અને............નો સમાવેશ થાય છે.

જવાબ :

1. નાશવંત, 2. યુ.એન., 3. 1972, 4. 1986, 5. પર્યાવરણ,

6. Bio - Diversity, 7. Life, Variety, 8. Refuse

⊙ ⊙ ⊙

એકમ 6

# આર્થિક વિકાસના પ્રશિષ્ટ સિધ્ધાંતો

-: રૂપરેખા :-

6.0 ઉદ્દેશ

6.1 પ્રસ્તાવના

6.2 આર્થિક વિકાસના સિધ્ધાંત એટલે શું ?

6.3 આર્થિક વિકાસનો એડમ સ્મિથનો સિધ્ધાંત

6.4 આર્થિક વિકાસનો ડેવિડ રિકાર્ડોનો સિધ્ધાંત

6.5 એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતની તુલના

6.6 સારાંશ

6.7 ચાવીરૂપ શબ્દો

6.8 તમારી પ્રગતિ ચકાસો

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો
- ઉપયોગી સંદર્ભ વાચન

## 6.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- આર્થિક વિકાસના સિધ્ધાંતોનો અર્થ સમજાવી શકશો.
- આર્થિક વિકાસના પ્રશિષ્ટ સિધ્ધાંતોનો પરિચય મેળવી શકશો.
- આર્થિક વિકાસનો એડમ સ્મિથનો સિધ્ધાંત સમજાવી શકશો.
- આર્થિક વિકાસના ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતનું વિશ્લેષણ કરી શકશો.
- આર્થિક વિકાસના એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતની તુલના કરી શકશો.

## 6.1 પ્રસ્તાવના

"આવું શા માટે બને છે ?" "આવું કેવી રીતે બન્યું ?" - આ પ્રકારના પ્રશ્નોનો જવાબ સિધ્ધાંતો આપે છે. કોઈ પણ ઘટના બનવા પાછળનાં કારણો, તે ઘટનાની અસરો વગેરેનો વિસ્તૃત અને ઊંડાણ પૂર્વકનો અભ્યાસ કર્યા પછી જે હકીકતો ભેગી થાય છે તે હકીકતોની ગોઠવણપૂર્વકની રજૂઆતને સિધ્ધાંત કહેવામાં આવે છે. વિદ્યાર્થી મિત્રો, આપણો વિષય અર્થશાસ્ત્ર છે. તેથી આર્થિક વિકાસ અને તેને સંબંધિત ઘટનાઓ વિશે જાણવાની આપણી ઉત્સુકતા હોય તે સ્વાભાવિક છે. હવે તમે તૃતીય વર્ષ બી.એ. માં અભ્યાસ કરો છો. તેથી આસપાસ બનતી આર્થિક ઘટનાઓથી પણ તમે સભાન હો તે સ્વાભાવિક છે. તમને વિચાર આવતો હશે કે કેટલાક પ્રદેશો શા માટે પછાત રહી ગયા છે ? અને કેટલાક દેશોનો વિકાસ થઈ રહ્યો છે તો તેના પાછળ ક્યાં પરિબળો અસર કરે છે ? જો કોઈ પ્રદેશનો કે સમાજનો વિકાસ કરવો હોય તો શું કરવું જોઈએ ?

આપણે જાણીએ છીએ કે આર્થિક વિકાસ એ એક પ્રક્રિયા છે. તે સતત થાય છે અને સમયમાં પરિવર્તન આવવાની સાથે આર્થિક વિકાસનાં કારણો અને તેનાં ઘટકો તેમજ પરિબળોમાં પણ ફેરફાર થાય છે. આજથી 300 વર્ષ પહેલાં જે રીતે વિકાસ થતો હતો તે રીતે આજે નથી થતો યંત્રો, ઉત્પાદન પધ્ધતિ સમાજનાં લોકોનો અભિગમ વગેરે બધું જ પરિવર્તન પામ્યું છે. પરંતુ જો આપણે વર્તમાન વિકાસ પ્રક્રિયાને સમજવા માગતાં હોઈએ તો તેના પહેલાં બનેલી ઘટનાઓને પણ સમજવી જોઈએ. એટલે આજની વિકાસ પ્રક્રિયાને જાણવા અને સમજવા માટે તે પહેલાંના સિધ્ધાંતો પણ સમજવા જોઈએ.

તમારા અભ્યાસક્રમમાં એડમ સ્થિમ, ડેવિડ રિકાર્ડો જે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનાં આર્થિક વિકાસ અંગેનાં અવલોકન છે તેવી જ રીતે શુમ્પીટર જેવા આધુનિક વિચારકોના સિધ્ધાંતો પણ છે. આ બધા સિધ્ધાંતોનો અભ્યાસ તમારા માટે ઘણો જ રસપ્રદ રહેશે ! આ એકમ અને પછીનાં એકમમાં તમે જુદાજુદા સિધ્ધાંતોનો અભ્યાસ કર્યા પછી તમે જાણી શકશો કે જેમ જેમ સમયમાં પરિવર્તન થાય છે તેમ તેમ આર્થિક વિકાસમાં ભાગ્ય ભાગ ભજવતાં ઘટકો પણ બદલાય છે ! અને તે બાબત જ એક સિધ્ધાંતને બીજા સિધ્ધાંતથી અલગ પાડે છે. આ એકમમાં આપણે એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના આર્થિક વિકાસ બાબતના અભ્યાસને સમજીએ.

## 6.2 આર્થિક વિકાસના સિધ્ધાંત એટલે શું ? :

વિકાસના હેતુથી સમાજમાં ઈચ્છવા યોગ્ય ક્યા ક્યા ફેરફારો કરી શકાય ? તે બાબતે જુદાજુદા અભિગમો પ્રવર્તે છે. આ અભિગમો આધારિત અવલોકનો અને હકીકતોના સમૂહને આર્થિક વિકાસનો સિધ્ધાંત કહી શકાય. જેમ કે કેટલાક વિચારકો ઉત્પાદન સાધનોનાં પ્રમાણને વિકાસનું મુખ્ય પરિબળ માને છે તો કેટલાક સંશોધકો ઉત્પાદનનાં સાધનોની ગુણવત્તા અને ફાળવણીને. સરકારનો હસ્તક્ષેપ વિકાસની પ્રક્રિયામાં હોવો જોઈએ કે નહિ તે બાબતે પણ આપણને અર્થશાસ્ત્રને લગતાં સાહિત્યમાં સિધ્ધાંતો મળી રહે છે.

## 6.3 આર્થિક વિકાસનો એડમ સ્મિથનો સિધ્ધાંત :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ આર્થિક નીતિનિર્માણ અંગેના વિચારો ક્રમબધ્ધ રીતે ગોઠવીને આપેલા છે. તેઓનો મુખ્ય હેતુ રાષ્ટ્રની સંપત્તિ કેવી રીતે વધે ? - તે અંગેના અભ્યાસોનો હતો. એડમ સ્મિથે તેનાં પુસ્તક "An Inquiry into the nature and causes of wealth of Nations" માં વર્ષ 1776માં આર્થિક વિકાસ અંગેના, બીજા શબ્દોમાં રાષ્ટ્રની સંપત્તિના વિકાસના સંદર્ભમાં વિચારો આપેલા છે. એડમ સ્મિથના વિચારોના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે તારવી શકાય.

### 6.3.1 મુક્ત અર્થતંત્ર :

એડમ સ્મિથના વિચારો પ્રમાણે આર્થિક વિકાસ માટે અર્થતંત્રનું મુક્ત હોવું જરૂરી છે. તેઓ "Laissez - Faire" ની નીતિમાં માનતા હતા. બજારનાં પરિબળો જાતે જ સ્પર્ધાયુક્ત વાતાવરણમાં પ્રકૃતિના ન્યાયિક સિધ્ધાંતો પ્રમાણે સમાજ વિકાસ કરી શકે છે. અર્થતંત્રના અદૃશ્ય હાથો સ્વયંજ લાભ થાય તે રીતે વ્યવસ્થા ગોઠવતા હોય છે. આમ, મુક્ત અર્થતંત્ર એટલે કોઈ સામાજિક બાહ્ય સત્તા દ્વારા લેવાતા નિર્ણયનો અભાવ જ્યાં ઉત્પાદનનાં સાધનોના માલિકો સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે છે. એડમ સ્મિથ જે "અદૃશ્ય હાથો"નો ઉલ્લેખ કરે છે તે હરીફાઈનાં વાતાવરણમાં માંગ અને પુરવઠાનાં બજારનાં પરિબળો દ્વારા થતું બજારનું સંચાલન છે. માંગ અને પુરવઠો એ બે અદૃશ્ય હાથ છે.

6.3.2 શ્રમ વિભાજન :

એડમ સ્મિથે ઘણા લાંબા સમય પહેલાં જ શ્રમવિભાજન અને વિશેષીકરણનું મહત્વ ઓળખી લીધેલું હતું શ્રામ વિભાજનથી શ્રમિકની ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. ઉત્પાદન પાછળ થતો ખર્ચ ઘટે છે તથા સમય અને સાધનોની પણ બચત થાય છે. નવી ટેકનિકલ શોધખોળો પણ શ્રમવિભાજનથી શક્ય બને છે.

6.3.3 વિકાસની પ્રક્રિયા :

શ્રમ વિભાજનથી મૂડીસાધનોની બચત થાય છે, તેનાથી ઉત્પાદન અને ઉત્પાદકતાનું સ્તર સુધરે છે. તે અંતે રાષ્ટ્રીય આવકની વૃધ્ધિમાં પરિણમે છે. વિકાસની આ સમગ્ર પ્રક્રિયા ધીમેધીમે અર્થતંત્રનાં એકથી બીજાં ક્ષેત્રમાં ફેલાય છે. એક ક્ષેત્રનો વિકાસ બીજાં ક્ષેત્રને પણ અસર કરે છે અને તે બીજું ક્ષેત્ર પણ વિકસે છે.

જો કે અહીં એ બાબતને ખાસ ધ્યાનમાં રાખવી કે શ્રમિકો માટેનાં વેતનનું નિર્ધારણ મૂડી માલિકો અને શ્રમિકોની સોદાશક્તિ ઉપર આધારિત છે. કારણ કે અર્થતંત્ર મુક્ત છે. તેવી જ રીતે મૂડી માલિકોને મળતા નફાનું પ્રમાણ પણ વધતું ઘટતું રહે છે. જનસંખ્યામાં થતો વધારો સ્થિર થાય તે પછી અર્થવ્યવસ્થા સ્થિર થાય છે, ત્યારે મૂડીસંચય અને આર્થિક વિકાસની પ્રક્રિયા એ બંને અટકી જાય છે.

એડમ સ્મિથના મત અનુસાર ખેડૂતો વ્યાપારિક અને આર્થિક વિકાસ એમ બંને પ્રક્રિયાના વાહક કે દૂત છે. જમીનને મળતું ભાડું ઈજારાનું પરિણામ છે.

6.3.4 વિકાસ પ્રક્રિયાનો ક્રમ :

એડમ સ્મિથે વિકાસ પ્રક્રિયાને ક્રમિક રીતે દર્શાવી છે. તેનાં વર્ણન અનુસાર સૌ પ્રથમ વિકાસ કૃષિક્ષેત્રે થાય છે. કૃષિ પછી નિર્માણ - પ્રક્રિયા (ઉદ્યોગો) અને તે પછી અંતે વેપાર વાણિજ્યનો વિકાસ થાય છે.

❖ એડમ સ્મિથના સિધ્ધાંતની મર્યાદાઓ :

(1) એડમ સ્મિથે ખાસ આર્થિક વિકાસ માટેનો જ સિધ્ધાંત આપેલો નથી પરંતુ તેના સમયે જે પ્રકારે આર્થિક ગતિવિધિઓ થઈ તેનો અભ્યાસ કરીને તેનાં અવલોકનો મૂકેલાં છે એમ કહી શકાય. તેના સમયનાં અવલોકનો વર્તમાન, આધુનિક સમયમાં લાગુ ન પણ પડે તેવું બને, જો કે આ તેના વિચારોની મર્યાદા ન કહી શકાય.

(2) સૌ પ્રથમ તો એડમ સ્મિથ મુક્ત અર્થતંત્રની ધારણા કરે છે, આધુનિક અર્થતંત્રમાં સરકારનો હસ્તક્ષેપ જ ન હોય તે વિચારી શકાય નહિ. વળી, ન્યાયપૂર્ણ આર્થિક વિકાસની પ્રક્રિયા માટે પણ ન્યાયિક સંસ્થાનું હોવું જરૂરી છે.

(3) એડમ સ્મિથ શ્રમવિભાજનને મહત્વ આપે છે, પરંતુ શ્રમ વિભાજનની સફળતા બજારનાં કદ ઉપર આધાર રાખે છે. જો બજારનું કદ નાનું હોય તો વધતું ઉત્પાદન માંગના અભાવે વેચાય નહિ અને આગળના તબક્કે ઉત્પાદકોને ઉત્પાદન ચાલુ રાખવા માટે પ્રોત્સાહન ન મળે આમ, વિકાસની પ્રક્રિયા અટકી જાય.

(4) એડમ સ્મિથ દ્વારા વિકાસની પ્રક્રિયાનો ક્રમ બતાવવામાં આવેલો છે. તે અનુસાર વિકાસની પ્રક્રિયા સૌ પ્રથમ કૃષિક્ષેત્રથી શરૂ થાય છે. જો કે આ દર વખતે સાચું ન પણ બને. એડમ સ્મિથનાં અવલોકનોમાં તે સમયે વિકાસ પ્રક્રિયાની શરૂઆત

કૃષિ ક્ષેત્રથી થઈ હોય તેવું બની શકે છે. આધુનિક સમયમાં વૈજ્ઞાનિક શોધખોળોથી ઉદ્યોગો કે સેવાક્ષેત્રથી પણ વિકાસની પ્રક્રિયાની શરૂઆત થઈ શકે છે.

(5) એડમ સ્મિથનાં અવલોકનો પ્રમાણે વિકાસની પ્રક્રિયા સતત નથી ચાલતી પરંતુ તે સ્થિરતા તરફ જાય છે. મૂડીસંચય, માંગનું પ્રમાણ, વસ્તીવૃદ્ધિ વગેરેમાં સ્થિરતા આવવાથી અર્થતંત્ર સ્થગિત થાય છે. જો કે અર્થતંત્રમાં આ સિવાયનાં પરિબળોમાં પણ ફેરફાર આવે છે, જેમ કે પ્રાકૃતિક પરિબળોમાં પણ ફેરફાર આવે છે, જેમ કે પ્રાકૃતિક પરિવર્તનો, લોકોની જીવનશૈલી અને માંગમાં પરિવર્તન, પસંદગીમાં પરિવર્તન વગેરે અર્થતંત્રને ગતિશીલ રાખે છે. આમ અર્થતંત્રમાં વિકાસની પ્રક્રિયા ક્રિયા અને પ્રતિક્રિયાથી આગળ વધે છે. તે સ્થિર કે સ્થગિત નહીં પણ અર્થતંત્રને ગતિશીલ અને પરિવર્તનશીલ રાખે છે.

## 6.4 આર્થિક વિકાસનો ડેવિડ રિકાર્ડોનો સિધ્ધાંત :

ડેવિડ રિકાર્ડોના આર્થિક વિકાસ અંગેના વિચારો તેણે તેનાં પુસ્તક "The Principles of Political Economy and Taxation" માં 1817માં આપેલા છે. જો કે કેટલાક વિચારકોના મતે ડેવિડ રિકાર્ડોએ સ્વતંત્ર રીતે આર્થિક વિકાસનો કોઈ નવો સિધ્ધાંત નથી આપેલો, પરંતુ એડમ સ્મિથે જ્યાં ચર્ચા છોડી હતી ત્યાંથી આગળ વધારીને કેટલીક કડીઓ ઉમેરી છે. અને વધુ મજબૂતીથી જોડી છે. જો કે ઉપરોક્ત બાબતને સમજવા માટે આપણે સૌ પહેલાં ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતને સમજીએ.

### 6.4.1 ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતની ધારણાઓ :

આર્થિક સિદ્ધાંતોમાં ધારણાઓનું ઘણું મહત્વ છે. અર્થતંત્રનાં બધાં ઘટકો, પરિબળો અને ચલો (Variables) એકબીજાં પર અસર કરે છે. આમાંની કેટલીક અસરો થવા માટે અમુક અમુક ખાસ પ્રકારની સ્થિતિનું હોવું જરૂરી છે. જેમ કે વસ્તુની કિંમતમાં વધારો થાય ત્યારે માંગમાં ઘટાડો થાય તો માંગમાં ઘટાડો ન થાય વળી વસ્તુ જો જીવનજરૂરિયાતની હોય તો પણ માંગમાં ઘટાડો ન થાય ! આમ, વસ્તુની કિંમતનો વધારો અને માંગનું પ્રમાણ-એ બે વચ્ચેનો સંબંધ તપાસવા અને સ્થાપિત કરવા માટે અર્થસ્ત્રીઓ આ સિદ્ધાંત આપતી વખતે એવી ધારણા કરે છે કે "અન્ય પરિબળો સ્થિર રહે છે"- ત્યારે વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોય છે. પરંતુ આપણે જાણીએ છીએ કે વસ્તી, આવક વગેરે જેવાં પરિબળો સ્થિર નથી હોતાં એટલે કે તેમાં ફેરફાર તો થાય જ છે, તેમ છતાં એવું અનુમાન કરીને આપણે આગળ વધીએ છીએ કે અન્ય પરિબળો સ્થિર છે, જો આ રીતે ધારણા કરવામાં ન આવે તો તે બે ઘટકો વચ્ચેનો સંબંધ સ્થાપી શકાતો નથી અને જાણી શકાતો નથી.

આવી જ કેટલીક ધારણાઓ રિકાર્ડોએ તેના સિદ્ધાંત સાથે આપી છે. આ પ્રકારની ધારણાઓ અભ્યાસની શરૂઆત સરળથી સંકુલ તરફ લઈ જાય છે, એટલે કે અભ્યાસની શરૂઆત સરળ બનાવે છે અને આગળનો રસ્તો સ્પષ્ટ થતો જાય છે. હવે આપણે રિકાર્ડોએ આપેલા આર્થિક વિકાસના સિદ્ધાંતની ધારણાઓ જોઈએ અને તેની સમજૂતી મેળવીએ.

(i) અર્થતંત્રમાં પૂર્ણ હરીફાઈ પ્રવર્તે છે.

પૂર્ણ હરીફાઈ એટલે એવી સ્થિતિ કે જેમાં પેઢીઓ અને ગ્રાહકોનું મુક્ત આપાગમન હોય તથા બજારમાં દરેકને બજાર વિશેની પૂર્ણ જાણકારી હોય. જો કે આ એક આદર્શ સૈદ્ધાંતિક સ્થિતિ છે તે તમે જાણો છો. વાસ્તમાં બજાર અપૂર્ણ સ્પર્ધાવાળું હોય છે.

(ii) અર્થતંત્રમાં સરકારનો હસ્તક્ષેપ નથી.

રિકાર્ડો જાહેર સત્તાનો લઘુત્તમ હસ્તક્ષેપ હોય તે બાબતને આગળ કરે છે. જો કે આધુનિક સમયમાં સરકારની ભૂમિકા પણ બદલાઈ હોવાથી “Laissez Faire” (Less is fair) ને બદલે સરકાર સીધી રીતે આર્થિક પ્રવૃતિમાં પણ જોડાતી હોય છે.

(iii) બધા દેશો વચ્ચે મુક્ત રીતે આંતરરાષ્ટ્રીય વેપાર થાય છે.

બધા દેશો વચ્ચેનો વેપાર મુક્ત હોવો એટલે કોઈપણ પ્રકારની સત્તાનો હસ્તક્ષેપ ન હોવો આયાત નિકાસ ઉપર નિયંત્રણ ન હોવાં, ચલણી નાણું અને વિનિમય માધ્યમની ભિન્નતાઓ પણ નડતર રૂપ ન હોવી તથા પરસ્પર દેશનાં આંતરિક આર્થિક પરિબળો જેવાં કે તેજીમંદી ન હોવાં જો કે આ પણ એક સૈધ્યાંતક આદર્શ સ્થિતિ છે તે આપણે જાણીએ છીએ. આધુનિક સરકારો સ્વદેશનાં અર્થતંત્રનાં હિતમાં આંતરરાષ્ટ્રીય વેપાર ઉપર મર્યાદાઓ, નિયંત્રણો મૂકે જ છે.

(iv) ઉત્પાદનક્ષેત્રે ઘટતાં મળતરનો નિયમ લાગુ પડે છે.

એટલે કે જેમ જેમ ઉત્પાદનનાં સાધનોનું વધારે પ્રમાણ રોકવામાં આવે તેમ તેમ સીમાંત ઉત્પાદન ઘટતું જાય છે આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે, કારણ કે ઉત્પાદનનાં બધાં જ સાધનો એકસરખા પ્રમાણમાં રોકવામાં આવતાં નથી કેટલાંક સાધનોનો પુરવઠો સ્થિર હોય છે, એટલે કે સાધનનું પ્રમાણ વધારી શકાતું નથી. તેથી ઉત્પાદનને ઘટતાં મળતરનો નિયમ લાગુ પડતો હોય છે.

(v) જમીનનો પુરવઠો સ્થિર છે.

રિકાર્ડોએ આ બાબતને ધારણા તરીકે રજૂ કરી છે જો કે આપણે જાણીએ છીએ કે કુદરતી સાધન સંપત્તિનું પ્રમાણ માનવ પ્રયત્નોથી વધારી શકાતું નથી.

(vi) ઉત્પાદનનાં બે સાધનો છે, મૂડી અને શ્રમ આ સાધનોનો ગુણોત્તર ઉત્પાદન પ્રક્રિયામાં સ્થિર રહે છે.

ઉત્પાદનનાં શ્રમ અને મૂડી સાધનો ફેરફારશ્રમ છે તેનાં પ્રમાણમાં ફેરફાર થઈ શકે છે.

(vii) ટેકનિકલ જ્ઞાનની સ્થિતિ, અને વેતનદર આપેલાં છે.

એટલે કે તેમાં કોઈ ફેરફાર થતો નથી.

(viii) શ્રમની માંગ મૂડીસંચય ઉપર આધારિત છે.

(ix) મૂડીસંચય નફાનું પરિણામ છે.

જો મૂડીરોકાણકારોને ફાળે વધારે નફો આવશે તો તે નફાનું પુનઃ મૂડીરોકાણ થશે અને એ રીતે વિકાસની પ્રક્રિયા આગળ વધશે.

(x) બધી જ જમીનનો ઉપયોગ અનાજનાં ઉત્પાદન માટે થાય છે. અનાજ ઉત્પાદનને અસર કરતાં પરિબળો ઉદ્યોગોને કરવાની થતી ફાળવણીમાં મદદરૂપ થાય છે.

(xi) શ્રામિકોને જીવનનિર્વાહ જેટલું વેતન આપવામાં આવે છે.

વિદ્યાર્થી મિત્રો, અહીં આપણે રિકાર્ડોના સિદ્ધાંતની ધારણાઓનો અભ્યાસ કર્યો. આ અભ્યાસ કરતી વખતે રિકાર્ડોના સિદ્ધાંતની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા પણ સરખાવી છે. આ ધારણાઓ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રનું પ્રતિનિધિત્વ કરે છે.

6.4.2 સિધ્ધાંતની સમજૂતી :

જમીન માલિકો, મૂડીપતિઓ અને શ્રમિકો - આ ત્રણ જૂથની આંતરપ્રક્રિયા ઉપર રિકાર્ડોએ સિધ્ધાંત રચાયેલો છે. આ સિધ્ધાંત પ્રમાણે અનાજનું જે કુલ ઉત્પાદન થાય અને જે વેચાણ આવક થાય તેમાંથી સૌ પ્રથમ જમીનનું ભાડું અલગ ફાળવવામાં આવે છે. કારણ કે અનાજનું ઉત્પાદન જમીનની વિશેષ લાક્ષણિકતાને કારણે થાય છે. તે પછી શ્રમિકોને વેતનભંડોળમાંથી તેમના જીવનનિર્વાહ જેટલું વેતન આપવામાં આવે છે. વ્યાજને નફા સાથે ભેળવીને મૂડીપતિને વળતર આપવામાં આવે છે.

ઉત્પાદન પ્રક્રિયા આગળ વધારવા માટે નફાનું પુનઃરોકાણ જરૂરી બને છે. મૂડીરોકાણનો આધાર મૂડીસંચય તથા મૂડીસંચયમાંથી થતી બચત ઉપર રહે છે. જો ઉપભોગ કરતાં બચતનું પ્રમાણ વધે તો મૂડીસંચય થાય છે, જે આગળ જતાં મૂડીરોકાણમાં પરિણમે છે.

જ્યાં સુધી નફો હકારાત્મક હશે ત્યાં સુધી મૂડીસંચય વધશે. વાસ્તવમાં નફાનો આધાર વેતન ઉપર છે વેતનનો અનાજની કિંમતો ઉપર અને અનાજની કિંમતો આધાર રાખે છે સીમાંત જમીનની ફળદ્રુપતા ઉપર જમીનની જો કૃષિક્ષેત્રમાં સુધારો થાય અને જમીનની ઉત્પાદકતા વધવાથી ઉત્પાદન વધે તો અનાજની કિંમતોમાં ઘટાડો થાય. અથવા તો વધારે મૂડી (યંત્રો) રોકીને અને ઓછા શ્રમિકોથી કામ કરવાથી ઉત્પાદન વધે અને પરિણામે કિંમતમાં ઘટાડો થાયા કિંમતમાં ઘટાડો થવાથી જીવન નિર્વાહના વેતનદરમાં પણ ઘટાડો થાય. (કારણ કે મૂડીયંત્રો વધુ અને શ્રમિકો ઓછા ઉત્પાદન પ્રક્રિયામાં રોક્યા છે. તેથી વેતન ભંડોળ ઓછું થાય છે, અને મૂડીના ફાળે વધુ નફો આવે છે. - જો કે વધતો નફો અને મૂડીરોકાણ વધારે શ્રમિકોની માંગ કરે છે. શ્રામિકોની માંગ વધવાથી વેતનદર વધશે. વેતનદર અને વેતનભંડોળમાં વધારો થતાં નફો ઓછો થશે.

આગળ રિકાર્ડો સમજાવે છે કે મૂળભૂત રીતે ખેડૂતોને મળતા નફાનું પ્રમાણ અન્ય ક્ષેત્રોના નફાને પણ નક્કી કરે છે કારણ કે અનાજ કે કૃષિ ઉત્પાદન આગળ જતાં કેટલાક ઉદ્યોગોમાં કાચા માલ (Input) તરીકે ઉપયોગમાં લેવાય છે. તેથી જો અનાજની કિંમત વધે તો અન્ય ઉદ્યોગોમાં કાચા માલની કિંમત વધે છે. અનાજની કિંમત વધે તે ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકોનું જીવન નિર્વાહનું વેતન પણ વધારવું પડે છે. જે મૂડીમાલિકોના નફામાં ઘટાડો કરે છે. આમ, ખેતીક્ષેત્રે થતો નફાનો ઘટાડો બીજા ક્ષેત્રોમાં પણ નફામાં ઘટાડો કરે છે.

આર્થિક વિકાસનો આધાર ઉત્પાદન અને ઉપભોગ વચ્ચેના તફાવત ઉપર છે. તેથી રિકાર્ડોએ ઉત્પાદન વધારવા ઉપર અને બિન ઉત્પાદકીય ઉપભોગ ઘટાડવા

ઉપર ભાર મૂક્યો છે. રિકાર્ડો એ મતના પણ છે કે જો ટેકનોલોજીકલ પ્રગતિ થાય શ્રમની ઉત્પાદકતા વધે, શ્રમવિભાજન વધુ કાર્યક્ષમ થાય કે નવાં બજારની શોધ થાય તો વેતનની સાથે નફાનું પ્રમાણ પણ વધી શકે પણ, યંત્રોનો વધુ ઉપયોગ શ્રમની માંગમાં ઘટાડો કરશે, જે બેરોજગારીમાં પરિણમશે.


આગળ જતાં રિકાર્ડો મૂડીસંચયનાં ત્રણ અન્ય સાધનો વર્ણવે છે :

(ક) કરવેરા : કરવેરા એ સરકાર માટે મૂડી સંચય કરવા માટેનો સ્રોત છે. જો કે કરવેરાનો ઉપયોગ માત્ર બિનજરૂરી ખર્ચાઓને ઓછા કરવા માટે જ થવો જોઈએ, કારણ કે કરવેરા આવક, નફો અને એ રીતે મૂડીરોકાણ ઘટાડે છે.

(ખ) બચતો : રિકાર્ડો ઉપભોગ ખર્ચ ઘટાડીને બચત કરવા ઉપર ભાર આપે છે.

(ગ) મુક્ત વેપાર : મુક્ત વેપારથી અનાજની આયાત કરીને અનાજની કિંમતો વધતી અટકાવી શકાશે. અનાજની કિંમતો વધતી અટકે તો જીવન નિર્વાહ વેતન વધતું અટકે અને એ રીતે નફાનો હિસ્સો વધારી શકાય. જો કે બીજી બાજુ અનાજની આયાત સ્થાનિક સ્તરે શ્રમિકોની માંગ ઘટાડશે, જે શ્રમિકોની આર્થિક સ્થિતિ ખરાબ કરશે.

તે ઉપરાંત, મૂડીરોકાણ કરનારાઓ અને ખેડૂતો પણ અનાજની આયાત કરવાનું પસંદ કરશે નહિ. કારણ કે અનાજની આયાત વધતાં ઓછી કિંમતે અનાજ મળવાથી વસ્તી વધારો થશે. ઉતરતી કક્ષાની જમીન ઉપર પણ ખેતી થવાથી વેતન ભંડોળ વધશે પણ તેથી જ મૂડી માલિકોને મળતા નફાનું પ્રમાણ ઘટશે. રિકાર્ડોનો સિધ્ધાંત નીચેની આકૃતિથી સમજીએ.




આકૃતિમાં OY રેખા ઉપર અનાજનું ઉત્પાદન તથા તેમાંથી ઉત્પાદન સાધનોને કરવામાં આવતી વહેંચણી દર્શાવેલ છે. OX રેખા ઉપર શ્રમનું પ્રમાણ બતાવેલું છે. AP રેખા શ્રમથી થતું સરેરાશ ઉત્પાદન અને MP રેખા સીમાંત ઉત્પાદન બતાવે છે.

જ્યારે શ્રમનું પ્રમાણ OM હોય ત્યારે અનાજનું કુલ ઉત્પાદન OQRM થાય છે. વેતનદર આપેલો હોય ત્યારે શ્રમિક તેની સીમાંત ઉત્પાદકતા જેટલું વેતન મેળવે

છે. આ વેતન OWLM થાય છે. જમીન માલિકને સરેરાશ ઉત્પાદન અને સીમાંત ઉત્પાદનના તફાવત જેટલું ભાડું મળે છે OQ - OP જ્યાં OQ સરેરાશ ઉત્પાદન ઓછા OP સીમાંત ઉત્પાદન આમ, જમીનને મળતું ભાડું PQRT થાય છે. બાકી વધતું પ્રમાણ WPTL નફો તરીકે મૂડીના માલિકને મળે છે.

જ્યારે આર્થિક વિકાસ થાય ત્યારે વેતન ભંડોળ વધે છે. વધતાં વેતન ભંડોળથી વસ્તીમાં પણ વધારો થાય છે. વસ્તી વધારો અનાજની માંગમાં વધારો કરે છે. આ ઉપરાંત કૃષિક્ષેત્રે ઘટતાં મળતરનો નિયમ લાગુ પડવાથી ભાડું વધતું જાય છે અને નફાનું પ્રમાણ સતત ઘટતું જાય છે. અંતે ભાડું એટલું વધી જાય છે કે તે નફાને દૂર કરે છે.

આકૃતિમાં આ સ્થિતિ શ્રમનું પ્રમાણ વધ્યા પછી ON થાય ત્યારે થતી અસરથી સમજાવી છે. શ્રમનું પ્રમાણ ON થાય ત્યારે કુલ ઉત્પાદન ONBA થાય છે. તેમાંથી OWSN વેતન ભંડોળ છે. અને WABS ભાડું છે. આમ, અહીં કોઈ જ નફો થતો નથી.

આમ, ઘટતા જતા નફાથી મૂડીસંચય અને મૂડીરોકાણ ઘટે છે. આ રીતે અર્થતંત્ર સ્થગિતતા તરફ થાય છે.

વિદ્યાર્થી મિત્રો, આ સિધ્ધાંત જમીન, શ્રમ અને મૂડી એ ત્રણ સાધનોના પારસ્પરિક આંતરવ્યવહારોને મહત્વ આપે છે. કેટલાક અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રિકાર્ડોએ વિકાસને લગતો કોઈ સિધ્ધાંત નથી આપ્યો પરંતુ કુલ ઉત્પાદન થવાથી વિવિધ સાધનો વચ્ચે થતી ફાળવણી સમજાવી છે અને નફાનો હિસ્સો ઘટતો જતો હોવાનું વલણ ધરાવતો હોવાથી આગળ જતાં મૂડીસંચય અને આગળના તબક્કે મૂડીરોકાણ ઘટે છે. આમ, કહી શકાય કે રિકાર્ડો વિકાસની પ્રક્રિયામાં મૂડીરોકાણને મહત્વ આપે છે.

6.4.3 સિધ્ધાંતની આલોચના :-

(i) ડેવિડ રિકાર્ડોનો સિધ્ધાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રની અવાસ્તવિક ધારણાઓ ઉપર આધારિત છે. જેમ કે પૂર્ણ હરીફાઈ, સ્થિર ટેકનોલોજી, સરકારના હસ્તક્ષેપનો અભાવ, મુક્ત આંતરરાષ્ટ્રીય વેપાર વગેરે. આ ધારણાઓ તેઓના સમયમાં પ્રસ્તુત હોઈ શકે છે પરંતુ આધુનિક સમયમાં તેવી સ્થિતિ હોતી નથી. અર્થતંત્ર સ્થિર નહીં પણ ગતિશીલ હોય છે. સરકારના પ્રત્યક્ષ અને પરોક્ષ હસ્તક્ષેપ પણ હોય છે, જે આંતરરાષ્ટ્રીય વેપાર ઉપર પણ કેટલાંક નિયંત્રણો મૂકી શકે છે. આમ, આધુનિક સમયને ધ્યાનમાં લેતાં આ સિધ્ધાંત વિકાસ વિશેની સમજૂતી યોગ્ય રીતે આપી શકે નહીં.

(ii) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત પ્રમાણે અર્થતંત્ર સ્થૈતિક હોય છે અને સમતુલા પ્રાપ્ત કરે છે. જ્યારે આધુનિક અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્ર હંમેશાં ગતિશીલ હોય છે, તે સ્થિર નહી હોતું વિકાસની પ્રક્રિયા અને પરિવર્તનો કોઈ એક બિંદુની આસપાસ નહીં પણ અર્થતંત્રમાં ગમે તે જગ્યાએ શરૂ થઈ શકે છે અને તે સતત નહીં પણ અસતત, અટકી - અટકીને થાય છે.

(iii) મૂડીસંચય અને મૂડીરોકાણમાં મધ્યમ વર્ગનાં ઘરેલૂ ક્ષેત્રની ઉપેક્ષા : રિકાર્ડો દ્વારા એવી ધારણા કરવામાં આવી છે કે મૂડીસંચય મૂડીપતિઓ દ્વારા કરવામાં આવે છે. મૂડીપતિઓ તેમને મળતા નફામાંથી કેટલોક ભાગ મૂડીરોકાણ કરે છે. જો કે આધુનિક સમયમાં મધ્યમ વર્ગ દ્વારા કરવામાં આવતી બચતોને અવગણી શકાય નહિ. મધ્યમ વર્ગ તેની નાની બચતોનું રોકાણ વિવિધ બેંકોમાં તેમજ કોર્પોરેટ પ્રકારની પેઢીઓમાં પણ કરે છે.

(iv) આ સિધ્ધાંતમાં ઉત્પાદન પધ્ધતિ અને ટેકનોલોજીકલ ફેરફારોને ઓછું મહત્વ અપાયું છે, જે યોગ્ય નથી.

(v) જે રીતે કેટલાક અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે રિકાર્ડોએ આર્થિક વિકાસનો નહિ પણ વહેંચણીનો સિધ્ધાંત આપેલો છે. આ બાબત સાચી જણાય છે કારણ કે રિકાર્ડો સમજાવે છે કે વિકાસ થવાથી શ્રમને ચૂકવવાનાં વેતનભંડોળમાં વધારો થવાથી શ્રમનાં માંગ અને પુરવઠો વધે છે, પણ વિકાસ કેવી રીતે થયો હોય છે તે સમજાવી શકતા નથી. જો કે આ રિકાર્ડોની કે તેના સિધ્ધાંતની ખામી ન કહી શકાય પરંતુ તેનુ અર્થઘટન કરનારની કહી શકાય. કારણ કે રિકાર્ડોએ તેનાં પુસ્તક "Principles of...." માં વિસ્તારથી સાધનો વચ્ચે થતી ફાળવણી સમજાવી છે, પરંતુ ક્યાંય આર્થિક વિકાસ સંબંધી પરિબળો કે ઘટનાચક્ર તરીકે ઉલ્લેખ નથી કર્યો.

## 6.5 એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતની તુલના :

રિકાર્ડો અને એડમ સ્મિથ બંને પ્રશિષ્ટ સમયનાં અનુસંધાનમાં તેમના સિધ્ધાંતો આપે છે. મુક્ત અર્થતંત્ર, પૂર્ણ હરીફાઈ અને રાજ્યના હસ્તક્ષેપનો અભાવ એવા એકસમાન પાયા ઉપર બંને સિધ્ધાંતોનો વિકાસ થયો છે. તેમ છતાં એડમ સ્મિથનો સિધ્ધાંત આધુનિક સ્થિતિથી વધારે નજીકનો લાગે છે કારણ કે એડમ સ્મિથ દ્વારા શ્રમ વિભાજનને મહત્વ અપાયું છે. શ્રમ વિભાજનથી ઉત્પાદનક્ષમતા વધે છે, સાધનોનો બગાડ અટકે છે અને તે રીતે બચત અને મૂડીસંચય થાય છે.

બીજી બાજુ, ડેવિડ રિકાર્ડો આર્થિક વિકાસનો સિધ્ધાંત આપવાને બદલે અર્થતંત્ર સ્થગિતતા તરફ કેવી રીતે જાય છે તે સમજાવે છે. તેમાં વસ્તી વધારો, જમીનની મર્યાદિત ઉત્પાદનક્ષમતા વગેરે સમજાવવામાં આવ્યાં છે.

ડેવિડ રિકાર્ડોનો સિધ્ધાંત પણ પ્રશિષ્ટ હોવાથી સરકારના હસ્તક્ષેપની ગેરહાજરી એ ધારણા છે, પરંતુ આગળ જતાં ડેવિડ રિકાર્ડો કરવેરાથી મૂડીસંચય થવાનું જણાવે છે. હવે વિદ્યાર્થી મિત્રો, તમે જાણો છો કે કરવેરા કોણ ઉઘરાવે ? - તો પછી સરકારનો હસ્તક્ષેપ નથી તેવી ધારણા અસંગત જણાય છે.

અર્થતંત્ર સ્થગિતતા તરફ જાય છે તેવું રિકાર્ડો સમજાવે છે પરંતુ તે અર્થતંત્રને સ્થગિતતા તરફ જતું રોકવા માટે શું કરી શકાય ? - તેની સ્પષ્ટતા નથી.

આમ, એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતની તુલના કરતાં કહી શકાય કે એડમ સ્મિથ આધુનિક અર્થતંત્ર સાથે પણ સુસંગત થાય તેવો આર્થિક વિકાસનો પ્રશિષ્ટ સિધ્ધાંત આપી શકયા છે, જ્યારે ડેવિડ રિકાર્ડોના સિદ્ધાંતને આર્થિક વિકાસનો સિધ્ધાંત ન કહેતાં ઉત્પાદન આવકની ઉત્પાદન સાધનો વચ્ચે થતી ફાળવણીનો સિધ્ધાંત કહેવો વધુ યોગ્ય ગણાશે.

## 6.6 સારાંશ :

⇨ પ્રશિષ્ટ સિધ્ધાંતો પૂર્ણ હરીફાઈ, મુક્ત અર્થતંત્ર અને સરકારના હસ્તક્ષેપની ગેરહાજરી એ ત્રણ મુખ્ય બાબતો પર આધારિત છે.

⇨ એડમ સ્મિથ તેના આર્થિક વિકાસ અંગેના સિધ્ધાંતમાં શ્રમવિભાજનને મહત્વ આપે છે.

⇨ ડેવિડ રિકાર્ડો તેના આર્થિક વિકાસના સિદ્ધાંતમાં મૂડીસંચયને મહત્વ આપે છે. મૂડીસંચય નફાનાં પ્રમાણ ઉપર આધાર રાખે છે જો વસ્તીવધારો થાય તો વેતન ભંડોળ મોટું થતાં નફાનો હિસ્સો ઘટે છે. તેથી જો અનાજનું ઉત્પાદન સ્થિર હોય તો મૂડી માલિકોને મળતો નફાનો હિસ્સો ઘટે છે. આમ, વસ્તીવધારાથી નફો અને તેથી મૂડીસંચય ઘટે છે. વસ્તીવધારો અર્થતંત્ર ને સ્થગિતતા તરફ લઈ જાય છે.

⇨ રિકાર્ડો નફાનાં પ્રમાણ ઉપરાંત કરવેરા અને મુક્ત આંતરરાષ્ટ્રીય વેપારને પણ મૂડીસંચયના સ્રોત માને છે.

⇨ ડેવિડ રિકાર્ડો બચત વધારવા માટે ઉપભોગ ખર્ચ ઘટાડવાનું સૂચન કરે છે.

⇨ કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે ડેવિડ રિકાર્ડોએ આર્થિક વિકાસનો સિધ્ધાંત નથી આપ્યો પરંતુ અવ્યવસ્થિત રીતે કેટલાક વિચારો રજૂ કર્યા છે. રિકાર્ડોનો સિધ્ધાંત મૂળભૂત રીતે વહેંચણીનો સિધ્ધાંત છે.

## 6.7 ચાવીરૂપ શબ્દો :

(i) પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર : 18મી અને 19મી સદીમાં ખાસ કરીને બ્રિટનમાં જે આર્થિક વિચારધારા વિકાસ પામી તેને પ્રશિષ્ટ અર્થશાસ્ત્ર કહેવાય છે. એડમ સ્મિથ, જે.બી.સે, ડેવિડ રિકાર્ડો, માલ્થસ જે.એસ. મિલ વગેરે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ કહેવાય છે. પાશ્ચાત્ય મૂડીવાદની શરૂઆત પછી તરત જ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીય વિચારધારાનો વિકાસ થયો હતો. આ વિચારધારાએ અર્થતંત્રને રાજાશાહી સંચાલનમાંથી બહાર આવવાની મદદ કરી હતી તથા સરકારી સત્તાની ગેરહાજરીમાં માંગ અને પુરવઠાના અદશ્ય હાથો કેવી રીતે સમસ્ત અર્થતંત્રનું સંચાલન કરે છે તે સમજાવે છે.

(ii) શ્રમ વિભાજન : કોઈ એક કામનું નાની - નાની અનેક ક્રિયાઓમાં વિભાજન કરવું તેને શ્રમવિભાજન કહેવામાં આવે છે જેમાં તે દરેક નાની ક્રિયાઓ જુદાજુદા શ્રમિકો કે શ્રમિકોના સમૂહ દ્વારા કરવામાં આવે છે. મોટા પાયા પર થતાં ઉત્પાદનમાં શ્રમવિભાજન પધ્ધતિનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે.

(iii) અદશ્ય હાથ : માંગ અને પુરવઠાનાં પરિબળોને અર્થતંત્રના અદશ્ય હાથ ગણવામાં આવે છે. કારણ કે માંગ અને પુરવઠો બજારનું સંચાલન કરે છે અને બજારને નિયંત્રણમાં રાખે છે. કઈ વસ્તુનું ઉત્પાદન કરવું ? વસ્તુની કિંમત કેટલી રાખવી ? કોના માટે ઉત્પાદન કરવું ? જેવા પ્રશ્નો જે અર્થશાસ્ત્રના મૂળભૂત પ્રશ્નો કહેવાય છે, ખાનગી ક્ષેત્ર તે અંગેના નિર્ણયો માંગ અને પુરવઠાનાં વલણો જોઈને કરે છે.

(iv) બજારનું કદ : બજારમાં કુલ માંગનાં પ્રમાણને બજારનું કદ કહેવામાં આવે છે. જો કુલ માંગ વધુ તો બજારનું કદ મોટું અને જો કુલ માંગ ઓછી તો બજાર નાનું કહેવાય છે. જ્યારે બજારનાં કદની વાત કરીએ ત્યારે તેમાં કોઈ એક વસ્તુ નહીં પણ બધી જ વસ્તુઓ

અને સેવાઓ સમાવિષ્ટ હોય છે.

## 6.8 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

1) આર્થિક વિકાસનો એડમ સ્મિથ દ્વારા આપવામાં આવેલો સિધ્ધાંત ટીકાત્મક રીતે સમજાવો.

2) આર્થિક વિકાસનો ડેવિડ રિકાર્ડોએ આપેલો સિધ્ધાંત મર્યાદાઓ સાથે સમજાવો.

3) આર્થિક વિકાસના એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતની સરખામણી કરો અને બંનેમાંથી ક્યો સિધ્ધાંત સાચો ઠરે છે તે તમામ શબ્દોમાં વર્ણવો.

4) આર્થિક વિકાસ બાબતે ક્યા ક્યા પ્રશિષ્ટ અર્થ શાસ્ત્રીઓએ સિધ્ધાંત આપેલા છે ? પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓમાં એડમ સ્મિથ અને ડેવિડ રિકાર્ડોના સિધ્ધાંતો સમજાવો.

(ખ) ટૂંકનોંધ લખો.

1) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રની ધારણાઓ

2) એડમ સ્મિથના વિકાસ અંગેના સિધ્ધાંતની રૂપરેખા

3) ડેવિડ રિકાર્ડોના આર્થિક વિકાસના સિધ્ધાંતની આધારરૂપ બાબતો.

4) આર્થિક વિકાસ અંગેના પ્રશિષ્ટ સિધ્ધાંતોની ટીકા.

(ગ) હેતુલક્ષી પ્રશ્નો :

નીચે આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પની પસંદગી કરો.

(1) Principles of Politicul Economy and Tuxatio પુસ્તક કોણે લખ્યું છે ?

(A) એડમ સ્મિથ (B) ડેવિડ રિકાર્ડો

(C) માલ્થસ (D) જે.બી.સે.

(2) An Inquiry into the nature and Causes of Wealth of Nations પુસ્તકના લેખક કોણ છે ?

(A) એડમ સ્મિથ (B) ડેવિડ રિકાર્ડો

(C) માલ્થસ (D) કેઈન્સ

(3) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે અર્થતંત્ર કેવું હોય છે ?

(A) સ્થિર (B) ગતિશીલ

(C) અનિશ્ચિત (D) અલ્પવિકસિત

(4) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના સિધ્ધાંત અનુસાર મૂડી રોકાણ માટે મૂડીસંચય કોણ કરે છે ?

(A) જમીન માલિકો (B) શ્રામિકો

(C) મૂડીપતિઓ (D) આપેલા બધા જ

(5) એડમ સ્મિથનું પુસ્તક અને ઈન્કવાયરી ઈનટુ ધ નેચર એન્ડ કોઝીસ ઓફ વેલ્થ ઓફ નેશન્સ ક્યારે પ્રકાશિત થયું હતું ?

(A) 1976 (B) 1876

(C) 1776 (D) 1719

(6) ડેવિડ રિકાર્ડોએ તેનું પુસ્તક પ્રિન્સિપલ્સ ઓફ પોલીટિકલ ઈકોનોમિ એન્ડ ટેક્ષેશન ક્યાં વર્ષમાં લખ્યું હતું ?

(A) 1917 (B) 1976

(C) 1817 (D) 1876

(7) રિકાર્ડોના સિધ્ધાંત પ્રમાણે અર્થતંત્રમાં મૂડીસંચય શાના ઉપર આધાર રાખે છે ?

(A) કરવેરા (B) નફો

(C) મુક્ત આંતરરાષ્ટ્રીય વેપાર (D) આપેલા બધા જ

(8) બચત અને મૂડીસંચય વધારવા માટે રિકાર્ડો શું ઘટાડવાનું કહે છે ?

(A) વેપાર (B) ખર્ચ

(C) ભાડું (D) એક પણ નહીં.

◆ **તમારી પ્રગતિ ચકાસો (ગ) ના જવાબ.**

(i) ડેવિડ રિકાર્ડો (ii) એડમ સ્મિથ

(iii) સ્થિર (iv) મૂડી પતિઓ

(v) 1776 (vi) 1817

(vii) આપેલા બધા જ (viii) ખર્ચ

◆ ઉપયોગી સંદર્ભ વાચન :

1. Misra, S.K., Puri V.K., "Economics of Development and Planning (Theovy and Pructice)", Himulaya Publishing House, 12fth Edition, 2006.

2. Thirlwal, A.P., "Gronth and Development" Macmkillan, London, 6th Edition, 1999.

3. आर्थिक विकास, MAEC-105, ઉત્તરાખંડ મુકત વિશ્વ વિદ્યાલય, www.uou.ac.in, E-books, SLM, Post graduate Programmes.

4. Smith Adam, "An Inquiry Lnto the Nature and Causes of Wealth of Nations", 3rd edition, books google. co.in

5. Ricardo, David, "On the Principles of Political Economy and Taxation" 3rd edition, (www.google.co.in) John Murray, Albe marle - Street, London, 1821.

⊙ ⊙ ⊙

એકમ 7

# આર્થિક વિકાસના સિધ્ધાંતો 2

-: રૂપરેખા :-


7.0 ઉદ્દેશ

7.1 પ્રસ્તાવના

7.2 જે.એસ.મિલનો આર્થિક વિકાસનો સિદ્ધાંત

7.2.1 વસ્તી વૃદ્ધિનું નિયંત્રણ

7.2.2 વેતન ભંડોળ

7.2.3 મૂડીસંચયની ભૂમિકા

7.2.4 નફાનો દર

7.2.5 રાજ્યની ભૂમિકા

7.2.6 સ્થિર અવસ્થા

7.3 શુમ્પીટરનો આર્થિક વિકાસનો સિદ્ધાંત

7.3.1 આર્થિક જીવનનો ચક્રિય પ્રવાહ

7.3.2 આર્થિક વિકાસઃ એક અસતત પ્રક્રિયા

7.3.3 નવપ્રવર્તનોનું મહત્વ

7.3.4 નિયોજકર્ની ભૂમિકા

7.3.4.1 નિયૌજકના પ્રકાર

7.3.5 બેન્ક શાખનું મહત્વ

7.3.6 મૂડીવાદના વિકાસની ચક્રિય પ્રક્રિયા

7.3.7 મૂડીવાદના અંતની પ્રક્રિયા

7.4 શુમ્પીટરના સિદ્ધાંતની મર્યાદાઓ/ટીકાઓ

7.5 સારાંશ

7.6 ચાવીરૂપ શબ્દો

7.7 સંદર્ભ પુસ્તકો

7.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબ


## 7.0 ઉદ્દેશો (Objectives)

મિત્રો, પ્રસ્તુત એકમના અભ્યાસ પછી તમે,

- ઉત્પાદનના વિવિધ સાધનો દ્વારા આર્થિક વિકાસ કઈ રીતે શક્ય બને છે તે સમજી શકશો.

- વસ્તી વૃદ્ધિનું નિયંત્રણ, વેતન ભંડોળ, મૂડીસંચય, નફાનો દર, રાજ્યનો હસ્તક્ષેપ અને સ્થિર અવસ્થા આર્થિક વિકાસ માટે કેમ આવશ્યક છે તે અંગે માહિતી મેળવી શકશો.
- મૂડીવાદના પતન અને સમાજવાદની સ્થાપના અંગે વિગતે માહિતી મેળવી શકશો.
- નિયોજક બેક્ર શાખનો ઉપયોગ કરીને નવવપ્રવર્તનો દ્વારા અર્થતંત્રને ઝડપી વિકાસ તરફ લઈ જાય છે તે અંગે જાણકારી મેળવી શકશો.

## 7.1 પ્રસ્તાવના

મિત્રો, પ્રો.જે.એસ.મિલનો આર્થિક વિકાસના સિદ્ધાંતમાં નોંધપાત્ર ફાળો રહેલો છે. એડમ સ્મિથ દ્વારા રજૂ કરવામાં આવેલ પ્રશિષ્ટ સિદ્ધાંતોમાં એડમ સ્મિથથી માંડીને જોહન સ્ટુઅર્ટ મિલ પહેલાનાં તમામ અર્થશાસ્ત્રીઓએ નાના મોટા સુધારા કરીને તેના તે જ સ્વરૂપમાં તેમનો સ્વીકાર કર્યો. પરંતુ જે.એસ.મિલે પ્રશિષ્ટ સિદ્ધાંતોને અંતિમ સ્વરૂપ આપી તેની પુનઃરચના કરી. તેમણે તેમના આર્થિક વિકાસના સિદ્ધાંતમાં વ્યક્તિવાદ અને સમાજવાદ બંને બાબતોનો સુભગ સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો છે.

## 7.2 જે.એસ.મિલનો આર્થિક વિકાસનો સિદ્ધાંત :

એડમ સ્મિથ, રિકાર્ડો અને માલ્થસની જેમ જે.એસ.મિલે પણ આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઉત્પાદનના ત્રણ સાધનો- જમીન, મૂડી અને શ્રમનો સ્વીકાર કર્યો છે. તેમના મતે, આર્થિક વિકાસએ ઉત્પાદનના આ ત્રણેય સાધનોનું ઉત્પાદન વિધેય છે. મિલે જમીન અને શ્રમને ઉત્પાદનના મૂળભૂત સાધનો અને મૂડીને અગાઉ શ્રમના ઉત્પાદનથી સંચિત થયેલા જથ્થા તરીકે ઓળખાવ્યા છે. તેમના જણાવ્યાનુસાર રાષ્ટ્રની સંપત્તિ શ્રમ-દળ કરતાં ઉત્પાદનમાં વધુ ઝડપી વધારો લાવે છે. મિલે ઉત્પાદકીય વપરાશ અને બિન-ઉત્પાદકીય વપરાશ વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો છે. તેમના મતે જે વપરાશથી સમાજની ઉત્પાદકતામાં વધારો થાય તેને ઉત્પાદકીય વપરાશ અને જે વપરાશથી સમાજની ઉત્પાદકતામાં વધારો ન થાય તેને બિન-ઉત્પાદકીય વપરાશ તરીકે ઓળખવામાં આવે છે.

મિલના વિકાસના સિદ્ધાંતમાં નીચેના ઘટકો મહત્વના માનવામાં આવે છેઃ

### 7.2.1 વસ્તી વૃદ્ધિનું નિયંત્રણ (Control of Population Growth) :

મિત્રો, પ્રો.જ.એસ મિલ માલ્થસના વસ્તીના સિદ્ધાંતમાં માનનારા હતા. તેમના મતે વસ્તી વૃદ્ધિનું વલણ જીવનનિર્વાહના સાધનોની વૃદ્ધિ કરતાં વધુ ઝડપી હોય છે. જમીનનો પુરવઠો અને તેની ઉત્પાદકતા મર્યાદિત હોય છે. વળી, કૃષિક્ષેત્રે ઘટતા વળતરનો નિયમ પ્રવર્તમાન હોવાથી તેઓ માનતા કે, ઝડપી વિકાસ સાધવા માટે વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરવી આવશ્યક છે.

### 7.2.2 વેતન ભંડોળ (Wage Fund) :

જે.એસ.મિલના જણાવ્યાનુસાર વેતનમાં વધારો કરવા માટે શ્રમના પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા ખૂબ વધારે છે. વેતન દર સામાન્ય રીતે જીવનનિર્વાહ સ્તર કરતાં વધારે હોય છે. વેતન મૂડીમાંથી ચૂકવવામાં આવે છે અને તેથી તે પ્રવર્તમાન મૂડી ભંડોળ દ્વારા મર્યાદિત હોય છે. વળી, વેતનદર શ્રમની માંગ અને શ્રમના પુરવઠા દ્વારા નિર્ધારિત થતા હોય છે. મૂડી અથવા વસ્તીમાં કોઈ પણ પ્રકારના ફેરફાર થાય તો તેની સીધી અસર વેતન દર પર થાય છે. આમ, જો વસ્તી કરતાં મૂડીમાં

ઝડપી વૃદ્ધિ થાય અથવા મૂડી કરતાં વસ્તીમાં ઝડપી વૃદ્ધિ થાય તો વેતન દરમાં વધારો-ઘટાડો થયા કરે છે. મિલ જણાવે છે કે ચીજવસ્તુઓના વપરાશમાં વધારો થતા બચતોમાં ઘટાડો થાય છે જે મૂડી રોકાણમાં ઘટાડો લાવે છે. બીજી તરફ, મૂડી રોકાણમાં વધારો થતાં ઉત્પાદન અને શ્રમની માંગમાં વધારો થાય છે. પરિણામે વેતન દરમાં વધારો થાય છે. આમ, અર્થતંત્રમાં વેતન ભંડોળમાં વધારો થતાં આર્થિક પ્રગતિ શક્ય બને છે. મિલ માનતા હતા કે, વેતન ભંડોળનો આધાર કુલ મૂડી ભંડોળ પર રહેલો છે કારણકે વેતન મૂડીમાંથી ચૂકવવામાં આવે છે.

7.2.3 મૂડીસંચયની ભૂમિકા (Role of Capital Accumulation) :

મિલ મૂડીને ઔપચારિક શ્રમના ઉત્પાદનના અગાઉના સંચિત જથ્થા તરીકે ઓળખાવે છે. તેમના મતે જેમ અર્થતંત્રમાં મૂડીનું પ્રમાણ વધુ તેમ વેતન વધારે હોય છે. પરિણામે ઉત્પાદકીય શ્રમની માંગમાં વધારો થાય છે. મૂડીસંચયનો આધાર અર્થતંત્રમાં લોકોની બચત કરવાની શક્તિ અને વૃત્તિ પર રહેલો છે. બચત એટલે ભવિષ્યના રોકાણ માટે વર્તમાન વપરાશથી દૂર રહેવું. બચતનો આધાર નફા પર અને નફાનો આધાર શ્રમ-ખર્ચ પર રહેલો છે. જો શ્રમ-ખર્ચ વધુ હશે તો નફો ઓછો અને જો તે ઓછો હશે તો નફો વધુ હશે. આમ, જો નફાના દરમાં વધારો થશેતો વેતનમાં ઘટાડો થશે અને નફાના દરમાં વધારો થતાં મૂડીસંચયના દરમાં વધારો થાય છે. મિલના મતે, મૂડીસંચયની પ્રક્રિયા નીચેના કેટલાંક પરિબળો પર આધારિત છે.

- બચત દ્વારા રચાયેલ ભંડોળના કદ અને
- બચત કરવાની શક્તિ અને વૃત્તિ

7.2.4 નફાનો દર (Rate of Profit) :

મિલના મતે કૃષિક્ષેત્રે ઘટતા વળતરનો નિયમ કાર્યરત હોય છે અને માલ્થુશિયન દરે વસ્તીમાં વધારો થવાના કારણે અર્થતંત્રમાં નફાનો દર ઘટવાનું વલણ ધરાવે છે. કૃષિક્ષેત્રે ટેકનિકલ સુધારાનો અભાવ અને વસ્તી વૃદ્ધિના ઊંચા દરના પરિણામે નફામાં ઘટાડો થવા લાગે છે. અને અર્થતંત્ર સ્થિર અવસ્થા તરફ ગતિ કરે છે. મિલ જણાવે છે કે, અર્થતંત્રને સ્થિર અવસ્થા તરફ જતાં અટકાવવા માટે કૃષિક્ષેત્રે ટેકનિકલ સુધારા કરી અને વસ્તીવૃદ્ધિના દરને નિયંત્રિત કરીને મૂડીસંચયના દરને વધારવો આવશ્યક બને છે.

7.2.5 રાજ્યની ભૂમિકા (Role of State) :

મિત્રો, જે.એસ.મિલ એડમ સ્મિથની જેમ સ્વૈરવિહારી **ઉદ્દેશો** (Laisseze - Faire) નીતિના પ્રખર હિમાયતી હતા. તેઓ આર્થિક બાબતોમાં રાજ્યની ન્યૂનતમ ભૂમિકાના આગ્રહી હતા. મિલ મુક્ત વેપારની તરફેણ અને સંરક્ષણવાદની વિરુદ્ધમાં મત ધરાવતા હતા. તેમણે માત્ર બાળ ઉદ્યોગો માટે જ સંરક્ષણ સૂચવ્યું હતું. તેમના મતે સરકાર શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને નાગરિકોને સભ્ય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેઓ માનતા કે શિક્ષણ પરોક્ષ રીતે આર્થિક વૃદ્ધિમાં મહત્વનો ભાગ ભજવે છે.

7.2.6 સ્થિર અવસ્થા (The Stationary State) :

મિલ જણાવે છે કે અર્થતંત્રની સ્થિર અવસ્થા એ એવો તબક્કો છે કે જ્યાં વસ્તી અથવા મૂડીના જથ્થામાં કોઈ વધારો થઇ શકતો નથી. અહીં નફો ન્યૂનતમ બને છે. જોકે, લોકોની જીવન શૈલીમાં સુધારો થાય છે અને ટેકનિકલ પ્રગતિના પરિણામે તેમનું જીવનધોરણ ઊંચું જાય છે. મિલના મતે અર્થતંત્ર માટે સ્થિર અવસ્થા અનિવાર્ય છે. આથી તેઓ અર્થતંત્રની સ્થિર અવસ્થાને સમર્થન આપે છે કારણકે, સ્થિર અવસ્થાના પરિણામે આવકની વહેંચણીમાં સુધારો થાય છે અને શ્રમની આવકમાં કરકસરની ટેવ અને શિક્ષણ દ્વારા વધારો થાય છે.

- તમારી પ્રગતિ ચકાસો - (ક)

1. જે.એસ.મિલના મતે આર્થિક વિકાસ એ કોનું ઉત્પાદન વિધેય છે ?

   ..............................................................

2. ઉત્પાદકીય વપરાશ એટલે શું?

   ..............................................................

3. મિલના આર્થિક વિકાસના સિદ્ધાંતમાં કયા ઘટકો મહત્વના છે?

   ..............................................................

4. વેતનદર નિર્ધારીત કરતાં પરિબળો કયા છે?

   ..............................................................

5. બચત એટલે શું?

   ..............................................................

6. આર્થિક વિકાસમાં રાજ્યની ભૂમિકા વર્ણવો.

   ..............................................................

7. સ્થિર અવસ્થા એટલે શું?

   ..............................................................

- ખાલી જગ્યા પૂરો.

1. મિલના મતે............... અને ..............ઉત્પાદનના મૂળભૂત સાધનો છે.
2. જે.એસ.મિલ............ ના વસ્તીના સિદ્ધાંતમાં માનનારા હતા.
3. ચીજવસ્તુઓના વપરાશમાં વધારો થતાં............ માં ઘટાડો થાય છે.
4. .............માં વધારો થતા મૂડીસંચયના દરમાં વધારો થાય છે.
5. મિલ................. ની તરફેણમાં હતા.
6. સ્થિર અવસ્થામાં નફો.............. હોય છે.

- નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે લખો.

1. રાષ્ટ્રની સંપત્તિ શ્રમ-દળ કરતાં ઉત્પાદનમાં વધુ ઝડપી વધારો લાવે છે.
2. જમીનનો પુરવઠો અને તેની ઉત્પાદકતા અમર્યાદિત હોય છે.
3. ઝડપી વિકાસ સાધવા માટે વસ્તી વૃદ્ધિ આવશ્યક છે.
4. મૂડીરોકાણમાં વધારો થતાં શ્રમની માંગમાં વધારો થાય છે.
5. શ્રમ-ખર્ચ અને નફાના દર વચ્ચે સીધો સંબંધ છે.

- વૈકલ્પિક પ્રશ્નો (MCQ);

1. બિન-ઉત્પાદકીય વપરાશથી સમાજની ઉત્પાદકતામાં વધારો થાય છે.

   (અ) સાચું (બ) ખોટું (ક) એક પણ નહિ

2. વસ્તી વૃદ્ધિનું વલણ જીવનનિર્વાહના સાધનોની વૃદ્ધિ કરતાં કેવું હોય છે?

   (અ) વધુ ઝડપી (બ) વધુ ધીમું (ક) એક પણ નહિ

3. કૃષિક્ષેત્રે કયો નિયમ પ્રવર્તતો હોય છે?

   (અ) વધતા વળતર (બ) સપ્રમાણ વળતર(ક) ઘટતા વળતર

4. મૂડીસંચયનો આધાર શેના પર રહેલો છે?

   (અ) બચત દ્વારા રચાયેલ ભંડોળ ના કદ

   (બ) બચત કરવાની શક્તિ અને વૃત્તિ

   (ક) (અ) અને (બ) બંને

## 7.3 શુમ્પીટરનો આર્થિક વિકાસનો સિદ્ધાંત :
(Schum peter theory of economic Derelopmeant)

મિત્રો, પ્રોફેસર જોસેફ એલોઇ શુમ્પીટર એક પ્રખર અર્થશાસ્ત્રી હોવાની સાથે અન્ય અનેક વિષયોમાં પણ ઊંડો રસ ધરાવતા હતા. આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઉદ્દભવતા મૂળભૂત પ્રશ્નોની વિષદ છણાવટ કરવામાં તેઓ ઊંડો રસ ધરાવતા હતા. 1911 માં જર્મન ભાષામાં પ્રકાશિત થયેલ તેમના પુસ્તક 'The Theory of Economic Development' માં તેમના આર્થિક વિકાસ અંગેના વિચારો સૌ પ્રથમ રજૂ કરવામાં આવ્યા હતા, 1934 માં આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ પ્રકાશિત થઇ હતી. 1939 માં તેમનું બીજું પુસ્તક 'Business Cycles' પ્રકાશિત થયું જેમાં તેમણે આર્થિક વિકાસના સિદ્ધાંતને વધુ વૈજ્ઞાનિક રીતે અને વિસ્તારથી રજૂ કર્યો હતો. વૈચારિક દ્રષ્ટિએ તેઓ પ્રશિષ્ટ અને નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ કરતાં ભિન્નતા ધરાવતાં હતા. શુમ્પીટરે મૂડીવાદી સમાજ અંગે આશાવાદી વલણ રજૂ કર્યું હતું. તેમના મતે આર્થિક વિકાસ એ આખી સામાજિક ઘટનાઓનો એક ભાગ છે. તેમણે કહ્યું હતું કે, મૂડીવાદમાં વાસ્તવિક આવકમાં સતત વધારો થતો રહે છે, જો કે તેમાં કામચલાઉ આરોહ-અવરોહ આવતા રહેતા હોય છે. તેમના મતે જે રીતે ઘટતી પેદાશનો નિયમ કે માલ્થસનો વસ્તીનો સિદ્ધાંત આર્થિક પ્રગતિ માટે અવરોધરૂપ બની શકતો નથી તેજ રીતે મૂડી-રોકાણની તકોનો અભાવ અથવા સામાજિક જડતાઓ મૂડીવાદના વિકાસને અવરોધી શકતી નથી. આમ છતાં તેઓ જણાવે છે કે મૂડીવાદની સફળતા જ સામાજિક સંસ્થાઓ અને વલણોમાં પરિવર્તન લાવે છે, જે મૂડીવાદને તેના અંત

તરફ દોરી જાય છે. આમ, શુમ્પીટરનો આર્થિક વિકાસ પ્રત્યેનો અભિગમ કાર્લ માર્કસને ઘણોજ મળતો આવે છે. તેમ છતાં બંને અર્થશાસ્ત્રીઓના વિશ્લેષણો તથા વિભાવાનાઓમાં ઘણી ભિન્નતા જોવા મળે છે.

મિત્રો, તો ચાલો હવે આપણે આર્થિક વિકાસના સિદ્ધાંતના અભ્યાસ પરથી ફલિતાર્થ થતા કેટલાક મુખ્ય મુદ્દાઓનો વિગતે સમજવાનો પ્રયત્ન કરીએ.

7.3.1 આર્થિક જીવનનો ચક્રિય પ્રવાહ (Circulur Flow of economic Life) :

આર્થિક જીવનનો ચક્રીય પ્રવાહ શુમ્પીટરના વિશ્લેષણનું એક મહત્વનું અંગ છે કે જ્યાંથી આર્થિક વિકાસની આખી પ્રક્રિયાનો આરંભ થાય છે. ચક્રિય પ્રવાહ એ એવા અર્થતંત્રની વિભાવના છે કે જેમાં લાંબાગાળાની સામાન્ય સમતુલા પ્રવર્તતી હોય. જો લાંબાગાળાની સામાન્ય સમતુલા પ્રવર્તતી હોય વો આર્થિક પ્રવૃત્તિઓને લીધે થતું કુલ ઉત્પાદન સતત સ્થિર દરે થયા કરતુ હોય છે, કારણકે અર્થતંત્રમાં તમામ પરિબળો સ્થિર રહે છે. તેમાં સહેજ પણ પરિવર્તન થતું નથી. પરંતુ સમય સાથે તમામ પ્રક્રિયાઓનું પુનરાવર્તન થાય છે. આમ, ચક્રીય પ્રવાહ અન્વયે અર્થતંત્ર સ્થિર સમતુલાની અવસ્થામાં હોય છે. જેની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

- તમામ આર્થિક પ્રવૃત્તિઓનું વર્ષોવર્ષ પુનરાવર્તન થતું હોવાથી આર્થિક જીવનનો ચક્રીય પ્રવાહ સમયની સાથે બદલાયા વિના એની એ જ દિશામાં વહ્યા કરે છે.
- આર્થિક પ્રવૃત્તિ કરનારાઓ પૈકી પેઢી એ ઉત્પાદનનો એકમ છે જયારે કુટુંબ એ ઉપભોગ(વપરાશ) નું એકમ છે.
- બધા જ ઉત્પાદકો તેમની પેદાશોની માંગ અંગે પૂરી માહિતી ધરાવતા હોય છે આથી તેઓ માંગને અનુરૂપ પુરવઠામાં ફેરફારો કરી શકે છે. પરિણામે સમયના પ્રત્યેક બિંદુએ માંગ અને પુરવઠો સમતુલામાં હોય છે.
- અર્થતંત્રમાં અન્ય કોઈ પણ પ્રકારની અનિશ્ચિતતાનો અભાવ હોવાથી ઉત્પાદનનું ઈષ્ટતમ પ્રમાણ હોય છે.
- અર્થતંત્રમાં પ્રત્યેક પેઢી પૂર્ણહરીફાઈવાળી લાંબાગાળાની સમતુલામાં કામ કરતી હોય છે. અર્થાત દરેક પેઢી માટે સરેરાશ આવક - સરેરાશ ખર્ચ.
- પ્રત્યેક ઉત્પાદનના સાધનને તેની સીમાન્ત પેદાશ જેટલું વળતર ચુકવવામાં આવતું હોય છે.
- અહી મુલ્ય = સરેરાશ ખર્ચ = સીમાન્ત ખર્ચ હોય છે. એટલે એમ કહી શકાય કે, ચક્રીય પ્રવાહમાં રહેતું અર્થતંત્ર વિશેષ નફો કમાવવાની કોઈ તક પૂરી પાડતું નથી, કારણકે ચક્રીય પ્રવાહમાં કોઈપણ તક બાકી રહેતી નથી. પરિણામે વ્યાજનો દર શૂન્ય થવાનું વલણ બતાવે છે. તથા ઉત્પાદનના સાધનોની અનૈચ્છિક બેકારી હોતી નથી.

### 7.3.2 આર્થિક વિકાસઃ એક અસતત પ્રક્રિયા (Economic Development: A Discontinuous Process) :

વિકાસ અને વૃદ્ધિ બંનેને શુમ્પીટરના સૈદ્ધાંતિક માળખામાં આર્થિક જીવનના ચક્રિય પ્રવાહમાં થતા ફેરફારોના સંદર્ભમાં જોવામાં આવ્યા છે. એટલેકે વિકાસ અને વૃદ્ધિ વચ્ચેનો તફાવત પણ ચક્રિય પ્રવાહમાં થતા ફેરફારોના પ્રકાર ઉપર જ આધાર રાખે છે. આમ, શુમ્પીટર વિકાસની પ્રક્રિયાને આર્થિક જીવનના ચક્રિય પ્રવાહમાં અસતત વિક્ષેપ પાડનાર પરિબળ તરીકે ઓળખાવે છે. તેમના મત મુજબ આર્થિક વિકાસના લીધે જ્યારે ચક્રિય પ્રવાહમાં આકસ્મિક, આંતરિક, સ્વયંસ્ફૂરિત અને અસતત પરિવર્તનો થાય છે, ત્યારે સ્થિર સમતુલાવાળા આર્થિક જીવનના ચક્રિય પ્રવાહમાં ભંગાણ પડે છે. આ પરિવર્તનોના કારણે અર્થતંત્ર તેની જૂની સમતુલાની એક અવસ્થામાંથી વિચલિત થાય છે અને સમતુલાની બીજી અવસ્થા મેળવે છે. શુમ્પીટરના શબ્દોમાં કહીએ તો, "આર્થિક વિકાસ એ ચક્રિય પ્રવાહોની દિશામાં આકસ્મિક અને અસતત પરિવર્તન અથવા સમતુલામાં ભંગાણ છે, જે અગાઉની સમતુલાની અવસ્થામાં કાયમી ફેરફાર લાવી નવી સમતુલા સ્થાપે છે." આવા આર્થિક પરિવર્તનોના લીધે ચક્રિય પ્રવાહમાં વિક્ષેપ પડે છે અને વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. વિકાસની પ્રક્રિયા ધીમી અને સંવાદી છે તેવો મત ધરાવતી નવતપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની વિચારધારાનો તેઓ સમર્થન કરતાં નથી. તેમના મત મુજબ આર્થિક વિકાસ અનિવાર્ય રીતે તેજી-મંદીના વલણો સાથે સંકળાયેલો હોય છે. તેમણે આર્થિક વિકાસને એક અસતત ટેકનોલોજીકલ પરિવર્તનોની પ્રક્રિયા તરીકે વર્ણવી છે.

### 7.3.3 નવપ્રવર્તનોનું મહત્વ (Importance of Innovations) :

શુમ્પીટરના મતે વિકાસ વગર નફો શક્ય નથી અને નફા વગર વિકાસ શક્ય નથી. આ એક વિષચક્ર છે જેને તોડવું અત્યંત આવશ્યક છે. આથી શુમ્પીટર તેમના આર્થિક વિકાસના સિદ્ધાંતમાં નવપ્રવર્તનોને વિશેષ મહત્વ આપે છે. તેમના મતે આર્થિક વિકાસ એ મૂળભૂત રીતે નવપ્રવર્તનોનું પરિણામ છે. ચક્રિય પ્રવાહમાં થતા ટેકનોલોજીના આકસ્મિક, આંતરિક, સ્વયંસ્ફુરિત અને અસતત પરિવર્તનોને શુમ્પીટર નવપ્રવર્તન તરીકે ઓળખાવે છે. આર્થિક વિકાસ અને નવપ્રવર્તનને શુમ્પીટર એકબીજાના પૂરક ગણાવે છે. નવપ્રવર્તન(નવીન ઉપક્રમ) એટલે માત્ર શોધખોળ કે આવિષ્કાર જ નહિ, પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને લીધે ઉત્પાદન ક્ષેત્રે, શોધાયેલી નવી પદ્ધતિઓ અને રીત-રસમોનો આર્થિક રીતે વ્યવહારમાં ઉપયોગ કરતી. બીજા શબ્દોમાં કહીએતો શુમ્પીટરના જણાવ્યાનુસાર શોધખોળ કે ટેકનોલોજીનો ગમે તેટલો વિકાસ થાય, પરંતુ જો તેને આર્થિક રીતે વ્યવહારમાં ન મુકવામાં આવે તો તેને નવપ્રવર્તન કહી શકાય નહિ. શુમ્પીટરના માટે નીચે જણાવેલ ઘટના બને ત્યારે નવપ્રવર્તન થયો કહેવાયઃ

- નવી વસ્તુઓનું ઉત્પાદન કરવું.
- ઉત્પાદનની નવી પદ્ધતિ અમલમાં મુકવી.
- નવા બજારોની શોધ થવી.
- કાચા માલના નવા પ્રાપ્તિસ્થાનોની શોધ થવી.

- કોઈ પણ ઉદ્યોગના વ્યવસ્થાતંત્રમાં કે પછી વેપારી સંગઠનના પ્રકારમાં પરિવર્તન થવું.

આ નવ પ્રવર્તનો દ્વારા નિયોજક ઉત્પાદનના માળખામાં ક્રાંતિકારી પરિવર્તનો કરી આર્થિક વિકાસ માટેની ભૂમિકા તૈયાર કરે છે. નવપ્રવર્તનના પરિણામે ઉત્પાદનના સાધનોમાં, ઉત્પાદન પદ્ધતિમાં તેમજ સાંસ્કૃતિક અને સામાજિક માળખામાં પરિવર્તન થવાથી ચક્રિય પ્રવાહનું છેદન થાય છે અને આર્થિક વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

7.3.4 નિયોજક ની ભૂમિકા (Role of Entrepreneur) :

નવપ્રવર્તન એ તંત્રની બહારથી આવતું પરિબળ નથી, પરંતુ તંત્રમાંથી આંતરિક રીતેજ ઉપસ્થિત થતું એક પરિબળ છે. આથી નવપ્રવર્તનને અમલમાં મુકવો પડે છે અને તેનો અમલ કરવા માટે એક પ્રતિનિધિની જરૂર પડે છે. આ પ્રતિનિધિ કે જે નવપ્રવર્તનને અમલમાં મુકવાનું કાર્ય કરે છે તેને શુમ્પીટર નિયોજક તરીકે ઓળખાવે છે. શુમ્પીટરે રજૂ કરેલ વિકાસની પ્રક્રિયાના વિશ્લેષણમાં નિયોજકએ સૌથી મહત્વનું પાત્ર છે અને તે કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે. કારણકે, તે વિકાસની પ્રક્રિયાની શરૂઆત કરી તેને આગળ ધપાવે છે. આમ, આર્થિક વિકાસનો મુખ્ય સુત્રધાર નિયોજક છે, જે નફો પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી નવપ્રવર્તન હાથ ધરે છે. આમ, શુમ્પીટરના મોડેલમાં અર્થતંત્રમાં નવપ્રવર્તનો દ્વારા ચક્રિય પ્રવાહને ભેદીને આર્થિક વિકાસની શરૂઆત કરવાની તમામ જવાબદારી નિયોજક ઉપર હોય છે. નિયોજકેએ નવી શોધખોળોનો વ્યવહારમાં અમલ કરનાર વ્યક્તિ છે જે ચક્રિય પ્રવાહમાં વિવિધ પરિવર્તનો લાવીને આર્થિક વિકાસની પ્રક્રિયામાં મહત્વનો ફાળો આપે છે. શુમ્પીટર નિયોજકને વિકાસના મુખ્ય પ્રેરક સ્રોત, અધુનીકરણના સર્જક, ઉત્પાદન પદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન લાવનાર તેમજ બજારના વિસ્તારમાં વધારો કરનાર તરીકે ઓળખાવે છે. આધુનિક આર્થિક જગત જોખમો અને અનિશ્ચિતતાઓથી ભરપૂર છે જેને નિયોજિત કરવાનું કાર્ય નિયોજક દ્વારા કરવામાં આવતું હોય છે. નિયોજકને આ કાર્યમાં નીચે જણાવ્યાનુસાર ત્રણ પરિબળો પ્રેરિત કરતાં હોય છેઃ

- પોતાનું એક ખાનગી વેપારી સામ્રાજ્ય સ્થાપવાનો સંકલ્પ
- પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરવાની તીવ્ર ઉત્કંઠા
- અમુક વસ્તુનું સર્જન કર્યાનો અથવા કરાવડાવ્યાનો આનંદ

નિયોજકને તેના કાર્યો કરવા માટે મુખ્યત્વે ટેકનિકલ જ્ઞાન અને નાણાકીય સાધનોની જરૂરિયાત રહેતી હોય છે.

7.3.4.1 નિયોજકના પ્રકાર (Types of Entrepreneur) :

શુમ્પીટરના મતે નિયોજક નીચે મુજબ જુદા-જુદા પ્રકારના હોઈ શકે છેઃ

a. અનુભવમૂલક નિયોજક (Empirical Entrcpeneur) :

જે નિયોજક વ્યક્તિલક્ષી હોય, વધુ નફો આપનાર પરંપરાગત ઉદ્યોગ અપનાવે તથા પરંપરાગત નિયમોને જડ રીતે વળગી રહેતો હોય તેને અનુભવમૂલક નિયોજક તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના

નિયોજકો પ્રણાલિકાગત ઉત્પાદન વ્યવસ્થાને અનુસરનાર હોય છે. તેઓ સ્વતંત્ર રીતે જોખમ અને અનિશ્ચિતતા ઉઠાવીને કોઈ પણ ઔદ્યોગિક એકમ સ્થાપવાનું સાહસ કરી શકતા નથી.

b. જ્ઞાનમૂલક નિયોજક (Cognitive Entrepreneur) :

જે નિયોજક બહુમુખી પ્રતિભા ધરાવતો હોય, દીર્ઘ દ્રષ્ટિવાળો અને સ્વતંત્ર નીતિ ઘડનાર હોય તેને જ્ઞાનમૂલક નિયોજક તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારનો નિયોજક અદ્યતન ટેકનોલોજીથી વાકેફ હોય છે. એટલું જ નહિ, પરંતુ જુદા જુદા વિષયના નિષ્ણાતો, સલાહકારો તથા ટેકનિશિયનોની સલાહ-સૂચનો અનુસાર પરંપરાગત માર્ગના બદલે વૈજ્ઞાનિક અભિગમ અપનાવે છે અને નવપ્રવર્તનોને અમલમાં મુકે છે.

c. તાર્કિક નિયોજક (Rational Entrepreneur) :

જે નિયોજક જુદા-જુદા ઉદ્યોગો કે વ્યવસાયોના ઉદભવતા પરિણામોથી વાકેફ હોય અને તેના અનુરૂપ તાર્કિક વિચારણા કરી યોગ્ય વ્યવસાય કે ઉદ્યોગની પસંદગી કરે છે તેને તાર્કિક નિયોજક તરીકે ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત શુમ્પીટર ઉદ્યોગોમાં પરિવર્તનો સ્વીકારવાની તત્પરતાના આધારે નીયોજકના અન્ય ચાર પ્રકાર જણાવે છે.

i. નવી ઉત્પાદન પદ્ધતિ અપનાવનાર નિયોજકો

ii. અનુસરણ કરનારા નિયોજકો

iii. સાવચેતી રાખનારા નિયોજકો

iv. આળસુ નિયોજકો

7.3.5 બેંક શાખનું મહત્વ (Importance of Bank Credit) :

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ તેમના વૃદ્ધિ મોડેલમાં ચાલુ આવકમાંથી થતી બચતને મહત્વના પરિબળ તરીકે વર્ણવી હતી. પરંતુ શુમ્પીટર તેમના આર્થિક વિશ્લેષણમાં બેક્ર-શાખને વિશેષ મહત્વ આપે છે. શુમ્પીટરના મતે ચાલુ આવકમાંથી જે બચતો થાય છે તે નવપ્રવર્તનોની યોજનાઓ માટે પૂરતા પ્રમાણમાં હોતી નથી. આથી, આ ખાધ બેન્ક શાખ દ્વારા દૂર કરી શકાય છે. આમ, નિયોજક બેક્ર શાખ દ્વારા નવપ્રવર્તનોનો અમલ કરે છે. જેના પરિણામે ચક્રિય પ્રવાહમાં સમગ્ર રીતે મૂળભૂત તથા ગુણાત્મક પરિવર્તનો જોવા મળે છે. જોકે, મૂડીરોકાણની આ પ્રક્રિયાના પરિણામે ટૂંકાગાળામાં ફુગાવાને વેગ મળે છે. પરંતુ સમય જતાં નવપ્રવર્તન સફળ થાય છે અને નિયોજકને નવી આવક મળે છે, જેમાંથી તે બેક્ર લોન પરત કરે છે. પરિણામે અર્થતંત્રમાં ફુગાવાની અસરો ઓછી થવા માંડે છે. આમ, શુમ્પીટરના મતે શાખસર્જન દ્વારા મૂડીરોકાણની પ્રક્રિયાને વેગ મળે છે. આથી શાખસર્જનને આર્થિક વિકાસની પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે માનવામાં આવે છે. આમ, ફરજીયાત બચતોને શુમ્પીટરના આર્થિક વિકાસના સિદ્ધાંતમાં મૂડીસંચયના એક અગત્યના સાધન તરીકે ગણવામાં આવે છે. બેક્ર શાખ દ્વારા મૂડીરોકાણમાં વધારો થાય છે પરિણામે મૂડીયુક્ત વસ્તુઓની માંગમાં વધારો થાય

છે. તેથી, વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાંથી સાધનો ખસેડીને મૂડીયુક્ત વસ્તુઓના ઉત્પાદનમાં રોકવામાં આવે છે. પરિણામે અર્થતંત્રને વધુ બચત કરવાની ફરજ પડે છે.

7.3.3.6 મૂડીવાદના વિકાસની ચક્રિય પ્રક્રિયા (The Cyclical Process of Capitalist Development) :

મૂડીવાદી સમાજનું વર્તમાન સ્વરૂપ ભૂતકાળમાં થયેલા વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે. શુમ્પીટર મૂડીવાદી સમાજના શરૂઆતના તબક્કાઓની વિગતવાર ચર્ચા કરે છે કે જેમાં મૂડીવાદ પૂર્ણ રીતે પરિપક્વ થયો ના હોય.

7.3.6.1 નિયોજક દ્વારા અપનાવેલ નવપ્રવર્તન/વિકાસની પ્રાથમિક લહર (Primary Wave) :

શુમ્પીટરના મતે મૂડીવાદી સમાજમાં વિકાસની પ્રક્રિયાની શરૂઆતમાં અર્થતંત્ર સ્થિર સમતુલાની અવસ્થામાં હોય છે. આ સ્થિતિમાં અર્થતંત્રમાં ચોખ્ખું મૂડીરોકાણ થતું નથી તથા વસ્તીવૃદ્ધિ પણ થતી નથી અને અર્થતંત્રમાં પૂર્ણરોજગારી પ્રવર્તતી હોય છે. તમામ આથિક પ્રવૃતિઓનું વર્ષોવર્ષ પુનરાવર્તન થયા કરે છે. આમ, આર્થિક જીવનના ચક્રિય પ્રવાહ અન્વયે અર્થતંત્ર સ્થિર સમતુલાની અવસ્થામાં હોય છે. પરંતુ વિકાસની પ્રક્રિયા અન્વયે આર્થિક પ્રવૃત્તિઓના આ ચક્રિય પ્રવાહમાં સ્વયંસ્કુરિત અને અસતત પરિવર્તનો થાય છે. જેના પરિણામે પ્રવર્તમાન સમતુલામાં ભંગાણ પડે છે અને નવી સમતુલા અસ્તિત્વમાં આવે છે. મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોના નવા અને વધુ ઇષ્ટતમ સંયોજન માટેની હંમેશા વિશાળ તકો રહેલી હોય છે. નિયોજકો નફાની આવી તકોનો લાભ લેવા માટે નવપ્રવર્તન કરે છે. અમુક નિયોજકો દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની પહેલનું અન્ય નિયોજકો પણ મોટી સંખ્યામાં અનુકરણ કરે છે. જેના પરિણામે ઉત્પાદનની પ્રક્રિયા ઝડપી બને છે અને ઉત્પાદનના સાધનોની માંગમાં વધારો થાય છે. તેથી ઉત્પાદનના સાધનોની કિંમતમાં પણ વધારો જોવા મળે છે. આમ, ઉત્પાદનના સાધનોના ભાવો અને નિયોજકોની નાણાકીય આવકમાં વધારો થતા અર્થતંત્ર આર્થિક પ્રવૃત્તિઓથી ધમધમી ઉઠે છે અને ચારેબાજુ આશાસ્પદ વાતાવરણ સર્જાય છે. શુમ્પીટર આ પ્રકારની અર્થતંત્રની આર્થિક ચેતના' ને નિયોજક દ્વારા અપનાવેલ નવપ્રવર્તન અથવા વિકાસની પ્રથમ લહર(શવંળાઘાય, 1/809) તરીકે ઓળખાવે છે.

7.3.6.2 વિકાસની બીજી લહેર (Secoodary Wave) / સમૃદ્ધિ (Prosperity):

વિકાસની પ્રાથમિક લહેરના પરિણામે અર્થતંત્રમાં પ્રવર્તતા આશાસ્પદ વાતાવરણના લીધે તેજીની અવસ્થાને વધુ પ્રોત્સાહન મળે છે. વૈતન, વ્યાજ અને નફામાં સતત વધારો થવાના લીધે ઉત્પાદન પ્રવૃત્તિનો વ્યાપ વધવા માંડે છે. જેથી સટ્ટાકીય પ્રવૃત્તિને વેગ મળે છે. મોટાભાગના લોકો માનવા લાગે છે કે, ભાવવધારો કે આવકવધારો સતત ચાલુ રહેશે. તેથી તેઓ બેક્નો પાસેથી વધુને વધુ ધિરાણ લેવા લાગે છે. બેક્નો દ્વારા નવપ્રવર્તકો તેમજ સટ્ટાખોરોને ધિરાણ પૂરું પાડવામાં આવે છે. અને આ રીતે વિકાસની આ 'બીજી લહર' (ડલ્લબાતદાન/ ૫૪૫ટ) પ્રાથમિક લહર પર છવાઈ જાય છે, જેને શુમ્પીટર ''સમૃદ્ધિ'(9054913/) તરીકે ઓળખાવે છે.

7.3.6.3 રચનાત્મક વિનાશની પ્રક્રિયા (Process of Creative Destruction) :

અર્થતંત્રમાં વિસ્તરણની ઉપર્યુક્ત પ્રક્રિયા કેટલાક સમય સુધી ચાલુ રહે છે અને ત્યારબાદ અચાનક અર્થતંત્રમાં અધોગામી વલણની શરૂઆત થાય છે. બજારમાં નવી પેઢીઓ અને નવી વસ્તુઓના આગમનથી હરીફાઈમાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે. પરિણામે જૂની પેઢીઓ અને જૂની વસ્તુઓ આ હરીફાઈમાં ટકી શકતી નથી અને બજારમાંથી ધીમે ધીમે દૂર થવા લાગે છે. વાસ્તવમાં જોઈએ તો અહીંથી જ 'રચનાત્મક વિનાશની પ્રક્રિયા' (Process of Creative Destruction) શરુ થાય છે.

7.3.6.4 મંદકાલીન વ્યાપાર (Business Depression) :

રચનાત્મક વિનાશની પ્રક્રિયાના પરિણામે નવી પેઢીઓ અને નવી પેદાશોનું પ્રમાણ બજારમાં વધતું જાય છે અને જૂની પેઢીઓનું કદ સંકોચાતું જાય છે. આ જૂની પેઢીઓ નાદારી જાહેર કરવાની પરિસ્થિતિમાં મૂકાતી જાય છે. બીજી બાજુ, નવપ્રવર્તનની સફળતાના કારણે નિયોજકોના નફામાં વધારો થતો જાય છે. આ વધેલા નફામાંથી જયારે નિયોજકો બેન્ક લોન પરત કરે છે ત્યારે અર્થતંત્રમાં નાણા સંકોચનની પ્રક્રિયાની શરૂઆત થાય છે. અર્થતંત્રમાં નાણાનો પુરવઠો ઘટતાં વસ્તુના ભાવોમાં ઘટાડો થવા લાગે છે. પરિણામે ઉત્પાદનમાં ઘટાડો થાય છે. આ બધાના પરિણામે અર્થતંત્રમાં જોખમ અને અનિશ્ચિતતાનું પ્રમાણ વધવા લાગે છે. જે નિયોજકોની સાહસવૃત્તિ અને નવપ્રવર્તનની વૃત્તિને ધીરે ધીરે મંદ કરે છે અને અંતે તે સમાપ્ત થઇ જાય છે. જેથી શાખનું માળખું તૂટી જાય છે અને અર્થતંત્ર મંદીની ખીણમાં ધકેલાઈ જાય છે. આને શુમ્પીટર 'મંદકાલીન વ્યાપાર' (Business Depression) તરીકે ઓળખાવે છે.

7.3.6.5 નિયોજક અને આર્થિક વિકાસ (Entrepreneursbip and Economic Development) :

મંદીમાં સપડાયેલ અર્થતંત્ર પુનઃ નવી સમતુલા તરફ ગતિ કરે છે. મંદીના સમયમાં નાદાર થયેલી કેટલીક પેઢીઓ અન્ય પેઢીઓના વિસ્તરણનો માર્ગ મોકળો કરે છે. એટલેકે, મંદીના સમયમાં સમતુલાની આજુબાજુના બિંદુએ ફરીથી મૂડીરોકાણની પ્રક્રિયા શરુ થાય છે. અને સુધારણાની સ્વાભાવિક શક્તિઓ અર્થતંત્રને પુનઃજીવિત કરે છે. કેટલાક નિયોજકો અર્થતંત્રમાં ફરીથી નવપ્રવર્તનો અપનાવવા લાગે છે અને અન્ય નિયોજકો તેનું અનુકરણ કરે છે. આમ થવાથી બેન્કોની શાખ સર્જનની પ્રવૃત્તિનો વિસ્તાર થવા લાગે છે અને અર્થતંત્રમાં તેજીની પરિસ્થિતિ શરુ થાય છે. આમ, શુમ્પીટરના મતે આર્થિક વિકાસની સમગ્ર પ્રક્રિયામાં નિયોજક મહત્વની ભૂમિકા ભજવે છે. વિકાસની પ્રક્રિયા ચક્રિય સ્વરૂપની હોવા છતાં મૂડીવાદી સમાજમાં લાંબાગાળાની વૃદ્ધિ અન્વયે માથાદીઠ આવક અને ઉત્પાદનમાં વધારો થતો રહે છે.

શુમ્પીટરના જણાવ્યા અનુસાર ટેકનોલોજીના વિકાસની શક્યતાઓ અનંત અને અગણિત હોય છે. તેથી નવપ્રવર્તનોને ઘટતા મળતરનો નિયમ લાગું પડતો નથી. આમ, નવપ્રવર્તનોનો કોઈ અંત હોતો નથી. અર્થતંત્રમાં સમય સાથે અમુક ચોક્કસ દરે નવપ્રવર્તનો થયાજ કરે છે. આમ, શુમ્પીટર સ્થાયી પરિસ્થિતિને વિકાસના

છેલ્લા તબક્કા તરીકે જોતા નથી, પરંતુ આર્થિક વિકાસના માર્ગમાં ટૂંકાગાળા માટે ઊભી થતી મંદી, સ્થિરતા કે ચક્રિય પ્રવાહની સ્થિતિ તરીકે જુએ છે. તેઓ સ્થગિતતાની શક્યતાઓને સદંતર નકારી કાઢે છે. આથી, તેઓ મૂડીવાદી અર્થવ્યવસ્થામાં વિકાસની પ્રક્રિયા ચાલુ રહેવા અંગે નિરાશાવાદી નથી.

7.3.7 મૂડીવાદના અંતની પ્રક્રિયા (Process of the End of Capitalism) :

કાર્લ માર્કસ અને શુમ્પીટરના મૂડીવાદ અંગેના વિચારોમાં ઘણી સામ્યતા જોવા મળે છે. શુમ્પીટર પણ કાર્લ માર્કસની જેમ માનતા હતા કે મૂડીવાદનો અંત સુનિશ્ચિત છે અને તેની સફળતા એ જ તેના અંતનું કારણ છે. મૂડીવાદ સ્વયં પોતેજ પોતાના વિનાશના બીજ વાવે છે અને છેલ્લે તેનો અસ્ત થવા પામે છે. શુમ્પીટરના મતે સંસ્થાકીય મર્યાદાઓ મૂડીવાદના પતનનું કારણ બને છે, ન કે આર્થિક મર્યાદાઓ. મૂડીવાદી સમાજના વિકાસને આડે આવતા કોઈ શુદ્ધ આર્થિક અવરોધો નથી અને તેથી મૂડીવાદ આર્થિક નિષ્ફળતાઓના ભારને લીધે તૂટી પડશે નહિ, પરંતુ સંસ્થાકીય માળખું જ તેનું રક્ષા કવચ છે એ જ મૂડીવાદની વધુ પડતી સફળતાથી વિઘટિત થઈ તેના પતનનું કારણ બનશે અને તેના સ્થાને સમાજવાદ સ્થપાશે. શુમ્પીટરે પોતાના આ અભિપ્રાય માટે અનેક કારણો આપ્યા છે, જે પૈકી કેટલાક મહત્વના કારણો નીચે મુજબ છેઃ

- નીયોજકના કાર્યના મહત્વનો અંત
- મૂડીવાદ સમાજના સંસ્થાકીય માળખાનું વિઘટન
- મૂડીવાદના રક્ષણાત્મક રાજકીય માળખાનો વિનાશ
- બુર્ઝવા પરિવારનું વિઘટન તદુપરાંત બુદ્ધિવાદી વર્ગનો ઉદય

વ્યક્તિગત સંપર્ક સાધવાની સ્વતંત્રતા, કામદાર મંડળનો ઉદય વગેરે પરિબળો પણ મૂડીવાદનો અંત લાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## 7.4 શુમ્પીટરના સિદ્ધાંતની મર્યાદાઓ/ટીકાઓ :

શુમ્પીટરે રજૂ કરેલ આર્થિક વૃદ્ધિના મોડેલમાં નિયોજકો અને નવપ્રવર્તનોને વિશેષ મહત્વ આપી વ્યવહારિક દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. આ દ્રષ્ટીએ તેમનું વિશ્લેષણ વધુ વાસ્તવિક જણાય છે.મેયર અને બાલ્ડવીનના મતે શુમ્પીટરનો સિદ્ધાંત એડમ સ્મિથ, મિલ, માર્શલ, કાર્લ માર્કસ અને કેઈન્સ જેવા મહાન અર્થશાસ્ત્રીઓના સિદ્ધાંતો જેટલું જ મહત્વનું સ્થાન ધરાવે છે. તેમાં રહેલ સુંદર તર્કની પાછળ મહાન સૈદ્ધાંતિક દ્રષ્ટિકોણ રહેલો છે. શુમ્પીટર દ્વારા રજૂ કરવામાં આવેલ આર્થિક વૃદ્ધનું વિશ્લેષણ પ્રશંસનીય હોવા છતાં તેની પણ કેટલીક મર્યાદાઓ છે જે નીચે મુજબ છેઃ

a. નવપ્રવર્તનને વિશેષ મહત્વઃ

શુમ્પીટર આર્થિક વિકાસ માટે નવપ્રવર્તનોને વિશેષ મહત્વ આપે છે, પરંતુ વાસ્તવમાં આર્થિક વિકાસ એ નવપ્રવર્તન ઉપરાંત અન્ય અનેક આર્થિક અને સામાજિક પરિબળો ઉપર પણ આધાર રાખે છે. આમ, આર્થિક વિકાસ માટેનું મુખ્ય કારણ એ નવપ્રવર્તન છે તેમ કહી શકાય નહિ.

b. નિયોજક નવપ્રવર્તન કરે છેઃ

શુમ્પીટરના મતે નવપ્રવર્તનનું કાર્ય માત્ર નિયોજકો દ્વારા હાથ ધરવામાં આવે છે. પરંતુ આધુનિક સમયમાં મોટી કંપનીઓ દ્વારા પણ આવિષ્કાર અને નવપ્રવર્તનો કરવામાં આવે છે જે તેમની ધંધાકીય પ્રવૃત્તિના એક ભાગ તરીકે ગણવામાં આવે છે. આથી, હવે નવપ્રવર્તનો કરવા માટે નિયોજકોની આવશ્યકતા જણાતી નથી.

c. ચક્રિય ફેરફારો માટે નવપ્રવર્તન જવાબદારઃ

શુમ્પીટર વેપાર ચક્રિય ફેરફારો માટે નવપ્રવર્તનને મૂળભૂત રીતે જવાબદાર ગણાવે છે, પરંતું વાસ્તવમાં ચક્રિય ફેરફારો માટે નવપ્રવર્તન ઉપરાંત કેટલાક મનોવૈજ્ઞાનિક, નાણાકીય અને કુદરતી પરિબળો પણ એટલાજ જવાબદાર હોય છે જેની અહી અવગણના કરવામાં આવી છે.

d. બેન્ક શાખને વિશેષ મહત્વઃ

આર્થિક વૃદ્ધિના વિશ્લેષણમાં શુમ્પીટરે આર્થિક વિકાસ માટે બેક્ર શાખને વધારે પડતું મહત્વ આપ્યું છે. પરંતુ વાસ્તવમાં જોઈએ તો બેક્રો મોટા ભાગે ટૂંકાગાળાનું અથવા મધ્યમગાળાનું ધિરાણ કરતી હોય છે. જયારે નવપ્રવર્તનો માટે તો લાંબાગાળાના ધિરાણની આવશ્યકતા હોય છે. જેની માટે પેઢીઓએ મૂડીબજારમાં થી ધિરાણ મેળવવું પડે છે.

e. આર્થિક વિકાસ એ ચક્રિય પ્રક્રિયાનું પરિણામઃ

શુમ્પીટરના જણાવ્યાનુસાર નવપ્રવર્તનો દ્વારા થતો આર્થિક વિકાસ એ ચક્રિય પ્રક્રિયાના રૂપમાં થાય છે. આમ, આર્થિક વિકાસ એ ચક્રિય પ્રક્રિયાનું પરિણામ છે. પરંતુ પ્રો. નર્ક્સના જણાવ્યાનુસાર આર્થિક વિકાસ એ સતત પરિવર્તનોનું પરિણામ છે. તેની માટે ચક્રિય પ્રક્રિયા આવશ્યક નથી.

f. અવાસ્તવિક ધારણાઓઃ

શુમ્પીટરે આર્થિક વિકાસની પ્રક્રિયા સમજાવવા માટે કેટલીક ધારણાઓ કરી છે. જેમકે સમય જતાં નિયોજક મહત્વહીન બની જાય છે, અને નફો શૂન્ય થઇ જાય છે. જે અવાસ્તવિક પ્રતીત થાય છે. કારણ કે નફો શૂન્ય હોતો નથી અને મૂડીવાદના પતન માટે નિયોજકનું વિઘટન જવાબદાર ગણાવી શકાય નહિ.

g. સમાજવાદની સ્થાપના અંગેની સમજૂતીમાં અસ્પષ્ટતાઃ

શુમ્પીટરના મતે મૂડીવાદના અંતના પરિણામે સમાજવાદ સ્થપાશે. પરંતુ આલોચકોના મતે મૂડીવાદના પતન અંગેનું શુમ્પીટરનું વિશ્લેષણ તર્કબદ્ધ નથી. મૂડીવાદ સમાજ કઈ રીતે સમાજવાદી અર્થરચના તરફ જાય છે તે અંગેની સ્પષ્ટ સમજૂતી તેમણે આપી નથી. ટૂંકમાં, શુમ્પીટર દ્વારા રજૂ કરાયેલ આર્થિક વિકાસ અંગેનું વિશ્લેષણ તેમાં સમાયેલ મૌલિકતાના કારણે પ્રશંસનીય બન્યું છે, પરંતુ તેમના દ્વારા રજૂ થયેલા તારણોનો સ્વીકાર કરવા બધા તૈયાર થતા નથી. તેમનું વિશ્લેષણ એકતરફી પ્રતીત થાય છે કારણકે તેમણે અનેક બાબતોને વધુ પડતું મહત્વ આપ્યું છે.

- તમારી પ્રગતિ ચકાસો - (ખ)

1. આર્થિક જીવનના ચક્રિય પ્રવાહમાં ભંગાણ ક્યારે પડે છે?

............................................................................

2. નવપ્રવર્તન એટલે શું?

............................................................

3. નવપ્રવર્તન થયો ક્યારે કહેવાય?

............................................................

4. નિયોજક કોને કહેવાય?

............................................................

5. તાર્કિક નિયોજક એટલે શું?

............................................................

6. અર્થતંત્રની સ્થિર સમતુલાની અવસ્થાની લાક્ષણિકતાઓ જણાવો.

............................................................

7. 'આર્થિક વિકાસ એક અસતત પ્રક્રિયા છે'- સમજાવો.

............................................................

8. નવપ્રવર્તનોનું મહત્વ સમજાવો.

............................................................

9. ટૂંકનોધ- આર્થિક વિકાસમાં નિયોજકની ભૂમિકા.

............................................................

10. નિયોજકના પ્રકારો જણાવો.

............................................................

11. ટૂંકનોધ- આર્થિક વિકાસમાં બેન્ક શાખનું મહત્વ.

............................................................

12. મૂડીવાદના વિકાસની ચક્રિય પ્રક્રિયા સમજાવો.

............................................................

13. 'મૂડીવાદનો અંત' - સમજાવો.

............................................................

- ખાલી જગ્યા પૂરો.

1. આર્થિક વિકાસ અનિવાર્ય રીતે.............વલણો સાથે સંકળાયેલો હોય છે.
2. આર્થિક વિકાસ એ મૂળભૂત રીતે...............નું પરિણામ છે.
3. ...............એ નવી શોધખોળોનો વ્યવહારમાં અમલ કરનાર વ્યક્તિ છે.
4. નિયોજક...............દ્વારા નવપ્રવર્તનોનો અમલ કરે છે.
5. શુમ્પીટરના મતે ટેકનોલોજીના વિકાસની શક્યતાઓ............. હોય છે.

- નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે લખો.

1. ચક્રિય પ્રવાહમાં લાંબાગાળાની સામાન્ય સમતુલા પ્રવર્તતી હોય છે.
2. શુમ્પીટર આર્થિક વિકાસના સિદ્ધાંતમાં નવપ્રવર્તનને વિશેષ મહત્વ આપે છે.
3. નવપ્રવર્તનએ તંત્રની બહારથી આવતું પરિબળ છે.
4. નિયોજક મૂડીના ઉપયોગનું સુચન કરે છે.
5. માર્ક્સ અને શુમ્પીટરના મૂડીવાદ અંગેના વિચારોમાં તફાવત જોવા મળે છે.

- વૈકલ્પિક પ્રશ્નો (MCQ)

1. આર્થિક વિકાસ અંગે શુમ્પીટરનું દ્રષ્ટિબિંદુ કેવું છે?

   (અ) આશાવાદી (બ) નિરાશાવાદી

   (ક) એક પણ નહિ

2. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે વિકાસની પ્રક્રિયા કેવી છે?

   (અ) ઝડપી અને સંવાદી (બ) ધીમી અને સંવાદી

   (ક) સ્થિર અને સંવાદી

3. શુમ્પીટરના આથિક વિકાસના સિદ્ધાંતમાં મહત્વનું પત્ર કોણ છે?

   (અ) ભૂમિપતિ (બ) મૂડીપતિ

   (ક) નિયોજક

- નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારથી લખો.

1. આર્થિક વિકાસનો જે.એસ. મિલનો સિદ્ધાંત સમજાવો. તેમાં રાજ્યની ભૂમિકા ઉપર તમારા વિચારો લખો.
2. આર્થિક વિકાસનો શુમ્પીટરે આપેલો સિદ્ધાંત વર્ણવો.

- નીચે આપેલા વિષય ઉપર ટૂંકનોંધ લખો.

1. આર્થિક વિકાસમાં નવપ્રવર્તનનું મહત્ત્વ.
2. આર્થિક વિકાસમાં બેંક શાખનું મહત્ત્વ.

## 7.5 સારાંશ :

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમમાં આપણે જોયું કે,

- મિલના મતે સમાજની આર્થિક પ્રગતિએ ભૂમિપતિઓ, મૂડીપતિઓ અને શ્રમિકો દ્વારા જ શક્ય બને છે.
- કૃષિક્ષેત્રે સુધારણાના પરિણામે ભૂમિપતિઓની સમૃદ્ધિ અને શ્રમિકોના જીવનનિર્વાહમાં વધારો થવાથી નફામાં ઘટાડો થાય છે અને અર્થતંત્ર સ્થિર અવસ્થા તરફ જાય છે.
- શુમ્પીટરના આર્થિક વિકાસના સિદ્ધાંતમાં મૂડીવાદી સમાજ અંગે તેમના આશાવાદી વલણની સમજૂતી મેળવી.

- મૂડીવાદના પતનથી સમાજવાદની સ્થાપના કઈ રીતે થાય છે તે અંગેની ચર્ચા કરી.
- મૂડીવાદની વધુ પડતી સફળતા કઈ રીતે મૂડીવાદને તેના અંત તરફ લઈ જાય છે તેની સમજણ આપણે મેળવી.

## 7.6 ચાવીરૂપ શબ્દો (Key Words) :

1. **ઉત્પાદકીય વપરાશઃ** જે વપરાશથી સમાજની ઉત્પાદકતામાં વધારો થાય તેને ઉત્પાદકીય વપરાશ તરીકે ઓળખવામાં આવે છે.
2. **બિન-ઉત્પાદકીય વપરાશઃ** જે વપરાશથી સમાજની ઉત્પાદકતામાં વધારો થતો નથી તેને બિન-ઉત્પાદકીય વપરાશ તરીકે ઓળખવામાં આવે છે
3. **સ્થિર અવસ્થાઃ** સ્થિર અવસ્થા એટલે એવો તબક્કો કે જ્યાં અર્થતંત્રમાં વસ્તી કે મૂડીના જથ્થામાં કોઈ વધારો થઇ શકે નહિ.
4. **નવપ્રવર્તનઃ** નવપ્રવર્તન એટલે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને લીધે ઉત્પાદન ક્ષેત્રે શોધાયેલી નવી પદ્ધતિઓ અને રીત-રસમોનો આર્થિક રીતે વ્યવહારમાં ઉપયોગ કરવો.
5. **નિયોજકઃ** નવી શોધખોળોનો વ્યવહારમાં અમલ કરનાર વ્યક્તિને નિયોજક તરીકે ઓળખવામાં આવે છે.

## 7.7 સંદર્ભ પુસ્તકો :


1. Adelman Irma :Theories of Economic Growth and Development
2. Clemence R. V. and Doody F. S. : The Schumpeterian System (1963)
3. Dholakia B. H. and Dholaki:l R. H. : Models of Economic Growth Third edition (2002)
4. Joshi R. C. et al : Theories of Growth and Development. First Edition (2021-13)
5. Schurnpeter J. A. : Capitalism, Socialism and Democracy
6. Schumpeter J. A. : The Theory of Economic Development
7. https://article1000.com/j-s-mills-theory-development/


## 7.8 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબ :

3. 1. વસ્તી વૃદ્ધિનું નિયંત્રણ 2. વેતન ભંડોળ 3. મૂડીસંચયની ભૂમિકા
   4. નફાનો દર 5. રાજયની ભૂમિકા 6. સ્થિર અવસ્થા
4. શ્રમની માંગ અને શ્રમનો પુરવઠો
5. વિભાગ 3.2.3 જુઓ
6. વિભાગ 3.2.5 જુઓ
7. વિભાગ 3.2.6 જુઓ

- ખાલી જગ્યા ના જવાબ

  1. જમીન, શ્રમ  2. માલ્થસ  3. બચતો

  4. નફાના દર  5. મુક્ત વેપાર  6. ન્યુનતમ

- ખરા-ખોટા વિધાનો ના જવાબ

  1. ખરુ  2. ખોટું  3. ખોટું

  4. ખરુ  5. ખોટું

- વૈકલ્પિક પ્રશ્નોના જવાબ

  1. (બ) ખોટું  2. (અ) વધુ ઝડપી

  3. (ક) ઘટતા વળતર  4. (ક) અ અને બ બંને

- ‘તમારી પ્રગતિ ચકાસો’ (ખ)

  1. વિભાગ 3.3.2 જુઓ  2. વિભાગ 3.3.3 નો પ્રથમ ફકરો જુર

  3. વિભાગ 3.3.3 નો બીજો ફકરો જુઓ  4. વિભાગ 3.3.4 નો પ્રથમ ફકરો જુઓ

  5. વિભાગ 3.3.4.1 જુઓ

- ખાલી જગ્યા ના જવાબ

  1. તેજી-મંદીના  2. નવપ્રવર્તનો

  3. નિયોજક  4. બેન્ક શાખ

  5. અનંત

⊙ ⊙ ⊙

એકમ 8

# રોસ્ટોવના આર્થિક વૃદ્ધિના તબક્કા

-: રૂપરેખા :-


8.0 ઉદ્દેશ

8.1 પ્રસ્તાવના

8.2 વૃદ્ધિ ના તબક્કા અંગે વિવિધ અર્થશાસ્ત્રીઓના મંતવ્યો

8.3 રોસ્ટોવના આર્થિક વૃદ્ધિના તબક્કા

8.3.1 પરંપરાગત સમાજ (The Traditional Society)

8.3.2 સંક્રાંતિકાળનો તબક્કો (Transitional Phase/ ઉડ્ડયન માટેની પૂર્વશરતો / The Pre - Coditions of Take - off)

8.3.3 ઉડ્ડયનનો તબક્કો (The Take-Off Stage)

8.3.4 ઉડ્ડયનનો તબક્કો (Self - Sustaining Stage) / પૂર્ણતા માટેના પ્રયત્નો (The Drive to Matarity)

8.3.5 ઉચ્ચ વપરાશ - ધોરણનો તબક્કો (Age of High Mass Consumption)

8.4 મર્યાદાઓ

8.5 સારાંશ

8.6 ચાવીરૂપ શબ્દો

8.7 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબ


## 8.0 ઉદ્દેશો (Objectives)

વિદ્યાર્થી મિત્રો, આ એકમના અભ્યાસ પછી તમે,

(1) આર્થિક વિકાસની પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ અંગેની સમજૂતી મેળવી શકશો. પ્રત્યેક દેશે આર્થિક વિકાસ સાધવા માટે વિકાસના વિવિધ તબક્કાઓમાંથી ફરજિયાતપણે પસાર થવું પડે છે. વિવિધ અર્થશાસ્ત્રીઓએ આ તબક્કાઓ અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે જેની જાણકારી તમે મેળવી શકશો.

(2) આર્થિક વૃદ્ધિ અંગે પ્રો. રોસ્ટોવે આપેલા પાંચ તબક્કાઓની વિગતે સમજૂતી મેળવી શકશો. કઈ રીતે કોઈ અર્થવ્યવસ્થા પરંપરાગત સમાજની અવસ્થામાંથી બહાર નીકળીને ઉડ્ડયન માટેની પૂર્વશરતોની અવસ્થા પ્રાપ્ત કરે છે અને ત્યારબાદ ઉડ્ડયનના તબક્કામાં પ્રવેશ કરે છે તે અંગેની સમજણ પ્રસ્તુત એકમમાં આપવામાં આવેલી છે. આ ઉડ્ડયનના તબક્કામાં ઉડ્ડયન માટેની કેટલીક શરતો પરિપૂર્ણ થાય તો પછી અર્થવ્યવસ્થા સ્વયંગામી

વિકાસની દિશા તરફ ગતિમાન થાય છે પૂર્ણતાનો તબક્કો પ્રાપ્ત કરેલ અર્થવ્યવસ્થા ઉચ્ચ વપરાશ - ધોરણની અવસ્થા પ્રાપ્ત કરે છે જ્યા કલ્યાણ રાજ્યની સ્થાપનાની ભાવનાનો ઉદય થયેલ જોવા મળે છે એટલું જ નહિ, પરંતુ અર્થવ્યવસ્થા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ મેળવવા માટે પ્રયત્નશીલ થાય છે તથા ખાનગી વપરાશમાં વધારો થયેલ જોવા મળે છે. આર્થિક વૃદ્ધિના આ તમામ તબક્કાઓ કઈ રીતે ગતિશીલ થાય છે તે અંગેની પદ્ધતિસરની સમજૂતી પ્રો. રોસ્ટોવે આપેલ છે જેની અહીં આપણે વિગતે ચર્ચા કરીશું.

## 8.1 પ્રસ્તાવના

મિત્રો, કોઈ પણ દેશના આર્થિક વિકાસની સમજૂતી મેળવવી હોય તો, આર્થિક વિકાસની આ પ્રક્રિયાને જુદા-જુદા તબક્કાઓમાં વિભાજિત કરવામાં આવે છે. જેથી સરળતાથી દેશના વિકાસ અંગેની જાણકારી મેળવી શકાય. આર્થિક વૃદ્ધિનો અભ્યાસ કરવા માટે વૃદ્ધિના વિવિધ તબક્કાઓ રજૂ કરવામાં આવ્યા છે. પ્રત્યેક દેશે આર્થિક વિકાસ સાધવા માટે આ વિવિધ તબક્કાઓમાંથી ફરજિયાતપણે પસાર થવું પડે છે. પ્રો. ડબ્લ્યુ. ડબ્લ્યુ રોસ્ટોવે (W.W. Rostow) આર્થિક વૃદ્ધિના ખ્યાલની તબક્કાવાર રજૂઆત કરી છે.

## 8.2 વૃદ્ધિના તબક્કા અંગે વિવિધ અર્થશાસ્ત્રીઓના મંતવ્યો

પ્રો. રોસ્ટોવ ઉપરાંત અન્ય કેટલાંક અર્થશાસ્ત્રીઓ એ પણ વૃદ્ધિના તબક્કા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. જે પૈકીના કેટલાંક અર્થશાસ્ત્રીઓના મંતવ્યો નીચે મુજબ છે

- એડમ સ્મિથ

એડમ સ્મિથે વિકસતા સમાજમાં કરવામાં આવતા મૂડીરોકાણને ધ્યાનમાં રાખીને વૃદ્ધિના ત્રણ તબક્કાઓનો ઉલ્લેખ કરેલ છે જે નીચે મુજબ છે.

(1) ખેતી ક્ષેત્ર

(2) ઉદ્યોગ ક્ષેત્રે અને

(3) આંતરરાષ્ટ્રીય વેપાર ના ક્ષેત્રે

- પ્રો. કોલીન કલાર્ક

પ્રો. કોલીન કલાર્ક શ્રમના પુરવઠાના સંદર્ભમાં પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. તેમના જણાવ્યા મુજબ શ્રમના પુરવઠાનો વળાંક નીચેના ત્રણ ક્ષેત્રો તરફ જાય છે.

(1) પ્રાથમિક ક્ષેત્ર

(2) દ્વિતીય ક્ષેત્ર અને

(3) સેવાકીય ક્ષેત્ર

- સાયમન કુઝનેટ

સાયમન કુઝનેટ અર્થતંત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરે છે, જે આ મુજબ છે.

(1) વિભાગ - અ : જેમાં ખેતી, જંગલો, મત્સ્ય ઉદ્યોગો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

(2) વિભાગ - બ : જેમાં ઉદ્યોગો, ખાણો, બાંધકામ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

(3) વિભાગ - ક : જેમાં સેવાઓનો સમાવેશ કરવામાં આવે છે.

- કાર્લ માર્ક્સ

કાર્લ માર્ક્સની વિચારસરણી મુજબ શ્રમિકોના શોષણથી વિકાસના પ્રથમ તબક્કાની શરૂઆત થાય છે અને તેમના શોષણના અંત સાથે અંતિમ તબક્કો પૂર્ણ થાય છે. વિકાસની આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ચાર તબક્કા જોવા મળે છે.

(1) સામંતવાદ

(2) મૂડીવાદ

(3) સમાજવાદ અને

(4) સામ્યવાદ

- હિલ્ડર બ્રાન્ડ

જર્મન અર્થશાસ્ત્રી પ્રો. હિલ્ડર બ્રાન્ડે વિનિમયના સંદર્ભમાં વિકાસની પ્રક્રિયાના ત્રણ તબક્કા જણાવ્યા છે જે નીચે મુજબ છે :

(1) વસ્તુવિનિમય (સારા પદ્ધતિ)ની અર્થવ્યવસ્થા

(2) નાણાકીય અર્થવ્યવસ્થા અને

(3) શાખ અર્થવ્યવસ્થા

- પ્રો. બકર

પ્રો. બકરના મતે આર્થિક વિકાસના ત્રણ તબક્કા છે જે આ પ્રમાણે છે :

(1) ગૃહ અર્થવ્યવસ્થા

(2) શહેરી અર્થવ્યવસ્થા અને

(3) રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા

- પ્રો.એશલે તથા પ્રો. ઉનવીન

પ્રો. એશલે તથા પ્રો. ઉનવી ને આર્થિક વિકાસના તબક્કાને ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરેલ છે જે નીચે મુજબ છે :

(1) ગૃહ વ્યવસ્થા

(2) ઘરેલુ વ્યવસ્થા અને

(3) ફેક્ટરી વ્યવસ્થા

## 8.3 રોસ્ટોવના આર્થિક વૃદ્ધિના તબક્કા

અમેરિકન અર્થશાસ્ત્રી પ્રો. ડબલ્યુ. ડબલ્યુ. રોસ્ટોવે આર્થિક વૃદ્ધિના તબક્કાઓનું વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ રીતે વિશ્લેષણ કર્યું છે. પ્રો. રોસ્ટોવના મતે રાષ્ટ્રોના વિકાસના ઈતિહાસને વિવિધ તબક્કાઓમાં વહેંચી શકાય છે અને આમ કરવાથી તે ઉપયોગી પણ બને છે.

આથી આર્થિક વૃદ્ધિના તબક્કાઓનો અભ્યાસ કરવામાં તેમણે ઐતિહાસિક અભિગમ અપનાવ્યો છે. પ્રો. રોસ્ટોવે 1964 માં તેમના પુસ્તક 'Stages of Economic Growth'માં આર્થિક વૃદ્ધિના તબક્કાઓની ચર્ચા કરી છે. તેમનું આ પુસ્તક 'બિન-સામ્યવાદી ઢંઢેરા' ('Non - communist Manifesto') તરીકે પણ ઓળખાય છે. રોસ્ટોવના મતે અર્થકારણની વિકાસની શક્યતાઓને તેમની વૃત્તિઓના આધારે નીચે મુજબના છ વિભાગમાં વર્ગીકૃત કરી શકાય છે.

(1) <u>શુદ્ધ વિજ્ઞાનનો વિકાસ કરવાની વૃત્તિ :</u> શુદ્ધ વિજ્ઞાનનો વિકાસ કરીને અર્થકારણનો વિકાસ સાધી શકાય છે. લોકોમાં વિજ્ઞાનનો વિકાસ કરવાની ઈચ્છા હોય તો વિકાસ શક્ય બને છે.

(2) <u>આર્થિક હેતુઓ માટે વિજ્ઞાનનો ઉપયોગ કરવાની વૃત્તિ :</u> વિજ્ઞાનનો વિકાસ કર્યા પછી તેનો ઉપયોગ આર્થિક હેતુઓ માટે કઈ રીતે કરી શકાય તેની સમજણ મેળવી તેનો ઉપયોગ કરવાની વૃત્તિ લોકોમાં હોય.

(3) <u>નવીન સંશોધનો અપનાવવાની વૃત્તિ :</u> અર્થકારણમાં સંશોધનો સતત થયા કરે અને આ નવીન સંશોધનોનો સ્વીકાર કરીને તેનો અમલ થતો રહે.

(4) <u>ભૌતિક પ્રગતિ સાધવાની વૃત્તિ :</u> સંશોધનોનો અમલ ભૌતિક પ્રગતિ સાધવા માટે ખેતી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરે ક્ષેત્રે થવાથી વિકાસ શક્ય થાય છે.

(5) <u>વપરાશ વૃત્તિ :</u> ભૌતિક પ્રગતિના પરિણામે લોકોની વપરાશવૃત્તિમાં પરિવર્તન આવે છે. જેની અસર વપરાશી વસ્તુઓના ઉત્પાદન પર થાય છે.

(6) <u>સંતતિ અંગેની વૃત્તિ :</u> લોકો વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરતા હોય તો સંતાન પ્રાપ્તિ અંગેની તેમની માનસિકતામાં પરિવર્તન આવે છે.

ઉપરોક્ત તમામ વૃત્તિઓ આર્થિક વૃદ્ધિનો દર તથા તેની દિશા નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. જેને ધ્યાનમાં રાખીને રોસ્ટોવે આર્થિક વૃદ્ધિના પાંચ તબક્કાનું વર્ણન કર્યું છે. આ તબક્કાઓ નીચે મુજબ છે.

8.3.1 પરંપરાગત સમાજ (The Traditional Society) :

8.3.2 સંક્રાતિકાળનો તબક્કો (Transitional Phase) / ઉડ્ડયન માટેની પૂર્વશરતો (The Pre-Conditions of Take-off) :

8.3.3 ઉડ્ડયનનો તબક્કો (The Take-off Stage) :

8.3.4 સ્વયંગામી વિકાસનો તબક્કો (Selt - Sustaining Stage) / પૂર્ણતા માટેના પ્રયત્નો (The Drive to Maturity) :

8.3.5 ઉચ્ચ વપરાશ - ધોરણનો તબક્કો (Age of High Maass Consumption) :

### 8.3.1 પરંપરાગત સમાજ (The Traditional Society) :

પ્રો. રોસ્ટોવે પરંપરાગત સમાજને ન્યૂટન પૂર્વેની વિચારસરણી ધરાવતી વ્યવસ્થા તરીકે ઓળખાવી છે. તેમના મતે આ પ્રકારની સમાજ વ્યવસ્થાનો માળખાકીય વિકાસ ન્યૂટન પૂર્વેના વિજ્ઞાન અને ટેકનોલોજી મુજબ થાય છે. અહીં ભૌતિક જગતમાં ન્યૂટન પૂર્વેની મનોવૃત્તિ જોવા મળે છે. તથા ઉત્પાદન પણ મર્યાદિત પ્રમાણમાં થતું જોવા મળે છે. પરિણામે માથાદીઠ ઉત્પાદનનું પ્રમાણ

નીચું જોવા મળે છે જેથી વિકાસના પ્રયત્નોનો અભાવ જોવા મળે છે. આ અવસ્થાને વિકાસની અત્યંત પછાત અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. આ અવસ્થામાં સમાજ રૂઢિચુસ્ત માન્યતાઓ, કુપ્રથાઓ વગેરેથી ગ્રસ્ત હોય છે. આથી સમાજ કોઈ પણ પ્રકારના પરિવર્તનને સ્વીકારવા તૈયાર થતું નથી. અહીં વૈજ્ઞાનિક અભિગમનો અભાવ જોવા મળે છે. તેથી વિકાસ અને પ્રગતિ બાજુ વળવાની ભાવનાનો અભાવ જોવા મળે છે લોકોમાં કુદરતને આધીન રહેવાની ભાવના ફેલાયેલી હોય છે આવી પરિસ્થિતિમાં અર્થતંત્ર સ્થગિત અવસ્થામાં જોવા મળે છે. નવીન વિચારસરણી, જીવનશૈલીમાં પરિવર્તન વગેરેની ઝંખનાનો અભાવ જોવા મળે છે. કુદરતી રીતે જે કાંઈ મળે તેમાં જ સંતોષ માનવાની જડ અને સંકુચિત વિચારધારા ધરાવતું સમાજ વિજ્ઞાન અને ટેક્નોલોજીની અવગણના કરતું જોવા મળે છે. આથી અર્થતંત્ર પરંપરાગત ક્ષેત્રોમાંજ ફસાયેલું જોવા મળે છે.

લગભગ 75 ટકા જેટલી દેશની વસ્તી કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલી હોય છે જેમની આવકનું મુખ્ય સાધન ખેતી માનવામાં આવે છે. પરિણામે મોટાભાગના દેશના સાધનોનો ઉપયોગ અને ઉત્પાદકીય પ્રયાસો કૃષિક્ષેત્રને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે જેથી ઉત્પાદકતામાં વધારો કરી શકાય જમીનદારો આર્થિક અને રાજકીય સંબંધોનો લાભ ઉઠાવે છે. લોકો પોતાની બચતો બિનઉત્પાદક હેતુઓ પાછળ ખર્ચી નાખે છે. જેમ કે, સામાજિક અને ધાર્મિક પ્રસંગો, લોકમેળાઓ વગેરે આથી ઉત્પાદકીય હેતુઓ માટે બચતોનો વપરાશ કરી શકાતો નથી. જેના પરિણામે સમાજમાં મૂડીસર્જનનો દર અત્યંત નીચો રહેવા પામે છે.

8.3.2 સંક્રાતિકાળનો તબક્કો (Transitional Phase) / ઉડ્ડયન માટેની પૂર્વશરતો (The Pre-Conditions of Take-off)

મિત્રો, પરંપરાગત સમાજને આધુનિક સમાજમાં રૂપાંતરિત કરવાની શરૂઆત આર્થિક વિકાસના આ તબક્કામાં થાય છે. આ તબક્કાને 'સંક્રાંતિ કાળના તબક્કા' તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે પૂર્વશરતો નિર્ધારિત કરવામાં આવે છે. આ તબક્કામાં ધીમી ગતિથી સમાજમાં પરિવર્તનોની શરૂઆત થાય છે અને સમાજ વૈજ્ઞાનિક તથા આધુનિક દૃષ્ટિકોણ અપનાવવા તૈયાર થાય છે. પરિણામે સમાજ પરંપરાગત અવસ્થામાંથી બહાર આવે છે અને ઉડ્ડયનના તબક્કામાં પ્રવેશવાની તૈયારી કરે છે. લોકોની માનસિક વૃત્તિમાં પરિવર્તન કરવું અઘરૂં કાર્ય હોવાથી આર્થિક અને સામાજિક માળખાને બદલવું મુશ્કેલ બને છે. આ તબક્કાનું વર્ણન નીચે મુજબ કરે છે :

"આર્થિક વિકાસ સાધવો એ શક્ય છે એવો વિચાર લોકોમાં ફેલાવવા લાગે છે. આથી આ તબક્કામાં શિક્ષણનો ફેલાવો થાય છે અને આવશ્યકતા અનુસાર તેમાં પરિવર્તનો પણ આવે છે. ખાનગી તથા જાહેર ક્ષેત્રમાં નવા સાહસો કરવા માટે સાહસિક વર્ગનો ઉદય થાય છે. આ વર્ગ પોતાની બચતો ભેગી કરીને નફો મેળવવાના ઉદ્દેશથી અથવા આધુનિકીકરણ કરવા માટે જોખમો લેવા તૈયાર થાય છે. બેંક તથા અન્ય નાણાકીય સંસ્થાઓનો વિકાસ મૂડીના એકત્રીકરણ કરવા માટે થાય છે. વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારમાં મૂડીરોકાણ વધતા આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર વધે છે."

રોસ્ટોવના મતે આ તબક્કા માટે પાંચ શરતો આવશ્યક માનવામાં આવે છે જે નીચે મુજબ છે.

8.3.2.1 મૂડીરોકાણનો દર

મૂડીરોકાણ માં થતાં વધારાનો દર વસ્તી વૃદ્ધિમાં થતાં વધારાના દર કરતાં વધુ હોવો જોઈએ. એટલે કે મૂડીરોકાણમાં થતો વધારાનો દર વધીને રાષ્ટ્રીય આવકના 10 ટકા કે તેનાથી વધુ થવો જોઈએ.

8.3.2.2 કૃષિ ઉત્પાદકતા

વધતી જતી વસ્તીની, ખાસ કરીને શહેરી વસ્તીની અનાજની જરૂરિયાત સંતોષી શકાય તે માટે કૃષિ ઉત્પાદકતામાં વધારો થવો જોઈએ.

8.3.2.3 આધુનિકી કરણ

આધિક અને સામાજિક સુવિધાઓનો વિકાસ થવો જોઈએ. સરકારે આંતરસ્તરીય માળખાનો વિકાસ કરવો જોઈએ. વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર તથા અન્ય સામાજિક સેવાઓના વિકાસ માટે કુલ મૂડીરોકાણ પૈકીનો મોટોભાગ ખર્ચવો જોઈએ.

8.3.2.4 આધુનિકી કરણ

અર્થતંત્રનું વૈવિદ્ધીકરણ થવું જોઈએ ઉદ્યોગો, વેપાર-ધંધા તથા સેવાક્ષેત્રનું મહત્ત્વ અર્થતંત્ર માં વધવું જોઈએ. આધુનિક ઉદ્યોગોનું વિસ્તરણ તથા વિકાસ થવું જોઈએ.

8.3.2.5 દૃષ્ટિકોણમાં પરિવર્તન

લોકોના માનસિક વલણો બદલાવવા જોઈએ વિકાસ શક્ય છે તેમ માનીને તે દિશામાં લોકો આગળ પ્રગતિ કરતા હોવા જોઈએ આમ, લોકોના દૃષ્ટિકોણમાં પરિવર્તન આવવું જોઈએ.

8.3.3 ઉડ્ડયનનો તબક્કો (The Take - Off Stage)

મિત્રો, આ તબક્કા દરમિયાન ગરીબીનું વિષચક્ર ભેદાતાં વૃદ્ધિ એક સામાન્ય ઘટના બને છે. અહીં સતત વૃદ્ધિને અવરોધતા અવરોધો દૂર થાય છે અને સંચયી આર્થિક વિકાસની પ્રક્રિયાની શરૂઆતથી હોવાથી આ તબક્કો રોસ્ટોવના આર્થિક વિશ્લેષણમાં અત્યંત મહત્ત્વનો તબક્કો માનવામાં આવે છે. રોસ્ટોવના શબ્દોમાં કહીએ તો "ઉડ્ડયન નો તબક્કો એ એવો મધ્યકાળ છે જે દરમિયાન જૂના અવરોધો અને વિરોધોને પૂર્ણ રીતે દૂર કરવામાં આવે છે. આર્થિક પ્રગતિ માટેના પરિબળો જે અત્યાર સુધી નિષ્ક્રિય હતા તે સક્રિય બનીને સમાજમાં પ્રભુત્વ ધરાવતાં થાય છે. વૃદ્ધિ એક સામાન્ય ઘટના બને છે અને સંચયી વિકાસ તેના સંસ્થાકીય માળખાનું અભિન્ન અંગ બની જવા પામે છે." સામાન્ય રીતે ઉડ્ડયનનો સમયગાળો 20 થી 30 વર્ષનો હોય છે અને આ સમય દરમિયાન જ વૃદ્ધિની પ્રક્રિયા કેન્દ્રીય બિંદુ બને છે. રોસ્ટેવ વધુમાં જણાવે છે કે, "ઉડ્ડયનના તબક્કામાં મૂડીરોકાણનો દર એ રીતે વધે છે કે જેથી માથાદીઠ વાસ્તવિક ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. આ પ્રારંભિક વૃદ્ધિ પોતાની સાથે ઉત્પાદન પદ્ધતિમાં તેમજ આવક - પ્રવાહની વ્યવસ્થામાં મૂળભૂત પરિવર્તન લાવે છે કે જે નવા મૂડીરોકાણને કાયમી બનાવે છે અને અંતે તેનાથી માથાદીઠ ઉત્પાદન વૃદ્ધિ પણ કાયમી બને છે."

રોસ્ટોવના મતે કેટલાંક ઉત્તેજક પરિબળોના પરિણામે ઉડ્ડયનના તબક્કાનો આરંભ થાય છે. જેમ કે,

(1) રાજકીય ક્રાંતિના પરિણામે સામાજિક સત્તાની સમતુલા ખોરવાય છે. જેની અસર સામાજિક મૂલ્યો, આવકની વહેંચણી, આર્થિક સંસ્થાઓના સ્વરૂપ તથા મૂડીરોકાણનાં માળખાં પર થાય છે.

(2) સાનુકૂળ આંતરરાષ્ટ્રીય વાતાવરણ જેમ કે, નવા બજારોની શોધ

(3) ટેક્નોલોજીકલ નવપ્રર્તનો

8.3.3.1 ઉડ્ડયનની શરતો

રોસ્ટોવના મતે ઉડ્ડયનની મુખ્યત્ત્વે ત્રણ શરતો છે જે નીચે મુજબ છે :

⇨ ચોખ્ખા મૂડીરોકાણ ના દરમાં રાષ્ટ્રીય પેદાશના 10 ટકા કે તેથી વધુ વધારો

ઉડ્ડયન માટેની પ્રથમ આવશ્યક શરત એ છે કે અર્થતંત્રમાં મૂડીરોકાણનો દર માથાદીઠ ઉત્પાદનમાં સતત વધારો થતો રહે એ સ્તર સુધી વધવો જોઈએ. આ ત્યારે જ શક્ય થાય કે જ્યારે રાષ્ટ્રીય ઉત્પાદનમાં થતો વધારો એ વસ્તીમાં થતાં વધારા કરતાં વધુ હોય. જો મૂડી - ઉત્પાદન ગુણોત્તર 3.5 :) જેટલો હોય અને વસ્તી વૃદ્ધિ નો દર 1 થી 1.5 ટકા જેટલો હોય તો માથાદીઠ આવકમાં 2 ટકાનો વધારો મેળવવા માટે રાષ્ટ્રીય પેદાશના 10.5 થી 12.5 ટકા જેટલું મૂડીરોકાણ થવું જોઈએ. ઉડ્ડયન માટે અર્થતંત્રમાં મૂડીરોકાણનો દર 5 ટકા થી વધીને 10 ટકા કે તેથી વધુ થવો જરૂરી છે એમ આ ધારણાના આધારે રોસ્ટોવ જણાવે છે.

અર્થતંત્રમાં જો ધિરાણ ભંડોળનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્દ થઈ શકે તેવો હોય તો જ મૂડીરોકાણના દરમાં આટલો વધારો થઈ શકે છે. ધિરાણ ભંડોળનો પુરવઠો આંતરિક બચતોમાં વધારો કરીને અથવા મૂડીની આયાત કરીને મેળવી શકાય છે. જેની માટે નીચેના કેટલાંક સૂચનો કરવામાં આવ્યા છે.

(1) અનાવશ્યક વપરાશનું નિયંત્રણ

(2) નાણાકીય સંસ્થાઓનો વિકાસ કરવો જેથી પૂરતા પ્રમાણમાં અને વ્યાજબી દરે કાર્યકરી મૂડી મેળવી શકાય.

(3) એક કે તેથી વધુ પસંદ કરેલા અર્થતંત્રના ક્ષેત્રોનો ઝડપી વિકાસ કરી તેમાંથી મળતા નફાનો મોટો ભાગ ઉત્પાદકીય મૂડીરોકાણમાં રોકવો જોઈએ.

(4) વિદેશી મૂડીનો ઉપયોગ પણ આંતરસ્તરીય માળખાના વિકાસ માટે કરી શકાય.

⇨ અર્થતંત્રના અગ્રગણ્ય ક્ષેત્રોનો વિકાસ

અર્થતંત્રના અગ્રગણ્ય ક્ષેત્રોનો વિકાસ કરવો એ ઉડ્ડયનના તબક્કાની બીજી આવશ્યક શરત છે. રોસ્ટોવના જણાવ્યા મુજબ આવા ત્રણ ક્ષેત્રો અર્થતંત્ર માં અસ્તિત્વ ધરાવે છે.

⇨ વિકાસના પ્રાથમિક ક્ષેત્રો

વિકાસના પ્રાથમિક ક્ષેત્રો એ એવા ક્ષેત્રો છે કે જ્યાં નવી શોધનો અમલ કરીને નફાની તકો ઝડપી લેવામાં આવે છે. 18મી સદી દરમિયાન બ્રિટનના સુતરાઉ કાપડ ઉદ્યોગનો સમાવેશ આ ક્ષેત્રમાં કરવામાં આવતો

કારણ કે તે સમયગાળામાં આ ઉદ્યોગ અન્ય ઉદ્યોગો કરતાં ઝડપી વિકાસ કરી રહ્યો હતો.

⇨ વિકાસના પૂરકક્ષેત્રો

વાસ્તવમાં વિકાસના પૂરકક્ષેત્રોના વિકાસનો આધાર પ્રાથમિક ક્ષેત્રોના વિકાસ પર નિર્ભર રહે છે. એટલે કે પ્રાથમિક ક્ષેત્રની જરૂરિયાત અનુસાર આ ક્ષેત્ર ફૂલેફાલે છે. જેમ કે, સુતરાઉ કાપડ ઉદ્યોગના વિકાસ માટે રંગ-રસાયણ ઉદ્યોગ, કોલસા ઉદ્યોગ, ઈજનેરી ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેનો વિકાસ કરવો આવશ્યક બની રહે છે. આમ, પ્રાથમિક ક્ષેત્ર તરીકે સુતરાઉ કાપડ ઉદ્યોગના વિકાસ માટે તેના પૂરક અન્ય ઉદ્યોગોનો વિકાસ કરવો અનિવાર્ય બને છે.

⇨ વિકાસના વ્યૂત્પન્ન ક્ષેત્રો

અર્થતંત્રના કેટલાંક ક્ષેત્રો એવા હોય છે કે જેમાં પરિવર્તનો આવતાં અન્ય ક્ષેત્રોમાં પણ તેને અનુરૂપ પરિવર્તનો થાય છે. જેમ કે, વસ્તીનું પ્રમાણ, રાષ્ટ્રીય આવક, અનાજ નું ઉત્પાદન, ઔદ્યોગિક ઉત્પાદન વગેરેમાં એકસાથે સ્થિર દરે વૃદ્ધિ થતી હોય છે. વસ્તીમાં વધારો થતાં અનાજની માંગ, રહેઠાણની સુવિધા, પાણી પુરવઠો વગેરેની માંગમાં પણ વધારો થતો જોવા મળે છે.

વિદ્યાર્થી મિત્રો, આમ રોસ્ટોવના દૃષ્ટિકોણ મુજબ અગ્રગણ ક્ષેત્રોનો વિકાસએ આર્થિક વૃદ્ધિના એન્જિન તરીકે કામ કરે છે. જેનાથી સમગ્ર અર્થતંત્રમાં પરિવર્તન શક્ય બને છે અને ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા વેગ પકડે છે. ઐતિહાસિક રીતે જોઈએ તો પ્રત્યેક દેશના અગ્રગણ્ય ક્ષેત્રોમાં જુદાપણું જોવા મળે છે. જેમ કે, ડેન્માર્કમાં ડેરી ઉદ્યોગ, જાપાનમાં ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ, જર્મનીમાં ઈજનેરી ઉદ્યોગ, બ્રિટનમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ વગેરે. આર્થિક વિકાસ એ ઉદ્યોગોના વૈવિદ્ધકરણ પર આધારિત હોવાથી કોઈ એક ઉદ્યોગ કે કોઈ એક ક્ષેત્ર ઝડપી આર્થિક વિકાસની ચાવી તરીકે કામ કરી શકે નહિ. અગ્રગણ્ય ક્ષેત્રોના વિકાસ માટે નીચેની કેટલીક શરતોનું પાલન થવું આવશ્યક છે.

(1) ઉત્પન્ન થતી વસ્તુની માંગમાં સતત વધારો થતો રહેવો જોઈએ.

(2) આ ક્ષેત્રોની ઉત્પાદનક્ષમતામાં વધારો થવાની સાથે તેમાં ઉત્પાદનના નવા વિધેયો દાખલ કરવા જોઈએ.

(3) આ ક્ષેત્રો માટે સમાજે આવશ્યકતા અનુસાર પૂરતા પ્રમાણમાં મૂડી સર્જન કરવું જોઈએ.

(4) આ ક્ષેત્રોના વિકાસ દ્વારા અન્ય ક્ષેત્રોની ઉત્પાદનક્ષમતામાં વધારો થવો જોઈએ.

⇨ સાનુકૂળ રાજકીય, સામાજિક અને સંસ્થાકીય માળખાનો ઉદ્ભવ

વિકાસ માટે નાણા તથા મૂડી દેશના આંતરિક સાધનો દ્વારા મેળવી શકાય તે માટે દેશનું રાજકીય સામાજિક અને સંસ્થાકીય માળખું સાનુકૂળ હોવું જોઈએ. જેને ઉડ્ડયનના તબક્કાની ત્રીજી શરત માનવામાં આવે છે. આ માટે દેશમાં આંતરિક બચતો વિશેષ પ્રમાણમાં થવી જોઈએ. દેશના રાજકીય, સામાજિક અને સસ્થાકીય માળખામાં એ રીતે ફેરફારો થાય કે

જેથી આધુનિકીકરણ, નવપ્રવર્તનો અને પરિવર્તનોનો સમાવેશ સરળતાથી કરી શકાય.

ઉડ્ડયનના તબક્કા અંગેની માહિતી મેળવ્યા પછી ચાલો મિત્રો, હવે આપણે પ્રો. રોસ્ટોવે આપેલ વિવિધ દેશોના ઉડ્ડયનના તબક્કાનો સમયગાળો જોઈએ.

| ક્રમ | દેશ | ઉડ્ડયન નો સમય ગાળો |
|---|---|---|
| 1 | બ્રિટન | 1783 - 1802 |
| 2 | ફ્રાંસ | 1830 - 1860 |
| 3 | અમેરિકા | 1843 - 1860 |
| 4 | જર્મની | 1850 - 1873 |
| 5 | સ્વીડન | 1868 - 1890 |
| 6 | જાપાન | 1878 - 1900 |
| 7 | રશિયા | 1890 - 1915 |
| 8 | કેનેડા | 1896 - 1914 |
| 9 | આર્જેન્ટિના | 1935 |
| 10 | ટર્કી (તુર્કી) | 1937 |
| 11 | ભારત | 1952 |
| 12 | ચીન | 1952 |

8.3.4 સ્વયંગામી વિકાસનો તબક્કો (Self- Sustaining/Stage)

પૂર્ણતા માટેના પ્રયત્નો (The Drive to Maturity)

મિત્રો, એક વખત ઉડ્ડયનનો તબક્કો મેળવ્યા બાદ અર્થતંત્ર પરિપક્વતા કે પૂર્ણતાના તબક્કા તરફ આગળ વધે છે. આ તબક્કા દરમિયાન સમાજે તેના મોટાભાગના સાધનોના ઉપયોગમાં અદ્યતન ટેક્નોલોજીને અસરકારક રીતે અપનાવેલ હોય છે. એટલે કે આ અવસ્થા દરમિયાન અર્થતંત્રમાં આધુનિક ટેક્નોલોજીનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને ઉડ્ડયનના તબક્કાને પૂર્ણ કરવામાં આવે છે. અર્થતંત્રના પ્રત્યેક ક્ષેત્રમાં ઉત્પાદનની નવી પદ્ધતિઓ તથા ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. અર્થતંત્રમાં થતું મૂડીરોકાણ, વસ્તી વૃદ્ધિના દર કરતાં ઘણું વધારે હોય છે. એટલે કે નિયમિત રીતે આવકના 10 ટકા થી 20 ટકા જેટલું મૂડીરોકાણ કરવામાં આવે છે. રોસ્ટોવના મતે ઉડ્ડયનનો તબક્કો શરૂ થયાના 60 વર્ષ પછી અથવા ઉડ્ડયનનો તબક્કો પૂર્ણ થવાના 40 વર્ષ પછી અર્થતંત્ર પૂર્ણતાનો તબક્કો પ્રાપ્ત કરે છે.

અર્થતંત્ર જેમ જેમ પૂર્ણતાના તબક્કાની નજીક પહોંચે છે તેમ તેમ શ્રમના પુરવઠાની ગુણવત્તા તેમજ તેના માળખામાં પરિવર્તનો આવે છે. આ પરિવર્તનો નીચે મુજબ છે .

⇨ શહેરીકરણમાં વધારો

મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે, જેમ જેમ અર્થતંત્ર પૂર્ણતાના તબક્કાની નજીક પહોંચતું જાય છે તેમ તેમ અર્થતંત્રમાં ઔદ્યોગિક ક્ષેત્રનું સાપેક્ષ મહત્ત્વ ખેતીક્ષેત્રના સાપેક્ષ મહત્ત્વ કરતાં વધી જાય છે. પરિણામે ખેતી ક્ષેત્રે રોકાયેલા શ્રમિકોનું પ્રમાણ ઘટવા લાગે છે. એટલું જ નહિ પરંતુ આ લોકો રોજગારી મેળવવા માટે ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તાર તરફ પ્રયાણ કરે છે. આમ, શહેરીકરણની વૃત્તિમાં વધારો થયેલ જોવા મળે છે.

⇨ કુશળ શ્રમિકોના પ્રમાણમાં વધારો

શહેરીકરણની પ્રવૃત્તિના પરિણામે શ્રમિકોની કુશળતામાં વધારો થાય છે. પરિણામે અકુશળ શ્રમિકોનું પ્રમાણ ઘટતું જાય છે, અને કુશળ તેમજ અર્ધકુશળ શ્રમિકોનું પ્રમાણ વધતું જોવા મળે છે.

⇨ સંચાલકોના પ્રમાણમાં વધારો

શ્રમની કુશળતામાં વધારો થવાથી મૂડીવાદીઓ તથા નિયોજકોનું સ્થાન વ્યવસાયલક્ષી પ્રબંધકો તથા સંચાલકો લે છે. આમ, સંચાલકો અને પ્રબંધકોના પ્રમાણમાં વધારો થવા લાગે છે.

મિત્રો, આપણે સૌ જાણીએ છીએ કે ઔદ્યોગિકીકરણના પરિણામે નવી ને નવી વસ્તુઓ આપણે મેળવી શકીએ છીએ અને તેનાથી આનંદ અનુભવીએ છીએ. પરંતુ અમુક સમય જતાં આજ આનંદ આપતી વસ્તુઓ આપણને કંટાળાની અનુભૂતિ કરાવવા લાગે છે. વળી, પાછું કંઈક નવું મેળવવાની આપણી વૃત્તિ થાય છે. આમ, આપણે વસ્તુઓમાં સતત પરિવર્તન ઈચ્છીએ છીએ જેને સમજાવવાનો પ્રયાસ અહીં રોસ્ટોવે કરેલ છે. પૂર્ણતાનો તબક્કો હાંસલ કરેલ કેટલાક દેશોના નામ તથા વર્ષો રોસ્ટોવે દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | દેશ | પૂર્ણતાનો તબક્કો પ્રાપ્ત કર્યાનું વર્ષ |
|---|---|---|
| 1 | બ્રિટન | 1850 |
| 2 | અમેરિકા | 1900 |
| 3 | જર્મની | 1910 |
| 4 | ફ્રાંસ | 1910 |
| 5 | સ્વીડન | 1930 |
| 6 | જાપાન | 1940 |
| 7 | રશિયા | 1950 |
| 8 | કેનેડા | 1950 |

8.3.5 ઉચ્ચ વપરાશ - ધોરણનો તબક્કો : (Age of High Mass Consumption)

પૂર્ણતાનો તબક્કો પ્રાપ્ત કર્યા પછી અર્થતંત્રના કેટલાંક અગ્રગણ્યક્ષેત્રો ટકાઉ વપરાશી વસ્તુઓ તથા સેવાઓનું ઉત્પાદન કરવા પ્રેરિત થાય છે. જેના પરિણામે

આ તબક્કામાં વપરાશનું ધોરણ ખૂબ ઊંચુ આવે છે. અહીં મોટર ગાડી તથા અન્ય વૈભવ વિલાસી (મોજશોખ)ની વસ્તુઓનો વપરાશ મોટા પાયે થવા લાગે છે. અર્થતંત્ર નો મુખ્ય ઉદ્દેશ ઉત્પાદન કરવાનો જ રહેતો નથી. તેથી અદ્યતન ટેક્નોલોજીના વિસ્તરણ પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવતું નથી. આ તબક્કામાં વપરાશ અને લોકોના ભૌતિક કલ્યાણ પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આથી પરિપક્વતાની અવસ્થા મેળવ્યા બાદ અર્થતંત્રની ઉત્પાદન શક્તિઓ નીચે પૈકીની કોઈ પણ દિશા તરફ લઈ જઈ શકાય છે.

⇨ કલ્યાણ રાજ્ય

રોસ્ટોવના જણાવ્યા મુજબ પરિપક્વતાની અવસ્થા પ્રાપ્ત કર્યા પછી સમાજ કલ્યાણલક્ષી અભિગમ અપનાવે છે અને કલ્યાણ રાજ્યની સ્થાપના કરવા પ્રેરિત થાય છે. સમાજનો ઉદ્દેશ આવકની સમાન વહેંચણી કરવી, સામાજિક સલામતી મેળવવી અને શ્રમ-કલ્યાણ કરવો બની જાય છે.

⇨ ખ્યાતિ મેળવવી

સમાજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાની ક્ષમતા વધારીને વૈશ્વિક સ્તરે પોતાના પ્રભાવનો પ્રચાર - પ્રસાર કરવા માટેના પ્રયત્નો કરે છે. જેથી વૈશ્વિક સ્તરે ખ્યાતિ મેળવી શકાય.

⇨ ખાનગી વપરાશમાં વધારો

દેશના સાધનોનો ટકાઉ વપરાશી વસ્તુઓના ઉત્પાદન તથા ભિન્ન - ભિન્ન પ્રકારની સેવાઓ પૂરી પાડવા માટે ઉપયોગ કરવો કે જેથી ખાનગી વપરાશમાં વધારો કરી શકાય.

રોસ્ટોવના જણાવ્યા મુજબ ઉચ્ચ વપરાશ - ધોરણનો તબક્કો વિવિધ દેશોએ નીચે દર્શાવ્યા મુજબના વર્ષોમાં પ્રાપ્ત કર્યો હતો

| ક્રમ | દેશ | વર્ષ |
|---|---|---|
| 1 | અમેરિકા | 1920 |
| 2 | બ્રિટન | 1930 |
| 3 | જર્મન | 1950 |
| 4 | પશ્ચિમ યુરોપના દેશો તથા રશિયા | 1953-55 |

## 8.4 મર્યાદાઓ

પ્રો. રોસ્ટોવે કરેલ આર્થિક વૃદ્ધિના તબક્કાનું વિશ્લેષણ વિકાસની પ્રક્રિયાને સમજવા માટે અત્યંત ઉપયોગી હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ જોવા મળે છે જે નીચે મુજબ છે :

### 8.4.1 આર્થિક વિકાસની તબક્કાવાર વહેંચણી અશક્ય

પ્રો. મેયર તથા અન્ય વિકાસવાદી અર્થશાસ્ત્રીઓના મત મુજબ દેશના આર્થિક વિકાસની પ્રક્રિયાની તબક્કાવાર વહેંચણી કરવી અશક્ય છે. કારણ કે બધા જ દેશો વિકાસના એક જ પ્રકારના તબક્કામાંથી પસાર થતા નથી. પ્રત્યેક

દેશનું ભૂતકાળ તથા ભવિષ્યકાળ પણ એકસરખા હોતા નથી. આથી પ્રત્યેક દેશ વિકાસનો એક સરખો જ માર્ગ અપનાવી શકે નહિ. પ્રો. હબાકુકે રજૂ કરેલ ઐતિહાસિક દલીલ મુજબ કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા તેમજ ન્યૂઝીલેન્ડ જેવા દેશોએ પરંપરાગત સમાજની અવસ્થાનો તબક્કો પસાર કર્યા વિના જ ઉડ્ડયન માટેની પૂર્વશરતોની અવસ્થાના તબક્કામાં પ્રવેશ કર્યો હતો.

8.4.2 પરસ્પરવ્યાપી તબક્કાઓ

સાયમન કુઝનેટ અને ફેઈન ક્રોસ જેવા અર્થશાસ્ત્રીઓ ના જણાવ્યા મુજબ રોસ્ટોવે તેના વિશ્લેષણમાં આર્થિક વૃદ્ધિના તબક્કાઓને એકબીજાથી જુદા જણાવ્યા છે, જે વાસ્તવમાં પરસ્પરવ્યાપી જણાય છે. જેમ કે, શરૂઆતના તબક્કાઓની વિશિષ્ટતાઓ ત્યાર બાદ ના તબક્કાઓમાં જોવા મળે છે. વળી રોસ્ટોવે ખેતી વિકાસનો સમાવેશ પરંપરાગત તબક્કામાં કરેલ છે. જ્યારે ન્યૂઝીલેન્ડ અને ડેન્માર્ક જેવા દેશોમાં તો ઉડ્ડયનના તબક્કામાં પણ ખેતીક્ષેત્રનો સારો એવો વિકાસ થયેલો જોવા મળ્યો હતો.

8.4.3 સંકુચિત અને અપૂરતું વિશ્લેષણ

પ્રો. રોસ્ટોવે કરેલ આધિક વૃદ્ધિ ના તબક્કાઓનું વિશ્લેષણ સંકુચિત અને અપૂરતું જણાય છે. કારણ કે આ વિશ્લેષણ માટે જે આંકડાકીય માહિતીનો ઉપયોગ કરવામાં આવેલ છે તે લગભગ 12 જેટલા દેશોને જ આવરી લે છે. એટલું જ નહિ પરંતુ આ માહિતી ની વિશ્વસનીયતા પણ શંકાસ્પદ જણાય છે.

8.4.4 અપૂરતી માહિતી

આધિક વૃદ્ધિના તબક્કાઓ દ્વારા ક્યો દેશ વિકાસના ક્યાં તબક્કામાં છે તે જાણવા માટે જે આંકડાકીય માહિતી ઉપલબ્દ છે તે અપૂરતી જણાય છે. આ ઉપરાંત કોઈ એક દેશ માં અમુક તબક્કો ક્યારે પૂરો થયો અને બીજો તબક્કો ક્યારે શરૂ થશે તે જાણવું પણ મુશ્કેલ બની જાય છે.

8.4.5 ઐતિહાસિક સમર્થનનો અભાવ

પ્રો. રોસ્ટોવે દર્શાવેલ ઉડ્ડયનના તબક્કાની વિશિષ્ટતાઓને ઐતિહાસિક સમર્થન મળથું નથી. જેમ કે, ઉડ્ડયનના તબક્કા દરમિયાન મૂડીરોકાણના દરમાં 10 ટકા કે તેથી વધુ વધારો થવો જોઈએ એ શરત ઓતપ્રોત થયેલ છે આ શરતના સંદર્ભમાં કુઝનેટ જણાવે છે કે, રોસ્ટોવે આપેલ દેશોના નામની યાદી મુજબ આ બાબતને આંકડાકીય રીતે સમર્થન મળતું નથી એટલું જ નહિ પરંતુ ઔદ્યોગિકીકરણના પરિણામે બચત - આવક ગુણોત્તરમાં નોંધપાત્ર વધારો ન થતાં તેમાં ધીમા દરે વધારો થવાના વલણો જોવા મળે છે.

ઉડ્ડયનના તબક્કાની અગ્રગણ્ય ક્ષેત્રોના વિકાસ અંગેની શરતને પણ ઐતિહાસિક સમર્થન પ્રાપ્ય નથી આ અંગે કે કેઈન ક્રોસ જણાવે છે કે ક્યા ક્ષેત્રને અગ્રગણ્ય ક્ષેત્ર તરીકે ગણવો ? તેનો આધાર શું ? ઉદ્યોગોને જ શા માટે અગ્રગણ્ય ક્ષેત્ર તરીકે માનવા ? વગેરે. ઉડ્ડયનના તબક્કાની ત્રીજી શરત એ પહેલી શરતનું જ પુનઃ કથન હોય તેમ લાગે છે. આમ ઉડ્ડયનના તબક્કાની પહેલી શરત અને ત્રીજી શરત વચ્ચે બહુ તફાવત જોવા મળતો નથી.

8.4.6 અસ્પષ્ટતા

કુઝનેટ ના મતે ઉડ્ડયનના તબક્કામાં વર્ણવેલ ઘણી બધી બાબતોનો ઉલ્લેખ તેની પહેલાના તબક્કામાં જ એટલે કે ઉડ્ડયન પૂર્વેના તબક્કામાં જ કરવામાં આવેલા હોય છે. આમ, રોસ્ટોવના વિશ્લેષણમાં આ બંને તબક્કાઓ વચ્ચેના તફાવતમાં અસ્પષ્ટતા રહેલી જણાય છે.

8.4.7 આર્થિક વિકાસ સંઘર્ષોથી ભરપૂર

કુઝનેટના દૃષ્ટિકોણ મુજબ વિકાસની પ્રક્રિયા ક્યારેય સ્વયંગામી હોઈ શકે નહિ. આર્થિક વિકાસની સમગ્ર પ્રક્રિયા વાસ્તવમાં જોઈએ તો સંઘર્ષોથી ભરપૂર થયેલ જોવા મળે છે. આમ, સ્વયંગામી વિકાસનો ખ્યાલ ગેરમાર્ગે દોરે છે.

## 8.5 સારાંશ

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમમાં આપણે જોયું કે આર્થિક વિકાસની પ્રક્રિયાને કઈ રીતે જુદાં-જુદાં તબક્કાઓમાં વહેંચીને કોઈ એક દેશના વિકાસ અંગેની સમજૂતી મેળવી શકાય છે. પ્રો. રોસ્ટોવે કરેલા આર્થિક વૃદ્ધિના તબક્કાઓના વિશ્લેષણ અંગેની સમજણ આપણે અહીં મેળવી પરંપરાગત સમાજની અવસ્થામાંથી પસાર થઈને સમાજની વિચારસરણીમાં બદલાવ આવી શકે છે અને તે ઉડ્ડયન માટેની પૂર્વશરતોની અવસ્થા પ્રાપ્ત કરે છે. આ તબક્કામાં સમાજ આધુનિક અભિગમ અપનાવે છે. અને વિકાસ શક્ય છે એ ભાવ લોકોમાં જાગૃત થાય છે આથી સમાજ પ્રગતિના પંથે આગળ વધવા પ્રયાસો કરે છે.

## 8.6 ચાવીરૂપ શબ્દો

- પરંપરાગત સમાજ

  પરંપરાગત સમાજ વ્યવસ્થા એ એવા પ્રકારની વ્યવસ્થા છે કે જેમાં માત્ર ભૂતકાળને જ ધ્યાનમાં લેવામાં આવે છે. ભવિષ્ય અંગે તેને કોઈ જ પ્રકારનો સંબંધ હોતો નથી. આ પ્રકારની સમાજ વ્યવસ્થામાં પરંપરાગત રિતરિવાજો વર્ચસ્વ ધરાવે છે. કુટુંબ અને વ્યવસાય વચ્ચે અહીં ભેદ કરી શકાતો નથી માત્ર એટલું જ નહિ પરંતુ રૂઢિચુસ્ત વલણોના કારણે શ્રમ પણ પાયાની રીતે ઉંમર, જાતિ અને હોદ્દાથી પ્રભાવિત થયેલ જોવા મળે છે. અહીં કોઈ પણ પ્રકારના પરિવર્તનને અવકાશ હોતો નથી.

- સંક્રાંતિ કાળ

  સંક્રાંતિકાળ એ વિકાસની અવસ્થા છે કે જ્યાં સમાજ કે અર્થવ્યવસ્થા પરિવર્તનોને આવકારે છે અને પરિપક્વ બનવાના પ્રયત્નો કરે છે.

- આંતરસ્તરીય માળખુ

  સાહસ કરવા માટે અથવા સમાજના વિકાસ માટે આવશ્યક એવી કેટલીક ભૌતિક અને સંસ્થાકીય માળકાને લગતી સુવિધાઓ જેમ કે, વીજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેંકિંગ, બિલ્ડીંગ વગેરે...

- ઉડ્ડયન

  ઉડ્ડયન એટલે કે ઊડવું પ્રસ્તુત એકમમાં 'ઉડ્ડયન' શબ્દનું અર્થઘટન સમાજ કે

અર્થવ્યવસ્થા જ્યારે વિકાસની શરૂઆત કરે છે અને સફળતા તરફ આગળ વધે છે તેના સંદર્ભમાં કરવામાં આવ્યું છે.

- માથાદીઠ ઉત્પાદન

અર્થતંત્રમાં થતાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદનને વસ્તી વડે ભાગતાં માથાદીઠ ઉત્પાદન મળે છે. સૂત્ર સ્વરૂપે કહીએ તો, માથાદીઠ ઉત્પાદન $= \dfrac{\text{કુલ રાષ્ટ્રીય ઉત્પાદન}}{\text{વસ્તી}}$

- પ્રાથમિક ક્ષેત્ર

પ્રાથમિક ક્ષેત્ર એ કોઈપણ અર્થવ્યવસ્થાની પાયાની આવશ્યકતા ગણાય છે. વિકાસના પ્રાથમિક ક્ષેત્રો વિના વિકાસ કરવો અશક્ય થઈ પડે છે.

- પૂરક ક્ષેત્ર

પૂરક ક્ષેત્ર એ એવું ક્ષેત્ર છે કે જેનો વિકાસ સાધવા માટે અન્ય ક્ષેત્રનો વિકાસ કરવો પણ આવશ્યક બને છે. પ્રાથમિક ક્ષેત્રના વિકાસની સાથે સાથે પૂરક ક્ષેત્રનો પણ વિકાસ થતો જાય છે.

- વ્યૂત્પન્ન ક્ષેત્ર

એક ક્ષેત્રમાં પરિવર્તન આવતાં તેની અસર અન્ય ક્ષેત્ર ઉપર પણ પડે છે. જેને વ્યૂત્પન્ન ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે.

## 8.7 તમારી પ્રગતિ ચકાસો

- નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો

1. એડમ સ્મિથે કોના સંદર્ભમાં આર્થિક વૃદ્ધિના તબક્કાઓનું વર્ણન કર્યું છે ?
2. કોલિન કલાર્કે વર્ણવેલ આર્થિક વૃદ્ધિના તબક્કા ક્યા છે ?
3. સાપમન કુઝનેટે ‘બ’- વિભાગમાં કોનો સમાવેશ ખર્યો છે ?
4. ફેડરિક લિસ્ટે જણાવેલ વિકાસના પાંચ તબક્કા ક્યા છે ?
5. કાર્લ માર્કસના મતે વિકાસની શરૂઆત અને અંત કઈ રીતે થાય છે ?
6. વિનિમયના સંદર્ભમાં વિકાસની પ્રક્રિયાનું વર્ણન ક્યા અર્થશાસ્ત્રીએ કર્યું ?
7. રોસ્ટોવે આપેલ આર્થિક વૃદ્ધિના તબક્કા ક્યા છે ?
8. રોસ્ટોવે વર્ણવેલ ‘પરંપરાગત સમાજ’નું વર્ણન કરો.
9. સક્રાંતિકાળના તબક્કાની રોસ્ટોવે વર્ણવેલ શરતો જણાવો.
10. ઉડ્ડયનના તબક્કાનો આરંભ થવા માટેના જવાબદાર ઉત્તેજક પરિબળો જણાવો.
11. ઉડ્ડયન માટેની શરતો જણાવો.
12. ધિરાણ ભંડોળનો પુરવઠો પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે કરવામાં આવેલા કેટલાંક આવશ્યક સૂચનો જણાવો.

13. રોસ્ટોવે જણાવેલ અગ્રગણ્ય ક્ષેત્રો અર્થતંત્રમાં ક્યા છે ?

14. અગ્રગણ્ય ક્ષેત્રોના વિકાસ માટેની શરતો જણાવો.

15. સ્વયંગામી વિકાસની અવસ્થામાં શ્રમના પુરવઠાના માળકા અને ગુણવત્તામાં ક્યા પરિવર્તનો જોવા મળે છે ?

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.

1. આર્થિક વૃદ્ધિ અંગે ડબલ્યુ ડબલ્યુ રોસ્ટોવ આપેલા તબક્કાઓ સમજાવો.

2. આર્થિક વૃદ્ધિ અંગે રોસ્ટોવ દ્વારા આપવામાં આવેલ વિવિધ તબક્કાઓ મર્યાદાઓ સહિત સમજાવો.

(ખ) નીચેના વિષય ઉપર ટૂંકનોંધ લખો.

1. આર્થિક વૃદ્ધિ માટે ઉડ્ડયનનો તબક્કો

2. આર્થિક વિકાસનો સ્વયંગામી વિકાસનો તબક્કો

3. આર્થિક વિકાસમાં સંક્રાંતિકાળનો તબક્કો

- નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.

1. મૂડીરોકાણના સંદર્ભમાં આર્થિક વૃદ્ધિના તબક્કાઓનું વર્ણન કોલીન કલાર્કે કર્યું છે.

2. એડમ સ્મિથે આર્થિક વૃદ્ધિ અંગે તેમના મંતવ્યો અર્થતંત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરીને આપ્યું.

3. ફ્રેડરિક લિસ્ટે વિકાસના પાંચ તબક્કા જણાવ્યા છે.

4. એશલે અને ઉનવીને આર્થિક વિકાસને ત્રણ વિભાગમાં વિભાજિત કરેલ છે.

5. રોસ્ટોવે આર્થિક વૃદ્ધિના ત્રણ તબક્કા દર્શાવ્યા છે.

- ખાલી જગ્યા પૂરો

1. ................અવસ્થામાં મૂડીસર્જનનો દર ખૂબ જ નીચો રહે છે.

2. રોસ્ટોવે..............તબક્કાને આર્થિક વિશ્લેષણમાં મહત્ત્વનો જણાવ્યો છે.

3. ઉડ્ડયનનો સમયગાળો.............વર્ષનો હોય છે.

4. ...............અવસ્થામાં વપરાશનું ધોરણ ખૂબ ઊંચુ જોવા મળે છે.

5. ભારતમાં ઉડ્ડયનના તબક્કાની શરૂઆત.............વર્ષમાં થઈ

◆ સંદર્ભ પુસ્તકો References

1. Rostow, W.W, The Stage of Economic Growth.

2. Barro, Robert J. and Ssla-i-Martin, Xavier (1995). Economic Growth Mc Graw - Hill, Boston.

3. Joner, Charler J. (1997), An Intro duetion to economic Growth.

4. Friedman, Benjamin M. (2005). The moral Consequences of economic Growth.

◆ તમારી પ્રગતિ ચકાસો ના જવાબો

1. મૂડીરોકાણ
2. (1) પ્રાથમિક ક્ષેત્રો (2) દ્વિતીય ક્ષેત્ર અને (3) સેવાકીય ક્ષેત્ર
3. ઉદ્યોગો, ખાણો, બાંધકામ વગેરે
4. (1) જંગલી અવસ્થા (2) શિકારી અવસ્થા (3) કૃષિ અવસ્થા (4) કૃષિ ઉદ્યોગ અવસ્થા અને (5) કૃષિ-ઉદ્યોગ - વેપાર અવસ્થા
5. વિકાસની શરૂઆત શ્રમિકોના શોષણ અને અંતિમ તબક્કો શોષણ નો અંત છે.
6. પ્રો. હિલ્ડર બ્રાન્ડે
7. વિભાગ 8.3 નો બીજો પેરેગ્રાફ જુઓ
8. વિભાગ 8.3.1 જુઓ
9. વિભાગ 8.3.2 નો ત્રીજો પેરેગ્રાફ જુઓ
10. વિભાગ 8.3.3 નો બીજો પેરેગ્રાફ જૂઓ
11. વિભાગ 8.3.3.1 જૂઓ
12. વિભાગ 8.3.3.1.1 નો બીજો પેરેગ્રાફ જુઓ
13. વિભાગ 8.3.3.1.2 જુઓ
14. વિભાગ 8.3.3.1.2 નો અંતિમ પેરોગ્રાફ જુઓ
15. વિભાગ 8.3.4 જુઓ.

- ખરાં/ખોટાં વિધાનોના જવાબ :

1. ખોટું 2. ખોટું 3. ખરું

4. ખરું 5. ખોટું

- ખાલી જગ્યાના જવાબ :

1. પરંપરાગત સમાજ 2. ઉડ્ડયન

3. ઉચ્ચ વપરાશ - ધોરણ 4. ઉચ્ચ વપરાશ - ધોરણ

5. 1952

⊙ ⊙ ⊙

**નિદર્શન**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોસિયલ સાયન્સીસ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન**

| | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**વિષય સમિતિ**

| | |
|---|---|
| ડૉ. કૃતિ છાયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ગૌરાંગ રામી | પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ડૉ. ગીતા પંડ્યા | આચાર્ય, સરકારી વિનયન કોલેજ, કે. કે. શાસ્ત્રી એજ્યુકેશન કેમ્પસ, મણિનગર, અમદાવાદ |

**પરામર્શન (વિષય)**

| | |
|---|---|
| ડૉ. જી. ડી. ત્રિપાઠી | આચાર્ય, સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી. |
| ડૉ. મંજુલા લક્ષ્મણ | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ. કલ્પના સતીજા | એસોસિએટ પ્રોફેસર, કે. એસ. કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ, કચ્છ |

**લેખન**

| | |
|---|---|
| ડૉ. હરેશ મહેતા | એસોસિએટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, પી.એન.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, પાલિતાણા |
| ડૉ. દીના લોઢીયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, બહાઉદ્દીન આર્ટસ કોલેજ, જૂનાગઢ. |
| નાથાણી રીના | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ટી.એમ.એસ.ડી.મહિલા કોલેજ, આદિપુર, કચ્છ |
| ડૉ .જિજ્ઞાસા વાઘેલા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, શ્રી યુ. પી. આર્ટસ, એમ. જી. પંચાલ સાયન્સ એન્ડ વી. એલ. શાહ કોમર્સ કોલેજ, પિલવાઈ, વિજાપુર |
| ડૉ. હિરેન રાવલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, એસ.ડી.આર.એચ.સાયન્સ એન્ડ શ્રીમતી જે.એમ.કુંડલિયા મહિલા આર્ટસ કોલેજ, રાજકોટ |
| ડૉ. કૈલાશ ભોયે | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, એમ. ડી. મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા |
| ડૉ. સંજય પંડ્યા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| હર્ષિદા જાગોદડિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ, રાજકોટ |
| ડૉ. સુનીતા કોટક | આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર, ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા |

**પરામર્શન (ભાષા)**

| | |
|---|---|
| ડૉ. અજય રાવલ | એસોસિએટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સોલા, અમદાવાદ |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. હેમંત પરમાર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |



**આવૃત્તિ**

વર્ષ : 2023

**ISBN NO : 978-93-559-859-34**

9 789355 985934



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**બેચલર ઓફ આર્ટસ (BA)**

**પેપર 8 (ECOM 308)**

**આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ**

**ECONMJ-402**

**વિભાગ**

# 2


**એકમ : 9** **1-21**
**આર્થિક વિકાસના અભિગમો-1**

**એકમ : 10** **22-37**
**આર્થિક વિકાસના અભિગમો-2**

**એકમ : 11** **38-54**
**આર્થિક વૃદ્ધિ અને વિકાસ હેરોડ - ડોમર સિદ્ધાંત**

**એકમ : 12** **55-68**
**કાર્લ માકર્સનો સિદ્ધાંત**

**એકમ : 13** **69-78**
**આર્થિક વિકાસ અને વસ્તી - 1**

**એકમ : 14** **79-90**
**આર્થિક વિકાસ અને વસ્તી - 2**

**એકમ : 15** **91-110**
**આર્થિક વિકાસ અને ગરીબી**

**એકમ : 16** **111-125**
**આર્થિક વિકાસ અને બેરોજગારી**

**એકમ : 17** **126-141**
**તટસ્થ અને બિનતટસ્થ ટેકૂનિકલ પ્રગતિ**

એકમ 9

# આર્થિક વિકાસના અભિગમો-1

-: રૂપરેખા :-

9.0 ઉદ્દેશ

9.1 પ્રસ્તાવના

9.2 સમતોલ વિકાસનો અભિગમ
(અર્થ, સમતોલ વિકાસની લાક્ષણિકતાઓ, સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે જુદા જુદા અર્થશાસ્ત્રીઓની રજૂઆત)

9.2.1 સમતોલ વિકાસની વ્યૂહરચના વિશે રેગ્નર નર્ક્સની રજૂઆત

9.2.2 સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે રોઝેસ્ટાઇન રોડાનની રજૂઆત

9.3 અસમતોલ વિકાસનો અભિગમ અર્થ, અસમતોલ વિકાસની વ્યૂહરચના વિશે હર્ષમેનની રજૂઆત

9.4 શ્રમના અમર્યાદિત પુરવઠાનો સિદ્ધાંત

9.5 સારાંશ

9.6 ચાવીરૂપ શબ્દો

9.7 તમારી પ્રગતિ ચકાસો

◆ કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી

◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 9.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- વિકાસની વિવિધ વ્યૂહરચનાઓ પૈકી સમતોલ અને અસમતોલ વિકાસની વ્યૂહરચનાનો અર્થ સમજાવી શકશો
- સમતોલ અને અસમતોલ વિકાસ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી શકશો

## 9.1 પ્રસ્તાવના

બીજા વિશ્વયુદ્ધ પછી અલ્પવિકસિત દેશોના આર્થિક વિકાસના સંદર્ભમાં બે પ્રકારના વલણો સામે આવ્યા છે. જે પૈકી એક વલણ એવું છે કે, અલ્પવિકસિત દેશોએ આર્થિક વિકાસ સમતોલ ધોરણે પ્રાપ્ત કરવો જોઈએ. જ્યારે બીજું વલણ એવું છે કે, આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે અસમતુલાઓનો સહારો લેવો જોઈએ. આર્થિક વિકાસનો પ્રશ્ન વિકસિત અને અલ્પવિકસિત દેશો વચ્ચે ભિન્ન પ્રકારનો જોવા મળે છે. આથી અલ્પવિકસિત દૃશો જ્યારે આર્થિક વિકાસની પ્રક્રિયા માટે ક્રિયાશીલ બને છે ત્યારે સૌથી પહેલા તો તેમણે આથિક વિકાસને અવરોધતા પરિબળોને દૂર કરવા પડે છે. અલ્પવિકસિત દેશોમાં વિકાસનો દર નીચો રહેવાનું મુખ્ય કારણ

નીચો મુડીરોકાણનો દર છે. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે, આવા દેશોમાં લોકોની, બચતશક્તિ નીચી જોવા મળે છે. જે નીચા મૂડીરોકાણ અને નીચા ઉત્પાદનના દરમાં પરિણમે છે. જેથી કરીને આવા દેશો ગરીબીના વિષચક્રમાં ફસાયેલા જોવા મળે છે. આથી જ આવા અલ્પવિકસિત દેશોએ આર્થિક વિકાસની નીતિ અપનાવતા પહેલા આંતરિક બચત શક્તિ વધારવી જોઈએ.

અલ્પવિકસિત દેશોની અલ્પવિકસિતતાના કારણોમાં સામાજિક વ્યવસ્થાનું પ્રભુત્વ, આવકની અસમાનતાને વસ્તીવૃદ્ધિના વિશેષ પ્રમાણને ગણાવી શકાય. આથી આવા અલ્પવિકસિત દેશોએ આર્થિક વિકાસ સાધવા માટે ક્યાં પ્રકારની વ્યૂહરચના અપનાવવી જોઈએ તે માટે બે પ્રકારના મત પ્રવર્તમાન છે.

(1) સમતોલ આર્થિક વિકાસની વ્યૂહરચના

(2) અસમતોલ આર્થિક વિકાસની વ્યૂહરચના

આ બંને પ્રકારની વ્યૂહરચનાઓમાં મૂડી સવિશેષ મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. વળી, આર્થિક વિકાસની પ્રક્રિયાને સમજવા માટે આ બંને પ્રકારની વ્યૂહરચના માર્ગદર્શક હોવાથી તેની અહીં વિસ્તારપૂર્વક ચર્ચા કરવી આવશ્યક છે.

કૃષિ, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર એમ ત્રણેય ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરવું આવશ્યક હોય છે. જો એમ નહીં કરવામાં આવે તો કૃષિક્ષેત્રે અલ્પ મૂડીરોકાણથી અન્નની ખાધ ઉદભવશે. ઉદ્યોગોને જરૂરી કાચો માલ પણ કૃષિક્ષેત્રમાથી પ્રાપ્ત નહીં થાય. પરિણામ સ્વરૂપે આવી વસ્તુઓની પરદેશમાથી આયાત કરવી પડશે. જે લેણદેણની તુલાની ખાધમાં પરિણમશે.

સમાપક્ષે જો ઔદ્યોગિક ક્ષેત્રે સપ્રમાણ મૂડીરોકાણ નહીં થયું હોય તો, ઔદ્યોગિક ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થશે. પરિણામે વિવિધ વસ્તુઓ માટેની લોકોની માંગ વણસંતોષાયેલી રહેશે અને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં નિકાસ અંગેના અનેક પ્રશ્નો ઊભા થશે.

અલ્પવિકસિત દેશોમાં પ્રવર્તતા ગરીબાઈના વિષચક્રને ભેદીને તેમને સ્વયંગામી વિકાસના પથ પર મૂકવા માટે એ આવશ્યક છે કે આ દેશોએ વિકાસની યોગ્ય વ્યૂહરચના પસંદ કરવી જોઈએ. વિકાસના પથ પર આગળ વધવા માટે વિકાસની વ્યૂહરચના અસરકારક ભાગ ભજવે છે.

અહીં, અલ્પવિકસિત રાષ્ટ્રોએ એ નક્કી કરવાનું રહે છે કે, તેમણે અર્થતંત્રના બધાં જ વિભાગોનું એકી સાથે વિસ્તરણ કરવું કે અમુક જ વિભાગોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને બાકીના વિભાગોને બાકાત રાખવા.

પ્રસ્તુત એકમમાં આપણે સમતોલ અને અસમતોલ વિકાસની વ્યૂહરચના તથા અમર્યાદિત શ્રમના પૂરવઠાના સિદ્ધાંતનો વિસ્તૃત રીતે અભ્યાસ કરીશું.

## 9.2 સમતોલ વિકાસનો અભિગમ

### 9.2.1અર્થ

સમતોલ વિકાસના ખ્યાલનું અનેક રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે. એક મત એવો છે કે, સમતોલ વિકાસ એટલે અર્થતંત્રના બધા જ ક્ષેત્રોનો એકી સાથે વિકાસ કરવો તે. બીજું એક એવું પણ અર્થઘટન કરવામાં આવે છે કે,

સમતોલ વિકાસ એટલે ખેતી અને ઉદ્યોગો વચ્ચે જાળવવામાં આવતી સમતુલા.

આમ, સમતોલ વિકાસની વ્યૂહરચના એટલે એવી પરિસ્થિતિ કે જ્યાં ખેતી અને ઉદ્યોગો વચ્ચે, વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં જુદા જુદા ઉદ્યોગો વચ્ચે, વપરાશી વસ્તુઓ અને મૂડીગત વસ્તુઓનું ઉત્પાદન કરતાં ઉદ્યોગો વચ્ચે, ઘરેલું અને નિકાસક્ષેત્ર વચ્ચે તથા આર્થિક-સામાજિક મૂડીરોકાણ અને પ્રત્યક્ષ ઉત્પાદકીય મૂડીરોકાણ વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે કરવામાં આવતા પ્રયત્નો.

પ્રો. અલક ઘોષના મતે ''સમતુલિત વિકાસની સાથે આયોજન ઘડવાની બાબત એમ સૂચવે છે કે, અર્થતંત્રના વિભિન્ન ક્ષેત્રો એકસરખા પ્રમાણમાં વિસ્તરે છે; જેને પરિણામે આવક, મૂડીરોકાણ અને ઉપભોગ એક જ દરે વિકાસ પામે છે.''

સમતોલ વિકાસની વ્યૂહરચનાની હિમાયત કરનારા અર્થશાસ્ત્રીઓમાં રેગ્નર નર્ક્સ, રોઝેસ્ટાઇન રોડાન, આર્થર લેવિસ, મેયર અને બાલ્ડવિન તથા એલાન યંગના નામ મોખરે છે.

- સમતુલિત વિકાસની લાક્ષણિક્તાઓ

(1) આ સિદ્ધાંત રોઝેસ્ટાઇન રોડાનના પ્રબળ પ્રયાસના સિદ્ધાંત સાથે સંબંધિત છે. 'પ્રબળ પ્રયાસ' (BIG PUSH) ના સિદ્ધાંતમાં ખૂબ જ મોટી માત્રામાં ઘણા બધા ક્ષેત્રોમાં એકીસાથે મૂડીરોકાણ થઈ જવું જોઈએ. સમતુલિત વિકાસના સિદ્ધાંતમાં પણ આ જ પ્રક્રિયા અપનાવવામાં આવે છે.

(2) આ સિદ્ધાંતમાં ખૂબ જ મોટા પ્રમાણમાં મૂડીની જરૂર પડે છે.

(3) આ સિદ્ધાંતનો મુખ્ય આશય વિવિધલક્ષી વિકાસ કરવાનો હોય છે.

(4) આ સિદ્ધાંત પ્રમાણે મૂડીનો ઉપયોગ એક વિશિષ્ટ વ્યવસ્થા દ્વારા થાય છે.

(5) મૂડીરોકાણ, પૂરક ઉદ્યોગોની સાથે સાથે કરવું પડે છે.

(6) આ સિદ્ધાંતમાં બજારનો વિસ્તાર અને બાહ્ય બચતોની પ્રાપ્તિ થવી જરૂરી હોય છે.

(7) આ સિદ્ધાંતમા ખાનગીક્ષેત્રને વિકાસની દૃષ્ટિએ પ્રથમ સ્થાન આપવામાં આવે છે.

(8) આ સિદ્ધાંતમાં આંતરરાષ્ટ્રીય વિશિષ્ટિકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

9.2.2 સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે જુદા જુદા અર્થશાસ્ત્રીઓની રજૂઆતો

સમતોલ વિકાસની વ્યૂહરચનામાં ઈજારાનો પ્રવાહ વિશાળ સ્વરૂપે જોવા મળે છે. સામાન્ય રીતે જ્યારે ઉદ્યોગોના વિકાસનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે ત્યારે જે ઔદ્યોગિક વસ્તુને કેટલાક ઉદ્યોગો ઉત્પાદનના સાધન તરીકે વાપરે છે તે ઉદ્યોગોની માંગમાં પણ વધારો સર્જે છે. આવી જ રીતે કોઈ એક ઉદ્યોગમાં મૂડીરોકાણ કરવામાં આવે ત્યારે તે ઉદ્યોગની ઉત્પાદકતા અને નફામાં વધારો થાય છે. આની અસર તે ઉદ્યોગની ઉત્પાદિત વસ્તુને જે અન્ય ઉદ્યોગો પોતાની

ઉત્પાદન પ્રક્રિયામાં ઉત્પાદક સાધન તરીકે વાપરતા હોય તેમની માંગમાં પણ વધારો થાય છે અને ત્યાં પણ નફાની શક્યતાઓ વિશેષ ઉદ્ભવે છે.સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ જે રજૂઆત કરી છે તે પૈકી મુખ્ય અર્થશાસ્ત્રીઓ જેવા કે, નર્ક્સ, રોઝન્સ્ટાઇન રોડાન અને આર્થર લુઈસના વિચારોને સમજાવવાનો પ્રયાસ કરીશું.

- સમતોલ વિકાસની વ્યૂહરચના વિષે રેગ્નર નર્ક્સ ની રજૂઆત : રેગ્નર નર્ક્સ નામના અર્થશાસ્ત્રીએ આર્થિક વિકાસ સંબંધી વિચારો પોતાના પુસ્તક 'Problems of Capital Formation in Under- Developed Conutries' માં રજૂ કર્યા છે. તેઓની માન્યતા પ્રમાણે બધાં જ અલ્પવિકસિત રાષ્ટ્રો ગરીબાઈના વિષચક્રથી પીડાતા હોવાને કારણે આર્થિક વિકાસ કરવા માટે અશક્તિમાન હોય છે. આવા દેશોમાં બચતના નીચા દરને કારણે રોજગારી અને આવકનું પ્રમાણ નીચું રહેવા પામે છે. આ ઉપરાંત, મૂડીરોકાણ અને મૂડીસર્જનનું પ્રમાણ પણ નીચું રહેવા પામે છે. આ રીતે ઓછી બચત એ નીચા કે અલ્પવિકાસનું કારણ અને પરિણામ બંને છે.

જો સમતોલ વિકાસની વ્યૂહરચના અપનાવવામાં આવે તો જ ગરીબાઈનું આ વિષચક્ર તોડી શકાય. નર્ક્સની દૃષ્ટિએ સમતોલ વિકાસમાં અર્થતંત્રના જુદા જુદા પછાત પ્રદેશોમાં પરસ્પર મૂડીરોકાણ કરવાથી જુદા જુદા ક્ષેત્રોમાં એકી સાથે વિકાસની પ્રક્રિયા શરૂ થશે. કોઈ એક ક્ષેત્રમાં ઉત્પાદનમાં વૃદ્ધિ થવાથી પૂરવઠામાં જે વધારો થાય છે તે વિકાસના અન્ય કાર્યક્રમો માટે મુખ્ય ક્ષેત્રમાં ઉપયોગી નીવડે છે. આમ, વિકાસના દરેક ક્ષેત્રમાં પુરવઠામાં જે દરે વધારો થાય છે તે જ દરે તેની માંગ પણ થાય છે. આથી અર્થતંત્રમાં સમતોલ વિકાસ શક્ય બને છે. અલ્પવિકસિત દેશોની ગરીબાઈનું મુખ્ય કારણ ગરીબાઈના વિષચક્રનો ફેલાવો છે. આ વિષચક્ર મૂડી- પૂરવઠા અને મૂડીની માંગ એમ બંને બાજુએથી જોવા મળે છે.

(A) મૂડી-પૂરવઠાની બાજુએથી ગરીબાઈનું વિષચક્ર

સામાન્ય રીતે મૂડીના પૂરવઠાનો આધાર લોકોની બચતશક્તિ ઉપર હોય છે. મૂડીની અછત અને બજારની અપૂર્ણતાને કારણે ઉત્પાદન ક્ષમતા નીચી રહેવા પામે છે. જેનાથી લોકોની વાસ્તવિક આવક નીચી રહે છે. જે નીચી બચતમાં પરિણમે છે. સરવાળે મૂડીરોકાણનું પ્રમાણ પણ નીચું હશે અને મૂડીનો જથ્થો ખૂબ જ ઓછો જોવા મળે છે. જે ઉત્પાદનની પ્રક્રિયાને મંદ બનાવે છે અને આ રીતે એક વિષચક્ર પૂર્ણ થાય છે.

(B) મૂડીની માંગની બાજુએથી ગરીબાઈનું વિષચક્ર

સામાન્ય રીતે મૂડીની માંગનો આધાર મૂડીરોકાણની ઉત્તેજના પર હોય છે અને મૂડીરોકાણની ઉત્તેજનાનો આધાર બજારના કદ પર છે. આથી જેમ બજારનું કદ મોટું, તેમ મૂડીરોકાણ વધારી ઉત્પાદન વધારવાની પ્રેરણા વધારે હોય છે અને આથી ઊલટું જેમ બજારનું કદ નાનું તેમ મૂડીરોકાણ ઓછું કરીને ઉત્પાદન ઘટાડવાની પ્રવૃત્તિ ચાલતી હોય છે. અલ્પવિકસિત દેશોમાં અસરકારક માંગનું પ્રમાણ ઓછું હોવાથી મૂડીરોકાણ-ઉત્તેજક

પરિબળો ઓછા હોય છે. આવા દેશોમાં અસરકારક માંગ ખૂબ જ ઓછી હોવાનું મુખ્ય કારણ ત્યાના લોકોની નીચી વાસ્તવિક આવકને ગણાવી શકાય. વાસ્તવિક આવક ઓછી હોવાથી લોકો દ્વારા વસ્તુઓ અને સેવાઓની માંગ ઓછી થતી હોય છે. વાસ્તવિક આવકનો નીચો દર ઓછી ઉત્પાદનક્ષમતામાં પરિણમે છે. ઓછી ઉત્પાદનક્ષમતા એ ઓછી મૂડીના ઉપયોગનું પરિણામ છે. આથી પુનઃમૂડીરોકાણની ઉત્તેજના ઓછી બને છે. અલ્પવિકસિત દેશોની મુખ્ય ખાસિયત એ હોય છે કે તેઓ મૂડીની અછતથી પીડાય છે અને છતાં ત્યાં મૂડીની માંગ ઓછી હોય છે.

આ ઉપરાંત મેયર અને બાલ્ડ્વિન તથા નર્ક્સે ગરીબાઈના ત્રીજા વિષચક્રની વાત કરી છે. અલ્પવિકસિત દેશોમાં લોકો શિક્ષિત, તાલીમબદ્ધ, સાહસિક અને દીર્ઘદૃષ્ટિવાળા ન હોવાથી કુદરતી સાધન સંપતિ વણવપરાયેલી પડી રહે છે. જે ગરીબાઈનું કારણ અને પરિણામ બંને છે. આ વિષચક્રને તોડવાનું કામ અલ્પવિકસિત દેશોમાં ખૂબ જ અઘરું છે.

(C) ગરીબાઈના વિષચક્રને તોડવાના ઉપાયો

આ વિષચક્રને તોડવાનો એક માત્ર ઉપાય સમતોલ વિકાસ છે. વિવિધ ઉદ્યોગો અને કૃષિક્ષેત્રે એક સાથે મૂડીરોકાણ કરવાથી આ વિષચક્ર તૂટી જાય છે. એનું કારણ એ છે કે, એક ઉદ્યોગ દ્વારા નિર્મિત થયેલું ઉત્પાદન બીજા ઉદ્યોગમાં ખરીદી લેવામાં આવે છે. આથી માંગ અને પૂરવઠા વચ્ચે સમતુલાની પરિસ્થિતિ સહજ રીતે ઊભી થાય છે. સમતોલ વિકાસની પ્રક્રિયા દરમિયાન ખેતી અને ઉદ્યોગ બંનેનો એક સાથે મોટા પાયા પર વિકાસ થશે અને એ બંને ક્ષેત્રોમાં સમતુલા સ્થપાશે. ખેતીના વિકાસ દ્વારા આ ક્ષેત્રની અધિશેષ શ્રમશક્તિ ઔદ્યોગિક ક્ષેત્રમાં જોડાશે. 'સમતોલ વિકાસ' માટે વિદેશી મૂડી અને તકનીકી જ્ઞાન પણ સુલભ બનશે કેમકે વિદેશીઓને વિકાસ દરમિયાન મોટું બજાર અને બાહ્ય કરકસરના લાભો પ્રાપ્ત થશે.

સમતોલ વિકાસ માટે જે વધારાની મૂડીની જરૂર પડશે તે મૂડીની પ્રાપ્તિ માટે અર્ધ અને પ્રચ્છન્ન બેકારોને ઉત્પાદકીય પ્રવૃત્તિમાં રોકવાનો ઉપાય નર્ક્સે દર્શાવ્યો છે. ખેતરોમાં કે જમીનના નાના ટુકડા ઉપર જે લોકો કામ કરતાં હોય છે તેનો ઉત્પાદનમાં ફાળો નહિવત હોય છે. બિનકૃષિ વિષયક ક્ષેત્રો ઘણા જ નાના હોવાને કારણે તેમાં તેમનો સમાવેશ થઈ શકતો નથી. આથી તેઓને ખેતી ક્ષેત્રમાં કામ કરવું પડે છે. નર્ક્સના મતે આ વધારાના શ્રમિકોને ખેતીના વ્યવસાયમાથી ખસેડીને સિંચાઇ, રસ્તા, રેલ્વે, મકાનો, કરખાના વગેરે મૂડીઉત્પાદક ઉદ્યોગોમાં કામે લગાડવાની શક્યતાઓ વધારે છે. આમ થવાથી આ વધારાના બેકારો માટે આવકનો સ્રોત શરૂ થશે. પરિણામે બચતનો એક સ્રોત શરૂ થશે અને મૂડીસંચયમાં વધારો થશે. આ રીતે પ્રચ્છન્ન બેકારીનો ઉપયોગ મૂડીસંચય માટે કરી શકાય. આ ઉપરાંત, ઉત્પાદનનું કાર્ય કરતાં ખેડૂતનો બિન-ઉત્પાદક આશ્રિત જ્યારે અન્ય ક્ષેત્રમાં જતો રહે છે, ત્યારે ઉત્પાદક ખેડૂત પાસે જે વધારાનો

ખોરાકનો જથ્થો ફાજલ પડે છે તે ખોરાકના સ્વરૂપમાં ગર્ભિત પડેલી સુષુપ્ત બચતશક્તિને ક્રિયાશીલ કેવી રીતે બનાવવામાં આવે છે તેના ઉપર બધો આધાર રહેલો છે. આ પદ્ધતિની સફળતાનો આધાર નીચેની બાબતો પર છે.

(અ) વધારાના મજૂરો ખેતીક્ષેત્રમાથી પ્રાપ્ત થવા જોઈએ.

(બ) તેઓ મૂડીસર્જનના ઉદ્યોગોમાં કામ કરતાં હોવા જોઈએ.

(ક) ખેત-ઉત્પાદનમાં ઘટાડો થવો જોઈએ નહીં.

(ડ) ખેડૂતો કે અન્ય વ્યવસાયમાં જોડાતા વધારાના મજૂરોના ઉપભોગમાં ઘટાડો થવો જોઈએ નહીં.

- પ્રો. નર્ક્સના વિચારોની મર્યાદાઓ

નર્ક્સના વિકાસ સંબંધી વિચારોની ઘણા અર્થશાસ્ત્રીઓએ ટીકા કરી છે અને સમતોલ વિકાસની વ્યુહરચનાને અવાસ્તવિક ગણાવી છે. મહત્વની ટીકાઓ આ પ્રમાણે છે.

(1) ‘સમતોલ વિકાસ’ની વ્યૂહરચના અંતર્ગત ઘણા બધા ઉત્પાદનક્ષેત્રોનો એકીસાથે અને એક જ સમયે વિકાસ કરવાની જે વાત કહેવામા આવી છે તે શક્ય જ નથી, કારણ કે અલ્પવિકસિત દેશોમાં એક જ સમયે મોટા પાયા પર ઉત્પાદનના સાધનો અને મૂડી, ટેક્નિકલ જ્ઞાન વગેરે મળી રહેવાની શક્યતાઓ બહુ ઓછી હોય છે.

(2) નર્ક્સે વિવિધ ઉદ્યોગોને એકબીજાના પૂરક તરીકે ગણીને સમતોલ વિકાસની વ્યૂહરચના રજૂ કરેલી. પરંતુ વાસ્તવમાં એમ જોવા મળે છે કે વિવિધ ઉદ્યોગો ઉત્પાદનના સાધનોની પ્રાપ્તિ માટે એકબીજાના હરીફ હોય છે.

(3) અલ્પવિકસિત દેશોમાં મૂડીરોકાણ માટેના સાધનો ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં હોય છે. આથી આવા મર્યાદિત સાધનોનો ઘણા બધા ક્ષેત્રોમાં ઉપયોગ કરવામાં આવે તો સાહજિક છે કે કોઈપણ ક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયાને વેગ મળે તે રીતે વિકાસ થશે નહીં.

(4) નર્ક્સે મૂડીસર્જન માટે પ્રચ્છન બેરોજગારોને કૃષિક્ષેત્રમાથી ખસેડીને અન્ય ઉત્પાદક ક્ષેત્રોમાં રોજગારી આપવાની વાત કરી છે. પ્રચ્છન્ન બેરોજગારોને ખસેડવા અને તેમને અન્ય ક્ષેત્રો માટે લાયક બનાવવા માટે કેન્દ્રિય આયોજન ની જરૂર રહેશે જેની નર્ક્સે અવગણના કરી છે.

(5) સમતોલ વિકાસ દરમિયાન અર્થતંત્રના તદ્દન નવા માળખાના ઉદ્દભવને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જે વાસ્તવિક રીતે શક્ય નથી.

જુદા જુદા દેશોએ સાધેલા આર્થિક વિકાસનું અવલોકન કરવાથી એક બાબત સ્પષ્ટ થાય છે કે, ‘વિકાસની પ્રક્રિયા’ તમામ ક્ષેત્રોમાં એકીસાથે ગતિશીલ થતી નથી.

- સમતોલ વિકાસની વ્યૂહરચના અંગે રોઝેસ્ટાઇન રોડાનની રજૂઆત

  રોઝેસ્ટાઇન રોડાને પણ નર્ક્સના સમતુલિત વિકાસના વિચારોને માન્ય રાખ્યા છે. પરંતુ રોડાનના મતે સમતોલ વિકાસનીવ્યૂહરચનાને 'પ્રબળ પ્રયાસ'ના સંદર્ભમાં અપનાવવી જોઈએ. સ્થિર અર્થતંત્રમાં આર્થિક વિકાસ સાધવા માટે મોટા પાયા પર મૂડીરોકાણ થાય એ ખૂબ જરૂરી છે. રોડાનના મતે અલ્પવિકસિત દેશોમાં સામાજીક અને આર્થિક આંતરમાળખું જેમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, શિક્ષણ, મૂડીભંડોળ, બેંકિંગ, તબીબી સેવાઓ વગેરે ખૂબ જ અલ્પમાત્રામાં ઉપલબ્થ હોય છે. આવી અલ્પ સુવિધાઓની પ્રાપ્તિથી ખાનગી મૂડીરોકાણને ઉત્પાદન-ક્ષેત્રમાં આકર્ષી શકાતું નથી. જો અલ્પવિકસિત અર્થતંત્રમાં એ વધારાની સુવિધાઓ મોટા પ્રમાણમાં વિકસાવવામાં આવે તો તેનાથી ખાનગી મૂડીરોકાણકારોને વધુ મૂડીરોકાણ કરવાની પ્રેરણા મળશે અને તેઓ વધારે ઉત્પાદનનો લાભ મેળવી શકશે.

  રોઝેસ્ટાઇન-રોડાનના મતે, અલ્પવિકસિત દેશોમાં ત્રણ પ્રકારની અવિભાજ્યતાઓ જોવા મળેછે. આ અવિભાજ્યતાઓ બાહ્ય અર્થતંત્ર માટે જવાબદાર છે જે પ્રબળ પ્રયાસની જરૂરિયાતને યોગ્ય ઠેરવે છે. આ અવિભાજ્યતાઓ નીચે મુજબ છે-

  (A) ઉત્પાદન કાર્યની અવિભાજ્યતા

  (B) માંગની અવિભાજ્યતા

  (C) બચત પુરવઠામાં અવિભાજ્યતા

(A) ઉત્પાદન કાર્યમાં અવિભાજ્યતા

રોડાનના મતે અલ્પવિકસિત અર્થતંત્રનો વિકાસ ક્રમે ક્રમે મૂડીરોકાણમાં વધારો કરીને કરવો શક્ય નથી. કારણ કે, બાહ્ય કરકસરના લાભો મેળવવા માટે મોટા પાયે મૂડીરોકાણ થાય તે અત્યંત આવશ્યક હોય છે. જુદા જુદા ક્ષેત્રોમાં અલ્પપ્રમાણમાં મૂડીરોકાણની ફાળવણી થવાથી તેનો સંપૂર્ણ લાભ મળી શકે નહી. ઉત્પાદકોને પોતાના ઉત્પાદન માટે બજાર ના મળે તો વિકાસની તમામ યોજનાઓ નિષ્ફળ નીવડે છે. આથી રોડાનના માટે ઉત્પાદન કાર્યમાં અવિભાજ્યતા સ્થાપિત થવી ખૂબ જરૂરી છે. જે વધતા વળતર તરફ દોરી જાય છે. સામાજિક ઓવરહેડ મૂડીમાં રોકાણ (જેમ કે, પાવર, પરિવહન અથવા સંદેશાવ્યવહાર) જે સીધી ઉત્પાદક રોકાણ પ્રવૃત્તિઓ પહેલાં આવવું આવશ્યક છે. આવી મૂડીગત આવશ્યકતાઓ અન્ય દેશોમાંથી આયાત કરી શકાતી નથી. તેથી, સામાજિક ભારે મૂડીમાં પ્રારંભિક રોકાણ કરવું જરૂરી છે. વિકાસની પ્રક્રિયા શરૂ થયા પછી વધારાની સુવિધાઓનો ફેલાવો કરવો એ પદ્ધતિ બહુ ઉપયોગી નથી. વળી આવી સુવિધાઓ ઊભી કરવા માટે ભારે સ્થિર મૂડીરોકાણની જરૂર રહે છે. જ્યાં સુધી આ વધારાની સુવિધાઓ સંપૂર્ણ

થાય નહીં ત્યાં સુધી તેનો લાભ ખાનગી મૂડીરોકાણકારોને પ્રાપ્ત થશે નહીં. આથી તેઓ વધારે મૂડીરોકાણ કરવા તૈયાર થશે નહીં અને વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ થશે નહીં.

(B) માંગની અવિભાજ્યતા (અથવા પૂરકતા)

વિકાસશીલ દેશોમાં માથાદીઠ નીચી આવક અને નીચી ખરીદી શક્તિ ને કારણે બજારો ઓછા છે. બંધ અર્થવ્યવસ્થામાં, એક જ ઉદ્યોગમાં આધુનિકીકરણ અને વધેલી કાર્યક્ષમતાનો સમગ્ર અર્થવ્યવસ્થા પર કોઈ પ્રભાવ પડતો નથી કારણ કે તે ઉદ્યોગનું ઉત્પાદન બજારને શોધવામાં નિષ્ફળ જશે. એક સાથે મોટી સંખ્યામાં ઉદ્યોગો સ્થાપવાની જરૂર છે, જેથી એક ઉદ્યોગમાં કાર્યરત લોકો અન્ય ઉદ્યોગોના ઉત્પાદનનો વપરાશ કરી શકે અને આ રીતે પૂરક માંગ ઊભી થાય.

આ વાતને સમજાવવા માટે, રોઝેસ્ટાઇન-રોડાન જૂતા ઉદ્યોગનું ઉદાહરણ આપે છે. જો કોઈ દેશ જૂતા ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં રોકાણ કરે છે, તો અન્ય ઉદ્યોગોમાં રહેલા પ્રચ્છન્ન મજૂરોને મજૂરી કામ અને આવકનો સ્રોત મળે છે, જે પગરખાના ઉત્પાદનમાં અને તેમની પોતાની આવકમાં વધારો કરશે. આ વધેલી આવકનો ફક્ત જૂતા ખરીદવા પર ખર્ચ કરવામાં આવશે નહીં પણ વધેલી આવક અન્ય વસ્તુઓ પરના ખર્ચમાં પણ વધારો કરશે. જો કે, અન્ય વસ્તુઓની આ વધેલી માંગને સંતોષવા માટે કોઈ વધારાનો પુરવઠો નહી હોવાથી આ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થશે. આવી સ્થિતિથી બચવા માટે, વિવિધ ઉદ્યોગોમાં ભારે રોકાણ કરવું અત્યંત આવશ્યક છે.

(C) બચતના પૂરવઠામાં અવિભાજ્યતા

ઉચ્ચ સ્તરનાં રોકાણોને અનુરૂપ ઉચ્ચ સ્તરની બચતની જરૂર હોય છે. આ માટે હંમેશાં વિદેશી સહાય પર આધાર રાખી શકાય નહીં. કારણ કે વિવિધ ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણો ફક્ત એક જ વાર નહીં, પરંતુ વારંવાર કરવાની જરૂર હોય છે. તેથી ઘરેલું બચત આવશ્યક છે. રોડાનના માટે અલ્પવિકસિત અર્થતંત્રમાં બચતની અવિભાજ્યતાણી સમસ્યા હોય છે. સામાન્ય વ્યક્તિની આવકનું પ્રમાણ ઓછું હોવાને કારણે તેમની બચત પણ ન્યૂનતમ હોય છે. આ એક પડકાર છે. તેમની બચતમાં પૂરતી વૃદ્ધિ કરવા માટે એ આવશ્યક છે કે, મૂડીરોકાણમાં એકદમ વધારો કરવામાં આવે. ઊચા રોકાણોને લીધે આવકમાં વધારો થતાં બચતના દરમાં વધારો થશે.

રોડાનના મતે આર્થિક વિકાસ માટે બજારના કદમાં વધારો કરવો અને લોકોની ખરીદશક્તિમાં વધારો થાય તો જ વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ થાય. આ બંને પ્રવૃત્તિઓ ત્યારે જ શક્ય બને કે જ્યારે મોટા પાયા પર મૂડીરોકાણ કરવામાં આવે. આમ થવાથી લોકોની આવકમાં વધારો થશે અને વસ્તુઓ તથા સેવાઓની માંગમાં અસરકારક વધારો થશે.

(D) રોઝેસ્ટાઇન રોડાનના વિચારોની ટીકાઓ

'પ્રબળ પ્રયાસ' માટે મોટા પાયા પર આર્થિક સાધનોની જરૂરિયાત કેવી રીતે પૂરી પાડવામાં આવશે તે સંબંધી રોઝેસ્ટાઈને કોઈ વિશેષ ઉપાય બતાવ્યો નથી. શરૂઆતમાં મોટા પાયા પર મૂડીરોકાણ કરવા માટે સાધનો કેવી રીતે પ્રાપ્ત કરવામાં આવશે, એ વાતની સ્પષ્ટતા રોડાન દ્વારા કરવામાં આવી નથી. 'પ્રબળ પ્રયાસ'ના સંચાલન અને અમલીકરણ કરવા માટે એક એવા શાશનની જરૂર પડશે કે જેનો અંકુશ સમગ્ર સાધનો પર હોય. આ કાર્ય ખાનગી મૂડીરોકાણકારો દ્વારા કરી શકાય નહીં. આ માટે કેન્દ્રિય આયોજનની આવશ્યક્તા રહેશે કે જેની તરફ રોડાને સંકેત કર્યો નથી.

9.2.3સમતોલ વિકાસની વ્યૂહરચનાની મર્યાદાઓ

પ્રો.હર્ષમેન દ્વારા સમતોલ વિકાસની કરવામાં આવેલી ટીકાઓ જોઈએ તો

(1) સાધનોનો મર્યાદિત પૂરવઠો

સમતોલ વિકાસના વ્યૂહરચનાકારોએ એમ માની લીધું હતું કે જ્યારે તમામ વપરાશી ઉદ્યોગો એકી સાથે શરૂ કરવામાં આવશે ત્યારે ઉત્પાદનના અનેક સાધનો અમર્યાદિત પ્રમાણમાં મળી રહેશે. પરંતુ અલ્પવિકસિત દેશોમાં ઉત્પાદનના સાધનોનો પૂરવઠો અમર્યાદિત પ્રમાણમાં તૈયાર અવસ્થામાં હોતો નથી અને તેથી માંગના પ્રમાણમાં ઉત્પાદન વધારી શકાતું નથી. આમ, સમતોલ વિકાસના વિચારકોએ જે અનુમાન કર્યું હતું તે વાસ્તવમાં સાચું નથી. આથી, અલ્પવિકસિત દેશો માટે સમતોલ આર્થિક વિકાસના ધોરણે વિકાસની પ્રક્રિયા શરૂ થઈ શકે નહીં.

(2) અતાર્કિક સૂચન

પ્રો. હર્ષમેનના મતે સમતોલ વિકાસના આગ્રહીઓએ અલ્પવિકસિત દેશના આર્થિક વિકાસ માટે આયોજન કરવાનું જે સૂચન કર્યું હતું તે વાસ્તવમાં અતાર્કિક કહેવાય, કારણ કે આવા દેશો પાસે શરૂઆતમાં મોટા પાયા પર બહુમુખી આયોજન કરવાની શક્તિ જ હોતી નથી. આથી આ પ્રકારની વિચારણા અતાર્કિક ગણાય છે.

(3) અલ્પ કૃષિવિકાસની અવગણના

સમતોલ વિકાસની વ્યૂહરચનાના પુરસ્કર્તાઓ એવું માનતા હતા કે, અલ્પવિકસિત દેશોમાં આર્થિક વિકાસના કાર્યક્રમના સમયે અનાજનો પૂરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હશે અને દેશમાં અનાજ અને ઔદ્યોગિક કાચા માલની માંગ બંને કૃષિ-ક્ષેત્ર દ્વારા સંતોષાશે. પરંતુ, વાસ્તવિકતા જોઈએ તો, અલ્પવિકસિત દેશોમાં કૃષિક્ષેત્રનો પણ પૂરતા પ્રમાણમાં વિકાસ થયેલો હોતો નથી. આથી આવા દેશોમાં વારંવાર અન્નસમસ્યા ઉદ્ભવતી જોવા મળે છે. સામાપક્ષે ઔદ્યોગિક એકમો માટે કાચા માલની તંગી પણ વર્તાતી જણાય છે.આથી આર્થિક વિકાસનો દર ધીમો પડી જાય છે.

(4) મૂડીરોકાણની ગતિશીલતા રુંધાય છે

અલ્પવિકસિત દેશોમાં સમતોલ વિકાસ પદ્ધતિ અપનાવીને અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં જે થોડું થોડું મૂડીરોકાણ થાય છે, તેનાથી અર્થતંત્રમાં મૂડીરોકાણની ગતિશીલતા રૂંધાય છે.

(5) મૂડીરોકાણની ખરાબ અસરોને ધ્યાનમાં લીધી નથી

સમતોલ આર્થિક વિકાસના હિમાયતીઓએ બાહ્ય કરકસર પર વિશેષ ભાર મૂક્યો છે. પરંતુ તેઓએ બાહ્ય લાભો મેળવવા માટે મૂડીરોકાણની અસરોનો અભ્યાસ કરવો જોઈએ. તેઓ મૂડીરોકાણની ખરાબ અસરોને ધ્યાનમાં લેતા નથી.આથી આર્થિક વિકાસનો દર ધીમો પડે છે.

(6) વ્યાવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં લેવામાં આવી નથી

અલ્પવિકસિત દેશોમાં કુશળ નિયોજકોનો અભાવ જોવા મળે છે. સમતોલ વિકાસની વ્યૂહરચનાના હિમાયતીઓએ આ પ્રકારની વ્યાવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં નથી લીધી. જેથી કરીને જો કોઈ અલ્પવિકસિત દેશ સમતોલ વિકાસની પદ્ધતિએ વિકાસ કાર્યક્રમ અપનાવવા ઈચ્છે તો વિકાસની પ્રક્રિયા મંદ પડતી જોવા મળે છે.

## 9.3 અસમતોલ વિકાસનો અભિગમ

અસમતોલ વિકાસની વ્યૂહરચનાની તરફેણ કરનારાઓમાં હર્ષમેન, સિંગર, પોલ સ્ટીટન, ફ્લેમિંગ જેવાં અર્થશાસ્ત્રીઓના નામ અગ્રેસર છે. હર્ષમેનના મતે અલ્પવિકસિત દેશોની સમસ્યાઓને જોઈએ તો આવા દેશો સમતોલ ધોરણે તેમનો વિકાસ સાધી શકે નહીં. આવા દેશોમાં સાધનોની અછતની સમસ્યા કરતાં પ્રાપ્ય સાધનો પ્રચ્છન અવસ્થામાં વેરવિખેર સ્થિતિમાં છે તે સમસ્યા ખૂબ ગંભીર હોય છે. ઉપરાંત, આવા દેશોમાં નિયોજકો ખૂબ સાહસિક મનોવૃત્તિવાળા તથા ત્વરિત નિર્ણય લેનારા હોતા નથી. આ બંને પ્રશ્નોને કારણે તેઓ સમતોલ વિકાસ અંગેની નીતિ નકારે છે અને અસમતોલ ધોરણે આર્થિક વિકાસ સાધવા માટેનું સૂચન કરે છે. પ્રો.હર્ષમેનના મતે, આર્થિક વિકાસ અંગેના નિર્ણયો લેવાની જે ખામી નિયોજકોમાં હોય છે તેને દૂર કરવા માટે સૌ પ્રથમ પ્રયત્નો કરવા જોઈએ.

### 9.3.1 અર્થ

અસમતોલ વિકાસ એટલે અર્થતંત્રના તમામ ક્ષેત્રોનો ગહનઃ રીતે વિકાસ કરવાને બદલે પસંદ કરેલા અથવા આવશ્યક અને મૂળભૂત ક્ષેત્રોનો ગહન રીતે વિકાસ કરવો. અસમતોલ વિકાસની વ્યૂહરચનાનો તર્ક એ છે કે અલ્પવિકસિત દેશો પાસે મૂડી અને અન્ય જરૂરી સાધનો એટલા પ્રમાણમાં હોતા નથી કે જેથી બધા જ ક્ષેત્રોમાં એકીસાથે મૂડીરોકાણ કરી શકાય. આ સિવાય પણ જો આ ઉપલબ્દ સીમિત સાધનોની બધા જ ક્ષેત્રોમાં એક સરખી રીતે વહેંચણી કરવાનું બિનઆર્થિક પુરવાર થાય છે. ઉપરાંત, બધા જ ક્ષેત્રોમાં થયેલા અલ્પ મૂડીરોકાણને કારણે આ ક્ષેત્રોનો વિકાસદર પણ અત્યંત મંદ રહેવા પામે છે. આ કારણથી જ આવા દેશોમાં અમુક પસંદ કરેલા મહત્ત્વના ક્ષેત્રો અથવા ઉદ્યોગોમાં મોટાપાયા પર મૂડીરોકાણ કરીને વિકાસની ગતિને વેગ આપી શકાય છે. આ રીતે અર્થવ્યવસ્થા ધીમે ધીમે અસમતોલ વિકાસ તરફ ગતિમાન થાય છે. સરવાળે

અસમતોલ વિકાસ અંતર્ગત થયેલા વિકાસનો ચોખ્ખો દર સમતોલ વિકાસના સરેરાશ દર કરતાં વધારે હોય છે.

- અસમતોલ વિકાસની વ્યૂહરચના વિષે હર્ષમેનની રજૂઆત

અસમતોલ વિકાસની વ્યૂહરચનામાં એમ જણાવવામાં આવ્યું છે કે, અર્થતંત્રના બધા જ વિભાગોનો એકીસાથે વિકાસ કરવાને બદલે, અમુક પસંદ કરેલા વ્યૂહાત્મક ઉદ્યોગો કે ક્ષેત્રોમાં જ મૂડીરોકાણ કેન્દ્રિત કરવું જોઈએ. જે આગળ ઉપર વિકાસના દરને ઝડપી અને વેગીલો બનાવે. આવા ક્ષેત્રો મૂડીયુક્ત ક્ષેત્રો કહેવામાં આવે છે. એમાં વેચાણ દ્વારા જે નફો મળે છે તેને પુન;મૂડીરોકાણ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ પ્રકારની વ્યૂહરચના એટલા માટે સારી છે કે, અલ્પવિકસિત દેશોમાં મૂડી અને ટેકનિકલ જાણકારીની અછત હોવાથી બધાં જ ક્ષેત્રોનો વિકાસ એક સાથે શક્ય નથી.

હર્ષમેનના મત પ્રમાણે, 'પૂર્વનિર્ધારિત વ્યૂહરચના અનુસાર અર્થવ્યવસ્થામાં ઈરાદાપૂર્વકનું અસમતુલન ઊભું કરવું એ આર્થિક વિકાસ સાધવાનો શ્રેષ્ઠ માર્ગ છે'. તેમના મતે આર્થિક વિકાસ અસમતુલાઓની શૃંખલાઓ દ્વારા થાય છે અને તેથી આ અસમતુલાઓને તેમણે આર્થિક વિકાસનો આત્મા તથા પ્રેરણા એમ બંને ગણાવ્યા છે. તેમના મતે આ અસમતુલાઓને સમાપ્ત કરવાને બદલે તેમને જીવંત રાખવી જોઈએ. અસમતુલાઓ એ વિકાસને પ્રેરિત કરે છે જેને પરિણામે નવી અસમતુલા ઉત્પન્ન થાય છે અને તે ફરી વિકાસને પ્રોત્સાહિત કરે છે અને એ રીતે આ ચક્ર સતત ચાલ્યા કરે છે. આજના વિકસિત ઔદ્યોગિક રાષ્ટ્રોએ અસમતોલ વિકાસની વ્યૂહરચનાને કારણે જ પ્રગતિ સાધી છે.

પ્રો.સિંગરે પણ અસમતોલ વિકાસની વ્યૂહરચનાને સમર્થન આપતા જણાવ્યું છે કે, આ વિકાસની એક સારી વ્યૂહરચના છે, જે અંતર્ગત ઉપલબ્દ સાધનોનું મૂડીરોકાણ એ રીતે કેન્દ્રિત કરવામાં આવે છે કે, જે અર્થવ્યવસ્થાને વધારે સ્થિતિસ્થાપક બનાવવામાં તથા વધતી જતી માંગ અને વધતા જતાં બજારને અનુલક્ષીને તેના વિસ્તરણમાં મદદરૂપ થાય છે. આ અર્થશાસ્ત્રીઓના મતે અલ્પવિકસિત દેશોમાં ગરીબાઈના વિષચક્રને ભેદવા માટે અસમતોલ વિકાસની વ્યૂહરચના જ શ્રેષ્ઠ છે. આવા દેશો નીચી આવકની સમતુલાની અવસ્થામાં હોય છે. ઉત્પાદન, વપરાશ, બચત અને મૂડીરોકાણ એ બધા અત્યંત નીચી સપાટીએ એક બીજાને એ રીતે અનુકૂળ થઈ ગયા હોય છે કે, સમતુલાની આ અવસ્થા જ વિકાસના અવરોધક પરિબળ તરીકે કામ કરે છે. આથી આવા દેશો માટે વિકાસની ઉત્તમ વ્યૂહરચના એ છે કે જે અન્વયે ઈરાદાપૂર્વકના આયોજિત અસમતોલ વિકાસ દ્વારા નીચી સપાટીની સમતુલામાં વિક્ષેપ પાડવામાં આવે.

### 9.3.2 મૂડીરોકાણના પ્રકારો અને અસમતુલાઓનું સર્જન

મૂડીની અછતના પ્રશ્નને હલ કરવા માટે અને યોગ્ય દિશામાં મૂડીનો ઉપયોગ કરવા માટે મૂડીરોકાણની પૂરક અસરોનો ઉપયોગ કરીને નિયોજકની શક્તિ ઉપર દબાણ લાવવાનું સૂચન હર્ષમેન કરે છે. કોઈ એક ઉદ્યોગમાં માંગ અને ઉત્પાદન વધતા વર્તમાન ભાવે અન્ય ઉદ્યોગોની માંગનું પ્રમાણ વધશે. તેવી જ રીતે એક ઉદ્યોગનું મૂડીરોકાણ બીજા ઉદ્યોગની નફાકારકતામાં વધારો નિપજાવે છે ત્યારે નિયોજન-શક્તિ ઉપર દબાણ વધે છે. જે અલ્પવિકસિત દેશોમાં વધારે મૂડીરોકાણને શક્ય બનાવે છે. વિકાસની પ્રક્રિયા દરમિયાન અર્થતંત્રમાં થતાં મૂડીરોકાણને બે વિભાગમાં વહેચવામાં આવે છે.

(A) સામાજિક-આર્થિક મૂડીરોકાણ

(B) સીધી ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મૂડીરોકાણ

અલ્પવિકસિત દેશોમાં સાધનોની મર્યાદાઓને કારણે ઉપર્યુક્ત બંને ક્ષેત્રોનો એકી સાથે સમતોલ વિકાસ કરવો શક્ય નથી. આથી કોઈ એક ક્ષેત્રના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરીને, એટલે કે, અસમતુલાઓ ઊભી કરીને વિકાસને ઝડપી બનાવી શકાય. જે પૈકી, સામાજિક- આર્થિક મૂડીમાં રોકાણ કરીને અથવા તો સીધી ઉત્પાદક પ્રવૃત્તિઓમાં રોકાણ કરીને અર્થતંત્રમાં અસમતુલાઓ સર્જી શકાય છે. બંને પ્રકારના મૂડીરોકાણ દ્વારા કઈ રીતે અસમતુલાઓ સર્જાય છે તે હવે જોઈએ.

(A) સામાજિક-આર્થિક મૂડીમાં રોકાણ દ્વારા સર્જાતી અસમતુલા

સામાજિક અને આર્થિક મૂડી (social overhead capital) એ એવી સેવાઓ પૂરી પાડે છે, જેના વગર અર્થતંત્રના પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય ક્ષેત્રની ઉત્પાદક પ્રવૃત્તિઓ ચાલી શકતી નથી. આ રીતે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી, સિંચાઈ,શિક્ષણ, જાહેર આરોગ્યની સેવાઓ વગેરેમાં થતું મૂડીરોકાણ એ સામાજિક, આર્થિક મૂડીરોકાણ તરીકે ઓળખવામાં આવે છે, જે વિકાસ માટે આંતરસ્તરીય માળખું પૂરું પાડે છે. એકવાર આ બધી સુવિધાઓને વિકસિત કરવામાં આવશે તો ખાનગી મૂડીરોકાણને સીધી ઉત્પાદક પ્રવૃત્તિમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાશે. હર્ષમેનના મતે વિકાસના શરૂઆતના તબક્કામાં જો આ પ્રકારના મૂડીરોકાણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો અર્થતંત્ર ઝડપી વિકાસના પંથે આગળ વધતું જશે.

(B) સીધી ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મૂડીરોકાણ દ્વારા સર્જાતી અસમતુલા

સીધી ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મૂડીરોકાણ કરીને પણ અસમતુલા સર્જી શકાય. આ પ્રવૃત્તિઓમાં જો પહેલા મૂડીરોકાણ કરવામાં આવે તો તેને કારણે સામાજિક-આર્થિક સુવિધાઓની અછતને કારણે ઉત્પાદનખર્ચમાં વધારો થવા પામશે. ખાનગી ક્ષેત્રના નિયોજકોઆ સુવિધાઓના વિકાસની માંગ કરશે અને રાજકીય દબાણ તથા અન્ય પરિબળોને કારણે આ ક્ષેત્રે મૂડીરીકાણ હાથ ધરવામાં આવશે. વિકાસની આ પ્રક્રિયાને અછત દ્વારા વિકાસ તરીકે ઓળખવામાં આવે છે.

- અસમતોલ વિકાસની વ્યૂહરચના માટેના અન્ય પગલાઓ

  અસમતોલ વિકાસની વ્યૂહરચનામાં સામાજિક-આર્થિક મૂડીરોકાણ અને સીધી ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મૂડીરોકાણ ઉપરાંત હર્ષમેન દ્વારા અન્ય કેટલાક પગલાઓ પણ સૂચવવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે.

(1) કેટલીકવાર મૂડીરોકાણના પ્રોજેક્ટનો ક્રમ બદલીને પણ મૂડીરોકાણની ઉત્તેજના મહત્તમ કરી શકાય એમ હોય છે.

(2) હર્ષમેન સાધન-ઉત્પાદન કોષ્ટકના આધારે પશ્ચાતગામી અને અગ્રગામી સંબંધોનો અંદાજ કાઢી વધુ સંબંધોવાળા ઉદ્યોગોમાં મૂડીરોકાણ કેન્દ્રિત કરવાની હિમાયત કરે છે. જે ઉદ્યોગોમાં નીપજક-ઉપજ ગુણોત્તર વધારે હોય તેવા પરસ્પર સંબંધ ધરાવતા ઉદ્યોગમાં પ્રથમ મૂડીરોકાણને કેન્દ્રિત કરવાની હિમાયત કરે છે.

(3) તેઓ અર્થતંત્રમાં ઉત્પાદનનો નિર્ણય લેતી વખતે પ્રચલિત માંગના સ્વરૂપને આખરી ગણતા નથી. તેમના માટે અર્થતંત્રમાં પશ્ચાતગામી સંબંધોની અસર વધારવાનું

મહત્ત્વ હોય છે. એ મહત્ત્વની અસર વધારવા માટે જરૂર પ્રમાણે પ્રચલિત માંગના સ્વરૂપમાં ફેરફાર કરવાનું સૂચન કરે છે અને તે ફેરફાર માટે આબકારી જકાતો અને જુદી જુદી સબસિડી દ્વારા માંગનું સ્વરૂપ બદલીને વિવિધ ઉદ્યોગોમાં પશ્ચાતગામી સંબંધોની અસર વધારવાની ભલામણ કરે છે.

(4) પ્રો. હર્ષમેન અલ્પવિકસિત દેશોમાં કોઈપણ ચીજનું ઉત્પાદન કરતાં પહેલા તેની આયાત કરીને સ્થાનિક બજારમાં મૂકવાનું સૂચન કરે છે. તેમના મતે અલ્પવિકસિત દેશમાં પહેલા તબક્કામાં નવી ચીજની આયાત કરીને બજારમાં મૂકવી જોઈએ. આ ચીજોથી લોકો ટેવાય અને તેની માંગ વધારે તો જ તેનું સ્થાનિક ઉત્પાદન શરૂ કરવું જોઈએ. ત્યારબાદ બીજા તબકામાં તે વસ્તુના ઉત્પાદન માટે કાચો માલ આયાત કરવો જોઈએ અને ત્યારબાદ ત્રીજા તબક્કામાં એ વસ્તુના ઉત્પાદન માટે જરૂરી કાચામાલનું સ્થાનિક ઉત્પાદન કરવું જોઈએ.

આમ, ઉપર પ્રમાણેની પશ્ચાતગામી સંબંધ-અસરને વધારવા માટે અહી દર્શાવેલા તબકાઓમાં ઉત્પાદન કરવું જોઈએ.

9.3.3 અસમતોલ આર્થિક વિકાસની વ્યૂહરચનાની મર્યાદાઓ

હર્ષમેન અને અન્ય વિચારકો દ્વારા આપવામાં આવેલા અસમતોલ આર્થિક વિકાસની વ્યૂહરચના અલ્પવિકસિત દેશોમાં આર્થિક વિકાસનો દર ઝડપી બનાવવામાં સહાયભૂત નીવડી શકે છે. આમ છતાં, તેની કેટલીક મર્યાદાઓ સામે આવી છે જે આ મુજબ છે.

(1) ફુગાવો સર્જાવાની પૂરેપૂરી શક્યતાઓ

અસમતોલ વિકાસની વ્યૂહરચના પસંદગીના ઉદ્યોગોમાં જ મોટા પાયા પર મૂડીરોકાણ કેન્દ્રિત કરવાની ભલામણ કરે ચહે. પરંતુ આ પ્રમાણે મૂડીરોકાણ કરવાથી રાષ્ટ્રીય આવકોમાં વધારો થાય, લોકોની નાણાકીય આવકોમાં વધારો થાય અને પરિણામે વસ્તુઓની માંગમાં વધારો સર્જાય. પરંતુ જેટલી ઝડપથી નાણાકીય આવકમાં વધારો સર્જી શકાય છે તેટલી ઝડપથી વસ્તુઓના પૂરવઠામાં વધારો કરી શકાતો નથી. આથી વપરાશી ચીજ-વસ્તુઓની અછત ઊભી થવા પામે છે. જેથી ભાવવધારો થતાં છેવટે તે ફુગાવાનું સ્વરૂપ ધારણ કરે છે.

(2) મૂડીરોકાણ અને આર્થિક વિકાસના માર્ગમાં અવરોધો પેદા થશે

અસમતોલ વિકાસની વ્યૂહરચના અનુસાર પસંદગીના ઉદ્યોગોમાં જ મૂડીરોકાણ કરવામાં આવશે તો અહાવિકસિત દેશના અર્થતંત્રમાં ઈરાદાપૂર્વકની અસમતુલા સર્જાશે. આ અસમતુલા વાસ્તવમાં મૂડીરોકાણને ઉત્તેજિત કરવાને બદલે મૂડીરોકાણ અને આર્થિક વિકાસના માર્ગમાં અવરોધો પેદા કરશે. આથી આ પદ્ધતિ દ્વારા આર્થિક વિકાસ પ્રાપ્ત કરી શકાશે કે કેમ તે એક શંકાસ્પદ બાબત બની જાય છે.

(3) ઉત્પાદનના સાધનોના પૂરવઠા પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે

અસમતોલ વિકાસની વ્યૂહરચનાના પુરસ્કર્તાઓએ ખાસ કરીને મૂડીરોકાણ અને નિયોજનશક્તિ ઉપર ભાર મૂક્યો છે. પરંતુ અલ્પવિકસિત દેશમાં આ બે સાધનો ઉપરાંત ઉત્પાદનના અન્ય ભૌતિક સાધનોનો પણ અભાવ હોય છે. આથી, આ વ્યૂહરચનામાં વિકાસ અંગેનું જે સૂચન કરવામાં આવ્યું છે તેનો વ્યવહારમાં અમલ કરવાનું કારી ખૂબ જ મુશ્કેલ છે.

(4) આર્થિક વિકાસ માટે કેટલા પ્રમાણમાં અસમતુલાઓ ઊભી કરવી તે બાબતની કોઈ સ્પષ્ટતા નથી

વિકાસની આ વ્યૂહરચનામાં અલ્પવિકસિત દેશોએ આર્થિક વિકાસ માટે કેટલા પ્રમાણમાં અસમતુલાઓ ઊભી કરવી પડશે તેના વિશેની કોઈ સ્પષ્ટતા હર્ષમેને કરી નથી.વિવિધ અલ્પવિકસિત દેશોના મૂળભૂત અને પાયાના પ્રશ્નો એકસરખા હોતા નથી. વળી, મૂળભૂત પ્રશ્નોની સાથે સાથે દરેક દેશના સંજોગો પણ જુદા જુદા હોય છે. આ બધી બાબતોની સ્પષ્ટતા આ સિદ્ધાંતમાં જોવા મળતી નથી. આથી, અલ્પવિકસિત દેશે અસમતોલ આથિક વિકાસની વ્યૂહરચના કરીને આર્થિક વિકાસ સાધવા પ્રયત્નશીલ થાય તો તેમને કેટલે અંશે સફળતા પ્રાપ્ત થશે - તે એક અચોક્કસ બાબત બની જાય છે.

(5) ફાજલ ઉત્પાદનશક્તિને કારણે સાધનોનો દુર્વ્યય થાય છે

અસમતોલ વિકાસની વ્યૂહરચના અન્વયે ફાજલ ઉત્પાદન શક્તિ ના સ્વરૂપમાં સાધનોનો દુર્વ્યય થાય છે. સામાજિક અને આર્થિક મૂડીનું જે નિર્માણ થાય છે, તેનો શરૂઆતમાં પૂરેપૂરો ઉપયોગ થતો ન હોવાથી તે સાધનોના દુર્વ્યયમાં પરિણામે છે. અસમતોલ વિકાસ હેઠળ બધા જ ક્ષેત્રોનો એકસરખો વિકાસ થતો નથી. અમુક ક્ષેત્રોનો અન્ય ક્ષેત્રો કરતાં ઝડપથી વિકાસ થાય નહીં, ત્યાં સુધી ઝડપથી વિકાસ પામેલા ક્ષેત્રોમાં મૂડીના સાધનો અને અન્ય ઉપકરણો વણવપરાયેલા પડી રહે છે, જે એક રીતે સાધનોનો દુર્વ્યય છે.

(6) મૂડીરોકાણ અંગેના નિર્ણયો પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

હર્ષમેનની અસમતોલ વિકાસની વ્યૂહરચના મૂડીરોકાણ અંગેના નિર્ણયો પર વધુ પડતો ભાર આપે છે. આ ઉપરાંત, વહીવટીય, સંચાલકીય અને નીતિ વિષયક નિર્ણયો પણ એટલા જ મહત્ત્વના છે, જેના પર હર્ષમેને પૂરતું ધ્યાન આપ્યું નથી. આમ, અસમતોલ વિકાસની વ્યૂહરચનાની અનેક ક્ષતિઓ છે. હકીકતમાં પ્રત્યેક દેશે પોતાના કુદરતી સાધનોની પ્રાપ્યતા અને ભૌતિક સાધનો સાથે તેમને સુમેળ સાધવાના સંજોગોને આધારે પોતાના અર્થતંત્રના ઝડપી આર્થિક વિકાસ માટે અનુકૂળ હોય તે સિદ્ધાંતને અમલમાં મૂકીને આર્થિક વિકાસ સાધવો જોઈએ. જો કે, ભારતમાં બીજી પંચવર્ષીય યોજનાથી આ વ્યૂહરચનાનો સ્વીકાર કારવામાં આવ્યો છે અને તેને પરિણામે આજે દેશમાં ઔદ્યોગિક વિકાસનો સુદઢ અને સંગીન પાયો નાખી શકાયો છે.

## 9.4 શ્રમના અમર્યાદિત પુરવઠાનો સિદ્ધાંત

### 9.4.1 પૂર્વભૂમિકા

આધુનિક વિકાસવાદી અર્થશાસ્ત્રીઓમાં પ્રો. આર્થર લેવિસ સૌ પ્રથમ વ્યક્તિ છે કે જેમણે અલ્પવિકસિત દેશોની સમસ્યાઓનો વિગતે અભ્યાસ કર્યો છે. લેવીસે પોતાના પ્રસિદ્ધ લેખ 'Economic Development with Unlimited supplies of Labour' ના આધારે એવી સ્પષ્ટતા કરી છે કે, અમર્યાદિત શ્રમનો પૂરવઠો હોવા છતાં અર્થતંત્રનો ઝડપી વિકાસ શક્ય છે. લેવિસ અલ્પવિકસિત દેશોના આર્થિક વિકાસની પ્રક્રિયાની બાબતમાં પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલા મોડેલને લાગુ પાડવાની વાત કરી છે.

એડમ સ્મિથથી લઈને માર્ક્સ સુધીના પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ તેઓના વિશ્લેષણમાં એવી વાત કરી હતી કે, જીવન નિર્વાહ વેતનદરોએ શ્રમનો અમર્યાદિત પૂરવઠો પ્રાપ્ત થઈ રહે છે. પરંતુ કેઈન્સ અને અન્ય નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ તેમના વિશ્લેષણમાં આ બાબતનો અસ્વીકાર કરેલો જોવા મળે છે. લેવીસે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલા મૉડેલ ઉપર ભાર મૂકીને શ્રમના અમર્યાદિત પૂરવઠાની પ્રસ્તુતતાનો સ્વીકાર કરેલ. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓની જેમ લેવિસ પણ એવું માનતા હતા કે, અલ્પવિકસિત દેશોમાં જીવનનિર્વાહ વેતનદરોએ શ્રમનો અમર્યાદિત પૂરવઠો ઉપલબ્દ થઈ રહે છે. આર્થિક વિકાસ માટે મૂડીરોકાણ આવશ્યક હોવાથી વધારાના શ્રમને નિર્વાહ ક્ષેત્રમાથી ખસેડી લઈ મૂડીવાદી ક્ષેત્ર તરફ વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી કરીને મૂડીસંચય વધતાં આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગ મળી શકે.

### 9.4.2 અમર્યાદિત શ્રમનો પૂરવઠો એક કેન્દ્રિય સમસ્યા

આર્થર લેવીસે અલ્પવિકસિત દેશોની સમસ્યાઓનો અભ્યાસ કરીને અમર્યાદિત શ્રમના પૂરવઠાના સંદર્ભમાં આર્થિક વિકાસનો એક વ્યવસ્થિત સિદ્ધાંત વિકસાવ્યો છે. લેવીસના મતે અલ્પવિકસિત દેશોમાં વસ્તીનું પ્રમાણ ખૂબ જ ઊંચું જોવા મળે છે જેને અમર્યાદિત પણ કહી શકાય. સામા પક્ષે મૂડી અને કુદરતી સાધનોનો પૂરવઠો એટલી ઊંચી માત્રમાં જોવા મળતો નથી. બીજી રીતે કહીએ તો, આ દેશોમાં પ્રવર્તમાન વેતન દરે શ્રમનો પૂરવઠો સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ હોય છે. શ્રમનો આ અમર્યાદિત પૂરવઠો અર્થતંત્રના નિર્વાહ ક્ષેત્રમાં જરૂર કરતાં વધારે રોકાયેલા શ્રમિકો, ખેતી ક્ષેત્ર પર વધતી જતી નિર્ભરતા તથા પ્રચ્છન્ન બેકારીના સ્વરૂપમાં જોવા મળે છે. આ સિવાય નાના દુકાનદારો, બદલી કામદારો, ઘરેલુ નોકરો, મહિલાઓ વગેરે પણ આ ક્ષેત્રમાં હોય છે કે જે બહુ ઓછા વેતનદરે કામ કરવા માટે હંમેશા તૈયાર હોય છે. આમ, અલ્પવિકસિત દેશોની સૌથી પહેલી સમસ્યા એ પ્રાપ્ય શ્રમશક્તિનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની છે. લેવીસે આ સમસ્યાના ઉકેલ માટે દ્વિ-ક્ષેત્રીય અર્થતંત્રની ધારણા કરી છે, જેના વિશે હવે આપણે જોઈશું.

### 9.4.3 સમસ્યાનો ઉકેલ

લેવીસે શ્રમના અમર્યાદિત પૂરવઠાના ઉકેલ માટે જે દ્વિ-ક્ષેત્રિય અર્થતંત્રની ધારણા કરી છે, તે બંને ક્ષેત્રો મૂડીવાદી ક્ષેત્ર અને શ્રમનિર્વાહ ક્ષેત્ર તરીકે ઓળખાય છે. હવે આપણે તે બંને ક્ષેત્રો વિશે વિગતે જાણવાનો પ્રયાસ કરીએ.

(A) મૂડીવાદી ક્ષેત્ર- મૂડીવાદી ક્ષેત્ર એ અર્થતંત્રનો એવો ભાગ છે કે જે પુનરુત્પાદકીય મૂડોનો ઉપયોગ કરે છે.

(B) નિર્વાહ ક્ષેત્ર- નિર્વાહ ક્ષેત્ર એ અર્થતંત્રનો એવો ભાગ છે કે જે પુનરુત્પાદકીય મૂડનો ઉપયોગ કરતો નથી. વળી નિર્વાહક્ષેત્રમાં માથાદીઠ ઉત્પાદન અને મૂડીસંચયની શક્યતા મૂડીવાદી ક્ષેત્રની કરતાં ઓછી હોય છે.

ઉપરોક્ત ક્ષેત્રના સંદર્ભમાં લેવીસ એવો અભિપ્રાય ધરાવે છે કે, નિર્વાહક્ષેત્રમાંથી શ્રમિકોને ખસેડીને તેમને મૂડીવાદી ક્ષેત્રમાં રોકીને નવા ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવે અથવા પ્રવર્તમાન ઉદ્યોગોનો વિસ્તાર કરવામાં આવે કે જેથી કરીને આથિક વિકાસના ઉદ્દેશો પૂરા થઈ શકે. બીજા શબ્દોમાં કહીએ તો વધારાની

શ્રમ-શક્તિને વપરાહી ક્ષેત્રની રોજગારીને બદલે ઉત્પાદકીય રોજગારી વપરાશી પ્રાપ્ત થાય એ આર્થિક વિકાસની પ્રથમ શરત છે. અથવા વપરાશી ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં આવી શ્રમ-શક્તિને માટે રોજગારીની વ્યવસ્થા કરવી એ રાષ્ટ્રીય આવક વધારવા માટેનું ચોક્કસ સાધન છે.

અહીં મુશ્કેલી એ છે કે, મૂડીવાદી ક્ષેત્રના વિકાસ માટે કુશળ શ્રમિકોની આવશ્યકતા રહે છે અને આ પ્રકારના શ્રમનો પૂરવઠો અલ્પવિકસિત દેશોમાં અમર્યાદિત પ્રમાણમાં ઉપલબ્દ હોતો નથી અને તેથી આ પરિબળ વિકાસ માટે અંતરાયરૂપી નીવડી શકે. જો કે આ સંદર્ભમાં પ્રો.લેવીસનું માનવું છે કે, કુશળ શ્રમિકોનો પૂરવઠો એ એક કામચલાઉ અને આંશિક અંતરાય છે. જો વિકાસ માટે મૂડી ઉપલબ્દ થતી હોય તો, મૂડીદારો અથવા સરકાર, તાલીમની સવલતો પૂરી પાડીને આ અંતરાય દૂર કરી શકે છે.

લેવીસે નિર્વાહ ક્ષેત્રમાંથી મૂડીવાદી ક્ષેત્રમાં શ્રમશક્તિની થનાર ફેરબદલી વખતે પોતાના મૉડેલમાં કેટલીક શરતોને આવશ્યક ગણી છે તે આ મુજબ છે

(1) શ્રમ-શક્તિની ફેરબદલી પ્રવર્તમાન વેતનના દરે અથવા જીવનનિર્વાહ વેતન દરને આધારે કરવામાં આવે.

(2) મૂડીવાદી અર્થતંત્રમાં તેઓને જે વેતન મળશે તે નિશ્ચિત અને એકસરખું જ હોવું જરૂરી છે.

(3) મૂડીવાદી અર્થતંત્રમાં વધારે મૂડીરોકાણ કરવામાં આવે.

(4) શ્રમિકોને આપવામાં આવતી તાલીમનો ખર્ચ એકસરખો જળવાઈ રહેવો જોઈએ.

- વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ

અલ્પવિકસિત દેશોમાં જીવનનિર્વાહ વેતનદરોએ શ્રમનો જે પૂરવઠો ઉપલબ્દ હોય છે તેને મૂડીવાદી ક્ષેત્રમાં ખસેડવાથી તે ક્ષેત્રનું ઉત્પાદનમાં વધારો થવા પામે છે. સામા પક્ષે તેમને આપવામાં આવતા વેતનદરો તેમની સીમાંત ઉત્પાદકતા કરતાં વધારે હોવાથી મૂડીવાદી અધિશેષનું નિર્માણ થાય છે. જે મૂડીપતિના હાથમાં જાય છે. લેવીસના મતે, જો આવી રીતે શ્રમનો અમર્યાદિત પૂરવઠો સ્થિર વેતનદરોએ ઉપલબ્દ બને અને તેના પરિણામે જે મૂડીવાદી અધિશેષ ઉત્પન્ન થાય તો તેનું પૂન;મૂડોરોકાણ કરવાથી નવા લોકોને રોજગારી મળવા લાગશે. પરિણામે વધુ ને વધુ મૂડીવાદી અધિશેષ ઉત્પન્ન થવા લાગશે. જે છેવટે રાષ્ટ્રીય આવકમાં વધારો જન્માવશે અને દેશમાં મૂડીસર્જનનું ચક્ર શરૂ થતાં આર્થિક વિકાસની પ્રક્રિયાનો પ્રારંભ થશે. જ્યાં સુધી મૂડીવાદી અધિશેષ ઉપલબ્દ બને છે, ત્યાં સુધી જ આ પ્રક્રિયા ચાલશે. ટૂંકમાં, મૂડીવાદી અધિશેષનું પૂન:રોકાણ એ આર્થિક વિકાસનો પાયો છે.

- વિકાસની પ્રક્રિયામાં અવરોધો

લેવીસના મતે વિકાસની આ પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલતી નથી. તે માટેના કારણો આપતા લેવીસ જણાવે છે કે,

1) લાંબાગાળે અધિશેષ શ્રમની પ્રાપ્તિ બંધ થઈ જાય છે

2) વધારાની વસ્તીનું મૂડીવાદી ક્ષેત્રમાં સ્થળાંતર થવાથી નિર્વાહ ક્ષેત્રમાં શ્રમની સરેરાશ ઉત્પાદકતામાં વધારો થવા પામશે. જેના પરિણામે મૂડીવાદી ક્ષેત્રમાં વેતન-દર વધારાની માંગણી થતાં અને તેમાં વધારો કરતા નફાનું પ્રમાણ ઘટી જશે અને ફળસ્વરૂપે મૂડીરોકાણની પ્રવૃત્તિમાં ઘટાડો થશે

3) જો મૂડીવાદી ક્ષેત્રના શ્રમિકો દ્વારા વેતનવધારની માંગણી કરવામાં આવે અને તે સંતોષાય તો મૂડીવાદી અધિશેષ અને મૂડીસર્જનના દર બંનેમાં ઘટાડો થશે.

વિકાસની પ્રક્રિયાને ઉપરોક્ત અવરોધોમાંથી બહાર કાઢવા માટે લેવીસ એવું જણાવે છે કે, શ્રમિકોની મોટા પાયે આયાત કરવી જોઈએ અને જો તેમાં સફળતા ના મળે તો આ દેશમાંથી મૂડીની નિકાસ એવા દેશોમાં કરવી જોઈએ કે જયા શ્રમિકો જીવનનિર્વાહ જેટલા વેતનદરોએ કામ કરતા હોય.

9.4.4 મર્યાદાઓ

શ્રમના અમર્યાદિત પૂરવઠાનો જે સિદ્ધાંત આર્થર લેવીસ દ્વારા આપવામાં આવ્યો છે તેની કેટલાક આલોચકો દ્વારા જે ટીકાઓ કે મર્યાદાઓ દર્શાવવામાં આવી છે તે જોઈએ તો-

(1) અધિશેષ શ્રમની ફેરબદલીમાં અવરોધો

લેવીસના મતે વધારાના શ્રમિકોને કૃષિક્ષેત્રમાથી ઔદ્યોગિક ક્ષેત્રમાં ફેરબદલી જે સહેલાઈથી કરી શકાય છે તે તદ્દન ખોટું છે. કારણ કે કૃષિક્ષેત્રના શ્રમિકોની ગતિશીલતા ખૂબ જ ઓછી છે. તેની પાછળના કારણોમાં તેમની કાર્યકુશળતા, શિક્ષણ અને તાલીમનો અભાવ ઉપરાંત સામાજીકતા અને ગ્રામ્ય પરિવેશ પણ મહદઅંશે જવાબદાર છે.

(2) સાહસિકોની અછત

અધિશેષ શ્રમને ઉદ્યોગોમાં કામે લગાડવા માટે નવા ઉપક્રમો શરૂ કરે એવા સાહસિકોની આવશ્યકતા હોય છે. જેનો અલ્પવિકસિત દેશોમાં અભાવ જોવા મળે છે. જે વિકાસ આડેનું એક અવરોધક પરિબળ છે.

(3) મૂડીરોકાણ ગુણકની માન્યતા અવાસ્તવિક છે

લેવીસે એવું માની લીધું હતું કે, અલ્પવિકસિત દેશોમાં ધનિકો વધારે બચત કરીને મૂડીરોકાણમાં વધારો કરી શકશે. પરંતુ આમ બનતું નથી. કારણ કે, ધનિકો પોતાની વધારાની આવકનો ઉપયોગ કિંમતી વસ્તુઓ પાછળ વધારે ખર્ચે છે.

(4) જીવનનિર્વાહ વેતનદરે શ્રમિકોની પ્રાપ્યતાની અવાસ્તવિક ધારણા

લેવીસના અમર્યાદિત શ્રમના પૂરવઠાના સિદ્ધાંતમાં એમ જણાવવામાં આવ્યું છે કે, શ્રમશક્તિ જીવનનિર્વાહ દરે પ્રાપ્ત થતી રહેશે. પરંતુ

વાસ્તવિક્તા અલગ જ છે. મૂડીવાદી ક્ષેત્રમાં વિકાસ થવાની સાથે પ્રાથમિક ક્ષેત્રનો વિકાસ પણ થવા લાગે છે. પરિણામે એ ક્ષેત્રમાં રોકાયેલા શ્રમિકોના વેતનમાં પણ વધારો થશે. જેના પરિણામે ઓછા વેતનદરે મૂડીવાદી ક્ષેત્ર માટે શ્રમિકો મળી શકતા નથી.

(5) નાણા-વિસ્તરણ એ આર્થિક વિકાસ માટે અવરોધક નીવડે છે

લેવીસ દ્વારા મૂડીસર્જન માટે નાણાં વિસ્તરણની હિમાયત કરવામાં આવી છે. પરંતુ અલ્પવિકસિત દેશોમાં નાણં-વિસ્તરણથી જે ભાવવધારો થાય છે, તે કાયમી સ્વરૂપ ધારણ કરી લે છે. વળી તે અર્થતંત્રના તમામ ક્ષેત્રો પર પોતાની અસર નિપજાવે છે. મૂડીપતિઓ અર્થતંત્રમાં એવા ફેરફારો કરે છે કે, વધેલા ભાવો ફરીથી નીચે ઉતરવાનું વલણ ધારણ કરતા નથી. આમ, નાણા-વિસ્તરણ એ આર્થિક વિકાસ માટે અવરોધક નીવડે છે.

(6) નિર્વાહ ક્ષેત્રની ઉત્પાદકતામાં ઘટાડો થાય છે

લેવીસના મતે નિર્વાહ ક્ષેત્રમાથી જ્યારે વધારાના શ્રમિકોને ખસેડીને મૂડીવાદી ક્ષેત્રમાં લઈ જવામાં આવે છે, ત્યારે નિર્વાહ ક્ષેત્રમાં કૃષિ ઉત્પાદનમાં કોઈ ઘટાડો થતો નથી. પરંતુ વાસ્તવિક્તા એ છે કે, કૃષિક્ષેત્રમાંથી શ્રમિકોને ખસેડી લેવાથી ઉત્પાદનમાં અવશ્ય ઘટાડો જોવા મળે છે.

લેવીસ દ્વારા આપવામાં આવેલા શ્રમના અમર્યાદિત પૂરવઠા સાથેના આર્થિક વિકાસના સિદ્ધાંતની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તે એવા દેશો માટે આજે પણ ઉપયોગી છે કે જ્યાં મૂડીની અછત અને શ્રમની વિપુલતા હોય. તેમણે હાથ ધરેલ, શાખ-સર્જન, વસ્તીવૃદ્ધિ, ટેક્નોલોજિકલ પ્રગતિ વગેરેનો અભ્યાસ તેમના સિદ્ધાંતને વાસ્તવિક્તાની વધારે નજીક લઈ જાય છે.

## 9.5 સારાંશ

પ્રસ્તુત એકમમાં આપણે વિકાસની વિવિધ વ્યૂહરચનાઓ પૈકી સમતોલ અને અસમતોલ વિકાસની વ્યૂહરચના તથા શ્રમના અમર્યાદિત પૂરવઠા સાથેનો વિકાસ વિશે વિષદ છણાવટ કરવાનો પ્રયાસ કર્યો. સમતોલ અને આસામતોલ વિકાસની વ્યૂહરચના પૈકી કઈ પદ્ધતિ શ્રેષ્ઠ છે, એ કહેવું મુશ્કેલ છે. વિકાસની આ બંને પદ્ધતિઓનું અંતિમ ધ્યેય તો ઝડપી આર્થિક વિકાસનું જ છે. પોલ સ્ટ્રીટનના માટે સમતોલ વિકાસ અને અસમતોલ વિકાસ વચ્ચે પસંદગી અંગેનો વિવાદ ઊભો કરવો, એ એક નિરર્થક પ્રયાસ છે. આ બંને પદ્ધતિઓ એકબીજાની હરીફ નહિ, પરંતુ પૂરક માનીને બંનેના સમન્વય દ્વારા આર્થિક વિકાસ કરવો વધુ યોગ્ય થઈ પડશે. બીજું કે આ બંને પૈકીની કઈ વ્યૂહરચના વધુ ઉપયોગી નીવડશે તેનો નિર્ણય દરેક દેશના વિશિષ્ટ સંજોગો અને તેના વિકાસના તબક્કાને ધ્યાનમાં લઈને જ કરી શકાય. આમ છતાં અલ્પવિકસિત દેશોની ખાસ લાક્ષણિક્તાઓના સંદર્ભમાં મોટાભાગના વિચારકો અસમતોલ વિકાસની નીતિનું સમર્થન કરે છે, કારણ કે, વિકાસના પ્રારંભિક તબક્કામાં અસમતુલા હોવી અનિવાર્ય છે.

## 9.6 ચાવીરૂપ શબ્દો

(1) ગરીબાઈનું વિષચક્ર

ગરીબીનું કારણ ગરીબી છે અને ગરીબીનું પરિણામ પણ ગરીબી બને છે તેને ગરીબીનું વિષયક્ર કહેવાય છે. મૂડી, કુદરતી સાધનો, કાર્યક્ષમતા, નિયોજનક્ષમતાના અભાવમાં વ્યક્તિ કે પ્રદેશ ગરીબ જ ગરીબીને જન્મ આપે છે. દા.ત., સાધનોના અભાવથી શિક્ષણ નથી મેળવી શકાતું અને શિક્ષણના અભાવમાં વ્યક્તિ કે દેશ ગરીબ જ રહે છે અને આ રીતે ચક્ર ચાલુ રહે છે.

(2) પ્રચ્છન્ન બેરોજગારી

પ્રચ્છન્ન બેરોજગારીને છૂપી બેરોજગારી પણ કહેવામાં આવે છે. આ એવી બેરોજગારી છે કે જેનાથી કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર થતો નથી. લોકો બહારથી કામ કરતાં જણાય છે પણ વાસ્તવમાં તેઓની ઉત્પાદકતા અત્યંત નીચી હોય છે. જો તેઓને તે કામમાંથી હરાવી લેવામાં આવે તો પણ કુલ ઉત્પાદનમાં કોઈ ઘટાડો થતો નથી અથવા તો સાવ નજીવો ઘટાડો થાય છે. જ્યારે કોઈ કામમાં જરૂર કરતાં વધારે શ્રામિકો રોકવામાં આવ્યા હોય ત્યારે આ સ્થિતિ ઊભી થાય છે.

## 9.7 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

1. સમતોલ વિકાસ એટલે શું ? સમતોલ વિકાસની વ્યૂહરચના તેની મર્યાદાઓ સાથે સમજાવો.
2. અસમતોલ વિકાસ એટલે શું ? અ સમતોલ વિકાસનો ખ્યાલ ટીકાત્મક રીતે સમજાવો.
3. સમતોલ અને અસમતોલ વિકાસ એટલે શું ? તે બંનેમાંથી કઈ પદ્ધતિ તમારી દૃષ્ટિએ યોગ્ય છે તેની ચર્ચા કરો.
4. શ્રામના અધિશેષનું મોટેલ વિસ્તારથી સમજાવો અને તેનું મૂલ્યાંકન કરો.

(ખ) ટૂંકનોંધ લખો.

(i) બજારના કદના નિર્ધારકો

(ii) સમતોલ વિકાસમાં અર્થતંત્રની અવિભાજ્યતાઓ

(iii) શ્રામનો અમર્યાદિત પુરવઠો

(ગ) હેતુલક્ષી પ્રશ્નો

(1) સમતોલ વિકાસના પુરસ્કર્તા કોણ છે ?

(A) પ્રો.રેગ્નર નર્ક્સ (B) ડેવિડ રિકારડો

(C) માર્શલ (D) સેન

(2) સામાન્ય રીતે મૂડીસંગ્રહ કઈ બે બાબતો પર આધારિત હોય છે ?

(A) મૂડીના પૂરવઠા અને મૂડીની માંગ (B) શ્રમના પૂરવઠા અને શ્રમની માંગ

(C) ઉત્પાદનનું પ્રમાણ (D) એક પણ નહીં

(3) સમતુલિત વિકાસનો સિદ્ધાંત કઈ ધારણા પર આધારિત છે ?

(A) સમાન અને સજાતીય વિકાસ (B) અસમાન અને વિજાતીય વિકાસ

(C) મુક્ત વેપાર (D) અમર્યાદિત મૂડી

(4) 'મોટા ધક્કા' નો સિદ્ધાંત કોણે આપ્યો?

(A) માર્શલ (B) રિકારડો

(C) રોઝેસ્ટાઈન રોડાન (D) કેઈન્સ

(5) મૂડીરોકાણ શેનું પરિણામ છે ?

(A) રોજગારી (B) માંગ અને બચત

(C) ઉત્પાદન (D) બેરોજગારી

(6) અસમતોલ વિકાસના પુરસ્કર્તા કોણ છે ?

(A) રિકાર્ડો (B) હર્ષમેન

(C) નર્ક્સ (D) શુમ્પીટર

જવાબ : (1) A (2) A (3) A (4) C (5) B (6) B

## 9.8 સંદર્ભ સૂચિ

1. *James M. Cypher; James L. Dietz (17 July 2008). The Process of Economic Development (3rd Revised ed.). Routledge. ISBN 0-415-77104-8.*

2. *Yujiro Hayami; Yoshihisa Godo (2005). Development economics: from the poverty to the wealth of nations (3, illustrated ed). Oxford University Press. ISBN 0-19-927271-9.*

3. *Hollis Chenery; T.N. Srinivasan, eds. (15 October 1988). Handbook of Development Economics, Vol. 1. North Holland. ISBN 0-444-70337-3.*

4. *Gaur, K.D. (1995). Development and Planning. University of Michigan: Sarap & Sons. ISBN 81-85431-54-X.*

5. *Ray, Debraj (2009). Development Economics. Oxford University.*

   *Press. ISBN 0-19-564900-1.*

6. *S. K. Misra; V. K. Puri (2010). Economics Of Development And Planning Theory And Practice (12th ed.). Himalaya Publishing House. ISBN 81-8488-829-5.*

7. *Rainer Kattel; Jan A. Kregel; Eric S. Reinert (March 2009). "The Relevance of Raqnar NurJ, se and ClassJcai_Qeveiopment Economics" (PDF). Working Papers in Technology Governance and Economic Dynamics no. 21.*

8. *"Measures for the Economic Development of Underdeveloped Countries, Report by a Group of Experts appointed by the Secretary-General of the United Nations". May 1951.*

9. *Gulati,Ambika (2006)./ntroductory Macroeconomic Theory-A Textbook For Class XII. New Delhi: Cambridge University Press India. ISBN 81-7596-335-2.*

10. *Hirschman, Albert 0. (1969). "Strategy of Economic Development". Yale University Press (New Haven, London): 53-4.*

11. *Hirschman, Albert 0 . "The Strategy of Economic Development," in Agarwal, A.N. and Singh, S.P.(eds), Accelerating. Investment in Developing Economies (London Oxford Press, 1969)*

10.0 *Thirwall, A.P. Growth and Development: With special reference to developing economies (London: Macmillan Press ltd .. , sixth edition. 1999).*

11.0 *Scitovsky, Tibor. Papers on welfare and Growth (London George Allen and Unwin ltd .. 1965) Refer to 5th paper entitled "Growth- Balanced and Unbalanced".*

12.0 *Nath, S.K. , "Balanced Growth." in Livingstone (ed), Economic Policy for Development (Harmodworth, Middlesex: Penguin Books ltd. 1971)*

13.0 *Han Singer, "The Concept of Balanced Growth and Economic Development; Theory and Facts," University of Texas Conference on Economic Development, April 1958.*

14.0 *Paul Streeten, "Unbalanced Growth." Economic Integration, Sythoff, Leiden (Netherlands), 1961 . Reprinted in A. N. Agarwala and S. P. Singh, (eds.), Accelerating Investment in Developing Economies (London: Oxford University Press, 1969).*

15.0 *Hunt, Diana (1989). "W. A. Lewis en 'Economic Development with Unlimited Supplies of Labour'"_. Economic Theories of Development: An Analysis of Competing Paradigms. New York: Harvester Wheatsheaf. ISBN 978-0-7450- 0237-8.*

16.0 *Lewis, W. Arthur (1954). "Econom1c Development with Unlimited Supplies of Labor". The Manchester School.*

17.0 *Gollin, Douglas (2014). "The Lewis Model: A 60-Year Retrospective". Journal of Economic Perspectives. JSTOR 23800576.*

18.0 *"Lew1s dual sector model". Archived from the oriqinal on April 6, 2012.*

19.0 *Ghatak, Subrata (1978). Development Economics. Prentice Hall Press. ISBN 978-0-582-44873-5..*

20.0 *Gary S. Fields (December 2004). "Dualism in the Labor Market: a Perspective on the Lewis Model after Half a CetLturv" (PDF). The Manchester School. 72 (6): 724-735.Retrieved April 7, 2014.*

⊙ ⊙ ⊙

એકમ 10

# આર્થિક વિકાસના અભિગમો-2

-: રૂપરેખા :-

10.0 ઉદ્દેશ

10.1 પ્રસ્તાવના

10.2 મોટા ધક્કાનો ખ્યાલ

10.3 અવિભાજ્યતાનો ખ્યાલ

10.4 અવિભાજ્યતા અને બહ્ય કરકસરના લાભો

10.5 રાજ્યોનો ફાળો

10.6 મર્યાદાઓ

10.7 લઘુત્તમ આવશ્યક પ્રયાસનો સિદ્ધાંત

10.8 સિદ્ધાંતની સમજૂતી

10.9 માથાદીઠ આવક અને વસ્તી વૃદ્ધિ વચ્ચેનો સંબંધ

10.10 આવશ્યક લઘુત્તમ પ્રયાસનું વિશ્લેષણ

10.11 લઘુત્તમ આવશ્યક પ્રયાસના નિર્ણાયકો

10.12 આવશ્યક ન્યૂનતમ પ્રયાસ સામેના અવરોધો

10.13 સિદ્ધાંની મર્યાદાઓ

10.14 સમાપન

10.15 સારાંશ

10.16 ચાવીરૂપ શબ્દો

10.17 તમારી પ્રગતિ ચકાસો

◆ સંદર્ભ સૂચિ

## 10.0 ઉદ્દેશો (Objectives)

⇨ વિદ્યાર્થીઓને આર્થિક વિકાસના ખ્યાલથી પરિચિત કરાવવા.

⇨ અલ્પવિકસીત અર્થતંત્રમાં વિકાસ માટે કેવા પગલાં જરૂરી બને છે તે અંગેનું જ્ઞાન આપવું.

⇨ આર્થિક વિકાસના વિવિધ સિદ્ધાંતોના વિશ્લેષણ દ્વારા અર્થતંત્રને અનુકુળ પદ્ધતિની સમજૂતી આપવી.

⇨ આર્થિક વિકાસમાં સહાયરૂપ અને નડતરરૂપ બબતોનો અભ્યાસ કરવો.

## 10.1 પ્રસ્તાવના

અલ્પવિકસિત દેશોમાં લાંબા સમયથી સ્થગિતતાની સ્થિતિ પ્રવર્તતી હોય છે તેથી ઊંચી આવક અને ઉત્પાદનની સપાટી પ્રાપ્ત કરવા માટે પ્રારંભમાં શક્તિશાળી પ્રયાસ કરવો પડે છે. તેના માટે મોટા પ્રમાણમાં રોકાણની આવશ્યકતા હોય છે. અલ્પવિકસીત અર્થકારણની આવશ્યકતા હોય છે. અલ્પવિકસીત અર્થકારણના મોટા અવરોધોને દૂર કરવા માટે મોટા ધક્કાની જરૂરત છે. અલ્પવિકસીત દેશ માટે પ્રો.રોડાન જણાવે છે કે, વિકાસ માટે શરૂઆતમાં મૂડીરોકાણનો જોરદાર ધક્કો લાગવો જોઈએ. પ્રો.રોડાન અલ્પવિકસીત દેશન વિકાસની પ્રક્રિયાના આરંભ અને વેગ માટે પ્રારંભીક શક્તિશાળી પ્રયાસનો સિદ્ધાંત આપે છે.

## 10.2 મોટા ધક્કાનો ખ્યાલ (પ્રારંભિક શક્તિશાળી પ્રયાસનો ખ્યાલ)

પ્રો.રોડાનના મતે અલ્પવિકસીત દેશોમાં નાના અને સ્વતંત્ર પ્રયત્નો આર્થિક વૃદ્ધિ પર પૂરતી અસરો પહોંચાડી શકતા નથી. શરૂઆતમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ગતિશીલ બનાવવા વ્યાપક પ્રયાસોની જરૂર છે. જે રીતે એરોપ્લેનને જમીન પરથી આકાશ તરફ ગતિ કરાવવા ખૂબ જોશવાળા એન્જિનનો ધક્કો જરૂરી બને છે તે રીતે સ્વયં સંચાલિત વિકાસ તરફ જવા પ્રારંભમાં અર્થતંત્રને આંચકો આપી શકે તેવા જોરદાર પ્રયાસ થાય તેટલું મૂડીરોકાણ થવું જોઈએ અલ્પવિકસીત અર્થકારણના મોટા અવરોધોને દૂર કરવા માટે મોટા ધક્કાની જરૂર છે.

અર્થકારણને વિકાસની દિશામાં ગતિ કરાવવા માટે અમુક પ્રમાણમાં રોકાણની આવશ્યકતા છે. પ્રો. રોડાન મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરી મોટા પ્રમાણમાં બાહ્ય કરકસરનો લાભ મેળવવાનું કહે છે. આ માટે વિવિધ ઉદ્યોગોનો એકી સાથે વિકાસ થવાથી વિવિધ ઉત્પાદક ઉદ્યોગોના વિકાસ માટે મોટા પાયા પર મૂડીરોકાણ સામાજીક દ્રષ્ટિએ મહત્ત્વના ક્ષેત્રો હોય તેમાં કરવાનું સૂચવે છે. વાહન વ્યવહાર તેમજ સંદેશાવ્યવહારનો વિકાસ, વિદ્યુત શક્તિ, પીવાની સગવડ વગેરેના વિકાસ પર તેઓ મહત્ત્વ આપે છે. રોડાનના મતે આર્થિક વિકાસ ની પ્રક્રિયામાં અવિભાજ્યતાથી વળતર વધે છે તેમ તેઓ માને છે. માંગ, બચતનો પુરવઠો અવિભાજ્ય હોય છે. આ બધી અવિભાજ્યતા અર્થકારણને મોટો ધક્કો મારીને વિકાસના માર્ગે ચલાવે છે.

## 10.3 અવિભાજ્યતાઓનો ખ્યાલ

પ્રારંભિક શક્તિશાળી મૂડીરોકાણમાં પ્રો.રોડાન બાહ્ય કરકસરના લાભ તરફ આંગળી ચીંધે છે. આ લાભ મોટા પાયા પર મૂડીરોકાણ કરવાથી ઊભી થતી અવિભાજ્યતાને કારણે મળે છે. તેમાં તેઓ ચાર પ્રકારની અવિભાજ્યતાનો નિર્દેશ કરે છે.

### 10.3.1 સામાજીક - આર્થિક મૂડીરોકાણની અવિભાજ્યતા

પ્રો.રોડાન સામાજીક આર્થિક મૂડીરોકાણની અવિભાજ્યતાને ઉત્પાદન વિધેયની અવિભાજ્યતા તરીકે પણ ઓળખાવે છે. આ પ્રકારની અવિભાજ્યતાને લીધે વધતા મળતરનો લાભ મળે છે. તેના માટે સામાજીક આર્થિક વિકાસ ખર્ચને મહત્ત્વનું ગણે છે. અલ્પવિકસીત દેશોમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, પાણી વ્યવસ્થા વગેરે સેવાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાથી સામાજીક - આર્થિક વિકાસમાં મુશ્કેલી ઊભી થવાની શક્યતા રહે છે. આ બધી સગવડોની પ્રાપ્યતા ઉત્પાદક પ્રવૃત્તિને સીધો વેગ આપે છે. આ બધા ક્ષેત્રોમાં ખુબ જ મોટા પાયા પર મૂડીરોકાણની જરૂર હોય છે. અલ્પવિકસીત દેશો પોતાના કુલ મૂડીરોકાણના લગભગ 30% થી 40% ખર્ચ આ માટે ખર્ચે તે જરૂરી છે.

આવી સેવાઓ વિકસાવવી પડે છે. આર્થિક વિકાસ માટે પૂરક બને છે.

સામાજીક આર્થિક વિકાસ ખર્ચને પરિણામે નીચે પ્રમાણે અવિભાજ્યતા જરૂરી છે.

⇨ સીધે સીધી ઉત્પાદક પ્રવૃત્તિઓમાં મૂડીરોકાણ કરતાં પહેલા સામાજીક વિકાસ ખર્ચમાં એકી સાથે બધી સેવાઓમાં મૂડીરોકાણની જરૂર પડે છે. જે સમયની દ્રષ્ટિએ અવિભાજ્ય હોય છે.

⇨ મૂડીરોકાણ દીર્ઘકાલીન માટેનું હોય છે તેમાં બધા સાધાનોની આયુષ્ય મર્યાદા પણ ઘણી લાંબી હોય છે.

⇨ મૂડીરોકાણ પરિપૂર્ણ કરવાનો સમયગાળો પણ વધુ લાંબો હોય છે. મૂડીરોકાણ ખર્ચ થાય અને તેમાંથી સેવા ઉપલબ્દ થાય તે બંને વચ્ચે સારો એવો સમય પસાર થાય છે.

⇨ વિવિધ સેવાઓનો વિકાસ સંમિશ્રિત થવો જરૂરી છે. આ માટે અમુક પ્રમાણમાં સામાજીક મૂડીસાધનો ઊભા કરવા પડે છે.

### 10.3.2 માંગની અવિભાજ્યતા અથવા માંગની પૂરકતા

પ્રો. રોડાન જણાવે છે કે અલ્પવિકસીત દેશોમાં બજારનું કદ નાનું હોવાને કારણે નીચી આવક પરીણમે છે. એકાદ ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં મૂડી રોકાણ કરવા જ ઉત્પાદનને અનુરૂપ મોટા પ્રમાણમાં માંગનું સર્જન કરવું શક્ય હોતું નથી. આમ, એકાદ ઉદ્યોગમાં મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવામાં આવે તો પણ બજારનું કદ વિસ્તારી શકાતું નથી. ઉત્પાદનને અનુરૂપ પૂરતા પ્રમાણમાં માંગ ઊભી કરવા માટે માંગની અવિભાજ્યતા અથવા માંગની પૂરકતાને ખ્યાલમાં લેવા જરૂર બને છે. તેના માટે એકી સાથે સંખ્યાબંધ પારસ્પરિક પૂરક ઉદ્યોગોમાં મૂડીરોકાણ કરવું જોઈએ. પરીણામે વિવિધ વસ્તુઓનો પૂરવઠો ઊભી કરી શકાશે અને બધા માટે માંગ સર્જી શકાશે. અનેક પૂરક ઉદ્યોગોમાં એક સાથે મૂડીરોકાણ કરી ''પુરવઠો સ્વયં પોતાની માંગનું સર્જન કરે છે.'' - આ સિદ્ધાંત વાસ્તવિક રીતે અમલમાં આવશે. પરિણામે રોજગારીમાં વધારો શક્ય બચતા લોકોના હાથમાં આવકનો પ્રવાહ વધતા માંગમાં વધારો થશે. આમ ઉદ્યોગોમાં એક બાજુ ઉત્પાદન અને બીજીબાજુ વેચાણ વધતાં બજારનું કદ ધીમે ધીમે વિસ્તાર પામશે. બજાર વિસ્તૃત થતાં ઉત્પાદકો પણ મોટા પાયા પર ઉત્પાદન શરૂ કરશે આમ રાષ્ટ્રીય ઉત્પાદન વધતા રાષ્ટ્રીય આવકમાં પણ વધારો થશે.

આમ, એકી સાથે અનેક પૂરક ઉદ્યોગોમાં મૂડીરોકાણ કરવું હોય તો પ્રારંભિક કુલ મૂડીરોકાણ મોટા પાયા પર થવું જોઈએ. આ મૂડી રોકાણ સંખ્યાબંધ ઉદ્યોગોમાં થવું જોઈએ. ટૂંકમાં કહીએ તો સમતુલિત વિકાસ માટે મૂડીરોકાણ થવું જોઈએ.

### 10.3.3 બચતોના પુરવઠા સંબંધી અવિભાજ્યતા

અલ્પવિકસિત દેશમાં આવકનું ધોરણ નીચું હોવાથી બચતની સપાટી નીચી હોય તે સ્વાભાવિક છે. જેથી મૂડીરોકાણની સપાટી પણ નીચી રહે છે. પરિણામે કહી શકાય કે અલ્પવિકસિત દેશોમાં વિકાસનો પ્રારંભ કરવા માટે મોટા પ્રમાણમાં મૂડીરોકાણની આવશ્યકતા છે. મોટા પ્રમાણમાં બચતો થાય અને તેની આવક સ્થિતિ સ્થાપકતા વધે તોજ મૂડીરોકાણમાં વધારો શક્ય છે અંતમાં મૂડીરોકાણ વધતા વધુ બચત ઊભી કરી શકાય.

### 10.3.4 મનોવૈજ્ઞાનિક અવિભાજ્યતા

રાષ્ટ્રના વિકાસમાટે લોકોમાં ઉત્સાહ હોવો જોઈએ નાના નાના છૂટા - છવાયા પ્રયાસથી લોકોને આકર્ષિત કરવા અઘરા બને છે. પરંતુ જો વિશાળ પાયા પર મૂડીરોકાણના કાર્યક્રમો અપનાવાય તો લોકોનું તેના પ્રત્યે આકર્ષણ વધે છે. આવા કાર્યક્રમોમાં લોકો સહભાગી બનવા તૈયાર થાય છે. આમ વિકાસ માટે અનુકુળ વાતાવરણ ઊભું કરવા માટે મોટા પાયા પર મૂડીરોકાણની જરૂરીયાત જણાય છે.

## 10.4 અવિભાજ્યતા અને બાહ્ય કરકસરના લાભો

પ્રો. રોડાનના પ્રારંભિક શક્તિશાળી પ્રયાસમાં રજૂ કરવામાં આવેલ અવિભાજ્યતાનો ખ્યાલ આ સિદ્ધાંતનો મહત્ત્વનો ભાગ છે. જુદા જુદા ઉદ્યોગોમાં કરવામાં આવેલ મૂડીરોકાણથી પૂરક ઉદ્યોગોને કારણે બાહ્ય કરકસરના લાભો પ્રાપ્ત થાય છે. એક ઉદ્યોગમાં કોઈ કરકસરના લાભ ઊભા થાય તે તેના પૂરક ઉદ્યોગોને મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઈ એક ઉદ્યોગમાં ટેક્નિકલ લાભ ઉઠાવવા ટેક્નિકલ અવિભાજ્ય એકમ મુકવામાં આવે તો તેના પરિણામે ઉદ્યોગમાં ઉત્પાદકતામાં વધારો થાય છે. ઉત્પાદકતા વધતા ઉદ્યોગમાં ઉત્પન્ન થતી વસ્તુઓની કિંમતમાં ઘટાડો થાય. અન્ય કોઈ પૂરક ઉદ્યોગ આ ઉદ્યોગની વસ્તુનો કાચા માલ તરીકે ઉપયોગ કરતા હોય તેને કાચો માલ સસ્તી કિંમતે મળતા તેના ઉત્પાદનખર્ચમાં પણ ઘટાડો થાય છે. પરિણામે પૂરક ઉદ્યોગમાં પણ કિંમતમાં ઘટાડો થશે. આમ બંને ઉદ્યોગને લાભ મળતા બંનેની કિંમતમાં ઘટાડો થશે. અહીં ભાવ માળખું બાહ્ય કરકસરના લાભ આપવાનું મહત્ત્વનું કામ કરે છે. આમ નવા મૂડીરોકાણ જેટલાં પ્રમાણમાં વધુ પ્રમાણમાં કિંમત પર અસર પહોંચાડે તેટલાં વધુ પ્રમાણમાં બાહ્ય કરકસના લાભ મેળવવાની શક્તિશાળી નીવડે છે.

પ્રો.રોડાનના મતે પરસ્પર પૂરકતાનો સૌથી મહત્ત્વનો લાભ બજારના કદનું વિસ્તરણ છે. એક ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકો અન્ય ઉદ્યોગોની વસ્તુઓના ગ્રાહકો બને છે જેટલા શ્રમિકો અન્ય ઉદ્યોગોની વસ્તુઓના ગ્રાહકો બને છે જેટલા શ્રમિકો વધુ તેટલી માંગ વધે છે. નવા એકમોનું કદ જેટલું વધારે તેટલી રોજગારી વધારે અને પરિણામે વસ્તુઓની માંગમાં વધારો થાય છે. પરિણામે એક ઉદ્યોગનો વિકાસ એ બીજા ઉદ્યોગના વિકાસનું પ્રેરકબળ બને છે.

ઉદ્યોગોનો મોટા પાયા પર વિકાસ થવાથી કુશળ શ્રમિકોનો પુરવઠો વધવા માંડે છે. શ્રમિકોમાં તાલીમ અને શિક્ષણમાં વધારો થાય છે. આ પ્રકારના શ્રમિકોના પુરવઠામાં વધારો થવાથી ઉદ્યોગોની ઉત્પાદકતામાં વધારો થાય છે. જે મહત્ત્વનો બાહ્ય કરકસરનો લાભ બને છે.

અહીં મુખ્યત્ત્વે વપરાશી વસ્તુના સંદર્ભમાં સમતુલીત મૂડીરોકાણની ચર્ચા કરવામાં આવી છે. વપરાશી વસ્તુના ઉદ્યોગોમાંથી સર્જાતી બાહ્ય કરકસરનાર લાભો પૂરતું મર્યાદિત વિશ્લેષણ ન રહેતા પ્રો. રોડાનના મતે ઉર્ધ્વ બાહ્ય કરકસરો તરફ પૂરતું ધ્યાન આ સિદ્ધાંતમાં આપવામાં આવ્યું છે. પરિણામે પ્રસ્તુત સિદ્ધાંતમાં ભારે ઉદ્યોગોનું ક્ષેત્ર ખૂબ જ મહત્વનું બને છે.

## 10.5 રાજ્યનો ફાળો

પ્રો. રોડાનના પ્રસ્તુત ખ્યાલમાં રાજયનો ફાળો ખુબ મુહત્ત્વનો ગણી શકાય ખાનગી ક્ષેત્ર દ્વારા મોટા પ્રમાણમાં મૂડી રોકાણ શક્ય નથી જે રાજ્ય દ્વારા શક્ય બની શકે. ખાનગી ક્ષેત્ર સીધી ઉત્પાદક પ્રવૃત્તિદ્વારા મળતા મોટા નફાના ક્ષેત્રમાં મૂડીરોકાણ કરવા પ્રેરાય છે. જ્યારે પ્રસ્તુત સિદ્ધાંતમાં મોટા પાયા પર સામાજીક આર્થિક વિકાસ ખર્ચ કરવું પડે છે. જે ઉર્જા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર જેવા પાયાના ઉદ્યોગમાં મૂડીરોકાણની વાત છે. આવું મૂડીરોકાણ

મોટા પાયા પરનું તથા સમયના લાંબાગાળાનું હોય છે પરીણામે આવા ઉદ્યોગની જવાબદારી રાજ્યએ પોતે ઉઠાવવી પડે છે. આવા મોટાપ્રમાણમાં મૂડીરોકાણ દ્વારા રાજ્ય બાહ્ય કરકસરના લાભો મેળવી શકે છે. નફાકીય કે ખાનગી દ્રષ્ટિએ આવા એકમો નફાકારક ન હોય પરંતુ સામાજીક દષ્ટિએ નફાકારક હોય છે. આમ વિશાળ પાયા પર સામાજીક લાભ મેળવવા રાજ્ય પોતે આગળ આવવું પડે છે. અલ્પ વિકસીત અર્થતંત્રમાં રાજ્યની આવી કામગીરી સમગ્ર અર્થ તંત્રનાં માળખામાં પરીવર્તન લાવી શકે.

## 10.6 મર્યાદાઓ

અલ્પવિકસીત દેશોમાં બજારની અપૂર્ણતા વિકાસને આડે આવે છે. પ્રો. રોડાનનો આ ક્યાલ અલ્પવિકસીત દેશોમાં વિકાસની પ્રક્રિયામાં ઘણો ઉપયોગી નિવડે તેમ છે છતાં તેની મર્યાદાઓને ધ્યાનમાં લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

### 10.6.1 અછત યુક્ત અથવા અપૂરતા સાધનો

પ્રો. રોડાનના શક્તિશાળી પ્રયાસના સિદ્ધાંતમાં સૌથી મહત્ત્વની બાબત તરફ ધ્યાન દોરવાયું નથી આ બાબત અલ્પવિકસીત દેશોમાં સાધનોની અછત છે. શ્રમશક્તિ વિપુલ પ્રમાણમાં હોવા છતાં કાર્યકુશળ શ્રમ જીવીઓની ભારે ખેંચ હોય છે. કુદરતી સાધનોનો ઉપયોગ યોગ્ય કાર્યમાં થઈ શકે તેવી વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. પ્રસ્તુત સિદ્ધાંતમાં જણાવ્યા મુજબ મોટા પ્રમાણમાં રોકાણ કરવું એ અલ્પવિકસીત દેશના ગજા બહારની વાત છે.

### 10.6.2 વહીવટ અને અમલ અંગેની મુશ્કેલી

પ્રો. મીન્ટના જણાવ્યા મુજબ આયોજન મુજબ વિવિધ પ્રોજેક્ટો અમલમાં મુક્વા તેમજ તે પ્રોજેક્ટોની બાબતમાં વહીવટી માળખાંને માહિતગાર કરતા રહેવું એ અલ્પવિકસીત દેશોની સરકાર માટે ખુબ જ મુશ્કેલ બાબત છે. નબળા વહીવટી માળખાને કારણે યોજના ઘડવી અને તેનો અમલ કરવો મુશ્કેલ બની શકે. બધા વિભાગો એકબીજા પર આધારીત હોવાથી યોજનાનું પરિપૂર્ણતાનું કાર્ય ઘણું વિલંબરૂપ બને છે.

### 10.6.3 કૃષિક્ષેત્રની અવગણના

શક્તિશાળી પ્રયાસનો સિદ્ધાંત ઔદ્યોગિકરણ અંગેનો સિદ્ધાંત છે. તેમાં કૃષિક્ષેત્રનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જ્યાં સુધી કૃષિક્ષેત્ર પછાત છે ત્યાં સુધી વિકાસને વેગ આપી શકાતો નથી. હકીકતમાં અલ્પવિકસીત દેશમાં ખેતીક્ષેત્રમાં પ્રારંભિક શક્તિશાળી પ્રયાસના સિદ્ધાંતનો અમલ કરવાની જરૂર જણાય છે. ઔદ્યોગિક પ્રગતિની પૂર્વશરત ખેતી પ્રગતિ છે. ઔદ્યોગિકક્ષેત્રે કાચો માલ પૂરો પાડવાની જવાબદારી કૃષિ ક્ષેત્રની છે. ખેતીની અવગણના કરવાથી અનીતિ અછતની ગંભીર સમસ્યા ઊભી થવાનો ભય છે. મોટા પ્રમાણમાં મૂડીરોકાણની સાથે જે વિકાસ થાય છે તે અનીતિ પણ માંગમાં વધારો કરે છે. ખેતી વિકાસ આ સમસ્યાને શરૂઆતમાં જ હલ કરી દે છે.

### 10.6.4 ફુગાવા તરફ વલણોનો ભય

અલ્પવિકસીત દેશોમાં મોટા પ્રમાણમાં થયેલું મૂડીરોકાણ નાણાકિય વેતનની માંગમાં

વધારો કરે છે. પ્રથમ કૃષિક્ષેત્રની અવગણનાને પરિણામે અનીતિ સમસ્યા ઊભી થઈ મોટા પાયાના ઉદ્યોગો તરફ લક્ષને કારણે વપરાશી માલના ઉદ્યોગોનો પૂરતો વિકાસ થઈ શકે એમ નથી. પરીણામે માલના પુરવઠાનો અછતનો પ્રશ્ન ઊભો થાય છે. મોટા પ્રમાણમાં મૂડીરોકાણ ઘણા લાંબા સમય પછી ઉત્પાદનમાં ફાળો આપે છે. મૂડીરોકાણ વધવાથી માંગમાં વધારો થાય પરંતુ પુરવઠાની અછતને કારણે અસમતુલાની પરિસ્થિતિ ફુગાવા જમક વલણો સર્જે છે. ફુગાવાના વલણો વિકાસ માટે અવરોધક પરિબળ બને છે.

10.6.5 અવિભાજ્યતા પર વધુ પડતો ભાર

સેલ્સો ફુટોડોના જણાવ્યા અનુસાર પ્રો. રોડાને પોતાના સિદ્ધાંતમાં માંગ અને પુરવઠાના બંને તુલાને ધ્યાનમાં રાખી અવિભાજ્યતાને વધુ પડતું મહત્ત્વ આપ્યું છે સમાજમાં સુધારા અને પરિવર્તન આવશ્યક છે. અલ્પવિકસીત અર્થતંત્રમાં સ્થગિત સમાજમાં બાહ્ય કરકસરના મોટાપાયે લાભ મેળવવા અઘરા છે. સામાજીક - આર્થિક મૂડીરોકાણ ખર્ચનું વિસ્તરણ સમાજના પરિવર્તન સાથે જ સુસંગત બને છે. આ બાબતનો સ્વીકાર થવો એ મહત્ત્વની બાબત છે. જેનો અલ્પવિકસીત દેશમાં અભાવ જોવા મળે છે.

10.6.6 ટેકનોલોજી તરફ દુર્લક્ષ્ય

પ્રો. રોડાન પોતાના સિદ્ધાંતમાં મૂડી સર્જન તરફ અતિઉત્સાહ દર્શાવ્યો છે. તે ઉત્સાહમાં તેઓ વિકાસ માટે ટેક્નોલોજીની અગત્યતા વિસરી ગયા ચે માત્ર મૂડીનું પરિમાણાત્મક પ્રમાણ મહત્ત્વનું નથી, પરંતુ મૂડીસર્જન વખતે ઉત્પાદક ગુણવત્તામાં સુધારો મહત્ત્વનો છે. જે નવી ટેક્નોલોજી તેમ કરી શકે છે. વધુમાં વધુ નવી ટેક્નોલોજીની મોટા પાયા પર મૂડીરોકાણ કરવાની સંભાવના ઊભી થાય છે. ટેક્નોલોજી શ્રમની કાર્યકુશળતા અને ગુણવત્તામાં પણ વધારો થાય છે. ઐતિહાસિક દષ્ટિએ પણ એ જોવા મળ્યું છે કે ઉત્પાદક પ્રક્રિયામાં સીધા મૂડીસર્જનને બદલે ટેકનોલોજી પર વિકાસનો મોટો આધાર રહેલો જોવા મળ્યો છે.

10.6.7 ઐતિહાસિક સમર્થન મળતું નથી.

પ્રો. રોડાનના સિદ્ધાંતને કોઈપણ ઐતિહાસિક સમર્થનમળતું નથી. પ્રો. ફુટોડોના જણાવ્યા પ્રમાણે બોલિવિયામાં સામાજીક આર્થિક ક્ષેત્રે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવામાં આવ્યું હતું છતાં ત્યાં અર્થતંત્ર સ્થગિત અવસ્થામાં રહ્યું હતું અને માથાદીઠ આવક નીચી રહેલી હતી. વિકસીત દેશોનો છેલ્લી બે સદીનો ઈતિહાસ જોઈએ તો પણ ત્યાં આ સિદ્ધાંતને પૂરતું સમર્થન મળતું નથી.

10.6.8 મિશ્ર અર્થતંત્રમાં મુશ્કેલ

અલ્પવિકસીત દેશોમાં મોટા ભાગે મિશ્ર અર્થતંત્રની પરિસ્થિતિ જોવા મળી છે. ખાનગીક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર બંનેનું પ્રાધાન્ય જોવા મળે છે. આ ક્ષેત્રો હકિકતમાં એકબીજાના પૂરક તરીકે કામ કરે છે. અલ્પવિકસીત દેશોમાં તો તેઓની પૂરકતા એક હકીકત તરીકે આવશ્ય અંગે લેખાય છે. આ પૂરકતા જ આ સિદ્ધાંતના અમલ માટે મોટામાં મોટો અવરોધ છે. પ્રો. મિન્ટના જણાવ્યા પ્રમાણે આ સિદ્ધાંતની વ્યૂહરચનાને લીધે જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર

વચ્ચે ઠંડું યુદ્ધ જોવા મળે છે. સરકાર જાહેર ક્ષેત્રના આયોજનને ખાનગી ક્ષેત્રથી ખાનગી રાખવા માગે છે સરકારને ખાનગી ક્ષેત્રના સટ્ટાકિય વલણનો ભય રહે છે. ખાનગી ક્ષેત્રે પણ સામાન્ય આર્થિક પદ્ધતિ તેમજ સરકારની ભાવનીતિઓ તથા પગલાં વિશે સતત અનિશ્ચિતતાની પરિસ્થિતિ જોવા મળે છે. જે મૂડીરોકાણની વ્યૂહરચનાને વેરવિખેર કરે છે. આમ મોટા પ્રમાણમાં મૂડીરોકાણને મિશ્ર અર્થતંત્રમાં અવરોધોનો સામનો કરવો પડે છે.

10.6.9 નાના પાયા પરનું મૂડીરોકાણ ઉપયોગી

કેટલીકવાર નાના પાયા પરનું મૂડીરોકાણ વધુ ઉત્પાદક અને આવશ્યક છે. ક્યારેક નાના પાયાનું મૂડીરોકાણ વિકાસને વેગ આપવામાં નોંધપાત્ર ફાળો આપે છે. આવા સંજોગોમાં સામાજીક આર્થિક મૂડીરોકાણ વેડફાતું જોવા મળે છે. અલ્પવિકસીત દેશોમાં મૂડી અને ટેક્નોલોજીની સમસ્યા હોય ત્યારે નાના પાયા પરનું મૂડીરોકાણ ખૂબ જ મહત્ત્વનું નિવડે છે.

ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં એક બાબત સ્પષ્ટ છે કે અલ્પવિકસીત દેશોમાં સ્થગિત અર્થતંત્રને તોડવા માટે મોટા પાયા પર મૂડીરોકાણ કરવું એ આવશ્યક છે. તે નિર્વિવાદ છે.

## 10.7 ન્યૂનતમ આવશ્યક પ્રયાસનો સિદ્ધાંત


પ્રો. લેબેસ્ટાઈનનો નાના ધક્કાનો ખ્યાલ પ્રો. રોડાનના પ્રારંભિક શક્તિશાળી પ્રયાસને મળતો આવે છે. સ્થગિત અર્થતંત્રવાળા અલ્પવિકસીત દેશોમાં કેટલા પ્રમાણમાં મોટા પાયા પર મૂડીરોકાણ હોવું જોઈએ તે પ્રો. લેબેસ્ટાઈનના સિદ્ધાંતમાં જોવા મળે છે. નાના ધક્કાના સિદ્ધાંતને લઘુતમ આવશ્યક પ્રયાસના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સિદ્ધાંતમાં વૈજ્ઞાનિક વિશ્લેષણ દ્વારા, ઓછામાં ઓછું કેટલું મૂડીરોકાણ કરીએ તો અર્થતંત્ર સ્વયં પ્રેરીત વિકાસના તબક્કામાં પ્રવેશ કરશે તે સમજાવવામાં આવ્યું છે. લેબેસ્ટાઈને અલ્પવિકસીત દેશના મહત્ત્વના પ્રશ્ન વસ્તી અને વિકાસને ધ્યાનમાં રાખીને પોતાનું વિશ્લેષણ સમજાવાનો પ્રયત્ન કરેલ છે. આવશ્યક ન્યૂનતમ પ્રયાસ એવું સૂચન કરે છે કે જો આવશ્યક ન્યૂનતમ પ્રયાસ બિંદુ જેટલા પ્રમાણમાં મૂડીરોકાણ કરવાનું સૂચન અલ્પવિકસીત દેશને ગરીબીના વિષયક્રમાંથી બહાર લાવી શકે છે.

## 10.8 આવશ્યક ન્યૂનતમ પ્રયાસ / નાના ધક્કાના સિદ્ધાંતની સમજૂતી

લેબેસ્ટાઈનના મત પ્રમાણે દરેક અર્થ વ્યવસ્થામાં 'ધક્કો' તથા 'ઉત્તેજક ઘટક' હોય છે. ''ધક્કા''ને કારણે અર્થ તંત્રમાં અસમતુલાની પરીસ્થીતિ ઊભી થાય છે. ત્યારે માથાદીઠ આવક નીચી જાય છે. આ સમયે ઉત્તેજક ઘટક લાભદાયી પરિસ્થિતી સર્જે છે. તે માથાદીઠ આવકમાં વધારો લાવે છે. જ્યારે અર્થતંત્રમાં ધક્કાની તુલનાએ ઉત્તેજક ઘટક મળવું હોય ત્યારે પ્રયત્નનું પૂર્ણ પરિણામ પ્રાપ્ત ન થતાં અલ્પવિકસીત અર્થતંત્ર વિકાસ કરી શકતું નથી. આવકમાં ઘટાડો થવાનું કારણ વસ્તી છે અને આવકમાં વધારો કરવા માટે મૂડીરોકાણ ઉપયોગ થાય છે. જ્યાં સુધી અર્થતંત્રમાં આવક ઘટાડનાર પરિબળ વધુ મજબૂત રહેત્યાં સુધી ગમે તેટલું મૂડીરોકાણ કરવામાં આવે તો પણ સ્થાયી વિકાસની પરિસ્થિતિ સર્જાતી નથી. આમ આવક સર્જનારું પરિબળ એટલે કે મૂડીરોકાણ એટલું શક્તિશાળી હોવું જોઈએ જેની તે આવક ઘટાડનારા ન્યૂનતમ પ્રયાસ એટલો હોવા જોઈએ કે જ્યાં 'ધક્કા ઘટક' અને 'ઉત્તેજક ઘટક' સમાન શક્તિશાળી રહે. જો 'ઉત્તેજક ઘટક' વધુ શક્તિશાળી બને તો સ્વયંપ્રેરિત સ્થિર વિકાસની સંભાવના રહે છે.


## 10.9 માથાદીઠ આવક અને વસ્તીવૃદ્ધિ વચ્ચેનો સંબંધ

પ્રો. લેબેસ્ટાઈન જણાવે છે કે, આર્થિક વિકાસના તમામ સ્તર પર વસ્તી વૃદ્ધિ અને વિકાસ વચ્ચે ચોક્કસ સંબંધ રહેલો છે. આ બાબતને નીચેની આકૃતિ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.




ઉપરોક્ત આકૃતિમાં I વક્ર માથાદીઠ આવક બતાવે છ. જે વસ્તીવૃદ્ધિ અને રાષ્ટ્રીય આવકની સમતુલા બતાવે છે. N વક્ર માથાદીઠ આવકની વિવિધ સપાટીએ વસ્તી વૃદ્ધિ બતાવે છે. A બિંદુએ જીવન નિર્વાહ સપાટીએ સમતુલા છે. ત્યાં વસ્તી અને આવક વધવાની કોઈ સમસ્યા નથી. Y બિંદુએ માથાદીઠ આવક વધે ત્યારે આવક વૃદ્ધિ અને વસ્તી વૃદ્ધિનું પ્રમાણ સમાન રહે છે. $OY_1 = Y_1C$ જેવા મળે છે. A બિંદુએ જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોય છે. અને માથાદીઠ આવકની સપાટી નીચી રહે છે. માથાદીઠ આવક જીવન નિર્વાહ સ્તર ઊંચી જશે ત્યારે શરૂઆતમાં મૃત્યુદરમાં ઘટાડો થશે અને જન્મદર તેટલોજ સ્થિર રહે છે. $Y_2$ બિંદુએ માથાદીઠ આવકે, આવકની વૃદ્ધિ કરતા વસ્તી વૃદ્ધિ વધારે હશે. $Y_2D > Y_2B$ સ્થિતી જોવા મળે છે. અહીં એવી સમસ્યા ઊભી થાય છે કે રાષ્ટ્રીય આવકમાં વધારો કેવી રીતે લાવવો કે જેની માથાદીઠ આવક વૃદ્ધિ ઓછામાં ઓછી વસ્તી વૃદ્ધિ મેટલી રહે આકૃતિમાં F બિંદુ પછી વસ્તી વૃદ્ધિનો દર ઘટવાની શરૂઆત થાય છે. $Y_3$ માથાદીઠ આવકની સપાટી મેળવી શકાય તો વસ્તીવૃદ્ધિને આંબી શકાય E બિંદુએ જોવા મળતી વસ્તી વૃદ્ધિ (3%) છે જે મહત્તમ શક્ય હોય તે સપાટી છે. આથી $Y_3$ જેટલો માથાદીઠ આવકની વૃદ્ધિનો દર પ્રાપ્ત થાય તો જ ઈચ્છિત વિકાસ મેળવી શકાય માટે તે માથાદીઠ આવકની વૃદ્ધિના દર ને આવશ્યક ન્યૂનતમ પ્રયાસ કહી શકાય અને આ માટે જેટલું મૂડીરોકાણ જરૂરી છે તે ઓછામાં ઓછું (ન્યૂનતમ) થયેલું હોય છે.

પ્રસ્તુત ખ્યાલને સમજવા નીચેની બીજી આકૃતિ વધુ મદદરૂપ નીવડી શકે છે.





ઉપરોક્ત આકૃતિમાં વસ્તી, મૂડીરોકાણ અને માથાદીઠ આવક વચ્ચેનો સંબંધ દર્શાવે છે. જે અલ્પવિકસીત દેશના ગ્રામીણ ક્ષેત્રને લક્ષમાં રાખીને આપવામાં આવી છે Y અક્ષપર માથાદીઠ આવક અને X- અક્ષપર વસ્તી નું પ્રમાણ દર્શાવવામાં આવેલ છે. X=Z માથાદીઠ આવકનું એવું પ્રમાણ છે કે જ્યાં વસ્તી વૃદ્ધિકે મૂડીસંચય હોતું નથી.

આકૃતિમાં $r_1$, $r_2$, $r_3$ ઉત્પાદનના સાધનોના જુદા જુદા પ્રમાણે સરેરાશ ઉત્પાદન, આવક અને વસ્તી સાથેનો સંબંધ બતાવે છે. $P_1$ વસ્તીએ માથાદીઠ આવક $O_1 = P_1E_1$ છે. હવે મૂડીપ્રધાન ઉદ્યોગોમાં મૂડીરોકાણ કરવામાં આવે છે. આથી ગ્રામીણ ક્ષેત્રની ઘણી ખરી વસ્તી તેમાં જોડાશે રસ્તાની સ્થિતિ સુધરશે જેની ગ્રામીણ વિસ્તારમાં ઉત્પાદનના સાધનોમાં વધારો થવો શક્ય બનશે. પરિણામે માથાદીઠ આવક આવકનો વધારો થવાની શરૂઆત થશે. જે સરેરાશ ઉત્પાદન શક્તિના વક્ર $r_2$ ને જમણી બાજુ ખસેડશે માથાદીઠ આવકમાં વધારો થતાં વસ્તીમાં પણ વધારો થશે. આ તબક્કે કેટલુંક નવું મૂડીરોકાણ થશે. આથી સરેરાશ ઉત્પાદન શક્તિનો વક્ર $r_3$ ફરીથી જમણી તરફ ખસે છે. વસ્તીમાં જેમ જેમ વધારો થશે તેમ તેમ માથાદીઠ આવક $r$ વક્ર પર નીચે તરફ જાય છે. આ રીતે ઉત્તરોત્તર મૂડીરોકાણ થતું જશે તેમ વસ્તીવૃદ્ધિ થતી રહેશે. જેની માથાદીઠ આવકમાં ઘટાડો થતો જોવા મળશે. આ પરિસ્થિતિમાં શ્રમ વક્ર જ્યારે શૂન્ય વસ્તી વૃદ્ધિ રેખા X = Z ને કાપશે ત્યાં અટકશે, પરંતુ શરૂઆતમાં જોરદાર પ્રયત્નો કરીને મૂડીરોકાણનું પ્રમાણ ઓછામાં ઓછું એટલે તો રાખવું જોઈએ કે જેથી માથાદીઠ આવકનો વધારો E, $B_2$ રેખા પર આવે. તેમાં મૂડીરોકાણ વૃદ્ધિનો દર વસ્તી વૃદ્ધિના દર કરતાં વધી જાય છે અને માથાદીઠ આવકમાં સતત વધારો થતો જાય છે. મૂડીરોકાણ આવશ્યક ન્યૂનતમ પ્રયાસ (નાના ધક્કા) કરતાં ઓછું થાય તો માથાદીઠ આવકમાં ઘટાડો થાય જ્યારે વધારે થાય તે માથાદીઠ આવકમાં વદારો થતો રહે છે.

## 10.10 આવશ્યક લઘુત્તમ પ્રયાસનું વિશ્લેષણ

પ્રો. લેબેસ્ટાઈનના મતે લઘુતમ આવશ્યક પ્રયાસની સમજૂતી નીચેની આકૃતિ દ્વારા આપવાનો પ્રયાસ કરે છે.




ઉપરની આકૃતિમાં Xg Xg એ આવક સર્જનાર પરિબળની રજૂઆત કરે છે. જ્યારે Zg Zg એ આવક ઘટાડનાર પરિબળ દર્શાવે છે. 45° પર દોરેલી રેખા પર આવકનો વધારો અને આવકનો ઘટાડો માપી શકાય છે.

45° રેખા આવક વૃદ્ધિ અને આવક ઘટાડો સરખા થાય તે બિંદુઓ બતાવે છે. શરૂઆતમાં Om આવકની સપાટી હોય ત્યારે આવક વૃદ્ધિ NA થશે. આ જ વખતે આવક ઘટાડનારા પરિબળો આવકને ઘટાડશે. આવક વધારાના પરિબળો થી જે આવક વધી હતી તેનાથી પણ નીચે આવક ઘટીને જશે. 45° રેખથી ઊભા અંતરે Zg વક્ર જેટલો નીચો છે. તેને આધારે આવકનો થયેલો ઘટાડો મળી શકાય છે. આકૃતિમાં FB આવક ઘટાડો નોંધાશે. Xg Xg અને Zg Zg ને ધ્યાનમાં રાખીને તપાસીએ તો શરૂઆતની આવક વૃદ્ધિ OM ને કારણે આવક abcd સર્જાશે. આવક ઉત્તરોત્તર ઘટતાં છેવટે B બિંદુએ સમતુલા મેળવશે, પરંતુ જો OK જેટલો શરૂઆતમાં આવક વૃદ્ધિ કરવામાં આવે તો આવક વૃદ્ધિમા ઉત્તરોત્તર વધારો થસે. તે આકૃતિમાં G બિંદુએ બતાવ્યું છે. આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે કે જો મૂડીરોકાણ વધારા દ્વારા આવક વૃદ્ધિ કરવામાં આવે તો આવક વૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થશે. તે આકૃતિમાં G બિંદુએ બતાવ્યું છે. આકૃતિ પરથી સ્પષ્ટ થાય છે. કે જો મૂડીરોકાણ વધારા દ્વારા આવક વૃદ્ધિ OE અને OK બિંદુએ આવી જશે, પરંતુ શરૂઆતનો પ્રયાસ OK આવક વૃદ્ધિ કરનારો હશે તો સ્વયંપ્રેરિત વિકાસની સ્થિતિ મેળવી શકાશે. આથી OK લઘુત્તમ આવશ્યક પ્રયાસ બતાવે છે.

પ્રો.લેબેસ્ટાઈમ સ્પષ્ટ કરે છે કે અલ્પવિકસીત દેશોમાં ગરીબીનું વિષચક્ર તોડવા એકી સાથે આવશ્યક ન્યૂનતમ જેટલું મૂડીરોકાણ કરી નાખવું જરૂરી નથી. શરૂઆતમાં મૂડીરોકાણની માત્રા એટલી હોવી જોઈએ કે તેના પરિણામે સ્વયંપ્રેરિત વિકાસ સિદ્ધ થઈ શકે.

## 10.11 લઘુત્તમ આવશ્યક પ્રયાસના નિર્ણાયકો

પ્રો. લેબેસ્ટાઈનના મતે લઘુત્તમ આવશ્યક પ્રયાસની જરૂરીયાત પર અસર કરતા પરીબળો નીચે મુજબ છે.

10.11.1 ઉત્પાદનના સાધનોની અવિભાજ્યતાના આંતરીક ગેરલાભો.

ઉત્પાદનના સાધનો અવિભાજ્ય હોવાને કારણે સાધનનું એકમ મોટું હોવા છતાં તેના માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરી ઉપયોગમાં લેવું પડે છે. જેની ઓછામાં ઓછું આટલું મૂડીરોકાણ જરૂરી બને છે. દેશમાં ઔદ્યોગિકરણનો પાયો મજબૂત બતાવવા મોટા ચાવીરૂપ ઉદ્યોગોની જરૂરિયાત ઊભી થાય છે. ત્યાં અવિભાજ્ય ઉત્પાદનના સાધનો મોટા પ્રમાણમાં રોકવાની જરૂરીયાત હોય છે.

10.11.2 પ્રેરિત અને સ્વયંસ્ફૂરિત સંકુચન પરિબળોને અંકુશમાં લેવા

અલ્પવિકસીત દેશોમાં ઘણીવાર આવક ઘટાડાના પરિબળો વધારે અસરકારક બને છે. ત્યારે અર્થતંત્રમાં સંકુચનની પરિસ્થીતિ અસ્તિત્વમાં આવે તો આ પરિસ્થિતી ને રોકવા અમુક સપાટીથી ઉપરની સપાટીએ મૂડીરોકાણ કરવું જરૂરી બને છે. ઝડપી વસ્તી વૃદ્ધિને પહોંચી વળવા ખેતીક્ષેત્ર તથા ઉદ્યોગ ક્ષેત્રે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવાની આવશ્યકતા ઊભી થાય છે.

10.11.3 બાહ્ય કરકસરના લાભ, પરસ્પર પરાવલંબન અને સમતુલીત વિકાસ

લેબેસ્ટાઈનના મતે ઉદ્યોગો પરસ્પર પૂરક હોવાથી બાહ્ય કરકસરના લાભો મળે છે. એક ઉદ્યોગનું અસ્તિત્વ હોય ત્યારે અન્ય ઉદ્યોગો કે જેના પર આ ઉદ્યોગોનો આધાર છે, તેઓનું હોવું જરૂરી છે. આથી આ બધા ઉદ્યોગો માટે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. આમ ઉદ્યોગોના વિકાસ માટે પૂરક ઉદ્યોગો પણ જરૂરી બને છે. આથી સમતુલિત વિકાસ સિદ્ધ કરવા પ્રારંભિક મૂડીરોકાણનું પ્રમાણ મોટું હોવું જરૂરી છે.

10.11.4 બિનઆર્થિક બાબતો અને વિકાસની ગતિ

લેબેસ્ટાઈનના મતે જૂની પ્રણાલી અને રૂઢીચુસ્ત વિચારસરણીને તિલાંજલી આપી નવી મનોવૃત્તિ કેળવવા તથા તે માટે આવશ્યક સંસ્થાકીય વિકાસ કરવા સારા એવા મોટા પ્રમાણમાં મૂડીરોકાણની આવશ્યકતા રહે છે. ઔદ્યોગિક કામદારોની આવડત, વૈજ્ઞાનિક તથા ટેક્નિકલ પ્રગતિ વધારતી પ્રવૃત્તિ, નફો મેળવવાની વૃત્તિ, વધુ જોખમ ઉઠાવવાની તૈયારી દ્વારા વિકાસની ગતિ યોગ્ય દરે જાળવી શકાય છે.

10.11.5 લઘુત્તમ પ્રયાસનું કદ

વસ્તી વૃદ્ધિ અને આયુષ્ય મર્યાદાને ધ્યાનમાં રાખીને ઈચ્છિત વિકાસ દર સિદ્ધ કરવા અમુક પ્રમાણમાં મૂડીરોકાણ કરવાની આવશ્યકતા રહે છે. લેબેસ્ટાઈન જણાવે છે કે ઘણા અલ્પવિકસીત દેશોમાં આરોગ્ય અને મેડીકલ સુવિધામાં વધારો થવાથી વસ્તી વૃદ્ધિ દર ઝડપી બને ત્યારે મૂડીરોકાણનું પ્રમાણ વધારવું પડે છે. તેના માટે સીમાંત મૂડી ઉત્પાદન ગુણોતર ધ્યાનમાં લેવો પડે છે.

## 10.12 આવશ્યક ન્યૂનતમ પ્રયાસ સામેના અવરોધો

(a) વધુ ઈજારાશાહી પ્રાપ્ત કરવાની ઈચ્છા

અલ્પવિકસીત દેશોમાં જોખમ ઉઠાવનારા સાહસિકોનો એકંદરે અભાવ હોવાથી ઈજારાશાહી ઉત્પન્ન થાય છે ઈજારાશાહીને પરિણામે મૂડીરોકાણનો યોગ્ય દિશામાં ઉપયોગ થઈ શકતો નથી અને વિકાસની પ્રક્રિયામાં અવરોધો ઊભા થાય છે.

(b) રાજકીય સત્તા અને સામાજીક પ્રતિષ્ઠા મેળવવાની લાલસા

અલ્પવિકસીત દેશમાં આયોજન પ્રક્રિયા દરમ્યાન વિકાસના માર્ગને અનેક યોજનાઓમાં વહેંચી દે છે. આવી યોજનાના અમલમાં રાજકીય સમા અડચણરૂપ બની રહે છે. સામાજીક પ્રતિષ્ઠા અને સત્તાના લાલચે યોગ્ય દિશામાં વિકાસ કાર્યો થઈ શકતા નથી. પરિણામે મૂડીરોકાણ ઘણી વાર નિષ્ફળ જાય છે.

(c) સટ્ટાકીય પ્રવૃત્તિઓ

સામાન્ય રીતે પ્રેરિત મૂડીરોકાણ બજારમાં પ્રવર્તતી માંગપર આધાર રાખે છે. અલ્પવિકસીત દેશોમાં બજાર સીમિત હોય છે. તથા સટ્ટાકીય પ્રવૃત્તિઓનું પ્રમાણ વધું જોવા મળે છે. આવી અપૂર્ણતાઓ મૂડીરોકાણ માટે આવશ્યક ગમે ઊભાં કરવા સામે અવરોધ રૂપ બને છે.

(d) સંગઠીત અને અસંગઠીત વર્ગ તરફથી પરિવર્તન સામે હાથ ધરાતી રૂઢીચુસ્ત પ્રવૃત્તિઓ

અલ્પવિકસીત દેશોમાં સંગઠીત કરતા અસંગઠન વર્ગ વિશાળ પાયા પર રહેલો હોય છે. જે મોટા ભાગે રૂઢીચુસ્ત વિચારધારા ધરાવે છે. જેના લીધે અર્થતંત્રમાં આવતા પરિવર્તન રૂઢીચુસ્તતાને કારણે ઝડપથી સ્વીકારી શકતા નથી. આથી આવક સર્જનને પૂરતો વેગ આપી શકાતો નથી.

(e) નવા વિચારો અને નવા જ્ઞાન સામેતો વિરોધ

અલ્પવિકસીત દેશોમાં જૂના વિચારો અને અકાર્યક્ષમ ઉત્પાદન પદ્ધતિનું પ્રભુત્ત્વ જોવા મળે છે. જે નવાજ્ઞાનનો વિરોધ કરે છે. જૂની વિચારસરણી ઝડપથી પરિવર્તન સ્વીકારવાનો ઈન્કાર કરતી હોવાની આવક સર્જનમાં અવરોધ ઊભો થાય છે.

(f) જાહેર ક્ષેત્રમાં બિન-ઉત્પાદક ખર્ચમાં ઘટાડો

મૂડીરોકાણ માટે મોટા પ્રમાણમાં ઉત્પાદનના સાધનોની જરૂર પડે છે. અલ્પ વિકસીત રાષ્ટ્રોમાં બિનઉત્પાદક વપરાશ ખર્ચમાં વધારો થવાંથી મૂડી સંયમ માટે જરૂરી મૂડીનો અભાવ સર્જાય છે. જે વિકાસ માટે અવરોધક બને છે.

(g) અતિવસ્તી અને વસ્તી વૃદ્ધિનો ઊંચો દર

આવક વૃદ્ધિ અને વસ્તી વૃદ્ધિ વચ્ચે સંબંધ રહેલો છે. અલ્પવિકસીત દેશોમાં વસ્તી વૃદ્ધિ જાહેર ઊંચો હોય છે. જેના પરિણામે વધતી આવક વધારાની વસ્તીને પહોંચી વળવામાં નિષ્ફળ જાય છે. આમ વસ્તી વૃદ્ધિને ઊંચોદર આવક વૃદ્ધિની અસરને ઢાંકી દે છે. અતિવસ્તીને કારણે નાના પાયાનું રોકાણ આવક સર્જનને પ્રોત્સાહન આપવામાં નિષ્ફળ

જતું હોય છે.

(h) શ્રમિક દીઠ ઉપલબ્દ મૂડીની માત્રામાં ઘટાડો

અલ્પવિકસીત રાષ્ટ્રોમાં અતિવસ્તી જોવા મળે છે. જેને પરિણામે મૂડીરોકાણને અંતે કામદાર (શ્રમિક) દીઠ ઉપલબ્દ મૂડીની માત્રા ઘટતી જોવા મળે વસ્તી વૃદ્ધિનો દર પણ ઊંચો હોવાની મૂડીરોકામને અંતે શ્રમીક દિઠ ભાગે પડતી મૂડીનું પ્રમાણ નીચું જોવા મળે છે.

(i) ઊંચો મૂડી-ઉત્પાદન ગુણોત્તર દર

અલ્પવિકસીત દેશોમાં કાચો માલ કે અને ઉત્પાદન સામગ્રીની અછત જોવા મળે છે. અમુક સાથ જેવાકે ઊર્જા શક્તિ, ખનિજ, ધાતુઓ, ખેતીક્ષેત્રમાંથી પ્રાપ્ત થતો કાચો માલ વગેરેની અછત હોવાથી પૂરતા પ્રમાણમાં મૂડીરોકાણ થયું હોવા છતા તેટલું ઉત્પાદન પ્રાપ્ત થતું નથી પરિણામે મૂડી-ઉત્પાદન ગુણોત્તર સતત ઊંચો રહે છે.

(j) આવક ઘટાડનારા પરિબળોની પ્રધાનતા

અલ્પવિકસીત દેશોમાં આવક ઘટાડનારા પરિબળોની પ્રધાનતા જોવા મળે છે. વસ્તી વૃદ્ધિ, રૂઢીચુસ્તતા, વિચારશરણી, જૂના વિચારો, જૂની ઉત્પાદન પદ્ધતી બિનકાર્યક્ષમ ઉત્પાદન પ્રણાલિકા વગેરેનું પ્રમાણ વધુ જે મળે છે. જેની આવક સર્જન પર વિપરીત અસરો પડે છે.

(k) ઉત્પાદન સાધોની અછત

મૂડીરોકાણમાં વધારો કરવા વધુ ઉત્પાદન સાધનોની જરૂર પડે છે. અલ્પવિકસીત દેશોમાં ઉત્પાદન માટે જરૂરી સાધનો કાચો માલ, યંત્રો, ટેક્નોલોજીની અછત જોવા મળે છે. સાથે ખેતી ક્ષેત્રમાં ઉત્પાદનનું પ્રમાણ ઓછું હોવાની ત્યાંથી કાચો માલ ઓછો પ્રાપ્ત થાય છે. આમ, અલ્પવિકસીત દેશોમાં મૂડીરોકાણ સામે ઉત્પાદન સાધનોની અછત જોવા મળે છે.

(i) મૂડીની અછત

અલ્પવિકસીત દેશોમાં એકંદરે મૂડીનું પ્રમાણ ઓછું હોય છે. લોકોની નીચી આવક અને તેમાં પરીણામે નીચી બચતોનું પ્રમાણ મૂડીની અછત માટે જવાબદાર બને છે. વળી, અલ્પવિકસીત દેશોમાં ધીરાણ સંસ્થાઓનો અપૂરતો વિકાસ હોવાથી બચતોની ગતિશીલતા માટે સંસ્થાકીય સપલતો પૂરતા પ્રમાણ પ્રાપ્ત તતી નથી. આમ અહીં મૂડીની અછત સર્જાય છે. જે વિકાસમાં અવરોધરૂપ બને છે.

## 10.13 સિદ્ધાંની મર્યાદાઓ

મોટાભાગના અલ્પવિકસીત દેશો આ સિદ્ધાંત પ્રમાણેનું આયોજન અપનાવી રહ્યા છે. સિદ્ધાંતની વ્યવહારૂં ઉપયોગીતા હોવા છતાં તેમાં અમુક મર્યાદા રહેલી છે. તે નીચે મુજબ છે.

(a) વસ્તી વૃદ્ધિ અને આવક વચ્ચે કોઈ ચોક્કસ પ્રકારનો સંબંધ દરેક પરિસ્થિતિમાં જોવા મળતો નથી.

(b) અલ્પવિકસીત દેશોમાં વસ્તી નિયંત્રણમાં રાજ્યના ફાળાને ધ્યાનમાં લેવાયો નથી.

(c) સંસ્થાકીય અને ઉત્પાદનના માળખમાં પરિવર્તન માટે સમયનો ગાળો ધ્યાનમાં લેવાયો નથી.

(d) મોટા પ્રમાણમાં મૂડીરોકાણ માટે વિદેશી ઋણ લેવામાં આવે તો ચૂંકવણીનો પ્રશ્ન ઊભો થાય છે.

(e) આર્થિક વિકાસના માત્ર આંતરિક પરિબળોને જ ધ્યાનમાં લેવાયા છે. અન્ય બાહ્ય પરિબળો જેવાં કે વિદેશી મૂડી, વિદેશી યાંત્રિક સહાયતા, વિદેશી જાણકારી, બચતો, મૂડીરોકાણની વૃદ્ધિ વગેરે પરિબળોની અવગણના થયેલ છે.

(f) માથાદીઠ આવક અને વિકાસદર વચ્ચેના સંબંધમાં સરળતા જોવા મળતી નથી.

## 10.14 સમાપન

ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં એક બાબત સ્પષ્ટ થાય છે કે અલ્પવિકસીત દેશોમાં વિકાસની ગતિ આગળ ધપાવવા મોટા (જંગી) મૂડીરોકાણની જરૂરિયાત પર ભાર મુક્વો જોઈએ. લઘુતમ નિર્ણાયક પ્રયાસ એટલા પૂરતા પ્રમાણમાં હોવો જોઈએ, કે જેથી બચત, મૂડીરોકાણ અને માથાદીઠ આવકના પ્રમાણમાં વસ્તી વૃદ્ધિ સાથે સતત વધારો થાય. આ સિદ્ધાંત એ બાબત પર ભાર મૂકે છે કે અલ્પવિકસીત દેશો માટે આર્થિક વિકાસના ધીમા કાર્યક્રમો વિકાસની ગતિ આગળ ધપાવી શકે નહિ. ત્યાં સ્થગિત અર્થતંત્રને તોડવા મોટા પાયા પર મૂડીરોકાણ કરવું એ આવશ્યક બની રહે ચે.

## 10.15 સારાંશ

- આર્થિક વિકાસ માટે કેટલા પ્રમાણમાં મૂડીરોકાણ કરવું જરૂરી છે તે બાબતે જુદાજુદા અભિગમો પ્રવર્તે છે.
- મોટા ધક્કાનો સિદ્ધાંત અથવા બિગ પુશ થિયરી પ્રમાણે અર્થતંત્રના બધાં જ ક્ષેત્રોનો એક સાથે વિકાસ થાય તે માટે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ જરૂરી છે.
- મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવાથી અર્થતંત્રને મોટો ધક્કો લાગે છે. આ પ્રકારે મોટા પાયા પરનું મૂડીરોકાણ જરૂરી હોય છે કારણ કે અર્થતંત્રનાં જુદાંજુદાં ક્ષેત્રો એકબીજા સાથે જોડાયેલા હોય છે અને અવિભાજ્ય હોય છે.
- મોટા ધક્કાના સિદ્ધાંતમાં મૂડીરોકાણથી થતી પ્રસાર અસરો કે બાહ્ય અસરોને પણ ધ્યાનમાં લેવામાં આવી છે.
- લઘુત્તમ આવશ્યક પ્રયાસ કે મિનિમમ ક્રિટિકલ એફોર્ટનો સિદ્ધાંત સ્થગિત અર્થતંત્રને ગતિમાં લાવવા માટે જરૂરી ન્યૂનતમ મૂડીરોકાણને મહત્ત્વ આપે છે.
- ન્યૂનતમ એટલે ઓછામાં ઓછું એટલું મૂડીરોકાણ કે જેનાથી અર્થતંત્ર સ્વયંપ્રેરિત ગતિમાં આવે.
- ન્યૂનતમ આવશ્યક પ્રયાસના સિદ્ધાંતમાં અલ્પવિકસિત દેશોમાં થતા વસ્તી વધારાને પણ ધ્યાનમાં લેવામાં આવેલ છે. તથા વસ્તીવૃદ્ધિ અને વિકાસ વચ્ચેના સંબંધને દર્શાવવામાં આવેલો છે.

## 10.16 ચાવીરૂપ શબ્દો

**(1) સિમાંત મૂડી ઉત્પાદન ગુણોત્તર**

મૂડીરોકાણમાં થતો ફેરફાર અને આવકમાં થતાં ફેરફારના ગુણોત્તરને સિમાંત્તમૂડી ઉત્પાદન ગુણોત્તર કહેવાય.

$$\text{સુત્ર : સીમાંતમૂડી ઉત્પાદન ગુણોત્તર} = \frac{\Delta \text{ મૂડી રોકાણ}}{\Delta \text{ આવક}}$$

$\Delta$ એટલે ફેરફાર

**(2) મોટો ધક્કો (પ્રારંભિક શક્તિશાળી પ્રયાસ)**

શરૂઆતમાં આર્થિક વિકાસને ગતિશીલ બનાવવા જરૂરી મોટા મૂડીરોકાણનું પ્રમાણ.

**(3) આવશ્યક ન્યૂનતમ પ્રયાસ (નાનો ધક્કો)**

અલ્પવિકસીત અર્થતંત્રને વિકાસની ગતિમાં આગળ ધપાવવા જરૂરી ન્યૂનતમ મૂડીરોકાણ.

## 10.17 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલા બહુ વિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો.**

(1) મોટા ધક્કાના સિદ્ધાંતમાં મૂડીરોકાણમાં પ્રો. રોડાન કયા કરકસરના લાભ તરફ અંગૂલી નિર્દેશ કરે છે ?

(A) બાહ્ય (B) આંતરીક

(C) એકપણ નહિ (D) બંને (A) અને (B)

(2) પ્રો. રોડાનના પ્રારંભિક શક્તિ શાળી પ્રયાસના ખ્યાલમાં ક્યો ખ્યાલ મધ્યવર્તી છે ?

(A) માંગ અને પુરવઠા (B) ઉત્પાદન અને આવક

(C) અવિભાજ્યતા (D) બધા જ

(3) નાના ધક્કાના સિદ્ધાંતમાં વસ્તી વૃદ્ધિ સાથે વિકાસ સિધ્ધ કરવા કઈ બાબત ધ્યાને લેવી જરૂરી છે ?

(A) સીમાંત મૂડી ઉત્પાદન (B) સરેરાશમૂડી

(C) કુલ મૂડી ઉત્પાદન (D) ઉપરોક્ત બધા

(4) માથાદીઠ આવક અને વસ્તી વૃદ્ધિ કેવો સંબંધ રહેલો છે ?

(A) વ્યસ્ત (B) સીધો

(C) શૂન્ય (D) કંઈ કહી શકાય નહિ

**(ખ) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.**

(1) મોટા ધક્કાનો સિદ્ધાંત સવિસ્તાર સમજાવો.

(2) ન્યૂનતમ આવશ્યક પ્રયાસ પર નોંધ લખો.

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો બહુ વિકલ્પીય પ્રશ્નોના જવાબ

  (1) બાહ્ય (2) અવિભાજ્યતા

  (3) સીમાંત મૂડી ઉત્પાદન (4) વ્યસ્ત

- સંદર્ભ સૂચિ


(1) કાલ્ડોર, એન. અને મિરલીસ, જે. એ., (1962) "એ ન્યૂ મોડેલ ઓફ ઈકોનોમિક ગ્રોથ, રિવ્યૂ ઓફ ઈકોનોમિક સ્ટડીસ.

(2) મીડ, જે.ઈ., (1961) એ નિઓ કલાસિકલ થિયરી ઓફ ઈકોનોમિક ગ્રોથ.

(3) ધોળકીયા, બ.હ., ધોળકીયા, ર.હ. (2002) આર્થિક વૃદ્ધિના મોડેલ, યુનિવર્સિસ ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ, ગુજરાત

(4) જોશી, એમ.બી., વૃદ્ધિ વિકાસનું અર્થશાસ્ત્ર

(5) Meade, J.F., (1961) ANeo - Classical theory of Economic Grodta.


⊙ ⊙ ⊙

એકમ 11

# આર્થિક વૃદ્ધિ અને વિકાસ હેરોડ - ડોમર સિદ્ધાંત

-: રૂપરેખા :-

11.0 ઉદ્દેશ

11.1 પ્રસ્તાવના

11.2 આર્થિક મોડેલના પ્રકારો

11.3 'હેરોડ' નુ આર્થિક વૃદ્ધિનું મોડેલ

11.4 'હેરોડ'ના મોડેલની ધારણાઓ

11.5 'હેરોડ'ના મોડલનું વિશ્લેષણ

11.6 ડોમરના મોડલનું વિશ્લેષણ

11.7 'હેરોડ' અને ડોમરના મોડેલની તુલના

11.8 'હેરોડ' અને ડોમરના મોડેલમાં તફાવત

11.9 'હેરોડ' - ડોમરના મોડેલની મર્યાદા

11.10 ઉપસંહાર

11.11 ચાવીરૂપ શબ્દો

- કેટલાક ઉપયોગી પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 11.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

⇨ દેશના અર્થતંત્રને સમજી શકશો

⇨ વૃદ્ધિદરને સમજી શકશો

⇨ મૂડીરોકાણ કઈ રીતે કરવુ તે સમજી શકશો

⇨ આર્થિક વૃદ્ધિ વિશે જાણી શકશો

⇨ અર્થતંત્રમાં ફુગાવો અને મંદિની પરિસ્થિતિના નિર્માણ વિશે જાણી શકશો

## 11.1 પ્રસ્તાવના

અર્થશાસ્ત્રમાં આર્થિક વૃદ્ધિ અને વિકાસના ક્ષેત્રે ઘણા લાંબાસમયથી કાર્ય થતું આવ્યું છે. આ સંદર્ભમાં ઘણું બધું સાહિત્ય ઉપલબ્ધ છે જો કે કેઈન્સ પહેલાના અને કેઈન્સ પછીના અર્થશાસ્ત્રીઓના આર્થિક મોડેલ પ્રમાણમાં સરળ હતા, પરંતુ તેની ગુણવતા ઓછી હતી તેમાં ગાણિતિક પદ્ધતિઓનો ખૂબ જ નજીવો ઉપયોગ થતો હતો. જ્યારે કેઈન્સ પછીના અર્થશાસ્ત્રીઓ એ આર્થિક વૃદ્ધિ અને વિકાસના રજૂ કરેલા મોડેલમાં ગણિતનો છૂટ થી ઉપયોગ કરાયો છે.

આથી તેના દ્વારા આપવા માં આવેલ મોડેલ ની ચોક્કસાઈનું પ્રમાણ વધુ છે પરંતુ તે સમજવા ઘણા કઠીન છે.

કેઈન્સ પહેલાના આર્થિક મોડેલમાં મુખ્યત્ત્વે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો વૃદ્ધિનો સિદ્ધાંત, માર્કસનો મૂડીવાદી વિકાસનો સિદ્ધાંત અને શુમ્પીટરનો આર્થિક વિકાસનો સિદ્ધાંત મૂખ્ય છે. જ્યારે કેઈન્સ પછીના મોડેલોમાં હેરડ - ડોમરનું મોડેલ, નવપ્રશિષ્ટ મોડેલ, કાલ્ડોર નુ મોડેલ, ટ્રેકનિકલ પ્રગતિ અને પરિવર્તનો સાથેનું મોડેલ મૂખ્ય છે. નોંધપાત્ર બાબત એ છે કે કેઈન્સ સુધીના મોડેલ સ્થૈતિક સ્વરૂપના હતા. પરંતુ કેઈન્સના સમગ્રલક્ષી આર્થિક પૃથક્કરણના માળખા ને આર્થિક ગતિશીલતાના ક્ષેત્રમાં વિસ્તારવાના પ્રયાસોની શરૂઆત હેરડ - ડોમરના મોડલથી થાય છે.

## 11.2 આર્થિક મોડેલ ના પ્રકારો

આર્થિક મોડેલના મુખ્ય બે પ્રકાર છે.

(1) સ્થૈતિક મોડલ

(2) ગતિશીલ મોડલ

(1) સ્થૈતિક મોડલ

સામાન્ય પરિભાષા માં સ્થગિતતા ફેરફાર વગરની પરિસ્થિતિ છે. અર્થતંત્રમાં આર્થિક ક્રિયાઓ અવિરત થતી હોય છે. પરંતુ સ્થૈતિક મોડલમાં એવી ધારણા કરાય છે. કે આવા નિરંતર પ્રવાહનું કદ અથવા પરિણામ સ્થિર રહે છે. સ્થૈતિક મોડેલમાં આપેલા સમયગાળામાં ચલરાશિઓના સ્તર સ્થિર અથવા અચલ રહે છે દા.ત. આપેલા સમયગાળામાં આવક, ઉત્પાદન વપરાશ, મૂડીરોકાણ વગેરેનું પ્રમાણ સ્થિર ધારી લેવામાં આવે છે.

(2) ગતિશીલ મોડેલ

સામાન્ય સંજોગોમાં ગતિશીલતા અર્થતંત્રમાં થતાં ફેરફારોનો અભ્યાસ દર્શાવે છે. ગતિશીલ મોડેલના પાયામાં જ સ્વીકારવામાં આવ્યું છે કે ચલશશીઓના ચલનમાં ફેરફાર સમય સાથે થાય છે. એટલે કે ગતિશીલતામાં ઉદ્‌ભવતા પ્રશ્નો ચલરાશિઓના સ્તરની સ્થિરતાને લગતા નહી, પણ ચલરાશિઓમાં થતાં ફેરફારના દરને લગતા હોય છે.

ટૂંકમાં સ્થૈતિક મોડેલમાં આપણને આવકના સ્તરના (પ્રમાણ) માં રસ હોય છે. જ્યારે ગતિશીલ મોડેલમાં આવકમાં કેટલા પ્રમાણમાં ફેરફાર થયો છે તે બાબતે રસ હોય છે. સ્થૈતિક મોડેલમાં લાંબાગાળાની સમતુલાની વિભાવના એવું સ્વીકારે છે કે ચલરાશીઓના સ્તરોમાં આંતરિક રીતે કોઈ ફેરફાર થવાનું વલણ નથી. જ્યારે ગતિશીલ મોડેલમાં અર્થતંત્રની પાયાની માહિતી સ્વયંપ્રેરિત ફેરફારો થવાનું વલણ ધરાવે છે તેવી માન્યતા છે.

## 11.3 હેરડનુ આર્થિક વૃદ્ધિ અંગેનુ મોડલ

કેઈન્સનું સમગ્રલક્ષી વિશ્લેષણ ટુંકાગાળાના સંદર્ભમાં અને સ્થૈતિક હતું, આર્થિક વૃદ્ધિની સમસ્યા ઉકેલવા સમગ્રલક્ષી વિશ્લેષણ લાંબાગાળા સંદર્ભમાં અને ગતિશીલ આર્થિક ક્ષેત્રમાં વિસ્તારવું જરૂરી છે કેઈન્સ કહેતા કે ‘‘લાંબાગાળે તો આપણે બધા મૃત્યુ પામવાના છીએ.’’ આથી તેમના મોડેલ લાંબાગાળાના સંદર્ભમાં ન હોવાથી વૃદ્ધિ માટેના મોડેલમાં ઉપયોગી નથી. આ દિશામાં સૌપ્રથમ પ્રયાસ આર. એક હેરોડ અને ડોમર નામના અર્થશાસ્ત્રીઓ દ્વારા થયો.

બંને અર્થશાસ્ત્રીઓ અલગ - અલગ દેશમાં વૃદ્ધિના મોડલ આપેલા છે. પરંતુ બંને મોડેલમાં એટલી બધી સામ્યતા છે કે તેમનું નામ વૃદ્ધિના મોડેલ માટે સાથે લેવામાં આવે છે. તેને H-O મોડેલ પણ કહે છે. હેરોડ - ડોમરનું આર્થિક વૃદ્ધિનુ મોડેલ વિકસિત દેશોના અનુભવ ઉપર આધારિત છે વિકસિત દેશોમાં સ્થિર દરે આર્થિક વિકાસ કઈ રીતે જાળવી શકાય તેની ઉપર પ્રકાશ ફેકવા પ્રાથમિક ધોરણે પ્રયાસ થતો હોય છે. જો કે ત્યારબાદ વિકસતા દેશોએ પણ તેમની લાંબાગાળાની આર્થિક વિકાસની વ્યૂહરચના ઘડવામાં હેરોડ-ડોમરના ગાણિતિક મોડેલનો ઉપયોગ કર્યો છે. ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના હેરડ-ડોમર મોડેલ પર આધારિત હતી.

હેરોડ અને ડોમરનો મુખ્ય ધ્યેય અવરોધ વગર અને સરળતાથી અર્થતંત્ર કામ કરી શકે તે માટે ક્યો વૃદ્ધિનો દર હોવો જોઈએ તે શોધવાનો છે. આર્થિક વિકાસ માટે મૂડીરોકાણ પાયાની ભૂમિકા ભજવે છે. તેમના મતે મૂડીરોકાણ માટે ખર્ચ થતાં બે અસરો ઉદ્‌ભવી શકે છે (1) આવક ઉત્પન્ન થાય છે જેની માંગ વિષયક અસરો ઉદ્‌ભવે છે. (2) ઉત્પાદન શક્તિનો સંચય થાય છે જેની પુરવઠા વિષયક અસરો ઉદ્‌ભવે છે. કેઈન્સના વિશ્લેષણ પ્રમાણે ટૂંકાગાળામાં પૂર્ણ રોજગારી દાયક ઉત્પાદન આપેલા સ્તરે સ્થિર રહે છે તેવી ધારણા કરાઈ હોવાથી મૂડીરોકાણથી ઉત્પાદન શક્તિમાં માત્ર સીમાવતી વધારો કરતું હોવાથી ટૂંકાગાળામાં તેની અસરો સરળતાથી અવગણી છે.

પરંતુ સમયના લાંબાગાળે આવો ચોખ્ખા મૂડીરોકાણમાં થતો સતત વધારો ઉત્પાદન શક્તિમાં વધારો કરે છે જેની ઉત્પાદન વૃદ્ધિ દ્વારા પુરવઠાના પાસાને અસર થાય છે. ચોખ્ખા મૂડીરોકાણનો પ્રવાહ સતત લાંબાગાળા સુધી વધતો રહે છે. તો ઉત્પાદન શક્તિ પણ વધે છે. આથી પૂર્ણરોજગાર દાયક બચતનું પ્રમાણ પણ વધવું જોઈએ આ વધેલી બચતને અનુરૂપ ચોખ્ખું મૂડીરોકાણ વધે તો જ સ્થિર દરે આર્થિક વૃદ્ધિ જાળવી શકાય. ટૂંકમાં જે અર્થતંત્રમાં ધન સ્વરૂપે ચોખ્ખા મૂડીરોકાણમાં વધારો થતો હોય તેમાં લાંબાગાળાની સમતુલા જાળવવા ઉત્પાદન શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરવા માટે તેને અનુરૂપ આવક, બચત અને મૂડીરોકાણનું સ્તર જાળવવું જરૂરી છે.

## 11.4 હેરડ ડોમેર મોડેલની ધારણાઓ

અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને મોડેલમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા ધારણા બાંધવામાં આવે છે જે સિદ્ધાંતને આગળ લઇ જવા માટે તેમજ તેની સમજૂતી માટે જરૂરી હોય છે અહીંયા પણ હેરડ ડોમરના મોડલ માં કેટલી ધારણા બાંધવામાં આવી છે જેને આપણે હવે સંક્ષિપ્તમાં સમજીશું.

1. આર્થિક પ્રવૃત્તિમાં સરકારનો કોઇ પણ હસ્તક્ષેપ હોતો નથી

   સરકારનો હસ્તક્ષેપ હોતો નથી મતલબ કે આર્થિક પ્રવૃત્તિઓમાં સરકારનો કોઇપણ જાતની દખલગીરી હોતી નથી જે વાસ્તવમાં વર્તમાન માં શક્ય નથી છતાં ધારણા પ્રમાણે આપણે માની લઈએ છીએ.

   1929-30ની વિશ્વવ્યાપી મહામંદી બાદ અર્થતંત્રમાં સરકારનો હસ્તક્ષેપ જરૂરી બન્યો આથી પહેલા અર્થતંત્રની એટલે કે આર્થિક પ્રવૃત્તિને બજાર પર છોડવામાં આવતો તેમાં સરકારનો હસ્તક્ષેપ ન હતો સરકારનું કાર્ય સુરક્ષા આપવાનો તેમજ વહીવટ કરવાનું હતું.

2. ઉત્પાદન માત્ર શ્રમ અને મૂડી દ્વારા મેળવી શકાય છે

   વાસ્તવમાં ઉત્પાદનના મુખ્ય ચાર સાધન છે જમીન, શ્રમ,મૂડી અને નિયોજક પરંતુ અહીં ઉત્પાદન માટે બે જ સાધન છે અને તેના દ્વારા ઉત્પાદન શક્ય છે તેવી ધારણા કરવામાં આવી છે ઉત્પાદન વિધેયમાં કદ વિકાસના સ્થિર વળતરનો નિયમ કાર્ય કરે છે

કદ વિકાસના સિદ્ધાંતમાં લાંબાગાળામાં ઉત્પાદનના બધા જ સાધનોમાં પરિવર્તન કરીને ઉત્પાદનમાં કેટલું પરિવર્તન આવે છે એ તપાસવામાં આવે છે પરંતુ અહીં સ્થિર વળતરની વાત કરવામાં આવી છે એટલે કે જેટલા પ્રમાણમાં સાધનો વધારવામાં આવે છે એટલા પ્રમાણમાં ઉત્પાદન પણ વધે છે.

3. શરૂઆતમાં અર્થતંત્રમાં ટૂંકાગાળાની પૂર્ણ રોજગારી પર સમતુલા જોવા મળે છે

   વાસ્તવમાં પૂર્ણ રોજગારી એ આદર્શ સ્થિતિ છે પરંતુ અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી ખૂબ જ મુશ્કેલ છે પૂર્ણ રોજગારી એટલે ઉત્પાદનના કોઈપણ સાધન બેરોજગાર નથી તેવું થાય છે આથી એવી ધારણા બનાવવામાં આવી છે કે અર્થતંત્રમાં પૂર્ણ રોજગાર છે.

   પૂર્ણ રોજગારની ધારણા બાબતે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી અને કઈન્સ એકબીજાથી અલગ પડે છે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રી માનતા હતા કે અર્થતંત્રમાં પહેલેથી જ પૂર્ણરોજગાર છે અને તેઓ પોતાના સિદ્ધાંતમાં એવી ધારણા બનાવતા પોતાની ધારણામાં હંમેશા પૂર્ણ રોજગાર પર સમતુલા એવી ધારણા બનાવતા અહીંયા કેઈન્સરની ધારણાનો ઉપયોગ કરવામાં આવ્યો છે કેઈન્સ પોતાના સિદ્ધાંતોમાં અપૂર્ણ રોજગાર પણ સમતુલા પ્રાપ્ત કરી શકે તેવી ધારણા બનાવતા જે ટૂંકાગાળાના સંદર્ભમાં હતી.

4. સરેરાશ બચત વૃત્તિ અચલ છે

   એટલે કે અહીંયા ધારણામાં સરેરાશ બચતવૃત્તિને સ્થિર માનવામાં આવે છે

5. રોકાણ અને ઉત્પાદન શક્તિ ના સર્જન વચ્ચે કોઈ અંતર નથી

   એટલે કે રોકાણ અને ઉત્પાદન બંને સમાન થાય છે

6. સરેરાશ બચતવૃત્તિ અને સીમાંત બચતવૃત્તિ એકસરખી હોય છે

   સરેરાશ એટલે સરાસરી જેને અંગ્રેજીમાં આપણે એવરેજ કહે છે અને સીમાંત એટલે એક એકમનો વધારો અથવા તો ઘટે અહીંયા બંનેને સમાન માનવામાં આવ્યા છે

7. સામાન્ય ભાવ સપાટી સ્થિર છે એટલે કે નાણાકીય આવક અને વાસ્તવિક આવક એક સમાન છે

   અહીંયા અર્થતંત્રમાં ફુગાવો નથી એવું ધારવામાં આવ્યું છે આથી ભાવ સપાટી પણ સ્થિત છે જેના કારણે નાણાકીય અને વાસ્તવિક આવક બંને સમાન જોવા મળે છે 8% વ્યાજ દરમાં કોઈપણ જાતનો ફેરફાર થતો નથી

8. ટેકનોલોજી મૂડી ઉત્પાદન ગુણોત્તર નફાના દરેક સ્થિર છે

   અહીંયા ઉત્પાદન સાથે ટેકનોલોજીને સ્થિર માની લેવામાં આવ્યું છે એટલે કે ઉત્પાદન પર ટેક્નોલોજીનો પ્રભાવ નથી

9. બચત અને રોકાણ ચાલુ વર્ષના સંદર્ભમાં છે

   બચત હોય કે રોકાણ તેની ગણતરી અથવા તો તેની ગણના ચાલુ વર્ષના સંદર્ભમાં જ થાય છે ભૂતકાળની તેમજ ભવિષ્યની બચત અને રોકાણ નો સમાવેશ કરવામાં આવ્યો નથી.

## 11.5 હેરોડનું આર્થિક વૃદ્ધિ અંગેનુ મોડેલ નુ વિશ્લેષણ

હેરોડનું મોડલ ત્રણ સમીકરણો દ્વારા રજૂ થયેલ છે. હેરોડના વૃદ્ધિના મોડેલમાં મુખ્ય ત્રણ ખ્યાલો છે.

(1) વાસ્તવિક રાષ્ટ્રીય ઉત્પાદન વૃદ્ધિનોદર (G)

(2) વૃદ્ધિનો અપેક્ષિત દર (GW)

(3) વૃદ્ધિનો કુદરતી દર (GN)

આ મોડેલ મુજબ આર્થિક વિકાસના દરનો આધાર મુખ્યત્ત્વે બે પરિબળો પર હોય છે. (1) મૂડી રોકાણનો દર અને (2) મૂડી ઉત્પાદન ગુણોત્તરનો દર મૂડીરોકાણનો દર રાષ્ટ્રીય આવકના કેટલા ટકા મૂડીરોકાણ માટે લઈ જવાય છે તે દર્શાવે છે અને મૂડીરોકાણનો આધાર સમયની બચત ઉપર છે. જ્યારે મૂડીઉત્પાદન ગુણોત્તર, ઉત્પાદનના અમુક એકમ મેળવવા માટે કેટલા રૂપિયાનું મૂડીરોકાણ કરવું પડે છે તે દર્શાવે છે. દા.ત. રૂ. 1 ના મૂલ્યનું ઉત્પાદન કરવા રૂ. 5 નું મૂડીરોકાણ જરૂરી હોય તો મૂડી ઉત્પાદન ગુણોત્તર 5:1 નો ગણાય છે.

ધારો કે કોઈ અર્થતંત્ર 5% નો આર્થિક વિકાસ દર સિધ્ધ કરવા માગતું હોય અને તેનો મૂડી ઉત્પાદન ગુણોત્તર 5:1 હોય તો મૂડીરોકાણ નો દર $5 \times 5 = 25\%$ થશે.

$$\text{મૂડી રોકાણનો દર} = \text{આર્થિક વિકાસનો દર} \times \text{મૂડી ઉત્પાદન ગુણોત્તર}$$

$$= 5 \times 5$$

$$= 25\%$$

$$\text{બીજી રીતે કહીએ તો, આર્થિક વિકાસ દર} = \frac{\text{મૂડી રોકાણ નો દર}}{\text{મૂડી ઉત્પાદન ગુણોત્તર}}$$

$$= \frac{25}{5} \qquad = 5\%$$

ટૂંકમાં આર્થિક વિકાસનો દર ઊંચો લઈ જવો હોય તો મૂડીરોકાણનો દર ઊંચો લઈ જવો જોઈએ. આ માટે આવકના પ્રમાણમાં બચતનો દર વધારવો જોઈએ અથવા મૂડી ઉત્પાદન ગુણોત્તરનો પ્રમાણ નીચો લઈ જવા પ્રયત્નો કરવા પડે.

હેરડના ત્રણ સમીકરણોની સમજૂતી નીચે મુજબ છે.

(1) વાસ્તવિક રાષ્ટ્રીય ઉત્પાદન વૃદ્ધિદર (Actual) Growth Rate (G)

હેરોડનું પ્રથમ સમીકરણ તમામ બચત બરોબર મૂડીરોકાણ થાય છે. તે ધારણા સાથે રજૂ થયું છે.

તેમણે GC = S ...................... (1)

જેમાં (1) G = વાસ્તવિક રાષ્ટ્રીય ઉત્પાદન વૃદ્ધિનો દર દર્શાવાય છે. જે $\frac{\Delta Y}{Y}$ દ્વારા દર્શાવી શકાય.

(2) જ્યારે C = સીમાત મૂડી ઉત્પાદન ગુણોત્તર દર્શાવે છે.

જે દ્વાર દર્શાવી શકાય. આમાં $\Delta K = I$ દર્શાવે છે. આ સંદર્ભમાં જોઈએ તો

$C = \frac{I}{\Delta Y}$ ગણી શકાય.

(3) S = રાષ્ટ્રીય આવકમાં બચતનું પ્રમાણ દર્શાવે છે, જે $\frac{S}{Y}$ ગણી શકાય.

ઉપરોક્ત સ્થિતિમાં

$\frac{\Delta Y}{Y} = G$, $\frac{I}{\Delta Y} = C$ અને $\frac{S}{Y} = S$ મૂકીએ તો $GC = S$

$$\therefore \frac{\Delta Y}{Y} \times \frac{I}{\Delta Y} = \frac{S}{Y}$$

$$\therefore \frac{I}{Y} = \frac{S}{Y}$$

$\therefore I = S$ થશે.

બીજી રીતે મૂકીએ તો

$GC = S$

$$G = \frac{I}{C} \bullet \frac{S}{Y} \quad .............\ (1)$$

આ નિત્યસમતાના સમીકરણથી એ ફલિત થાય છે કે બચત દર (S) અને સીમાંત મૂડી ઉત્પાદન ગુણોત્તર (C) વચ્ચે પ્રમાણ જેટલો અર્થતંત્રનો વાસ્તવિક વૃદ્ધિ દર હોય છે. હેરોડ બચત અને રોકાણના સંબંધમાં વર્તણૂક અંગે બચતનો આધાર આવકની સપાટી પર છે. તેવા કેઈન્સના મંતવ્ય સાથે સહમત થાય છે. પરંતુ રોકાણ બાબતમાં કેઈન્સથી જુદા પડે છે. તેમના મતે રોકાણનો આધાર આવક વૃદ્ધિના દર ઉપર છે. આ સમીકરણ માત્ર એ બાબત ઉપર પ્રકાશ પાડે છે કે વાસ્તવિક બચત અને વાસ્તવિક રોકાણ એકસરખા હોય છે આ સંબંધ આવક અંગેના વર્તન દ્વારા સ્પષ્ટ કરાયો છે. જ્યાં દર્શાવાયું છે કે બચત (S) નો આધાર આવક (Y) ઉપર છે, અને રોકાણ (I) નો આધાર આવકમાં થયેલા વધારા ($\Delta Y$) ઉપર છે.

(2) અપેક્ષિત વૃદ્ધિ દર (Waranted Rate of Growth) (GW)

હેરોડ સમીકરણ -1 ના માળખાનો ઉપયોગ કરી અપેક્ષિત વૃદ્ધિ દરનો ખ્યાલ સમજાવાનું બીજું સમીકરણ જે સમીકરણ (2) તરીકે નીચે મુજબ રજૂ કર્યું છે.


$$GW = \frac{Sd}{Cr} \quad ............\ (2)$$

આ સમીકરણમાં Gw = અપેક્ષિત વૃદ્ધિદર, Sd = ઈચ્છિત બચત અને આવક વચ્ચેનું પ્રમાણ, Cr = ટ્રેકનોલોજી દ્વારા નિર્ણત, સીંમાત મૂડી ઉત્પાદન ગુણોત્તરની ઈષ્ટતમ કિંમત બતાવતો આવશ્યક સીમાંત મૂડી ઉત્પાદન ગુણોત્તર છે.


અપેક્ષિત વૃદ્ધિ દર એવો વૃદ્ધિદર છે જે ઉત્પાદકો અને બચત કરનારાઓને એક સાથે સંતોષ આપે છે. આ વૃદ્ધિ દર એવી સ્થિતિ સૂચવે છે કે લોકો તેમની ચાલુ આવક માંથી જેટલી બચત કરવા માંગતા હોય એટલી જ બચત કરે છે અને ઉત્પાદકો પણ બરોબર એટલી જ મૂડી વિષયક વસ્તુ રાખે છે જેટલી ચાલુ ઉત્પાદન વધારવા જરૂરી હોય. આમ, જો અપેક્ષા પ્રમાણે વૃદ્ધિદર સિદ્ધ થતો હોય તો બચત કરનાર અને રોકાણ કરનાર બંને લોકોને સમયના આગલા ગાળામાં જે પ્રમાણે વર્તણૂંક કરવા માગતા હોય તે પછીના સમયગાળામાં કરશે હેરોડ તેને નિયોજકીય સમતુલા દર્શાવતો દર પણ કહે છે કારણ આ દર જળવાય તો સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ થાય છે તેમજ ઉત્પાદકોને ઈછતમ વળતર પણ મળે છે.

જો G અને Gw માં અસમાનતા રહે તો અર્થતંત્રમાં અસમતુલા પેદા થાય છે. એટલે કે G > Gw થાય તો ફુગાવાનું સર્જન થાય છે. કારણ કે અર્થતંત્રની ઉત્પાદન શક્તિમાં થતાં વધારા કરતા વાસ્તવમાં આવકમાં વધુ ઝડપે વધારો થતાં કુલ માંગની સરખામણીમાં કુલ ઉત્પાદન ઓછું થતાં ફુગાવો જન્મે છે આથી વિરૂદ્ધ G < Gw થાય તો મંદીનું સર્જન થશે કારણ કે અર્થતંત્રની ઉત્પાદન શક્તિમાં થતાં વધારા કરતા વાસ્તવિક આવકમાં ઓછી જડપે વધારો થાય છે બીજો શબ્દો કહીએ તો Gw કરતા G વધારે હોય તો વાસ્તવિક બચતદર અપેક્ષિત બચત દર કરતા વધારે હશે અથવા સીમાંત મૂડી ઉત્પાદન ગુણોત્તર (C) આવશ્યક સીમાંત મૂડી ઉત્પાદન ગુણોત્તર કરતા ઓછો હશે.

(A)



(B)




આકૃતિ A ફુગાવાના સમયનો નિર્દેશ કરે છે જ્યારે આકૃતિ B મંદીના સમયનો નિર્દેશ કરે છે. G>Gw જે આકૃતિ A માં દર્શાવેલ છે તે ફુગાવાની પરિસ્થિતિ દર્શાવે છે. OX ધરી પર સમય દર્શાવામાં આવ્યો છે જ્યારે OY ધરી પર વૃદ્ધિદર દર્શાવાયો છે. આકૃતિ B G<Gw એટલે કે મંદીની પરિસ્થિતિ દર્શાવે છે. જ્યાં G અને GW બંને રેખાઓ એકબીજાથી દૂર જતાં જોવા મળે છે. જે અર્થતંત્રમાં મંદીનો માહોલ બતાવે છે G અને GW માં સંતુલન છુરીધાર સંતુલ છે કારણ કે એક વખત અસમતુલા આવે ત્યારબાદ સ્વયંમ સમતુલા આવતી નથી. નિષ્કર્ષ એ નીકળે છે કે લાંબાગાળાની સમતુલા બનાવી રાખવા માટે જાહેર નીતિનો મોટો ગાળો રહે છે. આ ઉદેશ્યને પૂર્ણ કરવા માટે હેરોડ ત્રીજું સમીકરણ આપ્યું છે.

(3) કુદરતી વૃદ્ધિદર (Natural Rate of Growth) (Gn)

કોઈપણ અર્થતંત્રમાં લાંબાગાળે જે વૃદ્ધિ દરની શક્યતા હોય તેવા દરને હેરડ કુદરતી વૃદ્ધિદર કહે છે. લાંબાગાળો આ દર કરતા વધારે વૃદ્ધિ દર સિધ્ધ કરવો શક્ય હોતો નથી બીજા શબ્દોમાં કુદરતી વૃદ્ધિદર લાંબાગાળાનો મહત્તમ વૃદ્ધિ દર છે હેરોડ તેને Gn તરીકે દર્શાવ્યો છે. આ સંદર્ભ માં ત્રીજું સમીકરણ આપ્યું છે.

Gn = n + r ................ (3)

જેમાં Gn = વૃદ્ધિનો કુદરતી દર

n = કામ કરતી વૃદ્ધિનો દર

r = ટ્રેકનિકલ પ્રગતિનો દર છે.

સામાન્ય રીતે કામ કરતી વસતી વધારાનો દર (n) પરિબળોથી અસર પામે છે. એક વસતી વધારાનો દર અને બીજુ વસતી અને કામ કરતી વસતીના પ્રમાણમાં થતાં ફેરફાર જો કે શ્રમ સામેલગીરીના દરમાં ફેરફાર થવાની સંભાવના ઓછી હોવાથી પ્રાથમિક તબક્કો તો વસતી દર જ અગત્યનો છે આપી હેરોડ n બાહ્ય નિર્ણત પ્રાચલ ગણો છે, ટ્રેકનિકલ પ્રગતિનો દર (r)

પણ વૈજ્ઞાનિક શોધશોખોળ ઉપર આધારિત છે. હેરોડ આ પરિબળને પણ બાહ્ય નિર્ણત પ્રાચલ ગણે છે.

આમ Gn અર્થતંત્રમાં શ્રમની પૂર્ણ રોજગારી જાળવવા G ની એક દષ્ટિએ સામાજિક ઈષ્ટ કિંમત સૂચવે છે હેરોડના વૃદ્ધિના મોડેલ મુજબ વૃદ્ધિની એક ધારી સ્થિતિ જાળવી રાખવા G = Gw જરૂરી છે અને પૂર્ણ રોજગારીએ સમતુલા જાળવવા G = Gw = Gn હોવો જરૂરી છે. પરંતુ આ તલવારની ધાર ઉપર ચાલવા જેવું કઠીન છે. એક વખત વાસ્તવિક દર, અપેક્ષિત દર અને કુદરતી દર વચ્ચે અસમતુલા સર્જાતા અર્થતંત્રની ગાડી આડા પાટે ચઢી આર્થિક અસ્થિરતાનું સર્જન કરી ફુગાવા કે મંદી તરફ અર્થતંત્રને ધકેલે છે.

## 11.6 ડોમરનું આર્થિક વૃદ્ધિ અંગેનું મોડલ

આર્થિક વૃદ્ધિની પ્રક્રિયાના સંદર્ભમાં મૂડીરોકાણની અસરો અંગે ડોમરના વિશિષ્ટ વિચારો છે. તેમના મત અનુસાર મૂડી રોકાણની બેવડી અસર થાય છે. (1) આવક ઊભી થાય છે (2) ઉત્પાદન શક્તિ વધે છે. મૂડીરોકાણ એવા ક્યા દરે વધારવું જોઈએ. જેથી આવકમાં થતો વધારાનો દર અને ઉત્પાદન શક્તિમાં થતો વધારાનો દર સમાન રહે તેમણે મૂડીરોકાણને લીધે ઉદ્‌ભવતી (1) પુરવઠા અસર (2) માંગ અસરની ચર્ચા કરી છે.

(A) ઉત્પાદન શક્તિમાં વધારો (પુરવઠા અસર) (Increase in Productive Capacity)

સામાન્ય સંજોગોમાં વાર્ષિક મૂડીરોકાણ નોદર અને સીમાંત મૂડી ઉત્પાદન ગુણોત્તર સમાન રહે છે . પરંતુ ડોમરનું માનવું છે કે કેટલુંક નવું મૂડીરોકાણ જૂના રોકાણના ભોગે કરાયું છે, જેથી જનાપ્લાનટ દ્વારા થતું ઉત્પાદન અને ઉત્પાદન શક્તિ ઘટતા નવા રોકાણથી થતું ઉત્પાદન અને ઉત્પાદન અને ઉત્પાદન શક્તિ તેટલા પ્રમાણમાં ઘટે છે. જેને ડોમર $\delta$ (સીગ્મા) અસર તરીકે દર્શાવે છે. જે મૂડી રોકાણની ચોખ્ખી ગર્ભિત સરેરાશ સામાજિક ઉત્પાદકતા દર્શાવે છે. જે $(= \Delta Y / I)$ દ્વારા દર્શાવાય છે. ધારો કે I અર્થતંત્રમાં થતું કુલ વાર્ષિક રોકાણ ખર્ચ છે. અને $\delta$ (સીગ્મા) મૂડીરોકાણની સુપ્ત (ગર્ભિત) સામાજિક સરેરાશ ઉત્પાદકતા દર્શાવતો 1.6 વાર્ષિક મૂડીરોકાણ I દ્વારા પરિણમતો ઉત્પાદન શક્તિનો વધારો છે. ડોમરના મોડેલ પ્રમાણે ઉત્પાદનમાં થતો વધારો જ અર્થતંત્ર ઉત્પન્ન કરી શકી છે. એટલે કે ઉત્પાદન શક્તિમાં વધારો તે સમીકરણની પુરવઠા બાજુ છે.

(B) કુલ માંગમાં જરૂરી વધારો (Required Increase in Aggregete Dernand)

માંગ બાજુની સમજૂતી કેઈન્સના ગુણકના ખ્યાલ દ્વારા આપી છે. ધારો કે મૂડીરોકાણનો વાર્ષિક વધારો $\Delta I$ છે. અને તેને કારણે રાષ્ટ્રીય આવકમાં થતો વદારો $\Delta Y$ અને ગુણક $\frac{1}{\alpha}$ નો સંબંધ દર્શાવતું સમીકરણ રજૂ કર્યું છે.

$$\Delta Y = \Delta I \times \frac{1}{\alpha} \quad \ldots\ldots\ldots\ldots\ldots\ldots (1)$$

$\therefore$ રાષ્ટ્રીય આવકનો વધારો = મૂડીરોકાણનો વધારો × ગુણક ટૂંકમાં માંગ બાજુનું સમીકરણ $\Delta Y = \Delta I \times \frac{1}{\alpha}$ છે. અને પુરવઠા બાજુનું સમીકરણ $\Delta YF = I.\sigma$ છે...........(2)

ધારો કે શરૂઆતમાં અર્થતંત્ર માં પૂર્ણ રોજગારીની સમતુલાએ છે. એટલે કે રાષ્ટ્રીય આવક કુલ ઉત્પાદન શક્તિ જેટલી છે. આ પૂર્ણ રોજગારીની સમતુલાની સ્થિતિ ટકાવી રાખવી હોય તો રાષ્ટ્રીય આવક અને ઉત્પાદન શક્તિમાં એકસરખા પ્રમાણમાં વધારો થાય તે જરૂરી છે એટલે કે,

રાષ્ટ્રીય આવકમાં થતો વધારો = ઉત્પાદન શક્તિમાં થતો વધારો

$$\Delta Y = \Delta YF \ldots\ldots\ldots\ldots\ldots\ldots (3)$$

થાય તો જ પૂર્ણ રોજગારીની સમતુલા જાળવી શકાય. હવે $\Delta Y$ અને $\Delta YF$ ની કિંમતો સમીકરણ (1) અને સમીકરણ (2) પ્રમાણે મુકીએ તો નીચે મુજબનું સમીકરણ તૈયાર થશે.

$$\Delta I \times \frac{1}{\alpha} = I.\sigma \ \ldots\ldots\ldots\ldots (4)$$

આ સમીકરણનું સરળ સમાધાન કરવું હોય તો બન્ને બાજુને $\alpha$ વડે ગુણવા પડે અને I વડે ભાગવા પડે આમ કરવાથી નીચેનું સમીકરણ પ્રાપ્ત થશે.

$$\Delta I \times \frac{1}{\alpha} (\times) \frac{\alpha}{I} = I.\sigma \ (\times) \frac{\alpha}{I}$$

$$\frac{\Delta I}{I} = \alpha \times \sigma \qquad \ldots\ldots\ldots\ldots (5)$$

ઉપરોક્ત સમીકરણમાં ડાબી બાજુ $\left(\frac{\Delta I}{I}\right)$ મૂડીરોકાણનો વૃદ્ધિ દર દર્શાવે છે. જ્યારે જમણી બાજુ ($\alpha$, $\sigma$) સીંમાત બચતવૃત્તિ અને મૂડીરોકાણની સરેરાશ ઉત્પાદકતાનો ગુણાકાર દર્શાવે છે આ સમીકરણ મુજબ પૂર્ણ રોજગારીની સમતુલાની સ્થિતિ ટકાવી રાખવી હોય તો અર્થતંત્રમાં મૂડીરોકાણનો વૃદ્ધિ દર $\alpha.\sigma$ હોવો જોઈએ.

ધારો કે પૂર્ણ રોજગારીની સમતુલા જાળવવા જરૂરી વૃદ્ધિ દર y= હોય તો સમીકરણ - 5 ઉપરથી નીચેનું સમીકરણ બનશે. $\gamma = a . \sigma$ આ સમીકરણનો ઉકેલ કઈ ચલરાશી બાહ્યનિર્ણિત છે અને કંઈ ચલરાશી આંતરનિર્ણિત તે અંગેની ધારણા ઉપર છે જો એવું માનવામાં આવે કે $\gamma$ વસ્તી વધારાનો દર અને ટ્રેકનિકલ પ્રગતિ જેવાં બાહ્યનિર્ણિત પરિબળો પર આધારિત છે. અને $\sigma$ (સિગ્મા) આપેલ સ્તરે સ્થિર રહે તો સમીકરણ - 5 નીચે મુજબ રજૂ કરી શકાશે.

$$\alpha = \frac{\gamma}{\sigma} \ \ldots\ldots\ldots\ldots\ldots\ldots (6)$$

ઉપરોક્ત સમીકરણ ફુગાવો કે બેરોજગારીની સ્થિતિના સર્જાય તેવી સરેરાશ બચતવૃત્તિની આવશ્યક કિંમતો નિર્દેશ કરી છે. ડોમરના મતે $\gamma$, $\alpha$ અને $\sigma$ આ ત્રણ રાશીઓમાંથી કોઈ પણ બે રાશીની કિંમત સમીકરણ દ્વારા જાણી શકાય છે. જો વૃદ્ધિ દર ($\gamma$) ની વાસ્તવિક કિંમત તેના માટે જરૂરી કિંમત કરતા જુદી હોય તો અર્થતેમમાં ફુગાવો અથવા બેરોજગારીની સ્થિતિનું સર્જન થાય છે.

ઉદાહરણ :-


ડોમરે આ મુદા સ્પષ્ટ કરવા નીચેનું ઉદાહરણ આવ્યું છે. ધારો કે $\sigma = 25\%$ છે, $\alpha = 12\%$ છે અને Y = વાર્ષિક 150 બિલિયન ડોલર છે. આ સંજોગોમાં જો પૂર્ણ રોજગારી જરૂરી રકમ $150 \times \frac{12}{100} = 18$ બિલિયન ડોલર થશે એટલે કે ઉપરોક્ત પરિસ્થિતિમાં પૂર્ણ રોજગારનું સ્તર જાળવી રાખવા માટે 18 બિલિયન ડૉલરનું મૂડીરોકાણ જરૂરી છે. આનાથી ઉત્પાદન શક્તિ $\sigma$ ટાઈમ વધશે એટલે કે $150 \times \frac{12}{100} \times \frac{25}{100} = 4.5$ બિલિયન ડૉલર ઉત્પાદન શક્તિ વધશે અને રાષ્ટ્રીય આવક પણ વધશે પરંતુ સંબંધિત આવકનો વધારો, ખરેખર આવકના વધારાને આવકમાં વધારા વડે ભાગવાથી પ્રાપ્ત રકમ જેટલો થશે ટૂંકમાં,

$$= \frac{150 \times \frac{12}{100} \times \frac{25}{100}}{150}$$

$$= \frac{12}{100} \times \frac{25}{100}$$

$$= 3\ \%$$

પૂર્ણ રોજગારીની સમતુલાની પરિસ્થિતિ જાળવી રાખવા વાર્ષિક 3% ના દરે રાષ્ટ્રીય આવક વધારવી જોઈએ આ સમતુલિત વૃદ્ધિનો દર છે. આનાથી જુદો વૃદ્ધિ દર અર્થતંત્ર ને આ સુવર્ણ પથ ઉપરથી આડા રસ્તે લઈ જશે એટલે કે અસમતુલાનું સર્જન થશે.



આકૃતિમાં રાષ્ટ્રીય આવકનું નિર્ધારણ કુલ માંગ અને કુલ પુરવઠા રેખા દ્વારા દર્શાવામાં આવ્યુ છે. OX ધરી પર આવક અને OY ધરી પર બચત અને રોકાણ દર્શાવામાં આવ્યું Au 45° ના ખૂણે Y = S + I પર સંમતુલન સ્તર બતાવે છે. શરૂઆતમાં અર્થવ્યવસ્થાનું સમતુલન બિંદુ $S_1$ છે. જયા બચત અને રોકાણ બંનેનો સ્તર બરાબર છે અને આવકનું સ્તર $OY_1$ છે. બીજા શબ્દોમાં અર્થતંત્ર પૂર્ણ કાર્યક્ષમતાથી કાર્ય કરે છે. હવે વાર્ષિક રોકાણનો દર $I_1$ છે. જ્યારે નવી મૂડીનો વપરાશ જુના મશિનોના સ્થાન પર કરવામાં આવે છે. અને ગુણક અસરને કારણે આવક સ્તર વધી તે, $S_1 A (= Y_1, Y_2)$ થઈ જાય છે. પરંતુ વાર્ષિક ઉત્પાદનક્ષમતા $I\sigma$ થી ઓછી રહી છે, આકૃતિથી સ્પષ્ટ થાય છે કે $OY_2 > OY_1$ જો રોકાણના પ્રમાણમાં વધારો $I_2$ કરવામાં આવે તો આવકમાં વધારો $S_2 B (= Y_2 Y_3)$ થશે આ પ્રક્રિયા રોકાણ ગુણક પ્રમાણે ચાલતી રહે છે જયા સુધી આવકમાં વધારો રોકાણમાં થતી વૃદ્ધિ ગુણકમાં થતી વૃદ્ધિ બરાબર ન થઈ જાય.

## 11.7 હેરોડ અને ડોમરના મૉડેલની તુલના (સામ્યતા)

**(1) બચત અને રોકાણને વધારે મહત્ત્વ**

બંને મોડલ બચત અને રોકાણને વધારે મહત્ત્વ આપે છે. બંને મોડલ અનુસાર અર્થવ્યવસ્થામાં સંતુલન બચત તેમજ રોકાણની સમાનત પર આધાર રાખે છે.

| ડોમર મોડલ | હેરોડ મોડલ |
|---|---|
| $\frac{\Delta I}{I} = \alpha\ \sigma$ | $GC = S$ |
| જ્યારે $\alpha = \frac{\Delta S}{\Delta Y}, \sigma = \frac{\Delta Y}{I}$ | જ્યારે $G = \frac{\Delta Y}{Y}, C = \frac{I}{\Delta Y}$ |
| $\therefore \frac{\Delta I}{I} = \frac{\Delta S}{\Delta Y} \times \frac{\Delta Y}{I}$ | $S = \frac{S}{Y}$ |
| અથવા $\frac{\Delta I}{I} = \frac{\Delta S}{I}$ | $\therefore \frac{\Delta Y}{Y} \times \frac{I}{\Delta Y} = \frac{S}{Y}$ |
| $\therefore \Delta I = \Delta S$ | અથવા $\frac{I}{Y} = \frac{S}{Y}$ |
| | $\therefore I = S$ |

(2) ડોમરના વૃદ્ધિ ની સતત દર ($\alpha, \sigma$), હેરોડના વૃદ્ધિની અપેક્ષિત વૃદ્ધિદર (GW) ના પ્રમાણે - હેરડ નો 5 ડોમરના $\alpha$ બરાબર છે આથી

$$\alpha = \frac{S}{Y} \text{ અથવા } S = \alpha, Y$$

$$\alpha = \frac{\Delta Y}{I}, I\sigma \text{ અથવા } I = \frac{\Delta Y}{\sigma}$$

અર્થવ્યવસ્થામાં સમતુલન બનાવી રાખવા માટે બચત અને રોકાણ બરાબર હોવા આવશ્યક છે.

$$\therefore\ I = S,\ \frac{\Delta Y}{\sigma} = \alpha, Y$$

અથવા

$$\frac{\Delta Y}{Y} = \sigma\ \alpha = GW$$

## 11.8 હેરોડ અને ડૉમરના મોડેલ વચ્ચેનો તફાવત

(1) ડૉમર વૃદ્ધિની પ્રક્રિયામાં રોકાણના પરિબળને અને તેના આવક અને ઉત્પાદન શક્તિ ઉપરની બેવડી અસરો ઉપર વધુ ભાર મૂકે છે. જ્યારે હેરોડ વૃદ્ધિની પ્રક્રિયામાં આવકની સપાટીના ધોરણ ઉપર વધુ ભાર મૂકી છે.

(2) ડોમર રોકાણ માટેની માંગ અને રોકાણ માટેના પુરવઠા વચ્ચેના સંબંધો દ્વારા આગળ વધે છે જ્યારે હેરોડ બચત માટેની માંગ અને બચત માટેના પુરવઠા વચ્ચેના સંબંધો દ્વારા આગળ વધે છે.

(3) ડોમરનું મોડેલ એક જ વૃદ્ધિ દર ($\gamma = \sigma .\ \alpha$) ની ચર્ચા કરે છે જ્યારે હેરોડ ત્રણ પ્રકારના વૃદ્ધિદરની ચર્ચા કરે છે G, Gw અને Gn

(4) ડોમર તેની સમજૂતી ગુણક દ્વારા આપે છે જ્યારે હેરોડ ગતિવર્ધનનો ઉપયોગ કર્યો છે.

(5) હેરોડના મતે વ્યાપારચક્ર વૃદ્ધિની પ્રક્રિયાનો એક ભાગ છે. જ્યારે ડોમરમાં એવું નથી જો કે તે સ્વીકારી છે કે રોકાણની સરેરાશ ઉત્પાદકતા ($\sigma$) દ્વારા આવી સ્થિતિ સર્જાઈ શકે છે.

(6) ડોમરના મૉડિલમાં મૂડીસર્જન અને સંપૂર્ણ શક્તિથી ઉત્પાદનમાં થતી વૃદ્ધિ વચ્ચે ટ્રેકનોલોજીકલ સંબંધ ઉપર ધ્યાન આપ્યું છે જ્યારે હેરોડે આ ઉપરાંત માંગમાં થતી વૃદ્ધિની એક બાજુ ચાલુ ઉત્પાદન પરની અને બીજી બાજું મૂડીસર્જન ઉપરની સંબંધિત વર્તનની અસરને ધ્યાનમાં લીધી છે.

## 11.9 હેરોડ અને ડોમરના મોડેલ ની મર્યાદા

(1) <u>$\alpha$ અથવા S તથા $\sigma$ સ્થિર નથી હોતા</u>

$\alpha$ અથવા S તથા $\sigma$ સ્થિર ધારી લેવામાં આવ્યા છે પરંતુ વાસ્તવમાં એ સંભવ નથી લાંબાગાળે તેમાં પરિવર્તન આવે છે અને તે સતત વૃદ્ધિની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડે છે. આ માન્યતા વગર પણ વૃદ્ધિની સતત દર કાયમ રાખી શકાય છે ડોમરેના શબ્દોમાં '' તર્ક માટે આ માન્યતાઓ જરૂરી નથી, સમગ્ર સમસ્યાને ચલ $\alpha$ તથા $\sigma$ થી વગર પણ સમસ્યાને ઉકેલી શકાય છે.

(2) <u>શ્રમ તથા મૂડીને સ્થિર ગુણોત્તરમાં ઉપયોગ નથી કરી શકાતો</u>

ઉપરોક્ત માન્યતા મોડેલ માટે ધારવામાં આવી હતી પરંતુ સામાન્ય રીતે મૂડીના બદલામાં શ્રમનો ઉપયોગ કરી શકાયો અને અર્થતંત્રને નિર્વિઘ્ન રૂપથી સતત વૃદ્ધિના માર્ગ પર ચલાવી શકાય છે.

(3) <u>કિંમત સ્થિર નથી હોતી</u>

બંને મોડલમાં કિંમતને સ્થિર ધારી લેવામાં આવી છે પરંતુ સમય સાથે કિંમતોમાં પરિવર્તન આવે છે તે અસ્થિર સ્થિતિમાં પણ સ્થિરતા લાવી શકે છે.

(4) <u>વ્યાજદરમાં પરિવર્તન થાય છે</u>

મોડલ માટેની ધારણામાં વ્યાજદરને સ્થિર ધારી લેવા માં આવ્યો છે. પરંતુ વ્યાજદરમાં પરિવતન થાય જ છે જે રોકાણને અસર કરે છે. અતિઉત્પાદનની સ્થિતિમાં વ્યાજદરમાં જયારે ઘટાડો થાય છે ત્યારે રોકાણ માટેની મૂડીની માંગમાં વધારો થાય છે જે ઉત્પાદન વધારવામાં સહાયક બને છે.

(5) <u>સરકારી કાર્યક્રમની ઉપેક્ષા કરી શકાતી નથી</u>

હેરોડ - ડોમર સરકારી કાર્યક્રમની ઉપેક્ષા કરે છે. ઉ.દા. તરીકે વિકાસના કાર્યક્રમને સરકાર પોતાના હાથમાં લે તો હેરોડ - ડોમર મોડલ આપણને કારણ પરિણામ સંબંધને સ્પષ્ટ કરી શકતું નથી. આ કારણે આ મોડલ અવાસ્તવિક બની જાય છે. કારણ કે સરકારી કાર્યક્રમ વગર વૃદ્ધિની પ્રક્રિયા સંભવ જ નથી.

(6) <u>ઉદ્યોગ સાહસિકના વ્યવહારની ઉપેક્ષા કરી શકાતી નથી</u>

હેરોડ ઉદ્યોગ સાહસિકના વ્યવહારની ઉપેક્ષા કરે છે. જે વાસ્તવમાં અર્થવ્યવસ્થામાં વૃદ્ધિની અપેક્ષિતદર (GW) નિર્ધારિત કરે છે. આથી અપેક્ષિત વૃદ્ધિ દર પણ અવાસ્તવિક બની જાય છે.

(7) <u>વસ્તુ એક પ્રકાર નથી હોતી</u>

હેરોડ - ડોમર પોતાના વિશ્લેષણમાં ફકત એક પ્રકારની જ વસ્તુ લે છે એ વાતની આલોચના કરી છે, તેઓ એ વપરાશી વસ્તુ અને મૂડી વસ્તુમાં ભેદ કરવામાં અસળ રહયા છે.

(8) <u>હેરોડ - ડોમરનું વૃદ્ધિ મોડેલ અને વિકસતા દેશો</u>

હેરોડ - ડોમરનું મોડલ મુખ્યત્ત્વે વિકસિત દેશોના સંદર્ભમાં રજૂ થયું હોવા છતાં વિકસતા દેશોને આર્થિક વિકાસની પ્રક્રિયા અમલમાં મૂકવામાં ઉપયોગી નીવડે છે. વિકસતા દેશે નિર્ધારિત વિકાસ દર સિદ્ધ કરવા તેના મૂડી ઉત્પાદન ગુણોત્તરના સંદર્ભમાં રાષ્ટ્રીય આવકના કેટલા ટકા મૂડીરોકાણ કરવું જરૂરી છે તેનું માર્ગાદર્શન પુરુ પાડે છે. આમ છતાં વાસ્તવમાં આ મૉડેલ અલ્પવિકસિત દેશોને લાગુ પાડવા નીચેની મુશ્કેલીઓ રહેલી છે.

(1) આ મૉડેલ વિકસિત દેશોને સ્થગિતતાની શક્ય અસરોથી કઈ રીતે મુક્ત રાખી શકાય તે સમજાવે છે. પરંતુ વિકસતા દેશોના ઔદ્યોગિકરણના કાર્યક્રમ માટે કોઈ માર્ગદર્શન આપતા નથી.

(2) આ મૉડેલ ઊંચા બચત ગુણોત્તર અને ઊંચા મૂડી ઉત્પાદન ગુણોત્તર ઉપર આધારિત છે જ્યારે અલ્પવિકસિત દેશોમાં આ પ્રમાણ ઘણુ નીચું છે.

(3) પ્રોફેસર કુરીહારાના મતે હેરોડ - ડોમરનું મૉડેલ અલ્પવિકસિત દેશોમાં જોવા મળતી માળખાગત બેકારી અને પ્રચ્છન્ન બેકારીના પ્રશ્નને રોકાણ વૃદ્ધિ દ્વારા ઉકેલવામાં નિષ્ફળ જાય છે.

(4) હેરોડ - ડોમરનું મોડલ સરકારના હસ્તક્ષેપ નથી એવી ધારણા પર આધારિત છે. પરંતુ વિકસતા દેશોમાં સરકારની મદદ વગર વિકાસ સાધવો અશક્ય છે.

(5) આ મૉડેલ સ્થિર ભાવસપાટીની ધારણ પર આધારિત છે પરંતુ વિકસતા દેશોમાં વિકાસની પ્રક્રિયા સાથે અનિવાર્ય રીતે ભાવ સપાટી બદલાતી હોય છે.

## 11.10 ઉપસંહાર

પ્રોફેસર કુરિહરા લખે છે કે "આ મર્યાદા હોવા છતાં હેરોડ - ડોમર વૃદ્ધિ મોડેલ પૂર્ણરૂપથી સ્વતંત્ર છે, જે રાજકોષીય તટસ્થતા પર આધારિત છે અને ઉન્નત અર્થવ્યવસ્થા માટે આરોહી સંતુલનની સ્થિતિ પ્રકટ કરવા માટે નિર્માણ થયુ છે." આ મોડેલ એટલા માટે પણ ઉપયોગી છે કારણ કે તે કેઈન્સના સ્થૈતિક ટુંકાગાળા બચત અને રોકાણને ગતિશીલ તથા લાંબાગાળાના મોડેલ તરીકે બનાવવા માટે પ્રેરણાત્મક પ્રયત્નને પ્રકટ કરે છે. કેઈન્સના મોડલ ટુંકાગાળા છે અને વૃદ્ધિની પ્રક્રિયા લાંબાગાળાની હોય છે આથી વૃદ્ધિના મોડલમાં હેરોડ - ડોમર મોડેલ આગવું સ્થાન ધરાવે છે.

- તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

(1) આર્થિક વૃદ્ધિનું હેરોડ ડોમરનું ગ્રોથ મોડેલ તેની મર્યાદાઓ સાથે સમજાવો.

(2) આર્થિક વૃદ્ધિના હેરોડ અને ડોમરના મોડેલની તુલના કરો.

(ખ) ટૂંકનોંધ લખો.

(1) સ્થૈતિક અને ગતિશીલ આર્થિક મોડેલ

(2) અપેક્ષિત વૃદ્ધિ દર

(3) હેરોડ અને ડોમરના આર્થિક વૃદ્ધિના મોડેલની તુલના

(4) હેરોડ-ડોમર વૃદ્ધ મોડેલની મર્યાદાઓ.

(ગ) એક - બે વાક્ય માં જવાબ આપો

(1) હેરોડ ના મૉડેલ માં મુખ્ય કેટલા અને ક્યા સમીકરણો રજૂ થયા છે ?

(2) અપેક્ષિત વૃદ્ધિદર એટલે શું ?

(3) ડોમરના મૂડી રોકાણની અસરો અંગે નો ખ્યાલ સમજાવો

(4) વાસ્તવિક વૃદ્ધિદર (G) અને અપેક્ષિત વૃદ્ધિદર (GW) વચ્ચેનો તફાવત સમજાવો

(5) કુદરતી વૃદ્ધિદર (Gn) એટલે શું ?

(6) સ્થૈતિક મોડલ એટલે શું ? સમજાવો.

(7) ગતિશીલ મોડલ એટલે શું ? સમજાવો.

(8) હેરોડ - ડોમર મોડેલ ની મર્યાદા સમજાવો

(9) હેરોડ - ડોમર મોડેલ ની તુલના સમીકરણ દ્વારા સમજાવો.

- યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો

(1) નીચેનામાંથી ક્યા અર્થશાસ્ત્રી સુધીના આર્થિક મૉડેલ સ્થૈતિક હતા ?

(A) શુમપિટર (B) કેઈન્સ

(C) માર્કસ (D) માર્શલ

(2) હેરોડ નીચેનામાંથી ક્યા દરને નિયોજકીય સમતુલાનો દર ગણાવે છે ?

(A) વાસ્તવિક વૃદ્ધિદર (B) અપેક્ષિત વૃદ્ધિદર

(C) કુદરતી વૃદ્ધિદર (D) પૂર્ણ રોજગારીનો વૃદ્ધિદર

(3) હેરોડના મૉડેલ પ્રમાણે સ્થિરતા જાળવી રાખવા શેની જરૂર છે ?

(A) G = Gw (B) Gw = Gn

(C) G = Gn (D) G = Gw = Gn

(4) પૂર્ણ રોજગારી એ સમતુલા જાળવવા નીચેનામાંથી કઈ શરતનું પાલન જરૂરી છે ?

(A) G = Gw (B) G = Gn

(C) G = Gw = Gn (D) Gw = Gn

(5) મૂડી રોકાણની આવક અસર અને ઉત્પાદન શક્તિ અસર ક્યા અર્થશાસ્ત્રીએ ધ્યાનમાં લીધી છે ?

(A) હેરડ (B) ડોમર

(C) શુમ્પિટર (D) નાલ્ડોર

(6) G > Gw હેરોડના મૉડલ પ્રમાણે અર્થતંત્રમાં કેવી પરિસ્થિતિ જોવા મળશે ?

(A) ફુગાવો (B) મંદી

(C) સ્ટેગફુલેશન (D) એક પણ નહી

(7) G < Gw હેરોડના મૉડલ પ્રમાણે અર્થતંત્રમાં કેવી પરિસ્થિતિ જોવા મળશે ?

(A) ફુગાવો (B) મંદી

(C) સ્ટેગફુલેશન (D) એક પણ નહી

(8) આર્થિક મૉડેલના મુખ્ય કેટલા પ્રકાર હોય છે ?

(A) ત્રણ (B) બે

(C) ચાર (D) પાંચ

(9) ડોમરનું મોડલે નીચેના માંથી શેના પર આધારિત છે ?

(A) ત્વરક (B) ગુણક

(C) વ્યાપાર ચક્ર (D) એકપણનહી

(10) હેરોડ નું મૉડલ નીચેનામાંથી શેના પર આધારિત છે ?

(A) ગુણક (B) ત્વરક

(C) રાજકોષીયનીતી (D) નાણાકીયમીની

(11) હેરોડના મૉડલે અપેક્ષિત વૃદ્ધિદરને નીચેની કઈ સંક્ષા દ્વારા દર્શાવામાં આવ્યું છે ?

(A) G (B) Gw

(C) Gn (D) Gh

## 11.11 ચાવીરૂપ શબ્દો

- આર્થિક વૃદ્ધિ

  આર્થિક વૃદ્ધિ રાષ્ટ્ર ની વાસ્તવિક રાષ્ટ્રીય આવક માં લાંબાગાળા માટે થતો વધારે દર્શાવે છે. આર્થિક વૃદ્ધિ નો ખ્યાલ વિકસિત દેશો સાથે સંકળાયેલ છે. આર્થિક વૃદ્ધિ માટે ત્રણ પરિબળો જરૂરી છે. રાષ્ટ્રીય ઉત્પાદનમાં સતત વધારો, આ વધારો સતત પ્રગતિશીલ ટ્રેકનોલોજી ઉપર આધારિત અને ટ્રેકનોલોજીની સાથે તેને અનુરૂપ માનવ વલણો.

- આર્થિક વિકાસ

  આર્થિક વિકાસ એક પ્રક્રિયા છે. આ ખ્યાલ વિકસતા દેશો સાથે સંકળાયેલ છે. વિકાસની પ્રક્રિયાનો ક્રમ અને દિશા નિશ્ચિત હોય છે તેમાં ઉત્પાદન અને વહેંચણી એટલે કે પરિણાત્મક અને ગુણાત્મક બંને પાસા ધ્યાનમાં લેવાય છે.

### ◆ કેટલાક ઉપયોગી પુસ્તકો


- आर्थिक संवृध्धि एवं विकास डॉ. वी. सी. सिन्हा Publishin house (2016)
- संवृध्धि एवं विकास का अर्थशास्त्र GPH Panel of Exports Gully BaBa Publication.
- H. L. Ahuja Development Economics (2016)
- A. P. Thirlwall Economics of Development
- एम. एल. तनेजा और एम. मायर (2014) विकास एवं नियोजन का अर्थशास्त्र
- एम. एल. झीगत विकास का अर्थशास्त्र एवं आयोजन वृदा पवालकेशन दिल्ली (2011)


### ◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(1) વાંચો એકમ 11.5

(2) વાંચો એકમ 11.5

(3) વાંચો એકમ 11.6

(4) વાંચો એકમ 11.5

(5) વાંચો એકમ 11.5

(6) વાંચો એકમ 11.2

(7) વાંચો એકમ 11.2

(8) વાંચો એકમ 11.9

(9) વાંચો એકમ 11.7

- MCQ

(1) B) કેઈન્સ

(2) B) અપેક્ષિત વૃદ્ધિદર

(3) A) G = Gw

(4) C) G = Gw = Gn

(5) B) ડોમર

(6) A) ફુગાવો

(7) B) મંદી

(8) B) બે

(9) B) ગુણક

(10) B) ત્વરક

(11) B) Gw

⊙ ⊙ ⊙

એકમ 12

# કાર્લ માકર્સનો સિદ્ધાંત

-: રૂપરેખા :-


12.0 ઉદ્દેશ

12.1 પ્રસ્તાવના

12.2 પૂર્વભૂમિકા

12.3 માકર્સનુ આર્થિક વૃદ્ધિનું મોડેલ

 12.3.1 ઈતિહાસનું ભૌતિક અર્થઘટન

 12.3.2 અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત

 12.3.3 મૂડીસંચયની પ્રક્રિયા

 12.3.4 અધિશેષ મૂલ્યનો દર, નફાનો દર અને મૂડીની અંગભૂત રચના વચ્ચેના આંતરસંબંધો

 12.3.5 મૂડીસંચયની પ્રક્રિયાનો અંત

 12.3.6 ઔદ્યોગિક અનામતદળ

 12.3.7 મૂડીવાદનું પતન

12.4 માકર્સના વિચારોનું મહત્વ

12.5 માકર્સના મોડેલની ટીકાઓ

12.6 માકર્સનો સિદ્ધાંત અને અલ્પવિકસિત દેશો

12.7 સારાંશ

12.8 ચાવીરૂપ શબ્દો

12.9 ''તમારી પ્રગતિ ચકાસો''ના જવાબો

 ◆ કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 12.0 ઉદ્દેશો (Objectives)

⇨ આર્થિક વિકાસ સમાજના માળખામાં કઈ રીતે પરિવર્તન લાવે છે તે સમજવું.

⇨ મૂડીદાર અને મજૂર વર્ગના હિતો આ યંત્રોદ્યોગી અર્થવ્યવસ્થા હેઠળ કેવાં એકબીજાના વિરોધી બનતા જાય છે તે સમજવું.

⇨ મૂડીહીન શોષિત વર્ગ જૂના મૂડીતંત્રનો બળજબરીથી નાશ કરી એક નવા યુગનું, સમાજનું નિર્માણ કેવી રીતે કરે છે. જેમાં વ્યક્તિનો વિકાસ એ સમગ્ર અર્થતંત્રના વિકાસની આવશ્યક શરતરૂપ હોય એ સમજવું.

⇨ આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન અર્થતંત્રમાં ઉદ્ભવતા પરિવર્તનો જ અંતે મૂડીવાદનો વિનાશ કરે છે તે સમજવું.

## 12.1 પ્રસ્તાવના

કાર્લ માકર્સ આધુનિક ઈતિહાસની યશસ્વી વ્યક્તિઓ પૈકીના છે. આજે કાર્લ માકર્સને મૂડીવાદના પ્રખર વિરોધી, સામ્યવાદના પ્રખર સંત અને કરોડો શ્રમિકોના મસીહા તરીકે આળખવામાં આવે છે. કાર્લ માકર્સની અપાર લોકપ્રિયતાનું મુખ્ય કારણ તેમણે મૂડીવાદના અનિવાર્ય વિનાશ અંગે કરેલી આગાહી હતી. માકર્સના મતે મૂડીવાદનો અંત આર્થિક કારણોને લીધે નહિ, પરંતુ સામાજિક કારણોને લીધે થશે અને વિઘટનની આ પ્રક્રિયાનો આરંભ ત્યારે થશે કે જ્યારે મૂડીવાદ તેના વિકાસની ચરમસીમા પર હશે. માકર્સનું વિશ્લેષણ તથા તેમની આગાહી મૂડીવાદની વિકાસની પ્રક્રિયા સમજવામાં ખૂબ જ ઉપયોગી છે. કાર્લ માકર્સ પોતાના આર્થિક, સામાજિક અને રાજકીય વિચારોનું સુંદર સૈદ્ધાંતિક વિશ્લેષણ ''દાસ કેપિટલ'' નામના પુસ્તકમાં રજૂ કર્યું છે માકર્સનું વિશ્લેષણ મુખ્યત્વે એ બાબત પર કેન્દ્રિત છે કે, આર્થિક વિકાસ સમાજના માળખામાં કઈ રીતે પરિવર્તન લાવે છે. માકર્સનું તત્વજ્ઞાન કે જેના પર તેમનો વૃદ્ધિનો સિદ્ધાંત આધારિત છે તેનો અભ્યાસ આપણે નીચેના મુખ્ય મુદ્દાઓ હેઠળ કરીશું.

## 12.2 પૂર્વભૂમિકા

માકર્સના મૂડીવાદના વિકાસ અથવા આર્થિક વૃદ્ધિ અંગેના વિચારોમાં પાયાનો પ્રશ્ન સમય સાથે અર્થતંત્રમાં, વેતનદરમાં અને નફાના દરમાં થતા ફેરફારોના અભ્યાસ કરવાનો છે. માકર્સ દર્શાવે છે કે મૂડીવાદી સમાજમાં વેતનદર અને નફાના દરમાં પરિવર્તન આવવાથી અર્થતંત્રના માળખાંમાં ફેરફાર થાય છે; આ પરિવર્તનોથી આર્થિક વિકાસની પ્રક્રિયાને ઉત્તેજન મળે છે અને આ પરિવર્તનોથી આર્થિક વિકાસની પ્રક્રિયાને ઉત્તેજન મળે છે. આર્થિક વિકાસની પ્રક્રિયા ફરીથી વેતન અને નફાના પ્રમાણમાં તેમજ દરમાં ફેરફાર લાવે છે. તે ફરીથી વિકાસને ઉત્તેજન આપે છે પણ આ પ્રક્રિયા લાંબો સમય ચાલતાં અર્થતંત્રમાં ઉદ્ભવતાં પરિવર્તનો જ અંતે મૂડીવાદનો વિનાશ નોંતરે છે.

## 12.3 માકર્સનું આર્થિક વૃદ્ધિનું મોડેલ

માકર્સના આર્થિક વૃદ્ધિના માડેલનો નીચેના મુદ્દાઓ હેઠળ આપણે અભ્યાસ કરીશું.

### 12.3.1 ઈતિહાસનું ભૌતિક અર્થઘટન

ઈતિહાસનું ભૌતિકવાદી અર્થઘટન કરતાં કાર્લ માકર્સ જણાવ્યું છે કે, તમામ ઐતિહાસિક ઘટનાઓ સમાજના જુદા જુદા વર્ગો અને સમૂહો વચ્ચે ચાલતાં સતત આર્થિક સંઘર્ષનું પરિણામ છે. આ સંઘર્ષનું મુખ્ય કારણ ''ઉત્પાદનની પધ્ધતિ'' અને ''ઉત્પાદન સંબંધો'' વચ્ચેના સંઘર્ષમાં રહેલું છે. ઉત્પાદન પધ્ધતિ એ સમાજની અમુક એવી ચોક્કસ ઉત્પાદન વ્યવસ્થાનો નિર્દેશ કરે છે જે તમામ સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્રિયાઓને નક્કી કરે છે, બીજી તરફ ઉત્પાદન સંબંધો સમાજના વર્ગીય માળખાં સાથે સંબંધિત હોય છે.

માકર્સના મતે પ્રત્યેક સમાજનું વર્ગીય માળખું જેમની પાસે આર્થિક સાધનો છે અને જેમની પાસે નથી એ બે વર્ગોનું બનેલુ હોય છે ; એટલે કે એક બાજુ એ નાનકડો શોષક વર્ગ (શ્રીમંતો) હોય છે અને બીજી બાજુએ વિશાળ જનસમુદાયનો શોષિત અને કચડાયેલો વર્ગ હોય છે. તેમના મતે આ બે વર્ગો વચ્ચે વર્ગસંઘર્ષ થાય છે. જે તમામ સામાજિક રૂઢિઓનો અંત લાવે છે. જ્યારે એક વ્યવસ્થા સંપૂર્ણપણે નાબૂદ થાય છે ત્યારે બીજી વ્યવસ્થા ખૂબ જ ઝડપથી તેનું સ્થાન લઈ લે છે. આમ, પરિવર્તનકાળ દરમિયાન

દરેક વ્યવસ્થા બીજી વ્યવસ્થાની સ્થાપના માટે પોતે સંપૂર્ણપણે સમાપ્ત થઈ જાય છે. આ વ્યવસ્થાને ‘‘દ્વંદ્વાત્મક ભૌતિકવાદ’’ પણ કહેવામાં આવે છે; ઉત્પાદનના ભૌતિક સાધનોની માલિકીમાં જેમ પરિવર્તન થાય છે, તેમ સમાજમાં પણ પરિવર્તન થાય છે દા.ત. જેમ જેમ મૂડીવાદ વિકાસ પામે છે, તેમ તેમ વર્ગસંઘર્ષ વધુને વધુ તીવ્ર બને છે; સમય જતાં શોષિત વર્ગ સબળ બને છે અને રાજકીય સત્તા હાંસલ કરે છે. તેમની આ સફળતાનુ કારણ એ હોય છે કે, તેઓ શક્તિશાળી ઉત્પાદકીય પરિબળો સાથે સંકળાયેલા હોય છે અને બીજા શબ્દોમાં કહીએ તો વર્ગવિગ્રહ દ્વારા સામાજિક માળખાંમાં પરિવર્તન આવે છે.

માકર્સ સમાજની ઉત્ક્રાંતિના ચાર તબક્કા જણાવ્યા છેઃ

1. પ્રાચીન સામ્યવાદ
2. જૂનો ગુલામી સમાજ
3. સામંતવાદી સમાજ
4. મૂડીવાદ

12.3.2 અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત

કાર્લ માકર્સના વિશ્લેષણમાં તેમનો આધિશેષ મૂલ્યનો સિદ્ધાંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમના મતે વર્ગસંઘર્ષ એ થોડાક મૂડીદારોના હાથમાં અધિશેષ મૂલ્યના સંઘર્ષનું પરિણામ છે. આ રીતે અધિશેષ મૂલ્યના સિદ્ધાંતના આધારે તેઓ પોતાના આર્થિક વિકાસના સિદ્ધાંત માટેની માળખાંકીય રૂપરેખા તૈયાર કરે છે. માકર્સના જણાવ્યા પ્રમાણે મૂડીવાદી સમાજ બે વર્ગોમાં વહેંચાયેલો હોય છે. એક બાજુએ મૂડીદારો જે ઉત્પાદનના સાધનોની માલિકી ધરાવે છે અને બીજી બાજુએ કામદારો જે પોતાની શ્રમશક્તિ વેચે છે અન્ય વસ્તુઓની જેમ શ્રમ પણ પોતાની બજાર કિંમતે વેચાય છે. શ્રમશક્તિનું મૂલ્ય સામાન્ય રીતે શ્રમિકોના અસ્તિત્વને ટકાવી રાખવા માટે, જીવન નિર્વાહ માટેની આવશ્યક વસ્તુઓના મૂલ્ય જેટલું હોય છે અને તે મૂલ્ય આ વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી કામના કલાકો દ્વારા નક્કી થાય છે, માકર્સના મતે કામદારોના જીવનનિર્વાહ માટે આવશ્યક વસ્તુઓનું મૂલ્ય તેમના દ્વારા ઉત્પાદિત વસ્તુઓના મૂલ્યની બરાબર હોતું નથી એટલે કે શ્રમિકોની જરૂરિયાત સામે જે ઉત્પાદન કરે છે તે કદી સરખું હોતું નથી માટે શ્રમનું શોષણ થાય છે. વાસ્તવમાં શ્રમિકો દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓનું મૂલ્ય તેમને માટે આવશ્યક જીવનનિર્વાહની વસ્તુઓના મૂલ્ય કરતાં વધારે હોય છે પરંતું શ્રમિકોને તો જીવનનિર્વાહ માટેની આવશ્યક વસ્તુઓના મૂલ્ય જેટલું જ વેતન ચૂકવાય છે. આ રીતે મૂડીદારો અધિશેષ મૂલ્યનું સર્જન કરે છે.

આમ, આ વધારાનો શ્રમ કે જે શ્રમિક તો કરે જ છે, પરંતુ તેના બદલામાં મૂડીદાર તે શ્રમિકને કોઈપણ પ્રકારની ચુકવણી કરતો નથી, તેને માકર્સ અધિશેષ શ્રમ કહે છે. મૂલ્યના શ્રમ સિદ્ધાંતનો આધાર મૂડીદારો દ્વારા શ્રમિકોનું આ રીતે કરવામાં આવતું શોષણ છે; વધારાનો શ્રમ એ એવો શ્રમ છે કે, જે શ્રમિકો ઉત્પાદન માટે આપે છે, છતાં કઈ મેળવતાં નથી, જેને માકર્સ અધિશેષ શ્રમ તરીકે ઓળખાવે છે. આવો શ્રમ મૂડીદારને

મૂડીનો સંચય કરવામાં કે નફો વધારવામાં મદદરૂપ થાય છે.

12.3.3 મૂડીસંચયની પ્રક્રિયા

માર્ક્સના મત મુજબ અધિશેષ શ્રમ એ મૂડીસંચયમાં પરિણમે છે. મૂડીદાર અધિશેષ શ્રમ દ્વારા પોતાના નફામાં વધારો કરવાનો પ્રયાસ કરે છે. આ માટેની ત્રણ રીત છેઃ

1. અધિશેષ શ્રમના કામના કલાકોમાં વધારો કરીને.
2. શ્રમિકોના જીવનનિર્વાહની વસ્તુઓના ઉત્પાદન માટે કામના કલાકોમાં ઘટાડો કરીને.
3. ટેક્નોલોજીકલ સુધારા દ્વારા શ્રમની ઉત્પાદકતામાં વધારો કરીને શ્રમ-ખર્ચમાં ઘટાડો કરવો.

માર્ક્સના મતે પ્રથમ અને બીજા વિકલ્પોની કેટલીક મર્યાદાઓના કારણે મૂડીદાર ત્રીજો વિકલ્પ એટલે કે શ્રમની ઉત્પાદકતામાં વધારો કરવાનું જ પસંદ કરશે. આ માટે તે અધિશેષ મૂલ્યની બચત કરીને તેનું પુનઃ મૂડીરોકાણ કરશે; જેથી મૂડીયુક્ત સ્ટોકમાં વધુ પ્રમાણમાં વૃદ્ધિ થાય અને મૂડીસંચયની પ્રક્રિયા વધુ ઝડપી બને.

મૂડીયુક્ત સ્ટોકમાં વધારો કરીને મૂડીદારો મહત્તમ નફો મેળવે છે તેમજ નફાનો ઉદ્દભવ તથા વેતન સાથેના તેના સંબંધોની સ્પષ્ટતા કરતી વખતે માર્ક્સ મૂડીના બે પ્રકાર બતાવ્યા છે :

(1) સ્થિર મૂડી : સ્થિર મૂડી એટલે એ મૂડી, જે શ્રમની ઉત્પાદકતા વધારવામાં પ્રત્યક્ષ રીતે સહાયભૂત થાય છે, જેમ કે યંત્રસામગ્રી, ઓજારો, બળતણ, કાચોમાલ વગેરે. આને C સંજ્ઞાથી દર્શાવી શકાય.

(2) અસ્થિર મૂડી : અસ્થિર મૂડી એટલે વેતન અથવા જીવનનિર્વાહના આધારે શ્રમશક્તિને ખરીદવા માટે પ્રયોજાયેલી મૂડી. આને V સંજ્ઞાથી દર્શાવી શકાય.

માર્ક્સ અધિશેષ મૂલ્યને ‘S’ સંજ્ઞા દ્વારા રજૂ કર્યું છે.

આમ, વસ્તુનુ કુલ મૂલ્ય = સ્થિર મૂડી + અસ્થિરમૂડી + અધિશેષ મૂલ્ય

$\therefore$ (w) $= C + V + S$

$$w = C + V + S$$

ઉત્પાદનની પ્રક્રિયામાં સ્થિર મૂડી કોઈ અધિશેષનું સર્જન કરતી નથી. કારણ કે તેના મૂળ મૂલ્યનું સંપૂર્ણ રીતે કે આંશિક રીતે તૈયાર માલમાં રૂપાંતર થાય છે. આથી અધિશેષ મૂલ્યના સર્જન દ્વારા અસ્થિર મૂડીમાં પરિવર્તન અને વિકાસ થાય છે.

માર્ક્સ પોતાના વિશ્લેષણમાં નીચેના ત્રણ ગુણોત્તરોનો ઉપયોગ કર્યો છે.

(1) અધિશેષ મૂલ્યનો દર : જે અસ્થિર મૂડી સાથે અધિશેષ મૂલ્યનો ગુણોત્તર વ્યક્ત કરે છે.

$$S_1 = \frac{S}{V}$$

જ્યાં, $S_1$ = અધિશેષ મૂલ્યનો દર (શ્રમનો શોષણનો દર)

$S$ = અધિશેષનુ મૂલ્ય

V = અસ્થિર મૂડી

(2) નફાનો દર : જે રોકેલી કુલ મૂડી સાથે અધિશેષ મૂલ્યનો ગુણોત્તર વ્યક્ત કરે છે.

$$R = \frac{S}{C+V}$$ જ્યાં, R = નફાનો દર

S = અધિશેષ મૂલ્ય

C = સ્થિર મૂડી

V = અસ્થિર મૂડી

(3) મૂડીની અંગભૂત રચના : જે કોઈ પણ સાહસમાં સ્થિર અને અસ્થિર મૂડીનું સંયોજન વ્યક્ત કરે છે. અસ્થિર મૂડી સાથેના સ્થિર મૂડીનો ગુણોત્તર (C/V) મૂડીની અંગભૂત રચના કહેવાય છે. માકર્સે આ નવો ખ્યાલ સ્થાયિત કર્યો છે.

$$q = \frac{C}{C+V}$$ જ્યાં, q = મૂડીની અંગભૂત રચના

C = સ્થિર મૂડી

V = અસ્થિર મૂડી

કુલ મૂડીમાં સ્થિર મૂડીનું પ્રમાણ જેમ વધુ તેમ મૂડીની અંગભૂત રચના (q) ઊંચી હોય છે.

12.3.4 અધિશેષ મૂલ્યનો દર, નફાનો દર અને મૂડીની અંગભૂત રચના વચ્ચેના આંતર સંબંધો

માકર્સ પોતાના વિશ્લેષણમાં અધિશેષ મૂલ્યનો દર, નફાનો દર અને મૂડીની અંગભૂત રચના એકબીજા સાથે કઈ રીતે સંબંધિત છે તેની સમજૂતી નીચે પ્રમાણે આપી છે.

અધિશેષ મૂલ્યનો દર એ અસ્થિર મૂડી સાથેનો અધિશેષ મૂલ્યનો ગુણોત્તર વ્યક્ત કરે છે જેને શોષણના દર તરીકે પણ ઓળખવામાં આવે છે. આથી માકર્સ એમ માને છે કે નફાનો દર એ કેવળ અધિશેષ મૂલ્યના દર પર જ આધાર રાખતો નથી. મૂડીની અંગભૂત રચના (q)માં પરિવર્તન થાય, એટલે કે સ્થિર અને અસ્થિર મૂડીના પ્રમાણમાં ફેરફાર થાય, તો તેથી અધિશેષ મૂલ્યનો દર ($S_1$) સ્થિર રહેવા છતાં નફાના દરમાં ફેરફાર થઈ શકે છે. આથી વિપરીત નફાના દર અને મૂડીની અંગભૂત રચના વચ્ચે વ્યસ્ત સંબંધ હોય છે. મૂડીની અંગભૂત રચનામાં વધારો થાય તો નફાના દરમાં ઘટાડો થાય છે.

માકર્સના મતે મૂડીસંચયને લીધે સ્થિર મૂડીના પ્રમાણમાં વધારો થાય છે અને અસ્થિર મૂડીમાં ઘટાડો થાય છે. જેને પરિણામે શ્રમની માંગ ઘટવા પામે છે તથા ટેકનીકલ પ્રગતિને લીધે મૂડીની અંગભૂત રચનામાં એ રીતના ફેરફાર થાય છે કે, અસ્થિર મૂડીના પ્રમાણ કરતાં સ્થિર મૂડીનુ પ્રમાણ વધે છે. આથી, મૂડીસંચયની પ્રક્રિયા દરમિયાન મૂડીની અંગભૂત રચના (q) ઊંચી જાય છે. જેને પરિણામે નફાનો દર ઘટે છે.

આ બાબતને નીચેના સમીકરણ દ્વારા રજૂ કરી શકાય.

$$R = \frac{S}{C+V}$$ જ્યાં, R = નફાનો દર

S = અધિશેષ મૂલ્ય

C = સ્થિર મૂડી

V = અસ્થિર મૂડી

$$= \frac{SV}{V(C+V)}$$ અંશ અને છેદને V થી ગુણતાં

$$= \frac{SC+SV-SC}{V(C+V)}$$ અંશોમાં કદ ઉમેરીને બાદ કરતાં

$$= \frac{S(C+V)}{V(C+V)} - \frac{SC}{V(C+V)}$$

$$= \frac{S}{V}\left(1-\frac{C}{C+V}\right)$$

$$\therefore R = S_1 (1 - q)$$

આમ, અધિશેષ મૂલ્યનો દર જેમ વધુ અને મૂડીના અંગભૂત રચનાનો દર જેમ નીચો તેમ નફાનો દર ઊંચો રહેવા પામશે. બીજી તરફ, મૂડીની અંગભૂત રચનાનો દર જેમ વધુ તેમ નફાનો દર નીચો રહેવા પામશે. મૂડીસંચયમાં કુલ મૂડીની સરખામણીમાં સ્થિર મૂડીનુ પ્રમાણ વધતાં નફાનો દર ઘટે છે.

### 12.3.5 મૂડીસંચયની પ્રક્રિયાનો અંત :

મૂડીસંચયની પ્રક્રિયા દ્વારા મૂડીદારનું ધ્યેય વધુને વધુ અધિશેષ મૂલ્ય મેળવવાનું હોય છે. વધુ નફો મેળવવા માટે મૂડીદાર શક્ય હોય તેટલું વધુ અધિશેષ મૂલ્ય પ્રાપ્ત કરવાના પ્રયાસ કરે છે. આ માટે કાંતો વેતનદરને ન્યૂનતમ કક્ષાએ એટલે કે જીવનનિર્વાહ સુધી લાવી શકાય અથવા ટેક્નોલોજીકલ સુધારા દ્વારા શ્રમિકોની ઉત્પાદકતામાં વધારો કરી શકાય. આમ કરવાથી મૂડીદાર વધુને વધુ સંચય કરી શકે છે .પરંતુ આ બાબતે જ મૂડીવાદમાં કટોકટી સર્જાય છે, અથવા તો મૂડીસંચયની પ્રક્રિયાનો અંત આવે છે. આથી જ એમ કહેવાયુ છે કે મૂડીવાદી સમાજના મૂળમાં જ વિસંગતિ છે. મૂડીવાદનો અંત મૂડીવાદના માળખાંમાં જ સમાયેલો છે.

મૂડીસંચયની પ્રક્રિયાનું એક પરિણામ એ આવે છે કે કેટલાંક મોટાં સાહસોમાં મૂડીનું કેન્દ્રીકરણ થવા પામે છે. મૂડીદારો વચ્ચેની હરીફાઈ તેમને તેમની પેદાશોને ઓછા ખર્ચે ઉત્પાદન કરવાની ફરજ પાડે છે. આ માટે તેઓ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે જે શ્રમની ઉત્પાદકતામાં વધારો કરે છે.

### 12.3.6 ઔદ્યોગિક અનામતદળ :

મૂડીસંચય અને મૂડીના કેન્દ્રીકરણને લીધે સ્થિર મૂડીમાં વધારો થાય છે તથા અસ્થિર મૂડીમાં ઘટાડો થાય છે સ્થિર મૂડીમાં ઝડપી વધારો શ્રમની માંગમાં ઘટાડો લાવે છે. એ જ

રીતે ટેક્નોલોજીકલ પ્રગતિને લીધે પણ શ્રમની માંગ ઘટવા પામે છે. આમ, યંત્રોના વધુ ઉપયોગને લીધે તેમજ વસ્તીવધારાને પરિણામે ઔદ્યોગિક અનામતદળ (બેકારોની સેના) જે મૂડીવાદના વિકાસની સાથે વધતું જાય છે. આ અનામતદળનો સમૂહ જેમ મોટો બનતો જાય છે, તેમ શ્રમિકોની પરિસ્થિતિ કથળે છે ; સમાજમાં તીવ્ર અસંતોષ અને ગરીબાઈનું પ્રમાણ વધતું જાય છે રોજગારી મેળવવા માટે તીવ્ર હરીફાઈ સર્જાય છે અને તેને લીધે મૂડીદારો માટે એક બાજુએ વેતનદરને ન્યૂનતમ કક્ષા સુધી લઈ જવાનું શક્ય બને છે તથા બીજી બાજુએ તેઓ વધુને વધુ અધિશેષ મૂલ્ય પ્રાપ્ત કરે છે. મૂડીદારોનું વર્ચસ્વ વધતું જાય છે અને શ્રમિકોનું તેઓ વધુને વધુ શોષણ કરે છે. શ્રમિકોની ખરીદશક્તિ ઘટે છે તેથી ઉત્પાદકોને તેમની વસ્તુઓના વેચાણ માટે બજારો શોધવાનું મુશ્કેલ બને છે. જેથી ભાવો અને ઉત્પાદનમાં ઘટાડો થાય છે અને બેકારીમાં વધારો થાય છે.

પરંતુ, આ પરિસ્થિતિ લાંબો સમય ચાલતી નથી. કિંમતમાં ઘટાડો, વેતનદરમાં ઘટાડો, મૂડી સાધનોનો નાશ વગેરેને લીધે ફરીથી નફામાં વધારો થતાં નવા મૂડીરોકાણને પ્રોત્સાહન મળે છે અને અર્થતંત્રમાં સુધારણાં આવે છે. માકર્સ જણાવે છે કે નવા મૂડીરોકાણમાંથી નવી કટોકટીનાં બીજ વવાય છે કારણ કે વધુ નફો મેળવવાની લાલચમાં મૂડીપતિઓ ફરીથી મજૂરોનું શોષણ નાણાં સંચય અને શ્રમ બચાવનાર યંત્રોની વપરાશ વધારે છે. તેથી ફરીથી વિનાશની જૂની પરિસ્થિતિ પાછી આવે છે. આમ, આર્થિક કટોકટીમાંથી મંદી પછી સુધારણાં તેમજ તેજી અને ફરી પાછી કટોકટી અને મંદી એ મૂડીવાદી અર્થતંત્રની વિશિષ્ટ લાક્ષણિકતા છે. આમ, મૂડીવાદમાં વારંવાર આર્થિક વેપારચક્ર દ્વારા આર્થિક વિકાસ થાય છે પણ આ દરેક વેપારચક્રમાં મૂડીવાદી અર્થતંત્ર ઉત્તરોત્તર નબળું બનતું જાય છે.

12.3.7 મૂડીવાદનું પતન :

મૂડીવાદી અર્થવ્યવસ્થાની કટોકટી પછીની સુધારણાનાં દરેક તબક્કે મૂડીવાદી પ્રવૃત્તિ વધતી જ જાય છે અને મોટા અને સબળ મૂડીદારો નાના અને નબળાં મૂડીદારોને બજારમાંથી હડસેલી મૂકે છે. કેન્દ્રીકરણ અને શ્રમિકોનું શોષણ અગાઉ કરતાં વધુ થાય છે અને તે સાથે સમાજમાં ગરીબાઈ અને યાતનાઓ વધતી જાય છે. શ્રમિકવર્ગમાં તીવ્ર અસંતોષ અને નિરાશાં વર્તાય છે. આ વર્ગ કે જેની સંખ્યામાં સતત વધારો થાય છે, તે મૂડીવાદી ઉત્પાદનની પ્રક્રિયા દ્વારા જ શિસ્તબદ્ધ રીતે સંગઠિત થયેલો હોય છે, અંતે તે મૂડીપતિઓ સામે સંઘર્ષ આરંભે છે. આ સ્થિતિ ક્રાંતિમાં પરિણમે છે, જે છેલ્લે મૂડીવાદનો અંત લાવે છે. આમ આર્થિક શોષણ અનિવાર્યપણે સામાજિક અને રાજકીય ક્રાંતિ લાવે છે અને મૂડીવાદના સ્થાને સમાજવાદ અસ્તિત્વમાં આવે છે. માકર્સના જણાવ્યા પ્રમાણે મૂડીવાદ અંતે શ્રમજીવીઓની ક્રાંતિમાં પરિણમે છે અને તે દ્વારા શ્રમજીવીઓની સરમુખત્યારશાહી સ્થપાય છે, બધી જ આર્થિક પ્રવૃત્તિઓ પર રાજ્યનો અધિકાર ધીમે ધીમે વધતો જશે, સમય જતાં ગરીબી નાબૂદ થશે, દરેક વ્યક્તિ પોતાની શક્તિ અને યોગ્યતા અનુસાર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ફાળો આપશે અને પોતાની જરૂરીયાત અનુસાર તેમાંથી મેળવશે. આ રીતે મૂડીવાદનું સ્થાન સમાજવાદ લેશે.

- તમારી પ્રગતિ ચકાસો.

1. માકર્સના મોડેલમાં નફાનો દર ઘટવાનું વલણ જણાય છે તેની પાછળનાં કારણો જણાવો (બે પંક્તિમાં જવાબ આપો)

..............................................................

..............................................................

2. મૂડીની અંગભૂત રચના વિશે લખો. (પાંચ પંક્તિમાં જવાબઆપો)

..............................................................

..............................................................

3. અધિશેષ મૂલ્ય એટલે શું ? સમજાવો (બે લીટીમાં લખો)

..............................................................

..............................................................

4. માર્ક્સના મતે મૂડીદાર અધિશેષ શ્રમ દ્વારા પોતાના નફામાં વધારો કરવા કઈ રીત અપનાવે છે ? (બે પંક્તિમાં જવાબ આપો)

..............................................................

..............................................................

5. મૂડીવાદના પતન માટે જવાબદાર કારણો સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

- નીચેના વિધાનો સાચાં છે કે ખોટા તે દર્શાવો.

(1) કાર્લ માર્ક્સ પોતાના આર્થિક, સામાજિક અને રાજકીય વિચારોનું સૈદ્ધાંતિક વિશ્લેષણ 'દાસ કેપિટલ' નામના પુસ્તકમાં રજૂ કર્યું છે.

(2) માર્ક્સના મતે અધિશેષશ્રમ એ મૂડીસચયમાં પરિણમતો નથી.

(3) અધિશેષશ્રમ (વધારાનો શ્રમ) એ એવો શ્રમ છે કે, જે શ્રમિકો ઉત્પાદન માટે આપે છે છતાં કંઈ મેળવતા નથી.

(4) મૂડીસંચયમાં કુલ મૂડીની સરખામણીમાં સ્થિર મૂડીનું પ્રમાણ વધતાં નફાનો દર વધે છે.

(5) મૂડીવાદના પતન માટેનું એક અગત્યનું કારણ અલ્પવપરાશ પણ છે.

(6) ઔદ્યોગિક અનામતદળના સર્જાવા પાછળના કારણો લખો.

## 12.4 માર્ક્સના વિચારોનું મહત્ત્વ :

(1) માર્ક્સે પહેલી જ વાર ટેકનીકલ પ્રગતિને સૈદ્ધાંતિક માળખામાં નિર્ણીત પરિબળ તરીકે સમાવિષ્ટ કરી અને ટેકનીકલ પ્રગતિનો વિચાર કર્યા વિના આર્થિક વૃદ્ધિનો વિચાર ન થઈ શકે તે સચોટ રીતે દર્શાવ્યું.

(2) માર્ક્સે કુલ મૂડીનું C અને V માં વિભાજન કરીને C વિકાસની પ્રક્રિયામાં કેવો ભાગ ભજવી શકે તેનો સૌપ્રથમ નિર્દેશ કર્યો.

(3) માકર્સેનો સિદ્ધાંત મહદઅંશે વિકાસનો ગતિશીલ સિદ્ધાંત છે.

(4) વિકાસ એક સળંગ પ્રક્રિયા નથી, તેમાં આરોહ - અવરોહ જણાય છે અને સમતુલા સાથે આર્થિક વિકાસની પ્રક્રિયા આગળ વધે છે તેમ માર્કસે સૌ પ્રથમ જણાવ્યું.

(5) માકર્સના મતે મૂડીસંચય અને નફો એ આર્થિક વિકાસના મુખ્ય ચાલક બળ છે.

(6) વિકાસ સ્થિરતા સાથે થાય તે માટે રોકાણ અને વપરાશ સમાન રહે તેવી નીતિ અપનાવવી જોઈએ તે તેમણે સ્પષ્ટ કર્યું.

(7) ખૂબ ઊંચાં અને ખૂબ નીચાં વેતનો રોકાણ અને આર્થિક વૃદ્ધિ માટે અવરોધક પરિબળ છે તે તેમણે સ્પષ્ટ કર્યું.

(8) ઔદ્યોગિક બેકારી એ પણ વિકાસનું મોટું અવરોધક પરિબળ છે તેમણે દર્શાવ્યું.

માકર્સે તેમના વિચારો વડે કરોડો લોકોને પ્રભાવિત કર્યા છે, તેમણે શ્રમિકોને સંગઠિત થવાની પ્રેરણા આપી છે. જેથી શ્રમિકોનું શોષણ અટકાવી શકાયું છે. વળી, માકર્સે જણાવ્યું કે મૂડીવાદમાં મૂડીસંચય, મંદી, વર્ગવિગ્રહ અને ક્રાંતિ અનિવાર્યપણે આવે છે અને તેથી મૂડીવાદી પદ્ધતિમાં સુધારો કર્યા વિના તે અટકી શકે તેમ નથી.

માકર્સના વિચારોમાંથી પ્રેરણા મેળવીને જ વર્ગવિગ્રહ અને ક્રાંતિ દ્વારા રશિયા, ચીન અને પૂ. યુરોપમાં મૂડીવાદનો નાશ કરી સમાજવાદ સ્થાપવામાં આવ્યો છે તથા બ્રિટન, જર્મની, ફ્રાન્સ, ઈટાલી વગેરે દેશોમાં મૂડીવાદને નિયંત્રિત કરવામાં આવ્યો છે અને સામ્યવાદીઓ માટે તો "માકર્સવાદ એ ધર્મ છે, માકર્સ એ તેના પયગંબર છે"

## 12.5 માકર્સના મોડેલની ટીકાઓ :

માકર્સના વૃદ્ધિ મોડેલની ટીકા નીચેના મુદ્દાઓ હેઠળ કરી શકાય.

(1) અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત અવાસ્તવિક છે :

માકર્સના સમગ્ર વિશ્લેષણનો પાયો અધિશેષ મૂલ્યનો સિદ્ધાંત છે, પરંતુ વાસ્તવમાં આવું કોઈ મૂલ્ય હોતું નથી. આપણે મૂલ્ય સાથે નહિ પરંતુ વાસ્તવિક કિંમતો સાથે સંબંધ ધરાવીએ છીએ. આમ, માકર્સે એક વાસ્તવિક કિંમતો સાથે સંબંધ ધરાવીએ છીએ, માકર્સે એક વાસ્તવિક અને નિરાકાર મૂલ્યની દુનિયાની કલ્પના કરી છે. જેને લીધે મૂડીવાદી પદ્ધતિની કામગીરી સમજવાનું મુશ્કેલ બન્યું છે.

(2) માકર્સની આગાહી ખોટી છે :

માકર્સ કરેલી આગાહી સાચી પુરવાર થઈ નથી. અલબત્ત, વિશ્વના અનેક દેશોમાં સમાજવાદની સ્થાપના થઈ છે, પરંતુ તેની ઉત્ક્રાંતિ માકર્સની વિચારધારા પ્રમાણે થઈ નથી. જે દેશોએ માકર્સની વિચારધારા અપનાવી છે એ એવા દેશો છે કે, જ્યાં મૂડીવાદનો સંપૂર્ણ રીતે વિકાસ થયો ન હતો. લગભગ બધા જ સામ્યવાદી દેશો આજે પણ મૂડીવાદી દેશો કરતાં ગરીબ છે. વિકસિત મૂડીવાદી દેશોમાં માકર્સના જણાવ્યાં મુજબ શ્રમિકોને કોઈ યાતનાઓ નથી ઉલટાનુ ત્યાં શ્રમિકોના વાસ્તવિક વેતનોમાં એકધારો વધારો થઈ રહ્યો છે અને તેઓ વધુને વધુ સમૃધ્ધ બની રહ્યાં છે. એ જ રીતે મધ્યમ વર્ગ નાબૂદ થવાને બદલે વધુ પ્રભાવશાળી વર્ગ તરીકે ઊપસી રહ્યો છે. મેયર અને બાલ્ડવિનના મતે માકર્સની એ માન્યતા છે કે તમામ સામાજિક અને આર્થિક પરિવર્તનો સંઘર્ષોનું જ પરિણામ છે. પરંતુ આ માન્યતા સાચી નથી.

(3) મૂડીવાદમાંથી સમાજવાદ તરફ ગતિ થઈ નથી :

માકર્સની ધારણાં પ્રમાણે વિશ્વના દેશોએ મૂડીવાદમાંથી સમાજવાદ તરફ ગતિ કરી નથી તાજેતરમાં સમાજવાદી દેશોમાં પણ બજારતંત્રનો વિકાસ તથા ઉત્પાદનક્ષમતા વધારવા હરીફાઈના તત્વને સ્વીકારવામાં આવ્યું છે. માકર્સની આગાહી મુજબ આજે વિશ્વના સામ્યવાદી દેશો સમૃદ્ધ થઈ શક્યા નથી. ઊલટાનું ગરીબાઈ અને નીચું ઉત્પાદન આ દેશોમાં આજે પણ જોવા મળે છે. જ્યારે બીજી તરફ બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, જાપાન જેવા દેશોમાં સામાજિક સલામતીની યોજનાઓ તથા ઊંચા વાસ્તવિક વેતનોએ લોકશાહી ઢબે શ્રમિકોના જીવન ધોરણમાં તથા તેમને મળતી સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો આવ્યો છે.

(4) ટેક્નોલોજીકલ પ્રગતિ રોજગારી વધારવામાં મદદરૂપ થાય છે :

માકર્સના મતે ટેકનોલોજીકલ પ્રગતિ વધતાં સમાજમાં બેરોજગારી વધે છે અને તેની સાથે 'ઔદ્યોગિક અનામત દળ'માં વધારો થાય છે. પરંતુ તેમાં અતિશયોક્તિ છે કારણ કે, ટેક્નોલોજીકલ પ્રગતિ અને તેનો ઉપયોગ લાંબેગાળે કુલ માંગ અને આવકમાં વધારો લાવી રોજગારીની વધુને વધુ તકોનું સર્જન કરે છે.

(5) નફાના ઘટતા જતા વલણ અંગેનું વિશ્લેષણ સાચું નથી:

માકર્સના મત મુજબ આર્થિક વિકાસ થતાં મૂડીની અંગભૂત રચનામાં વધારો થાય છે, જેને પરિણામે નફાના દરમાં ઘટાડો થવા પામે છે. પરંતુ આ વિશ્લેષણ સાચું નથી કારણ કે, જો આમ જ હોત તા નવા નિયોજકોના વર્ગ ઉત્પાદનક્ષેત્રે પ્રવેશ કરે જ નહિ. વળી અત્રે એ પણ યાદ રાખવું ઘટે કે, ટેક્નોલોજીકલ શોધો ઘણીવાર શ્રમ-બચાવની સાથોસાથ મૂડી-બચાવ પણ હોય છે. એ જ રીતે અર્થતંત્રમાં મૂડી ઉત્પાદન આંક ઘટતાં તથા ઉત્પાદકતા અને કુલ ઉત્પાદનમાં વધારો થતાં વેતનદર અને નફાના દર એમ બંનેમાં વધારો થાય છે.

(6) મૂડીવાદનો અંત આવશે એ આગાહી પણ ખોટી ઠરી છે :

માકર્સે આગાહી કરેલ કે, મૂડીવાદના માળખાંમાં જ મૂડીવાદનો અંત રહેલો છે. પરંતુ તેમણે એ નહિ ધારેલું કે, રાજકીય લોકશાહીનો ઉદ્ભવ અને વિકાસ એ મૂડીવાદને જાળવનાર તથા તેના એક સબળ રક્ષક તરીકે કાર્ય કરશે. રાજકીય વ્યવસ્થા તરીકે લોકશાહી આજે ઘણાં દેશોમાં બદલાતાં જતા સમય અને સંજોગોને અનુરૂપ બની રહી છે. સામાજિક સલામતીની યોજનાઓ, ટ્રસ્ટ અને ઈજારાવિરોધી કાયદાઓ અને મિશ્ર અર્થ વ્યવસ્થા જેવી ઘટનાઓએ માકર્સની આગાહીને ખોટી પાડી છે.

(7) ચક્રીય સિદ્ધાંત ખોટો છે :

માકર્સના મુજબ મૂડી સંચયની પ્રક્રિયા વપરાશી વસ્તુઓની માંગમાં ઘટાડો લાવી નફામાં ઘટાડો લાવે છે. પરંતુ એ હકીકત તેમની ધ્યાન બહાર રહી ગઈ કે આર્થિક વિકાસ અને મૂડીસંચયમાં વધારો થતાં કુલ આવકમાં વેતનના હિસ્સામાં ઘટાડો થાય અથવા તો વપરાશી ચીવવસ્તુઓની માંગમાં ઘટાડો થાય એ જરૂરી નથી. આથી તેમનો ચક્રીય સિદ્ધાંત ખોટો છે, એમ કહી શકાય.

(8) સ્થિર વિશ્લેષણ :

શુમ્પીટરના જણાવ્યા પ્રમાણે માકર્સનો સિદ્ધાંત જો કે ગતિશીલ પ્રક્રિયાની સમજૂતી આપવાનો પ્રયાસ કરે છે. પરંતુ તે તેમ કરી શકતો નથી, કારણ કે, તેના વિશ્લેષણના આધારસ્થંભ શ્રમમૂલ્યનો સિદ્ધાંત અને જીવનનિર્વાહ વેતનનો સિદ્ધાંત છે. આમ, માકર્સે વૃદ્ધિના સિદ્ધાંતની સમજૂતી એવા સાધનોની મદદથી આપી છે જે સ્થિર આર્થિક વિશ્લેષણને વધુ અનુરૂપ છે. બીજા શબ્દોમાં કહીએ તો માકર્સના વિશ્લેષણમાં ગતિશીલ પ્રક્રિયાની સમજૂતી સ્થિર આર્થિક વિશ્લેષણ અને તેના સાધનોની મદદથી આપવામાં આવી છે.

## 12.6 માકર્સનો સિદ્ધાંત અને અલ્પવિકસિત દેશો :

પ્રો. બોનેના મત પ્રમાણે માકર્સે પશ્ચિમની દુનિયાના ઔદ્યોગિક વિકસિત મૂડીવાદી દેશોમાં થતી આર્થિક વૃદ્ધિની સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો. તેમણે અલ્પવિકસિત દેશોમાં પરિવર્તન - વિકાસની સમસ્યાઓ તરફ વિશેષ ધ્યાન આપ્યું નથી, તેથી માકર્સનું મોડેલ સીધેસીધુ અલ્પવિકસિત દેશોને લાગુ ન પાડી શકાય, કારણ કે હકીકતમાં અલ્પવિકસિતતા એ મૂડીવાદની અગાઉની સમાજવ્યવસ્થા છે. વળી માકર્સે વસ્તીના ભારણની પણ અવગણના કરી છે. તેથી તેમનું મોડેલ અલ્પવિકસિત દેશોને લાગુ પાડી શકાય નહિ.

તેમ છતાં માકર્સના મોડેલમાંનાં કેટલાંક નિશ્ચિત તત્વો અલ્પવિકસિત દેશોમાં પણ જોવા મળે છે. દા.ત. શ્રમનું શોષણ થવુ, મૂડીનું કેન્દ્રીકરણ હોવું, વેતનો નીચાં હોવા, બેકારી અને પ્રચ્છન્ન બેકારીનું અતિ મોટુ પ્રમાણ હોવું, ઓછી ખરીદશક્તિ અને વ્યાપક ગરીબી હોવી, સમાજનું બે વર્ગોમાં વિભાજન હોવું વગેરે. આ બધાં પરિબળોના પરિણામે વર્ગવિગ્રહ અને ક્રાંતિની પરિસ્થિતિ ઉદ્‌ભવે છે. લેટિન, અમેરિકા, આફ્રિકા તથા દૂર પૂર્વના કેટલાક દેશોમાં રાજકીય અસ્થિરતા દર્શાવે છે કે આ દેશોમાં સામ્યવાદી ચળવળ આકર્ષક જણાઈ છે. વળી મોટા ભાગના અલ્પ વિકસિત દેશોમાં આયોજિત વિકાસનો ખ્યાલ પણ આકર્ષક બન્યો છે.

એમ કહી શકાય કે અલ્પવિકસિત દેશોમાં માકર્સના વિશ્લેષણમાં દર્શાવેલી પરિસ્થિતિ જોવા મળે છે, પરંતુ આ દેશોના વિશિષ્ટ પ્રશ્નોના કારણે માકર્સનું વિશ્લેષણ આ રાષ્ટ્રોને લાગુ પાડી શકાય નહિ.

લેનિન અને માઓત્સે તુંગે દર્શાવ્યું છે કે વર્તમાન સમયમાં પણ માકર્સના વિચારો પ્રસ્તુત છે અને તેમાં થોડાક ફેરફારો કરવાથી માકર્સનું વિશ્લેષણ વધારે ઉપયોગી બને છે. વળી, માઓના મતે, 'સામ્રાજ્યોએ કોલોનીઓનું શોષણ કર્યું છે અને શક્તિશાળી દેશો નબળા દેશોનું શોષણ કરે છે તેમાંથી મુક્ત થવા માટે માકર્સના વિચારો પ્રેરણાદાયી છે.

◆ તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

(1) કાર્લ માકર્સનો સિદ્ધાંત તેની મર્યાદાઓ સાથે સમજાવો.

(2) કાર્લ માર્ક્સનું આર્થિક વિકાસનું મોડેલ તેની ટીકાઓ સાતે વર્ણવો.

(3) કાર્લ માર્ક્સનો સિદ્ધાંત સમજાવો. તે અલ્પવિકસિત દેશોને લાગુ પડે છે કે વિકસિત દેશોને તે સ્પષ્ટ કરો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.

(1) માર્ક્સના વિચારોનું મહત્ત્વ

(2) માર્ક્સના સિદ્ધાંતમાં અધિશેષ મૂલ્ય

(3) કાર્લ માર્ક્સનો સિદ્ધાંત અને અલ્પવિકસિત દેશો.

(ગ) ખાલી જગ્યા પૂરો.

(1) ..............અધિશેષ મૂલ્યનું સર્જન કરે છે.

(2) મૂડીવાદના પતન માટેનું એક અગત્યનું કારણ.............પણ છે.

(3) આર્થિક શોષણ અનિવાર્યપણે સામાજિક અને રાજકીય ક્રાંતિ લાવે છે અને મૂડીવાદના સ્થાને................અસ્તિત્વમાં આવે છે.

3. માકર્સના મોડેલની ટીકાઓ જણાવો.

## 12.7 સારાંશ :

આ એકમના અભ્યાસના આધારે સમજી શકાય છે કે વાસ્તવમાં અર્થતંત્ર જ્યારે વિકાસ પામતું હોય ત્યારે તે અનેક પ્રકારની અસમતુલા, અસ્થિરતા અને આરોહ - અવરોહમાંથી પસાર થાય છે. જેનું માકર્સે તેમના મોડેલમાં "ભૌતિકવાદ, મૂડીવાદની આંતરિક વિસંગતતાઓ ઉત્પાદન સંબંધોમાં થતાં ફેરફારો, સંપત્તિના કેન્દ્રીકરણ, વેતન અને નફામાં થતાં પરિવર્તનો, તેજીમંદીની ઘટમાળ, વધતી બેકારી, વર્ગ વિગ્રહ અને ક્રાંતિ અંગેના વિચારો દ્વારા સુંદર નિરૂપણ કર્યું છે." માકર્સ યથાર્થ રીતે દર્શાવે છે કે 'વિકાસ એક સળંગ અને સરળ પ્રકારની સમતુલિત પ્રક્રિયા કે સ્થિતિ નથી વિકાસની પ્રક્રિયા દરમિયાન જ મૂડીવાદી આર્થિક પધ્ધતિનું પતન થાય છે.'

આમ, આ એકમના અભ્યાસના આધારે સમજી શકાય છે કે વિકાસની પ્રક્રિયા દરમિયાન જ મૂડીવાદી આર્થિક પદ્ધતિનું પતન સર્જાય છે .માકર્સ દર્શાવે છે કે મૂડીવાદી પદ્ધતિમાં આંતરિક વિસંગતતા રહેલી હોવાથી તેના વિકાસમાં જ તેના વિનાશમાં બીજ રહેલાં છે. તેથી અંતે મૂડીવાદીનાં પદ્ધતિનું પતન થાય છે અને સમાજવાદની સ્થાપના થાય છે. માકર્સનું વિશ્લેષણ મૂડીવાદના નિરાશામય ભવિષ્ય વિશે રજૂઆત કરે છે.

## 12.8 ચાવીરૂપ શબ્દો :

**અધિશેષ મૂલ્ય :** વણ - ચૂકવાયેલ શ્રમ - કાર્યને અધિશેષ મૂલ્ય કહેવામાં આવે છે.

**ઔદ્યોગિક અનામતદળ :** મૂડીવાદના વિકાસની સાથે વસ્તી વધારાને લીધે જે બેરોજગારોનો સમૂહ ઉદ્દભવે છે તે.

## 12.9 કેટલાક ઉપયોગી પુસ્તકો :


- Dasgupta P (1993), An Enquiry into well-being and Destitution, Clarendon Press, oxford.
- Hirsch, A. O. (1958), The Strategy of Economic Development, Yale University Press, New York.
- Lewis, W. A. (1955), The Theory of Economic Growth George Allen and Unwin, London.
- Myrdal, G (1957) Economic Theory and under developed Regions, Duckworth, London.

- Schumpeter, J. A. (1949), The Theory of Economic Development, Harvard University Press, Cambridge.
- Mehrotra, S. and J. Richard (1998), Development with a Human Face : Oxford University Press, New Delhi.


## 12.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

◆ તમારી પ્રગતિ ચકાસો

(1) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.4 ની મદદ વડે જવાબ લખો.

(2) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.3 ની મદદ વડે જવાબ લખો.

(3) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.2 ની મદદ વડે જવાબ લખો.

(4) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.3 ની મદદ વડે જવાબ લખો.

(5) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.7 ની મદદ વડે જવાબ લખો.

(6) 1. સાચું 2. ખોટું 3. સાચું
4. ખોટું 5. સાચું

(7) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.6 ની મદદ વડે જવાબ લખો.

◆ તમારી પ્રગતિ ચકાસો

- **MCQ**

(1) 1) મૂડીદારો 2) અલ્પવપરાશ 3) સમાજવાદ

(2) વિભાગ 12.4 ની મદદ વડે જવાબ લખો.

(3) વિભાગ 12.5 ની મદદ વડે જવાબ લખો.

⊙ ⊙ ⊙

એકમ 13

# આર્થિક વિકાસ અને વસ્તી - 1

-: રૂપરેખા :-

13.0 ઉદ્દેશ

13.1 પ્રસ્તાવના

13.2 આર્થિક વિકાસ અને વસ્તી વચ્ચેનાં આંતરસંબંધો

13.3 માલ્થસનો વસ્તી સિદ્ધાંત

13.4 સારાશ

13.5 ચાવીરૂપ શબ્દો

13.6 તમારી પ્રગતિચકાસો

◆ ઉપયોગી પુસ્તકો

## 13.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ દ્વારા તમે કરી શકશો.

⇨ આર્થિક વિકાસની ચર્ચા

⇨ આર્થિક વિકાસ અને વસ્તી વચ્ચેનાં આંતરસંબંધોની સમજણ આપી શકશો.

⇨ માલ્થસના વસ્તી સિદ્ધાંતની સમજણ આપી શકશો.

## 13.1 પ્રસ્તાવના :

ઘણા સમય સુધી આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસને એકબીજાના સમાનાર્થી તરીકે વાપરવામાં આવતાં. સામાન્ય રીતે રાષ્ટ્રની કુલ ઘરગથ્થુ પેદાશ (GDP)માં લાંબાગાળે જે વધારો થાય તેને આર્થિકવૃદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે. સમય જતાં માથાદીઠ પેદાશના વધારાને પણ આર્થિકવૃદ્ધિ તરીકેના ધોરણને ધ્યાનમાં વધારો થતો નથી. આથી માથાદીઠ ઘરગથ્થુ પેદાશના (દેશમાં થતુ માથાદીઠ ઉત્પાદન) વધારાને આર્થિક વૃદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ જો બંધ અર્થતંત્ર (દેશમાં કોઈપણ પ્રકારની આયાત નિકાસની છુટ ન હોય તેવુ અર્થતંત્ર) હોય તો GDP ના વધારાને ધ્યાને લઈ શકાય. પરંતુ ખુલ્લુ અર્થતંત્ર હોય તો NNP ના વધારાને ધ્યાને લેવામાં આવે છે. આમ, આર્થિકવૃદ્ધિનો ખ્યાલ નાણાકીય માપન સાથે જોડાયેલ છે.

આર્થિક વિકાસનો ખ્યાલ આર્થિકવૃદ્ધિની મર્યાદાને ધ્યાને લઈ રજૂ કરવામાં આવ્યો. કારણ કે આર્થિકવૃદ્ધિમાં માત્ર માથાદીઠ પેદાશ કે આવકને જ ધ્યાને લેવામાં આવે છે. એટલે કે માત્ર માત્રાત્મક ખ્યાલ છે. આર્થિક વિકાસ માત્રને માત્ર માથાદીઠ પેદાશ કે આવકને જ માપદંડ ગણતુ નથી. પરંતુ માથાદીઠ આવકના વધારાની સાથે સાથે લોકોનું જીવન ધોરણ ઉંચુ આવવુ જોઈએ, લોકોની સુખાકારી વધવી જોઈએ. આરોગ્ય અને શિક્ષણની સુવિધા અને માળખાગત સુવિધામાં વધારો થયો હોય તો તેને આર્થિક વિકાસ તરીક ઓળખવામાં આવે છે. આર્થિક વિકાસની સાથે સાથે નિરક્ષણ, ગરીબી, કુપોષણ, અસમાનતામાં પણ ઘટાડો થવો જરૂરી માનવામાં

આવે છે. આર્થિક વિકાસના ખ્યાલની નવી રજુઆતમાં તો આવકની સમાન વહેંચણીને પણ તેટલુ જ મહત્ત્વનું ધોરણ ગણવામાં આવે છે.

આર્થિક વિકાસના સંદર્ભમાં ડુડલી શીયરના શબ્દોમાં કહીએ તો દેશના વિકાસ બાબતે ત્રણ પ્રશ્નો પૂછવા રહ્યા દેશમાં ગરીબી, બેરોજગારી અને અસમાનતાના એવા પ્રમાણમાં શું થયુ છે ? જો દેશમાં આ ત્રણેયમાં ખૂબ સારા એવા પ્રમાણમાં ઘટાડો થયો છે તો શંકાને કોઈ સ્થાન નથી કે આર્થિક વિકાસ થયો છે. પરંતુ જો માથાદીઠ આવક દેશમાં બમણી થઈ હોય અને સામે ગરીબી, બેરોજગારી તથા અસમાનતા વધી હોય તો આર્થિક વિકાસ થયો છે તેવુ કહેવુ થોડુ વિચિત્ર લાગશે એટલે કે તે કેસમાં માત્ર આર્થિક વૃદ્ધિ થઈ છે તેમ કહેવાય.

પાકીસ્તાની અર્થશાસ્ત્રી મહેબુબ ઉલ હક્કના મત મુજબ પણ આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા ગરીબી દુર કરવા સઘન પ્રયાસ જરૂરી છે. આ ઉપરાંત વિકાસના લક્ષ્યાંકોમાં ગરીબી, કુપોષણ, નિરક્ષરતા તથા બેરોજગારી જેવી સમસ્યાઓ દૂર કરવાને પ્રાધાન્ય મળવુ જરૂરી છે.

તેમના મતે આર્થિક વિકાસની બાબતમાં પણ બે બાબતો નોંધવી જરૂરી છે.

1. પ્રણાલિગત ખ્યાલ :

   પ્રણાલીગત ખ્યાલ પ્રમાણે આર્થિક વિકાસ એટલે દેશના GDP માં 5 થી 7% સુધીનો વધારો તથા રાષ્ટ્રનું ખેતીક્ષેત્ર તરફથી ઔધોગિક ક્ષેત્ર તરફ આગળ વધવું.

2. આધુનિક ખ્યાલ :

   આધુનિક ખ્યાલ પ્રમાણે આર્થિક વિકાસ એટલે ઓછી આવક ધરાવનાર વર્ગના જીવનધોરણમાં સુધારો થવો ગરીબી, નિરક્ષરતા, રોગમાં ઘટાડો થવો તથા સમયાંતરે બેરોજગારી અને આવકની અસમાનતા જેવી સમસ્યામાંથી પણ બહાર આવવુ. આ ખ્યાલથી પણ આગળ, અમર્ત્ય સેન વિકાસની ઓળખ સંદર્ભે જણાવે છે કે, આર્થિક વિકાસ એટલે લોકોના ભૌતિક ન્યૂનતમ જીવન સરમાં સુધારો, પસંદગીની તકોમાં વધારો, વ્યક્તિઓની સ્વતંત્રમાં વધારો અને તેની સાથે લોકોના આત્મગૌરવમાં થતો વધારાને આર્થિક વિકાસ કહી શકાય.

   આમ પછાત કે પછી વિકાસશીલ રાષ્ટ્રો પણ આર્થિક વિકાસના ઊંચા લક્ષ્યાંક સાથે જ ચાલે છે. સ્વાભાવિક જ આર્થિક વિકાસના ઊંચા લક્ષ્યાંકો રાષ્ટ્રોને આકર્ષે છે. પરંતુ આ હેતુઓને પાર પાડવા એ પણ ખૂબ જ મુશ્કેલ લક્ષ્યાંકો છે એશિયા તથા આફ્રીકાના ઘણાં રાષ્ટ્રો દશકોથી આ લક્ષ્યાંકો પાર પાડવા અને આર્થિક તથા સામાજિક રૂપાંતરણ માટે પ્રયાસ કરી રહ્યા છે પણ પરિણામો પ્રોત્સાહક લાગતા નથી.

## 13.2 આર્થિક વિકાસ અને વસ્તી વચ્ચેના આંતરસંબંધો :

આર્થિક વિકાસ અને વસ્તી વૃદ્ધિ દર ખૂબ નજીકનો સંબંધ ધરાવે છે આથી બંને વચ્ચેના આંતર સંબંધની ચર્ચા ખૂબ જ મહત્ત્વની બની રહે છે. વસ્તી વૃદ્ધિ દરની અસર આર્થિક વિકાસ પર તથા આર્થિક વિકાસની અસર વસ્તી વૃદ્ધિ દર પર થતી રહે છે. આર્થિક વિકાસની વસ્તી વૃદ્ધિ ઉપરની અસરને વસ્તી સંક્રમણના સિદ્ધાંતધારા સમજાવવામાં આવે છે. તે ઉપરાંત વસ્તીની આર્થિક વિકાસ ઉપરની અસરને માપવામાં આવે છે.

વસ્તી સંક્રમણના સિદ્ધાંત મુજબ દેશનો આર્થિક વિકાસ સામાન્ય રીતે ત્રણ તબક્કામાંથી

પસાર થતો હોય છે. દેશનો પ્રથમ તબક્કો (1) પછાત બીજો તબક્કો (2) વિકાસશીલ અને ત્રીજો તબક્કો (3) વિકસિત આ રીતે દેશ આર્થિક વિકાસના જુદા જુદા તબક્કામાંથી પસાર થાય છે, આ તબક્કાઓની સાથે સાથે દેશમાં સામાજિક, માળખાત અને વસ્તી વૃદ્ધિ દરના તબક્કામાં પણ પરિવર્તન જોવા મળે છે.

- જ્યારે કોઈપણ દેશ આર્થિક વિકાસના પ્રથમ તબક્કામાં એટલે કે પછાત હોય ત્યારે દેશમાં ગરીબી અને બેરોજગારી જેવી સમસ્યા વધુ હોય છે. સાથે સાથે આરોગ્ય સેવાઓ દેશમાં પછાત હોય છે અને શિક્ષણનું પ્રમાણ આ તબક્કામાં સામાન્ય રીતે જન્મદર અને મૃત્યુદર ઊંચો હોવાથી વસ્તીવૃદ્ધિનો દર નીચો જોવા મળે છે.
- જ્યારે દેશ આર્થિક વિકાસના એટલે કે વિકસિત અર્થતંત્ર બની જાય ત્યારે સ્થિર વિકાસની સઘન યોજનાઓ બનાવે છે. બધાને આરોગ્યસેવા સુલભ રીતે મળી રહે તેવા પ્રયાસો થાય છે. સાથે સાથે લોકો પણ શિક્ષિત અને જાગૃત બને છે. આ તબક્કામાં સામાન્ય રીતે જન્મદર અને મૃત્યુદર પણ નીચો રહે છે. આથી વસ્તી વૃદ્ધિનો દર સ્થિર રહે છે.

વસ્તીવૃદ્ધિ દરની આર્થિક વિકાસ ઉપરની અસર અંગે બે મત પ્રવર્ત છે એક મત અનુસાર વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને અવરોધક છે એટલે કે આર્થિ વિકાસને અટકાવે છે. જ્યારે બીજા અભિગમ મુજબ વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને ગતિ આપે છે. અહી આપણે બંને અભિગમની ચર્ચા કરીશું.

13.2.1 વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસ માટે અવરોધક છે.

1. બચત અને મુડીરોકાણ ઘટે છે :

   વસ્તીવૃદ્ધિના કારણે બાળકોની સંખ્યા વધે છે. આ બાળકો ઉત્પાદન પ્રવૃતિમાં ભાગ ન લેતા હોવાથી તેમની આવક બાજુ ભૂમિકા હોતી નથી પરંતુ પરિવારના ખર્ચમાં વધારો થાય છે. આથી પરિવારમાં બચતનું પ્રમાણ ઘટે છે જેથી અર્થતંત્રમાં પણ બચતોનો પ્રવાહ અટકે છે અને અર્થતંત્રમાં મૂડીરોકાણનું પ્રમાણ પણ ઘટે છે.

2. અનાજની અછત ઉભી થાય છે :

   દેશમાં જેટલા પ્રમાણમાં વસ્તી વધે છે, તેની સામે કૃષિક્ષેત્રમાં તેટલા જ પ્રમાણમાં અનાજનું ઉત્પાદન ન વધે તો દેશમાં અનાજની અછત ઉભી થાય છે, કોઈવાર ભૂખમરાની સ્થિતિ પણ ઉદ્દભવી શકે. આ અછતને નિવારવા માટે દેશમાં કોઈ વાર અનાજની આયાત કરવાની પણ ફરજ પડે છે. જો દેશ તરફથી નિકાસ ઓછી થતી હોય તો વિદેશી હૂંડીયામણની સમસ્યા પણ ઉદ્દભવે છે.

3. વધતી વસ્તીને કારણે જમીન પર દબાણ વધે છે :

   રાષ્ટ્રને પોતાને મળેલ જમીનનો વિસ્તાર નિશ્ચિત હોય છે એટલે કે દેશનું જમીનનું ક્ષેત્રફળ ચોક્કસ કે મર્યાદીત હોય છે. તેની સામે વસ્તીમાં સતત વધારો થાય છે દા.ત. ભારતને મળેલી જમીન વિસ્તાર વિશ્વની કુલ જમીનના % છે. જ્યારે ભારતની વસ્તી વિશ્વની કુલ વસ્તીના લગભગ 17.5% છે. આમ, કુલ જમીન મર્યાદીત રહેશે, પરંતુ વસ્તીમાં સતત વધારો થશે. વધતી વસ્તીનો ભાર દેશની કુદરતી સંપત્તિ, અનાજ, ખનિજ વગેરે પર દબાણ વધે છે. એક વ્યક્તિને ફાળે આવતી જમીન પણ પ્રમાણમાં ઘટતી જાય છે. વધતી વસ્તીને ટકાવી રાખવા કે

સહયોગ કરવા દેશની સાધન સંપત્તિનો ઉપયોગ થાય છે, જે આર્થિક વિકાસ માટે ઉપયોગમાં લેવાતી નથી. આ ઉપરાંત સતત અને ઊંચા દરે વધતી વસ્તી કૃષિક્ષેત્રમાં પણ એક વ્યક્તિને ફાળે આવતી (માથાદીઠ ખેડાણ લાયક જમીન) જમીનમાં ઘટાડો થાય છે.

4. રોજગારી પર અસર :

જેટલા પ્રમાણમાં વસ્તીવૃદ્ધિ દર રહે તેટલા પ્રમાણમાં જો રોજગારી ન વધારી શકાય અથવા બીજા શબ્દોમાં કહીએ તો જેટલા પ્રમાણમાં વસ્તી વધે તેટલા પ્રમાણમાં ઉદ્યોગ અને સેવાક્ષેત્રમાં રોજગારીની તકો ન વધે તો બેરોજગારીની પરિસ્થિતિ ઉભી થાય છે. વધારે પડતા લોકો કૃષિક્ષેત્ર પર ફરજિયાત પણે આધાર રાખતા જોવા મળે છે. પરંતુ આ બધા લોકોની કૃષિક્ષેત્રમાં જરૂરીયાત હોતી નથી. આથી કૃષિક્ષેત્રમાં પ્રચ્છન્ન કે છૂપી બેરોજગારી ઉદ્‌ભવે છે. આમ, વસ્તીવૃદ્ધિ બેરોજગારીની સમસ્યામાં વધારો કરે છે.

5. માથાદીઠ આવક અને જીવનધોરણ નીચુ જાય છે :

જ્યારે દેશની વસ્તીમાં જેટલી ઝડપથી વધારો થતો હોય તેટલી ઝડપથી રાષ્ટ્રીય આવક ન વધતી હોય તો આર્થિક વિકાસ ધીમો રહે છે, માટે માથાદીઠ આવકનું પ્રમાણ નીચુ રહે છે અને આવકની વહેંચણીમા જો અસમાનતાનું પ્રમાણ વધુ હોય તો વસ્તીના મોટા પ્રમાણના લોકોને આવક ઓછી પ્રાપ્ત થાય છે. જેના પરિણામે દેશના બહુ મોટા પ્રમાણની વસ્તીનું જીવનધોરણ નીચું રહી જવા પામે છે.

આમ, વસ્તીવૃદ્ધિની વિપરીત અસર આર્થિક વિકાસ પર થાય છે. વસ્તીવૃદ્ધિને કારણે દેશમાં આર્થિક વિકાસ ધીમો પડે છે. કારણ કે વસ્તીવૃદ્ધિને પરીણામે સરકારે એક સાથે ઘણા મોરચે લડાઈ લડવી પડે છે. આથી સરકારના પ્રયત્નો છતાં અર્થતંત્રમાં તે પ્રયાસોના સકારાત્મક પરિણામો બહુ ઓછા જોવા મળે છે. આમ, આ અભિગમ અનુસાર વસ્તીવૃદ્ધિ એ આર્થિક વિકાસ માટે અવરોધક છે.

13.2.2 વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને અવરોધક નથી :

કેટલાક વિચારકોના મતે વસ્તીવૃદ્ધિનો ભય એ વિકસિત રાષ્ટ્રો એ વિકસતા દેશો માટે સામાજિક આર્થિક રાજકીય સંસ્થાકીય ઉભો કરેલો ખ્યાલ છે. આ ઉપરાંત વસ્તીવૃદ્ધિ નહીં પરંતુ અન્ય ઘણી બીજી સમસ્યાઓ આર્થિક વિકાસને અટકાવે છે. આમ, વસતિવૃદ્ધિ આર્થિક વિકાસને અવરોધક છે, એ દલિલોના સંદર્ભે પ્રતિ દલીત આ મુજબ કરવામાં આવે છે. કે વસ્તીવૃદ્ધિ એ ખરી સમસ્યા જ નથી.

અગાઉ ચર્ચા કરી તે મુજબ વસ્તીવૃદ્ધિના કારણે અનાજની અછત ઉભી થાય છે. પરંતુ વર્તમાન સંદર્ભમાં જોઈએ તો આધુનિક સાધનો અને બિયારણોના ઉપયોગથી અનાજનું ઉત્પાદન વધારવું કૃષિક્ષેત્ર માટે શક્ય બન્યુ છે. પહેલાના સમયમાં દુકાળ કે ભૂખમરાની સ્થિતિ ઉદ્દભવતી પણ કૃષિક્ષેત્રના આધુનિકરણની સાથે એ પ્રશ્ન ઘણા દેશો માટે ભૂતકાળ છે.

આ ઉપરાંત ઘણા દેશો એવા પણ છે કે જેમની પાસે પૂરતા પ્રમાણમાં જમીન છે. પરંતુ તેનો ઉપયોગ થઈ શકે તેટલી વસ્તી નથી. જેના પરીણામે તે જમીન વણવપરાયેલી

પડી રહે છે. આથી ઓછી વસ્તી તો આમ જોવા જઈએ તો આવા દેશો માટે નુકસાનકારક સાબિત થાય છે, કારણ કે જમીન ઉપલબ્ધ હોવા છતાં પણ તેનો ઉપયોગ થઈ શકતો નથી અને આવા દેશોમાં જમીન પર દબાણ પણ વધતું નથી.

ઘણાં રાષ્ટ્રો પાસે કુદરતી સાધનસંપત્તિનું પણ સારુ એવુ પ્રમાણ છે પરંતુ તે સાધન સંપત્તિનો ઉપયોગ થઈ શકે તેટલી વસ્તી નથી. આથી ઘણી કુદરતી સાધન સંપત્તિ તો વણવપરાયેલી જ પડી રહે છે. આમ, દેશ સમૃદ્ધ હોવા છતાં ત્યાંની વસ્તી તેનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરી શકતી નથી. આમ, વસ્તીવૃદ્ધિ દેશના આર્થિક વિકાસને અટકાવતી નથી.

ખરુ જોવા જઈએ તો વસ્તીવૃદ્ધિ કરતાં અન્ય સમસ્યાઓ આર્થિક વિકાસને અટકાવે છે તેવુ કહી શકાય. દા.ત. 'ગરીબી' નીચી માથાદીઠ આવક જેવી સમસ્યાને કારણે ગરીબી જોવા મળે છે આથી લોકો ઘણી બધી વસ્તુઓની માંગ કરી શકતા નથી અને જીવનધોરણ પણ નીચું રહે છે.

સારાંશમાં એવુ કહી શકાય કે વસ્તીવૃદ્ધિએ ખ્યાલ ધનિક વિકસિત રાષ્ટ્રોએ ઉભો કરેલો છે કારણ કે વિકસિત અને ધનિક રાષ્ટ્રો વિકાસશીલ રાષ્ટ્રોની સરખામણીએ અનેક ગણો વપરાશ કરે છે. આથી તેવાં રાષ્ટ્રોને ડર લાગે છે કે આવા વિકાસશીલ કે પછાત રાષ્ટ્રોની વસ્તી સતત વધશે તો તેઓ ખૂબ મોટા પ્રમાણમાં વપરાશ નહીં કરી શકે કારણ કે આવા રાષ્ટ્રો વિશ્વના કુદરતી સંસાધનો અને સંપતિમાં ભાગ પડાવશે. આથી પછાત અને વિકાસશીલ રાષ્ટ્રોમાં વસ્તીવૃદ્ધિ નુકસાનકારક સાબિત થશે એવો ખ્યાલ ઉભો કરે છે. જો કે આ બાબતને પૂરેપૂરી નકારી શકાય તેવું નથી. કારણકે વિશ્વમાં બીજા ક્રમે સૌથી વધુ વસ્તી ધરાવતા ભારત દેશમાં વસ્તીવૃદ્ધિ માટેનો પડકાર છે વધતિ વસ્તીવૃદ્ધિ જમીન સંશાધન, ઉપર દબાણ ઉભુ કરે છે, કૃષિક્ષેત્રે પ્રછન્ન બેકારી, ગરીબી, તીવ્ર આર્થિક અસમાનતા વગેરે પ્રશ્નો માટે ઘણાં પરિબળો પૈકી વસ્વીવૃદ્ધિની નકારાત્મક ભૂમિકા નકારી શકાય તેમ નથી. આ ઉપરાંત આવકની અસમાન વહેંચણી પણ રાષ્ટ્ર માટે એક એટલો જ મહત્ત્વનો ખ્યાલ છે કારણ કે આવકની અસમાનતા વધુ પ્રમાણમાં હોય ત્યાં સરેરાશ વપરાશ પણ ઓછો રહે છે.

અહીં ચોક્કસ પણે કોઈ એક જ સંદર્ભમાં વસ્તીવૃદ્ધિને આર્થિક વિકાસને અવરોધક પરીબળ ગણવુ કે કેમ ? તે વિચાર અને સંશોધન માંગી લે તે પ્રકારનો ખ્યાલ કહી શકાય.

## 13.3 માલ્થસનો વસ્તી સિદ્ધાંત :

થોમસ રોબર્ટ માલ્થસ દ્વારા 1798માં તેમના પુસ્તક "An essay on the Principle of Population" રજૂ કરવામાં આવ્યો. માલ્થસ દ્વારા આ સિદ્ધાંત રજૂ થયો હોવાથી આ સિદ્ધાંતને માલ્થસના વસ્તી સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

માલ્થસ પહેલાં પણ વસ્તીનો સમસ્યાનો અભ્યાસ થયો હતો. પરંતુ માલ્થસ એવા પહેલાં લેખક હતા; જેમણે વસ્તીની સમસ્યાના અલગ અભ્યાસની આવશ્યકતા છે તેવી રજુઆત કરી. તેનું કારણ એ હતુ કે વસ્તીમાં સતત વધારો થતો રહેતો હતો. આ ઉપરાંત યુદ્ધને કારણે સંશાધનોની અછત ઉભી થઈ હતી તેમજ અનાજની ઉપલબ્ધિનું પ્રમાણ પણ ઓછું હતુ. આ ઉપરાંત બેરોજગારીની સમસ્યા પણ જોવા મળી હતી. માલ્થસના તે સમયગાળા દરમિયાનમાં એ બાબત

પણ નોંધવામાં આવી કે અમુક રાષ્ટ્રો પાસે સંશાધનો ઓછા અને વસ્તીનું પ્રમાણ ખૂબ વધારે છે. દા.ત. ભારત, ચીન વગેરે. જ્યારે અમુક રાષ્ટ્રો પાસે વિપુલ પ્રમાણમા સંશાધનોનો પૂરતો ઉપયોગ પણ થઈ શકતો નથી, આથી માલ્થસને વસ્તીની સમસ્યાનાં અલગ અભ્યાસની આવશ્યકતા ખ્યાલમાં આવી.

માલ્થસે પોતાના સિદ્ધાંતની રજૂઆતમાં આ મુજબની ધારણાઓ કરી છે.

1. માણસની બાળકને જન્મ આપવાની ઈચ્છા, ક્ષમતા અને પ્રજનનદર સતત રહે છે, જેના કારણે વસ્તી સતત વધે છે.
2. જીવનધોરણ ઊંચુ આવવાને કારણે મૃત્યુદર ઘટે છે કારણ કે માણસની સમૃધ્ધિ વધતાં તેને સારી અને આધુનિક મેડીકલ સુવિધાઓ પ્રાપ્ત થાય છે આથી મૃત્યુદર ઘટે છે.
3. કૃષિક્ષેત્રમાં ઘટતા સિમાંત ઉત્પાદકતાનો નિયમ લાગુ પડે છે જેના કારણે અમુક સમય પછી ઉત્પાદન ઘટે છે.

અહીં માલ્થસ પોતાની ધારણાઓને આધારે પોતાનો સિદ્ધાંત સમજાવે છે. માલ્થસના મત મુજબ વસ્તીનો વધારો ગાણિતિક ગતિ એટલે કે 1, 2, 4, 8, 16 મુજબ થાય છે, જેની સામે અનાજ કે ખોરાકમાં વધારો અંકગણિત ગતિ 1, 2, 3, 4, 5, 6 પ્રમાણે થાય છે. આવી સમય જતાં વસ્તી અને અનાજની ઉપલબ્ધતા વચ્ચે અંતર ખૂબ વધી જાય છે. અહીં માલ્થસના મતે માણસની બાળકને જન્મ આપવાની ક્ષમતા અને ઈચ્છા વધુ હોવાથી જન્મદર ઊંચો રહે છે સમય જતાં સમૃદ્ધિને પરિણામે આરોગ્ય સેવા સારી મળી રહે છે. આથી વસ્તીનો વૃદ્ધિ દર ઊંચો રહેશે. જેનાં કારણે વસ્તી વધારો ઊંચો રહેશે, જેની સામે કૃષિઉત્પાદન પ્રમાણામાં નીચુ રહેશે. પરિણામે એક સમય એવો આવશે કે જેથી અનાજની ઉપલબ્ધતાની સામે વસ્તીનું પ્રમાણ ખુબ વધશે. જેના કારણે રાષ્ટ્રમાં અનેક સમસ્યાઓ ઉભી થશે. આ સમસ્યા ન ઉભી થાય તેના માટે બે પગલાઓની તેઓ ભલામણ કરે છે.

A) નિશ્ચિત અથવા સ્પષ્ટ પગલા (કુદરત દ્વારા લેવાતાં પગલાં) (Positive Checks)

B) નિવારક પગલા (મનુષ્ય દ્વારા લેવાતાં પગલાં) (Preventive Checks)

A) નિશ્ચિત અથવા કુદરત દ્વારા લેવાતાં પગલાં

અનાજની ઉપલબ્ધતાની સરખામણીએ વસ્તી ખૂબ જ વધી જાય અને વિશ્વમાં ભૂખમરાની અને બીજી અનેક સમસ્યાઓ ન ઉદ્ભવે તે માટે કુદરત પોતાની રીતે વ્યવસ્થા જળવાય તેવા પ્રયાસ કરે છે. એટલે કે કુદરતી આફતો જેવી કે દુકાળ, ભૂખમરો, ભૂકંપ, વાવાઝોડુ, અતિવૃદ્ધિ, પુર કે પછી યુદ્ધ જેવી આફતોથી ખૂબ મોટા પાયે નુકસાન થાય છે. અને પરિણામે ઘણાં લોકોનાં મૃત્યુ થાય છે. દા.ત. 2020ના વર્ષમાં કોવિડ-19 કોરોના મહામારીના સંક્રમણના કારણે વિશ્વમાં ઘણાં લોકોનાં મૃત્યુ થયા છે. આમ જે તે રાષ્ટ્રમાં આવાં મૃત્યુને કારણે વસ્તીમાં ઘટાડો જોવા મળે છે. આમ, તેમના મતે કુદરત દ્વારા ગોઠવાયેલી વ્યવસ્થાને કારણે વસ્તી ઓછી થાય છે.

B) નિવારક પગલા (Preventpve Checks)

જો વિશ્વમાં લોકો પોતે સમજદાર રહે અને વસ્તી નિયંત્રણમાં રહે તો કુદરત દ્વારા સર્જાતી સમસ્યાઓ ઓછી રહે છે. આપણ એવું પણ નોંધી શકીએ કે છેલ્લા થોડા વરસોમાં વિશ્વ સ્તરે કુદરતી આફતો જુદા જુદા પ્રકારે જોવા મળી છે

અને જેના કારણે ઘણાં બધાં લોકોનાં મૃત્યુ થયા છે જો આવું ન થાય તેવું માણસ ઈચ્છતા હોય તો માણસોએ સમજણપૂર્વક નિવારક પગલા અપનાવવા જોઈએ.

નિવારક પગલાઓના ભાગરૂપે

1. લોકો પોતે સંયમ જાળવે અને જન્મદરને નિયંત્રણમાં રાખે.
2. લગ્ન માટેની નક્કી કરાયેલી કાયદેસરની ઉંમર વધારવામાં આવે.
3. કુટુંબ નિયોજનને માટે લોકોમાં જાગૃતિ લાવવામાં આવે અને વધુ લોકો તેને અપનાવે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે.

જો કે કુટુંબ નિયોજન જેવા આધુનિક સાધનોનો ઉપયોગ માલ્થસ દ્વારા સૂચવવામાં નહોતો આવ્યો. માલ્થસે માત્ર સંયમ અને મોડા લગ્ન જ સૂચવેલા પરંતુ નવી માલ્થુસિયન આવૃતિમાં કુટુંબનિયોજન સૂચવવામાં આવેલ.

- માલ્થસ વસ્તી સિદ્ધાંતની મર્યાદા

1. માલ્થસની વ્યક્તિની બાળકને જન્મ આપવાની ઈચ્છા કે ક્ષમતા પ્રજાનક્ષમતા એકસરખી કે સતત રહે છે તેવી ધારણા કરવામાં આવી છે અને જેથી વસ્તી સતત વધે છે. પરંતુ વાસ્તવમાં આવુ થતુ નથી કારણ કે સમય જતાં વ્યક્તિની બાળકને જન્મ આપવાની ઈચ્છા અને ક્ષમતા બંને ઘટે છે. આથી આ ધારણા વાસ્તવિક જણાતી નથી. જેના કારણે વસ્તી પણ સતત વધે છે તેવું માનવુ પણ અવ્યવહારુ લાગે છે.
2. સમૃદ્ધિ વધવાથી મૃત્યુદર ઘટે છે અને વ્યક્તિ સમૃદ્ધ થાય છે તેમ વધારે બાળકોનું પાલન પોષણ કરી શકવાથી વધારે બાળકોને જન્મ આપશે તેવી ધારણા પણ અહીં અવ્યવહારુ લાગે છે. કારણ કે આપણી આસપાસ આપણે જોઈ શકીએ છીએ કે સમૃદ્ધ પરિવારમાં બાળકોની સંખ્યા ઓછી જોવા મળે છે.
3. માલ્થસે પોતાના ખ્યાલને સમજાવવા વસ્તી માટે ભૌમિતિક (1, 2, 4, 8....) અને અનાજ ઉત્પાદન માટે અંક ગણિત (1, 2, 3, 4.....) નો જે ખ્યાલ આપ્યો છે તે માત્ર માલ્થસ દ્વારા ઉપયોગમાં લેવાયેલો ખ્યાલ છે. વાસ્તવમાં આવા ગાણિતિક ખ્યાલ પાછળ કોઈ ચોક્કસ આધાર નથી. આથી વસ્તી આ જ અંદાજ પ્રમાણે સતત વધશે જ તે અતિરેક રજૂઆત કહી શકાય.
4. કૃષિક્ષેત્રમાં ઘટતી સિમાંત ઉત્પાદક્તાની ધારણા પણ હાલના સમયમાં અવાસ્તવિક લાગે છે. વિશ્વમાં કૃષિ ઉત્પાદક્તા ક્રમશ વધતી રહી છે. દા.ત. ભારતના સંદર્ભમાં જ જોઈએ તો સમયની સાથે ભારતમાં કૃષિ ઉત્પાદન વધ્યુ છે. તેમાં ઘટાડો થયો નથી. આમ, કદાચ માલ્થએ જે તે સમયે ભવિષ્યમાં કોઈ વૈજ્ઞાનિક સંશોધનો કે આવિષ્કાર થશે તેવી બાબતોને અવગણી હોય તેવુ લાગે છે.
5. માલ્થસ વસ્તી સિદ્ધાંતની એક ટીકા એવી પણ કરવામાં આવે છે કે વસ્તીની સરખામણી અનાજ સાથે નહી પરંતુ રાષ્ટ્રીય આવક સાથે થવી જોઈએ. કારણ કે જો કોઈ રાષ્ટ્રમાં અનાજનુ ઉત્પાદન ઓછુ થતુ હોય પરંતુ સામે જો દેશની રાષ્ટ્રીય આવક વધારે હોય તો દેશ અનાજ અન્ય રાષ્ટ્ર પાસેથી પણ મેળવી શકે છે.

6. અતિ વસ્તીને કારણે જ કુદરતી વ્યવસ્થા એટલે કે નિશ્ચિત પગલાને કારણે કુદરતી આફત વધે તેવુ જરૂરી નથી કારણ કે જે રાષ્ટ્રોમાં વસ્તી ઓછી છે તેવાં રાષ્ટ્રોમાં પણ કુદરતી આફતો જોવા મળે છે.

7. વસ્તી વધે તો તેની સાથે દેશની માનવસંપત્તિમાં પણ વધારો થાય છે એટલે કે દેશનું શ્રમબળ કે શ્રમસંશોધન વધે છે, જેથી વધુ લોકો કામ કરે છે. આથી વધારે વસ્તી માત્ર ખોરાકની માંગ જ વધારે છે તેવું કરી શકાય નહીં.

8. વધતી વસ્તી હંમેશા નુકસાનકારક જ હોય તેવું જરૂરી નથી; કારણ કે જે રાષ્ટ્રમાં કુદરતી સંશાધનો કે સંપતિ વધારે છે, પરંતુ વસ્તી ઓછી છે તો સાધનો વણવપરાયેલા રહે છે. આથી આવા રાષ્ટ્રમાં વસ્તીમાં વધારો થવો એ સારી બાબત છે.

## 13.4 સારાંશ :

ઉપરોક્ત ચર્ચા પ્રમાણે એવી રજુઆત ચોક્કસ પણે થઈ શકે કે વસ્તી અને આર્થિક વિકાસ બંને વચ્ચે સંબંધ છે એટલે કે દેશના આર્થિક વિકાસ પર વસ્તીવૃદ્ધિની અસર જોવા મળે છે. તેમજ આર્થિક વિકાસના વધતા દરની અસર વસ્તીવૃદ્ધિના દર પર પણ જોવા મળે છે. તેમજ આર્થિક વિકાસના વધતા દરની આ બાબતને આપણે આર્થિક વિકાસના ત્રણ તબક્કા (1) પછાત (2) વિકાસશીલ અને (3) વિકસિત પ્રમાણે ચર્ચા કરી.આ તબક્કાની વસ્તીવૃદ્ધિ અને સામાજિક અસરો પણ તપાસી. આ ઉપરાંત આર્થિક વિકાસના પણ પ્રણાલીગત અને આધુનિક ખ્યાલની સમજૂતી પણ મેળવી. આ ઉપરાંત આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિના આંતરસંબંધને પણ બે જુદા જુદા દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કર્યો જેમાં,

(1) વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને અટકાવે છે તે ખ્યાલમાં ખોરાકની અછત, બેરોજગારી, ઓછી માથાદીઠ આવક, નીચું જીવન ધોરણ વગેરે બાબતોની ચર્ચા કરી.

(2) સાથે સાથે વસ્તીવૃદ્ધિને કારણે આર્થિક વિકાસ અટકતો નથી તે બાબતને પણ કૃષિક્ષેત્રના વિકાસ આધુનિકરણ અમુક રાષ્ટ્રોમાં વણપરાયેલા સંશાધનો વગેરે બાબતોની ચર્ચા કરી. આ ઉપરાંત વાસ્તવિકતામાં વધતી વસ્તી નહીં પરંતુ આર્થિક વિકાસને બીજી ઘણી સમસ્યાઓ અટકાવે છે તે સમજવાનો પ્રયાસ કર્યો.

આ ચર્ચાની સાથે સાથે માલ્થસના વસ્તી સિદ્ધાંતનો પણ અભ્યાસ કર્યો. થોમસ રોબર્ટ માલ્થસના મતે વસ્તીમાં સતત વધારો થતો રહે છે તેની સરખામણીએ અનાજના ઉત્પાદનમાં તેટલી ઝડપથી વધારો થતો નથી. આથી એક સમય એવો આવે છે કે વસ્તી અને અનાજ બંનેનું અંતર ખૂબ વધી જાય છે. આથી આ અસમાનતા ને કારણે રાષ્ટ્રમાં અન્ય સમસ્યાઓ વધે છે. તેમાંથી બચવા માટે લોકોએ નિવારક પગલાઓ જેવા કે નૈતિક સંયમ કે મોડા લગ્નને પ્રાધાન્ય જેવા પગલાથી આપ મેળે વધતી વસ્તી પર નિયંત્રણ રાખી શકાય. માલ્થસના સિદ્ધાંત મુજબ જો લોકો દ્વારા આ પ્રકારના પગલા લેવામાં નહીં આવે તો કુદરત દ્વારા નિશ્ચિત પગલા ભાગરૂપે ભૂકંપ, પૂર, દુકાળ, અતિવૃષ્ટિ વગેરે વધે છે. આમ, સમયાંતરે ઉપલબ્ધ અનાજ કે ખોરાક તથા વસ્તી બંને સરખા થવાનું વલણ ધરાવે છે. પરંતુ આ સિદ્ધાંતમાં ઘણી મર્યાદાઓ પણ રહેલી છે જેનો અભ્યાસ કર્યો. જેમ કે માલ્થસની ધારણા મુજબ વસ્તીમાં સતત વધારો થશે નહીં, સમય જતાં આધુનિક ખેતીને કારણે અનાજનું ઉત્પાદન પણ વધે છે, પરિવર્તનની શક્યતાને

અવગણવામાં આવી છે, અનાજને બદલે વસ્તીની સરખામણી રાષ્ટ્રીય આવક સાથે થવી જોઈએ. આમ, માલ્થસના વસ્તી સિદ્ધાંતની ટીકાને પણ આપણે તપાસી.

## 13.5 ચાવીરૂપ શબ્દો :

1. આર્થિક વૃદ્ધિ : દેશની કાચી ઘરગથ્થુ પેદાશ (GDP) માં લાંબાગાળા સુધી વધારો થવો અથવા માથાદીઠ ઉત્પાદનમાં વધારો થવો કે GDP માં 5 થી 7% નો વધારો પ્રાપ્ત થવો અથવા આર્થિક વૃદ્ધિમાં પરિમાણાત્મક (Quantitative) ખ્યાલ પર વધુ ભાર મુકવામાં આવે છે.
2. આર્થિક વિકાસ : આર્થિક વિકાસમાં GDP માં વધારાની સાથે સાથે ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી અને અસમાનતામાં ઘટાડા સાથે સાથે લોકોના જીવનધોરણમાં સુધારાને પણ તેટલુ જ મહત્ત્વ આપવામાં આવે છે.
3. વસ્તીવૃદ્ધિ : વસ્તીમાં થતાં વધારાને માપવામાં આવે છે. વસ્તીવૃદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે વાર્ષિક વસ્તીવૃદ્ધિ કે દશકાની વસ્તીવૃદ્ધિ સૂત્ર વસ્તીવૃદ્ધિ દર

$$= \frac{\text{આગલાં વર્ષની વસ્તી - ચાલુ વર્ષની વસ્તી}}{\text{આગલા વર્ષની વસ્તી}}$$

4. નિશ્ચિત અથવા હકારાત્મક પગલા : અનાજની જે ઉપલબ્ધતા અને વસ્તીના પ્રમાણને એક સરખા (સમાંતર) કરવા કુદરતા દ્વારા લેવાતાં પગલાં.
5. નિવારક પગલાં : માણસોની સમજણ દ્વારા નૈતિક સંયમ અને મોડા લગ્ન કે લગ્નની ઉંમરમાં વધારો કરી વસ્તી નિયંત્રણ માટે લેવાતાં પગલાંએ નિવારક પગલાં છે.
6. સિમાંત ઉત્પાદક્તા : વધારાના અસ્થિર સાધનો ને કામે લગાડી જે વધારાનું ઉત્પાદન પ્રાપ્ત થાય છે તેને સિમાંત ઉત્પાદક્તા તરીકે ઓળખવામાં આવે છે.

## 13.6 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

(1) આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ સમજાવો.

(2) વસ્તીવૃદ્ધિ આર્થિક વિકાસને અટકાવે છે કે કેમ ? - આ ખ્યાલનું ટીકાત્મક મૂલ્યાંકન કરો.

(3) વસ્તીવૃદ્ધિને કારણે આર્થિક વિકાસ અટકતો નથી. - આ ખ્યાલની ચર્ચા કરો.

(4) માલ્થસનો વસ્તી સિદ્ધાંત વિગતવાર સમજાવો.

(5) માલ્થસના વસ્તી સિદ્ધાંતમાં કઈ ધારણાઓ કરવામાં આવી છે ?

(6) માલ્થસનાં વસ્તી સિદ્ધાંતની મર્યાદાની ચર્ચા કરો.

(7) વિભાગ 12.3 ના પેટાવિભાગ 12.3.6 ની મદદ વડે જવાબ લખો.

(ખ) હેતુલક્ષી પ્રશ્નો :

યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલીજગ્યા પૂરો :

(1) 1798 માં.................દ્વારા વસ્તીનો સિદ્ધાંત આપવામાં આવ્યો હતો. (કેઈન્સ, પીગૂ, માલ્થમ)

(2) માલ્થસના વસ્તી અંગેના સિદ્ધાંત અનુસાર સમાજમાં વસ્તીવધારો...............ગતિએ થાય છે. (ભૌમિતિક, સ્થૈતિક, અંકગણિત)

(3) વસ્તીના સંદર્ભમાં આર્થિક વિકાસના કેટલા તબક્કાઓ વર્ણવવામાં આવેલા છે ? (ચાર, ત્રણ, બે)

(4) "An Essay on the Principle of populution" પુસ્તક...............એ લખ્યું છે.

(5) માલ્થસના સિદ્ધાંત પ્રમાણે કૃષિ ઉત્પાદન ક્ષેત્રે...............નિયમ લાગુ પડે છે. (ઘટતા સીમાંત ઉત્પાદનનો, સ્થિર ઉત્પાદનનો, સરેરાશ ઉત્પાદનનો)

◆ **ઉપયોગી સંદર્ભ વાચન નીચે પ્રમાણે લખીએ.**

⇨ Puri V.K., Mishra S.K., "Indian Economy", Himalaya Pub house, Mumbai, 2013.

⇨ John, F. May, "World population Policies Origin, Erolution, Lmpaet" Springer, New york, 2012.

⇨ Malthus, T.R., "An Essay on Principles of Population", 1798, J. Jhonjon, Lonton

◆ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

1) માલ્થસ

2) ભૌમિતિક

3) ત્રણ

4) માલ્થસ

5) ઘટતા સીમાંત ઉત્પાદનન

◆ **ઉપયોગી પુસ્તકો :**

⇨ Indian Economy, V.K. Puri, S.K. Mishra, Himalaya Policy House (2013) Mubai

⇨ World Population Policies : Origin, Evoluation, impact, Johh: F. May, Springer APA (2012) Newyork.

⇨ An Essey on Priciple of Population, T. R. Malthus.

⊙ ⊙ ⊙

એકમ 14

# આર્થિક વિકાસ અને વસ્તી - 2

-: રૂપરેખા :-

14.0 ઉદ્દેશ

14.1 પ્રસ્તાવના

14.2 વસ્તી સંક્રમણના સિદ્ધાંતની સમજૂતી

14.3 અનુસૂચિ અને આકૃતિ દ્વારા સિદ્ધાંતની સમજૂતી

14.4 ભારતના સંદર્ભમાં સિદ્ધાંતની સમજ

14.5 સારાંશ

14.6 ચાવીરૂપ શબ્દો

14.7 તમારી પ્રગતિ ચકાશો

14.8 સંદર્ભગ્રંથ

## 14.0 ઉદ્દેશો (Objectives)

⇨ આર્થિક વિકાસ અને વસ્તી વચ્ચેનો સંબંધ તપાસવો.

⇨ આર્થિક વિકાસની જન્મદર અને મૃત્યુદર ઉપરની અસર સમજવી.

⇨ ભારતનો આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિ વચ્ચેનો સંબંધ સમજવો.

⇨ વસ્તી દેશની સંપત્તિ બને તે માટે ભારતમાં કેવો અને કેટલો વિકાસ કરવો જોઈએ તે તપાસવુ.

## 14.1 પ્રસ્તાવના :

વધતી વસ્તીના પ્રશ્નનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સૌ પ્રથમ વિચાર કરનાર અંગ્રેજ અર્થશાસ્ત્રી થોમસ રોબર્ટ માલ્થસ હતા. તેથી તેમને આધુનિક વસ્તીશાસ્ત્રના પિતા માનવામાં આવે છે. માલ્થસે જીવન નિવાર્હના સાધનો ઉત્પન્ન કરવાની મનુષ્યની શક્તિ અને પ્રજનનશક્તિ વચ્ચે અસમાનતાનો નિર્દેશ કર્યો હતો. જીવન નિવાર્હના સાધનોની તુલનાએ વસ્તી વધારો વધુ ઝડપી બને તો તે આર્થિક વિકાસ માટે સમસ્યારૂપ બને છે. પરંતુ આ અસમાનતા કુદરતી પરિબળો દ્વારા દૂર થઈ જશે. માલ્થસના આ વિચારો વધુ આદર્શવાદી હતા. વ્યવહારિક ઓછા તેથી માલ્થસના વસ્તી સિદ્ધાંતનાં સુધારારૂપ 'ઈષ્ટવસ્તીનો સિદ્ધાંત' વધુ સ્વીકાર્ય બન્યો. જેમાં વસ્તીના કદ અને માથાદિઠ આવક કે જીવન ધોરણ વચ્ચેનો ઈષ્ટ સંબંધ દર્શાવ્યો છે. ઈષ્ટ વસ્તીના સિદ્ધાંત મુજબ માથાદિઠ આવક મહત્તમ બને તે કક્ષાએ વસ્તીનાં કદને ઈષ્ટ કદ કહેવાય. આ સિદ્ધાંત મુજબ વસ્તી વધારો હંમેશાં સમસ્યારૂપ નથી. ઈષ્ટ વસ્તીનો સિદ્ધાંત વસ્તી વધારાની આર્થિક વૃદ્ધિ પર થતી અસર દર્શાવે છે. પરંતુ વસ્તી નિયંત્રણ માટે આર્થિક વૃદ્ધિની અસર સમજાવી શકતો નથી. તેથી આ અસર સમજાવવા 'વસ્તી સંક્રમણનો સિદ્ધાંત વધારે ઉપયોગી સાબિત થાય છે.'

## 14.2 વસ્તી સંક્રમણના સિદ્ધાંત (A Theory of Demographic Transition) ની સમજુતી :

વસ્તી સંક્રમણનો સિદ્ધાંત 'જન સંખ્યામાં પરિવર્તનના સિદ્ધાંત' તરીકે પણ ઓળખાય છે. જન સંક્રમણનો સિદ્ધાંત ઈ.સ. 1930ની આસપાસ કોલ (Anstey J. Coale) અને હુવર (Edgar M. Hoover) નામના વિચારકોએ વિકસાવ્યો. આ ઉપરાંત વોરન થોમસન, ફ્રેન્ક નૉટિસ્ટાઈન, ડૉનાલ્ડોલેન અને બ્લેક જેવા વિચારકોનો પણ વસ્તીવૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેના આંતર સંબંધો સમજાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

વસ્તી સંક્રમણનો સિદ્ધાંત આર્થિક વૃદ્ધિનો વસ્તીવૃદ્ધિ પર થતો પ્રભાવ સચોટ રીતે સમજાવે છે. કોઈ પણ દેશ આર્થિક વિકાસના વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે. વિકાસના આ તબક્કાઓ સંદર્ભે થયેલ અભ્યાસોમાં વસ્તી સંક્રમણનો સિદ્ધાંત ઐતિહાસિક અનુભવ પર આધારિત છે. મુખ્યત્વે આ સિદ્ધાંત આર્થિક વિકાસને કારણે જન્મદર અને મૃત્યુદરમાં થતા ફેરફારોના પરિણામે વસ્તીવૃદ્ધિ દરમાં જે ફેરફાર થાય તે સમજાવે છે. આ ફેરફારોને મુખ્ય ત્રણ તબક્કા દ્વારા સમજાવવામાં આવે છે. પ્રથમ તબક્કામાં વસ્તીવૃદ્ધિનો ચોખ્ખો દર નીચો રહે છે, પરંતુ બીજા તબક્કામાં જન્મદર નીચા અને મૃત્યુદર નીચા હોવાથી વસ્તીવૃદ્ધિનો ચોખ્ખો દર ઊંચા જોવા મળે છે. ત્રીજા તબ્બકામાં ઉચ્ચ વિકાસની સાથે ક્રમશ જન્મદર ઘટતો જાય છે સાથે મૃત્યુદર પણ ઘટેલો રહે છે, આમ આર્થિક વૃદ્ધિનો ચોખ્ખો દર નીચો જોવા મળે છે. આમ, આર્થિક વિકાસના કારણે વસ્તીવૃધ્ધનાં દરમાં આવતા પરિવર્તનોને મુખ્ય ત્રણ તબક્કામાં સમજી શકાય છે.

(1) વસ્તી - સંક્રમણનો પ્રથમ તબક્કો : ઊંચો જન્મદર અને ઊંચો મૃત્યુદર :-

વસ્તી સંક્રમણનાં પ્રથમ તબક્કામાં દેશનું અર્થતંત્ર વિકાસની પ્રારંભિક અવસ્થામાં હોય છે. અર્થવ્યવસ્થાં સંપૂર્ણ કૃષિ પ્રધાન હોય છે. ખેત પદ્ધતિ રૂઢિગત અને નીચી ઉત્પાદક્તા ધરાવતી હોય છે. ઔદ્યોગિક વિકાસ નહિવત્ હોય છે. આંતર માળખાના વિકાસના અભાવે ખેત ઉત્પાદક્તા નીચી જોવા મળે છે. માથાદિઠ આવક અને લોકોનું જીવન ધોરણ પણ નીચું હોય છે. સમગ્ર અર્થતંત્ર અલ્પ વિકસિત અને પછાત અવસ્થામાં હોય છે. આવા અલ્પવિકસિત અર્થતંત્રમાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોય છે. અલ્પવિકસિત અર્થતંત્રમાં યુદ્દી, રોગચાળો, દુષ્કાળો, ગરીબી, કુપોષણ, તબીબી સવલતોનો અભાવ વગેરે કારણોસર મૃત્યુદર ઊંચો જોવા મળે છે. કુપોષણને કારણે ખાસ કરીને બાળ-મૃત્યુદરનું પ્રમાણ ઊંચુ હોય છે. બીજીબાજુ અલ્પ વિકસિત અર્થવ્યવસ્થામાં ગરીબી અને બેરોજગારીની સમસ્યા વ્યાપક હોય છે. ગરીબ કુટુંબો બાળકોને શિક્ષણ આપવાને બદલે આર્થિક ઉપાર્જનના સાધન ઊંચું જોવા મળે છે. નિરક્ષરતાને કારણે સામાજિક માળખું રૂઢિગત આને પછાત હોય છે. અનેક સામાજિક - ધાર્મિક માન્યતાઓમાં સમગ્ર અર્થતંત્ર ઝકડાયેલુ હોય છે. આવા રૂઢિચુસ્ત સામાજિક માળખું ધરાવતાં અર્થતંત્રમાં સાર્વત્રિક અને નાની વયે લગ્નો, સયુક્ત કુટુંબ પ્રથા, સામાજિક - ધાર્મિક માન્યતાઓ, બાળમરણનું ઊંચુ પ્રમાણ, ગરીબી, અજ્ઞાનતા, કુટુંબ નિયોજન અંગે જાગૃતિનો અભાવ વગેરે પરિબળોને કારણે જન્મદર પણ ઊંચો જોવા મળે છે.

આમ વસ્તી સંક્રમણના પ્રથમ તબક્કામાં અલ્પવિકસિત અર્થવ્યવસ્થાનાં કારણે જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોય છે. તથા બંને વચ્ચે તફાવત નજીવો હોવાથી વસ્તીવૃદ્ધિનો દર વાસ્તવમાં ઊંચો હોતો નથી.

(2) વસ્તી સંક્રમણનો બીજો તબક્કો : ઊંચો જન્મદર - નીચો મૃત્યુદર = (વસ્તી વિસ્ફોટ) દર :-

આર્થિક વિકાસનાં બીજા તબક્કામાં કૃષિ પ્રધાન અર્થવ્યવસ્થાનું માળખું ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને આધુનિકીકરણ તરફ ગતિ કરે છે. આધુનિક ખેત પદ્ધતિની શરૂઆત થતા ખેત ઉત્પાદક્તા વધે છે. નિયમિત અને પર્યાપ્ત માત્રામાં અન્નની પ્રાપ્તિ તથા પોષ્ટિક આહારની પ્રાપ્યતાને કારણે કુપોષણમાં ઘટાડો થાય છે. ખેતીની સાથે ઔદ્યોગિક વિકાસ ઝડપી બનતા શિક્ષણ અને તબીબી સવલતો ઉપલબ્ધ બને છે. દેશના આંતર માળખાનો વિકાસ થાય છે. સ્વાસ્થ્ય સંબંધિત જાગૃતિ અને જાણકારી વધે છે. રાષ્ટ્રીય આવકમાં વધારો થવાથી દુષ્કાળ, મહામારીઓ અને કુદરતી હોનારતોની સામનો કરવાની રાજ્યની ક્ષમતા વધે છે. કાયદા અને વ્યવસ્થાઓમાં સુધારા થાય છે. લોકોની માથાદિઠ આવક વધે છે. પરિણામે જીવન ધોરણમાં સુધારો થાય છે. આમ, ઝડપી આર્થિક વિકાસને કારણે દુષ્કાળ, ચેપી રોગો, કુદરતી હોનારતો, કુપોષણ, બાળ મૃત્યુ દર વગેરેમાં મોટા પ્રમાણમાં ઘટાડો જોવા મળે છે. પરિણામે મૃત્યુદરમાં આ તબક્કા દરમિયાન ઝડપી ઘટાડો થાય છે.

બીજા તબક્કામાં ઝડપી આર્થિક વિકાસને કારણે મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થાય છે. પરંતુ સામાજિક પરિવર્તનો લોકોના મનોવલણો ધીમા હોવાથી મૃત્યુદરની સરખામણીએ જન્મદરમાં ધીમા દરે ઘટાડો જોવા મળે છે. આ તબક્કા દરમિયાન સામાજિક માળખામાં પરિવર્તનની માત્ર શરૂઆત થાય છે. સમાજમાં અક્ષરજ્ઞાન વધવા છતા સામાજિક - ધાર્મિક માન્યતાઓ સંપૂર્ણ દૂર થતી નથી. આ તબક્કામાં પણ રૂઢિચુસ્ત સામાજિક ધાર્મિક માન્યતાઓ, પરંપરાઓ, અંધશ્રદ્ધાઓ, પુત્ર પ્રાપ્તિની ઝંખના, ઘડપણમાં પુત્ર જ સહારો, સ્ત્રીનો નિમ્ન દરજ્જો વગેરે પરિબળોને કારણે જન્મદરમાં ઘટાડો ધીમો જોવા મળે છે.

આમ, બીજા તબક્કા દરમિયાન સામાજિક માળખામાં પરિવર્તનના અભાવે જન્મદર ઊંચો અને ઝડપી આર્થિક વિકાસને કારણે મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થાય છે. જન્મદર અને મૃત્યુદર વચ્ચે તફાવતનો ગાળો વધવાથી વસ્તીવૃદ્ધિનો દર ઊંચો જોવા મળે છે. આ તબક્કામાં વસ્તી વિસ્ફોટની સમસ્યા સર્જાય છે. વધતી વસ્તીને રોજગારીની તકો પહોંચી ન વળતા વધારો સમસ્યારૂપ બને છે. છેવટે આ વસ્તી વધારો આર્થિક વિકાસ માટે પડકારરૂપ બને છે.

(3) વસ્તી સંક્રમણનો ત્રીજો તબક્કો : નીચો જન્મદર - નીચો મૃત્યુ દર = (વસ્તી વૃદ્ધિનો શૂન્ય દર) :-

વસ્તી સંક્રમણના ત્રીજા તબક્કા દરમિયાન આર્થિક વિકાસની ગતિ વધુ તીવ્ર બને છે. ઔદ્યોગિક વિકાસનો દર પણ ઊંચો હોય છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થાય છે. લોકોનું જીવન ધોરણ ઊંચુ જોવા મળે છે. લોકો આરોગ્ય પ્રત્યે વધુ જાગૃત અને

વૈજ્ઞાનિક અભિગમ ધરાવે છે. લોકોનું અપેક્ષિત આયુષ્ય વધે છે વિકસિત અર્થવ્યવસ્થાના આ પ્રભાવક પરિબળોને કારણે મૃત્યુદર સૌથી નીચી સપાટીએ હોય છે.

એ જ રીતે આર્થિક વિકાસ વેગવંતો બનવાને કારણે આર્થિક માળખામાં પરિવર્તનની સાથો સાથ સામાજિક માળખામાં પણ પરિવર્તન આવે છે. આ તબક્કા દરમિયાન શિક્ષણનું પ્રમાણ અને ગુણવત્તા વધે છે. લોકોના વિચારો અને જીવનશૈલી બંને બદલાય છે. સમગ્ર સામાજિક માળખામાં પરિવર્તન આવે છે. રૂઢિ, રીવાજો, પરંપરાઓ તૂટવા લાગે છે. સ્ત્રીઓ - પુરુષ સમકક્ષ બને છે. સંતાન ઉછેર જવાબદારી અને બોજારૂપ બનવાથી ઓછા બાળકોનું મહત્ત્વ સમજાય છે. શહેરો તરફ વસ્તીનું સ્થળાંતર વધે છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે વિભકત અને નાનું કુટુંબ અનિવાર્ય બને છે. બાળમરણનું પ્રમાણ ખૂબ જ ઓછુ જોવા મળે છે, આવાં વિવિધ પરિબળોને કારણે જન્મદર ઝડપથી ઘટીને નીચી સપાટીએ આવી જાય છે.

આમ, ત્રીજા તબક્કા દરમિયાન આર્થિક અને સામાજિક માળખામાં આવેલ પરિવર્તનને કારણે જન્મદર તીવ્ર રીતે ઘટે છે. જ્યારે મૃત્યુદર બીજા તબક્કામાં મહત્તમ ઘટી ગયો હોવાથી ધીમા દરે ઘટે છે. પરિણામે જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવત ઘટતો જાય છે. તેથી ચોખ્ખો વસ્તીવૃદ્ધિ દર ઘટે છે. તેમજ વસ્તીવૃદ્ધિનો પ્રશ્ન ઉકેલી શકાય. નીચો જન્મદર - નીચો મૃત્યુદર = વસ્તીવૃદ્ધિ દર શૂન્યની નજીક છે.

## 14.3 અનુસૂચિ અને આકૃતિ દ્વારા સિદ્ધાંતની સમજૂતી :

વસ્તી સંક્રમણનાં વિવિધ તબક્કાઓ આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિ વચ્ચેનાં આંતર સંબંધો દર્શાવે છે. આર્થિક વિકાસને કારણે જન્મદર અને મૃત્યુદરમાં થતા ફેરફારથી વસ્તીવૃદ્ધિના દરમાં આવેલ પરિવર્તનનો તબક્કાઓ અનુસૂચિ અને આકૃતિ દ્વારા સમજીએ.


ધારો કે કોઈ એક દેશ આર્થિક વિકાસના વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈ રહ્યો હોય ત્યારે તે દેશમાં જન્મદર અને મૃત્યુદરમાં થતા ફેરફારો નીચેની આનૂસૂચિ મુજબ જોવા મળે છે.

વસ્તી સંક્રમણના સિદ્ધાંતને સમજાવતી અનુસૂચિ

| તબક્કા | જન્મદર | મૃત્યુદર | વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર |
|---|---|---|---|
| પ્રથમ | 40 | 35 | 0.5 |
| બીજો | 40 | 10 | 2.5 |
| ત્રીજો | 10 | 5 | 0.5 |

ઉદાહરણરૂપે દર્શાવેલ આનૂસૂચિ મુજબ પ્રથમ અને ત્રીજા તબક્કાઓ દરમિયાન જન્મદર અને મૃત્યુદર વચ્ચે માત્ર 5 વ્યક્તિઓનો નજીવો તફાવત છે. તેથી વસ્તીવૃદ્ધિનો દર શૂન્યની આસપાસ છે. જ્યારે બીજા તબક્કા દરમિયાન જન્મદર 40 છે અને મૃત્યુદર ઘટીને 10 થયો છે. એટલે કે જન્મદર અને મૃત્યુદર વચ્ચે 30 વ્યક્તિઓનો ઊંચો તફાવત જોવા મળે છે તેથી વસ્તીવૃદ્ધિનો દર વાર્ષિક સરેરાશ 2.5 ની આસપાસ સૌથી ઊંચો જોવા મળે છે. આ સ્થિતિને આકૃતિ દ્વારા સમજીએ.

**આકૃતિ 14.1** **વસ્તી સંક્રમણના તબક્કા દર્શાવતી આકૃતિ**




I. આકૃતિમાં OX ધરી પર સમયગાળો અને OY ધરી પર જન્મદર તથા મૃત્યુદર દર્શાવ્યું છે. $MM^1$ રેખા જન્મદર અને $NN^1$ રેખા મૃત્યુદર દર્શાવે છે. $MM^1$ અને $NN^1$ રેખાઓ વચ્ચેનો લંબરૂપ પ્રમાણનો તફાવત વસ્તીવૃદ્ધિની ગતિનો નિર્દેશ કરે છે. પ્રથમ તબક્કા દરમિયાન આર્થિક વિકાસનો અભાવ અને સામાજિક જડતાને કારણે જન્મદર અને મૃત્યુદર બંને ઊંચી સપાટીએ હોય છે. બંને વચ્ચે નજીવો તફાવત હોય છે. તેથી $MM^1$ અને $NN^1$ રેખાઓ સમાંતર દર્શાવી છે. પરંતુ મૃત્યુદર કરતા જન્મદર આંશિક રીતે વધુ હોય છે. આમ, જન્મદર અને મૃત્યુદર વચ્ચેનાં નજીવા તફાવતમાં દર્શાવ્યા મુજબ જ્યા સુધી જન્મદર અને મૃત્યુદરની રેખાઓ વચ્ચેનો તફાવત નજીવો હોય ત્યા સુધી વસ્તી સંક્રમણનો પ્રથમ તબક્કો કહેવાય.

II. આર્થિક વિકાસનાં બીજા તબક્કામાં ઝડપી આર્થિક વિકાસને કારણે ટૂંકાગાળામાં લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થાય છે. તેથી મૃત્યુદરમાં 35 થી ઘટીને 10 થાય છે. તેથી $NN^1$ રેખા તીવ્ર રીતે નીચેની તરફ ઢળે છે. પરંતુ આ તબક્કા દરમિયાન સામાજિક પરિબળોમાં પરિવર્તન ન થવાથી જન્મદરમાં ઘટાડો થતો નથી તેથી $MM^1$ રેખાના ઢાળમાં ખાસ ફેરફાર થતો નથી. આમ, મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થાય છે અને જન્મદરમાં વિશેષ ફેરફાર ન થવાથી $MM^1$ અને $NN^1$ રેખાઓ વચ્ચે લંબરૂપ તફાવત વધુ જોવા મળે છે. જન્મદર અને મૃત્યુદર વચ્ચેના વધતા તફાવતને કારણે અતિવસ્તીની સમસ્યા સર્જાય છે. તેથી વસ્તીસંક્રમણનાં બીજા તબક્કાને વસ્તી વિસ્ફોટનો તબક્કો કહેવાય.

III. ત્રીજા તબક્કામાં આર્થિક વિકાસની પ્રક્રિયા વધુ વ્યાપક અને તીવ્ર હોય છે. આર્થિક પરિવર્તનોને કારણે મૃત્યુદરમાં ઘટાડો ચાલુ રહે છે. પરંતુ તેની ઘટવાની ગતિ ધીમી પડે છે. જે આકૃતિમાં $NN^1$ રેખાનાં ઢાળની તીવ્રતામાં થતા ઘટાડા દ્વારા જોઈ શકાય. બીજી બાજુ દેશમાં શિક્ષણનું પ્રમાણ વધતા લોકોના મનોવલણો લાંબાગાળે બદલાય છે. તેથી સમગ્ર સામાજિક માળખામાં પરિવર્તન આવે છે. આ પરિવર્તનથી જન્મદર તીવ્ર રીતે ઘટે છે. આકૃતિ મુજબ જન્મદર 40 થી ઘટીને 10 થાય છે. જે $MM^1$ રેખાના તીવ્ર ઢાળ દ્વારા જોઈ શકાય. આમ, ત્રીજા તબક્કામાં મૃત્યુદરની સરખામણીએ જન્મદરમાં ખૂબ ઝડપી ઘટાડો થાય છે જેનાથી $MM^1$ અને $NN^1$ રેખાઓ વચ્ચેનો તફાવત ઘટતો જાય છે. પરિણામે વસ્તીવૃદ્ધિનો દર પણ ઘટીને શૂન્યની

આસપાસ થવા જાય છે. જન્મદર આને મૃત્યુદર સૌથી નીચી સપાટીએ સ્થિર થવાનું વલણ ધરાવે છે, ત્યા ત્રીજો તબક્કો પૂર્ણ થાય છે.

કેટલાંક દેશોમાં વસ્તી સંક્રમણનો ચોથો તબક્કો પણ સંભવ છે. આકૃતિમાં દર્શાવ્યા મુજબ ચોથા તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને લઘુત્તમ સપાટીએ સ્થિર જોવા મળે છે. તેથી આકૃતિમાં $MM^1$ અને $NN^1$ રેખાઓ સમાંતર દર્શાવી છે. આ તબક્કા દરમિયાન આર્થિક અને સામાજિક માળખામાં અતિ આધુનિક ફેરફારો જોવા મળે છે. મૃત્યુદર લઘુત્તમ સપાટીથી વધુ નીચો લઈ જવો ખર્ચાળ બને છે. કુટુંબનું કદ પણ લઘુત્તમ કક્ષાએ હોવાથી જન્મદરમાં એનાથી વધુ ઘટાડો શક્ય નથી. આવી સ્થિતિમાં વસ્તીવૃદ્ધિનો દર સૌથી નીચી સપાટીએ સ્થિર થવાનું વલણ ધરાવે છે.

આમ, વસ્તી સંક્રમણનાં ચાર તબક્કા આકૃતિ દ્વારા પણ સમજાવી શકાય. આ આકૃતિ માત્ર એક ઉદાહરણ છે, વાસ્તવમાં દરેક દેશની વિકાસની તરાહ અનુરૂપ જન્મદર અને મૃત્યુદરના ફેરફારોમાં ભિન્નતા હોય છે. તેથી જે - તે દેશની વસ્તી સંક્રમણ દર્શાવતી આકૃતિમાં પણ તફાવત જોવા મળશે.

## 14.4 ભારતના સંદર્ભમાં વસ્તી સંક્રમણના સિદ્ધાંતની સમજ :

વિશ્વમાં ભારત વસ્તીની દૃષ્ટિએ ચીન પછી બીજા સ્થાન ઉપર છે. ભારત દેશ વિકાસમાન છે, આવી આર્થિક વૃદ્ધિ/વિકાસ સાથે વસ્તીનો પ્રશ્ન એટલો જ ગંભીર છે. આર્થિક વિકાસના લાભો તળિયે સુધી પહોંચી શકતા નથી. આથી વિકાસની જન્મદર ઉપર અસરકારક અસર પડી શકતી નથી, આથી વસ્તીવૃદ્ધિને નિયંત્રણમાં લઈ શકાતી નથી. 1901થી 2011 સુધીના દશકાના સંદર્ભે વસ્તીવૃદ્ધિ અંગેની વિગતો તપાસીએ.

કૉલ અને હુવરના વસ્તી સંક્રમણ સિદ્ધાંતના દરેક તબક્કામા આર્થિક વિકાસ, જન્મદર, મૃત્યુદર અને વસ્તીવૃદ્ધિદર અંગે જે આંતર સંબંધો દર્શાવ્યા છે. તે અનુસાર ભારત દેશ અનુક્રમે વસ્તી સંક્રમણના પહેલા તબક્કામાંથી પસાર થઈને બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. ઉપરાંત ત્રીજા તબક્કા તરફના વલણો દેખાઈ રહ્યા છે.

**કોષ્ટક 14.2** **ભારતમાં વસ્તી દર્શાવતું કોષ્ટક**

| વર્ષ | કાચો જન્મદર દર 1000 વ્યક્તિટેવ | કાચો મૃત્યુદર દર 1000 વ્યક્તિટેવ | તફાવત | સરેરાશ વસ્તીવૃદ્ધિ દર | અક્ષરજ્ઞાન દર | અપેક્ષિત આયુષ્ય | સરેરાશ ચોખ્ખો માથાદિઠ આવક વૃદ્ધિ દર |
|---|---|---|---|---|---|---|---|
| 1901 | 45.8 | 44.4 | 1.4 | 0.08 | 5.35 | 23.7 | - |
| 1911 | 49.2 | 42.6 | 6.6 | 0.57 | 5.92 | 22.6 | - |
| 1921 | 48.1 | 47.2 | 0.9 | 0.03 | 7.16 | 20.2 | - |
| 1931 | 46.4 | 36.3 | 10.1 | 1.06 | 9.5 | 26.7 | - |
| 1951 | 39.9 | 27.4 | 12.5 | 1.25 | 18.33 | 32.5 | - |
| 1961 | 41.7 | 22.8 | 18.1 | 1.96 | 28.3 | 42.0 | 2.37 |
| 1971 | 36.9 | 14.9 | 22.2 | 2.20 | 34.45 | 48.4 | 1.57 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1981 | 33.9 | 12.5 | 19.9 | 2.22 | 43.57 | 54.3 | 0.7 |
| 1991 | 29.5 | 9.8 | 19.7 | 2.16 | 52.21 | 58.4 | 3.17 |
| 2001 | 25.4 | 8.4 | 17.0 | 1.97 | 64.83 | 62.9 | 3.5 |
| 2011 | 22.5 | 7.3 | 15.2 | 1.64 | 74.04 | 67.1 | 5.76 |

Source : Registrar General of India. Based on Economic Survey of India, 2018-19.

કોષ્ટકમાં વસ્તી વિષયક ગુણધર્મોમાં આવેલ પરિવર્તન દર્શાવ્યું છે. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ભારતની ચોખ્ખી માથાદિઠ આવકનો સરેરાશ વૃદ્ધિ દર અને સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર વચ્ચે વ્યસ્ત સંબંધ રહેલો છે. માથાદિઠ આવકનો વૃદ્ધિ દર વધે છે, તેમ તેમ વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળે છે. કારણ કે આર્થિક વિકાસનાં પ્રભાવથી જન્મદર અને મૃત્યુદરમાં ફેરફાર થાય છે. તેથી અસર અંતે વસ્તીવૃદ્ધિના દર પર થતી હોય છે. ભારતમાં વિભિન્ન સમયગાળા દરમિયાન વસ્તી સંક્રમણની આ પ્રક્રિયા આર્થિક વિકાસના તબક્કાનુસાર સમજીએ.

વસ્તી સંક્રમણનો પહેલો તબક્કો :

વસ્તી સંક્રમણનાં પ્રથમ તબક્કામાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા હોવાથી વસ્તીવૃદ્ધિ દર નીચો હોય છે. કોષ્ટ-4.1માં દર્શાવ્યા મુજબ ભારતમાં વસ્તી સંક્રમણનો પ્રથમ તબક્કો સ્વાતંત્ર્ય પહેલા ઈ.સ. 1921ની આસપાસ જોવા મળ્યો. ઈ.સ. 1921 પૂર્વેના દાયકાઓ દરમિયાન ભારતમાં જન્મદર અને મૃત્યુદર ઊંચા દરે સમાન રીતે વધતા હતા. તેથી સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર એક ટકાથી પણ નીચો હતો.

સ્વાતંત્ર્ય પૂર્વે અને ઈ.સ. 1921ની આસપાસ ભારતીય અર્થતંત્ર પ્રાથમિક અવસ્થામાં હતું. રાષ્ટ્રીય આવક અને માથાદિઠ આવકનો વૃદ્ધિ દર નીચો હતો. રાષ્ટ્રીય આવકનો મહત્તમ હિસ્સો કૃષિક્ષેત્ર પર આધારિત હતો. ખેત પદ્ધતિ પરંપરાગત, વરસાદ આધારિત અને નિવાહલક્ષી હતી. પરંપરાગત ઉદ્યોગો બાલ્યાવસ્થામાં હતા. અલ્પવિકસિત આંતર માળખું અને જડ-સામાજિક માળખું પ્રવર્તતું હતું. આ તબક્કા દરમિયાન ભારતમાં કુપોષણ, ઊંચું પ્રમાણ, સામાજિક - ધાર્મિક રીવાજોની જડતા વગેરે કારણોસર જન્મદર અને મૃત્યુદર બંને ઊંચી સપાટીએ હતા. કોષ્ટક-14.2 માં દર્શાવ્યા મુજબ ઈ.સ. 1931 પહેલાના દાયકાઓ દરમિયાન જન્મદર અને મૃત્યુદર 40 થી પણ ઊંચા હતા. સાક્ષરતાદર 10 ટકાથી નીચો હતો. અપેક્ષિત આયુષ્ય 25 વર્ષ કરતા પણ નીચુ હતું. જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવત નજીવો હતો. પરિણામે સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર એક ટકાથી નીચો હતો. આમ, ઈ.સ. 1921-31ના દાયકા સુધી ભારત દેશ વસ્તી સંક્રમણનાં પ્રથમ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો એમ કહી શકાય.

વસ્તી સંક્રમણનો બીજો તબક્કો :

વસ્તી સંક્રમણનાં બીજા તબક્કામાં ઊંચો જન્મદર અને નીચા મૃત્યુદરને કારણે વસ્તી વૃદ્ધિ દર ઊંચો હોય છે. વસ્તીની દૃષ્ટિએ ઈ.સ. 1921 ભારત માટે મહાવિભાજક વર્ષ ગણાય છે. ઈ.સ. 1921 બાદ ભારતમાં વસ્તી વધારાનો સરેરાશ વાર્ષિક દર એક ટકાથી ઊંચો રહ્યો છે.

ઈ.સ. 1921 થી 1931 નાં દાયકામાં સરેરાશ વસ્તીવૃદ્ધિ દર 1.06 ટકા હતો તે વધીને 1981માં સૌથી ઊંચો 2.22 ટકા થયો હતો. ત્યાર પછીનાં દાયકાઓમા પણ વસ્તીવૃદ્ધિ દર બે ટકાની આસપાસ રહ્યો છે. તેથી ઈ.સ. 1921 બાદ ભારતમાં વસ્તી સંક્રમણનો બીજો તબક્કો શરૂ થયો એમ કહી શકાય.


સ્વાતંત્ર્ય બાદ ભારતમાં આયોજિત વિકાસનાં પ્રયત્નોને કારણે આર્થિક વિકાસ ગતિમાન થયો છે. ખાસ કરીને ઈ.સ. 1991ના નવા આર્થિક સુધારાથી આર્થિક વિકાસ ઝડપી બન્યો છે. આર્થિક સામાજિક માળખામાં હકારાત્મક ફેરફારો થયા છે. વર્તમાન ભારતીય અર્થતંત્ર ઝડપી વિકસતા દેશોની હરોળમાં સ્થાન ધરાવે છે. ઈ.સ. 1951 પછી ભારતની રાષ્ટ્રીય આવક અને માથાદિઠ આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રની તુલનાએ એવાં ક્ષેત્રનો હિસ્સો લગભગ ચાર ગણો વધ્યો છે. સેવા અને ઔદ્યોગિકક્ષેત્રે રોજગારીનું પ્રમાણ વધ્યું છે. સાક્ષરતાં દરમાં પણ વધારો થયો છે. બાળ મૃત્યુદર ઈ.સ. 1951માં 146 હતો તે ઘટીને 2016માં 34 થયો છે. દેશમાં અપેક્ષિત આયુષ્ય વધ્યું છે. ખેતીમાં આધુનિકીકરણ અને ઔદ્યોગિક વિકાસમાં વિવિધતા જોવા મળે છે. સેવાક્ષેત્રેનાં વિકાસની સાથે તેનું મહત્ત્વ વધ્યું છે. આ તમામ આર્થિક સુધારાને કારણે મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થયો છે. ઈ.સ. 1921માં કાચો મૃત્યુદર 47.2 હતો જે ઘટીને 2011માં 7.2 થઈ ગયો છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં આર્થિક સુધારા ઝડપી થયા. પરંતુ સામાજિક માળખામાં નહિવત્ ફેરફાર થયા. લોકોના મનોવલણોમાં ખાસ ફેરફાર થઈ શક્યો વ્હીં. સામાજિક ધાર્મિક પરંપરાઓનું મહત્ત્વ યથાવત છે. સ્ત્રી ભ્રુણની હત્યા, પુત્ર પ્રાપ્તિને વધુ મહત્ત્વ, સ્ત્રીઓનો નીચો સામાજિક દરજ્જો, ઘડપણમાં ભરણ - પોષણ માટે પુત્ર પર આધાર, કુટુંબ નિયોજન અંગે સંકુચિતતા, પુત્રને સંપત્તિનો વારસદાર અને કુળ દિપકની માન્યતાઓ, સાર્વત્રિક લગ્ન વ્યવસ્થાઓ, બાળક વગરનાં દેવકીની ઊપેક્ષા વગેરે સામાજિક પરિબળો ભારતમાં સક્રિય છે. પરિણામે જન્મદરમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી. ઈ.સ. 1921માં જન્મદર 48.1 હતો, જે નવ દાયકા પછી અડધો ઘટીને 2011 માં 22.5 થયો હતો.

ટૂંકમાં મૃત્યુદરની સરખામણીનો જન્મદરમાં થતો ઘટાડો ધીમો છે. પરિણામે જન્મદર અને મૃત્યુદર વચ્ચે ઊંચો તફાવત રહેલો છે. ઈ.સ. 1941 બાદના દાયકાઓ દરમિયાન આ તફાવત 14 થી 22 વચ્ચે જોવા મળ્યો છે. ઈ.સ. 1931 બાદ જન્મદર અને મૃત્યુદર વચ્ચે વધતા તફાવતને કારણે ભારતમાં સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર એક ટકાથી ઊંચો રહ્યો છે. જે ઈ.સ. 1971 પછી 2 ટકાથી પણ ઊંચો ગયો છે. 2011ની વસ્તીગણતરી મુજબ ભારતમાં સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર 1.67 ટકા છે. આમ, ઈ.સ. 1921-31ના દાયકા બાદ ભારતમાં જન્મદર, મૃત્યુદર, આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિનાં લક્ષણો જોતા ભારત વસ્તી સંક્રમણનાં બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે એમ કહી શકાય.

ભારતમાં વસ્તી સંક્રમણનાં બંને તબક્કાઓ આકૃતિ દ્વારા સમજીએ -

આકૃતિ 14.2 ભારતમાં વસ્તી સંક્રમણના તબક્કાઓની સમજૂતી




ઉપરોક્ત આકૃતિમાં MM[1] રેખા જન્મદર દર્શાવે છે તથા NN[1] રેખા મૃત્યુદર દર્શાવે છે. ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ ઈ.સ. 1921 સુધીનાં દાયકાઓમાં જન્મદર અને મૃત્યુદર બંને ઊંચા જોવા મળે છે. કારણ કે આ સમયગાળા દરમિયાન ભારતનો આર્થિક વિકાસદર નીચો હતો. દુષ્કાળ કે કુદરતી હોનારતોના સામનો કરવા રાજ્યની અક્ષમતા, તબીબી સગવડોનો અપૂરતો વિકાસ, કુપોષણ, અને બાળ મરણની ગંભીર સમસ્યાઓ વગેરે કારણોસર મૃત્યુદર ઊંચો હતો. જે ઊંચ - નીચના વમળ સ્વરૂપની NN[1] રેખા દ્વારા દર્શાવવામાં આવ્યું છે. એજ રીતે નિરક્ષરતાના ઊંચા પ્રમાણને કારણે સામાજિક માળખું હતું. માનવ જીવનને સલામતી ઓછી હતી. તેથી જન્મદર પણ ઊંચો હતો. જે MM[1] રેખાનાં ઢાળ દ્વારા સમજી શકાય. આકૃતિ-14.2માં દર્શાવ્યા મૂજબ ઈ.સ. 1921 સુધીનાં દાયકાઓ દરમિયાન જન્મદર અને મૃત્યુદરની રેખાઓ વચ્ચેનો તફાવત નજીવો છે. તે દર્શાવે છે કે જન્મદર અને મૃત્યુદર બંને ઊંચી સપાટીએ સમાનદરે પરિવર્તન પામે છે. પરિણામે વસ્તીવૃદ્ધિનો દર નીચો હોય છે. આમ, ઈ.સ. 1921 સુધીનાં દાયકાઓનાં જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર અને આર્થિક વિકાસના વલણો જોતા ભારત દેશ વર્ષ 1921 સુધીના દાયકાઓ દરમિયાન વસ્તી સંક્રમણનાં પ્રથમ તબક્કામાંથી પસાર થયો હતો એમ કહી શકાય.

ઈ.સ. 1921 પછીના દાયકાઓ દરમિયાન આર્થિક વિકાસનાં પ્રયાસોની શરૂઆત થઈ. સ્વતંત્ર ભારતમાં આયોજિત વિકાસની વ્યૂહરચના અને આર્થિક સુધારાને પરિણામે આર્થિક વિકાસ વેગવંત થયો. તેની અસરથી મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થયો. જે આકૃતિમાં મૃત્યુદર દર્શાવતી NN[1] રેખાના ઢાળ પરથી સમજી શકાય. પરંતું સામાજિક માળખામાં નોંધપાત્ર ફેરફારો ન થવાથી જન્મદરમાં ઘટાડાની ગતિ ધીમી રહી. તેથી જન્મદર દર્શાવતી MM[1] રેખાનો ઢાળ ઓછો છે.

ટૂંકમાં, ઈ.સ. 1921 પછીના દાયકાઓ દરમિયાન મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થયો અને જન્મદરમાં ધીમાદરે ઘટાડો થયો. તેથી જન્મદરની રેખા MM[1] અને મૃત્યુદરની રેખા NN[1] વચ્ચેનો વધતો તફાવત જોઈ શકાય છે. આ તફાવતને કારણે પ્રસ્તુત તબક્કામાં સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિ દર ઊંચો જોવા મળે છે. આમ, વર્ષ 1921 પછીના દાયકાઓમાં પ્રવર્તતા જન્મદર, મૃત્યુદર, વસ્તીવૃદ્ધિ દર અને આર્થિક વિકાસના વલણો જોતા ભારત દેશ વસ્તી સંક્રમણનાં બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે, એમ કહી શકાય.

છેલ્લા દાયકાઓ દરમિયાન ભારતમાં વિકાસલક્ષી પરિબળો વધુ ગતિમાન છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણ ઝડપી વધી રહ્યું છે. શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે. લોકોના પરંપરાગત વિચારો બદલાઈ રહ્યા છે. સામાજિક માળખામાં પરિવર્તનની શરૂઆત દેખાય છે. જેની અસરથી આવનાર વર્ષોમાં જન્મદર ઘટવાની ગતિ વધી શકે છે. ઉપરાંત વસ્તીવૃદ્ધિ દરમાં ગતિએ ઘટાડો થઈ રહ્યો છે. તે વસ્તી સંક્રમણના ત્રીજા તબક્કા તરફના વલણો દર્શાવે છે.

## 14.5 સારાંશ :

કોલ અને હુવરનો વસ્તી સંક્રમણનો સિદ્ધાંત આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિ વચ્ચેના આંતર સંબંધો સમજાવે છે. આર્થિક વિકાસના પ્રભાવથી જન્મદર અને મૃત્યુદરમાં થતા ફેરફારો થકી વસ્તીવૃદ્ધિ દરમાં ફેરફાર થાય છે. જેને વસ્તી સંક્રમણની પ્રક્રિયા તરીકે મુખ્ય ત્રણ તબક્કામાં સમજાવવામાં આવી છે. વસ્તી સંક્રમણના પ્રથમ તબક્કામાં આર્થિક વિકાસની પછાત અવસ્થા અને જડ સામાજિક માળખાને કારણે જન્મદર અને મૃત્યુદર બંને ઊંચી સપાટીએ હોવાથી વસ્તીવૃદ્ધિ દર નીચો હોય છે. બીજા તબક્કામાં આર્થિક વિકાસ થવાથી મૃત્યુદર ઝડપી ઘટે છે. પરંતુ સામાજિક પરિબળોમાં પરિવર્તન ન થવાથી જન્મદરમાં ઘટાડો નહિવત હોય છે. પરિણામે બંને વચ્ચેનાં ઊંચા તફાવતને કારણે વસ્તીવૃદ્ધિ દર ઊંચો જોવા મળે છે, તથા વસ્તી વિસ્ફોટની સમસ્યા સર્જાય છે. જ્યારે ત્રીજા તબક્કામાં ઝડપી આર્થિક વિકાસની સાથે સામાજિક માળખામાં પણ પરિવર્તન થવાથી જન્મદર અને મૃત્યુદર બંને નીચી સપાટીએ હોય છે. તેથી વસ્તીવૃદ્ધિનો દર નીચો જોવા મળે છે. વસ્તી સંક્રમણમાં આ ત્રણે તબક્કાઓ પૈકી પ્રથમ અને બીજો તબક્કો ભારતમાં પણ જોવા મળ્યો છે. ઈ.સ. 1921 સુધીના દાયકાઓ દરમિયાન ભારતમાં અલ્પ વિકાસ અને જડ-સમાજ રચનાને કારણે વસ્તી સંક્રમણનો પ્રથમ તબક્કો અનુભવાયો. જ્યારે ઈ.સ. 1921 પછીના દાયકાઓમાં ભારતનો આર્થિક વિકાસ વધ્યો. જેના કારણે મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થયો. પરંતુ સામાજિક માળખામાં અપેક્ષિત પરિવર્તન ન થવાથી જન્મદરમાં નહિવત ઘટાડો થયો. પરિણામે વસ્તીવૃદ્ધિનો દર ખૂબ ઊંચો જોવા મળે છે. અર્થાત ઈ.સ. 1921 બાદના દાયકાઓ દરમિયાન ભારત દેશ વસ્તી સંક્રમણનાં બીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે.

## 14.6 ચાવીરૂપ શબ્દો :

1. આર્થિક વિકાસ :

   વિકાશીલ દેશોમાં માથાદિઠ આવકની વૃદ્ધિ દ્વારા લોકોના જીવન ધોરણ તેમજ સુખાકારીને સુધારવાની પ્રક્રિયા. જેમાં નાગરીકોની માથાદિઠ આવકમાં વધારો ઉપરાંત સંસ્થાકીય માળખાગત કે ગુણાત્મક સુધારાને પણ સમાવેશ થાય છે, જેનાથી નાગરીકોના જીવનની ગુણવત્તામાં સુધારો થાય છે.

2. ચોખ્ખી માથાદિઠ આવક :

   કુલ રાષ્ટ્રીય આવકમાંથી ઘસારાખર્ચ બાદ કરવાથી ચોખ્ખી રાષ્ટ્રીય આવક પ્રાપ્ત થાય છે. આ ચોખ્ખી રાષ્ટ્રીય આવકને કુલ વસ્તી વડે ભાગતા જે વ્યક્તિદિઠ ચોખ્ખી આવક મળે તેને ચોખ્ખી માથાદિઠ આવક કહેવાય.

3. વસ્તી સંક્રમણ (Demogeaphic Transition) :

   દેશના આર્થિક વિકાસની સાથે સંકળાયેલું વસ્તીના ફેરફારોનું ચક્ર એટલે વસ્તી સંક્રમણ બીજા શબ્દોમાં આર્થિક વિકાસને કારણે જન્મદર અને મૃત્યદરનાં તફાવતી ફેરફારોને કારણે વસ્તી વૃદ્ધિદરમાં થતા ફેરફારની પ્રક્રિયાને વસ્તી સંક્રમણ કહેવાય.

4. સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિદર :

સરેરાશ વાર્ષિક વસ્તીના કદમાં આવેલ ફેરફારની ટકાવારીને સરેરાશ વાર્ષિક વસ્તીવૃદ્ધિદર કહી શકાય.

5. જન્મદર :

વર્ષ દરમિયાન દર હજાર વસ્તીએ જીવિત જન્મેલા બાળકોની સંખ્યાને જન્મદર કહેવાય.

6. મૃત્યુદર :

વર્ષ દરમિયાન દર હજાર વસ્તીએ મૃત્યું પામતા લોકોના પ્રમાણને મૃત્યુદર કહેવાય.

7. બાળ મૃત્યુ દર :

વર્ષ દરમિયાન દર હજાર જીવિત જન્મેલા બાળકો પૈકી એક વર્ષનું આયુષ્ય પુરુ કર્યા પહેલા મૃત્યુ પામતા બાળકોની સંખ્યાને બાળ મૃત્યુદર કહેવાય.

## 14.7 તમારી પ્રગતિ ચકાસો :

(A) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ લખો.

(1) વસ્તી સંક્રમણના સિદ્ધાંતની સમજૂતી આપો.

(2) ભારતના સંદર્ભમાં વસ્તી સંક્રમણનો સિદ્ધાં સમજાવો.

(B) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો.

(1) વસ્તી વિસ્ફોટ

(2) આર્થિક વિકાસ અને વસ્તીવૃદ્ધિ

(C) વૈકલ્પિક પ્રશ્નો :

(1) વસ્તી સંક્રમણનો સિદ્ધાંત કોણે આપ્યો ?

(A) રોબર્ટ માલ્થસ (B) કૉલ અને હુવર

(C) એડવિન કેનન અને કાર સૌડર્સ (D) પ્રાડ. રોબિન્સ

(2) વસ્તી સંક્રમણના બીજા તબક્કામાં વસ્તીવૃદ્ધિનો દર............. હોય છે.

(A) ઊંચો (B) નીચો

(C) સ્થિર (D) અનિશ્ચિત

(3) વસ્તી સંક્રમણના બીજા તબક્કા દરમિયાન આર્થિક વિકાસ વધવાથી..............માં ઝડપી ઘટાડો થાય છે.

(A) વસ્તીવૃદ્ધિ દર (B) જન્મદર

(C) મૃત્યુદર (D) ઉપરોક્ત ત્રણેમાં

(4) વર્ષ 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં સરેરાશ વસ્તીવૃદ્ધિ દર..............હતો ?

(A) 1.93 (B) 2.25

(C) 1.26 (D) 1.67

(5) વસ્તી સંક્રમણનાં બંને તબક્કાઓ દરમિયાન ભારતમાં જન્મદર કરતા મૃત્યુદર............. રહ્યો છે.

(A) ઊંચી (B) નીચી

(C) સરખો (D) અનિશ્ચિત

(6) ભારતમાં ક્યા દાયકા દરમિયાન સરેરાશ વસ્તીવૃદ્ધિ દર ઋણ હતો ?

(A) 2001-11 (B) 1971-81

(C) 1941-51 (D) 1911-21

(D) જોડકા :

| | | | |
|---|---|---|---|
| 1) | પ્રથમ તબક્કો | a) | વસ્તીવૃદ્ધિ દર નહિવત |
| 2) | બીજો તબક્કો | b) | મૃત્યદર કરતા જન્મદરમાં ઝડપી ઘટાડો |
| 3) | ત્રીજો તબક્કો | c) | જન્મદર-મૃત્યુદર બંને ઊંચા |
| 4) | ચોથ્થો તબક્કો | d) | વસ્તી વિસ્ફોટ |

(E) ખરા-ખોટા

1) વસ્તી સંક્રમણનાં પ્રથમ તબક્કા દરમિયાન મૃત્યુદરમાં ઝડપી ઘટાડો થાય છે.

2) સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે જન્મદર વધે છે.

3) વસ્તી સંક્રમણનાં ત્રીજા તબક્કામાં વસ્તીવૃદ્ધિ દર ઊંચો હોય છે.

4) ભારત વસ્તી સંક્રમણનાં ત્રીજા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે.

5) વર્ષ દરમિયાન દર હજાર બાળકોએ જીવિત જન્મેલા બાળકોની સંખ્યાને જન્મદર કહેવાય.

6) આર્થિક પરિવર્તનો કરતા સામાજિક પરિવર્તનો ધીમા હોય છે.

તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (C) | 1) B | 2) A | 3) C | 4) D | 5) B | 6) D |
| (D) | 1) C | 2) D | 3) B | 4) A | | |
| (E) | (1) ખોટું | 2) સાચુ | 3) ખોટું | 4) ખોટું | 5) ખોટું | 6) સાચું |

## 14.8 સંદર્ભગ્રંથ :

(1) ભટ્ટ બી. કે. અને દેસાઈ જે. એન. 1997, વસ્તી શિક્ષણ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(2) ત્રિવેદી, એચ. કે. 1985, વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(3) Roy, Tirthamkar. 2011, The Economic History of India Oxford Univarsity Press, New Delhi.

4) https://censusindia.gov.in - Govt of India (2011) Census of India

5) www.indiabudget.goi.n. - Govt of India ( ) Ministry of Finance.

⊙ ⊙ ⊙

એકમ 15

# આર્થિક વિકાસ અને ગરીબી

-: રૂપરેખા :-

15.0 ઉદ્દેશ

15.1 પ્રસ્તાવના

15.2 ગરીબીનું સ્વરૂપ (પ્રકારો)

15.3 ગરીબીની રેખા (Poverty Line)

15.4 અમર્ત્ય સેનનો માનવ ગરીબી આંક (Human Poverty Index of Amartya Sen):

15.5 ભારતમાં ગરીબીનું માપન

15.6 ગરીબીનું વિષચક્ર (Vicious Circle of Poverty)

15.7 ગરીબીનાં કારણો

15.8 ગરીબી દૂર કરવાના ઉપાયો

15.9 ગરીબી અને આર્થિક વિકાસ (Poverty and Economic Development)

15.10 સારાંશ

15.11 ચાવીરૂપ શબ્દો (Key Words)

15.12 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ વાચન
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 15.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ગરીબીનો વૈશ્વિક ખ્યાલ સમજાવી શકશો.
- ગરીબીનું સ્વરૂપ તથા તેનાં માપન માટે અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવેલા અભ્યાસો અંગે વિચારણા કરી શકશો.
- ગરીબી અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ તપાસી શકશો.
- ગરીબીનાં કારણો ઓળખી શકશો.
- ગરીબી દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરી શકશો.

## 15.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થી મિત્રો, આ પુસ્તકની શરૂઆતનાં એકમોમાંથી આપણે જાણ્યું કે આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ એ બંને ખ્યાલ પરસ્પર ભિન્ન છે. આર્થિક વૃદ્ધિ વિકસિત દેશો સાથે સંબંધિત છે. જ્યારે આર્થિક વિકાસનો ખ્યાલ વિકાસશીલ દેશો સાથે સંબંધિત છે. આ એકમમાં આપણે

ગરીબી અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ તપાસવાનાં છીએ.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આર્થિક વૃદ્ધિ થવાથી અર્થતંત્રમાં ગરીબી દૂર થાય. પરંતુ અભ્યાસો એવાં તારણ પર આવ્યા કે આર્થિક વૃદ્ધિથી આવકની અસમાનતા વધે તો ગરીબી દૂર ન થાય. આ સમસ્યા કોઈ એક દેશની નહીં પણ સમગ્ર વિશ્વનાં અર્થતંત્રોની છે. ગરીબી દૂર કરવા માટે આર્થિક વિકાસ કરવાનો થાય. આર્થિક વિકાસમાં ઉત્પાદન સાધનોની પુનઃ વહેંચણી, સરકારની ભૂમિકા, ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ, શ્રમ સહિતનાં સાધનોની કાર્યક્ષમતા, સામાજિક માળખું વગેરે બહુઆયામી બાબતોનો સમાવેશ થાય છે. આથી ગરીબી દૂર કરવા માટે આર્થિક વિકાસ ઉપર ધ્યાન આપવું જોઈએ.

આપણે જોયું કે આર્થિક વિકાસ બહુઆયામી પ્રક્રિયા છે. તેવી જ રીતે ગરીબી પણ અનેક કારણોનું પરિણામ હોઈ શકે છે ! (આજ એકમમાં તમે આગળ ગરીબીનાં કારણોનો પણ અભ્યાસ કરવાનાં છો) આમ, જે કારણથી ગરીબી હોય તેને અનુરૂપ આર્થિક વિકાસ માટેના પ્રયત્નો થવા જોઈએ, તો ગરીબી દૂર થાય. જેમ કે, શિક્ષણના અભાવે ગરીબી દૂર હોય તો મૂડી નિર્માણના પ્રયત્નોથી ગરીબી દૂર થઈ શકે નહીં. વળી, ગરીબીનું પ્રમાણ પણ જુદાં જુદાં અર્થતંત્રોમાં જૂદું જુદું હોઈ શકે છે. આથી ગરીબી કેટલી છે, તેનાં કારણો ક્યાં ક્યાં છે તે અભ્યાસ કર્યા પછી તેને અનુરૂપ આર્થિક વિકાસની પ્રક્રિયા કરવાથી સફળતા મળવાની સંભાવનાઓ વધે છે.

આ એકમમાં આપણે ગરીબીનું સ્વરૂપ, માપન, કારણો, ઉપાયો વગેરેનો આર્થિક વિકાસ સાથેના સંબંધના સંદર્ભે અભ્યાસ કરીશું.

## 15.2 ગરીબીનું સ્વરૂપ (પ્રકારો) :

ગરીબીના ખ્યાલને તેના સ્વરૂપને આધારે બે વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. (A) નિરપેક્ષ ગરીબી અને (B) સાપેક્ષ ગરીબી

(A) નિરપેક્ષ ગરીબી (Absolute Poverty) :

જીવનની અનિવાર્ય જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ખર્ચ કરવા જેટલી પણ જેની આવક ન હોય તેને નિરપેક્ષ ગરીબ ગણવામાં આવે છે. નિરપેક્ષ ગરીબી જ ખરેખર ગરીબી છે. તેને માપવા માટે બે પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

(i) ન્યૂનતમ વપરાશ ખર્ચનું ધોરણ અને (ii) ન્યૂનતમ કેલેરીનું ધોરણ

(i) ન્યૂનતમ (લઘુતમ) વપરાશ ખર્ચનું ધોરણ :

આ ખ્યાલ મુજબ પ્રાથમિક અનિવાર્ય જરૂરિયાતો પૂરી કરવા માટે જરૂરી ખર્ચ કરવા જેટલી આવક ન ધરાવતી વ્યક્તિ ગરીબ ગણાય. આ માટે સૌપ્રથમ વ્યક્તિની તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાથમિક (Basic) અનિવાર્ય જરૂરિયાતો જેવી કે ખોરાક, કપડાં, રહેઠાણ, આરોગ્ય શિક્ષણ, સેવાઓ વગેરે ન્યૂનતમ જરૂરીયાતનું પ્રમાણ નક્કી કરી તેને મેળવવા માટે ચાલુ બજાર ભાવે કેટલી આવકની જરૂર પડે તે નક્કી કરવામાં આવે છે. જો વ્યક્તિ આ પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા જેટલી આવક ન ધરાવતી હોય તો તેને ગરીબ ગણવામાં આવે છે. ટૂંકમાં, જે લોકો પ્રાથમિક જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ લઘુતમ ધોરણે ન મેળવી શકતી હોય તો તેને નિરપેક્ષ રીતે ગરીબ ગણાય. આમ, લઘુતમ આવક, વપરાશ કે ખર્ચના નિર્ધારિત ધોરણોને આધારે નક્કી થતી ગરીબાઈને નિરપેક્ષ ગરીબી કહે છે.

(ii) ન્યૂનતમ કેલેરીનું ધોરણ :

નિરપેક્ષ ગરીબીનું માપન કરવા માટેની બીજી પદ્ધતિ ખોરાકમાં ‘ન્યૂનતમ કેલરીનું ધોરણ’ છે. જીવનને તંદુરસ્ત ટકાવી રાખવા માટે અમુક પૌષ્ટિકતાવાળો આહાર અનિવાર્ય છે. આહારમાં રહેલી પૌષ્ટિકતા તેમાંથી મળતી કેલરી દ્વારા જાણી શકાય છે. અર્થાત જીવનને ટકાવી રાખવા અને તંદુરસ્ત જીવન જીવવા માટે વ્યક્તિએ અમુક ચોક્કસ કેલરી મળે તેવો ખોરાકના આધારે ગ્રામ વિસ્તારમાં 2400 અને શહેર વિસ્તારમાં 2200 કેલરીવાળો ખોરાક પ્રતિ દિન-પ્રતિવ્યક્તિને પ્રાપ્ત થાય તે ધોરણ સ્વીકારવામાં આવ્યુ છે. જે લોકો આ ન્યૂનતમ કેલરી, પ્રતિદિન મેળવી શકતા નથી (અથવા તો આવો ખોરાક મેળવવા જેટલો ખર્ચ કરી શકતા નથી) તે નિરપેક્ષ ગરીબ કહેવાય.

તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબીના ખ્યાલો સમજાવો. ગરીબી માપન માટે શા માટે નિરપેક્ષ ગરીબીનું ધોરણ વધારે મહત્ત્વનું ગણાવી શકાય ? ......................

.................................................................

(2) નિરપેક્ષ ગરીબીના માપન માટેની પદ્ધતિઓનો પરિચય આપી, તેની વચ્ચેની સમાનતા અને તફાવત જણાવો.

.................................................................

.................................................................

(3) ‘‘ગરીબી એક પ્રકારના અભાવની સ્થિતિ છે’’- સમજાવો.........................

.................................................................

(B) સાપેક્ષ ગરીબી (Relative Poverty) :

સમાજના કોઈ એક વર્ગ કે સમૂહની આવકની તુલનાએ તે જ સમાજના બીજા કોઈ વર્ગ કે સમૂહની ઓછી આવકની સ્થિતિને સાપેક્ષ ગરીબી કહેવાય. ગરીબીને માપવા માટેના સાપેક્ષ ગરીબીના ખ્યાલની નબળાઈ એ છે કે આ પ્રકારની સાપેક્ષ કે તુલનાત્મક ગરીબી સમૃદ્ધ વિકસિત દેશોમાં પણ જોવા મળતી હોય છે. કારણ કે આવા દેશોમાં પણ આવકની અસમાનતાને કારણે એક જૂથ કરતાં બીજા જૂથની આવક ઓછી હોઈ શકે. પરંતુ ઓછી આવક ધરાવતો વર્ગ ઘણીવાર ખરેખર ગરીબ હોતો નથી. બીજું, કોઈ વ્યક્તિની માસિક આવક 20,000 રૂપિયા હોય તો તે માસિક 30,000 રૂપિયા આવક ધરાવનારની તુલનામાં ગરીબ ગણાય, પરંતુ આજ વ્યક્તિ માસિક આવક 10,000 રૂપિયા ધરાવનાર તુલનામાં ગરીબ ન ગણાય. આથી સાપેક્ષ ગરીબીના માપદંડ દ્વારા ગરીબી અંગે કોઈ ચોક્કસ નિષ્કર્ષ મળતો નથી. તેથી ગરીબીને માપવાના સાધન તરીકે નિરપેક્ષ ગરીબીનું ધોરણ વધુ મહત્ત્વનું બની રહે છે.

## 15.3 ગરીબીની રેખા (Poverty Line) :

ગરીબીનો વ્યાપ નક્કી કરવા માટે કોઈ એક સંપૂર્ણ આધારભૂત માર્ગ પ્રાપ્ત નથી. પરંતુ ‘ગરીબીરેખા’ દ્વારા કોઈ એક દેશમાં ગરીબીનું ચોક્કસ પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે. આથી ગરીબીની રેખાને ગરીબી માપવા માટેનું બેરોમીટર પણ કહેવામાં આવે છે. જો ગરીબીનુ આકલન હજુ સંપૂર્ણ નથી થઈ શકયું આ શબ્દો વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) ના પ્રથમ ડિરેક્ટર જનરલ લોર્ડ લોઈડ ઓરેએ 1945માં ભૂખમરાની રેખાઓનો ખ્યાલ રજૂ કરેલ, તેના

પરથી ગરીબીરેખાનો ખ્યાલ વિકસાવવામાં આવ્યો છે.

ગરીબીરેખાનો ખ્યાલ પ્રાથમિક અનિવાર્ય જરૂરિયાતોની વસ્તુઓની પ્રાપ્તિ-અપ્રાપ્તિ સાથે સંકળાયેલો છે. પ્રાથક જરૂરિયાતની વસ્તુઓમાં અન્ન, વસ્ત્ર, રહેઠાણ, તબીબી સેવા તથા શિક્ષણ જેવી પાયાની બાબતોનો સમાવેશ થાય છે. આ જરૂરિયાતો સંતોષવા માટે ચોક્કસ પ્રમાણમાં ખર્ચ કરવો પડે છે. આ ખર્ચ કરવા જેટલી પણ જેની આવક ન હોય એ વ્યક્તિ ગરીબીરેખા નીચે જીવન જીવે છે તેમ કહેવાય. આ બાબત સમજવા માટે એક ઉદાહરણ લઈએ. ધારોકે પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટે દૈનિક 32 રૂપિયાની અને આ રીતે મહિનો 960 રૂપિયાની જરૂર પડે છે. જે વ્યકેતની આવક મહીને 960 રૂપિયા કરતાં ઓછી હોય તે વ્યક્તિ ગરીબીની રેખા નીચે જીવે છે તેમ કહેવાય અને જે વ્યક્તિની આવક આના કરતાં વધુ હોય તે વ્યક્તિ ગરીબીની રેખા ઉપર જીવે છે તેમ કહેવાય અને જો કોઈ વ્યક્તિની આવક મહીને 960 રૂપિયાની જ હોય તો તે ગરીબીરેખા ઉપર જીવન જીવે છે તેમ કહેવાય.

તમારી પ્રગતિ ચકાસો (ખ) :

(1) ગરીબીરેખાનો ખ્યાલ સમજાવો, એક કાલ્પનિક ઉદાહરણ દ્વારા તેની સમજૂતી આપો.

.................................................................

.................................................................

(2) ગરીબીરેખાના અભ્યાસ પરથી નીપજતા તારણો જણાવો........................

.................................................................

(3) ગરીબીના માપન માટે ગરીબી રેખાની અગત્યતા સમજાવો........................

.................................................................

## 15.4 અમર્ત્ય સેનનો માનવ ગરીબી આંક (Human Poverty Index of Amartya Sen) :

ગરીબીરેખા દ્વારા દેશમાં ખરેખર કેટલા લોકો ગરીબ છે એટલે કે દેશમાં ગરીબોની સંખ્યા અને દેશની કુલ વસ્તીમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોની ટકાવારી કેટલી છે તે જાણી શકાય છે. પરંતુ ગરીબીરેખા દ્વારા એ જાણી શકાતું નથી કે ગરીબીરેખા નીચે જીવતા લોકોમાં કોણ વધારે અને કોણ ઓછું ગરીબ છે. ગરીબીરેખા નીચે જીવતા લોકોમાં પણ ગરીબીનું પ્રમાણ જુદું જુદું હોય છે. જે લોકો ગરીબીની રેખાની નજીક હશે તેના કરતાં ગરીબીરેખાથી દૂર હશે વધારે ગરીબ હશે. જેમ કે જો ગરીબીરેખા 200 રૂપિયા નિર્ધારિત કરેલી હોય તો તેનો અર્થ એ છે કે 200 રૂપિયા કરતા ઓછી આવક ધરાવનાર તમામ લોકો ગરીબ ગણાશે. હવે જે લોકો ગરીબીરેખા નીચે જીવન જીવે છે તે તમામની આવક અલગ અલગ હોવાની, કેટલાકની આવક 195 રૂપિયા, કેટલાકની 150 રૂપિયા તો કેટલાકની 95 રૂપિયો આવક હોઈ શકે. 195 રૂપિયાની આવક (ગરીબીરેખાથી નજીક) કરતાં 95 રૂપિયાની આવક (ગરીબીરેખાથી દૂર ધરાવનાર વધુ ગરીબ છે, તે સ્વાભાવિક છે. ગરીબીરેખા દ્વારા ગરીબીરેખા નીચે જીવતાં લોકોની આ આવક તફાવત અંગે કોઈ માર્ગદર્શન મળતું નથી.

અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં 1998 ના વર્ષના નોબેલ પારિતોષિક વિજેતા ડૉ. અમર્ત્ય કુમાર સેને Economic and Political Weekly (1973) માં પ્રકાશિત થયેલાં તેમના એક લેખ "Poverty inequality and unemployment" માં એક નિર્દેશાંક વિકસિત કર્યો જેને ગરીબીનો નિર્દેશાંક કે સેનનો ગરીબીનો નિર્દેશાંક કહેવામાં આવે છે. જેના દ્વારા સેને ગરીબીરેખા નીચે જીવતાં લોકોની

આવક તફાવત અંગેની અસમાનતાનો અભ્યાસ કર્યો છે. તેના દ્વારા સૌથી વધુ ગરીબ અને સૌથી ઓછા ગરીબની સ્થિતિનો ખ્યાલ મળે છે. તેમજ ગરીબીરેખા નીચે જીવતાં લોકોની સ્થિતિના આંતરિક તફાવતનો ખ્યાલ આવે છે.

આ માટે નીચેના સમીકરણનો ઉપયોગ કરવામાં આવે છે.

S= H [1 + (1-1) G]

જ્યાં S= Sen Poverty lndex- સેનનો ગરીબી આંક

H = Head Count lndex- ગરીબીરેખા નીચે જીવતાં લોકો

I= Poverty Gap lndex- ગરીબી તફાવત આંક

G = Gini Co-efficient-ગીની સહગુણક

આ આંકને વધુ સારી રીતે સમજવા માટે આપણે ગરીબી ગુણોત્તર (Head Count Ratio), ગરીબી તફાવત ગુણોત્તર (Poverty Gap Ratio) પોવર્ટી ગેપ ઇન્ડેક્ષ અને ગીની કોએફીસન્ટના ખ્યાલને સમજીએ.

(i) ગરીબી ગુણોત્તર (Poverty Ratio /Head Count Ratio)

તે કુલ વસ્તીમાં ગરીબોના પ્રમાણને માપે છે. આ પદ્ધતિમાં કુલ વસ્તીમાં ગરીબીરેખાની નીચે જીવતાં લોકોના ટકાવારી પ્રમાણને શોધવામાં આવે છે. સામાન્ય રીતે આપણે નિરપેક્ષ રીતે ગરીબી આ રીતે માપીએ છીએ. ધારો કે પ્રતિદિન, પ્રતિવ્યક્તિના સંદર્ભે ગરીબી રેખા 2 ડોલર નક્કી કરવામાં આવે તો તેનો અર્થ એ થાય કે દેશની વસ્તીનો જે ભાગ (જેટલા લોકો) 2 ડોલર કરતાં ઓછી આવક ધરાવતા હોય તે ગરીબીરેખા નીચે જીવન જીવે છે. આ રીતે ગરીબીરેખા નીચે જીવતા લોકોની સંખ્યાને કુલ વસ્તીના સંદર્ભે માપન દ્વારા દર્શાવવામાં આવે છે. સૂત્રઃ $HCR = \frac{H}{N}$

(ii) ગરીબી તફાવત આંક (Poverty Gap lndex-PGI)

તે ગરીબીરેખા અને ગરીબીરેખાની નીચે જીવતા તમામ પરિવારોની સરેરાશ આવક વચ્ચેનો તફાવત છે, તે ગરીબીરેખાની ટકાવારી તરીકે અભિવ્યક્ત થાય છે. તે ગરીબીની તીવ્રતા અને ઊંડાઈ દર્શાવે છે.

$$\text{ગરીબી ગુણોત્તર} = \frac{\text{ગરીબી વસ્તી}}{\text{કુલ વસ્તી}}$$

$$PGI = \frac{I}{N} \sum_{j=1}^{q} \left( \frac{Z - Yj}{Z} \right)$$

N = કુલ વસ્તી, q = કુલ ગરીબ વસ્તી

Z = ગરીબી રેખા, Y = ગરીબ વ્યક્તિ


(j) ની આવક (y)

આ બાબતને સમજવા માટે આપણે એક સરળ ઉદાહરણ જોઈએ. ધારોકે ગરીબીરેખા 200 રૂપિયા છે. આનો અર્થ એ થાય કે દેશમાં જેટલા લોકોની આવક 200 રૂપિયા કરતાં ઓછી હશે તે ગરીબીરેખા નીચે જીવન જીવે છે તેમ કહેવાય, પરંતુ એ પણ હકીકત છે કે ગરીબીરેખા નીચે જીવતાં લોકોની આવક જુદી જુદી હશે. કોઈની આવક 19 રૂપિયા તો કોઈની આવક 99 રૂપિયા તો કોઈની આવક 180 રૂપિયા, 160 રૂપિયા, 142 રૂપિયા હોવાની. આ બધા લોકોની આવકનો સરવાળો કરી તેની સરેરાશ કાઢી તેને ગરીબીરેખા માટે નિર્ધારિત કરેલ આવક (આપણા ઉદાહરણમાં 200 રૂપિયા) માંથી બાદ કરી તેને ગરીબીરેખા માટે નિર્ધારિત કરેલ આવક (આપણા ઉદાહરણ પ્રમાણે 2 રૂપિયા) વડે ભાગવાથી ગરીબી તફાવત આંક(PGI) નું આંકનું મુલ્ય 0 થી 1ની વચ્ચે આવશે. જેમ ગરીબીરેખા નીચે જીવતાં લોકોની આવકની સરેરાશ વધુ તેમ PGI 0થી નજીક આવશે અને જેમ ગરીબીરેખા નીચે જીવતાં લોકોની આવકની સરેરાશ ઓછી તેમ PGI મુલ્ય 1થી નજીક આવશે. એટલે કે જેમ ગરીબીરેખા નીચે જીવતાં લોકોની આવકની સરેરાશ ઓછી તેમ PGIનો આંક ઊંચો અને જેમ ગરીબીરેખા નીચે જીવતાં લોકોની આવક સરેરાશ વધુ તેમ PGI નો આંક નીચો આવશે.

(1) ગિની-સહગુણક (Gini-co-efficient) :

લોરેન્ઝ રેખા આર્થિક અસમાનતાનું માપન ઓરેન્જ કાર્વની સમજૂતી

વહેંચણીની અસમાનતા (ખાસ કરીને આવકની વહેંચણીની અસમાનતા ) દર્શાવતું માપ. આ માપ લોરેન્ઝ વક્ર આધારે કાઢવામાં આવે છે. ગિની ગુણકનું મૂલ્ય શૂન્ય (સંપૂર્ણ સમાનતા)થી એક (સંપૂર્ણ અસમાનતા) વચ્ચે હોય છે. ગિની ગુણકનું ઘટતું મૂલ્ય આવકની નીચી અસમાન વહેંચણી દર્શાવે છે. જેમ જેમ અસમાનતા વધે છે તેમ તેમ ગિની મૂલ્ય 1 (એક)ની તરફ વધે છે.




સૂત્રના રૂપમાં :

G = $\Delta$ 1/ Za {G = Gini ગુણક $\Delta$ 1 = ગિની અંતર. a = સમાંતર મધ્યક}

ડૉ. સેને આ ખ્યાલોનો ઉપયોગ કરીને ગરીબીરેખા નીચે જીવતા લોકોની આવક અંગેના તફાવતની અને એ દ્વારા ગરીબીરેખા નીચે જીવતા અંતિમ ગરીબની સ્થિતિ દર્શાવવા પ્રયત્ન કર્યો છે. આ બાબતને આર્થિક કલ્યાણ સાથેનો સંબધ નીચેના સમીકરણ દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

$W = \mu\ (1-G)$ જેમાં W = કલ્યાણ

$\mu$ = માથાદીઠ આવક

G = આવકની અસમાનતા

આના આધારે કહી શકાય કે કલ્યાણ (W) માં વધારો થશે જો $\mu$ માં વધારો થાય અથવા તો G માં ઘટાડો થાય.

**તમારી પ્રગતિ ચકાસો (ગ) :**

(1) માનવ ગરીબી આંકનો ખ્યાલ સમજાવો........................................

.....................................................................

(2) ગરીબીરેખાના ખ્યાલ કરતાં બહુઆયાતી ગરીબીની વિશેષતા જણાવો...........

.....................................................................

(3) ગરીબી તફાવત આંક (PGI) એક અન્ય કાલ્પનિક ઉદાહરણ દ્વારા સમજાવો............

.....................................................................

(4) લોરેન્ઝ અસમાનતા રેખા સમજાવો.

.....................................................................

## 15.5 ભારતમાં ગરીબીનું માપન :

ભારતમાં ગરીબીના માપન માટે આયોજનપંચ દ્વારા ગરીબી માપન માટેની તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિ ભારતમાં NSS દ્વારા થયેલા. સર્વેના આધારો દ્વારા ગરીબીરેખાનું માપન કરે છે. ગરીબોની ઓળખના આધારે ભારત સરકાર તેઓ માટેના ગરીબી નિવારણની કાર્યક્રમો ઘડે છે.

ગરીબીરેખા નક્કી કરવા માટે ભારત સરકારે 1962માં એક અભ્યાસ જૂથની રચના કરી હતી. આ જૂથો પ્રવર્તમાન ભાવોને આધારે વાર્ષિક માથાદીઠ રૂ.240 ના વપરાશ ખર્ચને ન્યૂનતમ ધોરણ તરીકે સ્વીકારવાની ભલામણ કરી હતી. એટલે કે ન્યૂનતમ પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા માટે વ્યક્તિને ઓછામાં ઓછા રૂ.20 પ્રતિમાસ ખર્ચવાની જરૂર પડે. આ પ્રાથમિક જરૂરિયાતોમાં અનાજ, કપડાં અને વસવાટનો સમાવેશ કરેલ. પ્રો.મિન્હાસના મતે આ ધોરણ અનુસાર 1960-61 માં ગ્રામીણ ગરીબોની સંખ્યા (ગરીબીરેખા નીચે જીવન જીવતા લોકોની સંખ્યા) 20.6 કરોડ (59.4%) હતી.

ડૉ.વી.એમ. દાંડેકર અને શ્રી નીલકંઠ રથ નામના વિદ્વાનોએ નિરપેક્ષ ગરીબી માપવા માટે કેલરીના ધોરણનો સ્વીકાર કરીને 1960-61 માં ભારતમાં ગરીબી માપવાનો પ્રયત્ન કરેલ. તેમના મતે 2250 કેલરીવાં ખોરાક મેળવવા માટે ગ્રામીણ વિસ્તારમાં લોકોની માથાદીઠ આવક માસિક 15 રૂપિયા (વાર્ષિક 180 રૂપિયા) અને શહેરી વિસ્તારમાં લોકોની માથાદીઠ આવક માસિક 22.5 રૂપિયા (વાર્ષિક 270 રૂપિયા) હોવી જોઈએ. જે લોકો આ ખર્ચ કરી શકવા સમર્થ ન હોય તે ગરીબીરેખા નીચે જીવન જીવે છે તેમ કહેવાય. આ દૃષ્ટિએ 1960-61 માં ભારતના ગ્રામીણ વિસ્તારમાં 13.50 કરોડ (કુલ ગ્રામીણ વસ્તીના 40.00%) અને શહેરી વિસ્તારમાં

4.20 કરોડ (કુલ શહેરી વસ્તીના 50.0 %) અને એકંદરે 17.7 કરોડ (કુલ વસ્તીના 41.0%) લોકો ગરીબીરેખા નીચે જીવતા હતા. 1960-61 થી 1968-69 સુધીમાં દેશમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ 17.7 કરોડથી વધીને 21.5 કરોડ થયું હતુ. જો કે આ વર્ષો દરમિયાન ટકાવારીની રીતે કોઈ ફેરફાર થયો ન હતો.

ગરીબીની પુનઃ વ્યાખ્યા કરવા માટે પ્રો.ડી.ટી. લાકડાવાળાની અધ્યક્ષતામાં 1993માં સમિતિની રચના કરવામ આવી હતી. આ સમિતિએ પણ ગરીબીના માપન માટે કેલરીના માપદંડને યોગ્ય ગણાવ્યો. તેમના મતે ગ્રામીણ વિસ્તારમાં દૈનિક 2400 કેલરી અને શહેરી વિસ્તારમાં દૈનિક 2100 કેલરી જેટલો પૌષ્ટિક આહાર મેળવી ન શકાય તેમજ હોય તો તે ગરીબીરેખા નીચે જીવે છે. જો કે એ પણ હકીકત છે કે ખોરાકની જરૂરિયાત ટેવો, ઉંમર જાતિ અને પ્રદેશવાર (વાતાવરણ અનુસાર) અલગ-અલગ હોય છે. આ ઉપરાંત ભાવો પણ સતત બદલતા હોય છે. સાથે કેલરીના ધોરણો નક્કી કરવા મુશ્કેલ છે. જો કે ભારતમાં ગરીબીને માપવા માટેનો આ માપદંડ ઘણો વ્યવહારુ અને વાસ્તવિકતાની નજીક છે.

સુરેશ તેંડુલકર સમિતિએ ગરીબીરેખાના માપન માટે દૈનિક ખર્ચનો માપદંડ અપનાવ્યો. તેંડુલકર સમિતિએ ગરીબીરેખા માપવા માટેના 1977 થી પ્રચલિત કેલરીનો અસ્વીકાર કરતાં જણાવ્યું કે ''ખાદ્ય પદાર્થો અને પોષણ વત્તા'' નબળો સહસંબંધ છે. આ સમિતિ મુજબ વ્યક્તિદીઠ દૈનિક આવક ગ્રામીણ વિસ્તારમાં 27.2 રૂપિયા ( માસિક 8 રૂપિયા ) અને શહેરી વિસ્તારમાં 33.3 રૂપિયા (માસિક 1000 રૂપિયા ) થી ઓછી આવક ધરાવનાર ગરીબીરેખા નીચે જીવન જીવે છે તેમ કહેવાય.

આ પછી તેમાં ડૉ. રંગરાજન સમિતિએ ફેરફાર કરીને ગ્રામીણ વિસ્તારમાં 2155 કેલરી અને શહેરી વિસ્તારમાં 2090 કેલરી ભોજન સાથે પ્રોટીન, (ગ્રામીણ વિસ્તારમાં 48 ગ્રામ અને શહેરી વિસ્તારમાં 50 ગ્રામ) કપડાં, શિક્ષણ આવન જાવન ખર્ચ, બિન ખાદ્યપદાર્થો પરના ખર્ચને પણ સામેલ કર્યો છે.

પૂર્વ વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહની આર્થિક સલાહકાર સમિતિના અધ્યક્ષ ડૉ.સી.રંગરાજનની અધ્યક્ષ વાળી વિશેષજ્ઞોની સમિતિ મુજબ વ્યક્તિદીઠ દૈનિક આવક ગ્રામીણ વિસ્તારમાં 32.4 રૂપિયા (માસિક 972 રૂપિયા અને શહેરી વિસ્તારમાં 46.9 રૂપિયા (માસિક 1407 રૂપિયા) થી ઓછી આવક ધરાવનાર ગરીબીરેખા નીચે જીવી જીવે છે તેમ કહેવાય.

ભારતમાં ગરીબીનું પ્રમાણ ( ગરીબીરેખા નીચે જીવતી વસ્તીની ટકાવારી વર્ષ 2011-12)

| માપદંડ | વર્ષ | ગ્રામીણ | શહેરી | કુલ |
|---|---|---|---|---|
| સુરેશ તેંડુલકર સમિતિ | 2005 | 25.7 | 13.7 | 21.9 |
| ડૉ.સી.રંગરાજન સમિતિ | 2011-12 | 30.9 | 26.4 | 29.5 |

તમારી પ્રગતિ ચકાસો (ઘ) :

(1) ભારતમાં ગરીબીના માપન માટે થયેલા પ્રયત્નો વિષે ચર્ચા કરો....................

..............................................................................

(2) ગરીબી માપન તેંડુલકર અને રંગરાજન સમિતિના માપદંડો જણાવી, કઈ સમિતિના માપદંડના આધારે દેશમાં ગરીબોની સંખ્યા વધારે હશે ? શા માટે ?..............

..............................................................................

(3) ''ખાધ પદાર્થો અને પોષણ વચ્ચે નબળો સહસંબંધ છે''- આ વિધાન દ્વારા તેંડુલકર સમિતિ શું કહેવા માગે છે ?..................................................

..................................................................

(4) કેલરીના આધારે ગરીબી માપન અને દૈનિક આવકના આવધારે ગરીબી માપન વચ્ચેનો તફાવત અને સામ્યના વિષે તાત્વિક ચર્ચા કરો.................................

..................................................................

## 15.6 ગરીબીનું વિષચક્ર (Vicious Circle of Poverty) :

ગરીબીનું વિષચક્ર એટલે ગરીબીનું કારણ અને પરિણામ બંને ગરીબી જ છે. ગરીબીનું વિષચક્ર એ સ્થિતિ દર્શાવે છે જ્યાં અમુક ચક્રીય પરિબળોની આંતરપ્રક્રિયાઓ એકબીજા પર અસર જન્માવે છે. આથી ગરીબી માટે જેમ અન્ય પરિબળો જવાબદાર છે. તેમ ગરીબી પોતે પણ જવાબદાર છે. ભારત જેવા અલ્પવિકસિત દેશોમાં મૂડીની અછત એ અલ્પવિકાસનું કારણ અને પરિણામ બંને છે. એટલે કે ગરીબીને કારણે દેશ વિકાસ સાધી શકતો નથી અને દેશ વિકાસ સાધી શકતો ન હોવાના કારણે ગરીબ છે. દેશ ગરીબ હોવાના કારણે અર્થાત દેશમાં વસ્તીનો મોટો ભાગ ગરીબ હોવાના કારણે-તેની આવક ઓછી હોવાથી બચતો ઓછી રહે છે. પરિણામે મૂડીરોકાણ ઓછું થાય છે. મૂડીસર્જન થઈ શકતું નથી. તેથી આર્થિક વિકાસનો દર નીચો રહે છે. આર્થિક વિકાસના નીચા દરને કારણે લોકોની આવક ઓછી રહી છે. પરિણામે ઓછી બચતો થાય છે. જે ઓછા મૂડી રોકાણ અને ઓછા મૂડી સર્જનમાં પરિણમે છે. આ ચક્ર સતત ફર્યા જ કરે છે અને દેશ ગરીબ જ રહે છે. આથી જ પ્રો.નર્ક્સ કહે છે કે, 'દેશ ગરીબ છે કારણ કે તે ગરીબ છે.' (A Country is Poor Because it is Poor.)'

આ ગરીબીને કારણે મોટા ભાગની વસ્તીની ખરીદશક્તિ ઓછી રહે છે. આથી માંગના અભાવમાં આંતરિક બજાર મર્યાદિત બને છે. ગરીબી અને આવકની અસમાનતાને કારણે લોકોની ખરીદશક્તિ ઓછી રહે છે. પરિણામે કુલ માંગનું પ્રમાણ ઓછું રહે છે અને આથી બજાર મર્યાદિત બને છે. ઉત્પાદન એકમો નાના રહે છે, કદ વિકાસના લાભો મળતા નથી, સ્વાભાવિક રીતે જ ઉત્પાદન એકમનું વિસ્તરણ થતું નથી, નવા મૂડી રોકાણનું પ્રમાણ ધીમું રહે છે, રોજગારીની તકો સર્જાતી નથી, લોકોની આવક વધતી નથી, ખરીદશક્તિ અને બચતો વધતી નથી. પરિણામે એક વિષચક્ર છે જે સતત ચાલતું રહે છે.

તમારી પ્રગતિ ચકાસો (ઘ) :

(1) ભારતમાં ગરીબીના માપન માટે થયેલા પ્રયત્નો વિષે ચર્ચા કરો. ....................

..................................................................

(2) ગરીબી માપન તેંડુલકર અને રંગરાજન સમિતિના માપદંડો જણાવી, કઈ સમિતિના માપદંડના સાધરિ દેશમાં ગરીબોની સંખ્યા વધારે હશે ? શા માટે ?...............

..................................................................

(3) ''ખાદ્ય પદાર્થો અને પોષણ વચ્ચે નબળો સહસંબંધ છે'' - આ વિધાન દ્વારા તેંડુલકર સમિતિ શું કહેવા માગે છે ?.........................................

..................................................................

(4) કેલરીના આધારે ગરીબી માપન અને દૈનિક આવકના આવધારે ગરીબી માપન વચ્ચેનો તફાવત અને સામ્યતા વિષે તાત્વિક ચર્ચા કરો. .................................

....................................................................

## 15.7 ગરીબીનાં કારણો :

### 15.7.1 કૃષિક્ષેત્રે વસ્તીનું ભારણ અને કૃષિની નીચી ઉત્પાદકતાઃ

ભારતમાં ગરીબીનું એક મોટું કારણ કૃષિક્ષેત્રે વસ્તીનું અતિ ભારણ અને કૃષિની નીચી ઉત્પાદકતા છે. આજો પણ ભારતમાં લગભગ અડધો અડધ- (કુલ શ્રમશક્તિના 48.9 % ) વર્ષ શ્રમિકો કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાંથી રોજગારી મેળવે છે. વિકસિત દેશોમાં આ પ્રમાણ 2 થી 4 % જેટલું હોય છે. આ દષ્ટીએ કહી શકાય કે ભારતમાં કૃષિક્ષેત્ર વસ્તી ભારણ છે. બીજું, સિંચાઈની સગવડોનો અભાવ, કૃષિ ઉત્પાદકતા વધારવા માટે આવશ્યક સુધારેલા બિયારણો રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ- આધુનિક ટેકનોલોજી વગેરેનો ઓછો અને અપૂરતા ઉપયોગને કારણે ભારતી કૃષિની હેક્ટરદીઠ ઉત્પાદક્તા ઘણી નીચી છે. કૃષિ ઉત્પાદક્તા નીચી રહેતા કૃષિ સાથે સંકળયેલા વર્ગની આવક આશા રહે છે. ઓછી આવકને પરિણામે કૃષિ સાથે સંલગ્ન વર્ગ ગરીબ રહે છે.

કૃષિ ગણતરી વર્ષ અનુસાર બીજું, ભારતીય કૃષિમાં જમીનની વહેંચણીમાં ભારે અસમાનતા પ્રવર્તે છે. ભારતમાં કુલ ખેડૂતોના 62.3 % ખેડૂત સીમાંત ખેડૂત ( જેની પાસે 1 હેક્ટર કે તેના કરતાં ઓછી જમીન હોય) અને 19.% ખેડૂતો નાના ખેડૂત ( જેની પાસેથી 2 હેક્ટર જમીન હોય) છે. આ 81.3 % ખેડૂતો પાસે ભારતની કુલ ખેતી લાયક જમીનના 38.9% જમીન જયારે બીજી બાજુ ટોચના 1 % મોટા ખેડૂત ( જેની પાસે 10 હેક્ટરથી વધુ જમીન હોય) અને 5.5 મધ્યમ ખેડૂત જેની પાસે 4 હેક્ટરથી વધુ અને 10 હેક્ટરથી ઓછી જમીન હોય) પાસે ભારતની કુલ ખેતી લાયક જમીનના 38% જમીન છે. આ રીતે કૃષિમાં નીચી ઉત્પાદક્તા અને જમીનની અસમાન વહેંચણીને કારણે કૃષિ સાથે સંકળાયેલા મોટા વર્ગની આવક અત્યંત નીચી રહે છે. પરિણામે તે ગરીબીમાંથી બહાર નીકળી શકતો નથી.

### 15.7.2 અતિ વસ્તી અને વસ્તી વૃદ્ધિનો ઉંચો દર :

ભારતમાં ગરીબીનું એક મહત્ત્વનું કારણ અતિ વસ્તી અને ઊંચા દરે થતો વસ્તી વધારો છે. દુનિયાની કુલ જમીનનો 2.4 % હિસ્સો ધરાવતા ભારતમાં દુનિયાની કુલ વસ્તીનો લગભગ 17.5 % ભાગ ભારતમાં વસે છે. આ રીતે ભારતમાં વસ્તીનું અતિ ભારણ છે. આ ઉપરાંત ભારતમાં ઊંચા દરે વસ્તી વધારો થઈ રહ્યો છે. પરિણામે 19 માં ભારતની વસ્તી 36.11 કરોડ હતી, તે વધીને 2011 માં 121.08 કરોડ થઈ હતી. વસ્તી નિયંત્રણ માટેના અનેક પ્રયત્નો પછી ભારતમાં વસ્તી વૃદ્ધિનો ટકાવારી દર ઘટ્યો હોવા છતાં સંખ્યાત્મક રીતે વસ્તીમાં સતત મોટો વધારો થતો રહ્યો છે. ભારતમાં પ્રતિવર્ષ થતો વસ્તી વધારો જ દુનિયાના ઘણાં દેશો કરતાં વધારે છે. વસ્તી વધારો થવાનું મુખ્ય કારણ એ છે કે દેશના વિકાસની સાથે તબીબી સગવડોમાં વધારો થવાથી મૃત્યુદર ઘટ્યો છે. જયારે જન્મદર ઊંચો રહેવાથી વસ્તીમાં સતત મોટો વધારો થતો રહ્યો છે. વળી, જે વસ્તી વધારો થઈ રહ્યો છે તે ગરીબ કુટુંબોમાં વિશેષ થઈ રહ્યા છે. કારણ કે ગરીબ કુટુંબોમાં બાળકો નાની ઊંમરે આવકનું સાધન બનતા હોવાથી ઊંચા જન્મદરને પ્રોત્સાહન મળે છે 1984ના વિશ્વ વિકાસ અહેવાલમા આ દલિલને સમર્થન આપતા જણાવવામાં

આવ્યું છે કે "ગરીબ માતા-પિતા વધુ બાળકોને પસંદ કરે છે તેનું કારણ એ છે કે બાળકોનું આર્થિક ખર્ચ ઓછું આવે છે, જ્યારે તેનું આર્થિક વળતર વધુ પ્રાપ્ત થાય છે." (The Good World, World Development Report 1984, P.51.) આમ, સતત ઊંચા દરે થતી વસ્તી વૃદ્ધિને કારણે દેશની ગરીબી દૂર કરવામાં સફળતા મળી નથી.

15.7.3 આર્થિક વિકાસનો નીચો દર :

ભારતમાં વ્યાપક ગરીબી માટે આર્થિક વિકાસનો નીચો દર પણ જવાબદાર છે. આર્થિક વિકાસનો દર ઊંચો હોય તો રાષ્ટ્રીય આવક અને પરિણામે માથાદીઠ આવક વધતાં ગરીબીરેખા નીચે જીવતા લોકોની સંખ્યામાં ઘટાડો થાય છે. પરંતુ ભારતમાં આર્થિક વિકાસનો દર ઘણો નીચો રહ્યો છે. ભારતીય આયોજને 68 વર્ષ પૂરા કર્યા છે. પ્રથમ 35 વર્ષ (1985-છઠ્ઠી યોજના સુધી) આર્થિક વિકાસનો સરેરાશ દર માત્ર 3.5 % આસપાસ રહ્યો છે. ત્યારબાદ અને ખાસ કરીને 1991ના આર્થિક સુધારા પછી આર્થિક વિકાસનો દર વધવા પામ્યો હોવા છતાં તેમાં ઘણી અસ્થિરતા જોવા મળી છે. જ્યારે બીજી બાજુ વસ્તીમાં સતત વધારો થતો હોવાથી આ નીચો અને અસમતોલ આર્થિક વિકાસદર દેશની ગરીબી દૂર કરવામાં સફળ થયો નથી.

15.7.4 ફૂગાવો :

ચોક્કસ સમયગાળા દરમિયાન ભાવ સપાટીમાં થતાં સતત વધારાને ફૂગાવો કહેવામાં આવે છે. પ્રથમ યોજના અને અમુક અપવાદરૂપ વર્ષો બાદ કરતાં ભારતીય અર્થતંત્રમાં સતત ફુગાવાજન્ય ભાવ વધારાનું વલણ રહ્યું છે. ભારતીય અર્થતંત્ર વિકાસશીલ છે. વિકાસની પ્રક્રિયા દરમિયાન અમુક અંશે ભાવવધારો થવો સ્વાભાવિક છે. પરંતુ ભારતમાં ભાવવધારાનો દર ઘણો ઊંચો રહ્યો છે. આમ, સતત થતાં ભાવ વધારાને કારણે ગરીબીની સંખ્યામાં ઘટાડો થયો નથી.

15.7.5 આવક અને સંપત્તિની અસમાનતા :

આવકની અસમાનતા અને ગરીબી વચ્ચે સ્પષ્ટ સંબંધ છે. જેમ સમાજમાં આવકની અસમાનતા વધારે તેમ ગરીબી વધારે. આયોજનની શરૂઆતમાં ભારતને ગરીબી-બેરોજગારીની સાથે આવક અને સંપત્તિની અસમાનતા પણ વારસામાં મળી હતી. ભારતમાં આજે પણ આર્થિક વિકાસ દ્વારા જે આવકનું સર્જન થાય છે તેની સમાન વહેંચણી કરવામાં સફળતા મળી નથી. દેશમાં ટોચના ધનિક વર્ગના 10-20 % લોકો રાષ્ટ્રીય આવક અને સંપત્તિનો ખૂબ મોટો હિસ્સો ધરાવે છે. આથી વસ્તીના બાકીના હિસ્સામાં અને તેમાં પણ ખાસ કરીને તળિયાના 10-20 % લોકોનું હિસ્સામાં અત્યંત ઓછો ભાગ આવવાથી તે વ્યાપક ગરીબીનો સામનો કરે છે. 2021માં કુલ સંપત્તિના 73 % સંપત્તિ માત્ર ટોચના 1 % ધનિકો પાસે છે. 2021ના Global Porerty Index પ્રમાણે ટોચના 10% લોકો પાસે સંપત્તિના 76% છે જ્યારે તળિયાના 50% લોકો પાસે સંપત્તિના માત્ર 2% છે. આ વ્યાપક અસમાનતા છે. આ અસમાનતાને કારણે મોટો વર્ગ ગરીબીમાંથી બહાર નીકળી શક્યો નથી. 1991ની આર્થિક ઉદારીકરણની નીતિથી આર્થિક અસમાનતા વધી છે. માનવમૂડી રોકાણ એટલે વસ્તીમાં શિક્ષણ, કુશળતા અને તાલિમ પાછળનું રોકાણ. GDP માં શિક્ષણ પાછળ માત્ર 4% 2020 મુજબ.

15.7.6 ઉચિત માનવશક્તિના આયોજનનો અભાવ :

દુનિયાના તમામ દેશો આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. આર્થિક વિકાસનો આધાર માનવશક્તિ કુદરતી સંપત્તિનો ઉપયોગ કેવી રીતે કરે છે તેના પર છે. માનવ સંસાધન એ આર્થિક વિકાસનું સાધન અને સાધ્ય બંને છે કારણકે આર્થિક વિકાસ માનવ સંસાધનની ભાગીદારી વગર શક્ય બનતું નથી, તો આર્થિક વિકાસનો અંતિમ માનવ સુખાકારીમાં વધારો કરવાનો છે. ભારતમાં દુનિયાની લગભગ 17.5 % જેટલી વસ્તી વસે છે. છતાં ભારતીય આયોજનમાં જેટલું ભૌતિક આયોજન પર ભાર મુકવામાં આવ્યો છે તેટલો માનવશક્તિના આયોજન પર ભાર મુકાયો નથી. બીજી પંચવર્ષીય યોજનાથી ભારતે ભારે પાયાના વિકાસની વ્યૂહરચના અપનાવી છે. પરિણામે રોજગારીનું સર્જન ઓછું થયું છે. તો આપણી શિક્ષણ વ્યવસ્થા ખામીયુક્ત છે. ભણેલ ગણેલ અને તાલીમબદ્ધ લોકો સ્વ રોજગારીનું સર્જન કરવામાં નિષ્ફળ ગયા છે. તેથી શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારીની ફોજ ઉભી થઈ છે. વ્યાપક બેરોજગારી સ્વાભાવિક રીતે જ ગરીબીમાં પરિણમે છે.

15.7.7 પ્રણાલિગત સામાજિક માળખું :

ભારતમાં સામાજિક માળખું પ્રણાલિકાગત અને રૂઢીચુસ્ત સ્વરૂપનું રહ્યું છે. લોકો કોઈ પણ પ્રકારના સુધારણા સ્વીકારવા ઝડપથી તૈયાર થતાં નથી. જેમ કે સંયુક્ત કુટુંબપ્રથા હેઠળ બેરોજગારીને પ્રોત્સાહન મળે છે. કારણ તેમાં કુટુંબના ન કમાતા સભ્યોને સમાવી લેવાની ક્ષમતા છે. તો સામાજિક રીત રીવાજોથી લોકો પરંપરાગત વ્યવસાયમાં ફેરફાર કરતાં નથી. લોકો રોજગારી કે વધુ આવક મેળવવા દૂરના સ્થળે ઓછું સ્થળાંતર પસંદ કરે છે આ બાબતો પણ લોકોની ગરીબી દૂર કરવા માટે અંતરાય ઉભો કરે છે. આ સંદર્ભમાં પ્રૉ. ગુન્નાર મિર્ડાલ જણાવે છે કે ''વિશ્વના મોટા ભાગનાં અલ્પ વિકસિત દેશોનું સામાજિક-આર્થિક સ્તરીકરણ જડ અને અસમાનતાથી ભરેલું હોય છે. તાજેતરમાં તેમાં વધારો થવાનું વલણ જોવા મળે છે કે જે વિકાસ આડે અંતરાયો અને નિષેધો ઉભા કરવાની અટપટી ક્રિયા-પ્રકીયા કરે છે.'' (Gunnar Myrdal : The challenges of World Poverty, P. 64)

15.7.8 બેરોજગારી અને અર્ધબેરોજગારી :

ભારતમાં ગરીબીનું સૌથી મોટું કારણ બેરોજગારી તેમજ અર્ધ અને અપૂરતી રોજગારી છે. ભારતમાં રોજગારી આપતું સૌથી મોટું ક્ષેત્ર કૃષિ છે. કૃષિમાં સિંચાઈની સગવડોના અભાવની સ્થિતિમાં વ્યાપક મોસમી બેરોજગારી ઉભી થાય છે. આ ઉપરાંત કૃષિમાં વસ્તીના ભારણને કારણે પ્રચ્છન્ન બેરોજગારી જોવા મળે છે. શિક્ષણ પ્રથાની ખામીઓને કારણે શિક્ષિત બેરોજગારી ઉભી થઈ છે. નીચા આર્થિક વૃદ્ધિદર અને અતિ વસ્તી વધારાના કારણે રોજગાર સર્જનનો દર વસ્તી વધારાથી પાછળ રહી ગયો છે. આમ, એકંદરે ભારતમાં બેરોજગારીનું પ્રમાણ ખૂબ ઊંચું બેરોજગાર અને અર્ધબેરોજગાર વ્યક્તિઓ ઓછી આવકને કારણે તેની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી શકતા નથી, આથી તે ગરીબ રહે છે.

15.7.9 રાજકીય પરિબળો અને નબળો જાહેર વહીવટ :

ભારતમાં વ્યાપક ગરીબી માટે આર્થિક અને સામાજિક કારણો ઉપરાંત રાજકીય પરિબળો પણ જવાબદાર છે રાજકીય પરિબળની ચર્ચા અત્રે એટલે પણ પ્રસ્તુત છે કે

લોકશાહીમાં આર્થિક નિર્ણયો રાજકીય માણસો દ્વારા લેવામાં આવતા હોય છે. ભારતને લોકશાહીના લગભગ સાત દાયકાનો અનુભવ છે. આ અનુભવ દર્શાવે છે કે દેશનો જાહેર વહીવટ મહદઅંશે બિન કાર્યક્ષમ અને અપ્રમાણિક રહ્યો છે. જાહેર વહીવટના મુખ્ય બે અંગો છે-ચૂંટાયેલા સભ્યો અને સરકારી કર્મચારીઓ-અધિકારીઓ. ભારતમાં સામાન્ય રીતે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓમાં રાષ્ટ્રીયપક્ષ સમજવાની ઉંડી સમજનો અભાવ, દેશના ગરીબી બેરોજગારી જેવા પ્રશ્નોના નિવારણ માટે પ્રતિબદ્ધતા અને તીવ્ર ઈચ્છા શક્તિનો અભાવ, તેમજ નીચું નૈતિક સ્તર જોવા મળ્યું છે. તો સરકારી અધિકારીઓમાં મહદઅંશે યોગ્ય તાલીમનો અભાવ, નીચી કાર્યક્ષમતા, આળસ, જવાબદારીનો અભાવ, અપ્રમાણિકતા જોવા મળે છે. આથી દેશના ગરીબી જેવા પ્રાણ પ્રશ્નોનો નિકાલ આવતો નથી. તો સામે બાજુ દેશની વ્યાપક ગરીબી માટે લોકો પણ ઓછા જવાબદાર નથી. લોકોમાં પણ આળસ, શિક્ષણ અને વૈજ્ઞાનિક દષ્ટિકોણનો અભાવ, સામાજિક અને રાજકીય સંકુચિત દષ્ટિકોણ વગેરે જવાબદાર છે.

### 15.7.10 સામાજિક ગરીબી

ભારતમાં નિરપેક્ષ ગરીબી મુખ્યત્વે કેટલાક સામાજિક જૂથો જેમ કે અનુસૂચિત જાતિ (Schedaled Caste) અનુસૂચિત જનજાતિ (Schedaled Tribas) અને અન્ય પછાત જાતિઓ, (Othev Baok wprd castes) માં તીવ્ર રીતે જોવા મળે છે. ઐતિહાસિક, ધાર્મિક સામાજિક દરજ્જાની સાથે સંપત્તિ, વ્યવસાય જોડાયેલ જોવા મળે છે. આ માથી આ સમુદાયમાં ગરીબો તેમાની કુલ વસ્તીમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જાહેર થયેલ બહુઆયામી ગરીબી આંક અહેવાલ (2021) અનુસાર, છ બહુઆયામી ગરીબોમાં પાંચ ગરીબો અ.જાતિ. મ.જ.જા અને અ.પ.વ. ગરીબો છે. દેશની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિની વસ્તી 9.4 ટકા છે (129 મિલિયન) જેમાની અડધી (50.6%) વસ્તી (65 મિલિયન) કે બહુઆયામી ગરીબી હેઠળ છે. અનુસૂચિત જાતિની 33.3 % (કુલ 283 વસ્તીમાંથી 94 મિલિયન) છે. અન્ય પછાત જાતિની 27.2% (588 મિલિયનમાંથી 160 મિલિયન) બહુઆયામી ગરીબી હેઠલ છે.

સ્ત્રોત : UNDP (2021) Global Multidimensional Poverty Index 2021 Uninasking disparitis, by ethnicity, caste and gender.

### 15.7.11 ગરીબીનું વિષચક્ર

ગરીબીનું વિષચક્ર એટલે ગરીબીનું કારણ અને પરિણામ બંને ગરીબી જ છે. દેશ ગરીબ હોવાના કારણે અર્થાત્ દેશની વસ્તીનો મોટો ભાગ ગરીબ હોવાના કારણે-તેની આવક ઓછી હોવાથી બચતો ઓછી રહે છે. પરિણામે મૂડીરોકાણ ઓછું થાય છે. મૂડીસર્જન થઈ શકતું નથી. તેથી આર્થિક વિકાસનો દર નીચો રહે છે. આર્થિક વિકાસના નીચા દરને કારણે લોકોની આવક ઓછી રહે છે. પરિણામે ઓછી બચતો થાય છે. જે ઓછા મૂડી રોકાણ અને ઓછા મૂડી સર્જન પરિણમે છે. આ ચક્ર સતત ફર્યા જ કરે છે અને દેશ ગરીબ જ રહે છે.

આ ઉપરાંત (i) વિવિધ કારણોસર શ્રમિકોની નીચી ઉત્પાકતા (ii) કુદરતી અવરોધો (iii) મૂડીની અને ખાસ વદેશી મૂડીની અછત (iv) નિરક્ષરતાનું મોટું પ્રમાણ વગેરે જેવાં અનેક કારણોને ભારતમાં ગરીબી માટે જવાબદાર ગણી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો (ચ) :**

(1) ભારતની ગરીબીનું મૂળ કૃષિમાં છે -સમજાવો. ..............................

...........................................................

(2) ફુગાવો કઈ રીતે ગરીબીમાં વધારો કરે છે ? ..............................

...........................................................

(3) ભારતમાં માનવશક્તિનું આયોજન થયું નથી-સમજાવો. ...................

...........................................................

(4) ગરીબી નિવારણ માટે રાજકીય અને જાહેર વહીવટની ઉદાશીનતા જણાવો. આ મર્યાદાનાં સંદર્ભે કેવા પગલાં સૂચવશો. ..............................

...........................................................

(5) ભારતમાં આવકની અસમાનતા વિષે ચર્ચા કરો. આ અસમાનતા દૂર કરવાના માર્ગો સૂચવો. ..............................................

...........................................................

(6) વસ્તી વધારો અને ગરીબી વચ્ચેનો સંબંધ સમજાવો. .........................

...........................................................

## 15.8 ગરીબી દૂર કરવાના ઉપાયો :

### 15.8.1 કૃષિનું આધુનિકરણ અને કૃષિ પર વસ્તીનું ભારણ ઘટાડવું :

ભારતમાં વસ્તીનો મોટો ભાગ (68.8.% - 2011ની વસ્તી ગણતરી મુજબ) ગામડામાં રહેલો છે. ગ્રામીણ વિસ્તારમાં ગરીબોનો મોટો ભાગ રહે છે. ગ્રામીણ વિસ્તારમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આથી ખેતી સાથે સંકળાયેલા લોકોની આવક નીચી રહેતા લોકો ગરીબ રહે છે. જો કૃષિક્ષેત્રે યોગ્ય ટેકનોલોજીકલ સુધારા સિંચાઈ, વીજળી અને જરૂરી સંસ્થાકીય સુધારાઓ ધિરાણની સુવિધા, બજારવ્યવસ્થા, વાહનવ્યવહાર વગેરે કરીને ઉત્પાદક્તા અને ઉત્પાદકતા વધારવામાં આવે તો ખેતી સાથે સંકળાયેલ લગભગ આવક વધતાં તે ગરીબીમાંથી બહાર આવશે. વળી, આ વિશાળ વર્ગની આવક વધશે તો માંગ વધતાં અન્ય ક્ષેત્રોની આવક પણ વધશે. આથી ત્યાં પણ ગરીબી નિર્મૂલનની દિશામાં કામ થશે. ભારતમાં ખેતીક્ષેત્ર વ્યાપક પ્રચ્છન્ન અને મોસમી બેરોજગારી જોવા મળે છે. આથી ખેતીક્ષેત્ર વસ્તીનું ભારણ ઘટાડવું જોઈએ. આ માટે અન્ય ક્ષેત્રોના વિકાસ પર ભાર મૂકવો જોઈએ. ખેતી આધારિત ઉદ્યોગો અને બિનકૃષિ ક્ષેત્રનો વિકાસ કરવો જોઈએ, ખેતીને પૂરક એવા પશુપાલન, મરઘા, બતકાં ઉછેર વગેરે જેવા વ્યવસાયો વધારવા, કૃષિ પેદાશોની મૂલ્ય વૃદ્ધિ કરીને સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન કરવું જોઈએ. આમ, કરવામાં સફળતા મળશે તો ભારતમાં ગરીબી પર મોટો પ્રહાર થશે.

### 15.8.2 વસ્તી વૃદ્ધિનું નિયંત્રણ કરવું જોઈએ :

ભારતમાં ગરીબીનું એક મુખ્ય કારણ ઊંચા દરે થતો વસ્તી વધારો છે. વસ્તી

વૃદ્ધિના ઊંચા દરને કારણ આર્થિક વિકાસ નિરપેક્ષ રીતે ગરીબીમાં મોટો ઘટાડો કરવામાં સફળ થયો નથી. આર્થિક વિકાસનો જે ફાળો છે વસ્તી વધારો રાત્રિના ચોરની માફક ચોરી જાય છે. વળી, વસ્તી વધારો ગરીબ પરિવારોમાં વધારે થતો જોવા મળે છે. આ ઉપરાંત સામાજિક મનોવલણો જેવા કે પુત્ર હોવાથી વંશ આગળ વધે, દિકરી પારકી થાપણ, પુત્ર ઘરને સાચવે. આમ આ કારણો પુત્રીની સાપેક્ષમાં પુત્રને વધુ પસંદ કરે છે, જે વસ્તી વધારા માટે જવાબદાર કારણ છે. આથી ગરીબી દૂર કરવા સામે વધુ અંતરાય ઉભો થાય છે. આથી વસ્તી વૃદ્ધિને ઇચ્છિત દર સુધી નિયંત્રિત કરવા માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ. સરકારે વસ્તી નિયંત્રણ માટે વિશેષ પ્રોત્સાહનો આપવા જોઈએ.

15.8.3 ફુગાવાને કોઈપણ ભોગે નાથવો જોઈએ :

ધીમો ભાવવધારો સારો પરંતુ ભારતમાં અમુક અપવાદો બાદ કરતાં ફુગાવાનો દર ખૂબ ઊંચો રહે છે. ફૂગાવાને કારણે સરકાર પોતાના કલ્યાણકારી પ્રકલ્પો (કાર્યક્રમો) સમયસર પૂર્ણ કરી શકતી નથી. ફુગાવાને કારણે જીવન નિર્વાહ ખર્ચ વધતાં બચતો ઓછી થાય છે. પરિણામે મૂડી રોકાણ ઓછું થતાં મૂડી સર્જન અને રોજગારી ઓછી સર્જાય છે. જે ગરીબીમાં પરિણમે છે. વળી, ફુગાવાને કારણે બાંધી આવક ધરાવનાર મધ્યમવર્ગ અને ગરીબીમાં જીવતા લોકોનું જીવન વધુ મુશ્કેલ બને છે આથી ફુગાવાને વધતો અટકવવા સરકારે યોગ્ય નાણાકીય અને રાજકોષીય નીતિ અમલમાં. મુકવી જોઈએ. જો ઉત્પાદક્તા અને ઉત્પાદન વૃદ્ધિ શ્રેષ્ઠ વિકલ્પ છે આ માટે તમામ શક્ય પ્રયત્નો કરવા જોઈએ.

15.8.4 આર્થિક વિકાસનો ઊંચો દર સિદ્ધ કરવો જોઈએ :

ગરીબી નિવારણ માટેનો સૌથી શ્રેષ્ઠ વિકલ્પ રાષ્ટ્રીય આવકનો ઊંચો દર પ્રાપ્ત કરવાનો આશય છે. દેશના લોકોની રોજગારી, આવક, બચત અને મૂડીરોકાણમાં સતત વધારા દ્વારા ગરીબીને ઘટાડી શકાય છે. ભારતમાં આયોજન દરમિયાન આવક વિકાસનો દર નીચો અને અસમતોલ રહ્યો છે. આથી રોજગારીની તકોનું સર્જન ઓછું થયું છે. જો લાંબા સમય સુધી આર્થિક વૃદ્ધિ ઊંચો દર સિદ્ધ કરવામાં સફળતા મળે તો રોજગારીની તકો સર્જાતા ગરીબીના પ્રશ્ન ઉકેલાશે. આર્થિક વિકાસનો દર ઊંચે લઈ જવા માટે મૂડી રોકાણનો દર વધારવો જોઈએ-આ માટે બચતો વધારવી, મૂડી ઉત્પાદનું ગુણોત્તર સુધારવો, ફાજલ ઉત્પાદન શક્તિનો ઉપયોગ અંગેનાં પગલાંઓ લેવા જોઈએ.

15.8.5 આર્થિક અસમાનતા ઘટાડવી જોઈએ.

દેશની ગરીબીનું એક મોટું કારણ આર્થિક અસમાનતા છે. સમાજના ટોચના 10 થી 20 % લોકો રાષ્ટ્રની સંપતિનો ખૂબ મોટો હિસ્સો ધરાવે છે. આથી સમાજના આવકની દ્રષ્ટીએ ટોચના અને તળિયાના લોકો વચ્ચે ખુબ મોટો તફાવત ઉભો થયો છે. સરકારે પોતાની રાજકોષીયનીતિ અને કલ્યાણકારી યોજનાઓ એવી રીતે અમલમાં મુકવી જોઈએ કે જેથી આ અસમાનતા ઘટે. આ અસમાનતા ઘટાડવાનું કામ માત્ર સરકાર જ કરે તેને બદલે ધનિકો પોતે કરે અને ગાંધીજીના વાલીપણા(Trusteeship) ના સિદ્ધાંત અનુસાર પોતાની સંપત્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે વાપરે તો અસમાનતા ઝડપથી ઘટી શકે. આ બાબતમાં બિનસરકારી સંગઠનોપણ આગળ આવવું જોઈએ.

15.8.6 શ્રમ પ્રધાન ઉત્પાદન પદ્ધતિને પ્રોત્સાહન આપવું જોઈએ :

ભારતમાં ઉત્પાદન વૃદ્ધિ કરતાં પણ રોજગાર વૃદ્ધિની જરૂરિયાત વધુ છે. શ્રમ એ

ઉત્પાદનનું મૂળભૂત સાધન છે. શ્રમને તેના ઉપયોગ માટે પૂરતી તક મળે તેવી ઉત્પાદન પદ્ધતિ માટે પ્રોત્સાહન આપવું જોઈએ. સરકારે પણ ઉદ્યોગો કેટલા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરે છે તે અનુસાર કેટલીક રાહતો આપવી જોઈએ. થોડુ ઉમેરો લઘુ, ગૃહ.

15.8.7 રોજગારલક્ષી શિક્ષણ અને માનવશક્તિનું ઉચિત આયોજન કરવું જોઈએ :

રાજકોષિય નીતિ દ્વારા ધનિકો ઉપર આવક, સંપત્તિ, વપરાશ ઉપરના ઊંચા વેરા લાદીને, જ્યારે પ્રાથમિક જરૂરીયાતની વસ્તુઓને વેરાથી મુક્ત રાખીને, ગરીબી નીચી આવકવાળા તે ખરીદી શકે તેવા નીચે ભાવો (ફુગાવા ઉપર નિયંત્રણ) અને ગરીબો માટે જાહેર વિતરણ વ્યવસ્થાપની સુવિધા રાજ્યે પૂરી પાડવી જોઈએ. નાના, કુટીર ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને નીચી કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને નીચી કુશળતા ધરાવતા વર્ગ માટે રોજગારીની તકોનું સર્જન કરીને તેઓને સક્ષમ બનાવી શકશે આમ તેઓ ગરીબીરેખાની બહાર નીકળી શકે તેવા કાર્યક્રમ અમલમાં મૂકવા જરૂરી છે.

15.8.8 સરકારી યોજનાઓની અસરકારકતા વધારવી જોઈએ. :

વર્તમાન સરકારો કલ્યાણ રાજ્યના આદર્શ સાથે કામ કરતી હોય છે. આથી તે દેશમાં ગરીબી નિવારણ માટે અનેક યોજનાઓ અમલમાં મુકતી હોય છે. ગરીબી નિવારણ માટે રાજ્ય વિવિધ પ્રકારના નીતિ કાર્યક્રમો, યોજનાઓ અમલમાં મૂકે છે. સ્વરૂપની દ્દષ્ટિએ મુખ્ય બે પ્રકારો છે. (i) સ્વ-રોજગાર (Self Employment) માટેની યોજના જેમકે સુવર્ણજયંતિ ગ્રામ રોજગાર યોજના અને સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજના વગેરે અને (ii) વેતન યુક્ત રોજગારીના કાર્યક્રમો જેમકે મનરેગા. (Mahatma Gandhi National Rural Empoyment Guarantee Act., મહામા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર કાનૂન)સરકારે આ યોજનાઓ પાછળ ખર્ચ વધારવું જોઈએ અને તેનો અસરકારક અમલ થાય તેવું વ્યવસ્થાતંત્ર પણ ગોઠવવું જોઈએ.

15.8.9 ગરીબો માટેની સામાજિક સલામતીની યોજનાઓ અમલમાં મુકવી જોઈએ :

ભારત જેવા દેશમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકો સામાન્ય રીતે અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં હોય. તેમને કોઈ સામાજિક સલામતીની યોજનાઓનો લાભ મળતો હોતો નથી. આ ઉપરાંત તેઓ સ્વાસ્થ્ય -જીવન વીમો વગેરે જેવી સામાજિક સલામતીની યોજનાઓનો પોતાની રીતે લાભ લઈ શકે તેવી તેની માહિતી હોતી નથી. આથી આ કામ સરકારે કરવું જોઈએ. જેથી ગરીબીની રેખા નીચે જીવતો લોકો માંદગી કે અકસ્માતના સંજોગોમાં વધુ ગરીબ ન બને. તે માટેની સહાય આપવી ઉપરાંત શ્રમિકોની કાર્ય ક્ષમતા અને ઉત્પાક્તા વધારવી અને તે માટે તાલીમ અને સંશોધનનો વ્યાપ વધારવો જોઈએ. આ યોજનાઓની આંકડાકીય વિગત આપી અને તેની સમીક્ષા કરો. આ ઉપરાંત શ્રમિકોને કાર્ય સ્થળે ન્યૂનતમવેતન પ્રાપ્ત થાય, કામના સ્થળે બિમીરી, અકસ્માતમાં વળતર, રજાઓ વગેરે જોગવાઈ કરાવવી જોઈએ.

તમારી પ્રગતિ ચકાસો (છ) :

(1) સિંચાઈની સગવડો કઈ રીતે ભારતમાં ગરીબી ઘટાડી શકે ? તમારા મંતવ્યો જણાવો. ........................................................

..............................................................

(2) લાંબા ગાળે ગરીબી દૂર કરવાનો ઉપાય ઊંચો આર્થિક વિકાસનો દર જ છે- આ વિધાનની ચર્ચા કરો. ...............................................

...............................................................

(3) શા માટે ભારતમાં સરકારની ગરીબી નિવારણ યોજનાઓ સફળ થતી નથી ?

...............................................................

(4) ગરીબી દૂર કરવા માટે હાલની શિક્ષણ પ્રણાલીમાં કેવા પરિવર્તનો આવશ્યક છે ?

...............................................................

(5) ગરીબી અને આવકની અસમાનતા દૂર કરવા માટે ગાંધીવિચાર જેવા ભારતીય માર્ગો જણાવો. આ રીતે ખરેખર ગરીબી દૂર કરી શકાય તેમ છે.?

...............................................................

## 15.9 ગરીબી અને આર્થિક વિકાસ (Poverty and Economic Development) :

ગરીબી એક પ્રકારના અભાવની સ્થિતિ છે. તાજેતરમાં ગરીબીને માપવા અને સમજવા માટે માત્ર આવકને બદલે શિક્ષણ, સ્વાસ્થ્ય સેવા, પોષણ, સરેરાશ આયુષ્ય વગેરે જીવનની ગુણવત્તા સૂચક બાબતો ધ્યાનમાં લેવાય છે.

ગરીબીનું પ્રમાણ જાણવા માટે માથાદીઠ આવક આજે પણ સૌથી અસરકારક માપદંડ છે. નિરપેક્ષ રીતે ગરીબ એ છે જે પાયાની અનિવાર્ય જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ખર્ચ કરવા જેટલી પણ આવક ન હોય. આ નિરપેક્ષ ગરીબીને એક મહત્ત્વનું કારણ નીચો આર્થિક વિકાસનો દર છે. કારણ કે દેશની મોટા ભાગની વસ્તીને પ્રાથમિક જરૂરીયાતની વસ્તુઓ પણ પૂરતા પ્રમાણમાં ન મળતી હોય તો તેનો અર્થ એ છે કે દેશની વસ્તીની તુલનામાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં થતો વધારો અપૂરતો છે.

ગરીબી અને આર્થિક વિકાસ વચ્ચે લાંબાગાળાની દષ્ટીએ વ્યસ્ત સંબધ છે. એટલે કે આર્થિક વિકાસનો દર વધુ (રાષ્ટ્રીય ઉત્પાદન વધે ) તો ગરીબી ઘટે અને જો આથિક વિકાસનો દર નીચો હોય તો ગરીબીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા રહે છે. ભારતમાં ગરીબીનું એક મુખ્ય કારણ આર્થિક વિકાસનો નીચો દર છે. ભારતમાં આયોજનના પ્રથમ 35 વર્ષ (1985-છઠ્ઠી પંચવર્ષીય યોજના સુધી આર્થિક વિકાસનો દર ખૂબ નીચો હતો અને ગરીબીનું ઘટવાનું પ્રમાણ ખૂબ વધુ હતું. ત્યારબાદ અને અને ખાસ કરીને 1991ના આર્થિક સુધારા બાદ આર્થિક વિકાસના દરમાં વધારો થયો છે અને ગરીબીના પ્રમાણમાં ટકાવારીની રીતે ઘટાડો થયો છે. લાંબાગાળે ગરીબી દૂર કરવા માટે સતત ઊંચા દરે આથિક વિકાસનો દર સિદ્ધ કરવો તે જ ઉપાય છે. લાંબેગાળે તો આર્થિક વિકાસના કારણે નિરપેક્ષ ગરીબીમાં ઘટાડો થતો હોય છે. પરંતુ ટૂંકાગાળામાં આર્થિક વિકાસની નિરપેક્ષ ગરીબી પર પ્રતિકૂળ અસર પડવાની પણ સંભાવના રહેતી હોય છે. જેમ કે ખેતીમાં યાંત્રિકીકરણ વધે તો ખેત ઉત્પાદકતા વધે છે. પરતું તેનાથી ટૂંકાગાળાની ખેતીમાંથી રોજગારી મેળવતા શ્રમિકોની રોજગારી પર પ્રતિકૂળ અસર પડવાની સંભાવના રહે છે. બીજું આર્થિક વિકાસના પ્રયત્નોથી ખર્ચ વધતાં લોકોના હાથમાં આવક આવતા ખર્ચ વધે છે. આથી વપરાશી ચીજ વસ્તુઓના ભાવ વધે છે. આ ભાવ વધારાની ગરીબો પર વિપરીત અસર થાય છે.

તમારી પ્રગતિ ચકાસો (જ) :

(1) ગરીબી અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ સમજાવો. ..........................

..................................................................

(2) આર્થિક વિકાસનો ઊંચો દર ગરીબી નિવારણની બાહેંધરી આપે છે ? ભારતનો અનુભવ જણાવો. .......................................................

..................................................................

## 15.10 સારાંશ :

ભારત દેશ અનેક ક્ષેત્રોમાં વિકાસ કરી રહ્યો છે. આજે ભારત દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. દેશનું આધુનિકરણ પણ થયું છે. પરંતુ જયારે દેશમાં વસ્તીનો એક મોટો ભાગ પ્રાથમિક અનિવાર્ય જરૂરિયાતો પણ સંતોષી શકતો ન હોય તેવી વ્યાપક ગરીબી હોય ત્યારે રાષ્ટ્રની અન્ય સિદ્ધિઓનું મહત્ત્વ ઘટી જાય છે. પ્રસ્તુત પ્રકરણમાં ગરીબી વિષે અભ્યાસ કર્યો. આ પ્રકરણ ગરીબીના ખ્યાલ અને તેના માપન વિષે સૈધાંતિક સમજુતી તો આપે જ છે તેમજ ભારતમાં ગરીબીનાં કારણો અને ગરીબી નિવારવા માટે કેવા પગલાંઓ આવશ્યક છે તેની પણ સમજુતી આપે છે. ગરીબી એક એવી ગંભીર સમસ્યા છે કે જેના નિવારણ માટે અનેક પ્રયત્નો આવશ્યક છે. ગરીબી નિવારણ માટે દેશનું મનોવૈજ્ઞાનિક પરીવર્તન થાય તે પણ જરૂરી છે.

## 15.11 ચાવીરૂપ શબ્દો :

1. **ગરીબી :** ગરીબી એક પ્રકારના અભાવની સ્થિતિ છે. કોઈ એક સમાજમાં કોઈ એક વર્ગના લોકો જેટલા પ્રમાણમાં અમુક વસ્તુઓ અને સેવાઓનો ઉપયોગ કરતાં હોય તેટલા પ્રમાણમાં તેજ સમાજના બીજા વર્ગના લોકો વપરાશ ન કરી શકતા હોય તો તેમને ગરીબ ગણવામાં આવે છે.

2. **નિરપેક્ષ ગરીબી :** જીવનની અનિવાર્ય જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ખર્ચ કરવા જેટલી પણ જેની આવક ન હોય તેને નિરપેક્ષ ગરીબી ગણવામાં આવે છે. નિરપેક્ષ ગરીબી જ ખરેખર ગરીબી છે.

3. **સાપેક્ષ ગરીબી :** સમાજના કોઈ એક વર્ગ કે સમૂહની આવકની તુલનાએ તેજ સમાજના બીજા કોઈ વર્ગ કે સમૂહની ઓછી આવકની સ્થિતિને સાપેક્ષ ગરીબી કહેવાય.

4. **ગરીબીરેખા :** ગરીબીરેખાનો ખ્યાલ પ્રાથમિક અનિવાર્ય જરૂરિયાતોની વસ્તુઓની પ્રાપ્તિ-અપ્રાપ્તિ સાથે સંકળાયેલો છે. પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓમાં અન્ન, વસ્ત્ર, રહેઠાણ, તબીબી સેવા તથા શિક્ષણ જેવી પાયાની બાબતોનો સમાવેશ થાય છે. આ જરૂરિયાતો સંતોષવા માટે ચોક્કસ પ્રમાણમાં ખર્ચ કરવો પડે છે. આ ખર્ચ કરવા જેટલી પણ જેની આવક ન હોય તે વ્યક્તિ ગરીબીરેખા નીચે જીવન જીવે છે તેમ કહેવાય.

## 15.12 તમારી પ્રગતિ ચકાસો :

(1) ''ગરીબી એક સમસ્યા છે.''-સમજાવો.

(2) ગરીબીનો ખ્યાલ સમજાવી, સાપેક્ષ અને નિરપેક્ષ ગરીબી વિષે ચર્ચા કરો.

(3) નિરપેક્ષ ગરીબી માપન માટેનો વધુ સારો માપદંડ કઈ રીતે છે ?

(4) ગરીબીરેખાનો ખ્યાલ સમજાવો. ગરીબીરેખાના માપન અંગે થયેલાં અભ્યાસો વિષે નોંધ લખો.

(5) અમર્ત્ય સેનનો માનવ ગરીબી આંકનો ખ્યાલ સમજાવો. તેની ગરીબીરેખા સાથે તુલના કરો.

(6) બહુઆયામી ગરીબીના પરિમાણ અને માપદંડો જણાવો.

(7) ''ગરીબીનું વિષચક્ર'' સમજાવો. આ વિષચક્ર તોડવા માટેના ઉપાયો જણાવો.

(10) ગરીબી પાછળના વિવિધ કારણો તપાસો.

(11) ગરીબી દૂર કરવાના ઉપાયો સૂચવો.

(12) વિશ્વ બેંકના 2019 મતે તીવ્ર ગરીબો (1.9 ડાલરથી નીચી પ્રતિદિન માથાદીઠ આવક ધરાવનારા) ભારતમાં કેટલા છે ?

(13) ગરીબી દૂર કરવાના ઉપાય તરીકે સરકારની કલ્યાણકારી યોજનાઓની અગત્યતા અને મર્યાદાઓ જણાવો.

(14) ગરીબી નિર્મૂલન અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ તપાસો.

◆ બહુ વૈકલ્પિક પ્રશ્નો :

(1) નીચેનામાંથી કયું ગરીબી માટે જવાબદાર કારણ નથી ?

(A) કૃષિની નીચી ઉત્પાદક્તા (B) વસ્તી વૃદ્ધિનો ઊંચો દર

(C) આર્થિક વિકાસનો ઉંચો દર (D) આવક અને સંપત્તિની અસમાનતા

(2) નિરપેક્ષ ગરીબીને માપવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે. ?

(A) ન્યૂનતમ વપરાશ ખર્ચનું ધોરણ (B) ન્યૂનતમ કેલરીનું ધોરણ

(C) (A) અને (B) બંને (D) આપેલ પૈકી એક પણ નહીં

(3) કઈ સમિતિ અનુસાર ગ્રામીણ વિસ્તારમાં દૈનિક 2400 કેલરી અને શહેરી વિસ્તારમાં દૈનિક 2100 કેલરી આહાર ન મેળવી શકતા હોય તો તે ગરીબ કહેવાય ?

(A) પ્રૉ.ડી.ટી.લાકડાવાલા સમિતિ (B) ડૉ.રંગરાજન સમિતિ

(C) સુરેશ તેંડુલકર સમિતિ (D) દાંડેકર-રથ સમિતિ

(4) અમર્ત્ય સેનના માનવ ગરીબી આંક શોધવાનું સૂત્ર કયું છે ?

(A) $G = \Delta 1/Za$ (B) $S = H [1 + (1-I) G]$

(C) $G = \Delta 1 / Zc$ (D) $S = H [1 - (1+I) G]$

(5) ગરીબી દૂર કરવાના ઉપાયોમાં નીચેનામાંથી કોનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) કૃષિનું આધુનિકરણ (B) ફુગાવાનું નિયંત્રણ

(C) વસ્તી વૃદ્ધનું નિયંત્રણ (D) આપેલ તમામ

◆ કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દની પસંદગી કરી ખાલીજગ્યા પૂરો

(1) ગરીબીએ .....ઘટના છે. (આર્થિક, સામાજિક, રાજકીય)

(2) ગરીબીએ એક પ્રકારના .....ની સ્થિતિ છે. (પ્રભાવ, અભાવ, સ્વભાવ)

(3) ગરીબીના સ્વરૂપને આધારે તેને......... વિભાગમાં વહેંચવામાં આવે છે. (ત્રણ, બે, અનેક)

(4) સાપેક્ષ ગરીબીના માપનનો ખ્યાલ....દેશોમાં વધુ પ્રચલિત છે. (વિકસિત, વિકાસશીલ,અલ્પવિકસિત)

(5) જેમ જેમ અસમાનતા વધે છે તેમ તેમ ......... નું મૂલ્ય વધે છે. (ગિની ગુણક, ગરીબી ગુણોત્તર આંક, માનવ વિકાસ આંક)

**15.14 (સંદર્ભસૂચિ) :**


(1) Puri V .K. Mishra S.K. 2021, Indian Economy (Thirty Ninth Edition), Himalaya Publising House : New Delhi (Chapter 15 pp 196-209).

(2) Singh Ramesh. 2015, Indian Economy (Seventh Edition), McGraw Hill Education (India) Private Limited : New Delhi (Chapter 05 pp 5.39).

(3) ત્રિવેદી એચ.કે., શાહ રમેશ બી. 2004. વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ : અમદાવાદ (પ્રકરણ 3 pp 54-74).

(4) શાહ રમેશ બી., વૈષ્ણવ મદન મોહન બી., 1986, વિકાસશીલ દેશોના આર્થિક પ્રશ્નો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ (પ્રકરણ 4 pp 66-95).

(5) શાહ રમેશ બી., શુક્લ રોહિત, 1992, ભારત દર્શન (ભારતીય અર્થતંત્ર), સરદાર પટેલ યુનિવર્સિટી : વલ્લભ વિદ્યાનગર (પ્રકરણ 9 pp 252-278).

(6) Ahuja H.L. ( ) Development Economics A Cvitical Study of Economic Growth, Developmant 8 Environmant, S.Chand Publi cation.

(7) Planming Commission Povevty Eshmation (વેબસાઈટ જોઈ લેશો)

(8) Wovld Bank (2022) Intenatineg Poverty Line Report (વેબસાઈટ જોઈ લેશો)

(9) UNDP (2022) Wofld Ineguality Report (વેબસાઈટ જોઈ લેશો)

(10) www.openknowledge.worldbank.org/handle/10986/19109#

Adams, Richard H., Jri 2003, Economic Growth, Inequality and Porerty, Findingys from a New Data Set. Policy Research Working paper No. 2972, World Bank, Washington DC.

(11) www.wir2022.wid world/chapter-1


◆ તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

બહુ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ

1) C 2) C 3) A 4) D 5) D

(1) સામાજિક 2) અભાવ 3) બે 4) વિકસિત 5) ગીની ગુણક

⊙ ⊙ ⊙

એકમ 16

# આર્થિક વિકાસ અને બેરોજગારી

-: રૂપરેખા :-

16.0 ઉદ્દેશો (Objectives)

16.1 પ્રસ્તાવના

16.2 આર્થિક વિકાસ અને રોજગારી (Economic Development and Employment)

16.3 બેરોજગારીનો ખ્યાલ (Concept of Unemployment) :

16.3.1 પૂર્ણ રોજગારી કોને કહેવાય ?

16.4 ભારતમાં બેરોજગારીનું સ્વરૂપ :

16.4.1. ગ્રામીણ વિસ્તારની બેરોજગારી (Rural Unemployment) :

16.4.2 શહેરી વિસ્તારની બેરોજગારી (Urban Unemployment) :

16.5 બેરોજગારીનું માપન :

16.6 અર્થતંત્રમાં બેરોજગારી શા માટે ઉદ્દ્ભવે છે ?

16.7 ભારતમાં બેરોજગારીનાં કારણો :

16.8 બેરોજગારી દૂર કરવાના ઉપાયો :

16.9 સમાપન :

16.10 ચાવીરૂપ શબ્દો (Key Words):

◆ તમારી પ્રગતિ ચકાસો

◆ સંદર્ભ વાંચન

## 16.0 ઉદ્દેશો (Objectives)

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- બેરોજગારીનો ખ્યાલ સમજાવી શકશો.
- બેરોજગારીના વિવિધ પ્રકારો વિશે સમજ આપી શકશો.
- બેરોજગારીનું સ્વરૂપ આર્થિક વિકાસ અને રોજગારી સાથેના સંબંધને ઓળખી શકશો.
- ભારતમાં બેરોજગારીનાં કારણોની ચર્ચા કરી શકશો
- ભારતમાં બેરોજગારીનું પ્રમાણ, માપન અને તીવ્રતા નોંધી શકશો.
- બેરોજગારી દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

બેરોજગારીની સમસ્યા એ ભારતીય અર્થતંત્ર સામેની એક અતિ ગંભીર અને સંવેદનશીલ

સમસ્યા છે. બેરોજગારી એ આર્થિક ઉપરાંત સામાજિક અને મનોવૈજ્ઞાનિક પરિમાણ ધરાવતી સમસ્યા પણ છે. આજે દુનિયાના તમામ દેશો આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. માનવ સંસાધન એ આર્થિક વિકાસનું સાધન અને સાધ્ય બંને છે. કારણકે આર્થિક વિકાસ માનવ સંસાધનની ભાગીદારી વગર શક્ય બનતો નથી, તો આર્થિક વિકાસનો અંતિમ હેતુ માનવ સુખાકારીમાં વધારો કરવાનો છે. તેથી આર્થિક વિકાસની પ્રક્રિયામાં માનવ સંસાધનનો યોગ્ય ઉપયોગ થાય તે આવશ્યક છે. બેરોજગારીની સ્થિતિ એ માનવ સંસાધનના ઓછા કે અપૂરતા ઉપયોગની કે બગાડની સ્થિતિનો નિર્દેશ કરે છે. ભારતમાં આર્થિક વિકાસની સાથે રોજગારીની તકોમાં પણ વધારો થયો છે. પરંતુ તે વસ્તી વધારાના કારણે શ્રમદળમાં થયેલાં વધારા કરતાં ઓછો છે. આથી ભારતમાં બેરોજગારીની ગંભીર સમસ્યા ઉભી થઈ છે. ભારતમાં દરેક પંચવર્ષીય યોજના પછી બેરોજગારીનો પ્રશ્ન વધુને વધુ વિકટ બન્યો છે. આથી અર્થશાસ્ત્રના એક વિદ્યાર્થી તરીકે અર્થકારણની એક પાયાની સમસ્યા વિશે આપણી સમજ હોવી જોઈએ. પ્રસ્તુત પ્રકરણમાં આપણે બેરોજગારીનો ખ્યાલ, તેનું સ્વરૂપ, બેરોજગારી ઉભી થવાનાં કારણો, બેરોજગારી નિવારવાના ઉપાયો, રોજગારી અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ વગેરેની ચર્ચા દ્વારા બેરોજગારીના પ્રશ્ન અંગે વિગતે ચિંતન કરીએ.

## 16.2 આર્થિક વિકાસ અને રોજગારી (Economic Development and Employment):

આજે વિશ્વના તમામ વિકસિત અને વિકાસશીલ દેશો પોતાના આર્થિક વિકાસ માટે પ્રયત્નશીલ છે. વિકસિત દેશો પોતાના દેશને આર્થિક વિકાસની વધુ ઊંચી સપાટીએ લઈ જવા પ્રયત્નશીલ છે, તો વિકાસશીલ દેશો ઊંચો આર્થિક વિકાસનો દર સિદ્ધ કરી પોતાના દેશની ગરીબી-બેરોજગારી જેવા પાયાના પ્રશ્નો હલ કરી ઊંચું જીવન ધોરણ હાંસલ કરવા માંગે છે. આમ, ઊંચો આર્થિક વિકાસ સિદ્ધ કરવો એ આજે દુનિયાના તમામ દેશોનું મહત્ત્વનું લક્ષ્ય બની ગયું છે. આર્થિક વિકાસનો આધાર દેશની કુદરતી સંપત્તિ, મૂડી (માનવ સર્જિત સંપત્તિ) અને માનવ સંસાધનના પ્રમાણ અને તેના ઉપયોગ ઉપર છે. આર્થિક વિકાસ આ ત્રણેયની ઉચિત ભાગીદારીથી શક્ય બને છે. આર્થિક વિકાસ માનવ સંસાધન (શ્રમ)ની ભાગીદારી વગર શક્ય બનતો નથી. આધુનિક અર્થશાસ્ત્રીઓના મતે તો આર્થિક વિકાસનો આધાર ભૌતિક મૂડી કરતાં માનવ મૂડી (શિક્ષિત અને તાલીમ ધરાવતો ઉચ્ચ ગુણવત્તા વાળો શ્રમ) પર વિશેષ આધાર રાખે છે. દુનિયાના ઘણાં દેશોએ વિપરીત કુદરતી સંજોગો અને અલ્પ કુદરતી સંપત્તિ સાથે પોતાના માનવ શ્રમ દ્વારા ટૂંકા ગાળામાં ઊંચો આર્થિક વિકાસ સિદ્ધ કર્યાના ઉદાહરણો આપણી સામે છે. આર્થિક વિકાસની પ્રક્રિયામાં માનવ ભાગીદારી વધતાં (રોજગારી વધતાં) બેરોજગારી ઘટે છે. વળી, આર્થિક વિકાસનો ઊંચો દર સિદ્ધ થતાં રોજગારીની તકો વધે છે. આથી પણ બેરોજગારી ઘટે છે. જે શ્રમ રોજગારી મેળવે છે તે ઉત્પાદનમાં અને એ રીતે આર્થિક વિકાસમાં ફાળો આપે છે. આમ, આર્થિક વિકાસ રોજગારી વધારવામાં અને રોજગારીનો વધારો આર્થિક વિકાસને ઊંચે લઈ જવામાં ફાળો આપે છે. આ રીતે રોજગારી અને આર્થિક વિકાસ વચ્ચે સીધો સંબંધ છે તેમ કહી શકાય.

જો કે એ હકીકત પણ ધ્યાનમાં લેવી જોઈ એ કે આર્થિક વિકાસની પ્રક્રિયા જેમ જેમ આગળ વધે છે તેમ તેમાં સામાન્ય રીતે આધુનિકરણ થતું હોય છે, આધુનિક પદ્ધતિઓ મૂડી પ્રચુર હોવાથી અમુક પ્રમાણમાં રોજગારી ઘટાડે તેવું પણ બને. દેશના આર્થિક વિકાસ સાથે નિયોજકો, ઈજનેરો, ટેક્નિશિયન વગેરે કુશળ શ્રમ (Skilled Labour)ની માંગ વધવાની સાથે અકુશળ શ્રમ (Unskilled Labour)ની માંગ ઘટે તેવું પણ બને. આથી આર્થિક વિકાસના વધારા

સાથે આવો શ્રમ બેરોજગાર બને તેવું સંભવ છે. બીજું, વિશ્વના દેશોનો એ પણ અનુભવ છે કે આર્થિક વિકાસનો દર વધે એટલે આપોઆપ રોજગારી વધે જ એવું હંમેશાં બન્યું નથી. વિશ્વ બેંક દ્વારા નિમાયેલી પિયર્સન સમિતિ એ નોંધ્યું છે કે આર્થિક વિકાસ આપોઆપ રોજગારી વધારે છે તે માન્યતા ભૂલ ભરેલી છે. રોબર્ટ મેકનેમારાએ પણ એવું જણાવ્યું છે કે 'આર્થિક વિકાસ પૂર્ણ રોજગારી સૂચવતો નથી.' ભારતનો પોતાના અનુભવ પણ છે કે 1991ના આર્થિક સુધારા પછી ભારતે આર્થિક વિકાસનો ઊંચો દર સિદ્ધ કર્યો હોવા છતાં બેરોજગારીનો પ્રશ્ન આજે પણ એટલો જ વિકટ છે.

આનો સીધો અર્થ એ છે કે આર્થિક વિકાસ રોજગારી સર્જનમાં મદદરૂપ બનતો હોવા છતાં ભારત જેવા વિકાસશીલ દેશોએ આર્થિક વિકાસના ઊંચા દર સિદ્ધ કરવાના લક્ષ્યાંક સાથે રોજગારી વધારવાને પણ લક્ષ્યાંક બનાવવો જોઈએ. રોજગારી વધતાં આર્થિક વિકાસને પણ બળ મળશે. જે ફરીથી રોજગારી વધારામાં પરિણમશે અને પૂર્ણ રોજગારી તરફની દિશામાં અર્થતંત્ર આગળ વધશે.

## 16.3 બેરોજગારીનો ખ્યાલ (Concept of Unemployment) :

સાદા અર્થમાં બેરોજગારી એટલે રોજગારીના અભાવની સ્થિતિ. જો કે માત્ર કામ વગર બેસી રહેનારને અર્થશાસ્ત્રમાં બેરોજગાર ગણવામાં આવતા નથી. બેરોજગારીનું ચોક્કસ સ્વરૂપે અર્થઘટન કરવામાં આવે છે.

લીંગ ઓફ નેશન્સ કમિટીના મતે "જે વ્યક્તિ કામની શોધમાં હોય અને પોતાની ક્ષમતા અને યોગ્યતા અનુસાર કામ મેળવવામાં અસફળ રહે તો તેને બેરોજગાર કહેવાય.", પ્રૉ. લોર્ડ મેનાર્ડ કેઈન્સે 1929-30ની મહામંદીના સમયે બેરોજગારીનો ઊંડાણથી અભ્યાસ કર્યો છે. તે જણાવે છે કે " અર્થતંત્રમાં પ્રવર્તમાન વેતન દરે કોઈ વ્યક્તિ કામ કરવા તૈયાર હોય છતાં તેને કામ ન મળતું હોય તો તેને ફરજિયાત બેકારી કહેવાય". આ બંને અર્થઘટનોને આધારે કહી શકાય કે "જ્યારે પ્રવર્તમાન વેતનદરે કામ કરવાની ઈચ્છા અને યોગ્યતા ધરાવતી વ્યક્તિ કામની શોધમાં હોય છતાં તેને તેની લાયકાત અનુસાર કામ ન મળે તો તેવી વ્યક્તિને બેરોજગાર કહેવાય. આવી સામૂહિક સ્થિતિને બેરોજગારી કહેવામાં આવે છે.

નીચેની બાબતો ધ્યાનમાં લેવાથી બેરોજગારીનો ખ્યાલ વધુ સ્પષ્ટ થશે.

(1) અર્થશાસ્ત્રમાં બેરોજગારી સ્વૈચ્છિક નહીં પરંતુ ફરજિયાત સ્વરૂપે છે, એટલે કે પ્રવર્તમાન વેતન દરે વ્યક્તિ સ્વૈચ્છિક રીતે કામ કરવા તૈયાર ન હોય તો તે બેરોજગાર નથી.

(1) જે લોકો સક્રિય શ્રમ પૂરવઠાનો ભાગ નથી એટલે કે શ્રમદળનો હિસ્સો નથી તે પણ બેરોજગાર નથી. જેમ કે 14 વર્ષથી નાનાં બાળકો, વૃધ્ધો, અશક્ત લોકો, ગૃહિણીઓ. આ લોકો કામની શોધમાં હોતા નથી. તેથી તેઓ પણ બેરોજગાર ગણાતા નથી. પૂર્ણ રોજગારીને સમજવાથી પણ બેરોજગારીના ખ્યાલની વધુ સારી સ્પષ્ટતા થશે.

<u>તમારી પ્રગતિ ચકાસો (ક) :</u>

(1) બેરોજગારી એ ક્યાં પરિમાણો ધરાવતી સમસ્યા છે ?

..................................................................

..................................................................

(2) આર્થિક વિકાસનો અંતિમ હેતુ શું છે અને આર્થિક વિકાસનો આધાર કઈ બાબત પર

રહેલો છે? ............................................................

.......................................................................

.......................................................................

(3) બેરોજગારી કેવી સ્થિતિનો નિર્દેશ કરે છે?''-સમજાવો. ..........................

.......................................................................

.......................................................................

(4) બેરોજગારી એટલે શું? ..................................................

.......................................................................

(5) પ્રૉ. લોર્ડ મેનાર્ડ કેઈન્સના મતે બેરોજગારી એટલે શું?

.......................................................................

.......................................................................

(6) લીગ ઓફ નેશન્સ કમિટીના મતે બેરોજગારી એટલે શું?

.......................................................................

.......................................................................

16.3.1 પૂર્ણ રોજગારી કોને કહેવાય?

અનૈચ્છિક બેરોજગારીનો અભાવ એટલે પૂર્ણ રોજગારી.

પ્રવર્તમાન દરે કામ કરવાની ઈચ્છા અને યોગ્યતા (શક્તિ) ધરાવનારને ખૂબ ટૂંકાગાળામાં કામ મળી રહેતું હોય તેવી અર્થતંત્રની સ્થિતિ એટલે પૂર્ણ રોજગારી. રોજગારીની સમજૂતી આપવા માટે બેરોજગારીના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે

(i) ઐચ્છિક બેરોજગારી : કામ કરવાની શક્તિ હોવા છતાં- કામ કરવાની ઈચ્છા ન હોય તેવા લોકો - જે સ્વૈચ્છાએ બેકાર હોય તેવી બેરોજગારીને ઐચ્છિક બેરોજગારી કહેવામાં આવે છે.

(ii) ઘર્ષણજન્ય બેરોજગારી : આર્થિક વિકાસની પ્રક્રિયા દરમિયાન કેટલાક જૂના ઉદ્યોગો નાશ પામતા હોય છે અને નવા ઉદ્યોગો સ્થપાતા હોય છે. નાશ પામતા (બંધ થતાં) ઉદ્યોગોના શ્રમિકોને જેટલો સમય કામ ન મળે અને તેઓ બેરોજગાર રહે તેને સંક્રાંત બેરોજગારી કહેવામાં આવે છે. તેને ઘર્ષણજન્ય બેરોજગારી પણ કહે છે.

(iii) અનૈચ્છિક બેરોજગારી : પ્રવર્તમાન દરે કામ કરવાની ઈચ્છા અને યોગ્યતા ધરાવનારને જ્યારે કામ ન મળે ત્યારે તેને ફરજિયાત બેકાર રહેવું પડે છે. આ બેરોજગારીને અનૈચ્છિક બેરોજગારી (ઈચ્છા વિરુદ્ધની) બેકારી કહેવાય. આ બેરોજગારી જ વાસ્તવિક અને ગંભીર છે.

## 16.4 ભારતમાં બેરોજગારીનું સ્વરૂપ :

ભારતમાં બેરોજગારીને તેના સ્વરૂપને આધારે મુખ્ય બે પ્રકારમાં વહેંચવામાં આવે છે.

(A) ગ્રામીણ વિસ્તારની બેરોજગારી અને (B) શહેરી વિસ્તારની બેરોજગારી

16.4.1 ગ્રામીણ વિસ્તારની બેરોજગારી (Rural Unemployment) :

ભારત ગામડાઓનો બનેલો દેશ છે. આજે પણ દેશની 68.8 % વસ્તી (2011 ના વસ્તી ગણતરી અહેવાલ મુજબ) ગ્રામીણ વિસ્તારમાં રહે છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ભારતીય ખેતીની પછાત અવસ્થાને કારણે વ્યાપક બેરોજગારી જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતી બેરોજગારીના સ્વરૂપને આધારે તેના નીચે મુજબ પ્રકાર પાડવામાં આવે છે.

(1) મોસમી બેરોજગારી (Seasonal Unemployment) :

શ્રમિકને મોસમમાં કે કોઈ ખાસ સમયમાં જ કામ મળે અને બાકીના સમયમાં ફરજિયાત બેરોજગાર રહેવું પડે તેવી સ્થિતિને મોસમી બેરોજગારી કહેવાય. ભારતમાં કૃષિક્ષેત્રે સિંચાઈની અપૂરતી સગવડોના કારણે કૃષિક્ષેત્રે સંકળાયેલા વર્ગને વર્ષના માંડ 7-8 મહિના કામ મળે છે. તે પછીના સમયમાં તેને ફરજિયાત કામ વગર (બેરોજગાર) રહેવું પડે છે. જે મોસમી બેરોજગારી છે.

(2) પ્રચ્છન્ન બેરોજગારી (Disguised Unemployment) :

જ્યારે કોઈ કામ કરવા માટે જરૂર હોય તેના કરતાં વધારે શ્રમિકો રોકાયેલા હોય ત્યારે આ પ્રકારની બેરોજગારી ઉદ્દભવે છે. ભારતમાં કૃષિ સાથે સંકળાયેલા ગ્રામીણ કુટુંબો વૈકલ્પિક રોજગારીના અભાવની સ્થિતિમાં પોતાના વધારાના સભ્યને બેકાર રાખવાને બદલે બિનજરૂરી કૃષિમાં જોડી દે છે. પરિણામે કૃષિમાં ખરેખર જરૂર હોય તેના કરતાં વધુ માણસો રોકાયેલા હોય છે. જે પ્રચ્છન્ન બેરોજગાર છે. આ એવા શ્રમિકો છે કે જે બાહ્ય રીતે કામ કરતાં દેખાય પરંતુ તેનો ઉત્પાદન વૃદ્ધિમાં ફાળો બિલકુલ હોતો નથી. એટલે કે તેની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે. આથી જો આવા વધારાના શ્રમિકોને ઉત્પાદન કાર્યમાંથી હટાવી લેવામાં આવે તો પણ કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર થતો નથી. પ્રૉ. નર્ક્સ તો ત્યાં સુધી કહે છે કે કૃષિમાંથી આવા કેટલાક માણસોને ખસેડી લેવામાં આવે તો ખેત ઉત્પાદનમાં ઘટાડો થવાને બદલે વધારો થવાની શક્યતા છે.

16.4.2 શહેરી વિસ્તારની બેરોજગારી (Urban Unemployment) :

ખેતી સિવાયની મોટા ભાગની આર્થિક પ્રવૃત્તિઓ શહેરી વિસ્તારમાં વિકસતી હોવાથી ગ્રામીણ વિસ્તારમાંથી લોકો રોજગારી માટે શહેરી વિસ્તારમાં સ્થળાંતર કરતાં હોય છે. ભારતમાં ધીમે ધીમે શહેરીકરણ વધી રહ્યું છે. શહેરી વિસ્તારમાં જોવા મળતી બેરોજગારીના સ્વરૂપને આધારે તેના નીચે મુજબ પ્રકાર પાડવામાં આવે છે.

(1) ઔદ્યોગિક કામદારોની બેરોજગારી :

ઔદ્યોગિક ક્ષેત્રે જોવા મળતી બેરોજગારીને પણ બે પ્રકારમાં વહેંચી શકાય.

(i) ચક્રીય બેરોજગારી (Cyclical Unemployment) :

મૂડીવાદી અર્થવ્યવસ્થામાં મૂડીરોકાણ કરનાર વર્ગ અને બચત કરનાર જુદી જુદી વ્યક્તિઓ હોય છે. તેથી મૂડી રોકાણ અને બચત વચ્ચે અવારનવાર અસમતુલા પેદા થાય છે. આ ઉપરાંત માંગ અને પૂરવઠા વચ્ચે પણ અવારનવાર અસમતુલા પેદા થાય છે. પરિણામે ત્યાં તેજી-મંદી (વ્યાપારચક્ર) ઉદ્ભવે છે. જેમાં મંદીના સમયમાં માંગ ઘટવાથી રોજગારીની

તકોમાં ઘટાડો થાય છે. આથી બેરોજગારી ઉદ્દભવે છે. ટૂંકમાં, મંદીમાં જ્યારે લોકોને કામ પરથી છૂટા કરવામાં આવે છે ત્યારે તેને ચક્રીય કે વ્યાપાર ચક્રીય બેરોજગારી કહેવામાં આવે છે. ટૂંકમાં, તેજી-મંદીની ઘટમાળને કારણે સર્જાતી બેરોજગારીને ચક્રીય બેરોજગારી કહે છે.

(ii) યંત્રજન્ય બેરોજગારી (Technological Unemployment) :

ઝડપી અને સસ્તું ઉત્પાદન મેળવવાના ઉદ્દેશથી ઔદ્યોગિક ક્ષેત્ર આધુનિકરણની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. આધુનિકરણની પ્રક્રિયામાં જૂની ઉત્પાદન પદ્ધતિની જગ્યાએ નવી ઉત્પાદન પદ્ધતિ અપનાવવામાં આવે છે તે સામાન્ય રીતે મૂડીપ્રચૂર હોય છે. જે ઉત્પાદનના એકમ દીઠ શ્રમનું પ્રમાણ ઘટાડે છે એટલે કે માણસોનું સ્થાન મશીનો લે છે. આથી કામ કરી રહેલા શ્રમિકોમાંથી કેટલાકને છૂટા થવાની ફરજ પડે છે, જે યંત્રજન્ય બેરોજગારી કહેવાય. કમ્પ્યુટર આવતા ટાઈપીસ્ટ બેરોજગાર થાય તો તે યંત્રજન્ય બેરોજગારી છે. ટૂંકમાં, જૂની ટેક્નોલોજીની જગ્યાએ નવી ટેકનોલોજી આવતા જૂની ટેકનોલોજીમાં રોકાયેલા શ્રમિકો અમુક સમય માટે બેરોજગાર બને છે. જેને યંત્રજન્ય બેરોજગારી કહે છે.

(2) શિક્ષિત વર્ગની બેરોજગારી (Educated Unemployment) :

જ્યારે ભણેલ ગણેલ અને તાલીમબધ્ધ લોકોને તેની લાયકાત અનુસાર કામ ન મળે ત્યારે તેને શિક્ષિત બેરોજગારી કહેવામાં આવે છે. માનવશક્તિના ઉચિત આયોજનનો અભાવ, ખામી ભરેલી શિક્ષણ પદ્ધતિ, આયોજનની વ્યૂહરચનાની કેટલીક મૂળભૂત ક્ષતિઓ, શિક્ષણના વ્યાપમાં થયેલા વધારા કરતાં રોજગારીની તકોમાં થયેલો ઓછો વધારો, શિક્ષિત લોકોની સ્વરોજગાર સર્જી શકવાની અસમર્થતા, શિક્ષિતોની માત્ર ટેબલ ખુરશી વાળી - 'વ્હાઈટ કોલર જોબ'ની જ અપેક્ષા વગેરે કારણોને લીધે ભારતમાં શિક્ષિત બેરોજગારીનું પ્રમાણ ઘણું વધ્યું છે. તમામ પ્રકારની બેરોજગારીમાં શિક્ષિત બેરોજગારી સમાજ માટે વધુ ગંભીર અને ચિંતાજનક છે. કારણકે શિક્ષણ અને તાલીમ મેળવ્યા પછી પણ વ્યક્તિને તેની યોગ્યતા અનુસાર કામ ન મળે તો તેને લીધી ઉદ્ભવતી હતાશા માત્ર બેરોજગાર વ્યક્તિને જ નહીં પરંતુ સમગ્ર સમાજ ઉપર ઘણી નકારાત્મક અસરો જન્માવે છે. શિક્ષિત બેરોજગારી ખુલ્લી (શિક્ષિત વ્યક્તિને બિલકુલ કામ ન મળે) અને આંશિક બેરોજગારી (વ્યક્તિને તેની ક્ષમતા કરતાં ઓછી કે ઉતરતી કક્ષાની રોજગારી મળે તેવી સ્થિતિ) બંને સ્વરૂપે જોવા મળે છે.

(3) ખુલ્લી બેરોજગારી (Open Unemployment) :

કામની યોગ્યતા ધરાવતી વ્યક્તિ, કામની શોધમાં હોય અને તેન બિલકુલ કામ ન મળે , થોડા સમય માટે પણ કામ ન મળે તો તે ખુલ્લી બેરોજગારી છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં કામ કરવા આવે અને તેને કામ ન મળે અને તે પૂર્ણ સમય માટે બેરોજગાર રહે તો તે ખુલ્લી બેરોજગારી છે.

(4) આંશિક / અલ્પ/ અર્ધ બેરોજગારી (Under Unemployment) :

વ્યક્તિને તેની ક્ષમતા કરતાં ઓછી કે ઉતરતી કક્ષાની રોજગારી મળે તેવી સ્થિતિ. અકુશળ મજૂરને બધાં દિવસો કામ ન મળે અથવા જે દિવસોમાં કામ મળે તેમાં પૂરા કલાક કામ ન

મળે, ચોક્કસ તાલીમ પામેલી વ્યક્તિને તેની તાલીમને અનુરૂપ કામ ન મળે. દા.ત. સિવિલ એન્જિનિયરને ડ્રાફ્ટમેન તરીકે નોકરી કરવી પડે તો તે અર્ધબેરોજગાર છે તેમ કહેવાય.

ખૂલ્લી અને અર્ધબેરોજગારી ગ્રામીણ વિસ્તારમાં પણ જોવા મળતી હોય છે.

<u>તમારી પ્રગતિ ચકાસો (ક) :</u>

(1) પૂર્ણ રોજગારી કોને કહેવાય ? ...............................................

...............................................................

(2) ભારતમાં બેરોજગારીના પ્રકારો કેટલા છે અને ક્યાં ક્યાં છે. - જણાવો.

...............................................................

...............................................................

(3) ‘‘ભારતમાં બેરોજગારીના સ્વરૂપને આધારે તેના ક્યાં પ્રકારો પાડવામાં આવે છે ?.

...............................................................

...............................................................

(4) મોસમી બેરોજગારી અને પ્રચ્છન્ન બેરોજગારીની વ્યાખ્યા જણાવો..

...............................................................

...............................................................

(5) ચક્રીય બેરોજગારી અને યંત્રજન્ય બેરોજગારી ક્યાં ક્ષેત્રે જોવા મળે છે ?

...............................................................

...............................................................

## 16.5 ભારતમાં બેરોજગારીનું માપન : :

ભારતમાં NSSO(National Sample Survey Organization) બેરોજગારીનું માપન કરે છે. જો કોઈ વ્યક્તિને દરરોજ 8 કલાક અને વર્ષમાં 273 દિવસ કામ મળે તો તેને પૂર્ણ રોજગારી મળે છે તેમ કહેવાય.

બેરોજગારીને માપવા માટે ત્રણ ખ્યાલો ધ્યાનમાં લેવામાં આવે છે.

(i) લાંબાગાળાની બેરોજગારી

(ii) સાપ્તાહિક બેરોજગારી

(iii) દૈનિક બેરોજગારી

(i) લાંબા ગાળાની બેરોજગારી (Usual Status Unemployment) :

જે વ્યક્તિ શ્રમના પૂરવઠામાં સામેલ હોય (એટલે કે કામ કરવાની યોગ્યતા ધરાવતી હોય અને કામની શોધમાં હોય) તેને જો વર્ષ દરમિયાન 183 દિવસ કરતાં ઓછા દિવસ માટે કામ મળે તો તે વ્યક્તિ લાંબા ગાળાની દષ્ટીએ બેરોજગાર છે તેમ કહેવાય. લાંબા

ગાળાની બેરોજગારીનો અર્થ એ છે કે વ્યક્તિ વર્ષમાં મોટા ભાગના દિવસો દરમિયાન બેરોજગાર હતી. આ બેરોજગારીને ખૂલ્લી કે સંપૂર્ણ બેરોજગારી પણ કહેવામાં આવે છે.

આ બેરોજગારી નીચેના સૂત્ર દ્વારા મેળવી શકાય.

લાંબા ગાળાની બેરોજગારીનો દર =

$$\frac{\text{183 દિવસ કે તેના કરતાં વધુ દિવસ માટે ન મેળવી શકનાર વ્યક્તિઓની સંખ્યા}}{\text{શ્રમનો કુલ સક્રિય પુરવઠો (શ્રમદળ)}} \text{X } 100$$

ઉદાહરણ તરીકે જો શ્રમદળનો કુલ સક્રિય પૂરવઠો 10 કરોડ હોય અને તેમાં 183 દિવસ માટે કામ ન મેળવી શક્તિ વ્યક્તિઓની સંખ્યા 1 કરોડ હોય તો,

લાંબા ગાળાની બેરોજગારીનો દર - ક 100 - 10%

અર્થતંત્રમાં 10 % લોકો લાંબા ગાળાની દષ્ટીએ બેરોજગાર છે તેમ કહી શકાય. આ રીતે સાપ્તાહિક અને દૈનિક બેરોજગારી પણ માપી શકાય છે.

(ii) સાપ્તાહિક બેરોજગારી : (Weekly Status Unemployment) :

આ ખ્યાલ મુજબ જે દિવસે મોજણી કરવામાં આવી હોય તે પહેલાંના આખા અઠવાડિયા દરમિયાન વ્યક્તિએ કામની શોધ કરી હોય છતાં અઠવાડિયામાં એક પણ દિવસ-એક કલાક માટે પણ કામ ન મળ્યું હોય તો વ્યક્તિ સમગ્ર સપ્તાહ દરમિયાન બેરોજગારી હતી તેમ કહેવાય. આ ખ્યાલ અઠવાડિયે સરેરાશ કેટલી વ્યક્તિ બેરોજગાર હતી તેનો ખ્યાલ આપે છે. આના પરથી મુખ્યત્વે મોસમી બેરોજગારીનો ખ્યાલ આવે છે.

(iii) દૈનિક બેરોજગારીઃ (Daily Satus Unemployment) :

આ ખ્યાલ મુજબ જે દિવસે મોજણી કરવામાં આવી હોય તે પહેલાંના આખાં અઠવાડિયાના દરેક દિવસની નોંધ કરવામાં આવે છે. જો વ્યક્તિને 1 કલાકથી વધુ અને 4 કલાકથી ઓછું કામ મળ્યું હોય તો તેને અર્ધા દિવસ માટે કામ મળ્યું અને અર્ધા દિવસ માટે તે કામ વિનાની એટલે કે બેરોજગાર હતી તેમ કહેવાય. જો 100 માણસોને આ રીતે દિવસ દરમિયાન 1 થી 4 કલાક કામ મળ્યું હોય તો 50 માણસોને રોજગારી મળી ગણાય. આ પ્રકારની બેરોજગારી દૈનિક બેરોજગારી કહેવાય. બેરોજગારી માપવાની આ સૌથી અસરકારક પદ્ધતિ છે. દૈનિક બેરોજગારીની સ્થિતિને આધારે દેશમાં વધુમાં વધુ બેરોજગારી કેટલી છે તેનું માપન થઈ શકે છે.

## 16.6 અર્થતંત્રમાં બેરોજગારી શા માટે ઉદ્ભવે છે ? :

આમ તો બેરોજગારી એ માત્ર આર્થિક સમસ્યા જ નથી અને બેરોજગારીના ઉદ્દભવ પાછળ પણ અનેક પરિબળો જવાબદાર હોય છે. આમ છતાં અર્થશાસ્ત્રની ટેક્નિકલ ભાષા મુજબ સૈદ્ધાંતિક રીતે બેરોજગારી કઈ રીતે ઉદ્દભવે છે તે તપાસીએ. લોકો પોતાની આવકનો બધો ભાગ વપરાશ પાછળ ખર્ચતા નથી. તેમાંથી કેટલાક ભાગની બચત કરે છે. જેટલો ભાગ બચાવે તેટલી ઓછી વસ્તુઓનો વપરાશ થતાં ઉત્પાદન ઓછું થાય છે. તેથી રોજગારી ઘટે છે અને બેરોજગારી ઉદ્દભવે છે. જો વધારાની બચત જેટલું જ મૂડીરોકાણ થાય તો (મૂડીરોકાણ દ્વારા મૂડીગત વસ્તુઓનું ઉત્પાદન થશે ત્યાં રોજગારી વધશે) આથી બેરોજગારી દૂર થશે. પરંતુ બધી બચતોનું મૂડી રોકાણ થતું નથી. ઘણી

બચતો નિષ્ક્રિય પડી રહે છે. આથી અર્થતંત્રમાં બેરોજગારી ઉદ્દભવે છે. ઉપરોક્ત લખાણ સિવાય બીજા કારણો પણ બેરોજગારી માટે જવાબદાર છે જે નીચે મુજબ છે.

## 16.7 ભારતમાં બેરોજગારીના કારણો :

ભારતમાં બેરોજગારી માટે વિવિધ કારણો વધતાં ઓછા અંશે જવાબદાર છે. જેની ચર્ચા નીચે મુજબ કરી શકાય.

### 16.7.1 વસ્તીવૃદ્ધિનો ઊંચો દર અને શ્રમના પૂરવઠામાં વધારો :

ભારત વસ્તી સંક્રમણના બીજા તબક્કામાં છે. આ તબક્કો એવો છે કે જેમાં જન્મદર ખૂબ ઊંચો હોય છે, જ્યારે તબીબી સુવિધાઓ-સંશોધનોને પરિણામે મૃત્યુદર નીચો થઈ ગયો હોય છે. આથી ખૂબ ઊંચા દરે વસ્તી વધે છે. જેને વસ્તી વિસ્ફોટ (Population Explosion) પણ કહેવામાં આવે છે. 1951માં દેશની વસ્તી 36.11 કરોડ હતી, તે વધીને 2011 માં 121.08 કરોડ થઈ છે. આ વધારો લગભગ સાડાત્રણ ગણો છે. વસ્તી વધારો થવાથી દેશના શ્રમદળ (શ્રમિકોની સંખ્યામાં) વધારો થાય છે. આ શ્રમદળને કામ આપવા માટે વધુ રોજગારીનું સર્જન કરવું પડે છે. પરંતુ ભારતમાં વિવિધ કારણોસર શ્રમદળના વધારાની તુલનામાં રોજગારીનું સર્જન ઘણું ઓછું થયું છે. આથી દેશમાં બેરોજગારીનું પ્રમાણ વધવા પામ્યું છે.

### 16.7.2 નીચો આર્થિક વિકાસનો દર :

જો આર્થિક વિકાસનો દર ઊંચો હોય તો રોજગારીની તકોનું વધું સર્જન થતાં બેરોજગારીના પ્રમાણમાં ઘટાડો થાય. પરંતુ ભારતમાં આર્થિક વિકાસનો દર ઘણો નીચો અને અસમતોલ રહ્યો છે. ભારતમાં આર્થિક વિકાસનો દર આયોજનના પ્રથમ ત્રણ દાયકા સુધી સરેરાશ માત્ર 3.5 % આસપાસ રહ્યો છે. 1880 પછી 5 % અને 1990 પછી તે 6 થી 8 % રહ્યો છે, આથી રોજગારીની તકો પૂરતા પ્રમાણમાં સર્જાતી નથી. જ્યારે બીજી બાજુ સતત વસ્તી વધારાના કારણે કામ માંગનારાઓની સંખ્યા સતત વધતી રહી છે. આ રીતે નીચો અને અસમતોલ આર્થિક વિકાસનો દર ભારતની ઊંચા દરે વધતી વસ્તીને પૂરતા પ્રમાણમાં રોજગારી પૂરી પાડવામાં અપૂરતો સાબિત થયો છે. આથી બેરોજગારીનો પ્રશ્ન ઉકેલવાને બદલે વધુ ગંભીર બન્યો છે.

### 16.7.3 ખામી ભરેલી વિકાસની વ્યૂહરચના :

વિકાસની વ્યૂહરચના એટલે વિકાસ કેવી રીતે કરવો. કૃષિના વિકાસ દ્વારા વિકાસ કરવો કે ઉદ્યોગોના વિકાસ દ્વારા વિકાસ કરવો. જો ઉદ્યોગોના વિકાસ દ્વારા વિકાસ કરવાનું નક્કી કરવામાં આવે તો તેમાં નાના પાયાના અને ગૃહઉદ્યોગો સ્થાપી વિકાસ કરવો કે મોટા અને ભારે પાયાના ઉદ્યોગો સ્થાપી વિકાસ કરવો. આ સંદર્ભમાં ભારતે બીજી પંચવર્ષીય યોજનાથી ભારે પાયાના ઉદ્યોગો સ્થાપવાની નીતિ અમલમાં મૂકી છે. આથી રોજગારીમાં ધીમો વધારો થયો છે. 1978-79 માં થયેલા એક સંશોધન મુજબ 16582 રૂપિયાના મૂડી રોકાણ સામે નાના પાયાના ઉદ્યોગ દ્વારા એક રોજગારીની તક ઉભી થતી હતી. જ્યારે મોટા ઉદ્યોગમાં એક રોજગારીની તક 68166 રૂપિયાના રોકાણે થતી હતી. આ તફાવત ચાર ગણાથી વધુ છે. આનો અર્થ એ કરી શકાય કે જો ભારતે નાના પાયાના ઉદ્યોગોમાં રોકાણ કરવાની નીતિ અમલમાં મૂકી હોત તો ચાર ગણી વધુ રોજગારીની તકોનું સર્જન થયું હોત અને બેરોજગારીની સમસ્યા લગભગ નિવારી શકાય હોત. બીજા એક અંદાજ મુજબ સરકારે મોટા ઉદ્યોગમાં એક વ્યક્તિને રોજગારી આપવા

માટે 40,000 રૂપિયા રોક્યા છે. જયારે ખૂબ ભારે મૂડીરોકાણવાળા પેટ્રોલિયમ-રસાયણ ઉદ્યોગમાં તો મૂડી રોકાણની જરૂરીયાત 60000 થી 90000 રૂપિયા જેટલી ઊંચી હતી. જયારે ગૃહ ઉદ્યોગો અને અતિ નાના પાયાના ઉદ્યોગોમાં માત્ર ભારતમાં શિક્ષણ અને તાલીમના અભાવે એક વ્યવસાયમાં બેરોજગારી સર્જાય તો શ્રમિક અન્ય વ્યવસાયમાં જઈ શકતો નથી. આ રીતે શ્રમિકોની વ્યાવસાયિક ગતિશીલતા ઓછી રહી છે. આ ઉપરાંત ભારતીય શ્રમિકની ધર્મ, રીતિ રીવાજો, રહેણીકરણી, ભાષા, કુટુંબથી જૂદું પડવું વગેરેને કારણે તેની ભૌગોલિક ગતિશીલતા પણ ઓછી રહે છે. આ ઓછી ગતીશીલતાને કારણે જયાં રોજગારીની તકો હોય ત્યા શ્રમ જતો નથી. જે બેરોજગારીમાં વધારો કરે છે.

આ ઉપરાંત, ઊંચો આર્થિક વિકાસનો દર સિદ્ધ કરીને રોજગારીની તકો સિદ્ધ કરવામાં આયોજનની નિષ્ફળતા, રોજગારી સર્જનમાં ફાળો આપી શકે તેવા કુશળ નિયોજકો અને ઉદ્યોગ સાહસિકોની તંગી, ઉત્પાદનના માનવ સિવાયના સાધનોની અછત, સરકારની રોજગારી સર્જન માટેની યોજનાઓની નિષ્ફળતા, કૃષિમાં જમીન સુધારા નીતિનો બિનઅસરકારક અમલ વગેરે જેવા પરિબળો પણ બેરોજગારી માટે જવાબદાર છે.

<u>તમારી પ્રગતિ ચકાસો (ખ) :</u>

(1) બેરોજગારીને માપવા માટેના ખ્યાલો જણાવો.

.......................................................................

.......................................................................

(2) સાપ્તાહિક બેરોજગારી અને દૈનિક બેરોજગારી કોને કહેવાય ?.

.......................................................................

.......................................................................

(3) લાંબાગાળાની બેરોજગારીનો દર શોધવાનું સૂત્ર લખો.

.......................................................................

## 16.8 બેરોજગારી દૂર કરવાના ઉપાયો :

ભારતમાં પ્રવર્તમાન બેરોજગારી માટે નીચે મુજબ ઉપાયો પ્રયોજી શકાય.

16.8.1 આર્થિક વિકાસનો દર ઊંચો લઈ જવો.

આર્થિક વિકાસના દરમાં વધારો થાય તો રોજગારીની તકોમાં વધારો થતાં બેરોજગારી ઘટે. ભારતમાં આર્થિક વિકાસનો દર એકંદરે નીચો અને અસ્થિર રહેતા રોજગારી સર્જનનો દર વધતી શ્રમ સંખ્યા સાથે તાલ મિલાવી શક્યો નથી. આથી ભારતે જાહેર-ખાનગી-સહકારી વિદેશી એ રીતે તમામ સ્તરે વધુ રોકાણ દ્વારા આર્થિક વિકાસનો ઊંચો દર સિદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઈએ. કાયમી ધોરણે બેરોજગારીના પ્રશ્નને ઉકેલવા માટે સ્થિરતા સાથે આર્થિક વિકાસ એ જ સૌથી શ્રેષ્ઠ વિકલ્પ છે.

16.8.2 નાના પાયાના અને શ્રમ પ્રચૂર ઉદ્યોગોના વિકાસને પ્રાથમિકતા આપવી :

ભારત માટે ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાનો પ્રશ્ન જેટલો અગત્યનો છે તેટલો જ

અગત્યનો પ્રશ્ન રોજગારીમાં વધારો કરવાનો છે. આથી ભારતે ઉત્પાદનમાં વૃદ્ધિ કરવા માટે ગૃહ-ગ્રામ-કુટિર ઉદ્યોગો, અતિ નાના પાયાના ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની આવશ્યકતા છે. આવા ઉદ્યોગો શ્રમ પ્રચૂર હોય ઓછી મૂડીથી શરુ થઈ વધુ રોજગારીનું સર્જન કરશે. ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. વળી, દેશના દરેક ભાગમાં આવા ઉદ્યોગો માટે જરૂરી કૌશલ્યો અને વણવપરાયેલી બચતો પણ ઉપલબ્ધ હોય છે. જો આમ કરવામાં સફળતા મળશે તો વિપુલ પ્રમાણમાં રોજગારીની તકોનું સર્જન થશે અને પરિણામે બેરોજગારીના પ્રમાણમાં મોટો ઘટાડો શકય બનશે.

16.8.3 ખેતીનું આધુનિકરણ અને ખેતી સંલગ્ન ઉદ્યોગોનો વિકાસ :

ભારતમાં સૌથી વધુ બેરોજગારી ગ્રામીણ વિસ્તારમાં જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારમાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ભારતમાં ખેતીની પછાત અવસ્થાને કારણે તેમાં વ્યાપક પ્રમાણમાં મોસમી બેરોજગારી જોવા મળે છે અને કૃષિ સિવાયના ક્ષેત્રોના વિકાસના અભાવે કૃષિમાં પ્રચ્છન્ન બેરોજગારી પણ ખૂબ જોવા મળે છે. આ સમસ્યા હલ કરવા માટે કૃષિમાં સિંચાઈની સગવડોમાં વધારો કરવા સાથે તેનું આધુનિકરણ કરવું જોઈએ અને ગ્રામીણ વિસ્તારમાં કૃષિ સંલગ્ન ક્ષેત્રો જેવા કે પશુપાલન તેમજ કૃષિ ઉદ્યોગોના વિકાસ માટે પ્રયત્નો કરવા જોઈએ. આ પરીબળ એક સાથે અનેક ધ્યેયો સિદ્ધ કરી શકે તેમ છે. લોકોને સ્થાનિક કક્ષાએ કામ મળતા બિનજરૂરી સ્થળાંતર અટકશે. ઉપરાંત કૃષિ સાથે સંકળાયેલા મોટા વર્ગની આવક વધતાં અન્ય વપરાશી ઉદ્યોગોમાં પણ રોજગારીની તકો સર્જાશે. દેશમાં બેરોજગારીના પ્રશ્નને નિવારવા માટે સૌ પ્રથમ ગ્રામીણ બેરોજગારીનો ઉકેલ શોધવો વધુ જરૂરી છે.

16.8.4 વસ્તી વૃદ્ધિનું નિયંત્રણ કરવું જોઈએ :

ભારતમાં સતત વધતી જતી બેરોજગારીનું મુખ્ય કારણ સતત ઊંચા દરે થતો વસ્તી વધારો છે. દેશના વિકાસ સાથે રોજગારીમાં પણ વધારો થાય છે. પરંતુ આ રોજગારીની તકોમાં થતો વધારો વસ્તી વધારાના દરને પહોંચી શકતો નથી.આથી બેરોજગારોની સંખ્યામાં સતત વધારો થયો છે. આથી ભારતે અસરકારક વસ્તી નિયંત્રણની નીતિ અમલમાં મૂકી વસ્તીવૃદ્ધિ પર અંકુશ મુકવો જ રહ્યો. જો આમ થશે તો જ લાંબાગાળે બેરોજગારીનો પ્રશ્ન ઉકેલાશે.

16.8.5 શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર દ્વારા માનવશક્તિનું ઉચિત આયોજન કરવું :

તમામ બેરોજગારી કરતાં શિક્ષિત બેરોજગારીનો પ્રશ્ન વધુ વધુ ગંભીર છે. ભારતમાં શિક્ષણપ્રથાની કેટલીક મૂળભૂત ખામીને કારણે ભણેલ ગણેલ અને તાલીમ પામેલ લોકો પણ સ્વરોજગારીનું સર્જન કરી શકતા નથી. વળી, આ કહેવાતો તાલીમ પામેલો શ્રમ પણ ઉદ્યોગોની જરૂરિયાતો પ્રમાણેની લાયકાત ધરાવતો હોતો નથી. આથી શિક્ષિત બેરોજગારોની ફોજ ઉભી થઈ છે. ભારતે આ સમસ્યાના નિવારણ માટે માત્ર વર્તમાન પરિક્ષાલક્ષી શિક્ષણ પ્રણાલીને બદલે કૌશલ્યલક્ષી (skill base) શિક્ષણ, શિક્ષિતો નોકરી ઈચ્છુક નહીં નોકરી આપનાર બને, સ્વ-રોજગારી ઉભી કરી શકે તેમજ વર્તમાન સમયની જરૂરિયાત મુજબનો શ્રમ તૈયાર કરે તે પ્રકારે શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર કરવાની આવશ્યકતા છે.

16.8.6 સરકારે રોજગારલક્ષી યોજનાઓનો વ્યાપ અને અસરકારકતા વધારવી જોઈએ. :

ટૂંકાગાળામાં રોજગારીના પ્રશ્નને હળવો કરવા તેમજ સમાજના અત્યંત ગરીબ અને ખાસ કરીને અકુશળ શ્રમિકો માટે સરકાર વિવિધ રોજગારલક્ષી યોજનાઓ અમલમાં મૂકતી હોય છે. જેમ કે હાલમાં ગરીબીરેખા નીચે જીવતા ગરીબ પરિવારને 100 દિવસ રોજગારી આપતી મનરેગા યોજના કાર્યરત છે. સરકારે વિવિધ પ્રકારના કૌશલ્ય ધરાવતા લોકો માટે રોજગાર યોજનાઓ લાગુ કરવી જોઈએ, તેમજ પૂરતી નાણાકીય ફાળવણી કરી તેનો અસરકારક અમલ કરવો જોઈએ.

આ ઉપરાંત, બેરોજગારી દૂર કરવા અને તે માટે આર્થિક વિકાસનો ઊંચો દર સિદ્ધ કરવા માટે બચત અને મૂડીરોકાણ વધારવા જોઈએ., આંતર માળખાકીય સગવડના ક્ષેત્રમાં રોકાણ વધારવું જોઈએ., શ્રમની ગતિશીલતા વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ., વિદેશ મૂડી રોકાણને આકર્ષવાના પ્રયત્ન વખતે તેની રોજગાર ક્ષમતાને ખાસ ધ્યાનમાં લેવી જોઈએ વગેરે પગલાઓ પ્રયોજી શકાય.

## 16.9 સમાપન :

ભારતમાં પ્રવર્તમાન બેરોજગારી વિશે આપણે અભ્યાસ કર્યો. બેરોજગારીની સ્થિતિ ભારતમાં ઘણી ગંભીર છે. બેરોજગારીને કારણે ગરીબી અને અસમાનતા સહિતની બીજી ઘણી સમસ્યાઓ ઉભી થાય છે. ભારતે આયોજન દરમિયાન બેરોજગારી નિવારણ માટે ઘણાં પ્રયત્નો કર્યા છે. પરંતુ એ પણ હકીકત છે કે આ પ્રયત્નો પૂરતા કારગત નીવડ્યા નથી. ગરીબીના પ્રકારોને આધારે કહી શકાય કે દરેક પ્રકારની બેરોજગારી માટે તેને અનુરૂપ રણનીતિ બનાવી બેરોજગારી નિવારવા માટે આગળ વધવું જોઈએ. બેરોજગારીની સમસ્યા ઉકેલાશે તો ભારતની અનેક સમસ્યાઓનો પણ અંત આવશે.

<u>તમારી પ્રગતિ ચકાસો (ક) :</u>

(1) ભારતમાં બેરોજગારીને દૂર કરવાના ઉપાયો જણાવો.

..................................................................

..................................................................

(2) નાના પાયાના અને શ્રમ પ્રચૂર ઉદ્યોગોના વિકાસ કઈ રીતે ભારતમાં બેરોજગારી ઘટાડી શકે ? તમારા મંતવ્યો જણાવો.

..................................................................

..................................................................

(3) "લાંબા ગાળે બેરોજગારી દૂર કરવાનો ઉપાય ઊંચો આર્થિક વિકાસનો દર જ છે" - આ વિધાનની ચર્ચા કરો.

..................................................................

..................................................................

(4) સરકારે રોજગારલક્ષી યોજનાઓનો વ્યાપ અને અસરકારકતા શા માટે વધારવી જોઈએ ?

..................................................................

..................................................................

(5) બેરોજગારી દૂર કરવા માટે હાલની શિક્ષણ પ્રણાલીમાં કેવાં પરિવર્તનો આવશ્યક છે ?

.....................................................................

.....................................................................

(6) શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર દ્વારા માનવશક્તિનું આયોજન કઈ રીતે કરવાથી બેરોજગારી દૂર કરી શકાય ?

.....................................................................

.....................................................................

## 16.10 ચાવીરૂપ શબ્દો (Key Words) :

| | | |
|---|---|---|
| બેરોજગારી | : | જ્યારે પ્રવર્તમાન વેતનદરે કામ કરવાની ઈચ્છા અને યોગ્યતા ધરાવતી વ્યક્તિ કામની શોધમાં હોય છતાં તેને તેની લાયકાત અનુસાર કામ ન મળે તો તેવી વ્યક્તિને બેરોજગાર કહેવાય. આવી સામૂહિક સ્થિતિને બેરોજગારી કહેવામાં આવે છે. |
| પૂર્ણ રોજગારી | : | અનૈચ્છિક બેરોજગારીનો અભાવ એટલે પૂર્ણ રોજગારી. |
| એચ્છિક બેરોજગારી | : | કામ કરવાની શક્તિ હોવા છતાં- કામ કરવાની ઈચ્છા ન હોય તેવા લોકો - જે સ્વૈચ્છાએ બેકાર હોય તેવી બેરોજગારીને એચ્છિક બેરોજગારી કહેવામાં આવે છે. |
| અનૈચ્છિક બેરોજગારી | : | પ્રવર્તમાન દરે કામ કરવાની ઈચ્છા અને યોગ્યતા ધરાવનારને જ્યારે કામ ન મળે ત્યારે તેને ફરજિયાત બેકાર રહેવું પડે છે. આ બેરોજગારીને અનૈચ્છિક બેરોજગારી (ઈચ્છા વિરુદ્ધની) બેકારી કહેવાય. |
| પ્રચ્છન્ન બેરોજગારી | : | જ્યારે કોઈ કામ કરવા માટે જરૂર હોય તેના કરતાં વધારે શ્રમિકો રોકાયેલા હોય ત્યારે આ પ્રકારની બેરોજગારી ઉદ્દભવે છે. |
| મોસમી બેરોજગારી | : | શ્રમિકને મોસમમાં કે કોઈ ખાસ સમયમાં જ કામ મળે અને બાકીના સમયમાં ફરજિયાત બેરોજગાર રહેવું પડે તેવી સ્થિતિને મોસમી બેરોજગારી કહેવાય |
| ચક્રીય બેરોજગારી | : | તેજી-મંદીની ઘટમાળને કારણે સર્જાતી બેરોજગારીને ચક્રીય બેરોજગારી કહે છે. |
| યંત્રજન્ય બેરોજગારી | : | જૂની ટેક્નોલોજીની જગ્યાએ નવી ટેક્નોલોજી આવતા જૂની ટેક્નોલોજીમાં રોકાયેલા શ્રમિકો અમુક સમય માટે બેરોજગાર બને છે. જેને યંત્રજન્ય બેરોજગારી કહે છે. |
| આંશિક/અલ્પ/અર્ધ બેરોજગારી | : | વ્યક્તિને તેની ક્ષમતા કરતાં ઓછી કે ઉતરતી કક્ષાની રોજગારી મળે તેવી સ્થિતિ. |
| શિક્ષિત વર્ગની બેરોજગારી | : | જ્યારે ભણેલ ગણેલ અને તાલીમબદ્ધ લોકોને તેની લાયકાત અનુસાર કામ ન મળે ત્યારે તેને શિક્ષિત બેરોજગારી કહેવામાં આવે છે. |

લાંબા ગાળાની બેરોજગારી : જે વ્યક્તિ શ્રમના પૂરવઠામાં સામેલ હોય (એટલે કે કામ કરવાની યોગ્યતા ધરાવતી હોય અને કામની શોધમાં હોય ) તેને જો વર્ષ દરમિયાન 183 દિવસ કરતાં ઓછા દિવસ માટે કામ મળે તો તે વ્યક્તિ લાંબા ગાળાની દષ્ટીએ બેરોજગાર છે તેમ કહેવાય.

## 16.11 નીચેના પ્રશ્નોના ઉત્તર આપી તમારી પ્રગતિ ચકાસો :

(1) બેરોજગારીનો ખ્યાલ વિગતે સમજાવો.

(2) ભારતમાં બેરોજગારીનાં વિવિધ પ્રકારો સમજવો.

(3) બેરોજગારીનું સ્વરૂપ અને આર્થિક વિકાસ અને રોજગારી સાથેના સંબંધની સમજૂતી આપો.

(4) ભારતમાં બેરોજગારીનાં કારણો તપાસો.

(5) ભારતમાં બેરોજગારી દૂર કરવાના ઉપાયો જણાવો.

(6) "ગરીબીનું વિષચક્ર" સમજાવો. આ વિષચક્ર તોડવા માટેના ઉપાયો જણાવો.

(7) ભારતમાં ગરીબી પાછળનાં વિવિધ કારણો તપાસો.

(8) ભારતની ગરીબી દૂર કરવાના ઉપાયો સૂચવો.

(9) ભારતમાં બેરોજગારી નિયમન માટે સરકારી પ્રયત્નોની ઉપયોગીતા અને મર્યાદાઓ જણાવો.

(10) બેરોજગારી એક ગંભીર સમસ્યા છે આ વિશે નિબંધ લખો.

16.11.1 બહુ વૈકલ્પિક પ્રશ્નો :

(1) પ્રચ્છન્ન બેરોજગારીની બાબતમાં નીચેનામાંથી શું સાચું છે ?

(A) તેની સીમાંત ઉત્પાદકતા શૂન્ય હોય છે.

(B) તેઓ ખરેખર કામ કરતાં નથી

(C) તેઓને કૌશલ્યલક્ષી શિક્ષણની જરૂર હોય છે.

(D) આપેલ તમામ

(2) બેરોજગાર કોણ છે ?

(A) એચ્છિક રીતે બેરોજગાર છે તે (B) અનએચ્છિક રીતે બેરોજગાર છે તે

(C) કામ નથી કરતો તે (D) આપેલ તમામ

(3) ભારતમાં બેરોજગારી માટે શ્રમની કેવી અગતિશીલતા જવાબદાર છે ?

(A) ભૌગોલિક ગતિશીલતા (B) વ્યાવસાયિક ગતિશીલતા

(C) (A) અને (B) બંને (D) એક પણ નહીં

(4) બેરોજગારી દૂર કરવાના ઉપાયોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

(A) આર્થિક વિકાસનો દર ઊંચે લઈ જવો

(B) ખેતીનું આધુનિકરણ કરવું

(C) વસ્તીવૃદ્ધિનું નિયંત્રણ કરવું

(D) આપેલ તમામ

16.11.2 કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દની પસંદગી કરી ખાલીજગ્યા પૂરો

(1) આર્થિક વિકાસનું સાધન અને સાધ્ય.................. છે. (માનવ સંસાધન, કુદરતી સંસાધન, આર્થિક વિકાસ)

(2) ........એટલે રોજગારીના અભાવની સ્થિતિ. (બેરોજગારી, ગરીબી, ઓછું ઔદ્યોગિકરણ)

(3) પ્રવર્તમાન દરે કામ કરવા તૈયાર હોય છતાં કામ ન મળતું હોય તેને .....બેકારી કહેવાય. (ફરજિયાત, માળખાગત, એચ્છિક )

(4) તેજી-મંદીની ઘટમાળને કારણે સર્જાતી બેરોજગારીને .....બેરોજગારી કહે છે. (ચક્રીય, ગુપ્ત, મોસમી)

(5) અનએચ્છિક બેરોજગારીનો અભાવ એટલે ......રોજગારી. (પૂર્ણ, અપૂર્ણ, આંશિક)

◆ કેટલુંક ઉપયોગી વાંચન (સંદર્ભસૂચિ)

(1) Puri V .K. Mishra S.K. 2021. Indian Economy (Thirty Ninth Edition), Himalaya Publising House : New Delhi (Chapter 12 pp 151-179).

(2) Dwivedi H.N., Kumar Ranjan. 2017. Indian Economy, Arihant Publication (lndia) limited : New Delhi (Chapter 14 pp 135-144).

(3) Singh Ramesh. 2015. Indian Economy (Seventh Edition), McGraw Hill Education (India) Private Limited : New Delhi (Chapter 05 pp 5.39).

(4) ત્રિવેદી એચ.કે.,.શાહ રમેશ બી.. 2004. વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ : અમદાવાદ (પ્રકરણ 4 pp 75-99).

(5) શાહ રમેશ બી., વૈષ્ણવ મદન મોહન બી. 1986. વિકાસશીલ દેશોના આર્થિક પ્રશ્નો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અમદાવાદ (પ્રકરણ 7 pp 141-168).

(6) શાહ રમેશ બી., શુક્લ રોહિત. 1992. ભારત દર્શન (ભારતીય અર્થતંત્ર), સરદાર પટેલ યુનિવર્સિટી : વલ્લભ વિધાનગર (પ્રકરણ 10 pp 297-305).

◆ **તમારી પ્રગતિ ચકાસોના જવાબો :**

● **બહુ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ**

1) D 2) B 3) C 4) D

(1) માનવ સંસાધન 2) બેરોજગારી 3) ફરજિયાત

4) ચક્રીય 5) પૂર્ણ

⊙ ⊙ ⊙

એકમ 17

# તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ

-: રૂપરેખા :-


17.0 ઉદ્દેશો (Objectives)

17.1 પ્રસ્તાવના

17.2 ટેક્નિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય

17.3 ટેક્નિકલ પ્રગતિના પ્રકારો

17.3.1 સ્વાયત્ત વિરુદ્ધ પ્રેરિત ટેક્નિકલ પ્રગતિ

17.3.2 મૂર્ત વિરુદ્ધ અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ

17.3.3 તટસ્થ વિરુદ્ધ બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ

17.4 પ્રૉ. હિક્સનો તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ અંગેનો ખ્યાલ

17.4.1 તટસ્થ ટેક્નિકલ પ્રગતિ

17.4.1.1 તટસ્થ ટેક્નિકલ પ્રગતિની આકૃતિ દ્વારા સમજૂતી

17.4.2 બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ

17.4.2.1 શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ

17.4.2.2 મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ

17.5 પ્રૉ. હિક્સના તટસ્થતાના ખ્યાલની ટીકાઓ/મર્યાદાઓ

17.6 સારાંશ

17.7 ચાવીરૂપ શબ્દો

17.8 સંદર્ભ પુસ્તકો

17.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ


## 17.0 ઉદ્દેશો (Objectives)

વિદ્યાર્થી મિત્રો, પ્રસ્તુત એકમના અભ્યાસ પછી તમે

- ટેક્નિકલ પ્રગતિ કોને કહેવામાં આવે છે તે જાણી શકશો.
- ટેક્નિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય વચ્ચે કયા પ્રકારના સંબંધો રહેલા છે તે સમજી શકશો.
- ટેક્નિકલ પ્રગતિના વિવિધ પ્રકારો અંગે વિગતે સમજણ મેળવી શકશો..
- પ્રૉ. હિક્સે રજૂ કરેલ તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ અંગેનો ખ્યાલ સમજી શકશો.
- ટેક્નિકલ પ્રગતિની મર્યાદાઓ અંગેની સમજણ મેળવી શકશો.

## 17.1 પ્રસ્તાવના :

વર્તમાન સમયમાં અર્થશાસ્ત્રીઓનો રસ આર્થિકવૃદ્ધિમાં સતત વધતો જોવા મળ્યો છે. જેના પરિણામ સ્વરૂપે આર્થિક વિશ્લેષણનું વિસ્તરણ થવા પામ્યું છે. ટેક્નિકલ પરિવર્તનોના પરિણામે આર્થિકવૃદ્ધિના વિશ્લેષણમાં ટેક્નિકલ પ્રગતિનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આથી આર્થિકવૃદ્ધિમાં ટેક્નિકલ પ્રગતિને અર્થશાસ્ત્રના અભ્યાસમાં મહત્ત્વનું સ્થાન પ્રદાન કરવામાં આવ્યું છે. ઘણા સમય પહેલા ટેક્નિકલ પ્રગતિની કોઈ જ પ્રકારની નોંધ લેવામાં આવતી નહોતી. પરંતુ, તાજેતરના વર્ષોમાં તેની અગત્યતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એટલુંજ નહીં પરંતુ વિવિધ અર્થશાસ્ત્રીઓએ ટેક્નિકલ પ્રગતિની ઘટનાના જુદા જુદા પાસાઓ અને કેટલાક આર્થિક પરિબળો વચ્ચેના સંબંધને તપાસવા અત્યાર સુધીમાં સારી એવી વિભાવનાઓ અને વિશ્લેષણના સાધનોના એક વ્યાપક સમૂહને વિકસાવ્યો છે.

તાજેતરના સમયમાં પ્રૉ.કાલ્ડોર, પ્રૉ.સોલો, પ્રૉ. કેન્દ્રિક વગેરે અર્થશાસ્ત્રીઓએ અર્થતંત્રની વૃદ્ધિમાં ટેક્નોલોજીકલ પરિવર્તનોની ભૂમિકા પર વિશેષ ભાર મુક્યો છે અને તેના આધારે પ્રૉ.હિક્સ તથા પ્રૉ.હેરોડ જેવા અર્થશાસ્ત્રીઓએ વૃદ્ધિના મોડેલ રજુ કર્યા છે. સામાન્યરીતે ટેક્નિકલ પ્રગતિએ ઉત્પાદનની નવી પદ્ધતિઓની શોધ, નવી પેદાશોનો વિકાસ અને નવી પદ્ધતિઓનો નિર્દેશ કરે છે. ટેક્નિકલ પરિવર્તનના પરિણામે ઉત્પાદન વિધેયમાં પરિવર્તન આવે છે. આથી ટેક્નિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય એકબીજાના પર્યાય કહી શકાય છે. ટેક્નિકલ પરિવર્તનના પરિણામે શ્રમ અને મૂડીની ઉત્પાદક્તામાં વધારો થાય છે. જેથી સમ-ઉત્પાદન રેખાનાં સ્થાન અને ઢાળમાં પરિવર્તન જોવા મળે છે. જે દર્શાવે છે કે અગાઉ જેટલાં જ ઉપકરણોથી અથવા તેના કરતાં ઓછાં ઉપકરણોથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.

## 17.2 ટેક્નિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય (Technical Changes and Production Function):

વિદ્યાર્થી મિત્રો, તો ચાલો હવે આપણે ટેક્નિકલ પ્રગતિ કોને કહેવાય તે અંગે વિગતે માહિતી મેળવીએ. અગાઉ આપણે જે ચર્ચા કરી તે મુજબ કહી શકાય કે ટેક્નિકલ પ્રગતિ (ટેક્નિકલ પરિવર્તન) અને ઉત્પાદન વિધેય વચ્ચે સીધો સંબંધ છે. ટેક્નિકલ પ્રગતિથી ઉત્પાદન વિધેય બદલી શકાય છે અને ઉત્પાદનની ઊંચી સપાટી મેળવી શકાય છે. ટેક્નિકલ પ્રગતિના પરિણામે ઉત્પાદનના સાધનોના સંયોજન દ્વારા અગાઉ કરતાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે. ટેક્નિકલ પ્રગતિની સરળ વ્યાખ્યા આ મુજબ આપી શકાય. "જો સમય જતા આપેલા ઉત્પાદનના સાધનોના સંયોજનથી વધારે ઉત્પાદન મેળવી શકાય તો તે સમય દરમ્યાન ટેક્નિકલ પ્રગતિ થઇ છે" તેમ કહી શકાય. ટૂંકમાં, ટેક્નિકલ પ્રગતિ અન્વયે સમય જતાં ઉત્પાદનનાં બધા સાધનોની ઉત્પાદક્તા એકસાથે વધે છે. આમ, ટેક્નિકલ પ્રગતિએ સમય જતાં ઉત્પાદન વિધેયમાં થતા પરિવર્તનોનો નિર્દેશ કરે છે.

મિત્રો, તો ચાલો હવે આપણે ટેક્નિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય વચ્ચેનો સંબંધ એક દ્દષ્ટાંત દ્વારા સમજીએ. ધારોકે, ઉત્પાદનના બે સાધનો મૂડી(K) અને શ્રમ(L) છે. આ બંને સાધનોના જુદા જુદા સંયોજનથી ઉત્પાદન (Y) મેળવી શકાય છે. પરિણામે ઉત્પાદન વિધેય $Y=F(K.L)$ અસ્તિત્વમાં આવે છે. મૂડી(K) અને શ્રમ(L) વચ્ચેના સંબંધનો આધાર જે તે સમયે ઉપલબ્ધ ટેક્નિકલ પ્રગતિ પર રહેલો છે. ટેક્નિકલ પ્રગતિના પરિણામે આ સંબંધમાં પરિવર્તન આવે છે. ઉદાહરણ તરીકે જો સમય $t = o$ હોય ત્યારે ઉત્પાદન $Y_O$, મૂડી $K_O$ અને શ્રમ $L_O$

દ્વારા મેળવી શકાય છે. હવે, સમય જતાં એટલે કે જ્યારે સમય t = 1 હોય ત્યારે ઉત્પાદનના સાધનોનાં એના એજ સંયોજનો દ્વારા એટલે કે મૂડી $K_O$ અને શ્રમ $L_O$ દ્વારા ઉત્પાદન $Y_1$ મેળવી શકાય તો સમય t = O અને t = 1 દરમ્યાન ટેક્નિકલ પ્રગતિ થઈ હોવાની જરૂરી શરત એ છે કે $Y_1 > Y_0$ અને પૂરતી શરત એ છે કે આ જ પ્રકારની અસમાનતા મૂડી-શ્રમના તમામ શક્ય સંયોજનો માટે મેળવી શકાય. બીજી રીતે કહી શકાય કે, જો $Y_t$=F(K,L) એ 1 સમયનું ઉત્પાદન વિધેય દર્શાવે તો ટેક્નિકલ પ્રગતિની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય:

ધારોકે, મૂડી $K_i$ અને શ્રમ $L_j$ હોય, તો $Y_{t,i}$ = F ($K_i$, $L_j$) t સમયે અને $Y_{t+1,i}$ = F ($K_i$, $L_j$) t + 1 સમયે મૂડી તથા શ્રમનો નિશ્ચિત જથ્થો દર્શાવે છે.

જો i ની તમામ કિમતો માટે, $Y_{t+1,i} > Y_{t,i}$ હોય તો સમય t અને t + 1 દરમ્યાન ટેક્નિકલ પ્રગતિ થઈ છે તેમ કહી શકાય. જો આ પ્રકારની અસમાનતા t ની તમામ અથવા આપેલ ક્ષેત્રની બધી કિંમતો માટે મળે તો કહી શકાય કે અર્થતંત્રમાં સુધરેલી ટેક્નોલોજીનો પ્રવાહ સતત ચાલતો હતો. આ વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટપણે કહી શકાય કે ઉપલબ્ધ ટેક્નોલોજીમાં સુધારો સૂચવતી ટેક્નિકલ પ્રગતિના પરિણામે ઉત્પાદન વિધેય ઉપર તરફ સ્થળાંતર કરે છે.

સમયના ફેરફારના સાપેક્ષ સ્વરૂપે જોતાં ઉત્પાદનનાં સાધનોનાં જથ્થા દ્વારા મળતાં ઉત્પાદનમાં થતા ફેરફારના પ્રમાણસર દરને ટેક્નિકલ પ્રગતિના દર તરીકે ઓળખવામાં અવે છે. જો ટેક્નિકલ પ્રગતિનો દર એકમાત્ર t જ હોય તો કહી શકાય કે ઉત્પાદનમાં થતા ફેરફારનો પ્રમાણસર દર ઉત્પાદનનાં સાધનોનાં બધાં શક્ય સંયોજનો માટે એકસરખો જ હશે. એટલે કે ઉત્પાદનનાં સધોનોનાં પ્રત્યેક સંયોજન માટે ઉત્પાદન એકસરખા પ્રમાણમાં જ વધશે. સંજ્ઞા માં કહી શકાય કે, જો $\frac{Y_{t+1,i} - Y_{ri}}{Y_{r,i}} = r_i$ હોય તો $r_1 = r_2 = r_3 = r_n$ એટલે કે $r_i$ ની તમામ કિંમતો એકસરખી હોવી જોઈએ અને i ને સાપેક્ષ $r_i$ અચલ હોવો જોઈએ. અહીં i ઉત્પાદનનાં સાધનોનાં આપેલ સંયોજનો દર્શાવે છે. પ્રવર્તમાન ટેક્નિકલ દરે ચોક્કસ ઉત્પાદન વિધેય નક્કી થાય છે. જ્યારે ઉત્પાદનનાં સાધનોમાં એકસરખો ટકાવારી ફેરફાર થાય ત્યારે તેના પરિણામે ઉત્પાદનમાં જે ટકાવારી ફેરફાર થાય તેને આધારે કદ વિકાસના મળતરના નિયમો મેળવી શકાય. જો કદ વિકાસનો સ્થિર મળતરનો નિયમ ધ્યાનમાં લેવામાં આવે તો વિશ્લેષણ ખૂબ જ સરળ બની જાય છે.

## 17.3 ટેક્નિકલ પ્રગતિના પ્રકારો (Types of Technical Changes) :

દોસ્તો, આપણે ટેક્નિકલ પ્રગતિ, ઉત્પાદન વિધેય તથા ટેક્નિકલ પ્રગતિના દર અંગેની સમજણ મેળવી તો ચાલો હવે આપણે ટેક્નિકલ પ્રગતિના વિવિધ પ્રકારો અંગેની સમજણ મેળવીએ. સામાન્ય રીતે ટેક્નિકલ પ્રગતિને વિવિધ વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જે પૈકીના મુખ્ય ત્રણ વિભાગ નીચે મુજબ છે.

### 17.3.1 સ્વાયત્ત વિરુદ્ધ પ્રેરિત ટેક્નિકલ પ્રગતિ :

પ્રૉ. હિક્સ દ્વારા સૌ પ્રથમ આ પ્રકારનું વર્ગીકરણ રજૂ કરવામાં આવ્યું હતું. આ વર્ગીકરણ અંતર્ગત શોધખોળોના પ્રવાહ અને ઉત્પાદનનાં સાધનોનાં ભાવમાં થતા ફેરફારો વચ્ચેના કાર્યકારણનાં સંબંધ તપાસવામાં આવે છે. પ્રૉ. હિક્સે શોધખોળોને મુખ્યત્વે બે વિભાગમાં વિભાજીત કરી છે. (1) પ્રેરિત

શોધખોળો અને (2) સ્વાયત્ત શોધખોળો. જે મુજબ જો શોધખોળો ઉત્પાદનના સાધનોના સાપેક્ષ ભાવોમાં થતા ફેરફારમાંથી પરિણમે છે તો તેને પ્રેરિત શોધખોળો કહેવામાં આવે છે અને બાકીની શોધખોળો સ્વતંત્ર રીતે થયેલી હોવાથી તેને સ્વાયત્ત શોધખોળો કહેવામાં આવે છે.

17.3.2 મૂર્ત વિરુદ્ધ અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ :

આ પ્રકારનું વર્ગીકરણ એ સાંપ્રત સાહિત્યમાં અગાઉના વર્ગીકરણ (17.3.1) કરતાં વધુ પ્રમાણમાં ચર્ચાનું વર્ગીકરણ છે. આ તફાવતનો આધાર ટેક્નિકલ પ્રગતિ ઉપલબ્ધ તમામ સાધન સામગ્રીને લાગુ પડે છે કે તેના એકાદ ભાગને જ લાગુ પડે છે તેના ઉપર રહેલો છે. જે ટેક્નિકલ પ્રગતિ વર્તમાનમાં ઉપયોગમાં લેવાતી તમામ સાધનસામગ્રી (ખાસ કરીને મૂડી) ને, તેની ખરીદ તારીખ લક્ષમાં લીધા વિના, એકધારી અને એકસરખા પ્રમાણમાં લાગુ પડે તેને અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ કહેવામાં આવે છે. આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિને સ્વર્ગમાંથી પડતા અમીઝરણાની સાથે સરખાવી શકાય. આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિને બાહ્ય નિર્ણિત ટેક્નિકલ પ્રગતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણકે તે ઉત્પાદનના સાધનોમાં થતી વૃદ્ધિ કે તેના માળખામાં થતા ફેરફારોથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર હોય છે.

મૂર્ત ટેક્નિકલ પ્રગતિનો ખ્યાલ એ માત્ર તાજેતરમાં જ ઉત્પન્ન થયેલી અને સ્થપાયેલી સાધનસામગ્રીને લાગુ પડતી ટેક્નિકલ પ્રગતિ સાથે સંકળાયેલો છે. યંત્રોની રચના વખતે જે ટેકનોલોજી પ્રાપ્ય હોય છે તેને જ યંત્રોમાં સમાવિષ્ટ કરી લેવામાં આવતી હોવાથી ટેક્નિકલ પ્રગતિ સામાન્યતઃ નવા યંત્રોમાં વિદ્યમાન થતી જોવા મળે છે. આમ, મૂર્ત ટેક્નિકલ પ્રગતિના ખ્યાલમાં ઉત્પાદનના સાધનોની વૃદ્ધિ - ખાસ કરીને મૂડી સંચયને ટેક્નિકલ પ્રગતિના વાહક તરીકે ગણવામાં આવે છે. આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિ સમયના આગલા ગાળા દરમ્યાન બનાવાયેલા યંત્રોની સરખામણીમાં સમયના વર્તમાન ગાળા દરમ્યાન બનાવાયેલા યંત્રોની ઉત્પાદક્તા વધારે છે.

17.3.3 તટસ્થ વિરુદ્ધ બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ :

ઉત્પાદનના જુદાં જુદાં સાધનો વચ્ચે પ્રવર્તતી સમતુલા ઉપર ટેક્નિકલ પ્રગતીની અસરના આધારે તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ વચ્ચેનો તફાવત સમજાવવામાં આવે છે. જો ટેક્નિકલ પ્રગતિ ઉત્પાદનનાં સાધનો (ખાસ કરીને મૂડી અને શ્રમ) વચ્ચે પ્રવર્તમાન સમતુલામાં સમય જતાં કોઈ અસર ન પહોંચાડે તો તેને તટસ્થ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે. આમ, ઉત્પાદનના સાધનો વચ્ચે પ્રવર્તતી સમતુલાનો ખ્યાલ ટેક્નિકલ પ્રગતિના આ પ્રકારના વર્ગીકરણના પાયામાં રહેલો છે. વાસ્તવમાં તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિના સમગ્ર વર્ગીકરણનો આધાર સમતુલા નક્કી કરવા માટે કયો માપદંડ વપરાય છે તેની ઉપર રહેલો છે. ઉત્પાદનનાં સાધનો વચ્ચેની સમતુલા નક્કી કરવા માટે વિવિધ માપદંડને ધ્યાને લઈને તે માપદંડના આધારે ટેક્નિકલ પ્રગતિની વિવિધ વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે. તટસ્થ ટેક્નિકલ પ્રગતિની મુખ્યત્વે બે વ્યાખ્યાઓ વૃદ્ધિના સિદ્ધાંત વિશેના સાહિત્યમાં વધુ પ્રચલિત બની છે. જે પ્રૉ. જે. આર. હિક્સ (ઈ.સ. 1932) અને પ્રૉ. આર.એફ.હેરોડ (ઈ.સ.

1948) દ્વારા રજૂ કરવામાં આવેલ.

અત્રે એ નોંધવું અનિવાર્ય છે કે ટેક્નિકલ પ્રગતિની તટસ્થતા વિશે વિચાર કરતી વખતે સામાન્યતઃ સ્વાયત્ત અમૂર્ત પ્રકારની ટેક્નિકલ પ્રગતિ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વળી, તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિના ખ્યાલોને વૃદ્ધિની એકધારી પરિસ્થિતિના વિશ્લેષણ સાથે સીધો સંબંધ છે. આથી હવેના વિશ્લેષણમાં સ્વાયત્ત અમૂર્ત પ્રકારની ટેક્નિકલ પ્રગતિની તટસ્થતા કે બિનતટસ્થતા અંગે વિચાર કરવામાં આવ્યો છે.

- તમારી પ્રગતિ ચકાસો - (ક)

1. અર્થતંત્રની વૃદ્ધિમાં ટેકનોલોજીકલ પરિવર્તનોની ભૂમિકાના મહત્ત્વને કયા અર્થશાસ્ત્રીઓએ સ્વીકાર કર્યો ?

   ...............................................................

2. ટેકનોલોજીકલ પરિવર્તનોના આધારે આર્થિક વૃદ્ધિના મોડેલ રજૂ કરનાર અર્થશાસ્ત્રીઓના નામ જણાવો.

   ...............................................................

3. ટેક્નિકલ પ્રગતિ એટલે શું ?

   ...............................................................

4. ટેક્નિકલ પરિવર્તનની શ્રમ અને મૂડી ઉપર શું અસર થાય છે ?

   ...............................................................

5. ટેક્નિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય વચ્ચે કયા પ્રકારનો સંબંધ જોવા મળે છે ?

   ...............................................................

6. ટેક્નિકલ પ્રગતનો દર એટલે શું ?

   ...............................................................

7. ટેક્નિકલ પ્રગતિના પ્રકારો જણાવો.

   ...............................................................

8. સ્વાયત્ત અને પ્રેરિત શોધખોળ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

   ...............................................................

9. અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ એટલે શું ?

   ...............................................................

10. મૂર્ત ટેક્નિકલ પ્રગતિ એટલે શું ?

    ...............................................................

11. તટસ્થ અને બિન તટસ્થ ટેક્નિકલ પ્રગતિ વચ્ચેનો તફાવત સમજાવો.

    ...............................................................

- નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે લખો.

1. ટેક્નિકલ પરિવર્તન એટલે ઉત્પાદનની નવી પદ્ધતિઓની શોધ.
2. ટેક્નિકલ પ્રગતિના પરિણામે ઉત્પાદન વિધેય સ્થિર રહે છે.
3. ટેક્નિકલ પરિવર્તનની અસર સમ-ઉત્પાદન રેખાના સ્થાન અને ઢાળ પર જોવા મળે છે.
4. ટેક્નિકલ પ્રગતિથી ઉત્પાદનનાં સાધનોનાં સંયોજન દ્વારા અગાઉ કરતાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે.
5. જો i ની તમામ કિંમતો માટે $Y_{t+1,i} > Y_{t,i}$ હોય તો સમય t અને t+1 દરમ્યાન ટેક્નિકલ પ્રગતિ થઈ છે તેમ કહી શકાય નહીં.
6. જો $\frac{Y_{t+1,i} - Y_{ri}}{Y_{r,i}} = r_i$ હોય, તો $r_1 \neq r_2 \neq r_3 \neq r_n$.
7. મૂર્ત વિરુદ્ધ અમૂર્ત ટેક્નિકલ પ્રગતિએ શોધખોળોના પ્રવાહ તથા ઉત્પાદનના સાધનોના ભાવોમાં થતા ફેરફારો વચ્ચેના સંબંધનો અભ્યાસ કરે છે.
8. અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ એ બાહ્ય નિર્ણિત ટેક્નિકલ પ્રગતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ખાલી જગ્યા પૂરો.

1. ટેક્નિકલ પ્રગતિથી ઉત્પાદનની ................ સપાટી મેળવી શકાય છે.
2. ટેક્નિકલ પ્રગતિ અન્વયે સમય જતાં ઉત્પાદનના બધા સાધનોની ............ એકસાથે વધે છે.
3. ટેક્નિકલ પ્રગતિ થઈ હોવાની જરૂરી શરત ઉત્પાદન ................ છે.
4. ટેક્નિકલ પ્રગતિના મુખ્યત્વે .............. પ્રકારો પાડવામાં આવ્યા છે.
5. સ્વાયત્ત વિરુદ્ધ પ્રેરિત ટેક્નિકલ પ્રગતિની રજૂઆત ............ દ્વારા કરવામાં આવી.
6. .............. એ સાંપ્રત સાહિત્યમાં સૌથી વધુ ચર્ચાતું વર્ગીકરણ છે.
7. ............. અને .............. દ્વારા તટસ્થ ટેક્નિકલ પ્રગતિની વ્યાખ્યા રજૂ કરવા માં આવી.

## 17.4 હિક્સનો તટસ્થ અને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ અંગેનો ખ્યાલ (Neutral and Nonneutral Technical Changes) :

પ્રૉ. હિક્સનો મુખ્ય હેતુ આવકની વહેંચણી ઉપર ટેક્નિકલ પ્રગતિની થતી અસરો તપાસવાનો હતો. તેમના મતે કદ-વિકાસના સ્થિર મળતરના નિયમ મુજબ આવકની વહેંચણી એટલે કે ઉત્પાદનના સ્થાનોના કુલ ઉત્પાદનમાં સાપેક્ષ હિસ્સોનું પ્રમાણ ઉત્પાદનના કદ ઉપર આધારિત ન રહેતા આપેલ ટેકનોલોજીમાં ઉત્પાદનના સાધનોના સાપેક્ષ મૂલ્ય અને તેમના સંયોજનો વચ્ચેના સંબંધ ઉપર આધારિત હોય છે. પ્રૉ. હિક્સે ઉત્પાદનનાં સાધનો વચ્ચે અવેજીની


સાપેક્ષતાની વિભાવના ઘડી આ સંબંધનું વિશ્લેષણ કર્યું છે. જેના પરિણામે એક એવું સૈદ્ધાંતિક માળખું તૈયાર થયું છે કે જેમાં આવકની વહેંચણી ઉપર બદલાતી ટેકનોલોજીની શુદ્ધ અસર, ઉત્પાદનનાં સાધનોનાં બદલાતા સંયોજનની શુદ્ધ અસરથી અલગ તારવી શકાય. આથી હિક્સ તટસ્થ પ્રગતિનો ખ્યાલ ઉત્પાદનનાં સાધનોનાં આપેલા સંયોજન એટલેકે મૂડી-શ્રમ ગુણોત્તરની આપેલ કિંમતના સંદર્ભમાં રજૂ કરે છે.

### 17.4.1 તટસ્થ ટેક્નિકલ પ્રગતિ (Neutral Technical Change) :

પ્રૉ. હિક્સના મત મુજબ તટસ્થ ટેક્નિકલ પ્રગતિ એટલે એવી પ્રગતિ કે જે ઉત્પાદનનાં સાધનોની સીમાન્ત ઉત્પાદકતામાં એકસરખા પ્રમાણમાં વધારો કરે. બીજી રીતે કહીએ તો તટસ્થ ટેક્નિકલ પ્રગતિ એટલે એવી પ્રગતિ કે જેના લીધે આપેલા દરેક મૂડી-શ્રમ ગુણોત્તરની સ્થિર કિંમતને બે જુદા ઉત્પાદન વિધેયો એટલે કે ટેક્નિકલ પ્રગતિ પહેલાની અને પછીની પરિસ્થિતિ બતાવે છે તેની ઉપરના બિંદુઓની સરખામણી કરવા માટે માપદંડ તરીકે ઉપયોગમાં લે છે. તેમજ શ્રમ અને મૂડી વચ્ચેની સીમાન્તની અવેજીના દરની (MRS) સ્થિરતાની શરત તટસ્થ ટેક્નિકલ પ્રગતિની વ્યાખ્યા રજૂ કરવા માટે દર્શાવે છે. આથી, સ્પષ્ટપણે કહી શકાય કે, મૂડી-શ્રમના આપેલ ગુણોત્તરે સીમાન્ત અવેજીના દરની સ્થિરતા એટલે તટસ્થ ટેક્નિકલ પ્રગતિ મૂડી અને શ્રમ એ બંનેની સીમાન્ત ઉત્પાદક્તામાં સપ્રમાણ વધારો કરે છે. જો ટેક્નિકલ પ્રગતિ બિનતટસ્થ હોય તો તેના લીધે મૂડી અને શ્રમની સીમાન્ત ઉત્પાદક્તામાં થતો સાપેક્ષ વધારો જુદા પ્રમાણમાં હોય છે.

#### 17.4.1.1 તટસ્થ ટેક્નિકલ પ્રગતિની આકૃતિ દ્વારા સમજૂતી :

ચાલો મિત્રો, હવે આપણે પ્રૉ. હિક્સે રજૂ કરેલ તટસ્થ ટેક્નિકલ પ્રગતિના ખ્યાલને આકૃતિ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.




માથાદીઠ મૂડીનું પ્રમાણ
(મૂડી - શ્રમ ગુણોત્તર)

ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX ધરી પર મૂડી-શ્રમ ગુણોત્તર

અથવા માથાદીઠ મૂડીનું પ્રમાણ તથા OY ધરી પર માથાદીઠ ઉત્પાદન દર્શાવેલ છે. OP એ ટેક્નિકલ પરિવર્તન પહેલાનું તથા $OP_1$ એ ટેક્નિકલ પરિવર્તન પછીનું ઉત્પાદન વિધેય છે. વેતન અથવા શ્રમની સીમાન્ત પેદાશ OW છે, જ્યારે WE રેખાનો ઢાળ એ મૂડીની સીમાન્ત પેદાશ છે. હવે, જો આપણે મૂડીની સીમાન્ત પેદાશ E સંજ્ઞા દ્વારા રજૂ કરીએ તો $r = \frac{OW}{OR}$ થશે. કારણકે WR નો ઢાળ એ મૂડીની સીમાન્ત પેદાશ દર્શાવે છે. તેથી $OR = \frac{OW}{r}$ થાય. આમ, OR એ શ્રમની સીમાન્ત પેદાશ (OW) અને મૂડીની સીમાન્ત પેદાશ (r) વચ્ચેના ગુણોત્તરને દર્શાવે છે.

પ્રૉ. હિક્સના તટસ્થ ટેક્નિકલ પ્રગતિના ખ્યાલમાં સ્વીકારી લેવામાં આવે છે કે શ્રમની સીમાન્ત પેદાશ અને મૂડીની સીમાન્ત પેદાશ વચ્ચેનો ગુણોત્તર OR એ OX ધરી પરની ઊભી રેખા $ME_1$ ના પ્રત્યેક બિંદુએ એકસરખો રહે છે. દાખલા તરીકે, જો ટેક્નિકલ પ્રગતિના લીધે મૂળ ઉત્પાદન વિધેય OP એ ઉપરની તરફ ખસીને $OP_1$ બને તો, પ્રૉ. હિક્સના મતાનુસાર $E_1$ સ્પર્શ બિંદુ પણ R માંથી જ પસાર થવું જોઈએ. કારણ કે જો આવું થાય તોજ આ પરિસ્થિતિમાં શ્રમની સીમાન્ત પેદાશનો ગુણોત્તર $OW_1$ અને મૂડીની સીમાન્ત પેદાશનો ગુણોત્તર $r_1$ એકસરખા થશે. જેવી રીતે કે અગાઉ શ્રમની સીમાન્ત પેદાશનો ગુણોત્તર OW અને મૂડીની સીમાન્ત પેદાશના ગુણોત્તર $r$ સરખા હતા. આથી, જો $E_1$, સ્પર્શબિંદુ R માંથી પસાર થાય તો જ નીચેનું સમીકરણ યથાર્થ બનેઃ

$$\frac{OW_1}{r_1} = \frac{OW}{r}$$

આમ, OP અને $OP_1$ ઉત્પાદન વિધેયો પરથી આપણે પ્રૉ. હિક્સે રજૂ કરેલ તટસ્થ ટેક્નિકલ પ્રગતિનો ખ્યાલ ઊભી રેખા $ME_1$ પરથી મેળવી શકીએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો, શ્રમ અને સીમાન્ત પેદાશ વચ્ચેનો ગુણોત્તર ઊભી રેખા $ME_1$ પર આવેલ E અને $E_1$ બિંદુઓ પર સરખો થાય છે. આમ, પ્રૉ. હિક્સે રજૂ કરેલ ટેક્નિકલ પ્રગતિના પરિણામે માથાદીઠ ઉત્પાદનમાં $EE_1$ જેટલો વધારો થાય છે, પરંતુ મૂડી-શ્રમ ગુણોત્તર OM સપાટીએ સ્થિર રહે છે.

પ્રૉ. હિક્સનો આ તટસ્થ ટેક્નિકલ પ્રગતિનો ખ્યાલ જે સમગ્ર ઉત્પાદન વિધેયના સ્થાનફેરમાં પરિણમે છે તે ગાણિતિક સ્વરૂપમાં સમીકરણ દ્વારા પણ રજૂ કરી શકાય. ઉત્પાદન વિધેયનું સામાન્ય સ્વરૂપ નીચે મુજબનું હોય છેઃ

$Q = f(K,L,t)$

અહીં, Q = કુલ ઉત્પાદન; K = મૂડી સાધનો, L = શ્રમ, t = સમય.

હવે, જ્યારે ટેક્નિકલ પ્રગતિ તટસ્થ હોય છે, ત્યારે ઉત્પાદન વિધેયનું સ્વરૂપ નીચે મુજબનું હોય છે.

$Q = A(t)\, f(K.L)$

અહીં, A(t) ટેક્નિકલ પ્રગતિનો આંક છે જે અમુક સમયગાળામાં ઉત્પાદન વિધેયમાં થયેલા ફેરફારોની સંચિત અસર માપે છે અને તે t માં થયેલા વધારાનું વિધેય છે. એટલુજ નહીં, પરંતુ તે એમ પણ સૂચવે છે કે એનાં એજ મૂડી-શ્રમ ગુણોત્તર પર આવકની વહેંચણીમાં કોઈ ફેરફાર થતો નથી.

ટૂંકમાં, જ્યારે ટેક્નિકલ પ્રગતિ શ્રમ-બચાવનાર કે મૂડી-બચાવનારી ના હોય ત્યારે તેને તટસ્થ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે. તટસ્થ ટેક્નિકલ પ્રગતિની ઉપરોક્ત સમજૂતી પરથી આપણે મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ અને શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિનો અર્થ સરળતાથી રજૂ કરી શકીએ છીએ જે આ મુજબ છે:

મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ (Capital-Saving Technical Change)

જે ટેક્નિકલ પ્રગતિ અન્વયે મૂડીની સીમાન્ત ઉત્પાદક્તાની તુલનામાં શ્રમની સીમાન્ત ઉત્પાદક્તામાં વધારો કરી અગાઉ જેટલા જ ઉત્પાદનનું સ્તર શ્રમ કરતાં ઓછી મૂડી દ્વારા પ્રાપ્ત કરી શકાય તેને મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.

શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ (Labour-Saving Technical Change)

જે ટેક્નિકલ પ્રગતિ અંતર્ગત શ્રમની સીમાન્ત ઉત્પાદક્તાની તુલનામાં મૂડીની સીમાન્ત ઉત્પાદક્તામાં વધારો કરી અગાઉ જેટલા જ ઉત્પાદનનું સ્તર મૂડી કરતાં ઓછા શ્રમ દ્વારા પ્રાપ્ત કરી શકાય તો તેને શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.

આમ, ઉપરોક્ત તમામ ચર્ચાના અંતે એમ કહી શકાય કે, જો ટેક્નિકલ પ્રગતિ શ્રમ-બચાવવાવાળી હશે તો પેઢી મૂડી કરતાં શ્રમના ઓછા એકમોનો ઉપયોગ કરશે અને જો તે મૂડી-બચાવવાવાળી હશે તો શ્રમ કરતાં મૂડીના ઓછા એકમો ઉત્પાદન પ્રવૃત્તિમાં રોકશે. આમ, ટેક્નિકલ પ્રગતિના પરિણામે ઉત્પાદનના સાધનોના પ્રમાણમાં સાપેક્ષ અને નિરપેક્ષ રીતે કેટલો ફેરફાર થશે તેનો આધાર અર્થતંત્રમાં મૂડી અને શ્રમની અવેજીની સ્થિતિસ્થાપક્તા (elasticity of substitution between capital and labour) અને વિવિધ ઉદ્યોગોની પેદાશોની માંગની મૂલ્યસાપેક્ષતા (elasticity of demand) પર રહેલો છે.


### 17.4.2 બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ (પરિવર્તન) (Non-neutral Technical Change) :

મિત્રો, આપણે પ્રૉ. હિક્સે રજૂ કરેલ તટસ્થ ટેક્નિકલ પરિવર્તનની સમજૂતી મેળવી, તો ચાલો, હવે તેના આધારે આપણે બિનતટસ્થ ટેક્નિકલ પરિવર્તનનો અભ્યાસ કરીએ. બિનતટસ્થ ટેક્નિકલ પરિવર્તનને શ્રીમતી જોન રોબિન્સન ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખાવે છે. બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિને મુખ્યત્વે

બે વિભાગમાં વિભાજીત કરવામાં આવે છે. (1) શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ અને (2) મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ. તો ચાલો હવે આપણે તેની વિગતે સમજૂતી મેળવીએ.

17.4.2.1 શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ (Labour-Saving Technical Change) :

અગાઉ આપણે જોયું તેમ, સ્થિર મૂડી-શ્રમ ગુણોત્તરે શ્રમની તુલનામાં મૂડીની સીમાન્ત પેદાશમાં વધારો કરતાં અથવા વૃદ્ધિ કરતાં ટેક્નિકલ પરિવર્તનને શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ કહેવામાં આવે છે. આવી ટેક્નિકલ પ્રગતિનો અર્થ એ થાય છે કે અગાઉ જેટલું જ ઉત્પાદન મૂડી કરતાં ઓછા શ્રમના એકમો દ્વારા મેળવી શકાય છે જે નીચેની આકૃતિમાં રજૂ કરવામાં આવેલ છે.





ઉપરોક્ત આકૃતિમાં OX રેખા પર મૂડી તથા OY રેખા પર શ્રમના એકમો દર્શાવેલ છે. ટેક્નિકલ પ્રગતિ પહેલાની મૂળ સમ-ઉત્પાદન રેખા Iq તથા ટેક્નિકલ પ્રગતિ પછીની સમ- ઉત્પાદન રેખા $Iq_1$ છે. જે દર્શાવે છે કે ટેક્નિકલ પ્રગતિ બાદ મૂળ સમ-ઉત્પાદન રેખા Iq ડાબી બાજુ નીચે તરફ ખસે છે અને નવી સમ-ઉત્પાદન રેખા $Iq_1$ અસ્તિત્વમાં આવે છે. $Iq_1$ સમ- ઉત્પાદન રેખાના B બિંદુએ આપેલ મૂડી-શ્રમ ગુણોત્તરે મૂળ સમ-ઉત્પાદન રેખા $Iq_1$ ના A બિંદુ કરતાં મૂડીની તુલનામાં શ્રમના ઓછા એકમો દર્શાવે છે. આમ, આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિ સાપેક્ષ રીતે શ્રમ-બચાવનારી છે. જો શ્રમના પ્રમાણમાં નિરપેક્ષ રીતે ઘટાડો કરવામાં આવે અને મૂડીના પ્રમાણમાં વધારો કરવામાં આવે તો આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિ નિરપેક્ષ રીતે શ્રમ- બચાવનારી હોય છે.

17.4.2.2 મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ (Capital-Saving Technical Change) :

વિદ્યાર્થી મિત્રો, મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ અંતર્ગત સ્થિર મૂડી-શ્રમ ગુણોત્તરે મૂડીની તુલનામાં શ્રમની સીમાન્તની પેદાશમાં વધારો થાય છે. પરિણામે અગાઉ જેટલું જ ઉત્પાદન મેળવવા માટે શ્રમની તુલનામાં મૂડીના ઓછા એકમોનો

ઉપયોગ થાય છે. આ બાબત નીચેની આકૃતિ દ્વારા સમજાવવામાં આવી છે.




ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા મુજબ OX રેખા પર મૂડી તથા OY રેખા પર શ્રમના એકમો દર્શાવેલ છે. $Iq_1$ સમ-ઉત્પાદન રેખાના B બિંદુએ Iq સમ-ઉત્પાદન રેખાના A બિંદુ કરતાં શ્રમની તુલનામાં મૂડીના ઓછા એકમો દ્વારા અગાઉ જેટલું જ ઉત્પાદન મેળવી શકાય છે. આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિ સાપેક્ષ રીતે જોતાં મૂડી-બચાવ હોય છે.

અહીં, નોંધનીય બાબત એ છે કે ટેક્નિકલ પ્રગતિના પરિણામે મૂડી અને શ્રમના એકમોના સાપેક્ષ અને નિરપેક્ષ ઉપયોગમાં કેટલા પ્રમાણમાં ફેરફાર થશે તેનો આધાર સાધનોની અવેજીની સ્થિતિસ્થાપકતા અને પેદાશોની માંગની મૂલ્યસાપેક્ષતા ઉપર રહેલો છે.

## 17.5 પ્રૉ. હિક્સના તટસ્થતાના ખ્યાલની ટીકાઓ/મર્યાદાઓ :

પ્રૉ. હિક્સે રજૂ કરેલ તટસ્થ ટેક્નિકલ પ્રગતિનું વિશ્લેષણ મહત્ત્વનું હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ પણ છે જે નીચે મુજબ છેઃ

⇨ શ્રીમતી જોન રોબીન્સનના મત મુજબ પ્રૉ. હિક્સનું વિશ્લેષણ તો જ સાચું પડે જો શ્રમ અને મૂડી વચ્ચેની અવેજી સાપેક્ષતા એકમ બરાબર હોય અને આવકની વહેંચણીમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ન થાય. જે વાસ્તવમાં અશક્ય જણાય છે.

⇨ ઉત્પાદનના સાધનોનો મોટા પ્રમાણમાં ઉપયોગ થતો હોવાથી અહીં તટસ્થતાની વ્યાખ્યા જડ સ્વરૂપની જણાય છે.

⇨ પ્રૉ. હિક્સ દ્વારા રજૂ કરાયેલ તટસ્થતાનો ખ્યાલ માંગની મૂલ્યસાપેક્ષતા અને અવેજીની સ્થિતિસ્થાપકતા પર આધારિત હોવાથી અટપટું અને જટિલ બની જાય છે.

⇨ પ્રૉ. હિક્સનો તટસ્થતાનો ખ્યાલ સ્થિર આર્થિક વિશ્લેષણના પાયા પર રચાયેલો છે.

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. પ્રૉ. હિક્સના મત મુજબ આવકની વહેંચણીનો આધાર શેના પર રહેલો છે?

2. પ્રૉ. હિક્સ દ્વારા ઘડાયેલી વિભાવનાના આધારે શું તારવી શકાય?
3. તટસ્થ ટેકનિકલ પ્રગતિ એટલે શું?
4. પ્રૉ. હિક્સ મૂડી-શ્રમ ગુણોત્તરની સ્થિર કિંમતને કઈ રીતે વર્ણવે છે?
5. બિનતટસ્થ ટેકનિકલ પ્રગતિ એટલે શું?
6. ઉત્પાદન વિધેય Q = A (t) f (K,L) માં A (t) શું દર્શાવે છે?
7. મૂડી-બચાવ ટેકનિકલ પ્રગતિ એટલે શું?
8. શ્રમ-બચાવ ટેકનિકલ પ્રગતિ એટલે શું?

- નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે લખો.

1. પ્રૉ. હિક્સનો મુખ્ય હેતુ ઉત્પાદન પર ટેક્નિકલ પ્રગતિની થતી અસરો ચકાસવાનો હતો.
2. તટસ્થ ટેક્નિકલ પ્રગતિના પરિણામે શ્રમ તથા મૂડીની સીમાન્ત ઉત્પાદક્તાનો ગુણોત્તર સ્થિર રહે છે.
3. બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ અંતર્ગત મૂડી અને શ્રમની સીમાન્ત ઉત્પાદક્તામાં થતો સાપેક્ષ વધારો એકસરખા પ્રમાણમાં હોય છે.
4. જો તટસ્થ ટેક્નિકલ પ્રગતિ હોય તો $\frac{OW_1}{r_1} = \frac{OW}{r}$
5. મૂડી-બચાવવાવાળી ટેક્નિકલ પ્રગતિમાં મૂડી કરતાં શ્રમના ઓછા એકમોનો ઉપયોગ થાય છે.

- ખાલી જગ્યા પૂરો.

1. પ્રૉ. હિક્સે ઉત્પાદનના સાધનો વચ્ચે ................ ની વિભાવના ઘડી કાઢી.
2. .................. વચ્ચેની સીમાન્ત અવેજીના દરની સ્થિરતાની શરત તટસ્થ ટેક્નિકલ પ્રગતિની વ્યાખ્યા રજૂ કરે છે.
3. બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ ................ પ્રકારની હોઈ શકે.
4. જો ટેક્નિકલ પ્રગતિ ............... હશે તો પેઢી મૂડી કરતાં શ્રમના ઓછા એકમોનો ઉપયોગ કરશે.
5. બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિને ............. ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખાવે છે.
6. ટેક્નિકલ પ્રગતિના પરિણામે મૂડી અને શ્રમના એકમોના સાપેક્ષ અને નિરપેક્ષ ઉપયોગમાં કેટલા પ્રમાણમાં ફેરફાર થશે તેનો આધાર સાધનોની .............. અને પેદાશોની .............. પર રહેલો છે.

## 17.6 સારાંશ :

મિત્રો, આ એકમમાં આપણે જોયું કે, અર્થશાસ્ત્રીઓનો રસ આર્થિકવૃદ્ધિમાં સતત વધી રહ્યો છે,

પરિણામે આર્થિક વિશ્લેષણનું વિસ્તરણ થયું છે. આર્થિકવૃદ્ધિના વિશ્લેષણમાં ટેક્નિકલ પ્રગતિનો ફાળો સવિશેષ રહ્યો છે. એટલું જ નહીં પરંતુ વર્તમાન સમયમાં ટેક્નિકલ પ્રગતિના મહત્ત્વને પણ સ્વીકારવામાં આવ્યું છે. કેટલાક અર્થશાસ્ત્રીઓએ અર્થતંત્રની વૃદ્ધિમાં ટેક્નિકલ પ્રગતિની ભૂમિકા પર વિશેષ ભાર મુક્યો છે જેના આધારે પ્રૉ. હિક્સ તથા પ્રૉ. હેરોડે વૃદ્ધિના મોડેલ રજૂ કર્યા છે. ટેક્નિકલ પ્રગતિના પરિણામે શ્રમ અને મૂડીની ઉત્પાદક્તામાં વધારો થાય છે. જેથી સમ-ઉત્પાદન રેખાના સ્થાન અને ઢાળમાં પરિવર્તન જોવા મળે છે. જે દર્શાવે છે કે અગાઉ જેટલા જ ઉપકરણોથી અથવા તેના કરતાં ઓછા ઉપકરણોથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. ટેક્નિકલ પ્રગતિના પરિણામે સમય જતાં ઉત્પાદનના બધા સાધનોની ઉત્પાદક્તા એકસાથે વધે છે. પરિણામે ટેક્નિકલ પ્રગતિએ સમય જતાં ઉત્પાદન વિધેયમાં થતા પરિવર્તનોનો નિર્દેશ કરે છે. આ ઉપરાંત ટેક્નિકલ પ્રગતિના વિવિધ પ્રકારો અંગેની સમજણ આપણે મેળવી. વધુમાં પ્રૉ. હિક્સના તટસ્થ તેમજ બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ અંગેના ખ્યાલનો આપણે અભ્યાસ કર્યો. જે અંતર્ગત મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ તેમજ શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ વિશેની સમજણ પણ આપણે મેળવી.

## 17.7 ચાવીરૂપ શબ્દો (Key Words) :

1. ટેક્નિકલ પ્રગતિઃ આપેલા ઉત્પાદનના સાધનોના સંયોજનથી અગાઉ કરતાં વધારે ઉત્પાદન મેળવી શકાય તો તેને ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે ટેક્નિકલ પ્રગતિએ ઉત્પાદનની નવી પદ્ધતિઓની શોધ, નવી પેદાશોનો વિકાસ અને નવી પદ્ધતિઓનો નિર્દેશ કરે છે.

2. ટેક્નિકલ પ્રગતિનો દરઃ સમયના ફેરફારના સાપેક્ષ સ્વરૂપે જોતાં ઉત્પાદનનાં સાધનોનાં જથ્થા દ્વારા મળતાં ઉત્પાદનમાં થતા ફેરફારનાં પ્રમાણસર દરને ટેક્નિકલ પ્રગતિના દર તરીકે ઓળખવામાં આવે છે.

3. પ્રેરિત શોધખોળઃ જે શોધખોળ ઉત્પાદનનાં સાધનોનાં સાપેક્ષ ભાવોમાં થતા ફેરફારમાંથી પરિણમે છે તેને પ્રેરિત શોધખોળ તરીકે ઓળખવામાં આવે છે.

4. સ્વાયત્ત શોધખોળઃ જે શોધખોળ સ્વતંત્ર રીતે થતી હોય છે તેને સ્વાયત્ત શોધખોળ તરીકે ઓળખવામાં આવે છે.

5. મૂર્ત ટેક્નિકલ પ્રગતિઃ જે ટેક્નિકલ પ્રગતિ માત્ર તાજેતરમાં જ ઉત્પન્ન થયેલી અને સ્થપાયેલી સાધનસામગ્રીને લાગુ પડતી હોય તેને મૂર્ત ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.

6. અમૂર્ત ટેક્નિકલ પ્રગતિઃ જે ટેક્નિકલ પ્રગતિ વર્તમાનમાં ઉપયોગમાં લેવાતી તમામ સાધનસામગ્રીને તેની ખરીદ તારીખ લક્ષમાં લીધા વિના એકધારી અને એકસરખા પ્રમાણમાં લાગુ પડે તેને અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની ટેક્નિકલ પ્રગતિ ઉત્પાદનનાં સાધનોમાં થતી વૃદ્ધિ કે તેનાં માળખામાં થતા ફેરફારોથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર હોવાથી તેને બાહ્યનિર્ણિત ટેક્નિકલ પ્રગતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

7. તટસ્થ ટેક્નિકલ પ્રગતિઃ જે પ્રગતિ અંતર્ગત ઉત્પાદનનાં સાધનોની સીમાન્ત ઉત્પાદકતામાં એકસરખા પ્રમાણમાં વધારો થાય અથવા જેના લીધે આપેલા દરેક મૂડી-શ્રમ ગુણોત્તરે શ્રમની સીમાન્ત ઉત્પાદક્તા અને મૂડીની સીમાન્ત ઉત્પાદક્તાનો ગુણોત્તર સ્થિર રહે તેને તટસ્થ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.

8. **બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ:** જો ટેક્નિકલ પ્રગતિ ઉત્પાદનનાં સાધનો (ખાસ કરીને મૂડી અને શ્રમ) વચ્ચે પ્રવર્તમાન સમતુલામાં સમય જતાં અસર પહોંચાડે તો તેને બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે. બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ શ્રમ-બચાવનારી અથવા મૂડી-બચાવનારી હોય છે.

9. **શ્રમબચાવ ટેક્નિકલ પ્રગતિ:** જે ટેક્નિકલ પ્રગતિ શ્રમની સીમાન્ત ઉત્પાદક્તાની તુલનામાં મૂડીની સીમાન્ત ઉત્પાદક્તામાં વધારો કરતી હોય કે જેથી અગાઉ જેટલું જ ઉત્પાદનનું પ્રમાણ મૂડીની તુલનામાં શ્રમના ઓછા એકમો દ્વારા મેળવી શકાય તેને શ્રમ-બચાવ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.

10. **મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ:** જે ટેક્નિકલ પ્રગતિ મૂડીની સીમાન્ત ઉત્પાદક્તાની તુલનામાં શ્રમની સીમાન્ત ઉત્પાદક્તામાં વધારો કરતી હોય કે જેથી અગાઉ જેટલુ જ ઉત્પાદનનું પ્રમાણ શ્રમની તુલનામાં મૂડીના ઓછા એકમો દ્વારા મેળવી શકાય તેને મૂડી-બચાવ ટેક્નિકલ પ્રગતિ તરીકે ઓળખવામાં આવે છે.

## 17.8 સંદર્ભ પુસ્તકો :

1. Allen R. G. D. : Macro-Economics Theory-A Mathematical Treatment (1968)
2. Dholakia B. H. and Dholakia R. H. : Models of Economic Growth, Third Edition (2002)
3. Hahn F. H. and Mathews R.C.O. : "The Theory of Economic Growth: A Surey", in American Economic Association and Royal Economic society : Surveys of Economic Theory Vol. II, Growth and Development (1965).
4. Harrod R. F. :Towards a Dynamic Economics (1948).
5. Hicks J. R. :The Theory of Wages, Second Edition. (1963)
6. Joshi R. C. et at: Theories of Growth and Development, First Edition (2012-13)
7. Kennedy and Thirlwall : "Technical Progress" in the Royal Economic Society and the Social Science Research Council: Surveys of Applied Economics (1973)
8. Uzawa, "Neutral Inventions and Stability of Growth Equilibrium" in Readings in the American Theory of Economic Growth edited by Stiglitz and Uzawa (1969)

## 17.9 'તમારી પ્રગતિ ચકાસો'

**(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ લખો.**

1. ટેકનિકલ પ્રગતિ એટલે શું ? હિક્સના તટસ્થ અને બિનતટસ્થ ટેકનિકલ પ્રગતિ વિશેના ખ્યાલો સમજાવો.

2. ટેકનિકલ પ્રગતિ એટલે શું ? ટેકનિકલ પ્રગતિના પ્રકારો વિગતે સમજાવો.

**(ખ) નીચેના વિષયો પર ટૂંકનોંધ લખો.**

1. તટસ્થ અને બિનતટસ્થ ટેકનિકલ પ્રગતિ

2. ટેકનિકલ પ્રગતિ અને ઉત્પાદન વિધેય

3. ટેકનિકલ પ્રગતિ અંગે હિક્સના વિચારોની મર્યાદાઓ.

4. બિનતટસ્થ ટેકનિકલ પ્રગતિ

- 'તમારી પ્રગતિ ચકાસો' (ક)

1. પ્રૉ. કાલ્ડોર, પ્રૉ. સોલો, પ્રૉ. કેન્દ્રિક
2. પ્રૉ. હિક્સ અને પ્રૉ. હેરોડ
3. વિભાગ 17.1 નો બીજો પેરેગ્રાફ અને વિભાગ 17.2 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ
4. વિભાગ 17.1 નો બીજો પેરેગ્રાફ જુઓ
5. સીધો
6. વિભાગ 17.2 નો ચોથો પેરેગ્રાફ જુઓ
7. ટેક્નિકલ પ્રગતિના મુખ્યત્વે ત્રણ પ્રકાર છેઃ
   (1) સ્વાયત્ત વિરુદ્ધ પ્રેરિત ટેક્નિકલ પ્રગતિ
   (2) મૂર્ત વિરુદ્ધ અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ
   (3) તટસ્થ વિરુદ્ધ બિનતટસ્થ ટેક્નિકલ પ્રગતિ

8. વિભાગ 17.3.1 જુઓ
9. વિભાગ 17.3.2 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ
10. વિભાગ 17.3.2 નો બીજો પેરેગ્રાફ જુઓ
11. વિભાગ 17.3.3 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

- ખરા-ખોટા વિધાનોના જવાબ

| | | |
|---|---|---|
| (1) √ | (2) × | (3) √ |
| (4) √ | (5) × | (6) × |
| (7) × | (8) √ | |

- ખાલી જગ્યા ના જવાબ

| | |
|---|---|
| 1. ઊંચી | 5. પ્રા. હિક્સ |
| 2. ઉત્પાદકતા | 6. મૂર્ત વિરુદ્ધ અમૂર્ત ટેક્નિકલ પ્રગતિ |
| 3. $Y_1 > Y_0$ | 7. પ્રૉ. હિક્સ, પ્રૉ. હેરોડ |
| 4. ત્રણ | |

- 'તમારી પ્રગતિ ચકાસો' (ખ)

1. વિભાગ 17.4 જુઓ
2. વિભાગ 17.4 જુઓ
3. વિભાગ 17.4.1 જુઓ
4. વિભાગ 17.4.1 જુઓ
5. વિભાગ 17-4.1 જુઓ
6. વિભાગ 17.4.1.1 નો સાતમો પેરેગ્રાફ જુઓ
7. વિભાગ 17.4.2.2 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ
8. વિભાગ 17.4.2.1 નો પ્રથમ પેરેગ્રાફ જુઓ

- ખરા-ખોટા વિધાનોના જવાલ

| | | |
|---|---|---|
| (1) × | (2) √ | (3) × |
| (4) √ | (5) × | |

- ખાલી જગ્યા ના જવાબ

| | |
|---|---|
| 1. અવેજીની સાપેક્ષતા | 2. શ્રમ અને મૂડી |
| 3. બે | 4. શ્રમ-બચાવવાવાળી |
| 5. શ્રીમતી જોન રોબીન્સન | 6. અવેજીની સ્થિતિસ્થાપકતા, માંગની મૂલ્ય સાપેક્ષતા |

⊙ ⊙ ⊙

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**